સંપાદક
ઘનશ્યામ શાહ

પરામર્શક સમિતિ

અચ્યુત યાજ્ઞિક (અમદાવાદ), અરવિંદ શાહ (દિલ્હી), અક્ષયકુમાર દેસાઈ (મુંબઈ), અંજલી મહેતા (અમદાવાદ), એ. એસ. પટેલ (નરસંડા), એસ. પી. પુનાલેકર (સુરત), કલ્પના શાહ (સુરત), ગુલામ મોહમ્મદ શેખ (વડોદરા), ચંદુ મહેરિયા (અમદાવાદ), જોસેફ મેકવાન (આણંદ), ડી. ટી. લાકડાવાળા (મુંબઈ), ડી. એલ. શેઠ (દિલ્હી), નરોત્તમ પલાણ (પોરબંદર), પ્રવીણ શેઠ (અમદાવાદ), બાબુભાઈ દેસાઈ (સુરત), બી. પી. મહેતા (સુરત), ભગીરથ શાહ (સુરત), મકરંદ મહેતા (અમદાવાદ), રજની કોઠારી (દિલ્હી), રોહીત પ્રજાપતિ (વડોદરા), વાય. એ. પરમાર (સુરત), વિભૂતિ પટેલ (મુંબઈ), વિદ્યુત જોષી (અમદાવાદ), સિદ્ધરાજ સોલંકી (અમદાવાદ), સુધીરચંદ્ર (સુરત) સુરભિ, શેઠ (દિલ્હી), હરણન્સ પટેલ (વલ્લભ વિદ્યાનગર), હર્ષદ દેસાઈ (અમદાવાદ), હરિભાઈ પટેલ (રાજકોટ).

લેખકોને આમંત્રણ

સમાજ વિજ્ઞાન (સમાજ દર્શન અને ઈતિહાસ સહિત)ના કોઈપણ ક્ષેત્રને આવરી લેતા વૈચારિક અને સંશોધનલક્ષી લેખો, વિવેચનાત્મક ગ્રંથાવલોકન, અને તે ઉપરાંત, સંશોધન, પરિસંવાદ અને સમાજ વિજ્ઞાનને આનુષંગિક પ્રવૃત્તિના સમાચાર આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ટાંચાં સાધનોને કારણે લેખકોને પુરસ્કાર આપવાનું શક્ય નથી. પણ પ્રકાશિત થયેલ લેખવાળો અંક અને દશ ઑફપ્રિન્ટ મોકલવામાં આવે છે.

લવાજમ-જાહેરાતના દર

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂ. ૨૦; સંસ્થાગત વાર્ષિક લવાજમ રૂ. ૩૦; આજીવન લવાજમ રૂ. ૨૦૦
લવાજમની રકમ રોકડ, બેંકડ્રાફટ કે મનીઑર્ડર દ્વારા મોકલવી. ચેક મોકલો તો રૂ. ૭ બેંક વટાવના ઉમેરવા. બેંકડ્રાફટ કે ચેક 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત'ના નામે મોકલવા વિનંતી.

જાહેરાત : કવરપેજ બહારના રૂ. ૨,૦૦૦; કવરપેજ અંદર રૂ. ૧,૫૦૦;
આખું પાનું રૂ. ૧,૦૦૦; અડધું પાનું રૂ. ૫૦૦ અને પા પાનાના રૂ. ૨૫૦

પત્રવ્યવહાર

અંક ન મળે તો તે અંગે અને લવાજમ અંગેનો પત્રવ્યવહાર
એમ. આર. મેક, મંથપાલ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ઉધના-મગદલ્લા રોડ, સુરત ૩૯૫ ૦૦૭ એ સરનામે કરવો
લેખ, ગ્રંથાવલોકન અને સંશોધન સમાચાર અંગેનો પત્રવ્યવહાર સંપાદક સાથે કરવો.

સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝનું ત્રૈમાસિક

ચયન

જાન્યુઆરી–માર્ચ ૧૯૮૯ ગ્રંથ : ૮ ▫ અંક : ૧

અનુક્રમણિકા

૧ ગંધાર તેલક્ષેત્ર વિસ્તાર : ક્ષેત્રીય આયોજન — ૧
ધવલ મહેતા
રમેશ શાહ

૨ ધર્મ અને નીતિ — ૧૯
લક્ષ્મણશાસ્ત્રી જોષી

૩ મધ્યાહ્ન ભોજન યોજના—એક કલ્યાણકારી યોજનાનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ — ૨૯
કિરણ/સત્યકામ

૪ આ છેલ્લી ચેતવણી છે — ૪૪
તુલસીભાઈ ડ. પટેલ

૫ સ્વામી સચ્ચિદાનંદના વિચારોનું સમાજશાસ્ત્રીય મૂલ્યાંકન — ૪૮
અર્જુન પટેલ

૬ સંક્ષિપ્ત પુસ્તક-પરિચય — ૫૬

૭ સંશોધન સમાચાર — ૫૮

૮ સંશોધન અભ્યાસો — ૫૯

૯ સ્વ. હસમુખ સાંકળિયા — ૬૧
કે. ટી. એમ. હેગડે

લેખક વૃંદ

ધવલ મહેતા

નિયામક અને પ્રોફેસર, બી. કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ

રમેશ શાહ

અર્થશાસ્ત્રના અધ્યાપક, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ 'દૃષ્ટિ'ના સંપાદક

લક્ષ્મણશાસ્ત્રી જોષી

મહારાષ્ટ્રના વિખ્યાત ફિલસૂફ

કિરણ દેસાઈ

રીસર્ચ આસિસ્ટન્ટ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

સત્યકામ જોષી

પીએચ. ડી.ના વિદ્યાર્થી, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

તુલસીભાઈ કા. પટેલ

હિંદીના અધ્યાપક, મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા

અર્જુન પટેલ

રીસર્ચ એસોસીએટ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ. સુરત

કે. ટી. એમ. હેગડે

પુરાતત્ત્વ વિભાગનાં અધ્યક્ષ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

ગંધાર તેલક્ષેત્ર વિસ્તાર : ક્ષેત્રીય આયોજન*

ધવલ મહેતા

રમેશ શાહ

[૧] વિસ્તાર વિકાસ આયોજન : અભિગમ અને પદ્ધતિ

ગુજરાતના ભરૂચ-જિલ્લાનો બારા વિસ્તાર, જેમાં વાગરા તાલુકા ઉપરાંત ભરૂચ અને આમોદ તાલુકાઓનાં કેટલાક ગામો આવેલાં છે, તે નવું તેલક્ષેત્ર મળી આવતાં ગંધાર તેલક્ષેત્ર વિસ્તારને નામે ઓળખાય છે. અહીં તેલ અને કુદરતી વાયુ મળી આવતાં આ વિસ્તારનો વિકાસ થવાનો. અમારો આ અભ્યાસ કોઈ વિધિવત્ વિસ્તાર આયોજન માટેનો નથી, એ આરંભમાં જ સ્પષ્ટ કરવું જોઈએ. પ્રસ્તુત અહેવાલનું કાર્યક્ષેત્ર સીમિત અને આગવું (સ્પેસીફિક) છે. આમ છતાં આ લેખમાં અમે આયોજન અંગેના ભારતના અનુભવનાં કેટલાંક પાસાંની સંક્ષેપમાં ચર્ચા કરવાનું જરૂરી લેખ્યું છે, કેમ કે અમારો અભિગમ આ ચર્ચાથી સ્પષ્ટ થાય છે.

ભારતમાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા રાષ્ટ્રીય ધોરણે આયોજન કરવાની સાથે સ્થાનિક અને પ્રાદેશિક આયોજન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. સ્થાનિક આયોજન સામાન્ય રીતે જિલ્લાને એકમ ગણીને વિચારવામાં આવે છે. અલબત્ત, જિલ્લો એક વહીવટી એકમ છે, પરંતુ સ્થાનિક આયોજન સમગ્ર જિલ્લાને લક્ષમાં રાખીને કરવાનું અનિવાર્ય નથી. કેટલાંક ઉદાહરણોથી આ મુદ્દો સ્પષ્ટ થશે.

સ્થાનિક આયોજન શીર્ષક નીચે જે વિવિધ પ્રકારનાં આયોજનો કરવામાં આવે છે તેમાંનાં કેટલાંક આ પ્રમાણે છે : સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમો, અછત પ્રવણ વિસ્તારો માટેની ખાસ યોજનાઓ, આદિવાસી વિસ્તારો માટેની યોજના વગેરે. પંચમહાલ જિલ્લો આનું એક સારું ઉદાહરણ પૂરું પાડે છે. આ જિલ્લામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૩૮ ટકા જેટલું હોવાથી તેના માટે 'ટ્રાયબલ સબ-પ્લાન' અથવા 'ઈન્ટીગ્રેટેડ ટ્રાયબલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' અમલમાં મૂકવામાં આવ્યો. પરંતુ આદિવાસી વસ્તી જિલ્લાના પાંચ તાલુકાઓમાં કેન્દ્રિત થયેલી છે : સંતરામપુર, ઝાલોદ, દાહોદ, લીમખેડા, અને દેવગઢબારીયા. તેથી આદિવાસી વિસ્તારો માટેની યોજના આ પાંચ તાલુકા પૂરતી મર્યાદિત રહે છે.

આ સાથે જ પ્રસ્તુત જિલ્લો વારંવાર દુષ્કાળનો ભોગ થઈ પડતો હોવાથી એના માટે ડી. પી. એ પી. (અછત પ્રવણ વિસ્તારો માટેના કાર્યક્રમો)નો પણ અમલ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમો સમગ્ર જિલ્લાને આવરી લે છે.

આ બે ઉદાહરણો ઉપરથી એ સ્પષ્ટ થશે કે વહીવટી હેતુ માટે જિલ્લાને એકમ ગણવામાં આવતો હોવા છતાં સ્થાનિક આયોજન માટે બધા દાખલાઓમાં જિલ્લાને એકમ ગણવાનું અનિવાર્ય નથી.

.....

* આ અભ્યાસ અમને સોંપવા માટે શ્રમિક વિકાસ સંસ્થાન, વડોદરા અને તેના તે વખતના નિયામક ડો. વિદ્યુત જોશીના અમે આભારી છીએ. સમગ્ર અહેવાલ દરમિયાન ચર્ચા વિચારણા માટે શ્રી તુષાર મહેતાના આભારી છીએ.

ઉપર સ્થાનિક આયોજનનાં જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે તેમાં એક મુદ્દો સમાન રીતે જોઈ શકાય છે; તેમાં આયોજનો ચોક્કસ સમસ્યાલક્ષી હોય છે. દા. ત. અછતપ્રવણ વિસ્તારની પાયાની સમસ્યા વારંવાર પડતા દુષ્કાળોની અને તેમાંથી ઉદ્ભવતા ગરીબીના પ્રશ્નની છે. દુષ્કાળની સ્થિતિ નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોને ગરીબીની ગર્તામાં ધકેલી દે છે, પરંતુ એમની ગરીબીનાં કારણો જુદાં છે: પછાત ખેતપદ્ધતિઓ, નબળી જમીન, શોષણ વગેરે. આ દાખલામાં મૂળગામી બનીને વિચારીએ તો પ્રશ્ન ગરીબીનો છે. પરંતુ વિસ્તારઆયોજનના સંદર્ભમાં વિચારીએ તો પ્રશ્નનું સ્વરૂપ બદલાઈ જાય છે. આદિવાસીઓ માટે જે પ્રકારના કાર્યક્રમો વિચારવામાં આવે તે મૂળભૂત રીતે અછત પ્રવણ વિસ્તારો માટેના કાર્યક્રમોથી જુદા પાડવા જોઈએ. જો આ કર્યક્રમો જુદા ન પડે તો વિસ્તારલક્ષી આયોજન તેની મોટાભાગની વિશેષતા ગુમાવે છે.

અમને એમ લાગે છે કે ભારતમાં વિસ્તારલક્ષી આયોજને તેની વિશેષતા અમુક અંશે ગુમાવી છે. પંચમહાલ જિલ્લામાં પાંચમી પંચવર્ષીય યોજનાના સમયગાળામાં હાથ ધરવામાં આવેલી ઉપર્યુક્ત બે યોજનાઓની તુલના કરવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે.

આદિવાસી વિસ્તારો માટેની ખાસ યોજનાની કેટલીક વિગતો

(૧) રસ્તાઓ અને વીજળી જેવી સામાજિક સવલતો વિકસાવવી,

(૨) સિંચાઈની સવલતો વિસ્તારવી,

(૩) નાના અને સીમાંત ખેડૂતો માટે પશુપાલન, મરઘાંઉછેર, મત્સ્યઉદ્યોગ વગેરેના સ્વરૂપમાં પૂરક વ્યવસાયો વિકસાવવા,

(૪) કેટલાંક પસંદગીનાં વિકાસ કેન્દ્રો (ગ્રોથ સેન્ટર્સ)માં નાના પાયાના તેમ જ ગૃહઉદ્યોગ વિકસાવવા,

(૫) સ્થાનિક માનવ સંપત્તિનો વિકાસ કરવો,

(૬) શિક્ષણ, તબીબી સારવાર જેવી સામાજિક સેવાઓ પૂરી પાડવી,

(૭) સસ્તા અનાજની દુકાનની સંખ્યા વધારવી

(૮) આદિવાસીઓના શોષણ સામે સંરક્ષણાત્મક પગલાં ભરવાં,

(૯) સહકારી વિભાગને સુદૃઢ કરવો,

(૧૦) યોગ્ય વહીવટી સંગઠન ઊભું કરવું.

અછતપ્રવણ વિસ્તારો માટેના ખાસ કાર્યક્રમોની કેટલીક વિગતો

નાની સિંચાઈ યોજનાઓ, જંગલોની જાળવણી, જમીન અને ભેજની જાળવણી, પશુઉછેર અને ડેરી વિકાસ, મરઘાંઉછેર, સહકારની પ્રવૃત્તિ અને ધિરાણ સૂકી ખેતી વગેરે.

વિવિધ વિસ્તારો અથવા સમુદાયોની આગવી સમસ્યાઓ હોય છે. એ મુદ્દાનો સ્વીકાર કર્યા પછી જ્યારે ઉકેલની દિશા વિચારવામાં આવે છે ત્યારે લગભગ એક જ સરખા ઉકેલો રજૂ કરવામાં આવે છે, એ ઘટના માટે કેટલાંક કારણો અમને જણાય છે.

(૧) અંતતોગત્વા ગરીબીનિવારણનો પ્રશ્ન ગરીબોને વધુ ઉપજાઉ રોજગારીની તકો પૂરી પાડવાનો છે. રોજગારીની આ તકો મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં જ પૂરી પાડવાની છે, કેમ કે નગરોમાં તેમને સમાવી શકાય તેમ નથી. ગ્રામીણ વિસ્તારોમાં પૂરક રોજગારીનાં ક્ષેત્રો પશુપાલન, મરઘાંઉછેર, તથા જૂજ હસ્ત ઉદ્યોગ પૂરતાં સીમિત છે. તેથી વિસ્તાર આયોજન જ્યારે ઉકેલ પર આવે છે ત્યારે તે વિસ્તાર અને લોકસમુદાયથી નિરપેક્ષ રહીને ઉપર્યુક્ત પૂરક સાધનો પર જ કેન્દ્રિત થાય છે.

(૨) જે તે વિસ્તાર માટે આયોજન કરનારા પૈકી મોટાભાગના નિષ્ણાતો વહીવટ, અર્થશાસ્ત્ર વગેરે ક્ષેત્રોમાંથી આવે છે આ નિષ્ણાતો ટેકનિકલ સમસ્યાઓ, ઉકેલો અને ગુજાઈશથી મહદંશે અજ્ઞાત હોય છે. તેથી

અર્થાત્

તેઓ પોતાના જ્ઞાનની મર્યાદામાં રહીને ઉકેલો શોધે છે. જે સર્વસામાન્ય સ્વરૂપના (જનરલ નેચરના) હોય છે. તેમાં વિસ્તાર કે લોકસમુદાયની વિશેષતાઓ પરત્વે દુર્લક્ષ થાય છે.

(૩) વિસ્તાર કે સમુદાયલક્ષી આયોજન મુખ્યત્વે સરકારી તંત્ર દ્વારા થાય છે. સરકારી તંત્ર સમાજના નબળા વર્ગોને સંગઠિત કરે તેની અપેક્ષા ભાગ્યે જ રાખી શકાય. તેથી જ્યાં નબળા વર્ગોની ગરીબી માટેનું એક અગત્યનું કારણ શોષણ હોય ત્યાં આ તંત્ર એ માટેના કોઈ વિશેષ કાર્યક્રમો હાથ ધરે તેની અપેક્ષા રાખી શકાય નહિ. વળી સરકારી રાહે હાથ ધરાતા કાર્યક્રમોમાં અમુક અમુક એકવિધતા આવે તે અપેક્ષિત છે.

(૪) જે સ્વૈચ્છિક સંગઠનો આ પ્રકારના કાર્યક્રમોમાં સામેલ થયાં છે તેઓ સરકારી ઢાંચાની એકવિધતાને તોડવામાં અને આયોજનને સાચા અર્થમાં વિસ્તારલક્ષી કે સમુદાયલક્ષી બનાવવામાં સફળ નીવડ્યાં નથી, કેમકે મોટા ભાગની સ્વૈચ્છિક સંસ્થાઓએ સરકારી કાર્યક્રમોનો લાભ ગરીબોને પહોંચે એ દિશામાં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જે કાર્યક્રમો માટે સરકારી સહાય પૂરેપૂરી સાંપડવાની હોય અથવા મોટા પ્રમાણમાં સબસિડી મળવાની હોય તે કાર્યક્રમો આવી સંસ્થાઓ સામાન્ય રીતે અપનાવી લે છે. તેઓ પોતાનાં નાણાંકીય સાધનો એટલા મોટા પ્રમાણમાં ભાગ્યે જ ધરાવતી હોય છે, જેથી તેઓ પોતાના આગવા કાર્યક્રમોનો અમલ કરી શકે.

અમને એમ લાગે છે કે સ્વૈચ્છિક સંગઠનોએ વિસ્તાર કે સમુદાય માટે સર્વગ્રાહી સ્વરૂપનું આયોજન કરવાનું ન વિચારતાં સમસ્યાલક્ષી આયોજન પર ભાર મૂકવો જોઈએ. જે તે વિસ્તારની વસ્તીના ગણનાપાત્ર ભાગને સ્પર્શતી ગણતરીની સમસ્યાઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરીને તેનાં ટેકનિકલ પાસાં (જ્યાં હોય ત્યાં) જે તે વિષયના નિષ્ણાતોને સોંપીને પ્રથમ તેમની પાસેથી ટેકનિકલ સ્વરૂપના ઉકેલો માંગવા જોઈએ. એ પછી એ ઉકેલોની વ્યવહારુતા (ફિઝિબીલીટી) તપાસવા માટે વહીવટી નિષ્ણાતો તેમ જ અર્થશાસ્ત્ર નિષ્ણાતોની સહાય મેળવવી જોઈએ. આ રીતે એક પ્રોજેક્ટ તૈયાર થાય એ પછી એના અમલ માટે વિવિધ સરકારી અને બિન સરકારી સંસ્થાઓનો સહકાર મેળવવાની કોશિશ કરી શકાય. ટૂંકમાં સ્વૈચ્છિક સંગઠનોએ વિસ્તાર/સમુદાયના ઉત્કર્ષ માટે 'ટેકનિકલ ઈન્પુટ્સ' વધારવા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું ઘટે.

સ્વૈચ્છિક સંગઠનોના સંદર્ભમાં એક બીજો મુદ્દો પણ રજૂ કરી શકાય. તેઓ જે તે વિસ્તારના નબળા વર્ગોની કાર્યશક્તિ અને સંગઠનશક્તિ વધારવાનું શૈક્ષણિક કાર્ય કરી શકે. આર્થિક વિકાસની પ્રક્રિયા લોકો પાસે નવી નવી આવડતોની અપેક્ષા રાખે છે. ખેતી જેવા પરંપરાગત વ્યવસાયમાં પણ નવાં બીજ આવતાં ખેતીપદ્ધતિ મૂળભૂત રીતે બદલાઈ ગઈ છે.

આ નવી કળા હસ્તગત ન થવાના કારણે વાગડ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં સંકર બીજ પર આધારિત કપાસની ખેતી પર ઘણી માઠી અસર પડી છે. મરઘાઉછેર અને સંકર ગાયોનો કાર્યક્રમ ઘણા વિસ્તારોમાં અપૂરતી જાણકારી અને અણઆવડતને કારણે નિષ્ફળ નીવડ્યો છે. આ બધામાંથી બોધપાઠ લઈને બિનપરંપરાગત કુશળતાઓની અસરકારક તાલીમ માટેની કામગીરી હાથ ધરાય તે જરૂરી બન્યુ છે. આ કાર્ય સરકારી રાહે ભાગ્યે જ અસરકારક રીતે થઈ શકે.

ગામ અને શહેરી વિસ્તારોમાં સમાજના નબળા વર્ગોને સંગઠિત કરવાની કામગીરી હંમેશા રાજકીય સ્વરૂપની રહેવાની. તેથી એ દિશામાં સ્વૈચ્છિક સંગઠનો રાજકીય પક્ષ સાથે સંકળાયેલા છે (પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે) અથવા જે સંગઠનો ચોક્કસ વિચારસરણી (આઈડીઓલોજી)ને વરેલાં છે તેમના માટે અહીં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ જે સંગઠનો સંપૂર્ણપણે બિનરાજકીય સ્વરૂપનાં છે તેમના માટે સમાજના નબળા વર્ગોને સંગઠિત કરવાના કાર્યક્રમો હાથ ધરવાનુ કાર્ય વિવિધ દૃષ્ટિબિંદુથી વિકટ છે. અહીં અમે

એ પ્રશ્નોની ચર્ચામાં જવાનું અપ્રસ્તુત લેખીએ છીએ.

ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના વિકાસ માટેનો અમારો અભિગમ

ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના વિકાસ માટેનો અમારો અભિગમ અમે અહીં સ્પષ્ટ કરીએ છીએ. દેશમાં જે અર્થમાં વિસ્તાર આયોજન (એરિયા પ્લાનીંગ) શબ્દપ્રયોગ કરવામાં આવે છે તે અર્થમાં અમારો પ્રયાસ વિસ્તાર આયોજન માટેનો નથી. એનાં કારણો અને તેની પાછળની વિચારણા નીચે રજૂ કરીએ છીએ.

ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના વિકાસ માટેનાં સૂચનો અમારી પાસેથી શ્રમિક વિકાસ સંસ્થાન (વડોદરા) દ્વારા માંગવામાં આવ્યાં છે.

આ એક સ્વૈચ્છિક સંગઠન છે અને અમારી સમજ પ્રમાણે તેનો રસ ગરીબ અને સંગઠિત લોકોનો વિકાસ સાધવાનો છે. આ સંસ્થા પોતે વિકાસની યોજનાઓ માટે પોતાનાં નાણાં ખર્ચી શકે તેવી માતબર નથી. તે ત્રણ પ્રકારની કામગીરી બજાવી શકે તેમ છે: (૧) ગ્રામીણ ગરીબોના વિવિધ વર્ગોને તે સહકારી સંગઠન સ્વરૂપે અને બીજી રીતે સંગઠિત કરવાની કામગીરી હાથ ધરી શકે તેમ છે. (૨) એક દબાવ જૂથ (પ્રેશર ગ્રુપ) તરીકે કામ કરીને તે સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓ દ્વારા કેટલાંક કામો કરાવવાની તેમ જ કેટલાંક કામો વધુ સારી રીતે કરાવવાની ક્ષમતા ધરાવે છે અને (૩) વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની સેવા મેળવીને કેટલાક વિશિષ્ટ પ્રશ્નોના ઉકેલ માટેનું માર્ગદર્શન મેળવી શકે તેમ છે. અમારે જે સૂચનો કરવાનાં છે તે શ્રમિક વિકાસ સંસ્થાનની ઉપર્યુક્ત શક્તિ-મર્યાદાઓને ધ્યાનમાં રાખીને કરવાનાં છે. બીજા શબ્દોમાં મૂકીએ તો અમારે એવાં સૂચનો કરવાનાં છે જેનો અમલ શ્રમિક વિકાસ સંસ્થાન કરાવી શકે તેમ હોય.

શ્રમિક વિકાસ સંસ્થાન દ્વારા ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના વિકાસ માટેનાં સૂચનો અમારી પાસે માંગવામાં આવ્યાં તેની ભૂમિકા અહીં સ્પષ્ટ કરવા જોઈએ.

દેશમાં જે કેટલાક વિસ્તારોમાં જાહેર (કે ખાનગી) ક્ષેત્રના વિશાળ પ્રોજેકટો અસ્તિત્વમાં આવ્યા છે તેની કોઈ વિકાસ પ્રેરક અસરો તે તે વિસ્તારો પર પડી નથી. ગુજરાતમાં કોયલી રીફાઈનરી, ઈફ્કો વગેરે એનાં ઉદાહરણો છે. આ આધુનિક ભીમકાય એકમોની કેટલીક પ્રતિકૂળ અસરો જે તે વિસ્તારના લોકો પર પડે છે એ આ ઘટનાનું વિશેષ દુઃખદ પાસું છે. પ્રોજેકટો શરૂ કરવા માટે મોટા પ્રમાણમાં જમીનો સંપાદન કરવામાં આવે છે. એમાં ઘણા ખેડૂતો પોતાની જમીનો ગુમાવે છે.

અલબત્ત, જમીન માટે વળતર ચૂકવવામાં આવે છે, પરંતુ ખેડૂતો પોતાની આવક માટેનું એક આધારરૂપ સાધન ગુમાવે છે અને રોકડ રૂપમાં મળેલા પૈસા વેડફાઈ જતાં બેહાલ બને છે. આવાં આધુનિક એકમોમાં ગામડાના અશિક્ષિતો કે અર્ધ શિક્ષિતો માટે રોજગારીની કોઈ તકો હોતી નથી. તેથી જે ખેડૂતો પોતાની મોટા ભાગની જમીન ગુમાવે છે તેમને આ પરિવર્તનથી શોષાવાનું આવે છે.

આ આધુનિક મોટા પાયા પરના એકમો પોતાના કર્મચારીઓને ઊંચાં પગારધોરણો આપે છે, વસવાટ માટે સગવડો ભરેલાં મકાનો પૂરાં પાડે છે, તબીબી સારવારની અદ્યતન સવલતો સર્જે છે અને બાળકો માટે રમતગમતનાં સાધનો પૂરાં પાડે છે. તેથી મુખ્યત્વે ગરીબ અને પછાત ગ્રામવિસ્તારની વચ્ચે સમૃદ્ધિ અને સવિશેષ સવલતો ભોગવતા લોકોનો એક ટાપુ અસ્તિત્વમાં આવે છે. ગ્રામીણ ગરીબીની સાથે સમૃદ્ધિનું આ પ્રદર્શન ઘણું વરવું લાગે છે. બીજાઓ સુખ સગવડો અને સમૃદ્ધિ ભોગવે તે ઘટના પોતે વાંધાપાત્ર નથી, પરંતુ બાજુમાં જ અત્યંત દરિદ્ર સ્થિતિમાં જીવતા લોકોના હિતાર્થે કશું જ ન થાય એ સ્થિતિ અસહ્ય બને છે.

મોટાં જાહેર એકમોનું આગમન જે તે પ્રદેશના

લોકો માટે, વિશેષ કરીને ગરીબો માટે, આશીર્વાદરૂપ બનવું જોઈએ એવી શ્રમિક વિકાસ સંસ્થાનની ભાવના આ પ્રોજેક્ટ પાછળનું એક અગત્યનું ચાલક પરિબળ છે. ગંધાર તેલક્ષેત્ર વિસ્તારમાં ઓ. એન. જી. સી. દ્વારા મોટી સંખ્યામાં તેલના કૂવાઓ ખોદવામાં આવનાર છે અને આ વિસ્તારમાં તેલ તથા ગેસનું ઉત્પાદન મોટા પાયા પર થવાનું છે. અમે કરેલાં સૂચનોમાં ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન પાસેથી ચોક્કસ કામગીરીની જે અપેક્ષાઓ રાખી છે તેની પાછળની અમારી ભૂમિકા સ્પષ્ટ કરીએ.

ગંધાર તેલક્ષેત્રમાંથી તેલ અને ગેસ નીકળે છે. માટે એની આવકનો લાભ ગંધાર વિસ્તારના લોકોને મળવો જોઈએ એવી દલીલ અમે સ્વીકારતા નથી. દેશની ધરતીમાંથી સાંપડતા તમામ ખનીજ પદાર્થો રાષ્ટ્રીય સંપત્તિ છે. તેનો ઉપયોગ સમગ્ર રાષ્ટ્રના લાભાર્થે થવો જોઈએ એમ અમે સ્પષ્ટ રીતે માનીએ છીએ. જે વિસ્તારમાંથી આ પ્રકારની કુદરતી સંપત્તિ સાંપડે તેનો ઉપયોગ એ જ વિસ્તારના લોકોના લાભાર્થે થવો જોઈએ એવો સિદ્ધાંત જો સ્વીકારવામાં આવે તો જે વિસ્તારો કુદરતી સંપત્તિથી વંચિત રહ્યા છે એ વિસ્તારના લોકો વિકાસની તકોથી સર્વથા વંચિત રહી જાય. વળી જે વિસ્તારમાંથી ખનીજ સંપત્તિ મળી આવે તે એ વિસ્તારના લોકોના પુરુષાર્થનું પરિણામ નથી હોતું, તેથી એ વિસ્તારના લોકો તેના પર કોઈ વિશેષ હક્કોની માંગણી કરી શકે નહિ.

અમે જે ભૂમિકા પર ગંધાર વિસ્તારની કેટલીક વિકાસ અને કલ્યાણની પ્રવૃત્તિમાં કમિશનને સામેલ કરવા ઇચ્છીએ છીએ તે બે મુદ્દાઓ પર આધારિત છે :

(૧) બાહ્ય લાભો અથવા સામાજિક લાભોની ભૂમિકા

કમિશન પોતાના ઉદ્દેશથી કેટલાંક કાર્યો કરવાનું છે. આ કાર્યોનું આયોજન એવી રીતે કરવું ઘટે કે જેથી એના લાભ આ વિસ્તારના લોકોને પણ અમુક પ્રમાણમાં સાંપડે. દા. ત. કમિશન પોતાના ઉપયોગ માટે વિપુલ જથ્થામાં પાણીના પુરવઠાનો પ્રબંધ કરવાનું છે. વાગરા વિસ્તારમાં લોકોને પીવાના પાણીની તંગી ભોગવવી પડે છે. આ મુશ્કેલીને દૂર કરવામાં કમિશન મદદરૂપ નીવડી શકે. પીવાના પાણીના પુરવઠાનું આયોજન તે એવી રીતે કરી શકે કે જેથી પાણીના પુરવઠાની લાઈનમાં આવતાં ગામોના લોકોને પીવા માટે તેમજ ઢોરોને પીવા માટે તે પાણી પૂરું પાડી શકે. આ પ્રબંધ કરવામાં કમિશનને કદાચ થોડું વધારે ખર્ચ ભોગવવું પડે, પરંતુ એનાથી જે સામાજિક લાભ થશે તે ઘણો મોટો હશે.

(૨) કાર્યદક્ષ સંગઠન તરીકેની ભૂમિકા

ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં જ્યારે જાહેર ક્ષેત્રનાં આ પ્રકારનાં એકમો પ્રવેશે છે ત્યારે તેઓ સ્થાનિક પરિસ્થિતિમાં એક કાર્યદક્ષ એકમ તરીકે પ્રવેશે છે. એની પાસે વ્યવસાયિક કુશળતા હોય છે. એનો લાભ આ ક્ષેત્રની કેટલીક પ્રવૃત્તિઓને મળવો જોઈએ. એનાથી બે પ્રકારના લાભ થશે. જાહેર ક્ષેત્ર દ્વારા જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે તેનો લાભ પ્રત્યક્ષ રીતે જ એ વિસ્તારને મળી શકે. બીજો લાભ શૈક્ષણિક સ્વરૂપનો છે. કાર્યદક્ષ રીતે આર્થિક પ્રવૃત્તિનું સંચાલન કેવી રીતે થઈ શકે તેનો એક નમૂનો આવાં સંગઠનો પૂરો પાડી શકે.

આ દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખીને કમિશન દ્વારા કરવાની કેટલીક પ્રવૃત્તિઓ અમે સૂચવી છે. એમાં મુખ્ય પ્રવૃત્તિ ગંધાર ક્ષેત્રમાં ખારી પડતર જમીનનો ઉપયોગ કરવાની છે. પર્યાવરણની જાળવણી પર કમિશન હવે ભાર મૂકે છે. આ સૂચન અમે એ મુદ્દાને નજર સમક્ષ રાખીને કર્યું છે. કમિશન પાસે એ માટેનાં સાધનો અને સંગઠનવિષયક શક્તિ પૂરતા પ્રમાણમાં છે. તેનો ઉપયોગ કરીને તે સેંકડો એકર જમીન પર જંગલ ઉગાડી શકે તેમ છે. એના અનેક લાભો સ્થાનિક પ્રજાને મળી શકે. વૃક્ષોના છેદમાં રોજગારી સર્જાય અને વૃક્ષોની યોગ્ય રીતે પસંદગી કરવામાં આવે તો તેનાથી પશુપાલનની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળી શકે,

જમીનમાં વધતા જતા અને પ્રસરતા જતા ખારને રોકવામાં તે ઉપયોગી નીવડી શકે. આમ આ વિસ્તારમાં જે કુદરતી સંપત્તિ (ખારી જમીન) ફાજલ પડી છે તેનો ઉપયોગ કરીને કમિશન આ વિસ્તારની કુદરતી સંપત્તિમાં વધારો કરી શકે. (ભૂગર્ભમાં રહેલી એક પ્રકારની ખનીજ સંપત્તિમાં ઘટાડો કરવાની કામગીરી તે હાથ ધરવાનું છે, ત્યારે આ કામગીરી એના આંશિક વળતરરૂપ બનશે.)

કમિશનની આવી સંગઠનગત ક્ષમતાનો ઉપયોગ જે કેટલાંક ક્ષેત્રોમાં થઈ શકે તેમ છે તેનો નિર્દેશ અમે અહીં કર્યો છે.

આને પણ ઉદાહરણરૂપ સમજવાના છે. અહીં મુદ્દો એ છે કે જ્યાં કમિશન જેવા જાહેર એકમો પોતાની સંગઠનગત અને સંચાલકીય ક્ષમતાઓનો એક લાભ આડપેદાશ તરીકે સ્થાનિક પ્રજાને આપી શકે તેમ હોય ત્યાં તે આપવા માટેનું આયોજન વિચારવું ઘટે. અલબત, એ પ્રવૃત્તિઓ એવી હોવી જોઈએ કે જેનો લાભ લગભગ સર્વાંશે સ્થાનિક લોકોને મળે.

ગંધાર તેલક્ષેત્ર વિસ્તારની મુખ્યત્વે વાગરા તાલુકાની આર્થિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં અમને આ વિસ્તારની કેટલીક સમસ્યાઓ સમજાઈ. આ પૈકી જે સમસ્યાઓના ઉકેલમાં શ્રમિક વિકાસ સંસ્થાન કોઈક રીતે ફળદાયી ભૂમિકા ભજવી શકે તેમ છે તેનો અમે થોડી વિગતે વિચાર કર્યો છે, દા.ત. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતના કેટલાક અન્ય વિસ્તારોની જેમ વાગરામાં પણ સંકર બીજ પર આધારિત કપાસની ખેતી વ્યાપક પ્રમાણમાં ભાંગી પડી છે. એની ઠીકઠીક પ્રતિકૂળ અસર આ વિસ્તારના લોકો પર પણ પડી છે. તેથી જો કપાસની ખેતીને પુનર્જીવન આપી શકાય તો આ વિસ્તારમાં ખેતી પર નભતી પ્રજાના ઠીકઠીક મોટા વર્ગની આવકમાં ગણનાપાત્ર વધારો કરી શકાય. આ વિચારથી પ્રેરાઈને અમે કપાસના નિષ્ણાતની સેવા પ્રાપ્ત કરી અને તેના આધારે કેટલીક ભલામણો કરી છે. આવી જ એક બીજી સમસ્યા પાણી અંગેની છે. આ વિસ્તારમાં પીવા માટે મીઠું પાણી જમીનમાંથી સાંપડતું નથી. એ જ રીતે ખેતીમાં સિંચાઈ માટે પણ મીઠું પાણી ઉપલબ્ધ ન હોવાથી વાગરા તાલુકામાં સિંચાઈ નીચેનો વિસ્તાર નગણ્ય છે. નર્મદા યોજના પછી દશેક વર્ષ બાદ આ વિસ્તારને ખેતી માટે કદાચ પર્યાપ્ત જથ્થામાં પાણી સાંપડશે પરંતુ એ વખતે પણ જળ સંચાલન (વોટર મેનેજમેન્ટ)ના કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થશે. ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના વિકાસ માટેના અમારા અભિગમની આ રૂપરેખા ઉપરથી આ હેવાલની ચર્ચાઓ અને ભલામણોને યોગ્ય રીતે સમજી શકાશે એમ અમે માનીએ છીએ. વિસ્તાર આયોજનના અન્ય પ્રયાસોમાં જે પ્રકારની વિગતો સામાન્ય રીતે જોવા મળે છે તેનો અહીં કેમ અભાવ છે તે આ પરથી સ્પષ્ટ થશે. દા.ત. અમે અહીં કોઈ પ્રકારના લક્ષ્યાંક રજૂ કર્યા નથી, વિસ્તારની સાધન સંપત્તિનો સ્થૂળ અંદાજ કાઢવાનો પણ પ્રયાસ કર્યો નથી. વિવિધ કાર્યક્રમો પાછળ થનાર ખર્ચ વિશેના કોઈ અંદાજ મૂક્યા નથી. અહીં અમે કેટલીક નવી દિશા ચીંધતાં સૂચનો માત્ર કર્યાં છે. જે તે વિસ્તારના વિકાસ માટે જાહેર ક્ષેત્રના વિશાળ એકમો કઈ રીતે ઉપકારક પ્રવૃત્તિઓ હાથ ધરી શકે તથા શ્રમિક વિકાસ સંસ્થાન જેવાં સ્વૈચ્છિક સંગઠનો, ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં કઈ અને ક્યાં ક્ષેત્રોમાં વિકાસના વાહક તરીકેની કામગીરી બજાવી શકે તે શોધવાનો આ એક પ્રયાસ માત્ર છે. પ્રસ્તુત અભ્યાસ માટે અમે જે પદ્ધતિ અપનાવી છે તે ટૂંકમાં રજૂ કરીએ છીએ.

સામાન્ય રીતે આવા પ્રોજેક્ટોમાં જે રીતે 'ફિલ્ડવર્ક' કરવામાં આવે છે તે રીતનું ફિલ્ડવર્ક અમે કર્યું નથી. અમે જે અભિગમ અપનાવ્યો છે તેમાં અમને તે જરૂરી લાગ્યું નથી. આથી અમે મુખ્યત્વે પ્રગટ વિગતો પર જ આધાર રાખ્યો છે. એમાં પૂર્તિ કરવાના આશયથી સ્થળ પર જઈને વિવિધ વર્ગોના લોકો સાથે વાતચીત દ્વારા તાલુકાની પરિસ્થિતિ તેમ જ પ્રશ્નોને સમજવાની કોશિશ અમે કરી છે. રૂબરૂ મુલાકાત

માટે અમે આઠ ગામોમાં ગયા અને સ્થાનિક લોક સાથે અને બીજા નિષ્ણાતો સાથે તેમના પ્રશ્નોની ચર્ચા કરી.

[૨] ગંધાર તેલક્ષેત્ર વિસ્તાર : પરિચય

ગંધાર તેલક્ષેત્ર વિસ્તારમાં સમગ્ર વાગરા તાલુકો તથા ગંધાર અને વાગરાની નજીકમાં આવેલા ભરૂચ અને આમોદ તાલુકાનાં દશ દશ ગામોનો સમાવેશ થાય છે. પૃથક્કરણની સરળતા માટે અમે ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના હાર્દમાં સમગ્ર વાગરા તાલુકાને કેન્દ્રસ્થાને રાખ્યો છે અને જે આંકડાકીય માહિતી ભેગી કરી છે તે વાગરા તાલુકા અંગેની છે. આનું મુખ્ય કારણ એ છે કે જ્યાંથી ગેસ અને તેલ વિપુલ માત્રામાં પ્રાપ્ત થાય છે તે દહેજ અને ગંધાર બંને વાગરા તાલુકામાં આવેલાં છે. વળી તેલ અને ગેસનાં કૂવાઓનો પણ વાગરા તાલુકામાં જ વિકાસ થઈ રહ્યો છે. ઓ. એન. જી. સી. આ તેલક્ષેત્રને ગંધાર અને દહેજ ઓઈલ ફિલ્ડ્ઝ તરીકે ઓળખે છે.

ગંધાર તેલક્ષેત્રના હાર્દ સમા વાગરા તાલુકાની કેટલીક મુખ્ય વિગતો જોઈએ.

વાગરા તાલુકો ભરૂચ જિલ્લામાં દરિયાકાંઠે (ખંભાતનો અખાત) આવેલો છે.

ભરૂચ જિલ્લાના ૧૧ તાલુકા, તેર લાખની વસ્તી, ૧૧૨૩ ગામો અને સાત શહેરો છે. વાગરા તાલુકાની વસ્તી ૬૫,૫૦૦ની છે અને કુલ ૬૮ ગામો છે. પહેલાં ૬૯ ગામો હતાં પણ એક ગામ હરીનગર ઉજ્જડ થઈ ગયું છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે વાગરા તાલુકામાં ૧૪,૦૦૦ મુસ્લિમો હતા. (વસ્તીના ૨૨ ટકા) સમસ્ત તાલુકામાં કોઈ શહેર નથી. દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૪૦ની છે જે ભારતની જેમ તેમના ગૌણ સ્થાન અને તેમની અવગણનાની સૂચક છે. ૬૮ ગામોમાંથી ૨૫ ગામોની વસ્તી ૧,૦૦૦ થી વધુ છે. આ ગામોનાં નામ તથા વસ્તી નીચે મુજબ છે :

વાગરા—૪૯૨૧	કલમ—૧૨૯૦
વોરા સમની—૨૩૫૧	પખાજણ—૧૨૮૯
દહેજ—૩૯૯૨	પનીયાદરા—૧૫૮૭
ગંધાર—૧૧૯૪	લખીગામ—૧૯૮૩
ચાંચવેલ—૨૧૧૫	સુવા—૧૨૮૧
પાલજ—૧૬૮૮	વિલાયત—૧૬૧૮
ઓરા—૧૧૭૨	અટાલી—૧૦૨૬
ભેરસંગ—૧૩૩૮	કડાદરા—૧૭૭૫
વસ્તી ખંડાલી—૧૪૮૧	વહીઆલ—૧૧૬૯
કલાદરા—૧૧૪૮	ઓચ્છણ—૧૧૬૪
રહીખદ—૧૧૧૬	કેશવણ—૧૩૦૫
મોખલ—૧૧૬૦	સારણ—૧૦૧૬
	પીપળીયા—૧૧૮૦

વળી આ ઉપરાંત બીજાં ૬ ગામોની વસ્તી ૧,૦૦૦થી કાંઈક જ ઓછી છે, તેનાં નામો નીચે પ્રમાણે છે :

સંભેરા—૯૫૯	લવારા—૯૭૨
જોગેશ્વર—૯૦૮	રાહડ—૮૫૨
સલાદરા—૯૨૮	મુલેર—૮૯૨

૧૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતાં ગામોમાં વાગરાની ૬૩ ટકા વસ્તી છે. આનો એક લાભ એ છે કે વસ્તીની ઘનિષ્ઠતા વધુ હોવાથી સામાજિક સવલતો ઊભી કરી શકાય. દા. ત. ગોબર ગેસ કે વીજળી પહોંચાડવી વધુ સરળ બને છે. ૮૦૦થી વધુ વસ્તીનાં ગામોનો સમાવેશ કરીએ તો કુલ વસ્તીનો ૭૨ ટકા ભાગ આવાં ગામડામાં રહે છે.

વાગરા તાલુકાની વસ્તી ૧૯૭૧ અને ૧૯૮૧માં ૬૫,૦૦૦ની આજુબાજુ જ રહી છે. ૧૯૫૧માં તાલુકાની વસ્તી ૪૪,૭૦૦, ૧૯૬૧માં ૫૩,૧૦૦, ૧૯૭૧માં ૬૫,૦૦૦ અને ૧૯૮૧માં ૬૫,૫૦૦ હતી. આનો અર્થ એ છે કે ૧૯૭૧થી ૧૯૮૧ દરમિયાન તાલુકો વધુ વસ્તીને પોષી શક્યો નથી. સ્થાનિક લોકો સાથેની અમારી વાતચીત મુજબ આ દશકા દરમિયાન વાગરા તાલુકામાંથી ભરૂચ, જંબુસર, આમોદ, સુરત, વલસાડ

વાગરા તાલુકો આર્થિક વિશ્લેષણ*

ભરૂચ જિલ્લાના કુલ ૧૧ તાલુકાઓ પૈકી એક તાલુકો વાગરા છે. તેની વસ્તી જિલ્લાની કુલ વસ્તીના પાંચ ટકા જેટલી છે. વાગરા તાલુકો વિસ્તારની દૃષ્ટિએ જિલ્લાનો ૯.૭૬ ટકા ભાગ રોકે છે. આમ વિસ્તારના પ્રમાણમાં વસ્તી ઓછી હોવાથી, જિલ્લાની સરેરાશના પ્રમાણમાં વાગરામાં વસ્તીની ગીચતા ઓછી છે.

(૧૯૮૧માં જિલ્લામાં વસ્તીની સરેરાશ ગીચતા ૧૪૩ હતી, જે વાગરામાં ૭૪ હતી). વાગરા સર્વાંશે ગ્રામીણ તાલુકો છે.

(૧) વસ્તી વિષયક પાસાં

તાલુકાની ૧૫,૫૦૦ જેટલી વસ્તી ૧૮ ગામડાંઓમાં વહેંચાયેલી છે. એક નોંધપાત્ર મુદ્દો છે કે સમગ્ર જિલ્લાની તુલનામાં આ તાલુકામાં મોટા પ્રમાણમાં મોટાં ગામોમાં અધિક વસ્તી વસે છે. ૧,૦૦૦થી ૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતાં ગામોમાં રહેતી વસ્તીનું પ્રમાણ વાગરા તાલુકામાં ૬૩ ટકાથી અધિક છે, જ્યારે સમગ્ર જિલ્લામાં પ્રમાણ ૫૬.૫ ટકા છે. ઉપર નોંધ્યું છે તેમ આ મુદ્દાનું મહત્ત્વ એ છે કે શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી સામાજિક સેવાઓ પૂરી પાડવાના દૃષ્ટિબિંદુથી વસ્તીનું ગ્રામીણ માળખું પ્રતિકૂળ નથી. વળી, ઉપર જોયું તે રીતે વાગરા તાલુકાના પછાતપણા માટે આદિવાસી વસ્તી એક અગત્યનું કે નિર્ણાયક પરિબળ છે એવું કહી શકાય તેમ નથી.

૧૯૭૧થી ૧૯૮૧ વચ્ચેના વસ્તી વૃદ્ધિનાં વલણો કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉપસ્થિત કરે છે. દા. ત. આ દાયકામાં સમગ્ર જિલ્લાની વસ્તીમાં લગભગ ૧૭ ટકા જેટલો વધારો થયો છે. તેની સરખામણીમાં વાગરા તાલુકાની વસ્તીમાં નજીવો (૦.૬૯) ટકાનો વધારો થયો છે. ઉપર જોઈ ગયા તેમ આ તાલુકામાંથી લોકો રોજગારીની શોધમાં સ્થળાંતર કરી ગયા છે આ સ્થળાંતર ગણનાપાત્ર હોવું જોઈએ એમ આ આંકડાઓ સૂચવી જાય છે.

(૨) શિક્ષણ

શૈક્ષણિક પ્રગતિને સાક્ષરતાના પ્રમાણને આધાર તપાસીએ તો ભરૂચ જિલ્લાની તુલનામાં તે વિશેષ પ્રગતિશીલ જણાય છે. ૧૯૮૧માં ભરૂચ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતાનું પ્રમાણ પુરુષોમાં ૫૨.૨૮ ટકા અને સ્ત્રીઓમાં ૨૯ ટકા હતું તેની તુલનામાં વાગરા તાલુકામાં તે અનુક્રમે ૬૧.૫૬ ટકા અને ૩૬.૫૩ ટકા હતું. આમ શૈક્ષણિક દૃષ્ટિએ વાગરા તાલુકો સમગ્ર ગુજરાતની તુલનામાં પછાત જણાતો નથી.

૧૯૭૧ની તુલનામાં ૧૯૮૧માં સમગ્ર ભરૂચ જિલ્લામાં અને વાગરા તાલુકામાં સાક્ષર વ્યક્તિઓનું પ્રમાણ ઘટ્યું છે. આ અંગેની વિગતો નીચે કોઠા રૂપે દર્શાવી છે.

સાક્ષરતા : ગ્રામીણ ક્ષેત્રમાં (ટકામાં)

	૧૯૭૧		૧૯૮૧	
	પુ.	સ્ત્રી	પુ.	સ્ત્રી
ભરૂચ જિલ્લો	૬૯	૩૧	૫૨.૨૮	૨૯
વાગરા તાલુકો	૬૯	૩૧	૬૧.૫૬	૩૬.૫૩

સમગ્ર જિલ્લામાં ગ્રામીણ ક્ષેત્રે પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ગણનાપાત્ર રીતે ઘટેલું માલૂમ પડે છે. એની તુલનામાં વાગરા તાલુકામાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું જણાય છે. પુરુષની તુલનામાં સ્ત્રીઓનું સાક્ષરતાનું પ્રમાણ સમગ્ર જિલ્લામાં ઓછું ઘટેલું જણાય છે અને વાગરા તાલુકામાં એ વધેલું જણાય છે.

આ ઘટનાનું અર્થઘટન કરવાનું કાર્ય ઠીકઠીક કઠીન છે. સાક્ષરતા અંગેના આકડાની વિશ્વસનીયતા શંકાસ્પદ ન હોય તો આ ઘટનાના બે ફલિતાર્થો હોઈ શકે: (અ) જેટલા પ્રમાણમાં વસ્તી વધારો થયો છે તેટલા પ્રમાણમાં શાળામાં જતાં થયેલાં બાળકોના, ખાસ કરીને, છોકરાઓનાં, પ્રમાણમાં વધારો થયો નથી. આ

અર્થાત

* આ વિભાગ માટે ભરૂચ જિલ્લાની તેમ જ વાગરા તાલુકાની આંકડાકીય માહિતી જિલ્લા પંચાયત, આંકડાશાખા, ૧૯૮૩-૮૪માંથી લેવામાં આવી છે.

મુદ્દાની વિશેષ તપાસ કરવી પડે; (૩) શિક્ષિત વ્યક્તિઓ આમીણ વિસ્તારમાંથી સ્થળાંતર કરી ગઈ હોય. આ શકયતા ભરૂચ જિલ્લા માટે કદાચ ઝાઝી અગત્યની ન હોય પરંતુ વાગરા તાલુકા માટે તે અગત્યની છે. કેમ કે આ તાલુકામાંથી ૧૯૭૧-૮૧ના દાયકા દરમ્યાન વસ્તીનું, ખાસ કરીને પુરુષ વસ્તીનું, નોંધપાત્ર સ્થળાંતર થયું હોય એ શકય છે. આ દૃષ્ટિએ પણ ઉપરનો મુદ્દો મહત્ત્વ ધારણ કરે છે.

પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાના દૃષ્ટિબિંદુથી વિચારતા વાગરા તાલુકો સારી સ્થિતિમાં છે. કેવળ એક જ અત્યંત નાના ગામમાં પ્રાથમિક શાળા નથી. બાકીનાં ૬૭ ગામોમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. સમગ્ર તાલુકામાં માધ્યમિક શાળાઓની સંખ્યા ૭ અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સંખ્યા ૨ છે. સમગ્ર ગુજરાતમાં તાલુકા દીઠ માધ્યમિક શાળાઓની સરેરાશ સંખ્યા ૬.૪૦ છે. એ જોતાં માધ્યમિક શિક્ષણ માટેની સંસ્થાકીય સવલતો આ તાલુકામાં ઓછી વિકસી છે એવું કહી શકાશે નહિ.

વિદ્યાર્થી-સંખ્યાની દૃષ્ટિએ તપાસતાં પણ માધ્યમિક શાળાઓની સંખ્યા અપર્યાપ્ત જણાતી નથી. ૧૯૮૩-૮૪ના વર્ષમાં તાલુકામાં સાતમા ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૯૫૮ હતી. તેમાંથી ૫૮૦ છોકરાઓ અને ૩૭૮ છોકરીઓ હતી. આમાંથી ૨૫થી ૩૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ ચાલુ રાખતા હશે એવું અનુમાન કરીએ તો ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ દર વર્ષે માધ્યમિક શાળામાં જોડાતા હશે એવો અંદાજ મૂકી શકાય. અર્થાત્ શાળા દીઠ નવા દાખલ થતા વિદ્યાર્થીઓ ૪૦થી વધારે ન હોઈ શકે. આ દૃષ્ટિબિંદુથી વિચારતાં માધ્યમિક શિક્ષણની સવલતો પર્યાપ્ત જણાય છે.

પ્રાથમિક શાળામા જતાં બાળકોની સંખ્યા અંગેના આંકડાઓ વિશ્વાસપાત્ર હોય તો તેમાંથી ઉત્સાહપ્રેરક ચિત્ર સાંપડે છે. શાળામાં જવા યોગ્ય વયના (૬-૧૪) લગભગ ૮૦ ટકા જેટલા છોકરાઓ શાળામાં નોંધાયેલા હતા. છોકરીઓ માટે લગભગ એ પ્રમાણ ૬૮ ટકા જેટલું છે. આ દૃષ્ટિબિંદુથી તપાસતાં વાગરા તાલુકાના પ્રાથમિક શિક્ષણનું ચિત્ર પ્રમાણમાં સંતોષકારક જણાય છે.

(૩) સ્વાસ્થ્ય વિષયક સવલતો

તબીબી સારવારની સવલતની દૃષ્ટિએ વાગરા તાલુકા ઘણો પછાત જણાય છે. સમગ્ર તાલુકામાં ત્રણ દવાખાનાઓ, પાંચ ડોકટરો અને કદાચ પ્રાથમિક સારવાર આપવાની આવડત ધરાવતી ૧૩ પરિચારિકાઓ હોવાની માહિતી છે. આમ તાલુકામાં લગભગ ૨૨ ગામ દીઠ એક દવાખાનું અને ૧૩ ગામ દીઠ એક ડોકટર છે. તબીબી સારવારની સવલતો વિસ્તારવા માટે આયોજન વિચારવું જોઈએ.

વાગરા તાલુકામાં થતા રોગો વિશેની માહિતી ઉપલબ્ધ નથી પરંતુ સમગ્ર ભરૂચ જિલ્લામાં થતા રોગો વિશે માહિતી આપવામાં આવી છે. આ જિલ્લામાં ૬૦ ટકાથી અધિક કેસો પાંચ પ્રકારના રોગોના છે.

(૧) શ્વસનતંત્રને લગતા રોગો (૧૨ ટકા) (૨) સગર્ભાવસ્થા અને તેમાંથી ઉદ્ભવતા સારવારના કેસો (૧૭ ટકા) (૩) ચામડીના રોગો (૧૨ ટકા) (૪) પાચનતંત્રને લગતા રોગો (૯ ટકા) (૫) લોહી અને હૃદયને સ્પર્શતા રોગો (૭ ટકા). કયા સ્તરની અને કયા પ્રકારની સારવાર કરવા માટે આયોજન કરવાનું છે તે અંગેનું માર્ગદર્શન ઉપર્યુક્ત વિગતોમાંથી સાંપડે છે.

(૪) સામાજિક સવલતો

વીજળી, રસ્તાઓ, સહકારી પ્રવૃત્તિઓ જેવી સવલતોના દૃષ્ટિબિંદુથી તાલુકાની સ્થિતિ તપાસીએ. (અ) ૧૯૮૩-૯૪ના અંતે તાલુકામાં ૫૫ ગામોનું વીજળીકરણ થઈ ચૂકયું હતું અને ૧૩ ગામોનું જ વીજળીકરણ થવાનું બાકી હતું. છેલ્લાં ત્રણ વર્ષમાં થોડાં વધુ ગામોનું વીજળીકરણ થયું હશે એમ માની શકાય.

(બ) રસ્તાઓની સવલતોને એકંદરે તપાસીએ તો સમગ્ર ગુજરાતની દૃષ્ટિએ તે ઓછી નથી. સમગ્ર ગુજરાતમાં દર ચો.કી.મી. ૦.૨૮ કી.મી. લંબાઈના જમીન માર્ગો છે. તેની સરખામણીમાં વાગરામાં ૦.૩૧ કી.મી. લંબાઈના અને સમગ્ર ભરૂચ જિલ્લામાં ૦.૩૪ કી.મી. લંબાઈના માર્ગો છે. જમીન માર્ગોની બાબતમાં સ્થાનિક લોકોએ કરેલાં સૂચનો ઉપરથી એમ લાગે છે કે જમીન માર્ગોની બાબતમાં લોકોને અસંતોષ છે.

(ક) સહકારી પ્રવૃત્તિનું માળખું બે પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત થયેલું જણાય છે : (૧) પ્રાથમિક ખેત મંડળીઓની સંખ્યા ૪૦ હતી અને તેની સભ્ય સંખ્યા ૭,૧૨૬ હતી (૨) દૂધ પૂરું પાડનારી સહકારી મંડળીઓની સંખ્યા ૪૭ હતી અને તેની સભ્ય સંખ્યા ૬,૨૬૦ હતી. તાલુકામાં ખેડૂતોની સંખ્યા ૮,૩૭૪ હોવાની નોંધ છે. એના આધારે તપાસીએ તો લગભગ ૮૫ ટકા જેટલા ખેડૂતો સહકારી ખેતધિરાણ મંડળીના સભ્યો છે એમ કહી શકાય. અલબત્ત ઉપર નોંધ્યું છે તેમ દૂધ સહકારી મંડળીઓ છેલ્લાં ત્રણ વર્ષના દુષ્કાળોમાં લગભગ પડી ભાંગી છે.

ખેતી સાથે સંકળાયેલી અને નહિ સંકળાયેલી સહકારી પ્રવૃત્તિઓમાં સહકારી કાર્યક્ષેત્રનો વ્યાપ મર્યાદિત જણાય છે. દા.ત. સહકારી વેચાણ મંડળી એક છે, પ્રક્રિયા કરનારી સહકારી મંડળીઓ બે છે ને મજૂર મંડળીઓ ત્રણ છે. ગ્રામીણ વિસ્તારમાં ખેતી સિવાયની બીજી આર્થિક પ્રવૃત્તિઓનો ઝાઝો વિકાસ થયેલ ન હોવાથી સહકારી પ્રવૃત્તિનું ક્ષેત્ર સીમિત રહે તે એક સમજી શકાય તેવી ઘટના છે.

(૫) વ્યાવસાયિક માળખું

૧૯૭૧ની વસ્તી ગણતરી અને ૧૯૮૧ની વસ્તી ગણતરીમાં આર્થિક પ્રવૃત્તિનું વર્ગીકરણ બદલવામાં આવ્યું હોવાથી દાયકા દરમ્યાન વ્યાવસાયિક ક્ષેત્રે આવેલાં પરિવર્તનોનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે તેમ નથી. આમ છતાં ખેડૂતો અને ખેતમજૂરોની બાબતમાં વર્ગીકરણ બદલાયું નહિ હોય એમ માનીએ વાગરા તાલુકો સર્વાંશે ગ્રામીણ હોવાથી કૃષીતર આર્થિ પ્રવૃત્તિઓનું મહત્ત્વ નજીવું છે.

૧૯૭૧ની વસ્તી ગણતરીમાં આ તાલુકામાં કામદારો તરીકે ૨૩,૫૪૦ વ્યક્તિઓની સંખ્યા નોંધવામાં આવ છે. એની તુલનામાં ૧૯૮૧માં ૨૨,૬૯૪ વ્યક્તિઓ કામદાર તરીકે નોંધવામાં આવી છે. આ ઘટાડો કેટલે અંશે નોંધણીના ફેરફારને આભારી છે અ કેટલે અંશે કામદારોના સ્થળાંતરને આભારી છે નક્કી કરવાનું મુશ્કેલ છે. અગત્યની બાબત એ છે પ્રગટ કરવામાં આવેલી વિગતોમાં ખેતમજૂરોની સંખ્ય ૧૨,૮૩૧થી ઘટીને ૯,૫૨૧ અને ખેડૂતોની સંખ્ય ૭૯૭૯થી વધીને ૮,૩૭૪ થઈ હોવાનું દર્શાવવામ આવ્યું છે. તેથી આ વિગતોને કેટલી વિશ્વસનીય ગણવ તે જ એક પ્રશ્ન છે.

૧૯૭૧ અને ૧૯૮૧ની વસ્તી ગણતરીના આંકડા ઓને સ્વતંત્ર રીતે તપાસીએ. ૧૯૭૧માં કુલ નોંધાયેલા કામદારોમાં ખેડૂતો ૩૪ ટકા જેટલા અને ખેતમજૂરો ૫૫ ટકા જેટલા હતા. આમ પ્રત્યક્ષ રીતે ખેતી ઉપર નભતા કામદારોનું પ્રમાણ લગભગ ૮૯ ટકા જેટલું હતું. ૧૯૮૧માં ખેડૂતોનું પ્રમાણ ૩૭ ટકા અને ખેતમજૂરોનું પ્રમાણ ૪૨ ટકા દર્શાવવામાં આવ્યું છે. આમ ખેતી ઉપર પ્રત્યક્ષ રીતે નભતા કામદારોનું પ્રમાણ ૭૯ ટકા જેટલું થાય. એક દાયકામાં ખેતી ઉપર પ્રત્યક્ષ રીતે નભતી વસ્તીમાં આવડો મોટો ઘટાડો થઈ શકે નહિ તેથી આ તાલુકાની શ્રમની વ્યાવસાયિક વહેંચણીને સ્પર્શતા આંકડાઓની ચકાસણી કરવી જરૂરી છે. [સમગ્ર જિલ્લા માટેના આંકડાઓમાં જુદું ચિત્ર જોવાય છે: ૧૯૭૧થી ૮૧ વચ્ચે કુલ ગ્રામીણ કામદારોમાં ૨૧ ટકાનો, ખેતમજૂરોમાં સાત ટકાનો અને ખેડૂતોમાં ૧૮ ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. ૧૯૭૧માં ખેતી ઉપર નભતા કામદાર (ખેડૂતો+ ખેતમજૂરોનું) પ્રમાણ ૮૯ ટકા હતું જ્યારે ૧૯૮૧માં તે ૮૨ ટકા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. નોંધપાત્ર

અર્થાત

મુદ્દો એ છે કે વાગરા તાલુકાની જેમ ખેડૂતો અને ખેતમજૂરોની સંખ્યામાં નિરપેક્ષ રીતે ઘટાડો સમગ્ર જિલ્લામાં નોંધાયો નથી.]

ગૃહઉદ્યોગ, ઉત્પાદન-પ્રક્રિયા, સર્વિસીંગ અને સમારકામ જેવી ઔદ્યોગિક પ્રવૃત્તિમાં રોકાયેલા કામદારોની સંખ્યા ૧૯૮૧માં ફક્ત ૩૭૪ નોંધવામાં આવી છે. (૧.૬૪) ટકા અને અન્ય કામ કરનારાઓનું પ્રમાણ ૧૯.૪૯ ટકા દર્શાવવામાં આવ્યું છે. ટૂંકમાં ખેતી સિવાયની અન્ય આર્થિક પ્રવૃત્તિઓ નગણ્ય છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે પશુપાલન વગેરે પ્રવૃત્તિમાં રોકાયેલા કામદારોની સંખ્યા ૩૦૦ જેટલી દર્શાવવામાં આવી છે. તેથી આ તાલુકાની ખેતીનાં વિવિધ પાસાંનો અભ્યાસ કરવો જરૂરી છે.

(૬) ખેતીનાં વિવિધ પાસાં

વાગરા તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૮૮,૩૪૬ હેક્ટર છે. તેમાંથી ૫૦ ટકા જેટલી જમીન વાવેતર નીચે છે. અન્ય ઉપયોગમાં (બાંધકામ વગેરે) લેવાયેલી જમીનનું પ્રમાણ ૬ ટકા જેટલું છે. ચાલુ પડતર, તથા અન્ય ખેડી શકાય તેવી પડતર જમીનનું પ્રમાણ ૩૭ ટકા જેટલું મોટું દર્શાવવામાં આવ્યું છે. એક બાજુ જિલ્લામાં ખેતમજૂરોનું પ્રમાણ ઘણું મોટું છે અને બીજી બાજુ પડતર જમીનનું પ્રમાણ પણ ગણનાપાત્ર છે. આ પડતર જમીનનો ઉપયોગ વૃક્ષોના ઉછેર માટે કરીને ખેતમજૂરોને રોજગારી આપી શકાય. પશુઓને ખોરાક પૂરો પાડીને પશુઉછેરની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી શકાય. જમીનના ક્ષારને ઘટાડવામાં સહાયભૂત થઈ શકાય અને વૃક્ષોની પેદાશ પર આધારિત ઉદ્યોગો વિકસાવી શકાય. અલબત્ત, આમાંથી કેટલું શક્ય બની શકે તેમ છે તે અંગે જંગલ ખાતાના નિષ્ણાતો તેમ જ અન્ય તજ્ઞો સાથે ચર્ચા વિચારણા કરવાની રહેશે.

આ વિસ્તારની ખેતી મહદંશે આકાશિયા ખેતી છે. સમગ્ર તાલુકામાં સિંચાઈ નીચે ૧૯૮૦-૮૧માં ફક્ત ૩૩૦ હેક્ટર (વાવેતર હેઠળની જમીનના ૦.૭૦ ટકા) જમીન સિંચાઈ નીચે હતી. ૧૯૮૧-૮૨માં તો ફક્ત ૩૩ હેક્ટર જમીન જ સિંચાઈ નીચે હતી. સિંચાઈનો એકમાત્ર સ્રોત કૂવાઓ છે. કૂવાઓમાંથી મળતાં પાણી ખારાં હોવાથી ખેતી માટે પ્રતિકૂળ છે. તેથી કૂવાઓ કરીને સિંચાઈ નીચેનો વિસ્તાર વધારવા માટેના પ્રયાસો આ તાલુકામાં કરવામાં આવતા નથી.

ભરૂચ જિલ્લાના અન્ય તાલુકાઓની તુલનામાં વાગરા તાલુકામાં વરસાદ એકંદરે ઓછો અને અનિયમિત પડતો જણાય છે. ૧૯૮૨માં તાલુકામાં ૪૩૦ મી.મી. અને ૧૯૮૩માં ૯૯૪ મી.મી. વરસાદ પડયો હતો. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં બાકીના ગુજરાતની તુલનામાં જે અધિક વરસાદ પડે છે તેનો લાભ આ તાલુકાને મળતો જણાતો નથી. આ બે મુદ્દાઓનો ફલિતાર્થ એ છે કે આ વિસ્તારની ખેતીને સમૃદ્ધ કરવાનો એકમાત્ર રસ્તો નર્મદા યોજના નીચે પ્રાપ્ત થનાર સિંચાઈની સગવડનો છે.

વાગરા તાલુકા માટે હેક્ટર દીઠ ઉત્પાદનના આંકડાઓ ઉપલબ્ધ નથી. જિલ્લા પંચાયત દ્વારા તૈયાર કરવામાં આવેલા સમગ્ર જિલ્લા માટેના આંકડાઓ પરસ્પર અસંગત છે. વાવેતર નીચેના વિસ્તાર વડે કુલ ઉત્પાદનને ભાગતાં હેક્ટર દીઠ જે ઉત્પાદન પ્રાપ્ત થનાર છે તે કોઠામાં રજૂ કરવામાં આવેલા હેક્ટર દીઠ ઉત્પાદનના આંકડા સાથે બધા દાખલાઓમાં બંધબેસતું નથી. વળી કેટલાક પાકોની બાબતમાં જિલ્લામાં હેક્ટર દીઠ ઉત્પાદનના આંકડાઓ સમગ્ર ગુજરાતના સરેરાશ હેક્ટર દીઠ ઉત્પાદન કરતાં ગણનાપાત્ર રીતે વધારે જણાય છે. પરંતુ વાવેતર નીચેના વિસ્તાર વડે કુલ ઉત્પાદનને ભાગીને મેળવવામાં આવેલા હેક્ટર દીઠ ઉત્પાદનના આંકડાઓ સમગ્ર ગુજરાતમાં સરેરાશ તુલનામાં ગણનાપાત્ર રીતે ઓછા જણાય છે. નીચે નમૂના રૂપે કેટલાક આંકડાઓ રજૂ કરવામાં આવ્યા છે :

	ગુજરાત	ભરૂચ જિલ્લો (હેક્ટર દીઠ ઉત્પાદન કિ.ગ્રા.માં)	
		અંદાજ–૧	અંદાજ–૨
ઘઉં	૨૦૬૦	૭૨૦	૨.૬૦૪
તુવેર	૧૧૮૦	૫૮૦	૪૦૪

(અંદાજ–૧ અમારી ગણતરી પ્રમાણેનો છે. અંદાજ–૨ જિલ્લા પંચાયતના પ્રકાશનમાં આપ્યા પ્રમાણેનો છે.)

ઉપરના આંકડાઓમાંથી સ્પષ્ટ રીતે એક મુદ્દો ઊપસી આવે છે. ભરૂચ જિલ્લામાં સમગ્ર ગુજરાતની તુલનામાં હેક્ટર દીઠ ઉત્પાદન ઓછું છે. વાગરા તાલુકો આમાં અપવાદ હોવા માટે કોઈ કારણ નથી.

વાગરા તાલુકાની ખેતીમાં ૧૯૮૦–૮૧ અને ૧૯૮૧–૮૨માં ચાર પાક અગત્યના હતા. ઘઉં, જુવાર, તુવર અને કપાસના વાવેતર નીચે ૮૫ ટકા જેટલી જમીન રોકાયેલી હતી. આમાં પાકવાર સ્થિતિ નીચે પ્રમાણે હતી :

પાક નીચેની જમીનનું પ્રમાણ (ટકામાં)

	૧૯૮૦–૮૧	૧૯૮૧–૮૨
ઘઉં	૧૭ ટકા	૨૪ ટકા
જુવાર	૨૦ ટકા	૨૦ ટકા
તુવેર	૨૮ ટકા	૨૭ ટકા
કપાસ	૨૦ ટકા	૧૩ ટકા

આમ વાગરા તાલુકા માટે જે ચાર પાકો અગત્યના છે તે પૈકી બે પાકો (ઘઉં, તુવેર) માટે ઉત્પાદકતા નીચી છે. કપાસ અને જુવારની બાબતમાં વિગતોની વધારે ચકાસણી કરવાની રહેશે. પરંતુ એકંદરે એમ કહી શકાય કે વાગરા તાલુકામાં એકંદરે ઓછું વળતર આપતા પાકો પાછળ વધુ જમીન રોકવામાં આવે છે. ખેતીને વધુ સમૃદ્ધ બનાવવાની દૃષ્ટિએ પાકની તરેહ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

વાગરા તાલુકામાં સીમાંત અને અર્ધ-મધ્યમ ખેડૂતો પાસે જમીન ઓછી જણાય છે. આ ત્રણ વર્ગોમાં વાગરા તાલુકામાં કુલ ખેડૂતો લગભગ ૬૦ ટકા છે અને તેમની પાસે કુલ વાવેતર નીચેની ૨૨ ટકા જેટલી જમીન છે.

સમગ્ર જિલ્લામાં આ ત્રણ વર્ગોના ખેડૂતોનું પ્રમાણ ૭૫ ટકા છે અને તેમની પાસે રહેલી જમીનનું પ્રમાણ ૩૭ ટકા જેટલું છે. જમીનની ઉત્પાદકતાને ધ્યાનમાં રાખીએ તો એમ કહી શકાય કે લગભગ ૭૦ ટકા જેટલા ખેડૂતો ગરીબી ભોગવતા હશે. તેમના માટે પૂરક રોજગારીનું આયોજન આવશ્યક ગણાય.

ગંધાર તેલક્ષેત્રનો પરિચય

ખેતી અને બીજી રીતે અલ્પ વિકસિત આ વિસ્તાર તેલની ભૂગર્ભસ્થિત કુદરતી સંપત્તિની દૃષ્ટિએ ખૂબ સમૃદ્ધ સાબિત થયો. આ વિસ્તાર અંગેનું ઓ. એન. જી. સી.નું મૂલ્યાંકન અને આ વિસ્તારમાં તેના દ્વારા જે કાર્યક્રમો હાથ ધરાવાના છે તેની રૂપરેખા અહીં રજૂ કરીએ છીએ. તેલક્ષેત્રના વિકાસની વિગતો જોતાં એ સ્પષ્ટ થાય છે કે કમિશન દ્વારા બહુ મોટો કાર્યક્રમ હાથ ધરાવાનો છે.

જમીનની વહેંચણી	વાગરા		જિલ્લો	
	એકમો (%)	વિસ્તાર	એકમો	વિસ્તાર (%)
૧ સીમાંત ખેડૂતો (એક હેક્ટરથી ઓછી)	૧૬.૩૯	૧.૮૯	૨૫.૭૬	૪.૨૮
૨ નાના ખેડૂતો (એકથી બે હેક્ટર)	૧૯.૩૨	૬.૦૩	૨૫.૩૨	૧૦.૬૮
૩ અર્ધ-મધ્યમ ખેડૂતો (૨થી ૪ હેક્ટર)	૨૩.૨૦	૧૪.૨૨	૨૪.૪૮	૨૧.૮૮
૪ મધ્યમ ખેડૂતો (૪થી ૧૦ હેક્ટર)	૨૮.૩૮	૩૯.૦૧	૨૧.૫૪	૪૧.૩૪
૫ મોટા ખેડૂતો (૧૦ હેક્ટરથી વધારે)	૧૨.૬૮	૩૮.૬૯	૪.૯૦	૨૧.૭૯

અર્થાત્

ગંધાર તેલક્ષેત્ર ઓ. એન. જી. સી. ની પરિભાષામાં ભરૂચ બ્લોકનો ભાગ છે. તેમાં તેલ અને ગેસનાં ૭ ક્ષેત્રો સાંપડ્યાં છે. ડણકા, માતર, પાદરા, દહેજ, ગંધાર અને ગજરા આ છયે ક્ષેત્રોમાં દહેજ અને ગંધાર તેલ અને ગેસના સંભવિત જથ્થાની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. દહેજ અને ગંધાર પછી આ બાબતમાં ડણકાનો ક્રમ આવે છે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ રીઝર્વોયર સ્ટડીઝે (ઓ.એન.જી.સી.) દહેજ ગેસક્ષેત્રના વિકાસ માટે ટેકનોલોજીકલ આયોજન કર્યું છે. આ યોજના પ્રમાણે દહેજનો ગેસ પાલેજ લાવવામાં આવશે અને ત્યાં કમિશનના નોંધાયેલા ગ્રાહકોને તે પૂરો પાડવામાં આવશે. તેને અંકલેશ્વર–વડોદરા પાઈપ લાઈન સાથે જોડવામાં આવશે. દહેજમાં ૧૯૮૫ના મેમાં કૂવાનું મથાળું બાંધી ઉત્પાદનનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ગંધારમાં બે તેલ કૂવામાં તેલ પ્રાપ્ત થતાં ત્યાં પણ કૂવાનાં મથાળાં બાંધવામાં આવ્યાં છે. અત્યારે તેલનું ઉત્પાદન જમીન માર્ગે લઈ જવામાં આવે છે. પરંતુ તે ઘણું મોંઘું પડવાથી ભવિષ્યમાં તેને અંકલેશ્વર–વડોદરાની તેલ–ગેસ લાઈન સિસ્ટમ સાથે સાંકળી લેવામાં આવશે.

ગંધાર તેલક્ષેત્રનો વિસ્તાર વિશાળ છે. તે ૮૦૦ ચો.કી.મી.ના વિસ્તારમાં પથરાયેલું છે. તે ઉત્તરમાં ઢાઢર નદીથી માંડીને દક્ષિણમાં નર્મદા સુધી પથરાયેલું છે. પરંતુ તેના હાર્દમાં ગંધારથી શરૂ કરીને દહેજનો વિસ્તાર ગંધાર–૧ શોધખોળ કૂવાનું કામ પહેલી એપ્રિલ ૧૯૮૪માં પૂરું થયું. થોડા મહિનામાં સગજાયું છે આ તેલક્ષેત્ર અંકલેશ્વર જેટલું જ મોટું હોવાની શક્યતા છે. અહીં તેલ અને ગેસનો જથ્થો ૨,૭૦૦થી ૩,૧૦૦ મિટરની ઊંડાઈએ પ્રાપ્ત થયો છે. તેમાંનો કુલ જથ્થો ૧૦૦ મીલીયન ટન જેટલો અંદાજમાં આવ્યો છે. આ ઉપરાંત ખંભાતની ખાડીમાં શારકામ ચાલુ છે, જે ગંધાર તેલક્ષેત્રના પશ્ચિમ વિભાગનો જ એક ભાગ હોવાનો સંભવ છે. ગંધારના તેલ અને ગેસના ક્ષેત્રમાં અત્યારે ૭૦ ચો. કી. મી.ના વિસ્તારમાં આઠ ઊંડા કૂવા શોધખોળના હેતુથી કરવામાં આવ્યા છે. આને આધારે તેલ અને ગેસના જથ્થાનો અંદાજ વધારીને ૧૨૪ મીલીયન ટનનો કરવામાં આવ્યો છે. ગંધાર ક્ષેત્રમાં ભૂગર્ભ હાઈડ્રોકાર્બનનો જથ્થો ૪૬૬ મીલીયન ટનનો ૮૦૦ ચો.કી.મી.ના વિસ્તારમાં અંદાજવામાં આવ્યો છે. આ અંદાજી જથ્થો જો હકીકતમાં સાચો સાબિત થશે તો ગંધાર વિસ્તારમાંથી તેલનું વાર્ષિક ઉત્પાદન બેથી સાડા ત્રણ મીલીયન ટનનું અને ગેસનું દૈનિક ઉત્પાદન આઠથી દશ મીલીયન ઘન મીટર થશે. વળી આ ગેસમાં પ્રોપેન (propane) અને બ્યુટેન (Butane)નાં તત્ત્વો સમૃદ્ધ હોવાથી તેમાંથી રાંધવાનો ગેસ ઉત્પન્ન કરવાની શક્યતાઓ તપાસવામાં આવી રહી છે.

૧૯૮૪–૮૫માં સમગ્ર ગુજરાતમાં તેલનું વાર્ષિક ઉત્પાદન ચાર મીલીયન ટન અને ગેસનું દૈનિક ઉત્પાદન ૨૬.૫ લાખ ટન ઘન મીટર હતું. આંકડાઓ પરથી ગંધાર તેલક્ષેત્રની સમૃદ્ધિનો ખ્યાલ આવશે. ગંધાર તેલક્ષેત્રના પ્રથમ તબક્કાના વિકાસ માટે ભારત સરકારના ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ રૂ. ૩૨૭ કરોડની યોજના મંજૂર કરી છે. કમિશન ગંધાર ખાતે એલ.પી.જી. ગેસનું એકમ સ્થાપશે. અંકલેશ્વરમાં આ પ્રકારનું એકમ વાર્ષિક ૩૦,૦૦૦ ટન એલ. પી. જી.નું ઉત્પાદન કરી રહ્યું છે.

તા. ૨૫–૧૧–૧૯૮૭ના રોજ કમિશનના ભરૂચ–અંકલેશ્વરના અધિકારીઓ સાથેની વાતચીત દરમ્યાન નીચેની માહિતી આપવામાં આવી હતી :

(૧) આવતા ૩૬ અઠવાડિયાંમાં ૩૬ કૂવાનું શારકામ વાગરા તાલુકામાં શરૂ થશે અને તેના દ્વારા વાર્ષિક ૬.૫ લાખ ટન તેલ અને ૧૬.૨૬ લાખ ઘન મીટર ગેસ (દૈનિક) પ્રાપ્ત થશે.

(૨) આ ક્ષેત્રમાં ૫૦ મીલીયન ટન જેટલા તેલના જથ્થાનો અંદાજ છે (વત્તા ૫૦ મીલીયન ટન જેટલો ગેસ)

(૩) આવતાં બે વર્ષમાં આ ક્ષેત્રમાં રોજના ૧,૦૦૦ ટન તેલનું ઉત્પાદન થશે.

(૪) ગંધાર તેલક્ષેત્રમાંથી તેલ અને ગેસ બંને પ્રાપ્ત થશે.

(૫) હાલમાં ચાર રિગ્ઝ શારકામ કરી રહી છે અને ચાર રિગ્ઝ (પ્રાયોગિક) ઉત્પાદનનું કામ કરી રહી છે.

(૬) ગંધાર તેલક્ષેત્રમાં બે પાઈપ લાઈન નાખવામાં આવશે, એક તેલની અને બીજી ગેસની. બંનેને અંકલેશ્વર-વડોદરા પાઈપ લાઈન સાથે સરસવણી પાસે જોડી દેવામાં આવશે.

(૭) ગેસ અને તેલના કૂવાઓ માટે કમિશન જુદેજુદે સ્થળે ૭૦૦ એકર જમીન સંપાદન કરશે.

(૮) ગંધાર તેલક્ષેત્રના વિકાસ તથા ઉત્પાદન માટેનું સંચાલન મથક વાગરાને બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(૯) વાગરામાં કમિશનના કર્મચારીઓ માટે ૭૦૦ ઘરોની કૉલોની થશે તથા વાગરામાં કમિશનની વર્કશોપની સ્થાપના કરવામાં આવશે.

ઓ.એન.જી.સી. જાહેર ક્ષેત્રનું એકમ

ઓ.એન.જી.સી. જાહેર ક્ષેત્રનું એક સૌથી મોટું એકમ છે. ૧૯૮૪-૮૫માં તેનું વેચાણ રૂ. ૧૧,૦૫૧ કરોડનું હતું. કર ચૂકવ્યા પહેલાંનો નફો રૂ. ૧૬૨.૩૫ કરોડનો ને કર બાદ કર્યા પછીનો નફો રૂ. ૮૩.૫૧ કરોડનો હતો. ૧૯૮૫-૮૬માં તેનું વેચાણ વધીને રૂ. ૧૧,૩૬૨ કરોડનું થયું. કર પહેલાંનો નફો રૂ. ૧૯૪.૧૫ કરોડનો અને કર બાદ કર્યા પછીનો નફો રૂ. ૧૨૮.૯૭ કરોડનો થયો.

તેલનું ઉત્પાદન ૧૯૮૫-૮૬માં ૩૦.૧૬ મીલીયન ટન હતું અને ગેસનું વાર્ષિક ઉત્પાદન ૮,૧૩૪ મીલીયન ઘન મીટર હતું. આવડા વિશાળ સાહસમાં રોકાયેલા લોકોની સંખ્યા નવેમ્બર ૧૯૮૦માં ૧૧,૫૦૦ જેટલી હતી.

(ક્રમશઃ)

❀ ❀ ❀

'અર્થાત્'નું આપનું લવાજમ
બાકી હોય તો તે, તેમ જ નવા
વર્ષનું લવાજમ સત્વરે મોકલી
આપવા વિનંતી.
લવાજમ ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મ. ઓ.
દ્વારા જ મોકલશો. ચેકથી મોકલશો નહિ.

ધર્મ અને નીતિ

લક્ષ્મણશાસ્ત્રી જોષી

જેમાં ધર્મસંસ્થા ન હોય એવો એક પણ માનવ-સમાજ પૃથ્વી પર નથી. છેલ્લાં બસો-ત્રણસો વર્ષોમાં વાહન-વ્યવહારનાં ઝડપી અને સર્વત્રગામી સાધનો પ્રાપ્ત થવાથી જ્યાં પણ માણસ રહે છે ત્યાં વિશ્વના પ્રવાસી પહોંચી ગયા છે. એક અર્થમાં અસંસ્કૃત, અર્ધસંસ્કૃત, સુસંસ્કૃત, આધુનિક ઔદ્યોગિક ક્રાંતિ પામેલો એમ વિવિધ સ્તર પર જીવતો સમાજ ધાર્મિક સમાજ છે. યુરોપ અને અમેરિકામાં વૈજ્ઞાનિક ક્રાંતિ થયાને બસો વર્ષ થઈ ગયાં છતાં ત્યાંનાં રાષ્ટ્રો ખ્રિસ્તી રાષ્ટ્રો છે. ત્યાં ધર્મસંસ્થાનો પ્રભાવ ઓછો છે પરંતુ ખ્રિસ્તી-ઓની ચર્ચસંસ્થા આજે પણ મજબૂત છે, તૂટી નથી પડી. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં પવિત્ર મનાતા રવિવારને દિવસે સામૂહિક પ્રાર્થનામાં સ્ત્રી-પુરુષો ભેગાં થાય છે. સોવિયેટ યુનિયનમાં અર્થાત્ રશિયામાં સરકાર બિનધર્મી છે. શિક્ષણમાં ધર્મના શિક્ષણ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે છતાં ધર્મમાં ન માનનારાઓની સંખ્યા દસ-બાર ટકા જ છે. વિશ્વમાં ખ્રિસ્તી ધર્મ પાળનારાઓની સંખ્યા અન્ય ધર્મ પાળનારાઓની સંખ્યા કરતાં વધારે છે. મુસલ-માનોની સંખ્યા તેમનાથી ઓછી છે. વિશ્વમાં ત્રીજો ક્રમ હિંદુ ધર્મ પાળનારાઓનો અને એટલો જ બૌદ્ધ ધર્મ પાળનારાઓનો છે. ચીન અને જાપાનમાં અનુક્રમે કન્ફ્યુશ્યસ, લાઓત્સે અને શિન્ટોનો ધર્મ પ્રચલિત છે. વિશ્વમાં સૌથી ઓછી સંખ્યા દ્વારા પળાતો છતાં ખૂબ જ પ્રભાવશાળી યહૂદી ધર્મ છે.

ધર્મસંસ્થાના યોગથી સમાજ અલગ બને છે. છેલ્લાં અઢીસો વર્ષોમાં સમાજનાં રાજનૈતિક સંગઠનો રાષ્ટ્રવાદના ધ્યેયથી નિર્માણ થઈ રહ્યાં છે. રાષ્ટ્રવાદના યોગથી નાગરિકો ઈહવાદી બની રહ્યા છે. પણ આ વાત ઈસ્લામી રાષ્ટ્રોને લાગુ નથી પડતી. ત્યાં રાષ્ટ્રવાદ અને ધર્મસંસ્થા બંનેનો સરખો જબર-દસ્ત પ્રભાવ છે. માનવસમાજમાં ખૂબ જ પ્રાચીન કાળથી સામાજિક સંગઠનનો મૂળભૂત પ્રવૃત્તિના રૂપમાં ધર્મસંસ્થાના યોગથી સમાજ સંગઠિત થવાની પ્રવૃત્તિ ઇતિહાસમાં જોવા મળે છે. જુદા જુદા પ્રકારની ધર્મ-સંસ્થાઓ જુદી જુદી સમાજસંસ્થાઓનું નિર્માણ કરે છે. આ ત્રણસો વર્ષોની પૂર્વે ધાર્મિક સમાજોનો ભેદ જુદી જુદી સંસ્કૃતિના નિર્માણનું કારણ બન્યો. પરંતુ આ બાજુ આધુનિક વૈજ્ઞાનિક તંત્રજ્ઞાનની ક્રાંતિથી જુદા જુદા ખંડોમાં દૂર દૂર રહેનારાં રાષ્ટ્રો અને સદીઓ સુધી એકબીજાથી પૂર્ણપણે અલગ રહેલાં રાષ્ટ્રો એકબીજાની ખૂબ જ નજીક આવી ગયાં છે. એનાથી વધારે સાંસ્કૃતિક આપ-લે શરૂ થઈ છે. બધા પ્રકારની આપ-લે અને સહકાર અવિચ્છિન્ન રૂપે શરૂ થયાં છે. આનાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજ-નીતિની દિશા બદલાઈ ગઈ છે. સંસ્કૃતિનું નિર્માણ કરનાર મહત્ત્વપૂર્ણ અને મૂળ સાધન શિક્ષણ છે. એ મોટી માત્રામાં બધાં વિકસિત રાષ્ટ્રો અને વિકાસશીલ રાષ્ટ્રો માટે સમાન થઈ રહ્યું છે. આનાથી એક નવી આધુનિક જ્ઞાનવિજ્ઞાન પર આધારિત ધર્માતીત અથવા ધર્મનિરપેક્ષ સંસ્કૃતિનું નિર્માણ થઈ રહ્યું છે. સમાજ-રચનાના તત્ત્વ ઉપર પણ એનું પરિણામ જણાય છે. મૂળભૂત માનવીય હક્કના ઉચ્ચતમ નૈતિક મૂલ્યની સ્થાપનાનો સમય પ્રભાવશાળી બની રહ્યો છે. આવી સ્થિતિમાં જૂની પરંપરાગત ધર્મસંસ્થા પર આધારિત રાષ્ટ્રીય સંસ્કૃતિના અંતરંગમાં એક નવી માનવવ્યાપી

સંસ્કૃતિનો વિસ્તાર થઈ રહ્યો છે, વિકાસ થઈ રહ્યો છે. આ કારણથી જુદાં જુદાં રાષ્ટ્રો અને સમાજોને એકબીજાથી મન, ભાવ તથા શ્રદ્ધાથી અલગ તેમ જ વિરોધી રાખનારી પ્રવૃત્તિઓનો વિચાર દ્વારા મુકાબલો કરવો જરૂરી છે. બધા માનવસમાજોને આ ધરતી પર અવિરોધથી અને સહકાર્ય સાથે જીવવાની પ્રેરણા આપનાર પરંપરાગત ધર્મથી અલગ નીતિશાસ્ત્રની, પરંપરાગત સામાજિક અહંકાર હું મુસલમાન, હું ખ્રિસ્તી, હું હિંદુ, હું બૌદ્ધ એવા ભેદભાવની તીવ્રતા ઓછી કરનાર નવા માનવતાવાદી નીતિશાસ્ત્રની જરૂર છે. પરંપરાગત ધર્મ આવા નીતિશાસ્ત્રનું સમર્થન કરી શકે એવા પ્રકારની નવી રચના એ ધર્મોના પુરસ્કર્તાઓએ કરવાની જરૂર છે.

ભાષા માણસને પ્રાપ્ત થયેલી કુદરતની ભેટ છે. કે માનવસમાજોએ એકબીજા સાથેની પ્રાદેશિક દૂરતાને કારણે જુદી જુદી ભાષાઓ નિપજાવી. આથી વિશ્વમાં આજ સુધીમાં હજારો ભાષાઓનું સર્જન થયું. આ જ વાત ધર્મને લાગુ પડે છે. જીવન તથા વિશ્વનો વિચાર કરતાં માણસને સ્વાભાવિકરૂપે ધર્મદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિથી તે વિશિષ્ટ આચાર તથા નિયમો અને બંધનોનું પ્રચલન કરે છે. આ ધર્મદૃષ્ટિ તથા નિયમ–બંધનોને કારણે સામાજિક જીવન સંગઠિત થાય છે. વ્યક્તિ, કુટુંબ અને સમાજ તથા જુદી જુદી સામાજિક, આર્થિક, વ્યાવસાયિક સંસ્થાઓનું સંગઠન થાય છે, ધાર્મિક દૃષ્ટિ અને પ્રેરણા બધા માણસો માટે સમાન છે છતાં એનું પ્રગટીકરણ અલગ રૂપમાં થયું છે. સમાજના વિકાસના જુદા જુદા સ્તર પર ધાર્મિક વિચાર અને આચારોનું પણ જુદા જુદા રૂપમાં પ્રગટીકરણ થયું છે. જે પ્રમાણે ભાષાઓનો ઇતિહાસ છે તેવો ધર્મોનો પણ રહ્યો છે. ભાષાની જેમ ધર્મ પણ બદલાય છે. કારણ કે સંપૂર્ણ અસ્તિત્વ, સંપૂર્ણ માનવ જીવન ઇતિહાસબદ્ધ છે. વિશ્વના વિકાસના અલગ તથા ઉચ્ચ સ્તર ઉપર બધા ધર્મોનો અભ્યાસ કરવામાં આવે તો એવું સિદ્ધ થાય છે કે ધર્મપરિવર્તન અને ધર્મસુધારણા, એટલે સુધી કે ધર્મનું મૌલિક પરિવર્તન અથવા ધાર્મિક ક્રાંતિ ઇતિહાસમાં વારંવાર વચ્ચે વચ્ચે થયેલાં જણાય છે.

વૈદિક, યહુદી, ખ્રિસ્તી, ઇસ્લામ, જૈન, બૌદ્ધ, પારસી, કન્ફ્યુશ્યસ ધર્મ, તાઓ ધર્મ, શિન્ટો ધર્મ જેવા આજના ધર્મોનું અધ્યયન કરવાથી કંઈક સમાન સ્વરૂપ નિશ્ચિત કરી શકાય છે. ધર્મ અને અધર્મની બરોબર વ્યાખ્યા કરી શકાય છે.

મનુષ્યની એવી શ્રદ્ધા છે કે પ્રકૃતિથી પર અથવા પ્રકૃતિમાં વ્યાપ્ત પવિત્ર, માનવ-ભવિષ્ય સાથે સંપૂર્ણપણે સંબંધિત, જીવન તથા વિશ્વનું નિયંત્રણ કરનારી અલૌકિક એક શક્તિ અથવા અનેક શક્તિઓ છે. એ શક્તિ અથવા શક્તિઓનો પોતાના આત્મા સાથે અનુકૂળ, ઘનિષ્ઠ તથા પવિત્ર સંબંધ સ્થાપનારી વાણી, મન અને દેહની પ્રવૃત્તિ ધર્મ છે અને એ શક્તિ અથવા શક્તિઓને પ્રતિકૂળ વાણી, મન અને દેહની પ્રવૃત્તિ અધર્મ છે. કેટલાક ધર્મચિંતક દાર્શનિકોનો એવો પણ મત છે કે આવી ઉચ્ચતમ શક્તિઓ તરફ માણસની પ્રવૃત્તિ સ્વાભાવિકપણે વળેલી રહે છે. ભાવના, ઇચ્છા અને જ્ઞાન આ પ્રવૃત્તિ વડે જ સર્જાય છે. પરંતુ આ પ્રકારની ઉચ્ચતમ શક્તિનો વિશિષ્ટ અનુભવ થોડાક જ લોકોને થાય છે. આ અનુભવમાં આ શક્તિ તરફ આશ્ચર્ય, વિલક્ષણ ભય, નિતાંત પ્રેમ, કેટલીક વાર અપરંપાર શાંતિ, અહંકાર-નિવૃત્તિ, નમ્રતા, શરણાગતિ વગેરે ભાવનાઓ જન્મે છે.

એ શક્તિને મનુષ્ય અનુકૂળ અથવા વશ કરવાનો પ્રયત્ન કરે છે અથવા તન્મય થવા માટે અથવા એ શક્તિમાં આત્મવિસર્જન માટે પ્રયત્નશીલ રહે છે અથવા શાશ્વત મેળ–મિલાપ માટે પ્રયત્ન કરે છે. આને માટે ધ્યાન, જપ, પ્રાર્થના, યજ્ઞ, પૂજા, વ્રતપાલન વગેરેનું આચરણ મનુષ્ય વ્યક્તિગત અથવા સામૂહિક રીતે કરે છે અને પ્રતિકૂળ મનોવૃત્તિનું આચરણ ટાળે છે. ટૂંકમાં કહેવું હોય તો ઇષ્ટની પ્રાપ્તિ માટે અને અનિષ્ટના નિવારણ માટે અલૌકિક શક્તિની સાધના અથવા આરાધના જ ધર્મ છે. આ અલૌકિક શક્તિ

એક વ્યક્તિમાં હોય છે અથવા અનેક વ્યક્તિઓમાં હોય છે, આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ કલ્પિત હોય છે અથવા વાસ્તવિક હોય છે. તેમનામાં કલ્પિતતા અને વાસ્તવિકતાનો વિલક્ષણ સમન્વય હોય છે. અલૌકિક એટલે પ્રકૃતિથી પર. કેટલાક લોકોનો મત છે કે પ્રકૃતિનું અને જીવનનું નિયમન કરનારી પ્રકૃતિમાં આંતર-બાહ્ય રીતે વ્યાપી જનારી, સ્વાભાવિક રૂપ ધારણ કરનારી કોઈ શક્તિ છે. આથી તેને પરમ સત્ય માનવામાં આવે છે. અલૌકિકનો અર્થ અતીન્દ્રિય એવો પણ કરવામાં આવે છે. એ શક્તિ દૃશ્ય વસ્તુરૂપ અને વ્યક્તિ રૂપ પણ હોય છે અને ક્યારેક ક્યારેક ઇંદ્રિયોને અગમ્ય અને એક દૃષ્ટિએ મનને પણ અગમ્ય હોય છે. ધાર્મિક આચરણના મૂળમાં આવી શ્રદ્ધા હોય છે. ધર્મની સંકલ્પનામાં એ ગૃહીત રહે છે કે એ શક્તિ એક શાશ્વત અને ઉચ્ચતમ સત્ય છે. દુનિયાના ધર્મો માને છે કે માણસનું અથવા જીવાત્માનું ઉચ્ચતમ ધ્યેય અથવા આદર્શ અને પરમ અંતિમ શાશ્વત સત્ય એ શક્તિનું જ રૂપ છે. ઉચ્ચ ધર્મો એવું પણ માને છે કે એ શક્તિની પૂર્ણ કૃપાથી ઉચ્ચતમ શાશ્વત ધ્યેયની પ્રાપ્તિ થાય છે. આથી વિશ્વના ઉચ્ચતમ ધર્મની વ્યાખ્યા આ પ્રકારે કરી શકાય: 'જીવનને પરિપૂર્ણ તથા કૃતાર્થ કરનાર, આ અપૂર્ણ, દોષયુક્ત, અશાંત જીવનને બદલનાર, ઉચ્ચતમ ધ્યેયની અર્થાત્ દિવ્યત્વની પ્રાપ્તિની પદ્ધતિ ધર્મ છે.' એકેશ્વરી ધર્મ મુજબ પરમપવિત્ર, સર્વસમર્થ ઈશ્વર, અદ્વૈત અનુસાર પરમાત્મા અને આરંભના બૌદ્ધ ધર્મ અનુસાર નિર્વાણ જ શાશ્વત સત્ય અને ઉચ્ચતમ ધ્યેય છે.

બધા પ્રાથમિક અને ઉચ્ચ ધર્મ અલૌકિક શક્તિના બે પ્રકાર માને છે: (૧) જેને પવિત્ર, તારક અને ઉપકારક માનવામાં આવે છે તે જેમ કે પુણ્ય, તીર્થંકર, બોધિસત્ત્વ, પ્રજ્ઞાપારમિતા, દેવ, અહુર મજદ, તાઓ, પરમાત્મા, અલ્લા, ગોડ વગેરે અને આની વિરુદ્ધ (૨) જેને અપવિત્ર, પતનકારક, અથવા અપકારક માનવામાં આવે છે તે જેમ કે અસુર, રાક્ષસ, પાપ, શેતાન, માર વગેરે. મનુષ્યનું કર્તવ્ય છે કે તે એવું વર્તન કરે કે જેથી અપવિત્ર શક્તિઓનો સંસર્ગ ન થાય.

ધર્મતત્ત્વજ્ઞ ધર્મનાં બે રૂપ કરે છે: સંસ્થારૂપ અને વૈયક્તિક. સંસ્થારૂપ ધર્મમાં મુખ્યત્વે પ્રાર્થના, યજ્ઞ. અથવા પૂજા અર્થાત્ કર્મકાંડ, દેવવિદ્યા, પર્વ અથવા ઉત્સવ, પુરોહિતોનું સંગઠન, પવિત્ર સ્થાન વગેરે વાતોનો સમાવેશ થાય છે. સંસ્થારૂપ ધર્મને દેવતા અથવા દેવતાઓની દુવા પ્રાપ્ત કરવાની કલા કહી શકાય. વૈયક્તિક ધર્મ વ્યક્તિના હૃદયનો ધર્મ હોય છે. આમાં હૃદયનો હૃદય સાથે સંબંધ હોય છે. ઋષિ, સિદ્ધ, બુદ્ધ, ખ્રિસ્ત, મહમ્મદ અથવા પંથપ્રવર્તક સાધુ સંતોનો જ આ વૈયક્તિક ધર્મ હોય છે. અનન્ય ભક્ત અથવા યોગી મનથી જ દેવતા સાથે સંબંધ સ્થાપે છે. કેટલીયવાર ભક્તના ધ્યાનમાં આવે છે કે દેવતા પોતે જ મારી પાસે આવ્યા છે અને મને સમીપ લીધો છે. મારાથી આ કદી સિદ્ધ ન થાત. એકાંતમા દિવ્યત્વના સંબંધમાં આવેલો અનુભવ અને સિદ્ધ વર્તન જ ધર્મનું સ્વરૂપ છે. આ અનુભવ તાર્કિક વિચાર નથી.

ભારતીય દાર્શનિકોએ ધર્મની અનેક વ્યાખ્યાઓ આપી છે. ઉપદેશયુક્ત વિધિવાક્ય અથવા આજ્ઞા જ ધર્મનું જ્ઞાન કરાવનાર પ્રમાણ છે. વિધિવાક્ય દ્વારા આજ્ઞા અપાયેલું કર્મ જ ધર્મ છે. પૂર્વમીમાંસામાં આ પ્રમાણે વ્યાખ્યા અપાઈ છે. આ વ્યાખ્યા વિશ્વના ગ્રંથ, ગુરુ અને પ્રેષિતો પર આધારિત બધા ધર્મોને લાગુ પડે છે. બાઈબલની પુરાણી પોથી અનેક પ્રેષિતોના ઉપદેશોથી ભરેલી છે. ઈશ્વરે મોઝેઝને આપેલો ઉપદેશ બાયબલની પુરાણી પોથીમાં છે. ઈશુ ખ્રિસ્ત ઈશ્વરનો પુત્ર છે. ઈશ્વરના મનના આદેશો મનુષ્યોને આપવા માટે પૃથ્વી ઉપર અવતર્યો છે. ખ્રિસ્તી ધર્મીઓની શ્રદ્ધા છે કે લોકોનાં પાપોના પ્રાયશ્ચિત્તના રૂપમાં તેણે પોતાની જાતને બલિદાનરૂપે ક્રોસ ઉપર ચઢાવી. વિશ્વના મુસલમાનોની શ્રદ્ધા છે કે વેદ ગેબ્રિઅલ દેવદૂત દ્વારા [illegible] મહમ્મદને પવિત્ર ગ્રંથ પ્રાપ્ત થયો.

વૈદિક હિંદુઓની શ્રદ્ધા છે કે વેદ ઈશ્વર પાસે હતા. ઈશ્વરે ઋષિઓને આપ્યા. ઈશ્વર દ્વારા પ્રાપ્ત થયેલી આજ્ઞા અર્થાત્ બાયબલ, વેદ, કુરાન વગેરે ધર્મગ્રંથો છે. આવી જ એ ધર્મના અનુયાયીઓની શ્રદ્ધા છે. આવી પણ ધાર્મિકોની શ્રદ્ધા હોય છે. પરંતુ તેને માટે અર્થાત્ ઈશ્વરના અસ્તિત્વ માટે અને તેની પાસે રહેલા પવિત્ર ગ્રંથ તેણે મનુષ્યને આપ્યા એ માટે શ્રદ્ધા સિવાય બીજો કોઈ આધાર નથી. આથી આજના ચકાસણીના યુગમાં આ જુદી જુદી ધર્મપરંપરાઓને મર્યાદિત અર્થમાં જ પ્રામાણ્ય આપવું પડશે. માનવ સમાજોનો, જુદાં જુદાં રાષ્ટ્રોનો, તથા જુદા જુદા ધાર્મિક સમાજોનો આ ધરતી પરનો વ્યવહાર સામંજસ્યથી તથા સહકાર્યથી ચાલતો રહે એ માટે જુદા જુદા ધર્મ પાળનારાઓનો પરસ્પરનો સંબંધ વ્યાપક માનવીય બંધુત્વના તત્ત્વ પર જ સ્થાપવો આજે માનવી સમાજ માટે હિતકારક છે. એમાં શંકા નથી કે જુદા જુદા ધાર્મિક સમાજોનો સંબંધ સહકાર્યનો અને બંધુત્વનો હશે તો જ પૃથ્વીનું જીવન કલ્યાણપ્રદ થશે. એનો આધાર કોઈ ધર્મગ્રંથ નથી, એ તો કેવળ મૂળભૂત માનવીય હક્ક છે. એનો સ્વીકાર કરવો આજે માણસના ભવિષ્યની દૃષ્ટિએ ખૂબ જ જરૂરી છે. જે ધર્મસંપ્રદાય પોતાનાથી જુદા સંપ્રદાયોને નીચી કક્ષાના માનશે તે માનવી જીવન માટે વિશ્વાસઘાતી બનશે. અંતિમ નૈતિક મૂલ્યની દૃષ્ટિથી તથા ધાર્મિક વિવેકબુદ્ધિના આધાર ઉપર આવા ધાર્મિક અહંકારને નિષિદ્ધ માનવો જોઈએ.

વિશ્વની હાલની ધર્મસંસ્થાઓ મૂળભૂત રીતે ત્રણ તત્ત્વો પર આધારિત છે. આ ત્રણ તત્ત્વો છે : જીવાત્માની અમરતા અર્થાત્ મૃત્યુ પછીની સ્થિતિ, આખા વિશ્વના નિર્માતા અર્થાત્ ઈશ્વરનું અસ્તિત્વ તથા મનુષ્યે આચરવાના વિધિનિષેધો. પરંતુ હાલનો દરેક પ્રસિદ્ધ ધર્મ દરેક બીજા ધર્મથી અનેક બાબતોમાં જુદો છે. એના વિધિનિષેધો અલગ છે, મૃત્યુ પછીની સ્વર્ગ–નરકની કલ્પના અલગ છે, પાપ–પુણ્યની કલ્પનાઓ જુદી છે. એટલું જ નહિ, ખ્રિસ્તી ધર્મ માને છે કે અન્ય ધર્મ પાળનારાઓને ઉચ્ચતમ સ્વર્ગીય જીવન પ્રાપ્ત નહિ થાય આ જ રીતે હિંદુ મુસલમાન સંબંધે; અને મુસલમાન ખ્રિસ્તી સંબંધે માને છે. દરેક ધર્મસંસ્થાની શ્રદ્ધા હોય છે કે પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે અને બીજો ધર્મ અંતિમ ઉચ્ચ સદ્‌ગતિ અથવા કલ્યાણને લાયક નથી. કેટલાક ઉદાર મન ધરાવનાર ધર્મતત્ત્વજ્ઞો અને સાધુસંતો માને છે કે સર્વ ધર્મનો સમન્વય થઈ શકે છે. આવા સર્વધર્મસમન્વયવાદી તત્ત્વજ્ઞો આજના યુગને પ્રભાવિત કરી રહ્યા છે. પરંતુ જે તે ધર્મ પાળતી સામાન્ય જનતાનો દૃષ્ટિકોણ સાંપ્રદાયિક અને એક દૃષ્ટિથી સંકુચિત રહે છે. સામાન્ય જનતા પોતપોતાના ધર્મને સર્વ શ્રેષ્ઠ માને છે જેમ કે કુરાનના જ વિચાર શ્રેષ્ઠ છે. વેદના જ શ્રેષ્ઠ છે અથવા બાયબલના વિચારો જ વધારે પ્રમાણવાળા છે. આવી શ્રદ્ધાનો પ્રભાવ એમના ઉપર હોય છે અને આ સંબંધે જે તર્ક આપવામાં આવે છે તે એકાંગી હોય છે. પૂરેપૂરું સમાધાન કરનારો, પોતપોતાની ધર્મશ્રદ્ધાનો તર્ક આજ સુધી કોઈ આપી શક્યું નથી. હાલની કોઈ પણ ધર્મસંસ્થા સર્વમાન્ય અર્થાત્ આધુનિક પ્રગતિશીલ સંસ્કૃતિના સંપૂર્ણ માનવસમાજને સ્વીકાર યોગ્ય બનવાની શક્યતા નથી. ઈશ્વરના સ્વરૂપ સંબંધી, જીવાત્માના મૃત્યુ પછીના અસ્તિત્વ સંબંધી અથવા સ્વર્ગનરક સંબંધી સંકલ્પનાઓ પૂર્ણપણે જુદી હોય છે. આવી શ્રદ્ધાઓ એ સમાજ માટે દૃઢ હોય છે. આવી સંકલ્પનાઓને બચપણથી જ અંકિત કરવામાં આવે છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર વગેરે વિજ્ઞાનોના સિદ્ધાંતો જે પ્રમાણે પ્રત્યક્ષ અને અનુમાનોની સાબિતી ઉપર નિશ્ચિતપણે આધારિત હોય છે અને તેમને નિશ્ચિત સાબિતીના સ્વરૂપમાં સ્વીકારવા એ જિજ્ઞાસુ વિદ્યાર્થીના વિવેક પર આધારિત હોય છે તેવું ધાર્મિક શ્રદ્ધાઓ સંબંધે બિલકુલ હોતું નથી. ધર્મશિક્ષણ બૌદ્ધિક વિવેક પર આધારિત નથી હોતું. એમાં ચકાસણી પદ્ધતિનો ઉપયોગ નથી થતો. હોમહવન શા માટે કરવાં? પૂજા શા માટે કરવી? તીર્થયાત્રા શા માટે કરવી? પ્રાર્થના શા માટે કરવી?

આવા પ્રશ્નો સંબંધે સમજાવવા યોગ્ય તર્ક ધર્મગુરુઓ પાસે અને ધર્મગ્રંથો પાસે નથી હોતો. ધર્મનું માનસશાસ્ત્ર મનુષ્યની ભાવનાઓનું માનસશાસ્ત્ર છે. ઐહિક અને પારલૌકિક હિત-અહિતના સંબંધમાં હંમેશ ઉત્પન્ન થનાર વાસનાઓના પ્રભાવોથી મનુષ્યનું કલ્પનાવિશ્વ સર્જાતું હોય છે. એ કલ્પનાઓથી નિર્મિત દેવી-દેવતાઓના સંબંધમાં મનુષ્ય પોતાને વિહિત અને નિષિદ્ધ આચરણ પદ્ધતિ નક્કી કરે છે. આ વિહિત અને નિષિદ્ધ આચરણનો ઐહિક અને પારલૌકિક એવો બેવડો પ્રભાવ માનવામાં આવે છે. શ્રદ્ધાયુક્ત ધર્માચરણ કેવળ પરલોકના હેતુ માટે નથી હોતું. માનવી સમાજ સુસંસ્કૃત અવસ્થાએ પહોંચ્યા પછી, સ્થિર સમાજ-સંસ્થા સર્જાયા પછી પારલૌકિક અને ઐહિક બંને પ્રકારનાં હિત-અહિતો સાથે સંબદ્ધ ધર્માચરણની પદ્ધતિનું સર્જન થાય છે. પ્રાથમિક અવસ્થાના સમાજમાં ઐહિક હિત જ મહત્ત્વનું રહે છે. આર્થિક સંબંધ વધારે મહત્ત્વના રહે છે. યજ્ઞ, પૂજા, પ્રાર્થના, પ્રાયશ્ચિત્ત, ઉપવાસ, યાત્રા, ધ્યાન, જપ, સામૂહિક ચર્ચા, ઉત્સવ, અન્નસંતર્પણ આ બધી વાતો, આ બધા ધર્માચાર મુખ્યત્વે ઐહિક હિત-અહિત સાથે સંબંધિત રહે છે. પ્રાકૃતિક ઘટનાઓનો મનુષ્યના આર્થિક જીવન સાથે નજીકનો સંબંધ રહે છે. પ્રાકૃતિક અનુકૂળ શક્તિ, અખંડ પ્રવાહિત મહા નદી, ઉપજાઉ જમીન, આવેલા સંકટથી વિરોધી પરિસ્થિતિ આ બધાંના યોગથી તે ઉત્સાહિત થાય છે, દૈવી શક્તિ સાથે પ્રેમ કરે છે; ભક્તિ કરવા લાગે છે. પ્રકૃતિ ઉપર વિજય મેળવનાર વિજ્ઞાન અને ટેકનોલોજીનાં સાધન વિજ્ઞાનયુગ પહેલાંની સ્થિતિમાં વારંવાર ઓછાં પડતાં હતાં. આથી તે વારંવાર ચિંતાગ્રસ્ત અને ભયગ્રસ્ત થતો હતો. અનુકૂળ અથવા પ્રતિકૂળ મહત્ત્વપૂર્ણ ઘટનાઓનો નિશ્ચિત કાર્યકારણ ભાવ વિજ્ઞાન પૂર્વેના યુગમાં ધ્યાનમાં નહોતો આવતો. આથી ભયમાંથી બહાર આવવા માટે તથા આશા અને ઉત્સાહને વધારવા માટે અલૌકિક, અચેતન શક્તિની અથવા તત્ત્વોની કલ્પના કરીને તેમની તે આરાધના કરવા લાગતો હતો. પ્રાકૃતિક અને સામાજિક ઘટનાઓનું પૌરાણિક, અદ્‌ભુત અને અસંભવિત કથાઓ રચી સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કરતો હતો. જીવાત્મા, મૃતાત્મા, પિતર, અનુકૂળ અથવા હડપ કરનારું ભૂત, રાક્ષસ અથવા અસુર, અનેક દેવો અથવા એક દેવ, સજીવ અને નિર્જીવ વસ્તુની પવિત્રતા અને અપવિત્રતા વગેરેનું માનસિક ચિત્ર રચતો હતો અને તેના પર શ્રદ્ધા રાખતો હતો. આપણે એને અંધશ્રદ્ધા કહીએ છીએ. પરંતુ મનુષ્ય પાસે રહેનારી બુદ્ધિવાદી પ્રવૃત્તિ જ અંધશ્રદ્ધાઓને જન્મ આપે છે. જીવનની તથા વિશ્વની ઘટનાઓના કાર્યકારણભાવની ઉન્નતિ બતાવવાના હેતુ માટે નિર્મિત તર્ક જ અંતે અંધશ્રદ્ધાનું રૂપ ધારણ કરે છે.

એકેશ્વરવાદી ધર્મે માન્યું છે કે ઈશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન, પરમ દયામય છે. એની સહાયતા, સાન્નિધ્ય અથવા તાદાત્મ્ય પ્રાપ્ત કરી શકાય છે, એમાં જ જીવનની પૂર્ણતા છે. નાસ્તિક માનસશાસ્ત્રજ્ઞ મૃત્યુ પછીના જીવન, અમરત્વ અને ઈશ્વર વગેરે સંબંધી સંકલ્પનાઓને ભ્રમાત્મક માને છે. માણસ આ સંકલ્પનાત્મક ભ્રમમાં કેમ ફસ્યો છે? આનું સ્પષ્ટીકરણ બુદ્ધિવાદી માનસશાસ્ત્રજ્ઞ અનેક પ્રકારે કરવાનો પ્રયત્ન કરે છે. એ વાત સાચી છે કે શુદ્ધ બુદ્ધિવાદથી અર્થાત્ તર્કથી આત્માનું અમરત્વ, પરલોકનું અસ્તિત્વ અને ઈશ્વરને સિદ્ધ નહિ કરી શકાય. તો પછી ઈશ્વરની અને અમરત્વની કલ્પનાનો મનુષ્યના જીવન પર, મન પર આટલો સાર્વત્રિક દૂરગામી પ્રભાવ કેમ છે તેનો જવાબ આપવાનો પ્રયત્ન કેટલાક નાસ્તિક ભૌતિકવાદીઓ કરે છે. જર્મન દાર્શનિક લુડવિગ ફાયરબાખનો ઓગણીસમી સદીમાં યુરોપની વિચારપદ્ધતિ ઉપર સારો પ્રભાવ પડ્યો હતો. એના મત મુજબ ઈશ્વરની કલ્પના માનવી મનનું બાહ્ય પ્રક્ષેપણ છે. તે કહે છે કે મનુષ્યનું જ્ઞાન અને સુખ અધૂરાં રહે છે. કુદરતથી ભયભીત રહે છે. કુદરત પર પૂરો અધિકાર મેળવવાની શક્તિ નથી હોતી. પરંતુ એવી અદમ્ય ઇચ્છા રહે છે કે આખા વિશ્વનું જ્ઞાન હોય,

હંમેશ આનંદ મળે, આખા વિશ્વ ઉપર અધિકાર સ્થપાય. તે ભયનિવારણશક્તિ અને જીવનસાધન નિર્માણ કરવાની શક્તિ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહે છે. વારંવાર નિષ્ફળ જાય છે. ક્લૈબ્યની અર્થાત્ અસમર્થતાની તરફ અપૂર્ણતાની સમજ એને રોકે છે. આ યાતનામાંથી મુક્ત થવાનો પ્રયત્ન અર્થાત્ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન, પોતાના ઉપર નિયંત્રણ રાખી શકે એવા ઈશ્વરની કલ્પના જ બાહ્ય પ્રક્ષેપણ છે. પોતાના અપૂર્ણ આત્માનું પૂર્ણ રૂપમાં પ્રક્ષેપણ છે. ફ્રાયરબાખના આ વિચારનું કાર્લ માર્કસે સ્વાગત કરી તેનું સામાજિક અને આર્થિક દૃષ્ટિથી મૂલ્યાંકન કર્યું. એના કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મસંસ્થાનો એક મૂળભૂત મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે કે દેવની ઇચ્છાથી બધું થાય છે, દેવની કૃપા હોય તો બધા પ્રકારનાં દુઃખ, સંકટ, કષ્ટ ટળી જાય છે. ધર્મસંસ્થા ઉચ્ચ, ધનિક, સત્તાધારી વર્ગ દ્વારા નિર્મિત વિચારધારામાંથી નિર્માયેલ સંસ્થા છે. આજ સુધીની સમાજરચના શોષક અને શોષિત વર્ગની સમાજરચના છે. શોષિત વર્ગ આ વિષમ સમાજરચનાનો ચૂપચાપ સ્વીકાર કરે, વરિષ્ઠ સત્તાધારી શોષક વર્ગ સામે વિદ્રોહ ન કરે, શાંતિ કાયમ રહે એટલા માટે સામાજિક વિષમતા અને સુખ દુઃખની સંપૂર્ણ જવાબદારી ભગવાનને માથે નાખી અને આ ભગવાનની સંકલ્પનાને શોષિત વર્ગે વાસ્તવિક માની. તાત્પર્ય એ કે ધર્મ શોષિત બહુજન સમાજ માટે જેની લત લાગી ગઈ હોય એવી અફીણની ગોળી પુરવાર થાય છે. આ અફીણના નશામાં રહીને શોષિત વર્ગ શોષણજન્ય દુઃખોને ચૂપચાપ સહન કરી શકે છે. ધર્મ પરમ શાંતિનો માર્ગ છે એ સિદ્ધાંતનો આ જ ધ્વન્યાર્થ છે. શોષિત અને શોષક સમાજરચનાને બદલીને સામ્યવાદી સમાજરચના સ્થાપિત થઈ જાય તો આવી અફીણની ગોળીની જરૂર નહિ રહે કારણ કે સમાજમાં શોષિત વર્ગ જ નહિ રહે. સંગઠિત શોષિત વર્ગ જ સામ્યવાદી સમાજરચનાનું ક્રાંતિ દ્વારા નિર્માણ કરી શકશે. આ ક્રાંતિની પૂર્વ તૈયારીની સ્થિતિમાં શોષિત વર્ગની બુદ્ધિનો વિકાસ થાય છે. પોતાની દુઃખી સ્થિતિનું કારણ સત્તાધારી વર્ગની રાજનીતિ અને અર્થનીતિ છે. ભગવાન એનું કારણ નથી એ સિદ્ધાંત સમજીને દલિત વર્ગ સમાજવાદી અને સામ્યવાદી ક્રાંતિને માટે ઘડાય છે.

આધુનિક મનોવિશ્લેષણવાદીઓએ માનવી સમાજમાં યુગ યુગથી રૂઢ થયેલી ધર્મસંસ્થાની માનસશાસ્ત્રની દૃષ્ટિથી તપાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉપર ઉલ્લેખિત ફ્રાયરબાખનો બાહ્ય પ્રક્ષેપણનો સિદ્ધાંત એક પ્રકારનું મનોવિશ્લેષણ જ છે. પરંતુ મનોવિશ્લેષણના સિદ્ધાંત અનુસાર અચેત (Unconscious) મનનું સ્પષ્ટીકરણ માનસશાસ્ત્રજ્ઞ સિગ્મંડ ફ્રોઈડ અને યુંગે બે વિરોધી દૃષ્ટિઓથી કર્યું છે. ફ્રોઈડ નાસ્તિક અને નિરીશ્વરવાદી છે અને યુંગ આસ્તિક છે. આ બંનેએ ધર્મનું પ્રતિપાદન જુદી રીતે કર્યું છે.

ફ્રોઈડનો મત છે કે ધર્મ ભાવનાગ્રસ્ત મનની વિકૃતિ દ્વારા જન્મે છે. જન્મથી જ મનુષ્યની સહજ પ્રવૃત્તિ પર કુટુંબ અથવા કુટુંબની મુખ્ય વ્યક્તિ અથવા મોટા લોકોનાં બંધન સતત રહે છે. સ્વાભાવિક પ્રવૃત્તિઓ દબાઈ જાય છે, આનાથી કુટુંબ પર અધિકાર ધરાવનાર માતાપિતા વગેરે વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ પ્રગટે છે તેજ રીતે દ્વેષ પણ ઉત્પન્ન થાય છે, ભય પણ લાગે છે. આને લીધે મજ્જાતંતુ પર સતત ભાર રહેવાથી મનોગ્રંથિઓ રોગગ્રસ્ત બની જાય છે. એની દબાએલી ભાવનાઓ સ્વપ્નોમાં ઉભરાઈને આવે છે. વિવિધ પ્રકારનાં સ્વપ્ન આવે છે. 'લિબિડો'નો અર્થ છે કામશક્તિ. એ બધી માનવ પ્રવૃત્તિઓનું કેન્દ્રબિંદુ હોય છે. મજ્જાનું કાર્ય જ એનું કાર્ય હોય છે. મનની પ્રવૃત્તિનાં બંધન વાસ્તવમાં એનાં બંધન હોય છે. સ્વપ્નોનો આવિષ્કાર એનો આવિષ્કાર હોય છે. જાગૃત અવસ્થામાં પણ આ કામ શક્તિને કારણે વિલક્ષણ તરંગો જન્મે છે. આ તરંગો અર્થાત્ અનુભવ જ હોય છે. પરંતુ આ અનુભવ આભાસાત્મક જ હોય છે. ઇચ્છા, દ્વેષ અને અન્ય ભાવના પણ તરંગનું જ સ્વરૂપ હોય છે. વાસ્તવિક જીવનની

મુશ્કેલીઓને કારણે ઇચ્છાઓ પર સતત આઘાત થતા રહે છે. છતાં પણ એ અદમ્ય હોય છે. આ અદમ્ય વાસનાઓ અચેત મનમાં સંગ્રહાયેલી રહે છે. તેનાથી જ તરંગો તૈયાર થાય છે. તરંગમાં જ દેવ, અસુર, પિશાચ, પાપ, પુણ્ય વગેરે જન્મે છે અને આ તરંગ વાસ્તવિક લાગવા માંડે છે. અર્થાત્ મન જેની કલ્પના કરે છે, જેનો આભાસ થાય છે તેનું બાહ્ય પ્રક્ષેપણ થાય છે. સ્વપ્નમાં સ્ત્રી-પુરુષનો સંભોગ એનું જ એક ઉદાહરણ છે. દેવ, રાક્ષસ, પિશાચ, ભૂત, મનુષ્યને અંધારામાં, ખીણમાં, નિર્જન સ્થાનમાં જ દેખાય છે. આ પણ બાહ્ય પ્રક્ષેપણનું ઉદાહરણ છે. વાસ્તવિક સાધનો દ્વારા જે ઇચ્છા તૃપ્ત નથી થતી તે ઇચ્છા હઠ દ્વારા, દુરાગ્રહ દ્વારા, તરંગની સહાયથી મનુષ્ય સંતોષે છે. ધાર્મિક આચરણ, કર્મકાંડ અથવા મંત્રતંત્રવિદ્યા કલ્પિત સાધન છે. જીવનમાં આકસ્મિક રીતે જે બને છે તેના કાર્યકારણ ભાવની તરંગની સહાયથી મનુષ્ય કલ્પના કરે છે. બધી જ ધાર્મિક સંકલ્પનાઓ તરંગનાં રૂપ છે. અસ્વસ્થ અને બીમાર સામાજિક મનની સૃષ્ટિ ધાર્મિક સંકલ્પના હોય છે. મૃત્યુનો ડર રહે છે. મૃત્યુને ટાળવાની ઇચ્છા રહે છે. અદમ્ય જીવન-ઇચ્છાને કારણે મનુષ્ય તરંગથી મૃત્યુ પછીની સ્થિતિ અથવા અમરત્વ જુએ છે. તેને સત્ય માને છે અને અમરત્વની ઇચ્છા તૃપ્ત થાય છે. પ્રાથમિક સમાજના કુટુંબનો પિતા સંરક્ષક હોય છે એ જ રીતે તે કુટુંબ પર અત્યાચાર કરનારો પણ હોય છે. ઈશ્વર અર્થાત્ અત્યંત ભાવુક, અતિરંજિત વાસ્તવિક પિતા જ છે. પિતાના સંબંધમાં પ્રેમ તથા ભય રહે છે તેવું જ ઈશ્વર સંબંધે પણ થાય છે. તરંગોથી નિર્મિત ધર્મસંસ્થા સભ્ય સમાજમાં પણ સમાજશાસ્ત્રીઓને જરૂરી લાગે છે. એનું કારણ એ છે કે કેવળ રાજ્યશાસન અને સમાજશક્તિથી વ્યક્તિને પૂરી નિયંત્રણમાં નથી રાખી શકાતી. જ્યાં સુધી બંધનપ્રધાન સમાજસંસ્થામાં ભાવનાતિરેકગ્રસ્ત મનોવિકૃતિમાંથી છૂટવાનું મનુષ્ય માટે મુશ્કેલ છે ત્યાં સુધી ભ્રમાત્મક ધર્મસંસ્થાની જરૂર રહેશે.

સમાજના બધા માણસો જન્મથી સામાજિક બંધનોના કારાગૃહમાં વિચરતા રહે છે તેથી એ બધા ભાવનાગ્રસ્ત મનોવિકૃતિથી પછડાયેલા રહે છે: ફ્રોઈડનો આ સિદ્ધાંત અનેક માનસશાસ્ત્રીઓ સ્વીકારતા નથી. કારણ કે અનેક સામાજિક બંધનો સામાજિક વ્યવહારના સીધા માર્ગો હોય છે. આ અનુભવ સમાજમાં વિચરતી બધી વ્યક્તિઓને ઓછી-વધતી માત્રામાં થાય છે. એવું નથી કે સુવ્યવસ્થા અસહ્ય હોય છે. મનુષ્ય વિવેકી અને બુદ્ધિવાદી પ્રાણી હોવાથી સુવ્યવસ્થાના સારા પરિણામનો પ્રતિદિનના વ્યવહારમાં અનુભવ કરે છે. બીજી વાત એ છે કે પૂજા, ધ્યાન, પ્રાર્થના વગેરે ધાર્મિક સાધનો દ્વારા મનુષ્યોની માનસિક અને શારીરિક બીમારીઓ પણ સારી કરવામાં આવે છે. ધર્મ જો રોગગ્રસ્ત મનોવૃત્તિ હોય તો ધાર્મિક સાધનોથી, ભજન-પૂજનથી અને ભક્તિમાર્ગના કથાકીર્તનથી મન વધારે નબળું થવું જોઈએ. પરંતુ આવું થતું નથી તેથી ધાર્મિક સાધનોમાં નબળાં પડનારાં કયાં અને બળ આપનારાં કયાં એને બરાબર ઓળખી તેમની રચના કરવી જરૂરી છે. તરંગ જેમ રોગી હોઈ શકે છે તેમ સ્વસ્થ પણ હોઈ શકે છે. સ્વસ્થ તરંગને કલ્પનાવિલાસ કહી શકાય છે. જડી-બુટ્ટી, મંત્ર-તંત્ર વગેરે સાધનોથી મનુષ્ય બીમારીને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. એના આ પ્રયત્નને કારણે જ કલ્પિત અને ભ્રામક ઉપાયને પાછળ મૂકી આશ્ચર્યયુક્ત રીતે બીમારી દૂર કરવાની દવાઓ મનુષ્ય બનાવવા લાગ્યો. મનુષ્ય દૃશ્ય યથાર્થની પેલે પાર કલ્પના વડે જુએ છે. આથી જીવનનાં નવાં નવાં સાધનો બનાવી શકે છે. નવાં વધુ શક્તિશાળી સાધનો મળતાં નબળાં સાધનોને છોડી દે છે.

એવું પણ જોવામાં આવે છે કે ધર્મકલ્પના અથવા ધર્મભાવનાના યોગથી મનુષ્યમાં ધૈર્ય પ્રગટે છે. શૌર્યથી કામ કરવાનો ઉત્સાહ જન્મે છે. ધાર્મિક ઉપાસના વિચાર દ્વારા નિર્મિત સાધનાપદ્ધતિનું ઉપાંગ બની શકે છે. ધાર્મિક પંડિતો વ્યાકરણ, ન્યાય, દંડનીતિ વગેરે શાસ્ત્રો રચી શક્યા. અનેક શરવીરો ધાર્મિક

શ્રદ્ધાના આધારે યુદ્ધ જીતી શકયા. કવિ, કલાકાર, શિલ્પકાર ધાર્મિક શ્રદ્ધાના બળથી મહાન કૃતિઓનું સર્જન કરે છે. વિવેકશકિતના પ્રબોધન વડે ઈશ્વરવાદી બનવાથી મનુષ્ય ભાગ્યવાદી નથી બનતો. ધાર્મિક શ્રદ્ધાને કારણે મનુષ્ય નીતિનિષ્ઠ પણ બને છે. અપાર સંપત્તિનો વૈભવ જનતાને માટે અર્પણ કરનાર ધાર્મિક દાનવીરો સમાજમાં જ જોવા મળે છે. રાષ્ટ્ર પર સંકટ આવે ત્યારે સર્વસ્વનો ત્યાગ કરી જીવન સમર્પણ કરવાનું શૌર્યયુક્ત કાર્ય ધાર્મિક ભાવનાના આધાર ઉપર જ થઈ શકે છે.

વીસમી સદીના આ છેલ્લા ચરણમાં દુનિયાના અલગ અલગ અને દૂર દૂરના માનવસમાજ અને રાષ્ટ્રોનો સંબંધ નજીક આવ્યો છે અને એમાં નિરંતર હેરફેર શરૂ થઈ છે. આર્થિક અને રાજનૈતિક દૃષ્ટિથી વિશ્વનાં બધાં રાષ્ટ્રો એક બીજા ઉપર આધાર રાખનારાં બની રહ્યાં છે. હિંદુ, ખ્રિસ્તી, મુસલમાન, યહુદી બૌદ્ધ વગેરે ધાર્મિક સમાજ પોતપોતાના ધર્મગ્રંથની આજ્ઞાઓ અનુસાર જીવન વિતાવે છે પરંતુ આ પવિત્ર ધર્મગ્રંથ ઈશ્વર પ્રણીત છે એવી વ્યાપક શ્રદ્ધા જન્માવવા કોઈ યોગ્ય સમર્થ તર્ક મળતો નથી. વેદ અથવા ભગવદ્ ગીતા હિંદુઓ સુધી, બાયબલ ખ્રિસ્તીઓ અને યહુદીઓ સુધી, કુરાન મુસલમાનો સુધી જ ઈશ્વરની વાણી માનવામાં આવે છે. વિશ્વનાં બધાં રાષ્ટ્રો અને સમાજ એક સાથે સહકારપૂર્વક રહી શકે, સામાજિક સમરસતા ઉત્પન્ન થાય, માનવીય એકતાનો વિશ્વાસ આવી શકે એવી વિવેકબુદ્ધિને સ્વીકૃત નીતિધર્મનો યોગ સધાતાં, એ પછી માનવસમાજનું આ ધરતી પર જીવન સહ્ય બની શકશે. પોતાના પરંપરાગત ધર્મને, પોતાના વ્યવહાર સુધી જ સીમિત રાખીને નવા સંપૂર્ણ માનવ સમાજ માટે વ્યાપક જીવનમૂલ્યોને આત્મસાત્ કરવાની જરૂર છે. અને આજની જે માનવસંસ્કૃતિ છે, વિશેષ કરીને સભ્ય રાષ્ટ્રોની, તેનું સાંસ્કૃતિક સ્તર ધ્યાનમાં લેવાથી એકાત્મક માનવસમાજનું ભવિષ્ય સુરક્ષિત હશે એવી આશા કરી શકાય છે.

માનવ જીવશાસ્ત્રની દૃષ્ટિથી શુદ્ધ, વિવેકનિષ્ઠ અને પવિત્ર ધર્મગ્રંથની જરૂર ન હોય એવા વ્યાપક, માનવવ્યાપી પ્રેમ પર આધારિત કેવળ મિત્રતાના ધર્મ ઉપર વિશ્વાસ મૂકી શકાય. આ ધર્મની કસોટી પર પવિત્ર ધર્મગ્રંથોએ આપેલી મર્યાદાઓથી ઉપર વિવેકબુદ્ધિ પહોંચી શકે છે. હિંદુઓ અહિંદુઓને, મુસલમાનો મુસલમાનો સિવાયનાઓને, ખ્રિસ્તીઓ ખ્રિસ્તીઓ ન હોય તેવાઓને, યહુદીઓ યહુદીઓ ન હોય તેઓને અપવિત્ર સમજે છે. પરંતુ વ્યાપક માનવીમિત્રતા પર આધારિત વિવેકબુદ્ધિ આનો સ્વીકાર કરી શકતી નથી. આજે વિશ્વમાં શાંતિ, સહકાર અને સમૃદ્ધિના માર્ગ પર સ્થિર રહેવું હોય તો ઉપર ઉલ્લેખેલ પક્ષપાત અથવા ભેદભાવ બરાબર નથી. આ પ્રકારનો દૃષ્ટિકોણ તૈયાર થાય તેની જરૂર છે. અને આ દૃષ્ટિકોણને પોષક, મનુષ્ય પાસે પ્રાકૃતિક રૂપમાં રહેલી કેવળ વ્યાપક પ્રેમ ભાવના મદદ કરી શકે છે. બીજી વાત એ છે કે સ્વાર્થને બદલે પરોપકાર વડે માનવીવ્યવહાર સર્વમાન્ય થઈ શકે છે. જાતિભેદ, ધર્મભેદ અને રાષ્ટ્રભેદને કૂદી જનારી વૈદકસંસ્થા સુસંસ્કૃત અથવા અસંસ્કૃત બધા પ્રકારના માણસોનો સ્વીકાર કરે છે. દુનિયાના દુકાળગ્રસ્ત કોઈ પણ રાષ્ટ્રને મદદ કરનાર રાષ્ટ્ર પ્રશંસાને લાયક છે. મોટા મોટા યશસ્વી પોતાનો અથવા સાર્વજનિક વ્યવસાય કરનારાઓને આંતરરાષ્ટ્રીય મદદ આપનારી નાણાસંસ્થા તથા બેંકોના કાર્યની આજના માનવ સમાજને અનિવાર્ય જરૂર પ્રતીત થાય છે. વિશ્વના બધા વિદ્યાર્થીઓને, જ્ઞાન અને શિક્ષણ આપનારી સંસ્થાઓ, આજની માનવસંસ્કૃતિનું સંવર્ધન કરનારાં કેન્દ્રો માનવામાં આવે છે. સારાંશ એ છે કે પરંપરાગત અને સંકુચિત ધર્મગ્રંથોથી નિયંત્રિત વ્યવહાર કરનારી સંસ્થાઓ કરતાં સંપૂર્ણ માનવજાતિને ઉપકારક વ્યવહાર કરનારી સંસ્થાઓ અને પદ્ધતિઓ સર્વમાન્ય થઈ રહી છે. પવિત્ર ધર્મગ્રંથના શબ્દપ્રામાણ્ય ને બદલે વિવેકબુદ્ધિ દ્વારા પરલોક, ઈશ્વર, અમરત્વ વગેરે અલૌકિક મૂલ્યો તરફ પીઠ કરનારા ઇહવાદી નૈતિક દર્શનને આજના વિશ્વની શિક્ષણવ્યવસ્થામાં આગળ સ્થાન

અર્થાત

આપવું ખૂબ જરૂરી છે અને એમ જ થઈ રહ્યું છે.

પરંપરાગત ધાર્મિક સિદ્ધાંતોની સમીક્ષા પણ નિરંતર કરતા રહેવાનું માનવ હિતની દૃષ્ટિથી જરૂરી છે. હિંદુ ધર્મમાં ઊંચ-નીચ વાળી વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતાની પદ્ધતિ એ અનિષ્ટ વાતો છે. આ દૃષ્ટિએ હિંદુઓએ સ્વધર્મ સુધારણાનો પ્રયત્ન જોરમાં કર્યો છે. ઉદાહરણ માટે મહાત્મા ગાંધીએ 'અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે' એવા ધૈર્યપૂર્વક કરેલા ઉચ્ચારણને લઈ શકાય. આનાથી હિંદુ સમાજ માનવવ્યાપી સમતાના તત્ત્વને અપનાવવામાં એક ડગલું આગળ વધ્યો છે. હિંદુઓના ઉચ્ચ મોક્ષશાસ્ત્ર અનુસાર અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય—આ મૂલ્યોને આચારમાં મૂકનાર દરેક વ્યક્તિ પછી ભલે તે ગમે તે ધર્મની હોય તેને શ્રેષ્ઠ માનવામાં આવે છે. તે વ્યક્તિ હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અથવા અન્ય કોઈ ધર્મની હોય તો પણ તે પવિત્ર અને વંદનીય હોય છે. આ વિચારને હિંદુ સંતોએ છેલ્લાં અનેક સહસ્ર વર્ષોથી સ્વીકાર્યો છે અને તે વિશ્વની માનવી સમતાને માટે પોષક છે. વિશ્વનાં ઉચ્ચ માનવીય મૂલ્યની દૃષ્ટિથી બૌદ્ધ ધર્મે અઢી હજાર વર્ષ પૂર્વે પ્રગતિનું કદમ ઉઠાવ્યું હતું કે વિવેકબુદ્ધિનું પ્રામાણ્ય ધર્મગ્રંથ કરતાં ચઢિયાતું છે. ભગવાન બુદ્ધે આ વાતને ખૂબ કુશળતાપૂર્વક સ્પષ્ટ કરી છે.

ભગવાન બુદ્ધ ધર્મસાક્ષાત્કાર પછી ચાલીસ વર્ષોથી વધારે સમય સુધી અનેક દેશોમાં ફરીને ધર્મ પ્રચાર કરી રહ્યા હતા. તેઓ ધર્મપ્રચાર માટે કોશલ દેશમાં ફરતા હતા ત્યારે એક વાર કાલામ નામના ક્ષત્રિયોના ગામમાં આવ્યા. ભગવાનના આગમનની વાત સાંભળીને કાલામોનો મોટો સમુદાય તેમના દર્શન માટે ગયો. કાલામોમાંથી સારી જાણકારી ધરાવતા લોકો ભગવાનને અનેક પ્રશ્નો પૂછી પોતાની શંકા દૂર કરવા લાગ્યા. તેઓએ એક મહત્ત્વપૂર્ણ સવાલ પૂછ્યો: 'ભગવાન, અમારા ગામમાં અનેક શ્રમણ બ્રાહ્મણો આવતા રહે છે. તેઓ પોતપોતાના મતની પ્રશંસા કરે છે અને બીજાના મતની નિંદા કરે છે. એ સમયે આ આશંકા જન્મે છે કે આ બધામાં કોનો મત સત્ય છે? અને કોનો અસત્ય છે? આ શ્રમણ બ્રાહ્મણોમાં સત્યવાદી કોણ? અસત્યવાદી કોણ?' આનો બુદ્ધ ગુરુએ ઉત્તર આપ્યો, 'અહો કાલામ, હું જે કહેવાનો છું તે પરંપરાથી સાંભળતા આવ્યા છો તેથી સત્ય ન માનશો. આપણી એવી પૂર્વપરંપરા છે તેથી સત્ય ન માનશો. આ તમારા પવિત્ર ગ્રંથમાં છે તેથી સત્ય ન માનશો. એને અનુમાનથી સિદ્ધ કરી શકાય છે તેથી સત્ય ન માનશો. એ સુંદર દેખાય છે અથવા શ્રદ્ધા સાથે મેળ ધરાવે છે તેથી એના ઉપર વિશ્વાસ ન કરશો. એ જતાવનાર પ્રસિદ્ધ શ્રમણ છે અથવા પોતાના પૂજ્ય છે તેથી પણ તેના કથન પર વિશ્વાસ ન કરશો. જ્યારે તમારી જ વિવેકબુદ્ધિથી મારા ઉપદેશ તમને સત્ય લાગે તો જ તેનો સ્વીકાર કરો. મનુષ્યના અંતઃકરણ ઉપર જ્યારે લોભનો, મોહનો, અથવા દ્વેષનો પ્રભાવ હોય છે ત્યારે આત્મહિત અથવા પરહિત સમજવું શું શક્ય છે?' કાલામોએ ઉત્તર આપ્યો, 'નહિ.' બુદ્ધ ગુરુએ આગળ કહ્યું, 'અહો કાલામ, હવે હું તમને પૂછું છું કે મનુષ્યનું અંતઃકરણ પરોપકાર બુદ્ધિથી ભરેલું હોય, મૈત્રીથી અને વિચારોથી ઉત્સાહિત થયું હોય ત્યારે તેનાથી હિત જ થશે, અહિત નહિ થાય. અહો કાલામ, જેનું અંતઃકરણ લોભ વડે છવાયું નહિ હોય તે મનુષ્ય હત્યા નહિ કરે, ચોરી નહિ કરે, વ્યભિચાર નહિ કરે, અસત્ય નહિ બોલે અને આવાં પાપો કરવા માટે બીજાઓને ઉત્તેજિત નહિ કરે. લોભ, દ્વેષ અને મોહ પાપનાં મૂળ છે. આ ત્રણે પાપ આત્મઘાત અને પરઘાતને કારણે થાય છે. આ પાપોને કારણે જ વિશ્વનું દુઃખ વધે છે. લોભ, દ્વેષ અને મોહથી મુક્ત વિશ્વમાં શાંતિ સુખની અભિવૃદ્ધિ થાય છે. આનો તમારી બુદ્ધિ અવશ્ય સ્વીકાર કરશે. આથી એવો પ્રયત્ન કરો કે મનની શુદ્ધિ પૂર્ણતાને પ્રાપ્ત કરે. અહો કાલામ, જે આર્ય શ્રમણના મનમાંથી લોભ, દ્વેષ અને મોહ એ ત્રણે મનોવૃત્તિઓ નષ્ટ થઈ હોય એ ચારે દિશાઓના પ્રાણીમાત્ર સાથે મૈત્રીભાવના રાખવામાં

સમર્થ થશે. પોતાના પવિત્ર ચિત્તથી પ્રાણીઓને તે પ્રેમ કરશે. કરુણા, મુદિતા અને ઉપેક્ષાનો એને સહજ લાભ થાય છે. અહો કાલામ, સર્વવ્યાપી મિત્રતા, સર્વત્ર કરુણા, બધાના સુખ માટે મુદિતા (આનંદ) અને બીજાનાં પાપો માટે ઉપેક્ષા આ ચારે ભાવનાઓના સહારે મનં બધા પ્રકારની શત્રુતામાંથી મુક્ત થાય છે, ધૈર્ય જન્મે છે. જો પરલોક હોય તો મારાં આ સુકર્મોને કારણે મને સુગતિ જ મળવી જોઈએ, પરલોક ન હોય તો આ વિશ્વમાં એ દ્વારા હું ખૂબ આનંદથી રહુ. જો એ સિદ્ધાંત સાચો હોય કે પાપી મનુષ્યે પાપ માટે સજા ભોગવવી પડે છે તો મારે સજા નહિ ભોગવવી પડે. જો પોતાના પાપનું ફળ પોતાને ન મળતાં, તે બીજા કોઈએ ભોગવવું પડતું હોય, અને જો એ સિદ્ધાંત સાચો હોય તો મારા સદાચરણથી મારું જ નહિ અન્ય જનોનું પણ કલ્યાણ કરું છું.'

ભગવાન બુદ્ધે કાલામોને જે ઉપદેશ આપ્યો તે નૈતિક મૂલ્યોનું ઉત્કૃષ્ટ સમર્થન કરે છે. આવું કવચિત જ અન્યત્ર વાંચવા મળે છે.

પ્રત્યેક ધર્મમાં કેટલાક કર્મકાંડો હોય છે, કેટલાક આચારધર્મો હોય છે. પ્રત્યેક ધર્મના કર્મકાંડ અલગ હોય છે. મુસલમાન મક્કા તરફ મોં કરી, ઘૂંટણો ટેકવી પાંચ વાર પ્રાર્થના કરે છે. ખ્રિસ્તીઓ, યહુદીઓ અને મુસલમાનો અઠવાડિયામાં એક દિવસ રજાનો મનાવે છે. હિંદુ દિવસમાં પાંચ પ્રાર્થના નથી કરતો અથવા અઠવાડિયામાં એક દિવસ રજાનો નથી રાખતો. હિંદુઓ અને ખ્રિસ્તીઓને મક્કા તરફ મોં કરી પ્રાર્થના શા માટે કરવામાં આવે છે તેનો યોગ્ય ઉત્તર મળતો નથી. અઠવાડિયામાં એક દિવસ રજાનો ન લીધો તો પાપ લાગે છે એ કલ્પનાનો હિંદુઓ સ્વીકાર કરે એ જરૂરી નથી. પરંતુ અઠવાડિયામાં એક દિવસ રજા લેવાનું ઉચિત હશે અને અસંગત નહિ હોય. મુસલમાનો અને હિંદુઓ દેવોને પ્રાણીઓનું બલિદાન ચઢાવે છે. આ કર્મ ખ્રિસ્તીઓ અને ભાગવતધર્મી હિંદુઓ અપવિત્ર માને છે અને તે યોગ્ય પણ છે. આ વાત આજના સુસંસ્કૃત, વિવેકી મનુષ્યને માટે સમજવા યોગ્ય છે.

ભગવાન બુદ્ધે કર્મકાંડ, યજ્ઞયાગ, અથવા ધર્માચારને બદલે, સ્તોત્ર; પૂજા, તીર્થયાત્રા વગેરેને બદલે, અવલોકન કરીને કામવિકાર, દ્વેષ બુદ્ધિ, આળસ, અસ્વસ્થતા અને સંશય એ પાંચ જ્ઞાનનાં આવરણોને નષ્ટ કરવા એ જ વાસ્તવ ધર્મ છે એમ કહ્યું છે. બીજાની હત્યા, ચોરીનું કામ, વ્યભિચાર, ખોટું બોલવું, ગાળ આપવી, વૃથા લોભ, પર ધનનો લોભ એમાંથી છૂટવાની બાબતને મહત્ત્વ આપ્યું છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞા જેને કારણે વિકસિત થાય છે તે જ ધર્મ અને આનો હ્રાસ જેને કારણે થાય છે તે અધર્મ છે. આ પ્રકારનો સૂત્રરૂપ મૂળ સિદ્ધાંત ભગવાન બુદ્ધે વારંવાર બતાવ્યો છે.

પરંપરાગત હિંદુ ધર્મમાં ભગવાન બુદ્ધનો જન્મ થયો પરંતુ યજ્ઞસંસ્થા અને જન્મજાત ચતુર્વર્ણ ઉપર ભગવાન બુદ્ધે આક્રમણ કર્યું. આ આક્રમણ વાસ્તવમાં ઉત્કૃષ્ટ પ્રકારનો તર્ક જ છે. ભગવાન બુદ્ધના ધર્મનો ભારતમાં અને ભારતની બહાર જે પ્રચાર થયો તેમાં પ્રચારક ભિક્ષુઓનું સદાચરણ તથા બુદ્ધિપ્રામાણ્યવાદ ધર્મપ્રચારનાં આ બે સાધનો પ્રભાવક પુરવાર થયાં. ઈસ્લામે તર્કની સાથે શસ્ત્રનો પણ ધર્મપ્રચાર માટે ઉપયોગ કર્યો. ખ્રિસ્તી ધર્મ મૂળભૂત રીતે નીતિપ્રધાન ધર્મ, અહિંસાપ્રધાન ધર્મ છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે ખ્રિસ્તી ધર્મમાં પણ હિંસાનો મોટી માત્રામાં પ્રયોગ થયો છે. જન્મસિદ્ધ ચતુર્વર્ણ ઉપર ભગવાનના બુદ્ધે વૈચારિક આક્રમણ કર્યું ત્યારે એક પ્રકારે સમાજના પ્રતિષ્ઠા, માન, માન્યતા અને અધિકાર ધરાવનાર વર્ગ પર જ આક્રમણ કર્યું. પરંતુ પ્રબળ નૈતિક પ્રેરણાઓને યશ મળ્યો. મનુષ્યના જાતિભેદ પ્રાકૃતિક નથી. મનુષ્ય જન્મથી શ્રેષ્ઠ નથી હોતો, કર્મથી શ્રેષ્ઠ હોય છે. આ વિચાર એ સમયની સમાજરચનાને પ્રબળ આંચકો આપનારો હતો. યજ્ઞસંસ્થાના યોગ વડે સમાજના સત્તાધારી અને ધનિક

અર્થાત્

વર્ગની પ્રતિષ્ઠા વધી જતી હતી. હિન્દુસ્તાનના મુસલમાનો પહેલાંની રાજનીતિના ઇતિહાસ પર નજર નાખવામાં આવે તો એમાં જોવા મળે છે કે અનેક રાજાઓ અને સમ્રાટોએ રાજસૂય, અશ્વમેધ વગેરે મહાન યજ્ઞસમારંભો દ્વારા પોતાની સત્તાની પકડને દૃઢ બનાવી હતી. ભગવાન બુદ્ધ પછી અનેક સદીઓ સુધી યજ્ઞસંસ્થાનો પ્રભાવ હિંદુ સમાજ પર હતો. તે ધીમે ધીમે ક્ષીણ થતો ગયો. હિંદુ ધર્મ ઉપર ભગવાન બુદ્ધની નૈતિક વિચારધારાની દૂરગામી અસર પડેલી દેખાય છે. ભગવદ્ ગીતા દ્વારા તથા મહાભારતના શાંતિપર્વ દ્વારા ધ્યાનમાં આવે છે કે હિંદુ ધર્મમાં મૌલિક ધર્મમંથન શરૂ થયું હતું. ભગવદ્ ગીતાની દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ એ માનવી આચારનું વિભાજન નૈતિક વિવેકબુદ્ધિની કસોટી પર જ થયેલું જણાય છે. મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિનું દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ એવી રીતે પ્રગટીકરણ થતું હોય છે. અભય, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાનનિષ્ઠા, યોગયુક્તતા, દાન, દમ, યજ્ઞ, અધ્યયન, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, પારકાના દોષની ઉપેક્ષા, પ્રાણી માત્ર માટે દયા, ઇંદ્રિય સંયમ, મૃદુતા, લજ્જા, અચંચળતા, તેજ, ક્ષમા, ધૃતિ, શુચિતા, અદ્રોહ, અતિ માનનો અભાવ દૈવી સંપત્તિ છે. આનાથી વિપરીત આસુરી સંપત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. ધાર્મિકતાના બણગા અર્થાત્ દંભ, ગર્વ, અતિમાન, ક્રોધ, કઠોરતા, અને અજ્ઞાન આસુરી સંપત્તિ છે. દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિના ભગવદ્ગીતાએ બતાવેલા ભેદ અને તેનું વિવરણ ઉચ્ચ સ્થિતિના નૈતિક જીવન ઉપર ઉત્કૃષ્ટ પ્રકાશ નાખી શકે છે.

ભગવદ્ગીતા ઉપર બૌદ્ધ ધર્મનો ખૂબ જ ગંભીર પ્રભાવ સ્થિતપ્રજ્ઞના વિવરણ દ્વારા ધ્યાનમાં આવે છે. આ સ્થિતપ્રજ્ઞના વિવરણમાં ભક્તિયોગ, કર્મયોગ અથવા જ્ઞાનયોગનું વિવરણ મુખ્ય નથી પણ નિર્વિકાર અને શુદ્ધ ચિત્ત જ સ્થિતપ્રજ્ઞ અવસ્થા છે એ મૂળ વિચાર જ ભગવદ્ગીતામાં સ્વીકારાયો છે. આ સ્થિતિને બ્રહ્મસ્થિતિ અથવા બ્રહ્મનિર્વાણનું નામ અપાયું છે. આ એક પ્રકારના ઉપનિષદના વેદાંત અને ભગવાન બુદ્ધના નિર્વાણ સિદ્ધાંતનો સમન્વય છે.

વિવેકબુદ્ધિ અને આજની વ્યાપક નવી માનવ સંસ્કૃતિને માટે સંપૂર્ણ માનવની સમતા અને એકતા સર્જનાર નીતિધર્મનો આધાર રચાય એ જરૂરી છે અને તે જ વિશ્વની ન્યાયસંસ્થાના આધાર તરીકે સ્વીકૃત થાય તે પણ જરૂરી છે.

(અનુ. : શાંતિલાલ મેરાઈ)

❁ ❁ ❁

મધ્યાહ્ન ભોજન યોજના—એક કલ્યાણકારી યોજનાનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

કિરણ | સત્યકામ

પ્રસ્તાવના : કલ્યાણકારી યોજના અને માર્ક્સવાદી વિચારધારા

કોઈ પણ રાજ્ય દ્વારા સમાજનાં વિવિધ જૂથોના 'લાભ' માટે નિર્માણ અને અમલીકરણ પામતી યોજનાઓની વિભિન્ન સામાજિક-રાજકીય ભૂમિકા અંગે સમાજશાસ્ત્રીઓ દ્વારા એકથી વધુ રીતે અર્થઘટન થવા પામ્યું છે; જેમાં વિશેષરૂપે માર્ક્સવાદી વિચારધારાને વરેલા વિચારકોનું દૃષ્ટિબિંદુ ઉલ્લેખનીય છે. આ વિચારકો મૂડીવાદી કે છદ્મ (Pseudo) મૂડીવાદી લેખી શકાય એવી ભારત જેવી મિશ્ર અર્થવ્યવસ્થામાં કલ્યાણકારી યોજનાને યથાપૂર્વ સ્થિતિ (status quo) ટકાવી રાખવા માટેના રાજ્યના એક પ્રબળ શસ્ત્ર તરીકે મૂલવે છે; જેની સમજૂતી આપતાં મુખ્યત્વે બે કારણો તેઓ દર્શાવે છે.

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં શોષણનો ભોગ બનતા શ્રમજીવી તથા અન્ય દલિત સમૂહની સ્થિતિ અસહ્ય બની જાય તો બળવા કે ક્રાંતિ દ્વારા વ્યવસ્થામાં પરિવર્તન આવી શકે તેનો ખ્યાલ મૂડીવાદીઓ તથા રાજ્યને હોય છે. વળી, જો આ નિમ્ન વર્ગનું એકાંગી શોષણ થતું રહે તો ગરીબીને કારણે તેમની ખરીદશક્તિ પણ ઘટે અને આ જ વર્ગ ગ્રાહકો પૈકીનો એક ગણનાપાત્ર સમૂહ હોઈ; આમ બને તો મૂડીવાદી ઉત્પાદકોનું ઉત્પાદન બજાર ભયમાં આવી પડી શકે અને પરિણામસ્વરૂપ અર્થતંત્ર પર કટોકટી તોળાય તો રાજ્યની સ્થિરતા પણ જોખમાય. ઉપરોક્ત પરિસ્થિતિ ન સર્જાય તે માટે સર્વિત રાજ્ય શ્રમજીવી સમૂહ માટે લાભકારક કાયદાઓ જેવા કે ફેક્ટરી એક્ટ વગેરે તથા કલ્યાણકારી યોજનાઓ જેવી રક્ષણયુક્તિઓને (protective mechanisms) પ્રયોજે છે; એવી માર્ક્સવાદી વિચારકોની દલીલ છે.

આઝાદી બાદ સ્વતંત્ર ભારતની સરકારે અપનાવેલ વિકાસ નીતિ અને તદનુસાર ઘડાતી વિકાસ યોજનાઓનું અર્થઘટન કરતાં માર્ક્સવાદી સમાજશાસ્ત્રી એ. આર. દેસાઈ માને છે કે સત્તાના દમનકારી ઉપયોગ તથા નિમ્ન વર્ગ માટેની સાતત્યવિહીન તથા કઢંગી વિકાસકારી યોજનાઓ દ્વારા રાજ્ય પોતાની મૂડીવાદી તરાહના વિકાસપથની નીતિને જ અનુસરે છે અને તેમાં તેની વર્ગ લાક્ષણિકતા (class character) છતી થાય છે. આવી યોજનાઓમાં રાજ્યનો ઉદ્દેશ ઉમદા અને પ્રમાણિક હોય છે પરંતુ 'રાજકીય ઇચ્છાશક્તિ (political will)'ના અભાવે યોજના હેતુ સર કરવામાં નિષ્ફળ જાય છે એવી કેટલાક ઉદારમતવાદી વિચારકોની દલીલ છે. એ. આર. દેસાઈ આ દલીલનો છેદ ઉડાડે છે. માર્ક્સવાદી વિચારકોના આ દૃષ્ટિબિંદુ સાથે સૈદ્ધાંતિક રીતે અમે મહદંશે સંમત છીએ. અમે સમાજ પરિવર્તન (મૂડીવાદી વ્યવસ્થાથી સમાજવાદી વ્યવસ્થા તરફના)ના પણ હિમાયતી છીએ જ. પરંતુ અમારા મતે, આવી કોઈ પણ વિકાસકીય યોજનાઓની સામાજિક-રાજકીય અસર વિશે વિશ્લેષણ થાય ત્યારે તેનું અતિસરળપણે અને સુરેખિત ઢબે આલેખન ન થઈ શકે. અમારી આ દલીલ વિશેષરૂપે ભારતીય સંદર્ભમાં છે. અમારા મતે, ભારતમાં મૂડીવાદ પૂર્ણપણે વિકસ્યો નથી, તો, દલિત, પીડિત વર્ગ પણ નિરક્ષરતા, ભૂખમરાની સ્થિતિમાં અસ્તિત્વ ટકાવવા હવાતિયાં

મારી રહ્યો છે. આવા સંજોગોમાં બહુસંખ્ય લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થાનો ખ્યાલ જ દૂરગામી તથા અજાણ્યો છે. આમ, તદ્કાલીન રાજ્યકર્તાઓ તથા તેના ટેકેદાર ઝુઝર્વા વર્ગ માટે વ્યવસ્થા-પરિવર્તનની કોઈ અસલામતી નથી. આમ છતાં, લોકશાહી વ્યવસ્થામાં સમાન મતાધિકારને કારણે નિમ્ન વર્ગની વ્યક્તિઓનું પણ 'મતદાતા' તરીકે અનેરું મહત્ત્વ દરેક રાજકીય પક્ષ સમજે છે અને મુખ્યત્વે 'વોટ-બેન્ક' સુરક્ષિત કરવાની નેમથી જ આવી વિકાસકીય યોજનાઓને અમલમાં મૂકે છે. જો કે અમે પણ અતિસરળ વિશ્લેષણને ટાળવા માંગીએ છીએ.

અમારો રસ આવી યોજનાઓની સામાજિક-રાજકીય અસરમાં વિશેષ છે; અને તે અંગેનું અમારું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અમે ગુજરાત રાજ્યમાં અમલમાં મુકાયેલ મધ્યાહ્ન ભોજન યોજનાના કિસ્સા દ્વારા દર્શાવીશું.

મધ્યાહ્ન ભોજન યોજના : એક પરિચય

૧૯ મી નવેમ્બર, ૧૯૮૪ના દિને એટલે કે સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીના જન્મદિને, ગુજરાત સરકારે રાજ્યના ૬૮ તાલુકાઓનાં તમામ ગામોમાં મધ્યાહ્ન ભોજન યોજના (હવે પછી મભોયો) દાખલ કરી. ડિસેમ્બર ૧૯૮૪ બાદ, તમામ શહેરો તથા નગરો સહિત, ગુજરાતના તમામ તાલુકાઓને યોજના હેઠળ આવરી લેવાયા. યોજના ૬ થી ૧૧ વર્ષની વયજૂથના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકોના લાભાર્થી સમૂહ માટે અમલમાં મુકાઈ છે.

મભોયોને દાખલ કરવા પાછળનો પ્રમુખ ઉદ્ઘોષિત હેતુ સાક્ષરતાનું પ્રમાણ વધારવાનો છે. આનો સંદર્ભ રાજ્યની સાતમી પંચવર્ષીય યોજના (૧૯૮૬)ના મુસદ્દામાં સાંપડે છે :

'શારીરિક વિકાસના ઇચ્છનીય જીવનક્રમ પર પહોંચવા માટે ગુજરાતે ઘણો લાંબો રસ્તો કાપવો પડશે, પરંતુ તે પહેલાં તો બીજાં રાજ્યોની તુલનામાં પણ ગુજરાતે તેઓની સાથે આ બાબતે ખભેખભાં મિલાવવાં પડશે. પોષણયુક્ત શારીરિક વિકાસ કરવા માટે, દેશનો વિકાસ કરવા માટેની જેમાં શક્તિ પડી છે, એવાં બાળકોની સાક્ષરતા, તંદુરસ્તી તેમ જ જીવનદરવૃદ્ધિમાં વધારો કરવો એ અત્યંત મહત્ત્વની બાબત છે. આ સંદર્ભમાં, શાળાએ જતાં બાળકો માટેની પોષણયુક્ત આહાર યોજના હાલની જરૂરિયાતને લક્ષમાં લેતાં ખૂબ જ મહત્ત્વની પુરવાર થશે.'

યોજના દાખલ કરવા પાછળ ગુજરાત સરકારે નિરક્ષરતા નિવારણ ઉપરાંત નીચે મુજબના ઉદ્દેશો પણ દર્શાવ્યા છે :

- ગરીબી દૂર કરવી.
- બાળકોનું સ્વાસ્થ્ય સુધારવું.
- બેરોજગારીની સમસ્યા હળવી કરવી.
- રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવી.

બાળકોને દરરોજ અપાતાં મધ્યાહ્ન ભોજનમાં એક ભાણા દીઠ નિયત સરેરાશ કાચા માલની વપરાશ નીચે મુજબ છે :

ઘઉં	૫૦ ગ્રામ
ચોખા	૩૦ ગ્રામ
દાળ	૨૦ ગ્રામ
તેલ	૦૭ ગ્રામ
શાકભાજી	૫૦ ગ્રામ
કુલ	૧૫૭ ગ્રામ

આ માટેનો, બાળકદીઠ રોજિંદો ખર્ચ જોઈએ તો,

ખોરાક (અનાજ, તેલ, મસાલા અને શાકભાજી સાથે)	૭૦ પૈસા
બળતણ	૧૦ પૈસા
વહીવટી તથા અન્ય પરચૂરણ ખર્ચ	૨૦ પૈસા
કુલ	૧૦૦ પૈસા

આમ, ગુજરાતની વસ્તીમાં પ્રાથમિક શિક્ષણને લાયક બાળકોની સંખ્યા ૫૦ લાખ હોઈ, વાર્ષિક

રૂ. ૧૧૦ કરોડનો ખર્ચ આ યોજના પાછળ સરકાર દ્વારા કરાઈ રહ્યો છે. યોજનાનું વહીવટી માળખું સંક્ષિપ્તમાં જોઈએ તો, રાજ્ય સ્તર કમિશ્નર તથા તેમની હેઠળ ત્રણ ડેપ્યુટી ડાયરેક્ટર મુખ્યપણે યોજનાનો વહીવટ સંભાળે છે. જિલ્લા સ્તરે કલેક્ટરના નિરીક્ષણ હેઠળ નાયબ કલેક્ટર (મહોયો) તથા નાયબ જિલ્લા શિક્ષણાધિકારીના શિરે યોજનાનું વહન કરવાની જવાબદારી રહે છે. તાલુકા સ્તરે આ કામ નાયબ મામલતદાર, મામલતદારના માર્ગદર્શન હેઠળ કરે છે. ગ્રામ સ્તરે જ્યાં યોજના અમલમાં મુકાય છે, વ્યવસ્થાપક, રસોઈયો તથા મદદનીશની ટુકડી શાળાના મહોયો કેન્દ્રનો વહીવટ સંભાળે છે. ગ્રામ સ્તરે આગેવાનો તથા વાલીઓની બનેલી દેખરેખ સમિતિ પણ હોય છે, કે જે માર્ગદર્શન તથા દેખરેખનું સ્વૈચ્છિક કાર્ય કરે છે.

પ્રસ્તુત લેખની પાર્શ્વભૂમિકા

મહોયોને અમલમાં મૂક્યે બે વર્ષ થયા બાદ ગુજરાત સરકારે યોજનાનું મૂલ્યાંકન કાર્ય કરવાનું ઠરાવ્યું અને આ કાર્યની જવાબદારી સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરતને સોંપાઈ. મૂલ્યાંકન કાર્ય સમાપ્ત થઈ ચૂક્યું છે અને વચગાળાના તથા આખરી અહેવાલો સરકારને સુપ્રત પણ થઈ ચૂક્યા છે. આ મૂલ્યાંકન કાર્ય માટેની ટુકડીમાં આ લેખના લેખકોનો પણ સમાવેશ થતો હતો. સ્વાભાવિક છે કે મૂલ્યાંકન કાર્ય સરકાર દ્વારા ઉદ્ઘોષિત હેતુઓને લક્ષમાં રાખીને જ કરવાનું હોય. સરકારને સુપ્રત કરાતા તેના અહેવાલમાં પણ સમાજશાસ્ત્રીએ ખૂબ નિયંત્રિત ઢબે રજૂઆત કરવાની રહે છે.

ઉપરની સ્પષ્ટતા એટલા માટે કરવાની રહે છે કે આ લેખ મૂલ્યાંકન કાર્યના ભાગરૂપ નથી અને લેખકોએ મૂલ્યાંકન કાર્ય દરમ્યાનના ક્ષેત્રકાર્યના અનુભવો પરથી સ્વતંત્રપણે તેનું આલેખન કર્યું છે. આ લેખ પરથી સેન્ટરનું યોજના પરત્વેનું દૃષ્ટિબિંદુ તારવવું પણ મિથ્યા ઠરશે એમ જણાવવું પણ અમને આવશ્યક લાગે છે. આમ છતાં, સેન્ટરના મૂલ્યાંકન કાર્ય માટે એકત્રિત માહિતી અને તે પરથી વિકસાવેલ કોઠાઓનો અત્રે વિનિયોગ થયો છે. તદુપરાંત અમે સમગ્ર ગુજરાતના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય પૃથક્કરણ રજૂ કરી રહ્યા છે. આથી, મૂલ્યાંકન કાર્ય માટે અપનાવેલ સંશોધન પદ્ધતિનું આલેખન કરવું અનિવાર્ય જણાય છે.

મૂલ્યાંકન કાર્ય માટે અમારે સમગ્ર ગુજરાતને આવરી લેવાનું હતું. અમારે કુલ ૧૮૩ તાલુકાનાં ૧૮,૧૧૪ ગામો તથા ૨૪૪ નાનાં તેમ જ મોટાં શહેરોમાંથી કોઈ ચોક્કસ પદ્ધતિ અખત્યાર કરીને નમૂનો પસંદ કરવાનો હતો. અમને આ માટે વિકાસની કક્ષા અનુસાર તાલુકાનું વિભાજન કરવાની પદ્ધતિ ઉચિત જણાઈ. કુલ ૧૧ માપદંડોને ઉપયોગમાં લઈ દરેક તાલુકાને ક્રમાંકિત (Ranking) કરાયા અને તદનુસાર આ ૧૮૩ તાલુકાઓ તથા નગરોને વિકસિત (Developed), અર્ધવિકસિત (Semidevelo-ped) તથા પછાત (Backward)માં વિભાજિત કરવામાં આવ્યા. આ ૧૧ માપદંડો ટૂંકમાં આ હતા: (૧) શહેરી વસ્તીનું પ્રમાણ (૨) ગ્રામીણ વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ (૩) દર ૧૦૦ની વસ્તી અનુસાર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનું પ્રમાણ (૪) દર ૧૦૦૦ની વસ્તી દીઠ શાળાની સંખ્યાનું પ્રમાણ (૫) સિંચિત વિસ્તારનું પ્રમાણ (૬) દર ૧૦૦૦ની વસ્તી અનુસાર ધિરાણ સહકારી મંડળીમાં સભ્યોનું પ્રમાણ (૭) પાકા રસ્તાની લંબાઈનું પ્રમાણ (કિમીમાં) (૮) વીજળીકરણ પામેલાં ગામોનું પ્રમાણ (૯) એકથી વધુ સિંચાઈની સગવડ ધરાવતા વિસ્તારનું પ્રમાણ (૧૦) દર ૧ લાખની વસ્તી દીઠ હોસ્પિટલમાં પથારીની સંખ્યા તથા (૧૧) ૧ ચો. કિ. મી. દીઠ વસ્તી ગીચતા.

આ પ્રમાણે વિભાજિત તાલુકાઓમાંથી; દરેક કક્ષાવાર ૧૫ તાલુકા યદચ્છ નિદર્શન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા. આમ, કુલ ૪૫ તાલુકાઓ મૂલ્યાંકન કાર્ય માટે ચયન પામ્યા. યદચ્છ નિદર્શન પદ્ધતિથી જ આ પસંદ પામેલ દરેક તાલુકામાંથી પાંચ ટકા ગામો પસંદ કરવામાં આવ્યાં; જેની કુલ સંખ્યા ૨૬૩ થઈ.

અર્થાત્

આ જ પદ્ધતિને અનુસરી ૨૫૫ નગરોમાંથી ૧૨ નગરો પસંદગી પામ્યાં. આ ઉપરાંત રાજ્યનાં ત્રણ મોટાં શહેરો; અમદાવાદ, સુરત તથા રાજકોટમાં પણ મૂલ્યાંકન કાર્ય થયું.

મૂલ્યાંકન કાર્ય માટે આવશ્યક માહિતી મેળવવા પ્રાથમિક તથા ગૌણ એમ બંને પ્રકારના માહિતીસ્રોતનો ઉપયોગ થયો. યોજના સંબંધિત આંકડાકીય માહિતી મહદંશે તાલુકા તથા જિલ્લા પંચાયતની કચેરીઓ પરથી મેળવાઈ. પરંતુ મૂલ્યાંકન કાર્ય મુખ્યત્વે યોજના જોડે સંબંધિત વ્યક્તિઓ જોડેની મુલાકાત-ચર્ચા દ્વારા પાર પડાયું. લાભ લેનાર તથા ન લેનાર બાળકોના વાલીઓ, શાળાના મુખ્યશિક્ષકો, ગામના આગેવાનો તથા મભોયો કેન્દ્રના વ્યવસ્થાપક, રસોઈયા તથા મદદનીશના કર્મચારીગણની પ્રત્યક્ષ મુલાકાત સંરચિત પ્રશ્નાવલિ થકી લેવાઈ. આ ઉપરાંત તાલુકા તથા જિલ્લા કક્ષાના સંબંધિત સરકારી અધિકારીઓ જેમ કે મામલતદાર, નાયબ મામલતદાર (મભોયો), કેળવણી નિરીક્ષક, શિક્ષણાધિકારી, કલેકટર, નાયબ કલેકટર (મભોયો) વગેરે જોડે પણ લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ સાથે દર્શાવેલ કોઠો નં. : ૧ પ્રશ્નાવલિ દ્વારા સંપર્ક કરાયેલ વિવિધ સંબંધિત વ્યક્તિઓ અંગે આંકડાકીય માહિતી દર્શાવે છે.

મૂલ્યાંકન કાર્યની સંશોધન પદ્ધતિ અંગે ટૂંકમાં છણાવટ કર્યા બાદ અમે લેખની ચર્ચા આગળ ધપાવીએ એ પહેલાં એક સ્પષ્ટતા કરવી આવશ્યક જણાય છે. મભોયો ૧૯૮૪ના નવેમ્બર માસમાં અમલમાં આવી અને તે પછી બે વર્ષે સરકારે સેન્ટરને મૂલ્યાંકનકાર્ય સોંપ્યું અને તે અંગેના ક્ષેત્રકાર્યને આધારે આ લેખે આકાર લીધો. સ્વાભાવિક રીતે જ કોઈપણ યોજનાના મૂલ્યાંકન કાર્ય માટે તથા તેના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે આ સમયગાળો અપૂરતો કહી શકાય. તદુપરાંત આ જ સમયગાળા દરમિયાન ગુજરાતે સામાન્ય જનવ્યવહાર પર મોટી અસર ઉપજાવનાર અનામત વિરોધી આંદોલન પણ અનુભવ્યું, કે જેના પરિણામસ્વરૂપ વિશેષરૂપે શહેરની શાળાઓ નોંધપાત્ર સમય માટે બંધ રહી હતી તથા ત્યાં યોજનાના અમલીકરણમાં વિક્ષેપ

કોઠો નં. ૧ : નમૂનાના એકમો તથા ગ્રામ શહેરી વિસ્તારવાર વિવિધ ઉત્તરદાતાઓ

વિસ્તાર	નમૂનાના એકમો			ઉત્તરદાતાઓ						
	તાલુકાઓ	ગામો/શહેરો/નગરો	મભોયો કેન્દ્રો	વાલીઓ લાભ લેતાં	વાલીઓ લાભ ન લેતાં	વ્યવસ્થાપકો	રસોઈયાઓ	મદદનીશો	મુખ્યશિક્ષકો	આગેવાનો
I ગ્રામીણ તાલુકાઓ										
૧ વિકસિત	૧૫	૬૮	૭૬	૩૭૦	૧૮૧	૭૫	૭૭	૮૫	૭૬	૨૧૭
૨ અર્ધ-વિકસિત	૧૫	૭૦	૮૪	૪૦૪	૨૧૮	૭૮	૮૧	૯૫	૮૨	૨૦૬
૩ પછાત	૧૫	૧૨૫	૧૪૦	૬૭૦	૯૧	૧૩૭	૧૪૦	૧૪૫	૧૩૭	૩૭૨
કુલ ગ્રામીણ	૪૫	૨૬૩	૩૦૦	૧૪૪૨	૪૯૦	૨૯૦	૨૯૮	૩૨૫	૨૯૫	૭૯૮
II શહેર										
૧ મોટાં શહેરો		૩	૨૭	૩૦૭	૨૫૫	૨૭	૫૬	૨૦૯	૬૪	૯૪
૨ નગરો		૧૨	૩૪	૨૨૩	૨૦૦	૩૪	૪૫	૬૫	૩૯	૯૫
કુલ શહેર		૧૫	૬૧	૫૩૦	૪૫૫	૬૧	૧૦૧	૨૭૪	૧૦૩	૧૮૯
ગુજરાત (I + II)		૨૭૮	૩૬૧	૧૯૭૨	૯૪૫	૩૫૧	૩૯૯	૫૯૯	૩૯૮	૯૮૭

પડયો હતો. વળી, આ જ વર્ષોમાં ગુજરાતનો મોટો હિસ્સો દુષ્કાળની પરિસ્થિતિનો ભોગ બન્યો, જેને કારણે પણ યોજનાનું અમલીકરણ સાતત્યપૂર્ણ ન રહ્યું હોય એમ બની શકે છે. આમ, ઉપરોક્ત મર્યાદાના પ્રમાણિક ઉલ્લેખ જરૂરી બને છે, કેમકે સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટે યોજનાનો અમલીકરણ સમય આધારપાત્ર નથી એવી દલીલ અચૂક થઈ શકે અને દલીલમાં વજૂદ પણ છે. આમ છતાં, કેટલાક સામાન્ય અવલોકનને અવકાશ છે એમ અમને લાગે છે.

પ્રસ્તાવનામાં સૂચવેલ આ લેખના ઉદ્દેશ અંગેના અછડતા ઉલ્લેખ અંગે વિગતે ચર્ચા કરતાં પહેલાં ગુજરાત રાજ્યનું પાર્શ્વદર્શન કરી લઈએ જેથી ગુજરાતના સમાજની લાક્ષણિકતાઓ અંગે પરિચય મેળવી શકાય.

ગુજરાત પાર્શ્વદર્શન

ગુજરાત રાજ્ય ૧૯૬૦માં મુંબઈ રાજ્યથી અલગ થઈને સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવ્યું. તેનું ભૌગોલિક ક્ષેત્રફળ ૧,૯૫,૯૮૬ ચો. કિ.મી. છે જે ભારતની કુલ જમીનના ૬ ટકા જેટલું છે. સામાન્ય રીતે ગુજરાત રાજ્યને ચાર વિભાગો; સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતમાં વિભાજિત કરી શકાય.

આઝાદી પૂર્વે મધ્ય તેમ જ દક્ષિણ ગુજરાતના મોટા ભાગના વિસ્તારો ગાયકવાડી રાજ્યની હકૂમત હેઠળ હતા, જ્યારે કચ્છ તથા સૌરાષ્ટ્રમાં નાનાં દેશી રજવાડાંઓનું અસ્તિત્વ હતું. સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૪૯૯ જેટલાં દેશી રજવાડાંઓની સ્વતંત્ર હકૂમત હતી, જે અત્યંત નોંધનીય છે. કેમકે મહોયોની સામાજિક-રાજકીય અસર રાજ્યમાં સમાન પ્રકારની ન રહેતાં વિભાગવાર તેમાં ભિન્નતા જણાય છે; અને તેની સમજ આપવા અંગે ઐતિહાસિક પાર્શ્વભૂમિકાની અપાર અગત્ય રહે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં યોજનાની અસરને તેના સામંતશાહી પરિપ્રેક્ષ્યમાં મૂલવી શકાય.

૧૯૮૧ના સેન્સસ મુજબ, ગુજરાતની વસ્તી ૩,૪૦,૦૦૦ છે. તેની વસ્તી અંગેની અન્ય લાક્ષણિકતાઓ જોઈએ તો, ૧૯૭૧-૮૧ દરમિયાન વસ્તીવૃદ્ધિનો દર ૨૮ ટકા હતો, જે ૧૯૬૧-૭૧ના દર (૨૯ ટકા) થી સ્હેજ નીચો હતો. વસ્તીની દૃષ્ટિએ અમદાવાદ રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે, જ્યારે ડાંગ સૌથી ઓછી વસ્તી ધરાવે છે. વયજૂથ વાર વસ્તી જોઈએ તો, એક ચતુર્થાંશથી પણ વધુ વસ્તી ૬ થી ૧૪ વર્ષનાં બાળકોની છે.

ધર્મ અને જ્ઞાતિગત વિવિધતાની દૃષ્ટિએ જોતાં, ગુજરાતમાં ૬ ટકા વસ્તી મુસ્લિમોની છે. અનુસૂચિત જ્ઞાતિ અને જનજાતિનું પ્રમાણ અનુક્રમે ૭ અને ૧૪ ટકા છે; આમ કુલ ૨૧ ટકા વસ્તી અનુસૂચિત જનસમૂહની છે. જિલ્લાવાર આ 'પછાત' સમૂહોની વસ્તીની તુલના કરીએ તો, અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર તથા કચ્છમાં અનુસૂચિત જ્ઞાતિઓનું પ્રમાણ અન્ય શેષ જિલ્લાઓની સરખામણીમાં વધુ છે, જ્યારે અનુસૂચિત જનજાતિની વસ્તી પંચમહાલ તથા દક્ષિણ ગુજરાતના ચાર જિલ્લાઓમાં વધુ જણાય છે. આ બે સમૂહો ઉપરાંત ગુજરાત ખાતે 'અન્ય પછાત જ્ઞાતિઓ'; જેવી કે કોળી, ભોઈ, માછી વગેરેનું પણ કુલ ૩૧ ટકા જેટલું મોટું પ્રમાણ છે. આમ, રાજ્યની કુલ વસ્તીનાં પચાસ ટકાથી વધુ વસ્તી 'પછાત સમૂહ'ના બનેલા સમુદાયની છે. વસ્તીના ઉપલા સ્તરના સમૂહોનું પ્રમાણ જોઈએ તો, પાટીદારનું પ્રમાણ કે જેમની વસ્તી બહુધા ગ્રામીણ વિસ્તારમાં છે, કુલ વસ્તીના ૧૨ ટકા જેટલું છે. લગભગ આટલું જ પ્રમાણ, બ્રાહ્મણ, વાણિયા તથા રજપૂતોના કુલ સમૂહનું છે.

તામિલનાડુ અને મહારાષ્ટ્ર પછી ગુજરાત ભારતનું ત્રીજા નંબરનું શહેરીકરણ ધરાવતું રાજ્ય છે. ગુજરાતની ૩૧ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે, જે ભારતના આનુષંગિક પ્રમાણથી વધુ છે (૨૩.૭ ટકા). ગુજરાતમાં કુલ ૧૮,૧૧૪ ગામો આવેલાં છે. પ્રત્યેક ગામડાની સરેરાશ વસ્તી ૧૨૬૯ છે. નાની

અર્થાત

વસ્તી સંખ્યા ધરાવતાં ગામડાંઓ પછાત વિસ્તારોમાં આવેલાં છે.

વ્યવસાયની દૃષ્ટિએ જોતાં, ગુજરાતની ૬૦ ટકા વસ્તી ખેતી તેમ જ ખેતમજૂરીના વ્યવસાયમાં રોકાયેલી છે, જ્યારે ૪૦ ટકા વસ્તી ગૃહઉદ્યોગો તથા નાના-મોટા ઉત્પાદિત ઉદ્યોગોમાં રોકાયેલ છે.

જમીન વહેંચણીની દૃષ્ટિએ જોતાં, ૪૪ ટકા વસ્તી પાસે ૨ હેક્ટરથી ઓછી જમીન છે. આ ૪૪ ટકા પાસે કુલ ખેતીલાયક જમીનના ૧૧ ટકા જમીન છે. જ્યારે બીજી તરફ, ૧૦ હેક્ટરથી વધુ જમીન ધરાવતી ૧૭ ટકા વસ્તી પાસે કુલ ખેતીલાયક જમીનના ૨૯ ટકા જેટલી જમીન છે. જ્ઞાતિગત વ્યવસાય જોઈએ તો, પાટીદાર, બ્રાહ્મણ, રાજપૂત, કોળી તેમ જ અનુસૂચિત જનજાતિ મહદંશે ખેતી કરે છે.

ગુજરાત એ ભારતનું એક વિકસિત રાજ્ય છે. ૧૯૭૯–૮૦ના આંકડા મુજબ, રાજ્યની માથાદીઠ આવક રૂ. ૧૬,૨૩ છે, જે ભારતના તદનુરૂપ આંકડાથી વધુ છે (રૂ. ૧,૨૬૭). ઔદ્યોગિક રીતે પણ ગુજરાત દેશમાં મોભાનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં કુલ ૧૧,૨૦૮ જેટલાં કારખાનાંઓ છે, જે દેશનાં કુલ કારખાનાંના ૧૧ ટકા જેટલા થાય છે.

ગુજરાતની ખેતી પણ પ્રગતિશીલ છે. રાજ્યની કુલ જમીનના ૧૮ ટકાને સિંચાઈની સગવડ પ્રાપ્ત છે. તદુપરાંત ખેતીકામનાં આધુનિક સાધનો જેવાં કે ટ્રેક્ટર, ઈલે. મોટર વગેરેની સંખ્યામાં ૧૯૫૧–૫૨ની તુલનામાં પાંચ ગણી વૃદ્ધિ થયેલી જણાય છે, આના પરિણામે રાજ્યના અનાજ ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયેલો જણાય છે. ૧૯૬૦–૬૧થી ૧૯૭૧–૮૩ સુધીમાં રાજ્યના વિકાસદરમાં ૩.૩ ટકાનો વધારો થયેલો જણાય છે. આમ છતાં, રાજ્યની ૪૪ ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે.

ગુજરાતની શિક્ષણ સવલતોમાં નોંધપાત્ર સુધારો જણાય છે. રાજ્યનો સાક્ષરતા આંક ૪૪ ટકા છે. રાજ્ય ખાતે પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૭,૦૦૦ જેટલી છે. આમ છતાં, એમ ચોક્કસપણે કહી શકાય કે શિક્ષણનો લાભ બહુધા બ્રાહ્મણ, વાણિયા, રાજપૂત તથા પાટીદાર જેવી ઉચ્ચ કોમોએ વધુ લીધો છે. જ્યારે તેનો લાભ અનુસૂચિત જ્ઞાતિ, જનજાતિ, અન્ય પછાત કોમો તથા લઘુમતીઓ સુધી ખૂબ અલ્પ પ્રમાણમાં પહોંચી શક્યો છે.

યોજનાની સામાજિક-રાજકીય અસર—એક સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

કોઈ પણ યોજનાના મુસદ્દામાં અત્યંત ઉદાત્ત ધ્યેયો તથા મહત્ત્વાકાંક્ષી મનસૂબાઓની ઘોષણા હોય છે. તેના પ્રકટ તથા અપ્રકટ ઈરાદાઓએ સમાજશાસ્ત્રીઓ તથા કર્મશીલોમાં ઘણી ચર્ચા પ્રગટાવી છે. મધ્યાહ્ન ભોજન યોજના પણ ન્યાય તથા સમાનતાના આધાર પર રચાયેલી સમાજવ્યવસ્થાના બંધારણમાં ઉદ્ઘોષિત ધ્યેયને પાર પાડવાની દિશાનું રાજ્યનું કામ પહેલી નજરે જણાય છે (જુઓ યોજના પરિચય). અગાઉ જણાવ્યું છે તેમ આ લેખ યોજનાના મૂલ્યાંકન કાર્યનો એક હિસ્સો નથી; એટલે, ઉદ્ઘોષિત ધ્યેય કેટલે અંશે પાર પડ્યા છે તે દર્શાવવાનો અત્રે ઈરાદો નથી. આમ છતાં, મૂલ્યાંકન કાર્યના કોઠાઓ તથા પરિણામોનો આવશ્યકતા અનુસાર વિનિયોગ અચૂક કરીશું. મળેલાના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટેની અમારી પૂર્વભૂમિકા કંઈક આ મુજબ દર્શાવી શકાય.

સમાજ એ કોઈ સ્થિત એકમ નથી. બીજા શબ્દોમાં, તે સતત પરિવર્તનશીલ છે. અનેકવિધ સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓમાંથી પસાર થઈ તેણે તત્કાલીન સ્વરૂપ ધારણ કર્યું છે. તેનો કોઈ સંકીર્ણ પરંતુ ચોક્કસ સામાજિક-આર્થિક ઢાંચો છે; અનેકવિધ તથા સંકુલ કહી શકાય એવાં મૂલ્યો, ખ્યાલોનું તે ચૈતસિક સ્તર ધરાવે છે; જેને અત્યંત સરળ પદમાં આપણે 'સામાજિક-આર્થિક પરિસ્થિતિ' કહીએ છીએ. સમાજશાસ્ત્રીઓ કોઈપણ સામાજિક ઘટનાનું સામાજિક-આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં

વિશ્લેષણ કરે ત્યારે તેમની પોતાની ચોક્કસ ધારણાઓ તથા વિચારધારાનો આધાર લે છે. આમ અમારું વિશ્લેષણ પણ અમારી ધારણાઓ તથા વિચારધારાની માર્ગદર્શક રેખાને અનુસરશે. મભોયોના વિશ્લેષણ સંદર્ભે એક સ્પષ્ટતા કરી લઈએ કે, અહીં એક પ્રકારનું અર્થઘટન વિકસાવવામાં આવ્યું છે. શક્ય છે કે ક્યાંક વિસંગતતા પણ જણાય પરંતુ અમારા મતે, વિશ્લેષણ એટલે કોઈ જડીબુટ્ટીરૂપ સિદ્ધાંત શોધી કાઢવો, એમ નથી. એટલે, અતિસરળ કે સુરેખ સમજૂતીનો લોભ ટાળી અમે સંકુલતાના તાણાવાણાનું બયાન કર્યું છે.

પ્રથમ તો, યોજનાના રાજકીય પાસા અંગે નિર્દેશ કરીશું. તે પછી ભારતીય (અહીં ગુજરાત) સમાજમાં યોજનાની શી અસર જન્મે છે અને તે માટે જવાબદાર પરિબળો કયાં હોઈ શકે, તે અંગેની અમારી ધારણા તથા અર્થઘટન રજૂ કરીશું.

કોઈપણ સમાજની અર્થવ્યવસ્થા એ તે સામાજિક સંરચનાનો આધાર હોય છે અને તદનુસાર સમાજના અન્ય ઘટકો આકાર લે છે. સ્વતંત્રતા પછી ભારતે મૂડીવાદી તરાહનો વિકાસપથ પસંદ કર્યો છે, દેશે ખૂબ ઝડપે ઔદ્યોગિક વિકાસ સાધ્યો હોવા છતાં તથા ખેતીક્ષેત્રે પણ આધુનિક ટેકનોલોજીનો વિનિયોગ સાધી રોકડિયા પાકનું મબલખ ઉત્પાદન પ્રાપ્ત કર્યા બાદ પણ, આપણી વ્યવસ્થા એ એક પાંગરતી મૂડીવાદી વ્યવસ્થા છે. યુરોપીય મૂડીવાદી દેશો જેવું પરિપક્વ સ્વરૂપ હજી તેણે ધારણ કર્યું નથી. આમ છતાં, તે ઝડપભેર એક શક્તિશાળી મૂડીવાદી વ્યવસ્થા બનવા તરફ જઈ રહી છે. પાંગરતી મૂડીવાદી વ્યવસ્થામાં વિવિધ જૂથો ઉપલબ્ધ સ્રોતો, પ્રાપ્ત તકોમાંથી મહત્તમ ભૌતિક લાભ મેળવી પોતાની સ્થિતિ સુધારવા, સ્થાન જાળવવા કે દરજ્જો ઊંચો લાવવા સતત પ્રયત્નશીલ હોય છે. ભારતીય સંદર્ભમાં, આ જૂથ ધર્મ, જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, સંપ્રદાય, ભાષાકીય જૂથ, પ્રાદેશિક જૂથ જેવા વિભિન્ન સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. જૂથો માંહેનો આ અનેક પરિમાણી સંઘર્ષ ક્યારેક પ્રચ્છન્નપણે તો ક્યારેક પ્રત્યક્ષ રૂપમાં દેખા દે છે. એક મત છે કે, રાજ્ય આ સંઘર્ષને જીવંત રાખવા માટે પ્રયત્નશીલ હોય છે જેથી આર્થિક-રાજકીય હિતોની સામ્યતા ધરાવતાં જૂથો એકીકરણ સાધી વ્યવસ્થાને પડકારતી એક રાજકીય રીતે સક્ષમ વૈકલ્પિક વ્યવસ્થા માટે આહ્વાન ન આપી શકે, વિશેષરૂપે જે જૂથોનું વર્તમાન વ્યવસ્થામાં શોષણ થતું હોય. આ માટેજ રાજ્યની વિકાસકીય યોજનાઓ 'લક્ષ્યાંક' જૂથવાર ઘડવામાં આવે છે, જેમકે, નાના ખેડૂતો માટેની યોજના, ખેતમજૂરો માટેનો કાર્યક્રમ વગેરે. આ માર્કસવાદી અર્થઘટન ખૂબ તર્કબદ્ધ હોવા છતાં ભારતીય પરિસ્થિતિમાં તે અતિસરળ હોવાનો ભય છે. પ્રસ્તાવનામાં જ અમે દર્શાવ્યું છે તેમ ભારતમાં રાજ્ય માટે આ પ્રકારનો કોઈ ખતરો જણાતો નથી. છતાં, આ અર્થઘટનને સંપૂર્ણપણે અસ્વીકૃત કરવાને બદલે, અમુક, જે તે જૂથોનો રાજકીય ટેકો પ્રાપ્ત કરવા જ મહદંશે આવી યોજનાઓ આપણે ત્યાં અમલમાં મુકાય છે એવી અમારી દલીલ છે. મભોયોના સંદર્ભમાં જોઈએ તો, રાજ્યનો આ ઈરાદો મહદંશે બર આવ્યો પણ છે. જો કે યોજનાના અમલને માત્ર બે વર્ષ થયાં હોઈ તેની રાજકીય અસર અંગે કોઈ પ્રતીતિજનક વિધાન ન થઈ શકે; આમ છતાં, તામિલનાડુનું દૃષ્ટાંત આ સંદર્ભમાં નોંધનીય છે. ત્યાં એમ. જી. રામચંદ્રન ભારતીય રાજકારણના એક અત્યંત લોકપ્રિય પ્રશાસક પુરવાર થયા તે તેમના મરણ પ્રસંગે દેખા દીધેલ શોકવિહ્વળ જનસમૂહ પરથી જણાયું. તેમની આ અપ્રતિમ લોકપ્રિયતા માટે તેમણે તામિલનાડુમાં અમલમાં મૂકેલ મભોયો તથા અન્ય કલ્યાણકારી યોજનાઓ એક પ્રમુખ જવાબદાર પરિબળ બની રહ્યું એમ રાજકીય નિરીક્ષકો માને છે. ગુજરાતના સંદર્ભમાં પ્રશ્ન એ ઊઠી શકે કે માધવસિંહ સોલંકી યોજનાની પશ્ચાત અસરનો વિધેયાત્મક લાભ કેમ ન પામી શક્યા? આ માટે ત્રણ બાબતો નિર્દેશ માંગી લે છે. એક તો, વૈયક્તિક રીતે એક રાજ્યકર્તા તરીકે રામચંદ્રને યોજના ઘડાયા બાદ તેના અગ્રીકરણની

અસરકારકતા માટે જે રીતની સજાગતા દાખવી તે માધવસિંહ ન દાખવી શક્યા. જોકે આ માટે બંને રાજ્ય નેતાઓના સૂક્ષ્મ સ્તરે રાજકીય મૂળની ભિન્નતા પણ ઉલ્લેખ માંગી લે છે. રામચંદ્રન એક અત્યંત લોકપ્રિય ફિલ્મ અભિનેતામાંથી રાજકારણીમાં પલટાયા હોઈ તેમની લોકપ્રિયતા 'આમ' લોકોના લગભગ તમામ જૂથમાં વ્યાપ્ત હતી અને તેમની આ વ્યક્તિગત મોહિનીને આધારે જ તેમનો પક્ષ સત્તાસ્થાને આવ્યો હતો જ્યારે માધવસિંહ કોંગ્રેસના રાજકીય મૂળિયાંનો લાભ પામી સત્તાસ્થાને આવનાર પક્ષના વગદાર જૂથના પ્રતિનિધિ તરીકે મુખ્ય પ્રધાનપદ પામ્યા હતા. આમ, રામચંદ્રને પોતાની 'મોહિની' અસર જાળવવા સચેત રહેવું પડે ને તે માટે આવી યોજનાઓની સંરચના (mechanism)ને કાળજીપૂર્વક પ્રયોજવી પડે. જ્યારે માધવસિંહે તો કોંગ્રેસ પક્ષની સામાન્ય નીતિ અનુસાર જ આવી યોજનાઓ ઘડી તદુપરાંત આગાઉ દર્શાવ્યું તેમ અમલીકરણને માંડ વર્ષ પણ ન થયું હશે ને ગુજરાતે 'અનામત વિરોધી આંદોલન' અનુભવ્યું, કે જેની રાજકીય અસર વધુ પ્રબળ હતી. યોજનાનો સમયગાળો પણ અસરનો રાજકીય લાભ પ્રકટાવવા માટે અપૂરતો હતો. તો, પ્રજામાં યોજના ઇન્દિરા ગાંધીના નામે દાખલ કરી હોઈ તેની વિધેયાત્મક રાજકીય અસર ઇન્દિરા ગાંધીના પક્ષ માટે થઈ શકે; માધવસિંહ તેમાં ચિત્રમાં આવતા જ નહોતા. વળી, 'અનામત વિરોધી આંદોલને' તેમનું રાજકીય પતન નોતર્યું. રામચંદ્રને આવી કોઈ પ્રબળ અસર ધરાવતી રાજકીય ચળવળનો સામનો કરવો પડેલો જણાતો નથી.

અહીં યોજનાની રાજકીય અસરકારકતા અંગે એક ધારણા કરવાનું પ્રલોભન ટાળી શકાતું નથી. ગુજરાતના કિસ્સા પરથી એવું કહી શકાય કે કલ્યાણકારી યોજનાઓ પાછળનો રાજકીય હેતુ જર જરૂર આવે છે પરંતુ તેની અસર ખૂબ ધીમી તથા કાંઈક અંશે અંતઃસ્તરીય હોય છે. ખૂબ લાંબા ગાળે તે સ્પષ્ટપણે નોંધનીય સ્વરૂપમાં જોઈ શકાય છે અને જો વ્યવસ્થાની અન્ય તત્કાલીન સમસ્યા વધુ પ્રબળ રાજકીય અસર ધરાવતી હોય તો, યોજનાની અસર તેને ખાળી શકતી નથી. જોકે એક ગુજરાતના કિસ્સા પરથી તેને પ્રતિપાદિત ન કરી શકાય પરંતુ ગુજરાતના જ કેસે આ દિશામાં અમને વિચારવા પ્રેર્યા છે.

ભારતીય રાજકીય પક્ષોની લાક્ષણિકતા (character) અંગે પણ યોજનાના સંદર્ભે પ્રકાશ પડે છે. તામિલનાડુની ભૂતકાલીન અન્ના ડી એમ કે સરકારે ખૂબ લાંબો સમય શાસન કર્યું. આ પક્ષનાં રાજકીય મૂળિયાં અગાઉ દર્શાવ્યું છે તેમ એક વ્યક્તિની મોહિની પર આધારિત હતાં. કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ પણ પહેલાં નહેરુ તથા બાદમાં ઇન્દિરા ગાંધી તથા રાજીવ ગાંધીની વ્યક્તિગત મોહિની પર ખૂબ મોટા પ્રમાણમાં નિર્ભર રહેલો જણાય છે. મહોયોના અમલીકરણ વખતે પણ સામાન્ય જનસમૂહમાં ઇન્દિરાના સ્મરણાર્થે યોજના દાખલ કરાતી હોવાનો ખૂબ પ્રચાર કરવામાં આવ્યો. આમ, રાજકીય પક્ષો તેમના પ્રજામાનસ પર મોહિની ધરાવતા નેતાની સમર્થતા પર વધુ આધાર રાખતા જોવા મળે છે. મૂળભૂત રીતે મૂડીવાદી વિચારધારાને વરેલા દેશના મોટા ભાગના પક્ષોની પ્રત્યક્ષ ને પ્રચ્છન્ન વિચારધારાનો ભેદ પણ અહીં છતો થતો જણાય છે. ગુજરાતમાં મહોયો દાખલ કરતી વખતે માધવસિંહની રશિયા મુલાકાતથી થયેલ પ્રેરણાનો વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો. આમ, કોંગ્રેસી સરકાર સમાજવાદી સમાજરચના તરફનું એક અનુગામી પગલું લઈ રહી હોવાની છાપ ઊભી કરાઈ. પરંતુ, યોજનાના અમલીકરણ પરત્વે સરકારે સ્હેજે સજાગતા દાખવેલી જણાતી નથી. નોકરશાહીને પ્રોત્સાહિત કરવાનું તો દૂર રહ્યું પણ મહોયોનું અમલીકરણ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓએ સરકારના પોતાના તરફના ઓરમાયા વર્તનની વ્યાપક ફરિયાદ કરી. આમ, કોંગ્રેસનું સમાજવાદી રહોરું અમલીકરણ વખતે ઉતરડાઈ ગયું. એક તરફ યોજના અમલમાં આવવા પાછળ સત્તાધારી પક્ષની સમાજવાદી વિચારધારા પ્રેરકબળ હોવાનો પ્રચાર જરૂર કરાય છે. પરંતુ અમલીકરણમાં દાખવાતી રૂઢિવાદી શિથિલતા યોજના એક

પ્રયુક્તિયુક્ત રચના (gimmick mechanism) હોવાનું છતું થાય છે. નિમ્ન વર્ગનો ચૂંટણીલક્ષી રાજકીય ટેકો મેળવવા અમલમાં મુકાયેલી આ યોજના રાજ્યના ભેરૂ ઉચ્ચ મૂડીવાદી વર્ગનો તીવ્ર વિરોધ થશે તો સંકેલી લેવાશે એવી અમારી માન્યતા છે.

રાજકીય પક્ષોના આ બેવડા વલણને મભોયોના સંદર્ભે જ બીજી રીતે સમજીએ. યોજનાના હેતુઓની મહત્ત્વાકાંક્ષી ઘોષણામાં રાષ્ટ્રીય એકતાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ એક એવી વિરલ યોજના છે કે જે સમાજના દરેક સ્તરના જૂથને સાંકળે છે. તેને કોઈ એક 'લક્ષ્યાંક' જૂથ જોડે સાંકળવામાં આવી નથી. તામિલનાડુની મભોયો માત્ર નિમ્ન સ્તરનાં બાળકો તથા વૃદ્ધો પૂરતી સીમિત રખાઈ છે. જ્યારે ગુજરાતમાં ધનવાનથી માંડીને ગરીબમાં ગરીબ બાળકોને આવરી લેવાયાં છે. પરંતુ યોજનાનું અમલીકરણ નોકરશાહીએ કરવાનું છે કે જેના પોતાના વર્ગીય તથા જ્ઞાતીય પૂર્વગ્રહો તથા ખ્યાલો હોય છે. પરિણામ સ્વરૂપ, કોઈ કર્મચારી કે અધિકારી ઉજળિયાત જ્ઞાતિ કે ઉચ્ચ વર્ગનાં બાળકો લાભ લે એ માટે આગ્રહી કે પ્રયત્નશીલ જણાયો નહિ. સરકાર કે કોંગ્રેસ પક્ષે પણ આ માટે દરકાર કરી હોય એમ જણાતું નથી. કોઠા નં. ૨ તથા ૩ દર્શાવે છે કે યોજનાનો લાભ બહુધા નિમ્ન વર્ગનાં બાળકો જ લે છે.

સમગ્રપણે જોતાં, ૨૭ ટકા મભોયો કેન્દ્રોમાં ૯૦ ટકાથી વધુ બાળકો યોજનાનો લાભ લેતાં હતાં જ્યારે ૫૯ ટકા જેટલાં કેન્દ્રોમાં ૫૦ ટકાથી વધુ લાભ લેનારનું પ્રમાણ હતું. પછાત તાલુકાનાં ૯૨ ટકા મભોયો કેન્દ્રોમાં ૫૦ ટકાથી વધુ બાળકો લાભ લેતાં જણાય છે, જે પૈકીનાં ૪૦ ટકા કેન્દ્રોમાં સો ટકા બાળકો ભોજન લે છે. વિકસિત વિસ્તારમાં, કે જ્યાં ઉચ્ચ વર્ણની વસ્તી વધુ હોવાનો સંભવ છે, ત્યાં યોજનાનો દેખાવ નબળો રહ્યો છે. બહુધા બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર જેવી ઉચ્ચ કોમો યોજનાનો લાભ લેતી નથી જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા

કોઠો નં. ૨ : શહેરી તથા ગ્રામ વિસ્તારવાર લાભાર્થી કુટુંબની જ્ઞાતિ/સમુદાય (ટકાવારી)

વિસ્તાર	I ગ્રામીણ તાલુકાઓ				II શહેરી વિસ્તાર			ગુજરાત
જ્ઞાતિ/સમુદાય	વિકસિત	અર્ધવિકસિત	પછાત	કુલ	મોટાં શહેરો	નગર	કુલ	(I + II)
૧ બ્રાહ્મણ-વાણિયા	૪	૪	૩	૩	૧૨	૧૨	૧૨	૬
૨ રાજપૂત	૧૦	૨૧	૩	૧૦	૬	૭	૬	૯
૩ પાટીદાર	૧૦	૯	૪	૭	૩	૧	૨	૫
૪ કોળી તથા અન્ય પછાત જ્ઞાતિઓ	૩૧	૧૯	૧૮	૨૨	૧૫	૧૭	૧૬	૨૦
૫ કારીગર જ્ઞાતિઓ	૫	૫	૨	૩	૧૦	૧૧	૧૧	૫
૬ અનુસૂચિત જ્ઞાતિ	૨૮	૨૧	૮	૧૬	૧૯	૨૨	૨૦	૧૭
૭ અનુસૂચિત જનજાતિ	૯	૯	૫૮	૩૧	૧૦	૮	૯	૨૫
૮ મુસ્લિમ તથા અન્ય લઘુમતીઓ	૪	૧૦	૨	૫	૧૭	૧૮	૧૮	૮
૯ અન્ય	–	–	–	–	૭	૪	૫	૧
૧૦ માહિતી નથી	–	૪	૩	૩	૧	–	૧	૨
૧૧ કુલ	૧૦૧	૧૦૨	૧૦૧	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૯૮
૧૨ સંખ્યા (N)	૩૭૦	૪૦૨	૬૭૦	૧૪૧૨	૩૦૭	૨૨૩	૫૩૦	૧૯૭૨

અર્થાત

અન્ય પછાત કોમોનાં બાળકો મહદંશે યોજનાનો લાભ લે છે. સરકાર તથા રાજકીય પક્ષની યોજનાના હેતુ પરત્વેની નિષ્ઠા અહીં છતી થાય છે. રાષ્ટ્રીય એકતાના ધ્યેયની મહત્ત્વાકાંક્ષી ઘોષણા યોજના અંગે થઈ છે પરંતુ રાજ્ય સામાજિક પરિસ્થિતિ અંગે સારી પેઠે જ્ઞાત છે કે આપણી સામાજિક વ્યવસ્થામાં જ્ઞાતિ આધારિત કોટિક્રમયુક્ત ભેદભાવ વ્યાપ્ત છે અને તેમાં અસ્પૃશ્યતા જેવા કલંકિત દૂષણનું પણ અસ્તિત્વ છે. આવી પરિસ્થિતિથી ગ્રસ્ત સમાજમાં રાષ્ટ્રીય એકતાનો પ્રમાણિક હેતુ બર લાવવો હોય તો તદનુસાર અમલીકરણ ક્ષેત્રે સક્રિયતા, સજાગતા દાખવવી પડે. સંબંધિત અધિકારીઓ-કર્મચારીઓ, રાજકીય આગેવાનો-કાર્યકર્તાઓ વગેરેએ તમામ કોમનાં બાળકો સાથે ભોજન લે એ માટે ઘનિષ્ઠ પ્રયત્નો કરવા પડે, જેમાં વાલીઓની મિટિંગ, પોસ્ટર-ફિલ્મ-ચર્ચા જેવા માધ્યમ દ્વારા સમજૂતી આપતા કાર્યક્રમો યોજવા પડે. એમ જણાય છે કે આ પ્રકારની અગમચેતી તથા દૂરંદેશીપણું રાજ્યે દાખવ્યું નથી. ઊલટું અગાઉ જણાવ્યું તેમ, સરકારી કર્મચારીઓ-અધિકારીઓ સુદ્ધાં યોજના પરત્વે જ્ઞાતિગત પૂર્વગ્રહયુક્ત વિરોધ દર્શાવતા જણાયા.

અહીં નોકરશાહી સંદર્ભે એક અવલોકન રજૂ કરીએ. જે રીતે કલ્યાણકારી યોજના પાછળના રાજ્યના પ્રકટ તથા અપ્રકટ ઈરાદા વચ્ચે વિરોધાભાસી ભિન્નતા છે, તે જ પ્રમાણે, નોકરશાહીની ભૂમિકા બાબતે પણ પ્રત્યક્ષ-છદ્મ દ્વૈત છે. આપણા હાલના વહીવટી માળખા અંગે સમગ્રપણે વિચારતા નોકરશાહીનું કર્તવ્ય રાજ્યકર્તાની નીતિનો અમલ કરવાનું છે. આમ, નોકરશાહી એ રાજ્ય તથા પ્રજાને સાંકળતી કડી છે એમ મનાય છે. જે રીતે રાજ્ય હરહંમેશ પ્રજાનું હિત ભાળે છે તથા તેના લાભ, કલ્યાણ માટે કાર્યક્રમો, યોજનાઓ ઘડે છે, એમ માનવું ભ્રમણા છે, તે જ રીતે, નોકરશાહી સંનિષ્ઠપણે આ યોજનાઓ, કાર્યક્રમોનું લાભાર્થી જનસમૂહ સુધી વહન કરે છે એમ સ્વીકારવું પણ ભૂલભરેલું છે. ઉપર્યુક્ત વર્ણનમાં દર્શાવેલ જ્ઞાતિગત પૂર્વગ્રહો ઉપરાંત વર્ગીય આર્થિક હિતોથી પણ તેમની ચેતના દોરવાતી હોય છે. વ્યવસ્થામાંથી મહત્તમ આર્થિક લાભ મેળવવાનું વલણ નોકરશાહીના સમૂહમાં પણ જોવા મળે છે. અગાને ઠેરઠેર, લગભગ દરેક વિસ્તારમાં, નોકરશાહીમાં વ્યાપક ભ્રષ્ટાચાર ફેલાયેલો હોવાનું જાણવા મળ્યું. આમ યોજનામાંથી પોતાનાં આર્થિક હિતો તેઓ સાધતા જણાય છે. હિંદુ તત્ત્વજ્ઞાન તથા ગુજરાત સમાજના સંદર્ભમાં, ગાંધીવાદી તત્ત્વજ્ઞાનની અસરને પણ ઉવેખી ન શકાય. આ તત્ત્વજ્ઞાનમાં ઉપદેશિત માનવસેવા, કલ્યાણ જેવા આદર્શ ખ્યાલો તથા રાજ્યવ્યવસ્થામાં તેમની પ્રમાણિક ભૂમિકાની ઉદ્ઘોષણા, તો, બીજી તરફ, આર્થિક ઢાંચાને અનુરૂપ આર્થિક લાભ મેળવવાનું સહજ વલણ, આમ, તેમની ચેતનામાં પ્રકટ તથા અપ્રકટ ખ્યાલોનું અસ્તિત્વ કળી શકાય છે. તત્ત્વજ્ઞાનની આર્થિક ઢાંચાના સંદર્ભમાં અમૂર્તતા (abstractness) અહીં જણાય છે. તદુપરાંત, જ્ઞાતીય હિત તથા વર્ગીય હિત વચ્ચેનો સંઘર્ષ દૃશ્યમાન થાય છે. મોટા ભાગના ઉચ્ચ જ્ઞાતિના અમલદારોને યોજના પરત્વે રોષ છે, ઉદાસીનતા છે. કેટલાકે તો, અમારી સાથેની ચર્ચામાં યોજના બંધ કરવી જોઈએ એવો દૃઢ મત પણ દર્શાવ્યો. પરંતુ, યોજનામાંથી તેમને થતો આર્થિક લાભ આ વિરોધના સૂરને મંદ પાડતો જણાય છે. આમ, આર્થિક હિત સામાજિક હિત પર વર્ચસ્ત્વ ભોગવે છે.

ઉચ્ચ વર્ણમાં યોજનાને સાંપડેલ મોળા પ્રતિસાદ અંગે અગાઉ ઉલ્લેખ કર્યો. ગુજરાતના વિવિધ વિસ્તારવાર પ્રતિભાવ ચકાસીશું તો પણ આ હકીકત પર વધુ પ્રકાશ ફેંકી શકાશે. દક્ષિણ ગુજરાતના ચાર જિલ્લાઓમાં, જ્યાં આદિવાસી વસ્તીનું પ્રમાણ મોટું છે, ત્યાં લાભ લેનારની ટકાવારી શત પ્રતિશત ધરાવતાં મળોયો કેન્દ્રોની સંખ્યા વધુ છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓ, જ્યાં જ્ઞાતીય ભેદભાવ હજી તીવ્ર સ્વરૂપમાં જોવા મળે છે ત્યાં લાભ લેનારની ટકાવારી પ્રમાણમાં ઓછી છે. જ્યાં હરિજન વસ્તીનું પ્રમાણ વધુ છે ત્યાં લાભ લેનારનું પ્રમાણ પણ વધતું જણાય છે. સામાન્યપણે ઉચ્ચ વર્ણ

યોજનાથી વિમુખ રહેવાથી વધુ તીવ્ર પ્રતિભાવ આપતો જણાતો નથી પરંતુ સૌરાષ્ટ્રમાં કે જ્યાં સ્વતંત્રતાપૂર્વે નાનાં નાનાં ૪૬૯ દેશી રજવાડાંઓ હતાં, સામંતશાહીનાં લક્ષણો સ્વતંત્રતાનાં ચાલીસ વર્ષ બાદ તેના ગિહામણા ઓળા ધરાવે છે. આ વિસ્તારમાં અવારનવાર જ્ઞાતીય અથડામણો થતી રહે છે પછી તે પટેલો વિરુદ્ધ હરિજનો અથવા હરિજનો વિરુદ્ધ રજપૂતો, એમ ભિન્ન સ્વરૂપમાં હોઈ શકે. આમ, અહીંનો અસહિષ્ણુ તથા તેજામી મિજાજનો ઉચ્ચ વર્ણ, કે જે રાજકારણ તથા અર્થકારણમાં સત્તાનું પ્રભુત્વ ધરાવે છે, તેણે યોજનામાં અવરોધ ઊભો કરવાના સૂચક પ્રયત્ન કરેલા જણાય છે. જુલાઈ ૧૯૮૫માં જૂનાગઢ જિલ્લાના વંથલી મુકામે સૌરાષ્ટ્ર વિસ્તારના છ જિલ્લા પંચાયતોના પ્રમુખોની સભા બોલાવવામાં આવી હતી. આ તમામ પ્રમુખો પટેલ તથા રાજપૂત જેવી ઉચ્ચ જ્ઞાતિઓના હતા. આ સભામાં સર્વાનુમતે એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો કે, સૌરાષ્ટ્ર વિસ્તારમાં યોજનાનો લાભ ખૂબ જ થોડાં બાળકો લે છે. વળી, આ યોજના દ્વારા સરકારે ભ્રષ્ટાચારનું સુંદર સાધન અમલદારોને પૂરું પાડ્યું છે. યોજના અન્વયે અપાતા ખોરાકની ગુણવત્તા પણ ખૂબ જ ઊતરતી કક્ષાની છે. આ તમામ મુદ્દાઓને લક્ષમાં રાખી સરકારે આ યોજના તત્કાળ બંધ કરવી જોઈએ, અને યોજનામાં દુર્વ્યય પામતાં નાણાંનો ઉપયોગ અછાત્રસ્ત વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે કરવો જોઈએ. આ ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારના ઉચ્ચ વર્ણીય માલિકી ધરાવતા 'ફૂલછાબ', 'જયહિન્દ' તથા 'સૌરાષ્ટ્ર સમાચાર' જેવા અખબારોમાં 'વાચકો લખે છે' પ્રકારની કૉલમમાં યોજનાની વિરુદ્ધ વાચકોના સૂરને અગ્રીમતાના ધોરણે રજૂ કરાયો. ૧,૩૦,૦૦૦ નકલોનો ફેલાવો ધરાવતા 'ફૂલછાબ' દૈનિકે છેલ્લા દોઢ વર્ષમાં બે તંત્રીલેખોમાં યોજનાની આકરી ઝાટકણી કાઢી અને યોજનાની પ્રસ્તુતતા અંગે પ્રશ્ન ઊભો કરીને નિષ્ણાતો દ્વારા યોજનાના ઉચિતપણા અંગે તપાસ કરાવવી જોઈએ એવો અભિપ્રાય દર્શાવ્યો. ભ્રષ્ટાચાર સરકારના લગભગ દરેક ખાતામાં પ્રચલિત છે, તો પછી, સવિશેષે નિમ્ન વર્ગને લાભકર્તા આ યોજનામાં આ દૂષણ વિશે કાગારોળ મચાવવાનું ઉચ્ચ વર્ણને કેમ સૂઝ્યું? તેમના આ વલણને સમજાવતાં બે કારણો આપી શકાય. એક તો, યોજનામાં પોતાના માટે કોઈ લાભ નથી એમ પામી તેના પરત્વે સૂગ જણાય છે. બીજું કે, નિમ્ન સ્તરનાં આ બાળકો જ તેમને ખેતી તથા કામ માટે સસ્તી મજૂરી પૂરી પાડે છે. જો આ બાળકો ભોજનથી આકર્ષાઈ શાળામાં જતાં થાય તો, ઉચ્ચ વર્ણ તેમની સસ્તી મજૂરીનો લાભ પણ ગુમાવે તથા શિક્ષણ પામેલ આ વર્ગ ભવિષ્યમાં તેમના વર્ચસ્વને પડકારે એવો અંદેશો પણ તેમને રહેતો હોઈ શકે. પણ આ અંગે વધુ ઊંડાણમાં સંશોધન થવું જરૂરી છે. અહીં તેના પ્રાથમિક સંકેતો અચૂક સાંપડે છે.

ઉચ્ચ વર્ગના આ ઉલ્લેખનીય વિરોધ પરથી એક મહત્ત્વના માર્કસવાદી અર્થઘટન પરત્વે પણ પ્રશ્ન ઊઠે છે. આ ખ્યાલના સમર્થકો મળોયો જેવી કલ્યાણ યોજનામાં રાજ્ય અને મૂડીવાદી વર્ગની યથાપૂર્વ સ્થિતિ (status quo) જાળવી રાખવાની મુરાદ જુએ છે. મહદંશે આ અર્થઘટન અમને સ્વીકૃત છે જ પરંતુ ભારતીય સંદર્ભમાં ફરી એકવાર અમે તેમાં અતિસરળ સમજૂતીનો દોષ જોઈએ છે. સૌરાષ્ટ્રના ઉપરોક્ત કિસ્સા દ્વારા આ ખ્યાલનો દોષ સમજવામાં સરળતા પડશે. ઉપર વર્ણવ્યું છે તે મુજબ, સૌરાષ્ટ્રના ઉચ્ચ વર્ણે યોજનાનો તીવ્ર તથા સંગઠિત ઢબે વિરોધ કર્યો છે. અહીં પ્રશ્ન ઊઠે છે કે મૂડીવાદી વર્ગનું ભેરૂ એવું રાજ્ય પ્રત્યક્ષપણે ભલે નબળા વર્ગના લાભાર્થે પરંતુ દીર્ઘદૃષ્ટિથી જોતાં મૂડીવાદી હિતોને લક્ષમાં રાખીને જ જો યોજનાનો અમલ કરતું હોય તો પછી તેજ વર્ગ વિરોધ શાથી દર્શાવે છે? અમારા મતે, ભારતીય સંદર્ભમાં, રાજ્ય, મૂડીવાદી વર્ગ તથા શોષિત સમૂહ પોતાનાં દૂરગામી હિતોને દૃષ્ટિ સમક્ષ રાખી વર્તતો નથી. રાજકીય પક્ષો મૂડીવાદી વિચારધારાને વરેલા હોવા છતાં તેમની અગ્રીમતા પોતાના ટૂંકા ગાળાના રાજકીય હિતોને હોય છે. તો, મૂડીવાદી વર્ગ પણ ટૂંકા

ગાળાનાં હિતો જોખમાય તો સૌરાષ્ટ્રની જેમ ભયભીત બની વિરોધ કરતો જણાય છે. કદાચ, તેઓ વ્યવસ્થાના તાણાવાણાથી પૂરેપૂરા જ્ઞાત પણ નથી. વળી, મૂડીવાદી રાજકીય પક્ષોમાં પરસ્પરવિરોધી સંબંધો, જ્ઞાતીય પૂર્વગ્રહો, હિંદુ ફિલોસોફી જેવાં પરિબળો પણ ભારતીય સંદર્ભમાં અગત્યનાં છે. અમે માનીએ જ છીએ કે જાણ્યે-અજાણ્યે રાજ્ય મૂડીવાદી વર્ગનાં હિતોની જ રક્ષા કરે છે પરંતુ રાજકીય પક્ષો કેટલીક રચના (mechamism)ને પોતાનાં તાત્કાલિક હિતો માટે પ્રયોજે પણ છે અને ત્યારે મૂડીવાદી વર્ગમાં અસંતોષ તથા ખળભળાટ પણ વ્યાપે છે અને સૌરાષ્ટ્ર જેવા કિસ્સાના વિશ્લેષણમાં અતિસરળતાનો દોષ ટાળવા એમ પણ કહી શકાય કે ઉચ્ચ વર્ણ પોતાના ટૂંકા ગાળાના હિતો પર તોળાતું જોખમ જોતો હોઈ શકે અથવા વિરોધી રાજકીય પક્ષ કે જેની વિચારધારા પણ તત્ત્વતઃ મૂડીવાદી જ છે, પોતાના ટૂંકા ગાળાના રાજકીય હિતોને ધ્યાનનાં રાખી ભ્રષ્ટાચાર જેવા મુદ્દા ઉઠાવી સત્તા પરની રાજકીય પક્ષની આ રચના (mechamism)ને નિષ્ફળ બનાવવા પણ વિરોધ કરતો હોઈ શકે.

અહીં હિંદુ તથા ગાંધીવાદી તત્ત્વજ્ઞાનની અસરનો ઉલ્લેખ પણ અનિવાર્ય બને છે. આ તત્ત્વજ્ઞાન વ્યક્તિમાં સ્વાવલંબન, સ્વકલ્યાણ જેવા ખ્યાલો, મૂલ્યોને દૃઢ કરે છે. તે 'વ્યક્તિ કેન્દ્રી' છે; જે સામાજિક પરિબળોને અગત્ય આપતું જણાતું નથી. પરિણામ સ્વરૂપ, આપણી સંસ્કૃતિમાં રાજ્ય પરત્વેની અપેક્ષા અંગે ઉદાસીનતાનું બહોળું વલણ જોવા મળે છે. 'વ્યક્તિનું કલ્યાણ વ્યક્તિ પોતે જ કરી શકે' એ આપણા તત્ત્વજ્ઞાનનો મહત્ત્વનો ખ્યાલ છે. આને પરિણામે મભોયો જેવી યોજનાને દાન, ભિક્ષાની કક્ષામાં મૂકી દેવાનું વલણ, અભિગમ અમને વ્યાપક પ્રમાણમાં જોવા મળ્યો. પછાત વર્ણના શિક્ષિત વાલીઓ પણ આ જ કારણોસર પોતાનાં બાળકોને યોજનાનો લાભ લેતાં રોકતા જણાયા. શિક્ષણ બિનસાંપ્રદાયિક, પ્રગતિશીલ વિચારોના પ્રસાર માટેનું મહત્ત્વનું માધ્યમ છે એવા દાવાને પણ પડકારતા પુરાવાઓ અમને મળ્યા. યોજનાના મૂલ્યાંકન કાર્ય દરમિયાન નિષ્પન્ન એક માહિતીકોઠો દર્શાવે છે કે લાભ ન લેતાં બાળકોના વાલીઓ પૈકીના લગભગ ૨૫ ટકા જેટલા વાલીઓ માધ્યમિક કે તેથી વધુ શિક્ષણ પામેલા છે. અમારો ક્ષેત્ર અનુભવ દર્શાવે છે કે આ શિક્ષિત વાલીઓ પણ દાન, અસ્પૃશ્યતા જેવા ખ્યાલોથી દોરવાઈને જ પોતાનાં બાળકોને ભોજન લેતાં રોકે છે. આ અંગે લોકોના ખ્યાલને તોડવા માટે પણ સરકારી નોકરશાહી કાર્યાન્વિત થયેલી જણાતી નથી.

શું જ્ઞાતિ વ્યવસ્થા તૂટી રહી છે? સમાજશાસ્ત્રીઓ ભારતીય સમાજની આ સૌથી મહત્ત્વની તથા પ્રાચીન 'સંસ્થા' વિશે આ પ્રશ્નનો ઉત્તર મેળવવા અહર્નિશ પ્રયત્ન કરતા રહેતા જણાય છે. મભોયોના સંદર્ભમાં આ પ્રશ્નની ચર્ચા કરવી અગત્યની છે. ઉપરના લખાણમાં આમ તો આ અંગે ઉલ્લેખ થઈ જ ચૂક્યો છે. મહદંશે દરેક વિસ્તારમાં અને વિશેષરૂપે સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતના વિસ્તારમાં જ્ઞાતિ આધારિત ભેદભાવો હજી યથાવત્ છે અને મુખ્યત્વે તેને કારણે જ યોજનાનો લાભ સમાજનાં દરેક સ્તરનાં બાળકો પામતાં નથી તે જોયું. આમ છતાં, મધ્યમ સ્તરની રજપૂત જેવી જ્ઞાતિ અંગે રસપ્રદ અવલોકન સાંપડે છે.

કોઠા નં. ૨ તથા ૩ નો અભ્યાસ કરતાં જણાય છે કે વિકસિત તથા અર્ધવિકસિત ગ્રામવિસ્તારોમાં રજપૂતોનું મોટું પ્રમાણ યોજનાનો લાભ લે છે પરંતુ પછાત વિસ્તારમાં લાભ લેનારમાં આ જ્ઞાતિની ટકાવારી વધુ જણાય છે. આમ, મધ્યમ સ્તરની જ્ઞાતિનો દરજ્જો અચળ નથી તથા સામાજિક-આર્થિક પરિસ્થિતિ અનુસાર તે બદલાય છે એમ કહી શકાય. વિકસિત તથા અર્ધવિકસિત વિસ્તારમાં જ્યાં ઉજળિયાત જ્ઞાતિઓની વસ્તી વધુ છે ત્યાં તેમનો દરજ્જો નિમ્ન જાય છે અને આ વિસ્તારનાં રજપૂત બાળકો યોજનાનો લાભ લેતાં જણાય છે. પરંતુ પછાત વિસ્તારમાં, જ્યાં ઉજળિયાતોની વસ્તી ઓછી છે ત્યાં

કોઠો નં. ૩ : શહેરી તથા ગ્રામ વિસ્તારવાર બિનલાભાર્થી કુટુંબની જ્ઞાતિ/સમુદાય (ટકાવારી)

વિસ્તાર	I ગ્રામીણ તાલુકાઓ				II શહેરી વિસ્તાર			ગુજરાત
જ્ઞાતિ/સમુદાય	વિકસિત	અર્ધવિકસિત	પછાત	કુલ	મોટાં શહેરો	નગર	કુલ	(I+II)
૧ બ્રાહ્મણ-વાણિયા	૧૨	૧૨	૨૨	૧૪	૧૯	૧૮	૧૯	૧૬
૨ રાજપૂત	૫	૨૦	૨૧	૧૫	૧૩	૧૧	૧૨	૧૩
૩ પાટીદાર	૩૯	૩૭	૨૩	૩૫	૧૩	૧૧	૧૨	૨૪
૪ કોળી તથા અન્ય પછાત જ્ઞાતિઓ	૨૦	૧૦	૧૧	૧૪	૧૨	૧૩	૧૩	૧૩
૫ કારીગર જ્ઞાતિઓ	૧૦	૪	૮	૭	૧૫	૧૬	૧૫	૧૧
૬ અનુસૂચિત જ્ઞાતિઓ	૧૪	૨	–	૪	૧૦	૧૧	૧૦	૭
૭ અનુસૂચિત જનજાતિ	૫	૧	૩	૩	૨	૩	૩	૩
૮ મુસ્લિમ તથા અન્ય લઘુમતીઓ	૧	૧૩	૯	૮	૧૧	૧૨	૧૨	૧૦
૯ અન્ય	–	–	–	–	૪	૪	૪	૨
૧૦ માહિતી નથી	૧	૧	૩	૧	૨	૧	૧	૧
૧૧ કુલ	૧૦૧	૧૦૦	૧૦૦	૧૦૧	૧૦૧	૧૦૦	૧૦૧	૧૦૦
૧૨ સંખ્યા (N)	૧૮૧	૨૧૮	૯૧	૪૯૦	૨૫૫	૨૦૦	૪૫૫	૯૪૫

તેનો સામાજિક દરજ્જો ઊંચો આવે છે અને આ વિસ્તારોમાં તેમની આર્થિક સ્થિતિ અન્ય પછાત સમૂહોના પ્રમાણમાં સારી હોઈ, રજપૂત બાળકો અહીં લાભ લેવાનું ટાળે છે. આમ, રજપૂતના કિસ્સામાં પહેલી નજરે જ્ઞાતિ સંસ્થા થોડી નબળી પડેલી અચૂક જણાય છે. પરંતુ જ્ઞાતિ કોટિક્રમ આધારિત ભેદભાવના લક્ષણની યથાવતતા પણ જણાય છે જ.

નોકરશાહી એક હિતજૂથ તરીકે વર્તી યોજનામાંથી પોતાના માટે આર્થિક લાભ મેળવવા યત્નશીલ હોય છે તે જોયું. અહીં સામાજિક પૂર્વગ્રહો, ફિલોસોફીના ઉદાત્ત ખ્યાલો છતાં નોકરશાહી આર્થિક લાભથી દોરવાઈને વર્તે છે એવું દર્શાવ્યું. ઉચ્ચ વર્ણના વિરોધ બાજુએ પણ આ પાસાંનો ઉલ્લેખ અનિવાર્ય છે. ગામની ઉચ્ચ વર્ણીય નેતાગીરી મહદંશે યોજના પરત્વે ઉદાસીન તથા વિરોધી વલણ ધરાવતી જણાય છે. યોજના અન્વયે તેમને આર્થિક લાભ મળવાની ઓછી તક યોજનાનું વહીવટી માળખું પૂરી પાડે છે. પરંતુ કેટલેક સ્થળે મળોયો કેન્દ્રના વ્યવસ્થાપકને સાધી કે તે સ્થાને પરિચિત-સ્નેહી વ્યક્તિને ગોઠવી તે માટેના કુનેહપૂર્વકના પ્રયત્નો થયા હોવાનું પણ જાણવા મળ્યું. જૂનાગઢના એક ગામે વ્યવસ્થાપકે સરપંચને લાભ ન સાધવા દેતા સરપંચ યોજનાના પ્રખર વિરોધી બની ગયેલા જણાયા. બનાસકાંઠામાં એક વગદાર રાજકીય આગેવાને વિવિધ કેન્દ્રોમાં પોતાની પરિચિત વ્યક્તિને વ્યવસ્થાપક તરીકે નિમાવી આયોજનબદ્ધ રીતે આર્થિક લાભ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું. વલસાડ જિલ્લાના એક પછાત ગામે ધારાસભ્ય કુટુંબની જ વ્યક્તિઓ શાળાના આચાર્ય, વ્યવસ્થાપક જેવાં સ્થાનો પર જણાઈ. એમ જણાયું કે આગેવાનોના આ હસ્તક્ષેપને કારણે તેમને નોકરશાહી સાથે સંઘર્ષમાં આવવું પડ્યું. આગેવાન વ્યવસ્થાપકની નિમણૂક માટે પોતાની વગ વાપરે તો, સરકારી અધિકારીઓની સત્તા (power) પર તરાપ પડે. વળી, તેમણે પણ યોજનામાંથી નાણાં કીય લાભ ખાટવો હોઈ તેઓ પોતાની પરિચિત વ્યક્તિની નિમણૂક માટે આગ્રહી હતા. આમ, બે વગદાર હિતજૂથો પણ સંઘર્ષમાં આવતાં જણાયાં.

ક્યાંક આ બંને જૂથો મેળાપીપણું સાધીને પણ આર્થિક હિત મેળવતાં જણાય છે.

શિક્ષકો બાબતે પણ આ સંદર્ભમાં ઉલ્લેખ જરૂરી છે. અમારું એક સામાન્ય અવલોકન એ છે કે શાળાના શિક્ષકો યોજના પરત્વે ઉદાસીન તથા વિરોધી જણાય છે. યોજનાના વહીવટી માળખામાં શિક્ષકોને પણ સીધી રીતે ક્યાંય સાંકળવામાં આવ્યા નથી. આમ, યોજનામાંથી આર્થિક લાભ મેળવવાની સીધી તકો તેમને નથી. આ કારણે તેઓ 'વ્યવસ્થાપક ભ્રષ્ટાચારી છે' તથા 'શાળાનો સમય બગડે છે' જેવાં કારણો દર્શાવી યોજનાનો વિરોધ કરે છે. પોતાના આર્થિક હિત આગળ બાળકોનાં વિશાળ હિતોને તેઓ વિસારે પાડે છે.

યોજનાનો પ્રમુખ હેતુ સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધારવાનો છે. કોષ્ટક નં. ૪નો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે ગામોમાં હજી પણ વિશેષરૂપે નિમ્ન સ્તરની જ્ઞાતિઓમાં નિરક્ષરતાનું નોંધપાત્ર પ્રમાણ જોવા મળે છે. આ સામાજિક સમૂહનાં બાળકો શિક્ષણની ઉમરે પેટિયું રળવાના કામમાં જોતરાઈ જાય છે. જ્યાં અસ્તિત્વ ટકાવવાનો પ્રાણપ્રશ્ન હોય ત્યાં શિક્ષણનો ખ્યાલ ખૂબ અમૂર્ત (abstract) જણાય. વળી, દૂરનાં ગામોની શાળાનું વહીવટીતંત્ર ખાડે ગયેલું હોય છે. શિક્ષકો મહિનાઓ સુધી ગેરહાજર રહેતા હોય છે તથા આધારતંત્રો (Infrastructure)ની વ્યવસ્થાનો પણ લગભગ અભાવ પ્રવર્તતો હોય છે. આવાં પરિબળો જ્યારે શિક્ષણના વ્યાપને આડે આવતાં હોય ત્યારે આવી કલ્યાણકારી યોજના કેટલી અસરકારક નીવડી શકે? રાજ્ય સામાજિક-આર્થિક ઢાંચાને બદલવાનું મુખ્ય તથા અગ્રતા ધરાવતું કાર્ય કદી હાથ ધરવાનું નથી. કારણ કે તેમાં તેનાં સ્થાપિત હિતોને અસર થાય છે. તો પછી આવી કલ્યાણકારી યોજનાઓના ઘોષિત હેતુઓ અતિમહત્ત્વાકાંક્ષી તથા ઉમદા હોવા છતાં તેના અપ્રકટ હેતુઓ અંગે રાજકીય નિરીક્ષકો તથા સમાજશાસ્ત્રીઓ સાશંક બને એ સ્વાભાવિક છે. આવી યોજનાઓમાં આમ રાજ્યની નીતિઓમાં જણાતો વિરોધાભાસ તીવ્ર સ્વરૂપે કળી શકાય છે. ૧૯૮૧નું સેન્સસ દર્શાવે છે કે કેરાલા રાજ્યમાં દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં શિક્ષણનો વ્યાપ વધુ છે, સેન્સસની આંકડાકીય માહિતી એ પણ દર્શાવે છે કે

કોષ્ટક નં. ૪ : ગ્રામીણ ગુજરાતની વિવિધ જ્ઞાતિના કુટુંબોમાં સૌથી વધુ શિક્ષણ (ટકાવારી)

જ્ઞાતિ / શિક્ષણ	નિરક્ષર	પ્રાથમિક	માધ્યમિક	કોલેજ	કુલ	સંખ્યા N
બ્રાહ્મણ	૮	૩૯	૩૮	૧૪	૧૦૦	૨૯૯
વાણિયા	૮	૩૪	૩૯	૧૯	૧૦૦	૧૦૪
રાજપૂત	૧૫	૫૨	૨૮	૫	૧૦૦	૧૯૫૨
અન્ય ઉચ્ચ જ્ઞાતિઓ	૪	૪૧	૪૩	૧૨	૧૦૦	૬૮
પાટીદાર	૬	૪૬	૪૧	૭	૧૦૦	૧૮૮૧
કારીગર જ્ઞાતિઓ	૧૧	૫૨	૩૦	૭	૧૦૦	૮૫૧
કોળી	૩૫	૪૪	૧૯	૨	૧૦૦	૩૦૮૮
અન્ય પછાત જ્ઞાતિઓ	૪૬	૪૨	૧૦	૨	૧૦૦	૧૫૮૩
અનુસૂચિત જ્ઞાતિઓ	૨૭	૪૮	૧૯	૬	૧૦૦	૧૭૦૦
અનુસૂચિત જનજાતિઓ	૪૭	૩૮	૧૩	૨	૧૦૦	૩૨૬૮
મુસ્લિમ	૨૪	૪૭	૨૬	૩	૧૦૦	૬૪૧
અન્ય	૧૨	૩૪	૪૮	૬	૧૦૦	૬૭

શિક્ષણ અધવચ્ચે છોડી જતાં બાળકોનું સૌથી ઓછું પ્રમાણ કેરાલામાં છે. અહીં કેરાલાની ભિન્ન રાજકીય પરિસ્થિતિની નોંધ લેવી આવશ્યક છે. ત્યાં અન્ય રાજ્યોથી અલગ, ડાબેરી પક્ષોનું વર્ચસ્વ ઘણાં વર્ષોથી ચાલતું આવ્યું છે. ડાબેરી પક્ષોએ અહીં દેશના અન્ય ભાગોમાં મહદંશે અસંગઠિત જણાતાં ખેતમજૂરોનાં યુનિયનો સ્થપાયાં છે, તો, જમીન સુધારણાના કાયદાઓનું સૌથી અસરકારક અને સફળ અમલીકરણ આ રાજ્યની ડાબેરી સરકારોએ કર્યું છે. આમ, શિક્ષણના વ્યાપને સામાજિક-આર્થિક-રાજકીય પરિસ્થિતિ સાથે સીધો સંબંધ છે. કલ્યાણકારી યોજનાની સામાજિક લક્ષણ પર થતી અસર તત્કાલીન સામાજિક-આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં જ સમજાવી શકાય અને અમારા મતે, આપણી હાલની પરિસ્થિતિમાં મભોયો જેવી યોજના તેના ઉદ્ઘોષિત હેતુઓ કદાપિ બર લાવી શકે નહિ.

અંતમાં, અમારી મુખ્ય દલીલ પર આવીએ. આ મભોયો જેવી કલ્યાણકારી યોજનાઓ પાછળનો રાજ્યનો અપ્રકટ પરંતુ વાસ્તવિક ઉદ્દેશ વિવિધ સામાજિક જૂથોનો રાજકીય ટેકો મેળવવાનો તથા યથાપૂર્વ સ્થિતિ (status quo) જાળવી રાખવાનો હોય છે. તદુપરાંત સમાજના અન્ય વર્ચસ્વકારી જૂથો યોજનાનો લાભ મેળવી જતાં હોઈ સરવાળે દલિત, કચડાયેલા વર્ગને તો કશો લાભ મળતો જ નથી. એક તો, રાજ્ય આ સંરચના (mechanism) દ્વારા તેમનો રાજકીય ઉપયોગ (manipulate) કરે છે. તો, વર્ચસ્વકારી જૂથો યોજનાના અલ્પ ભૌતિક લાભો પણ તેમના સુધી પ્રસરવા દેતા નથી. પરંતુ અમારા મતે, શોષિત સમુદાય ચૈતસિક સ્તરે અપ્રત્યક્ષ લેખી શકાય એવી પ્રક્રિયામાંથી પસાર થાય છે. જે સમાજ પરિવર્તનના ઉદાત્ત ધ્યેય માટે અનિવાર્ય અને લાભકર્તા છે. શોષિત સમુદાય અમર્યાદિત શોષણનો ભોગ બનશે તો જ પરિવર્તન થશે એવી ધારણા સાથે અમે સંમત થતા નથી. વળી, ભારતીય સંદર્ભમાં, પરિવર્તનની ચર્ચા થાય ત્યારે તત્કાલીન પરિસ્થિતિનું યોગ્ય આકલન જરૂરી બને છે. આપણે ત્યાં શોષિત સમુદાયમાં વ્યાપ ધરાવતો ક્રાંતિવાદી પક્ષ ગેરહાજર છે એ વિશેષ નોંધ માંગી લે છે.

પરિવર્તન માટેની પ્રક્રિયા અત્યંત ધીમી, તબક્કાવાર તથા સૂક્ષ્મસ્તરીય છે. શોષિત સમુદાયે આ માટે સૌ પ્રથમ તો, વ્યવસ્થા અંગે જ્ઞાત થવું અતિ આવશ્યક છે. વ્યવસ્થાના તાણાવાણા કઈ રીતે સંકીર્ણ પણે ગૂંથાયેલા છે અને તેમાં પારસ્પરિક સંબંધોનાં પરિમાણો શાં છે તે આ સમૂહે યથાર્થ દૃષ્ટિબિંદુથી સમજી લેવું પડે. અગાઉ દર્શાવ્યું તેમ, આ સમયે આપતા રાજકીય પક્ષનો અભાવ છે. તો, બીજી બાજુ શોષિત સમુદાયનો મોટો ભાગ માત્ર અસ્તિત્વ ટકાવવાના જંગમાં ગળાડૂબ છે. મભોયોના મૂલ્યાંકન કાજે માટેના અમારા ક્ષેત્રકાર્ય દરમિયાન અમે જોયું કે મભોયો જેવી યોજનામાં આ સમુદાયનો એક મોટો ભાગ સંમિલિત થાય છે. અમારા મતે, આ તેમના મુખ્ય પ્રવાહ અને સમાજના શેષ વિશાળ ભાગના પરિચયમાં, સંપર્કમાં આવવાની નોંધપાત્ર ઘટના છે. યોજનામાં સમાજનાં વિવિધ જૂથો સંકળાયેલાં હોઈ અને આમ, યોજનામાં જોડાવાથી આ દલિત, શોષિત સમુદાય સામાજિક તાણાવાણા સમજતો થાય છે. તેમના પૂર્વકલ્પિત ખ્યાલો પર વાસ્તવિકતાનો આઘાત તેમની આંખ ઉઘાડનારો બને છે એ સૌરાષ્ટ્રના દૃષ્ટાંતથી સમજીએ.

સૌરાષ્ટ્રમાં હોટેલ, વાળંદ તથા અન્ય કારીગરોની દુકાનોમાં હરિજનો સાથે આભડછેટ હાલમાં પણ રાખવામાં આવે છે. માત્ર શાળા જ એક એવી સંસ્થા છે જ્યાં તમામ કોમનાં બાળકો મહદંશે સાથે બેસીને શિક્ષણ મેળવે છે. આમ અહીં, જ્ઞાતિવ્યવસ્થાના દૂષણથી બાળક અજ્ઞાત રહેવા પામે છે. સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના પ્રો. આઈ. પી. દેસાઈનો ૧૯૭૪ નો અભ્યાસ દર્શાવે છે કે તેમણે અભ્યાસ કરેલ ૫૯ માંથી ૫૮ ગામોની શાળાઓમાં હરિજન બાળકો સાથે શિક્ષકો દ્વારા આભડછેટ રાખવામાં આવતી નથી. પરંતુ મભોયોના અમલે શિક્ષકોના જ્ઞાતિકીય પૂર્વગ્રહોને સપાટી પર આણ્યા છે. ઉચ્ચ વર્ણીય શિક્ષકો

ભોજન માટેની બેઠક વ્યવસ્થામાં સભાનપણે હરિજન બાળકોને અલગ બેસાડે છે. આમ, હરિજન બાળકોને આ સામાજિક દૂષણનું જ્ઞાન બાળપણથી જ થાય છે. તો, હરિજન વાલીનો શિક્ષકો તરફનો અંધ વિશ્વાસ તૂટ્યો છે અને સાચી પરિસ્થિતિનું તેમને ભાન થયું છે. જે વ્યવસ્થામાં માત્ર તેમના શ્રમનો જ ખપ હોય છે, તેમાં આવી યોજનાઓ દ્વારા એક 'નાગરિક' તરીકે તેઓ ભાગ લે છે અને વ્યવસ્થાની આંટીઘૂંટી સમજતા થાય છે. સમાજ પરિવર્તનની લડત માટેની જાગૃતિકારક ચેતના માટે અમારા મતે, આ પ્રકારની અંતઃસ્તરીય (below surface) અને ધીમી ચૈતસિક પ્રક્રિયા થવી અનિવાર્ય, આવશ્યક તથા ઉપયોગી છે. કદાચ વર્ચસ્વવાદી સમૂહ તથા રાજ્યના ધ્યાન તથા ધારણા બહાર આ પ્રક્રિયા થાય છે પરંતુ તત્કાલીન વ્યવસ્થામાં પોતાનું સ્થાન ક્યાં છે અને અન્ય સમૂહો તથા સંસ્થાઓ તેમને શી રીતે તથા કઈ સંરચનાઓ (mechanisms) દ્વારા હેતરે છે તથા ઉપયોગ (manipulate) કરે છે એ સમજવાની પ્રક્રિયામાં આવી તેમને સંમિલિત કરતી યોજનાઓ વિધેયાત્મક ફાળો આપે છે એવું અમને પ્રતીત થાય છે. અમે કબૂલીએ છીએ કે સમાજપરિવર્તનનાં ઉદાત્ત લક્ષ્ય સુધી પહોંચવા માટે આટલું પૂરતું નથી જ. પરંતુ તે લક્ષ્યનો માર્ગ અત્યંત સંકીર્ણ છે. ત્યાં સુધી પહોંચવા અંગેનું કોઈ સૈદ્ધાંતિક માળખું પ્રબોધાએ ત્યારે આવી સૂક્ષ્મસ્તરીય તથા અંતસ્તરીય અસરોને અવગણવી ન જોઈએ એવો અમારો નમ્ર મત છે.

With Best Compliments From

Shree Madhi Vibhag Khand Udyog Sahakari Mandali Ltd., Madhi

At & Post; Madhi 394 340 Post Box No. 5, Ta. Bardoli

Dist, Surat (Gujrat)

1	Registration Number	:	SE-9
2	Year of Establishment	:	31-3-1964
3	Production Started	:	1968-69 Season.
4	Total No. of Members	:	11,084
5	Share Capital	:	96.20 Lacs.

Crushing Season : 1987-88

(a)	Crushing Capacity	:	3500 M. T. per day
(b)	Cane Crushed	:	7,19,793-800 M. T.
(c)	Sugar production	:	7,49,292-00 Quintals
(d)	Recovery	:	10.39%

MANUFACTURER OF THE BEST QUALITY WHITE CRYSTAL SUGAR

D. M. Patel Chairman — **D. B. Bhakta** Vice-Chairman — **M. P. Patel** Managing Director

આ છેલ્લી ચેતવણી છે‡

તુલસીભાઈ કા. પટેલ

ક્રાન્તિકારી સંન્યાસી સ્વામીશ્રી સચ્ચિદાનંદજી એ સારસા (જિ. ખેડા) મુકામે કેવલ સંપ્રદાયના આદ્ય-સ્થાપકના ૨૧૦ માં પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે (તા. ૨-૪-૮૨) અસ્પૃશ્યતા નિવારણ સંમેલનનું ઉદ્ઘાટન કરતાં વાદગાર પ્રવચન કર્યું હતું. એ પ્રવચન પરથી તૈયાર થયેલી પુસ્તિકા 'આ છેલ્લી ટ્રેન છે'ની બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે.

'અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મનું કલંક છે' આ વાક્ય વારંવાર સાંભળીને આપણા કાન એવા તો બહેરા અથવા સંવેદનશૂન્ય થઈ ગયા છે કે સ્વામીજીએ આપણને આપેલી આ ચેતવણીની ખાસ અસર થઈ લાગતી નથી. એથી નુકસાન આપણને પોતાને જ છે. આપણે હિન્દુઓ જો જાગૃત નહિ થઈએ તો આપણા વિનાશ માટે બહારના કોઈ આક્રમણની જરૂર નહિ પડે. આપણાં પોતાનાં જ પાપ અને અવિચારીપણાના ભારથી આપણે જાતે જ ડૂબી મરીશું!

સ્વામીજી કહે છે કે ગાંધીજીથી માંડીને અનેક મહાપુરુષોએ અસ્પૃશ્યતા નિવારણની વાતો તો ઘણી કરી છે, પરંતુ આ કલંકના મૂળ સુધી જવાનું ટાળ્યું છે. સ્વામીજી ધર્મ અને પ્રાચીન ગ્રંથોના પ્રખર અભ્યાસી છે, તથા મૂળગામી ચિંતક છે. તેથી તેઓ અસ્પૃશ્યતાના મૂળ સુધી પહોંચવાનો સફળ પ્રયત્ન કર્યો છે. તેઓ કહે છે કે આ વિષય પર પૂરો ગ્રંથ* લખી શકાય, પરંતુ આ નાનકડી પુસ્તિકામાં અસ્પૃશ્યતા વિશે કેવળ ઈશારો કરતાં તેઓ કહે છે:

'...હિન્દુ જાતિને થોડો ખ્યાલ આવે કે આ આભડછેટના કલંકને લીધે આ દેશની સિત્તેર ટકા હિન્દુ પ્રજા પ્રત્યે ધર્મ તથા સમાજના પ્રત્યેક સ્તરે કેવો અન્યાય થયો છે અને આજે પણ થઈ રહ્યો છે, તેને કરવાવાળા આપણા પુરાણા તથા હાલના ધર્મગુરુઓ ગાદીપતિઓ, આચાર્યો કારણભૂત છે. બ્રાહ્મણવાદને આ ભયંકર પક્ષપાતે હિન્દુધર્મને ભેદભાવ, અન્યાય તથા શોષણના ઊંધે રવાડે ચડાવી દીધો છે.' (પૃ. ૩)

સ્વામીજી કહે છે કે ભૂતકાળમાં હિન્દુ ધર્મ ઉપર પારાવાર આફતો આવી હતી. તેનાથી હિન્દુ ધર્મ ખંડિત, વિકૃત, અપમાનિત, શક્તિહીન થયો, છતાં હિન્દુ સમાજ તેમાંથી બહાર નીકળતો રહ્યો છે. પણ આજે તો અંદરથી અને બહારથી બન્ને તરફથી આફતોએ ઘેરો ઘાલ્યો છે, તે ભૂતકાળની કોઈપણ આફતો કરતાં ભયંકર છે. આપણે ઘણી ટ્રેનો ચૂકી ગયા છીએ. પણ જો આ છેલ્લી ટ્રેન ચૂકી ગયા તો ફક્ત આપઘાતનો એક જ રસ્તો બાકી રહેશે.

.....

‡ પુસ્તક : આ છેલ્લી ટ્રેન છે.
લેખક : સ્વામીશ્રી સચ્ચિદાનંદજી
પ્રકાશક : આર્યસમાજ મંદિર, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨ બીજી આવૃત્તિ, માર્ચ-૧૯૮૭
પૃષ્ઠ : ૪૮ કિંમત રૂ. ૧-૦૦
(પ્રચારાર્થે ૧૦૦ નકલના રૂ. ૮૦-૦૦)

આ છેલ્લી ચેતવણી છે

આજના ધર્મગુરુઓ, નેતાઓ તથા સુધારકોને સ્વામીજી ત્રણ ભાગમાં વહેંચે છે: (૧) આફતજનક પરિસ્થિતિથી તદ્દન બેભાન ધર્મગુરુઓ; જેઓ જહાજમાં પોતાનું સ્થાન મેળવવા ગળાકાપ હરીફાઈમાં પડ્યા છે. અમનચમન અને મોજશોખમાં રચ્યાપચ્યા રહે છે, પણ આ જહાજમાં ભયંકર ગાબડાં પડી ચૂક્યાં છે એ વિશે બેભાન છે. (૨) બીજા વર્ગમાં મિથ્યા આશામાં રાચનારા નેતાઓ આવે છે. જેઓ જાણે છે કે જહાજમાં ગાબડાં પડ્યાં છે, પણ તેઓ ભૂતકાળની મહાનતા વિશે ડંફાસ માર્યા કરે છે. મિથ્યા કાલ્પનિક વાતો તથા મહાનતાનું અફીણ પીવડાવીને બેભાન હિન્દુ પ્રજાને વધુ બેભાન બનાવે છે તથા લોકોને બહેકાવીને અવળે રસ્તે દોરે છે. (૩) ત્રીજો વર્ગ, વાસ્તવિકતા સમજે છે. સાચા ઉપાયો બતાવીને સૂતેલા હિન્દુ સમાજને તે ઢંઢોળવા માગે છે, પણ આ વર્ગની સંખ્યા અતિ અલ્પ છે. લોકો પણ આ વર્ગને પ્રોત્સાહન આપવાને બદલે પથરા મારે છે! પાખંડીઓની પૂજા થાય છે, ને સાચા માણસોને પથરા પડે છે, આ ઊલટી ક્રિયાથી હિન્દુ ધર્મની દુર્દશા થઈ છે.

સ્વામીજી કહે છે કે હિન્દુ ધર્મના જહાજમાં ધર્મગુરુઓએ છીણી-હથોડા લઈને બાકોરાં પાડવાનું જ કામ કર્યું છે. 'આ તો શાસ્ત્રમાં લખ્યું છે' એમ કહીને આ ધર્મધુરંધરો પ્રજાને અવળા પાટા બંધાવતા રહ્યા છે, અંધશ્રદ્ધાના ઘેનમાં ઘોરતી પ્રજા આવા પાખંડી ધર્મ પુરુષોને ફૂલડે પૂજતી રહી છે! થોડા સમજુ માણસો ગળું ફાડીફાડીને આ અનાડીપણું બંધ કરવા સમજાવે છે, પણ અંધશ્રદ્ધાળુઓ આ સાચા માણસોને ધક્કા મારીને એક તરફ ધકેલી દે છે. જે જહાજમાં આવા અનાડી ધર્મગુરુઓ અને ભોટ ચેલાઓ જ ભેગા થયા હોય, એ જહાજ ન ડૂબે તો જ આશ્ચર્ય!

દુનિયાભરમાં ધર્મોના અનુયાયીઓની સંખ્યા વધી રહી છે. પરંતુ આપણા અનાડીપણાને લીધે હિન્દુઓની સંખ્યા ઘટી રહી છે. આપણી સંસ્કૃતિ અધમૂઈ થઈ ગઈ છે. એનું કારણ આપતાં સ્વામીજી કહે છે:

'...જ્યાં સુધી આ દેશમાં અનાડી ધર્મગુરુઓ તથા અનાડી રાજનેતાઓ (કે જેઓ ઈતિહાસ વાંચીને પણ પોતાના સ્વાર્થ ખાતર આંખ બંધ કરી લે છે) હશે, ત્યાં સુધી આ દેશની ખંડિત થવાની પ્રક્રિયા ચાલતી જ રહેવાની છે...આથી આપણે કોઈપણની શેહશરમ રાખ્યા વિના હિન્દુ ધર્મ તથા પ્રજાની પાયમાલીનાં વાસ્તવિક કારણો તપાસીએ. પહેલી વાત તો આ યાદ રાખજો કે મુસ્લિમોને ગાળો દેવાથી કે ખ્રિસ્તીઓની નિંદા કરવાથી તમારી કમજોરી દૂર થવાની નથી. તમારે જો આ વિનાશની પ્રક્રિયામાંથી બચવું હોય તો તમારા આ કોઢને દૂર કરો. તમારા ઉપર ચોંટેલા આ કીચડને ધોઈ નાખો. તમારું માળખું સુધારો' (પૃ. ૧૧, ૧૨)

હિંદુ ધર્મની દુર્દશા માટે સ્વામીજી વર્ણવ્યવસ્થાને જવાબદાર ઠેરવે છે, ને વર્ણવ્યવસ્થાની કટ્ટરતા માટે બ્રાહ્મણવાદને જવાબદાર માને છે. આ નાનકડી પુસ્તિકામાં સ્વામીજીએ બ્રાહ્મણવાદની ઉત્પત્તિ, કટ્ટરતા અને તેનાથી ધર્મને થયેલા નુકસાન વિશે ટૂંકી છતાં અસરકારક ચર્ચા કરી છે. સ્વામીજી પોતે બ્રાહ્મણ છે, છતાં તેઓ બ્રાહ્મણવાદની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢે છે, તે જોઈને એમની તટસ્થતા તથા ન્યાયબુદ્ધિ પ્રત્યે આદર થયા વિના રહેતો નથી. સ્વામીજી કહે છે:

'વૈદિક યુગની ઉજ્જ્વલ ગરિમાનો અંત કર્મકાંડી મીમાંસકોની કુબુદ્ધિથી આવ્યો. બ્રાહ્મણવાદનું ઝનૂન, યજ્ઞોના અતિરેક તથા તેમાં થતા પશુહિંસાના પાગલપણામાં પહોંચ્યું. શાસ્ત્રની દુહાઈ દેનારાઓએ યજ્ઞવેદી, પશુઓના લોહી તથા માંસથી ખરડી નાખી, અધર્મની ક્રિયા ધર્મ બની ગઈ. તેનાજ અનુયાયીઓ દ્વારા શાસ્ત્રની ખોટી વ્યાખ્યા, ખોટી ક્રિયા તથા ખોટા વ્યવહાર દ્વારા ઉજ્જ્વલ વૈદિક યુગનો અંત આવ્યો—વર્ણવ્યવસ્થાની સંકીર્ણ તથા ચુસ્ત વ્યાખ્યાઓ થવા લાગી. આ વર્ણવ્યવસ્થાએ હિન્દુ ધર્મ તથા હિન્દુ પ્રજાને પાયમાલ કરી નાખ્યાં. ત્રણ ટકા બ્રાહ્મણો, તેર ટકા ક્ષત્રિયો તથા સાત ટકા વૈશ્યો માટેની આ વ્યવસ્થામાં જીવન હતું પરંતુ

બાકીના સિત્તેર ટકા શૂદ્રો માટે તો આ વ્યવસ્થામાં માણસોને જાનવર બનાવવાનું કાળું કાવતું જ હતું. જો કે આ વર્ણવ્યવસ્થાનો કોઢ એ બ્રાહ્મણવાદ છે, જેમાં ધાર્મિક તથા સામાજિક બધા અધિકારો બ્રાહ્મણ વર્ગમાં જ સીમિત થઈ જાય છે—મને કહેતાં શરમ તથા સંકોચ થાય છે કે આ વર્ણાશ્રમવાદી કાવતરાખોર આચાર્યોએ એવું લખ્યું કે, "જો શૂદ્ર સાંભળે તો તેના કાનમાં ઉકાળેલું ધગધગતું સીસું રેડી દેવું. જો શૂદ્ર વેદ બોલે તો તેની જીભ કાપી નાખવી. અને જો શૂદ્ર વેદને ધારણ કરે તો તેના હૃદયને કાપી નાખવું." મંદિરમાં કૂતરું આવી જાય તો વાંધો નહિ, બિલાડી આરતીનું ઘી ચાટી જાય તો વાંધો નહિ, તે ચાલે પણ માણસ જેને આ બ્રાહ્મણવાદે "શૂદ્ર" નામ આપ્યું છે તે આ મંદિરોમાં ના આવવો જોઈએ.' (પૃ. ૧૩, ૧૪, ૧૫)

પાદરીઓ ઠેઠ પરદેશથી આવીને આપણા દેશના હરિજનો, આદિવાસીઓ વગેરેની સેવા કરે છે. આપણે સેવા કરવાને બદલે ઠોકર મારીએ છીએ. પાદરીઓની નિંદા કરીએ છીએ. ખરેખર જે કામ આપણા ધર્મગુરુઓએ કરવું જોઈએ, તે કામ પાદરીઓ કરી રહ્યા છે આ હકીકતથી આપણા ધર્મધુરંધરોએ લજ્જિત થવું જોઈએ. આપણે શરમ અનુભવવી જોઈએ. કોઈ એક સમૂહને કાયમ માટે અધમ દશામાં જીવવા માટે કેવી રીતે મજબૂર કરી શકાય? સ્વામીજી પ્રશ્ન પૂછે છે:

'આ જાતની વર્ણવ્યવસ્થા શૂદ્રોની સંમતિથી કરી હતી? પ્રજા માટે વિનાશકારી છે જ પણ તેના ફોડા-ગુમડા જેવો બ્રાહ્મણવાદ તો ભયંકર આત્મઘાતી જ સિદ્ધ થયો છે. આ બ્રાહ્મણવાદે માત્ર શૂદ્રોને જ અધમ નથી બનાવ્યાં, બ્રાહ્મણોને પણ પતીત બનાવ્યા છે. આ દેશ માટે, આ હિન્દુ ધર્મ માટે તો આ બ્રાહ્મણવાદ મુખ્ય વિનાશક રહ્યો છે. આ બ્રાહ્મણવાદ એટલે હિન્દુ ધર્મનો (પાળિયો) કમળો. આ બ્રાહ્મણવાદ એટલે હિન્દુ ધર્મનું કેન્સર. આ બ્રાહ્મણવાદ એટલે હિન્દુ ધર્મની ઘોર (કબર). અને આ જ વિચારધારાને કારણે લાખો હિન્દુઓ વિધર્મમાં જઈ મુસ્લિમ તથા ખ્રિસ્તી થયા.' (પૃ. ૧૯, ૨૦)

આ બ્રાહ્મણવાદે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવાને બદલે ગુરુદક્ષિણામાં એકલવ્યોના અંગૂઠા કપાવી લીધા છે! સ્વામીજી કહે છે:

'પરંતુ હવે તમને ચેતવું છું કે આ એકલવ્યના વર્તમાન વંશજ શૂદ્રોની આંખો ઊઘડવા માંડી છે. તેમની આંખો ઊઘડે તે પહેલાં આપણે આપણી ઉઘાડીએ. આજે કોઈ એકલવ્યનો અંગૂઠો કપાઈ ન જાય, ભૂતકાળમાં થયેલા અન્યાયના પ્રાયશ્ચિત્ત નિમિત્તે કોઈ વિદ્વાન એકલવ્યને આપણા ધર્મની સર્વોચ્ચ મનાતી (છતાં સાવ નિષ્ક્રિય તથા પ્રતિક્રિયાવાદી બની રહેલી) ધર્મગાદી શંકરાચાર્યની પીઠ પર બેસાડીએ, કોઈ વિદ્વાન હરિજનને શંકરાચાર્ય બનાવીએ.' (પૃ. ૨૦-૨૧)

બ્રાહ્મણવાદની કટ્ટરતાના દાખલા આપતાં સ્વામીજી કહે છે કે, હિંદુ ધર્મના રક્ષણ માટે સર્વસ્વ ન્યોછાવર કરનાર શિવાજીને શૂદ્ર કહીને મહારાષ્ટ્રના બ્રાહ્મણોએ શિવાજીના રાજ્યાભિષેકનો વિરોધ કર્યો. ઠેઠ ઉત્તર ભારતમાંથી રાજ્યાભિષેક વિધિ માટે બ્રાહ્મણોને બોલાવવા પડ્યા હતા. બંગાળમાં રાણી રાસમતીએ દક્ષિણેશ્વરનું મંદિર બનાવ્યું, પરંતુ બંગાળના કટ્ટર બ્રાહ્મણવાદીઓએ રાણી રાસમતીને શૂદ્ર માની અને મંદિરની ધાર્મિક વિધિનો વિરોધ કર્યો. કાશ્મીરના દીર્ઘદર્શી મહારાજ ગુલાબસિંહ કાશ્મીરની ૯૦ ટકા વિધર્મી (મુસલમાન) પ્રજાને હિંદુ ધર્મમાં લાવવા માગતા હતા. એ માટે કાશીના પંડિતોનો અભિપ્રાય મંગાવ્યો. આત્મઘાતી પંડિતોએ અભિપ્રાય મોકલ્યો કે: 'ગયેલું ગાય ના થઈ શકે.' જે વિધર્મમાં ગયો તે ગયો, હવે તેને પાછો લેવાય નહિ. સ્વામીજી કહે છે:

'મહારાજનું આખું સ્વપ્ન રોળાઈ ગયું. પ્રજા વલવલતી રહી. કાશીના આ ધર્મના ઠેકેદારો "ધર્મકી જય હો, અધર્મકા નાશ હો"ના બરાડા પાડી ધર્મ સાચવ્યાની બુદ્ધિથી કૃતકૃત્ય થયા. જો આ દુર્બુદ્ધિ ના સૂઝી હોત તો કાશ્મીર કે જે આજે પણ

અર્થાત

ભારતનો માથાનો દુખાવો છે તે સ્થિતિ જુદી જ હોત.' (પૃ. ૨૪)

સ્વામીજી અગિયાર વર્ષ કાશીમાં રહ્યા છે. કાશી વિશ્વનાથના મંદિરમાં હરિજન પ્રવેશથી બ્રાહ્મણોમાં હાહાકાર મચી ગયો. સ્વામી કરપાત્રીજીના પ્રમુખપદે વિરોધ સભા થઈ. કરપાત્રી ગુસ્સામાં બોલ્યા :

'હવે આ કાશી વિશ્વનાથની મૂર્તિ અને સંડાસ બાજરૂનો પથ્થર એ બેમાં કોઈ ભેદ જ નથી રહ્યો. કારણ કે આ શૂદ્રો–હરિજનોના આવવાથી–અડવાથી કાશી વિશ્વનાથના શિવલિંગનું દેવત્વ ચાલ્યું ગયું છે.' (પૃ. ૨૫) સ્વામી માર્મિક પ્રશ્ન કરે છે :

'જો ગધેડું ગાય ન થઈ શકે તો ગાય ગધેડું કેમ થઈ ગઈ? શું બુદ્ધિ બગડી છે આ લોકોની? પગ પૂજો સ્વામી દયાનંદજીના, જેમણે પથ્થરો ખાઈને, અનેક વાર ઝેર પીને પણ આપણને જગાડ્યા તથા શીખવાડ્યું કે આપણા તરછોડાયેલા ભાઈઓ પાછા પોતાના સ્વધર્મમાં (એટલે હિંદુ ધર્મમાં) પાછા આવતા હોય તો તેમને ગળે લગાડો. હિંદુ ધર્મને એટલો ઉદાર તથા વિશાળ બનાવો કે દુનિયાની કોઈ પણ વ્યક્તિ તેમાં પ્રવેશી શકે તથા સન્માનપૂર્વક રહી શકે. આપણા દરવાજા બધાને માટે સદાય ખુલ્લા મૂકી દો.' (પૃ. ૩૦–૩૧)

એક લગ્ન પ્રસંગમાં ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણોએ રસોઈ કરેલી. વરપક્ષવાળા નાગર બ્રાહ્મણો રસોઈ ખાવાનો ઈન્કાર કરે છે, ને કન્યાપક્ષને ભારે પરેશાન કરે છે. સ્વામીજી નોંધે છે, 'જ્યાં બ્રાહ્મણ બ્રાહ્મણમાં આ દશા હોય તો બીજાના હાથની બનેલી રસોઈની વાત જ શી કરવી? જો આપણે બધા સાથે જમતા હોત તો આવી દુર્દશા થાત?' આગળ ઉપર તેઓ કહે છે :

'આ પાપશિલાના ભારથી હવે તો હિંદુ ધર્મને છોડાવવા જ જોઈએ. યાદ રાખજો, હું બ્રાહ્મણ વિરોધી નથી. માનવમાત્રની જેમ મને પણ બ્રાહ્મણ પ્રિય છે. પણ મારો તો વિરોધ બ્રાહ્મણવાદ સામે છે. અનિષ્ટ પોતાના ઘરનું હોય તો પણ ત્યાજ્ય છે.' (પૃ. ૩૪-૩૫)

વેદમાં આવેલ એક સૂક્ત પ્રમાણે બ્રાહ્મણ એટલે માથું, ક્ષત્રિય એટલે હાથ, વૈશ્ય એટલે પેટ, અને શૂદ્ર એટલે પગ. પણ સ્વામીજી કહે છે :

'ભેદોનો બચાવ શાસ્ત્રોના નામે કરવા નીકળશો તો યાદ રાખજો, શાસ્ત્રો પ્રત્યે લોકોનો આદર નહિ રહે...આ અલંકારિક રૂપકનો ઉપયોગ (હિંદુ સમાજમાં) ભેદ સિદ્ધ કરવા કરો છો તે જ બતાવે છે કે હજી તમારી આંખ ઊઘડી નથી.' (પૃ. ૩૮, ૩૯)

'આ છેલ્લી ટ્રેન છે' પુસ્તિકા દ્વારા સ્વામીજી હિંદુ ધર્મની સંકીર્ણતા પર પ્રકાશ પાડે છે. તેઓ આપણી સમક્ષ કઠોર સત્યો રજૂ કર છે. આપણને એમની ભાષા કઠોર લાગવા સંભવ છે, પણ સ્વામીજીના હૃદયમાં શોષિતો, પીડિતો અને દલિતો પ્રત્યે જે અનુકંપા છે, તે પ્રગટ થયા વિના રહેતી નથી. વાસ્તવમાં સ્વાર્થી વર્ગ, સ્થાપિત હિતવાળાઓ, ધર્માંધ લોકો તથા મૂઢમતિ માણસોને સ્વામીજીની વાત આકરી લાગે તો એમાં સ્વામીજીનો દોષ નથી. બીજા સંત–સાધુઓ, સમાજ સમક્ષ કઠોર સત્યો રજૂ કરતાં અચકાય છે, એ આપણું દુર્ભાગ્ય છે. અને સ્વામીજીની વાતો આપણને કડવી લાગે છે, એ સૌથી મોટું દુર્ભાગ્ય છે. વાસ્તવમાં સ્વામીજી આપણા વ્યાપક કલ્યાણની વાત કરે છે. એમના બતાવેલા રસ્તા પર ચાલવામાં આપણું હિત છે. એમાં આપણો સ્વાર્થ છે. પરંતુ આપણે આપણો સ્વાર્થ પણ સમજી શકતા નથી; રે દુર્ભાગ્ય! કોણ બચાવી શકશે આપણને?

છેલ્લે સ્વામીજી ત્રણ સંદેશા આપે છે :

(૧) આ વર્ણવ્યવસ્થા સમાપ્ત કરો. આ કદર બ્રાહ્મણવાદની અનિષ્ટ પ્રથાઓને તિલાંજલિ આપો.

(૨) ધર્મગુરુઓની ઊંચી ગાદીઓ ઉપર વિદ્વાન હરિજનો, આદિવાસીઓ, ક્ષત્રિયો, વૈશ્યો તથા ઉદાર વિચારવાળા બ્રાહ્મણોને જ બેસાડો.

(૩) વેદ તથા અન્ય શાસ્ત્રોમાં આશાવાદી, પુરુષાર્થવાદી, અન્યાય સામે ઝઝૂમવાવાળી વાસ્તવવાદી ફિલોસોફી ભરી પડી છે, તે સ્વીકારો.

હરિજનોને અધીર બનીને ધર્માંતર ન કરવા સ્વામીજી હૃદયપૂર્વક અપીલ કરે છે:

'હું તમને બે હાથ જોડીને વિનંતિ કરું છું, તમે ધીરજ રાખજો, ઉતાવળા થશો નહિ. અન્યાયને આપણે દૂર કરીનેજ જંપવાના. આવતા દિવસોનો સૂર્ય તમારોજ છે. ચક્ર બદલાયું છે. વર્ણવ્યવસ્થારૂપી વાંદરીનું બચ્ચું ક્યારનું યે મરી ચૂક્યું છે. હવે તો માત્ર તેના મડદાને છાતીએ ચોંટાડીને રાખવામાં આવ્યું છે. હવે તો તેમાંથી ભયંકર, નાક ફાટી જાય તેવી દુર્ગંધ છૂટવા લાગી છે. ધીરજ ધરો, વાંદરી પોતેજ તે મડદાને ફેંકી દેવાની છે...તમે ધર્માન્તર ન કરશો. વર્ણવ્યવસ્થા તથા કટ્ટર બ્રાહ્મણવાદ સિવાયનો હિન્દુ ધર્મ સંસારમાં બીજા ધર્મોની સરખામણીમાં મહાન તથા ઉદાર ધર્મ છે.' (પૃ. ૪૪)

સ્વામીજીએ આ નાનકડી પુસ્તિકામાં પોતાનું હૃદય ઠાલવ્યું છે, ને હિન્દુ ધર્મની પ્રચલિત વિકૃતિઓ તરફ સ્પષ્ટ શબ્દોમાં લાલબત્તી ધરી છે. એમની રજૂઆતમાં અકળામણ અને હૈયાવરાળ છે; વાસ્તવમાં ન્યાયપ્રિયતા, માનવતા અને અનુકંપાનું જ તે રૂપ છે. હિન્દુધર્મને લાગુ પડેલા કેન્સરની એક ગંભીર સમસ્યાની આ પુસ્તિકામાં બેનકાબ ચર્ચા કરવામાં આવી છે. આવા ગંભીર પ્રશ્ન તરફ આંખમીંચામણાં કરીને આપણા ધર્મપંડિતો આત્મા-પરમાત્મા ને સ્વર્ગ-નરકની કાલ્પનિક ચર્ચાનાં ચૂંથણાં કર્યા કરે છે, તે ખરેખર શોચનીય છે. હજુ પણ જો આપણે આ ગંભીર વાસ્તવિક સમસ્યા તરફ ધ્યાન નહિ આપીએ, જાગ્રત નહિ થઈએ તો સ્વામીજીની આ ચેતવણી છેલ્લી ચેતવણી બની રહેશે એમાં શંકા નથી.

આ પુસ્તિકાની બીજી આવૃત્તિ આર્યસમાજ મંદિર તરફથી સાવ સસ્તી કિંમતે પ્રગટ થઈ છે. સ્વામીજીના વિચારોના સમર્થનમાં પ્રકાશકે ઠેરઠેર પાદટીપ અને દૃષ્ટાંતો મૂકીને પુસ્તિકાની ઉપયોગિતામાં વધારો કર્યો છે, તે માટે પ્રકાશક શ્રી રતનપ્રકાશ ગુપ્તા અભિનંદન-પાત્ર છે. આ પુસ્તિકાનો વ્યાપક પ્રચાર થવો જોઈએ.

સ્વામી સચ્ચિદાનંદના વિચારોનું સમાજશાસ્ત્રીય મૂલ્યાંકન

(શૂદ્રોની સમસ્યા નિવારણના ખાસ સંદર્ભમાં)

અર્જુન પટેલ

વાસ્તવિક

સ્વરાજ્ય પ્રાપ્તિ બાદ ભારતીય સમાજ ક્રમિકપણે મૂડીવાદી ઢબે વિકસી રહ્યો છે. મૂડીવાદ પ્રથાનું પ્રસારણ છેવાડેના ગામને સ્પર્શી ચૂક્યું છે. છેલ્લાં ચાલીસ વર્ષના સમયગાળામાં બ્રિટિશકાળ દરમિયાન ગર્ભિત સ્વરૂપે સાકાર થઈ રહેલ મૂડીવાદની સ્પષ્ટ–અસ્પષ્ટ અસરો આજે જોઈ શકાય છે. સાંપ્રત પરિસ્થિતિમાં મૂડીવાદના અનિવાર્ય કહી શકાય તેવા વિરોધાભાસો (અનિષ્ટો) છતાં થયાં છે. 'પૈસો' જ સામાજિક મોભો નક્કી કરવામાં અગ્રસ્થાને ધારણ કરતો જાય છે. શિક્ષકો, વકીલો, ડોક્ટરો, સાહિત્યકારો વગેરે સમાજની જવાબદાર કહી શકાય તેવી વ્યક્તિઓ પણ સામાજિક હિતોથી વિમુખ બની 'સ્વહિત'ને પ્રાધાન્ય આપતી થઈ છે. નીતિમત્તાનું ધોરણ હીન કક્ષાનું બન્યું છે, તેને સ્થાને અનીતિનું પ્રમાણ વધી રહ્યું છે. ધર્મ અને રાજકીય ક્ષેત્રો પણ અધઃપતનના માર્ગે છે.

અર્થાત

સ્ત્રીઓ અને શ્રમજીવીઓ લાચારીની સ્થિતિમાં જીવે છે. તેઓને સન્માન મળતું નથી. સાચાં શ્રમિકોના શ્રમની કદર થતી નથી. તેથી વિરુદ્ધ પૈસે ટકે સાધન-સંપન્ન એવા બેડાઢુ લોકોની વાહવાહ થાય છે. એક છેડે મુઠ્ઠીભર લોકોની જાહોજલાલી, આલિશાન ભવ્યતમ મહેલાતો, સદાલક્ષી રોકાણો, સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં લખલૂટ ઉડાઉ ખર્ચા તો બીજે છેડે બહુજન લોકો ગરીબીને કારણે ન્યૂનતમ એવી ખોરાક, કપડાં, ઘર, વૈદકીય સારવાર વગેરે પ્રાથમિક આવશ્યકતાઓથી પણ વંચિત.

સામાજિક સભાનતાની દૃષ્ટિએ જોઈએ તો એક તરફ હજારો વર્ષ જૂની હિન્દુધર્મની ફિલસૂફીની અને સામંતશાહી લક્ષણોની હિન્દુ પ્રજા પર અસર જોવા મળે છે. બહુજન લોકો કર્મવાદ, પ્રારબ્ધવાદ અને અધ્યાત્મવાદમાં રાચે છે. આ પરંપરાગત માન્યતાઓને સુદૃઢ કરવામાં હજારો રૂઢિચુસ્ત મૂળભૂતવાદી ધર્મ-ગુરુઓ, જ્યોતિષો, સંતો વગેરે ભરપૂર પ્રયત્ન કરી રહ્યા છે, રાજ્યની ભૂમિકા પણ આ બાબતે મહત્ત્વની રહેવા પામી છે. આવા પ્રયત્નો થકી બહુજન પ્રજા અકર્મણ્ય, સાહસહીન, દૃષ્ટિહીન, દુઃખી અને લાચારી-માં જીવવા ટેવાઈ ગઈ હોય તેમ લાગે છે. લોકો આજે પણ અંધશ્રદ્ધા, ચમત્કારો, તાંત્રિકોમાં ગળાડૂબ છે. સોળમી સદીના સતીપ્રથા, અસ્પૃશ્યતા, હરિજનોને મંદિર-પ્રવેશનો નિષેધ, વિધવાવિવાહપ્રતિબંધ વગેરે કુરિવાજો વીસમી સદીને આરે હજુ આજે પણ પ્રચલિત છે.

બીજી તરફ સામાજિક પ્રથાનો ભોગ બનેલાઓમાં પણ જાગરુકતાનાં દર્શન થાય છે. બાહ્ય અર્થ-સામા-જિક પરિબળોની અસરના લીધે તેઓમાં એક નાનકડો વર્ગ ઊભો થયો છે. જેણે શિક્ષણનો લાભ લીધો છે અને પોતાની આર્થિક સ્થિતિ સુધારી છે. તેઓમાં સ્વમાનની ભૂખ ઊપડી છે. અન્યાય અને શોષણને પડકારવા માટે ધીમી ગતિએ પણ મજબૂતપણે તે આગળ ધપી રહ્યો છે. શોષિતોનાં દલિત મુક્તિ સેવા સંગઠન 'દલિત પેન્થર' જેવાં સંગઠનો પણ બનતાં જાય છે. તેઓ દલિતોને થતા અન્યાયો સામે વ્યાપક પાયે અવાજ ઉઠાવી શકે તે માટે દલિતોને સંગઠિત થવા તૈયાર કરી રહ્યા છે. (આ જ પ્રમાણે સ્ત્રીઓમાં પણ જાગૃતિ આવી રહી છે.) આમ છતાં, હરિજનો પ્રતિ સવર્ણોની હિંસાખોરી વધી રહી છે. ક્યારેક હિંદુધર્મના ત્રાસથી બચવા માટે હરિજનો ધર્મપરિવર્તનનો માર્ગ પણ અપનાવે છે. કેટલાક વિધર્મીઓ પણ પછાત વર્ગના લોકોને પોતાના ધર્મમાં આકર્ષવા માટે પ્રયત્ન-શીલ છે.

આવા સંજોગોમાં, કેટલાકને એવો ભય છે કે હિંદુધર્મ ધીરે ધીરે ક્રમશઃ ક્ષીણ થતો રહ્યો છે. હિંદુઓમાં આજે એકતા રહી નથી. 'અનામત' અને 'રોસ્ટર' જેવા પ્રશ્નો બાબતે હિંદુઓ અંદરોંદર લડીને હિંદુ ધર્મના વિનાશને નોતરી રહ્યા છે. હિંદુ ધર્મની જેઓના હૈયે ચિંતા વસેલી છે એવા લોકો મૂળભૂતવાદી-ઓનો ખોફ વહોરીને પણ પ્રજામાનસને ઢંઢોળી જાગ્રત કરવાનો પ્રયત્ન કરે તે નકારી ના શકાય. હિંદુધર્મ અને તે થકી સ્થાપિત હિતોના વર્ચસ્વને અકબંધ રાખવા માટે આવા અનેક પ્રયત્ન આજ દિન સુધીમાં થયા છે. હાલનાં વર્ષોમાં, સ્વામી સચ્ચિદાનંદ પણ આવાં જ પરિબળો વચ્ચે ગુજરાતની પ્રજા સમક્ષ ઊભરી રહ્યા છે. જેઓ પુસ્તકો, સમાચારપત્રોના કટારલેખો અને કથા-પ્રવચનોના માધ્યમ મારફતે પોતાના વિચા-રોનો ફેલાવો કરી હિંદુ ધર્મનું પુનરુત્થાન કરવામાં પ્રયત્નશીલ છે. અત્રે, એમના વિચારોને શૂદ્રોની સમસ્યાના ખાસ સંદર્ભમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એમના આ વિચારો મુખ્યત્વે નીચે પ્રમાણેનાં પુસ્તકોમાંથી લીધા છે : (૧) વિધેયાત્મક બનીએ. (૨) ચાલો અભિગમ બદલીએ. (૩) આ છેલ્લી ટ્રેન છે. (૪) વિદેશ યાત્રાના પ્રેરક પ્રસંગો (૫) ભારતીય દર્શનો (૬) અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા (૭) મારા અનુભવો (૮) આપણે અને સમાજ.

સચ્ચિદાનંદના વિચારો

સચ્ચિદાનંદની મુખ્ય ચિંતા હિંદુધર્મને ટકાવી રાખવાની છે. તેઓ કહે છે તેમ 'મારા મસ્તિષ્કમાં હિંદુ પ્રજાની અધોગતિની વેદના છે. આ વેદના સકારણ છે.' તેઓના મતે હિંદુ ધર્મ હાલ 'કટોકટી' ની સ્થિતિમાં છે. જો તેમાં સમયને ઓળખીને યોગ્ય સુધારાઓ કરવામાં નિષ્ફળ જવાશે તો હિંદુ ધર્મનું અસ્તિત્વ ખતરામાં છે. સચ્ચિદાનંદના શબ્દોમાં હિંદુ ધર્મમાં પ્રવેશેલાં દૂષણોનું ધરમૂળથી નિકંદન કાઢીને જ હિંદુ ધર્મને બચાવી શકાશે. આ માટે પરધર્મીઓની નિંદા કરવા કરતાં વાસ્તવવાદી બનીને આંતરખોજ કરવા અને હિંદુ ધર્મમાં ક્રાંતિકારી ફેરફારો કરવા તેઓ સૂચવે છે.

હિંદુ ધર્મની હાલની અધોગતિનું મૂળ વર્ણપ્રથા છે, એમ સચ્ચિદાનંદ માને છે. તેઓ સાચે જ કહે છે. તેમ વર્ણવ્યવસ્થા મૂળમાં 'રાજકીય' વ્યવસ્થા હતી. જે મુઠ્ઠીભર સ્થાપિત હિતોની રક્ષા માટે વિશાળ પ્રજાને ચાલાકીપૂર્વક ધર્મ અને સંસ્કૃતિના રૂપાળા નામ હેઠળ શોષિત રાખવા માટે ઊભી કરવામાં આવી હતી. પરિણામ સ્વરૂપ, એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે જેમાં શૈક્ષણિક, રાજકીય, આર્થિક સંપન્નતા માત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પૂરતી મર્યાદિત રહી. બાકી વિશાળતર જનસમૂહ ધરાવતા શૂદ્રો (તથા સ્ત્રીઓ પણ) ને માટે લાચારી અને હડધૂતપણાની સ્થિતિમાં રહેવા સિવાય કોઈ વિકલ્પ નહોતો.

આવી પરિસ્થિતિમાં સચ્ચિદાનંદ ઊંચનીચની ભાવના વગરના વર્ણધર્મના આગ્રહી રહ્યા છે. તેઓ એવો હિંદુધર્મ લાવવા મથામણ કરે છે કે જેમાં કોઈ બ્રાહ્મણ ના હોય, કોઈ વૈશ્ય ના હોય, કોઈ શૂદ્ર ના હોય, કોઈ ચાંડાલ ના હોય પણ બધા માનવી હોય અને દરેકને પોતપોતાની પ્રતિભા વિકાસાવવાની સમાન તકો હોય. આ માટે તેઓ વર્ણાશ્રમ ધર્મને સ્થાને માનવલક્ષી ધર્મ અપનાવવાના આગ્રહી છે.

હાલમાં, હિંદુધર્મમાં શૂદ્રોની સ્થિતિ પ્રતિના વ્યવહારથી સચ્ચિદાનંદ વ્યથિત જણાય છે. તેઓ જણાવે છે કે '...હવે હિંદુ ધર્મનું રક્ષણ શૂદ્રો દ્વારા જ થવાનું છે. શૂદ્રોનું રક્ષણ કરશો તો જ બ્રાહ્મણનું રક્ષણ થશે.' આભડછેટના ખ્યાલોને કારણે હિંદુ પ્રજા વિભાજિત થતી રહી છે. જેથી આવા ખ્યાલોને પોષનારા મહંતો, આચાર્યો અને પુરાણો, મનુસ્મૃતિ જેવા ધર્મગ્રંથોની કડકપણે તેઓ ટીકા કરે છે અને સવર્ણોને શૂદ્રો પ્રતિ 'ઉદાર' વલણ અપનાવી 'હૃદય પરિવર્તન' કરવા શીખ આપે છે. આ માટે તેઓ હરિજનોને મંદિર તથા ઘરપ્રવેશ આપવાના, સહભોજન કરવાના તેમ જ આંતરજ્ઞાતીય લગ્નો કરવાના પણ હિમાયતી છે. તેઓ પોતે શૂદ્રોના વાસમાં જઈને કથા-પ્રવચન કરે છે. જાહેર પ્રવચનોમાં હરિજનોને બોલાવી તેમના હાથનો પ્રસાદ આરોગે છે. તેમને ત્યાં જમે છે. પાણી પીવે છે. આમ, અસ્પૃશ્યતાની નાબૂદી માટે શૂદ્રો પ્રત્યે સવર્ણોને વિધેયાત્મક બનવાના સચ્ચિદાનંદના પ્રયત્નો રહ્યા છે.

સચ્ચિદાનંદ જ્યારે દીન-દુઃખિયા, દરિદ્ર એવા શૂદ્રોને જુએ છે. ત્યારે તેમનું હૃદય ગ્લાનિથી ભરાઈ જાય છે. તેઓ યજ્ઞ, કુંભમેળા, સપ્તાહો, છપ્પનભોગો વગેરે ધાર્મિક પ્રસંગોમાં થતાં લખલૂટ ખર્ચા તેમ જ સોનાચાંદીથી ઊભરાતાં મંદિરોની મૂડીને સમાજલક્ષી બનાવવા કહે છે. ગરીબો માટે અન્નક્ષેત્રો, રુગ્ણાલયો, અનાથાશ્રમો ખોલવા તેમ જ સ્ત્રીઓને સોનાચાંદીના દહેજ કરતાં સ્વાશ્રયનો દહેજ આપવા શીખ આપે છે. આ બાબતનું પોતે પણ પાલન કરવાના પ્રયાસો આદર્યા છે. સૂઈગામ જેવા પછાત પ્રદેશનાં ગામોમાં જઈને દુષ્કાળપ્રસ્ત લોકોની મદદે રહી બનતી તમામ સેવાઓ તેમણે કરી છે. હાલમાં તેઓ પેટલાદ નજીક દંતાલી ગામે આશ્રમ સ્થાપીને લોકસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. જેમાં અન્નદાન, પુસ્તકાલય, પરબ, શાળા, સદાવ્રત, વૈદકીય સારવાર વગેરે પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થાને છે.

અસ્પૃશ્યતા નિવારણ સંબંધી ચર્ચા-વિચારણા

કરવામાં ઘણી ટ્રેનો ચૂકી ગયા છે એવો શબ્દપ્રયોગ સચ્ચિદાનંદ કરે છે. હજુ પણ સાચા ભાવ તથા સભાનતાથી પૂર્ણ નિર્ણયાત્મક ભૂમિકા તૈયાર કરીશું તો તેમાંથી બચી શકાશે એવી તેમને શ્રદ્ધા છે. આ કામ બ્રાહ્મણો થકી જ વધુ સારી રીતે થઈ શકશે એવું તેઓ માને છે. અને તેથી જ પોતે બ્રાહ્મણ હોવા છતાં પણ કટ્ટર મૂળભૂતવાદીઓનો ખોફ વ્હોરીને પણ હિંદુધર્મને જીવંત રાખવા માટેના યત્કિંચિત્ પ્રયત્નો કરી રહ્યા છે. જેમાં હિંદુધર્મના કલંક સમા અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય મોખરે છે.

તેઓના મતે હિંદુધર્મ સામેના કેટલાક પડકાર પૈકીનો એક મહત્ત્વનો પડકાર છે તે ઊંચનીચના ભેદો દૂર કરવાનો. જે સંબંધી સચ્ચિદાનંદના વિચારો તેમના નીચેનાં અવતરણો પરથી સ્પષ્ટ થશે. એક સ્થળે તેઓ નોંધે છે કે '...આ ઊંચનીચના ભેદો, આ અન્યાયકારી વર્ગો અને વર્ણોના ખાડાટેકરાને ધાર્મિક ક્ષેત્રમાંથી સમતલ બનાવવામાં નહિ આવે તો સદીઓથી ખાડામાં સબડતી પ્રજા ટેકરાઓના મથાળાને હચમચાવી મૂકશે. આ પછાત રખાયેલી પ્રજામાં ધાર્મિક અણગમો દિનપ્રતિદિન વધતો જશે અને અંતે તેનો વ્યાપ રાજકીય, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં પણ થશે. તેથી પ્રજા વચ્ચે વિદ્વેષ અને વેરઝેરની વૃત્તિ વધશે.' આ અંગે તેઓ ચેતવણી ઉચ્ચારે છે કે '...જો હજુ પણ શૂદ્રો, મહાશૂદ્રો તથા અત્યંજોને પૂરા ધાર્મિક હક્કો નહિ અપાય તો શૂદ્રો જ સ્વયં એક પડકાર ઊભો કરશે.' જેથી, 'ધાર્મિક સમાનતા' આપવાની શીખ સચ્ચિદાનંદ આપે છે. આ બાબતે તેઓ કહે છે, કે '...વિશ્વમાં આર્થિક, શૈક્ષણિક અને સત્તાકીય અસમાનતા તો રહેવાની જ પણ ઓછામાં ઓછું ધાર્મિક ક્ષેત્ર તો માનવ માટે સમાનતાનું ક્ષેત્ર હોવું જ જોઈએ.'

શૂદ્રોને થતો અન્યાય દૂર ન કરાશે તો તેઓ મોટી સંખ્યામાં ધર્માંતર કરશે એવી સચ્ચિદાનંદને ભીતિ છે. એક સ્થળે તેઓ નોંધે છે, '...જો શૂદ્રનું ઉત્પીડન હજુ પણ ધર્મના નામે ચાલુ રહેશે. અર્થાત્ તેમને અધિકારહીન માનવામાં આવશે તો એ દિવસ દૂર નથી જ્યારે પૂરો શૂદ્ર વર્ગ અત્યંત ઘૃણા સાથે હિંદુધર્મ છોડી દેવા તૈયાર થઈ જશે.' અને તે થકી તો હિંદુ ધર્મની પાયમાલી જ થશે. શૂદ્રોમાં પણ જાગરૂકતા આવતી જાય છે એવા તેમના અવલોકન સંબંધી અગમચેતી રૂપે તેઓ કહે છે, કે '...દલિતોમાં પણ ઘણા શિક્ષિતોએ વર્ણાશ્રમ ધર્મનું અધ્યયન કર્યું છે. મનુસ્મૃતિ જેવી સ્મૃતિઓ વાંચી છે. એ બધા દ્વારા તૈયાર થયેલો ધાર્મિક અને સામાજિક ઢાંચો તેમણે અનુભવ્યો છે. 'હવે ઢાંચામાં વધુ સમય તેઓ પડી રહેવા તૈયાર નથી.' વધુમાં એકલવ્યનું દૃષ્ટાંત આપતાં તેઓ ઉમેરે છે કે '...એકલવ્યના વંશજોની હવે આંખ ઊઘડવા માંડી છે. એમની આંખો ઊઘડે તે પહેલાં આપણે આપણી આંખો ઊઘાડીયે.' માછીમારનું ઉદાહરણ ટાંકીને તેઓ કહે છે કે '...લાંચ ખાનાર હિંદુ કરતાં માછલી ખાનાર હિંદુ ભૂંડો નથી. યાદ રાખજો કે હિંદુ નહિ રહે અને ધર્માંતર કરશે તો પછી પણ તે માછલી તો ખાવાનો જ છે પણ પછી તમારા બંગલામાં તમને શાન્તિથી રોટલી નહિ ખાવા દે. તમારે શાન્તિથી રોટલી ખાવી હોય તો ખારવાને અપનાવો. ધર્મ તથા સમાજમાં સન્માનપૂર્વક સહયોગી બનાવો.' શૂદ્રોની સંઘર્ષની તાકાતનું ભાન કરાવતા તેઓ ચેતવણી ઉચ્ચારે છે કે '...શક્તિનું સંતુલન હવે શૂદ્રોના હાથમાં ગયું છે. હજુ પણ જો તેઓને ધર્મ અને સમાજમાં યોગ્ય સ્થાન નહિ અપાય તો આવનારા દિવસો ઉપરની પ્રજા માટે અત્યંત હાનિકારક હશે.'

બીજી તરફ, શૂદ્રોને પણ ધર્માન્તર ન કરવાની ધરપત આપતાં તેઓ કહે છે કે '...તમે ધીરજ રાખજો, ઉતાવળા થશો નહિ, અન્યાયને આપણે દૂર કરીને જ જંપવાના. આવતા દિવસોમાં સૂર્ય તમારો છે. ચક્ર બદલાયું છે...તમે ધર્માન્તર ના કરશો. આવો, આપણે સૌ સાથે મળીને ખભેખભા મેળવીને દ્વિમુખી સંઘર્ષ કરીએ.' સંઘર્ષના કાર્યક્રમ બાબતે એઓ કહે છે કે

...એક તો, આપણા અંદરના સદીઓ જૂની અન્યાયપૂર્ણ વ્યવસ્થાના પુરસ્કર્તાઓને પડકારી તથા માત્ર અસ્પૃશ્યતા જ નહિ જીવનના પ્રત્યેક ક્ષેત્રના પ્રત્યેક અધિકાર માટે સમાનતાની ઈમારત ચણી આપણા હિંદુધર્મને બ્રાહ્મણ અને શૂદ્રના ભેદભાવ વિનાનો માત્ર માનવતાવાદી, સમાનતાવાદી, ભ્રાતૃભાવવાળો બનાવીએ. બીજી તરફ બાહ્ય દબાણો, આકર્ષણોથી આપણા ભાઈઓને સજાગ કરીએ. કોઈ આપણા અસ્તિત્વને ચાંદીના ટુકડાઓથી ખરીદી ના લે. કોઈ તલવારના જોરે દબાવી ના દે. કોઈ આપણા અજ્ઞાન દશામાં જીવતા ભોળા ભાઈઓના ભોળપણનો ખોટો લાભ ઉઠાવી ન લે.'

સચ્ચિદાનંદ માને છે કે હિંદુધર્મનું અસ્તિત્વ ટકી રહ્યું હોય તો તે પછાતવર્ગના સાધુસંતોને જ આભારી છે. હિંદુધર્મને જીવંત અને તેજસ્વી રાખવા માટે તેઓ રોહીદાસ જેવા પછાતવર્ગના વિદ્યમાન સંતોને શંકરાચાર્યની ધર્મગાદી પર બેસાડવા ભલામણ કરે છે. જો હાલની ઘડીએ શૂદ્રને બેસાડવાનું શક્ય ના હોય તો કમસેકમ ક્ષત્રિય કે વૈશ્યને બેસાડીને પણ બ્રાહ્મણવાદના એકાધિકારને હટાવવાના તેઓ આગ્રહી છે. જો આમ થશે તો એ દિવસ હિંદુધર્મ માટે સોનાનો દિવસ હશે અને ધર્માન્તરનાં કારણો ઘટી જશે એવો તેમને વિશ્વાસ છે.

તેઓ સદીઓથી હડધૂત થયેલાઓને 'પ્રાથમિકતાપૂર્વક શ્રેષ્ઠતા' આપવાનું કહેતાં જણાવે છે કે સદીઓ જૂના પક્ષપાત તથા અન્યાયને ચાલુ રાખીને હિંદુધર્મ બચી ના શકે. આવા સંજોગોમાં તત્કાળ પૂરતા સવર્ણોના હિતવિરુદ્ધ મનાતા એવા અનામતના પ્રશ્ન બાબતે સચ્ચિદાનંદ સમર્થક રહ્યા છે. જે નીચેના અવતરણમાં જોઈ શકાય. તેઓ લખે છે કે '...જો હજારો શંબુકોને તપ કરવાનો હક્ક મળ્યો હોત, ઋષિ, મુનિ, તપસ્વી, આચાર્ય વગેરે થવાની તક મળી હોત તો આજે આપણો આ સમાજ આટલી ઊંચનીચની ટેકરીઓ તથા ખાઈઓ વાળો ન હોત. સમાજમાં સમાનતા આવી હોત તો અનામતનો પ્રશ્ન જ ન હોત.' વધુમાં તેઓ ઉમેરે છે કે 'આ લોકસભા, વિધાનસભા વગેરે સ્થાનોએ તેમનો (શૂદ્રનો) અવાજ ઊઠી શકે માટે તેમને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જ જોઈએ. જો આવી અમાનત સીટો રાખવામાં આવી ન હોત તો કદાચ એક પણ દલિત માણસ આવા મહત્વના સ્થાને પહોંચી શક્યો ન હોત. આવી જ રીતે નિર્ગણાતી નોકરીઓમાં પણ તેમને આરક્ષણ મળવું જ જોઈએ. હજુ પણ જ્ઞાતિવાદની સૂગ એટલી ભયંકર છે કે આરક્ષણ વિના ભાગ્યે જ કોઈ નોકરીએ રાખવા તૈયાર થાય. ભૂતકાળની ઐતિહાસિક પરિસ્થિતિને વસ્તુમૂલક રીતે જોતાં હાલની અનામત પ્રથા વ્યાજબી હોવાનું પ્રસ્થાપિત કરતા ભારપૂર્વક તેઓ નોંધે છે કે '...ભૂતકાળમાં મનુસ્મૃતિ વગેરે ગ્રંથો જોવાથી અનુભવ થાય છે કે માતેલા સાંઢોને પ્રચુર વિશેષાધિકારો આપ્યા જ હતા. તો અત્યારે તો સમાજની દીનહીન, કંગાળ પ્રજાને થોડા સમય માટે કાંઈક વિશેષાધિકારો આપવાના હોય તો તે સમયોચિત જ ગણાય.'

હજુ શૂદ્રો પૂરી પ્રજામાં ઓતપ્રોત થઈ શક્યા નથી એ હકીકત સાથે સહમત થતાં સચ્ચિદાનંદ સવર્ણોમાં અનામતના પ્રશ્નોને કારણે ઉદભવેલા રોષની પણ યોગ્ય નોંધ લે છે. આ સંદર્ભે તેઓ કહે છે કે અવર્ણો (શૂદ્ર) પ્રત્યે પ્રાચીનકાળમાં થયેલ બેહદ અન્યાયનો બદલો તેમના વારસદારને ભોગવવો પડે તે ન્યાયી નથી. અસ્પૃશ્યોને મળનારા લાભો અત્યન્ત અયુક્તિક પણ ન હોવા જોઈએ કે જેથી વહીવટી તંત્ર તથા પ્રજાજીવનને ગંભીર ફટકો પડે. બંને ઘટકો વચ્ચે તીવ્ર તંગદિલી ન થાય તે રીતે વ્યવસ્થા થવી જોઈએ એવો મત સચ્ચિદાનંદ ધરાવે છે.

એક પુસ્તકના અંતે તેઓ અવર્ણો કાયમ માટે અવર્ણ ના રહે, તેમનું ઝડપથી સવર્ણીકરણ ના થાય અને પરસ્પર ઓતપ્રોત થઈ જાય તે માટેનાં ત્રણ સૂચનો કરે છે. જેમાં અવર્ણોએ (૧) સવર્ણોની અટક અથવા જ્ઞાતિદર્શક અટકો ના હોય તેવી અટકો ધારણ

કરવી (૨) વેશભૂષા બદલી નાંખવી (૩) સંરક્ષણ કાયદાનો વિશેષપૂર્વક ઉપયોગ કરવો. સવર્ણોએ, (૧) વર્ણવ્યવસ્થાનો સદંતર ત્યાગ કરી સમાનતાલક્ષી, માનવતાલક્ષી સનાતન ધર્મનો સ્વીકાર કરવો. (૨) વર્ણવ્યવસ્થા કે અકુદરતી ભેદોનો ત્યાગ કરી હિતકારી વાતોનું પુનઃમુદ્રણ કરવું (૩) ઉદાર માનવતાવાદી મહાપુરુષોની વાણીનું સમયોચિત સંકલન કરી તેનો પ્રચાર કરવો (૪)ધર્મના નામે રૂઢ થયેલા આચારોનો ત્યાગ કરવો (૫) અનામતની બાબતમાં નિશ્ચિત વર્ષો સુધી ધીરજ રાખવી (૬) અવર્ણોને મંદિર પ્રવેશ આપવો (૭) પૂરી હિંદુ પ્રજાને ધાર્મિક સમાનતા આપવી (૮) ધર્મગુરુઓ, કલાકારો, વ્યાખ્યાતાઓ તથા સંપ્રદાયના આચાર્યોએ સમગ્ર પરિસ્થિતિનો વિચાર કરીને પોતપોતાના અનુયાયી વર્ગમાં ધાર્મિક સુધારણાના આદર્શોનો પ્રચાર કરવો.

મૂલ્યાંકન

આજે જ્યારે બૌદ્ધિકો 'રાષ્ટ્રવાદ'ને પણ સંકુચિતતાની નિશાની ગણતા હોઈ ત્યારે સચ્ચિદાનંદની હિંદુ ધર્મનું (મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મના હરીફ તરીકે) પુનરુત્થાન કરવાની વાત બેહૂદી અને અર્થહીન જરૂર લાગે. આમ છતાં બીજી તરફ મૂળભૂતવાદી ધર્મગુરુઓ ખુલ્લેઆમ વર્ણપ્રથાના કડક અમલના આગ્રહી હોય, સતીપ્રથાને અનુમોદન આપતા હોય, હરિજનોના મંદિર પ્રવેશનો નિષેધ ફરમાવી અસ્પૃશ્યતાના કલંકને ઉત્તેજન આપતા હોય, તેથી પરિસ્થિતિમાં સચ્ચિદાનંદ જેવા ઉદારમત મૂળભૂતવાદી (liberal fundamentalist) ધર્મગુરુઓ (હિંદુધર્મ સીમિત પણ) પ્રગતિશીલ (progressive) જરૂર લાગે. જેઓ સ્ત્રીઓને કે શૂદ્રોને થતા અન્યાયો, ચમત્કારો, અંધશ્રદ્ધા, કુરૂઢિઓ સામે જેહાદ જગાવે. યજ્ઞો, હોમહવનો પાછળ થતા લખલૂંટ ખર્ચાઓને માનવલક્ષી બનાવવા સમજાવે. શ્રમિકોને સ્વમાન મળે તે માટેના પ્રયત્ન કરે. ડૉક્ટરો, શિક્ષકો, વકીલોને સમાજાભિમુખ થવા કહે વગેરે બાબતો પ્રશંસાને પાત્ર જ હોઈ શકે. અને ખાસ કરીને જ્યારે અન્ય ધર્મગુરુઓ સ્વહિતમાં રાચતા રહે અને પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે તેવે સમયે લોકોને સમાજલક્ષી બનાવવાના સચ્ચિદાનંદની પ્રતિબદ્ધતાના પ્રયાસો સ્તુત્ય છે જ. પણ સવાલ એ મહત્ત્વનો છે કે સચ્ચિદાનંદ જે પ્રકારે સમાજ-પરિવર્તન લાવવા મથે છે તે રીતે તેમાં પરિવર્તન લાવી શકાશે ખરું? આ બાબત શૂદ્રના ઉદાહરણથી સમજીશું. અત્રે યાદ રહે કે સચ્ચિદાનંદ શૂદ્રોની વ્યાખ્યામાં હરિજન, આદિવાસી, માછી, કોળી જેવી પછાત જાતિનો પણ સમાવેશ કરે છે.

સચ્ચિદાનંદનાં લખાણો પરથી એ બાબતની પ્રતીતિ થાય છે કે તેઓ 'ધાર્મિક સુધારા'ને કેન્દ્રમાં રાખીને સમાજ-પરિવર્તન કરવાના પ્રયત્નો કરે છે. મારા મતે, સચ્ચિદાનંદની ધાર્મિક સુધારાની વાત નવી નથી. કરુણાથી પ્રેરાઈને છેક ભગવાન બુદ્ધના વખતથી આવા સુધારણાના પ્રયત્નો થતા આવ્યા છે. તેમાંય ૧૮મી સદીના ઉત્તરાર્ધ પછી તો આવા તૂટક તૂટક અવિરત પ્રયત્નો થયાનો ઇતિહાસ સાંપડે છે. આ બાબતે રાજા રામ મોહન રાય, સહજાનંદ સ્વામી, વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી શ્રદ્ધાનંદ, કબીર, ગુરુનાનક, મહાપ્રભુ ચૈતન્ય, સંત તુકારામ, સ્વામી રામદાસ, રામાનુજ, એકનાથ, રામાનંદ, રવિદાસ, નામદેવ, સુરદાસ, હરિરાજ વ્યાસ, નરસિંહ મહેતા, લોકમાન્ય તિલક, જ્યોતિરાવ ફુલે, મહાદેવ ગોવિંદ રાનડે, લાલા લજપતરાય, મહર્ષિ કર્વે, ઠક્કર બાપા, ગાંધીજી વગેરેનાં નામો ઉલ્લેખનીય છે.

આટઆટલા પ્રયત્નો પછી પણ એની અસર પોતપોતાના શિષ્યો કે સંપ્રદાયો પૂરતી સીમિત રહેવા પામી છે. અને એથી જ સચ્ચિદાનંદ જેવા ધર્મગુરુઓને સ્થાપિત હિતોનો ખોફ વ્હોરીને પણ જાહેરમાં આજે લડત આપવી પડે તે હકીકત છે. આમ કેમ બન્યું? શા માટે શૂદ્રોના સામાજિક મોભામાં જાજો ફરક પડ્યો નહિ? શા માટે તેઓ આજે પણ ધર્મ પરિવર્તન કરવાને મજબૂર બને છે? શા માટે ૨૦મી સદીને આરે પણ સ્ત્રીઓ નિઃસહાય અને લાચારીની સ્થિતિમાં જીવે છે?

મારી દૃષ્ટિએ પ્રવર્તમાન ભારતીય સમાજ વ્યવસ્થામાં શૂદ્રો વિરુદ્ધ સવર્ણો (કે સ્ત્રીઓ વિરુદ્ધ પુરુષો)ની જ્યારે દરજ્જા વિષયક તુલના કરીએ ત્યારે શૂદ્રો જન્મજાત આભડછેટના પવિત્ર-અપવિત્ર ખ્યાલોથી સામાજિક અને નૈતિક બાબતોમાં જ માત્ર પછાત નથી. પણ સાથોસાથ, આર્થિક, શૈક્ષણિક રાજકીય જેવી સાંપ્રદાયિક બાબતોથી પણ પછાત છે. બહુજન શૂદ્રો જમીન વિહોણા (તેમ સ્ત્રીઓના નામે મિલકત હોતી નથી. કહેવાતી 'સ્વેચ્છા'ના નામે સ્ત્રીઓને પિતૃપક્ષની મિલકતમાં હિસ્સો અપાતો નથી તેમ જ શ્વસુરપક્ષે પણ મિલકત આપવા બાબતે કુટુંબના એક સભ્ય તરીકે તેની અવગણના કરવામાં આવે છે.) અથવા નાના અને સીમાન્ત ખેડૂતો છે. પૂરતા શિક્ષણના અભાવે તેઓને ઓછી ઊપજ આપનારા વ્યવસાયમાંથી ગુજારો કરવાની ફરજ થઈ પડે છે. આંકડાકીય માહિતી આ બાબતની પૂર્તિ કરે છે. જેમકે ગુજરાતના બધા જિલ્લાઓને આવરી લેતાં ૧૦૦ ગામોના એક સેમ્પલ સર્વે પ્રમાણે ખેત આધારિત કુટુંબોમાંથી પાટીદારોના ૭૫ ટકા કુટુંબો પાસે પાંચ એકરથી વધારે જમીન છે. કોળીઓમાં આવાં કુટુંબો ૩૪ ટકા, હરિજનોમાં ૩૧ ટકા અને આદિવાસીઓમાં ૨૩ છે. પછાત સમૂહના ત્રીજા ભાગનાં કુટુંબો ખેતમજૂરી અને બીજી મજૂરી પર આધાર રાખે છે તેની સામે પાટીદારના ૭ ટકા, વાણિયાના ૫ ટકા અને બ્રાહ્મણના ૪ ટકા લોકો મજૂરી કરે છે. શિક્ષણ બાબતે ૧૪ ટકા વાણિયા, ૧૪ ટકા બ્રાહ્મણ અને ૧૨ ટકા ઉપલી જ્ઞાતિની કુટુંબોમાંથી કમસેકમ એકાદ વ્યક્તિને કોલેજનું શિક્ષણ મળ્યું છે જ્યારે કોળીઓમાં ફક્ત ૨ ટકા કુટુંબોમાંથી કોઈએક કે વધારે વ્યક્તિ કોલેજ સુધી શિક્ષણ મેળવી શકી છે. આવા જ આંકડાઓ સ્ત્રીઓની બાબતે મળે છે. આખા જગતમાં કુલ શ્રમનો ૨/૩ હિસ્સો સ્ત્રીઓ કરે છે. જ્યારે કુલ વેતનનો ફક્ત ૧/૧૦ હિસ્સો અને મિલકતમાં ફક્ત ૧/૧૦૦ મો હિસ્સો સ્ત્રીઓના ફાળે જાય છે.

આમ, પૂરતા શિક્ષણના અભાવે બહુસંખ્યકી એવા નાના-સીમાન્ત કે જમીનવિહોણા શૂદ્રોને મિલકત ધરાવનાર ઉપલી જ્ઞાતિના લોકો પર નિર્ભર રહેવું પડે છે. જે અંતે શોષણ અને લાચારીમાં પરિણમે છે. સાધનસંપન્ન ઉપલી જ્ઞાતિના (અને સ્ત્રીઓની બાબતમાં પુરુષો) શૂદ્રો/સ્ત્રીઓના શ્રમથી ઉત્પન્ન થયેલ અતિશેષ (surplus) પોતે એકલા હડપ કરી જતા હોવાને લીધે સાધનવિહોણાં શૂદ્રો/સ્ત્રીઓના ભોગે માલેતુજાર થતા રહ્યા છે. આ શોષણનો ચરખો અવિરત ચાલુ રહ્યા છે.

આમ, શૂદ્રો અને સવર્ણોના સંબંધો હાલની ભારતીય સમાજ અર્થવ્યવસ્થામાં ફક્ત જ્ઞાતિ કોટિક્રમ આધારે જોવાથી સંપૂર્ણ તથ્યમૂલક (objectively) પરિસ્થિતિ ફલિત થતી નથી. આ બાબતે આર્થિક અને રાજકીય એવી સાંપ્રદાયિક બાબતો પણ જો અગત્યની છે.

એથી જ, ભારતીય શૂદ્રોનો સામાજિક મોભો વધારવાની વાત આવે ત્યારે માત્ર નૈતિક બાબતોના સુધારણાથી જ સંતોષ માનવો પૂરતો નથી પણ શૂદ્રો આર્થિક અને સત્તાકીય બાબતોમાં અધિકારયુક્ત (empowered) બને તે આવશ્યક પૂર્વશરત છે. આમ બને તો જ શૂદ્રો હિંદુધર્મમાં પણ માનભર્યું સ્થાન પામી શકે અને ટકી રહે. આપણી સમક્ષ રોબર્ટ હાર્ટગ્રેવનો તામિલનાડુના તાડ છેદનારા નાદર અસ્પૃશ્યોનો અને એ અધ્યયનનો કેરળના ઈરાવાઝ નામ અસ્પૃશ્યોના અનુભવજન્ય અભ્યાસો મોજૂદ છે જે હકીકત પ્રસ્થાપિત કરે છે કે અસ્પૃશ્યોની આર્થિક અને રાજકીય સ્થિતિમાં સુધારો થતાં તેઓ સફળતાપૂર્વક હિંદુસમાજમાં ઊર્ધ્વગતિ (upward mobility) કરી પોતાનો સામાજિક મોભો સુધારી શક્યા હતા.

ટુંકમાં, સચ્ચિદાનંદ જે પ્રકારે હિંદુધર્મમાં માનવતાવાદી દૃષ્ટિકોણ અપનાવી 'ધાર્મિક સુધારણા' કરી શૂદ્રોને હિંદુધર્મમાં ટકાવી રાખવા માટે મથામણ કરે છે તે ઇચ્છનીય છે પણ 'પૂરતો' નથી. બીજા શબ્દોમાં કહીએ તો સચ્ચિદાનંદના સમાજ પરિવર્તનની વિચારધારા અને નીતિકાર્યક્રમો બાબતે સંપૂર્ણપણે નહિ

અર્થાત્

પણ આંશિકપણે સહમત થઈ શકાય તેમ છે.

બીજી બાબત, સચ્ચિદાનંદ ધર્માન્તર થયેલ શૂદ્રો પરધર્મમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે એમ કહે છે તે અંગે પણ વધુ સંશોધનને અવકાશ છે. શું આર્થિક અને રાજકીય સ્થિતિ યથાવત્ રાખીને માત્ર ધર્મ–પરિવર્તન કરવાથી શૂદ્રોની મૂળ સમસ્યા હલ થાય છે ખરી? જો ખરેખર ધર્માંતરિતોની સમસ્યા હલ થતી હોય તો શા માટે ફરી તેઓ હિંદુધર્મમાં આવવા મથામણ કરે છે? એનું આશ્ચર્ય સહેજે થાય. આ બાબતે કે. સી. એલેકઝાન્ડરનો અભ્યાસ આંખ ઉઘાડનારો છે. તેમણે કરેલ અભ્યાસમાં ઉપલી જ્ઞાતિના ધર્માંતરિત થયેલ સરીયન ખ્રિસ્તીઓ કે જેઓ ઉપલી જ્ઞાતિના હતા એટલું જ નહિ વધુ શિક્ષિત, વધુ જમીન ધરાવનારા હતા. ઉપરાંત તેઓમાંના કેટલાક વ્હાઈટ કોલર જોબમાં પણ રોકાયેલા હતઓ તો અસ્પૃશ્યોમાંથી ધર્માંતરિત થયેલા પુલીયન ખ્રિસ્તીઓ કે જેઓ એક સમયે સરીયનોના ગુલામ (slave) હતા, અભણ હતા, તેમની સાથે એક થઈ શક્યા નહિ. આમ બે જૂથો વચ્ચે ધર્માંતર પછી પણ સામાજિક સુમથન (integration)નો અભાવ વર્તાતો હતો, જે તેઓની સામાજિક અને અન્ય બાબતોમાં વ્યક્ત થતો હતો. રસપ્રદ બાબત તો એ હતી કે ધર્માંતરિત થયેલ પુલીયનોમાં પણ જેઓ શિક્ષણ, જમીન, ધંધાકીય વગેરે સાંપ્રદાયિક બાબતોમાં ચઢિયાતા હતા. તેઓએ ઉપલી જ્ઞાતિના સરીયન ખ્રિસ્તીઓ સાથે હળીભળી શકવામાં ખાસ વાંધો અનુભવ્યો નહોતો. અત્રે, કહેવાનું તાત્પર્ય એટલું જ કે આજકાલ સવર્ણો અને અવર્ણો વચ્ચે સામાજિક સંબંધો વધારવા માટે જન્મજાત અર્પિત દરજ્જા (ascribed status) કરતાં તેની પાસેની ધનસંપત્તિ, સત્તા, શિક્ષણ, માનવંતી નોકરી વગેરે અર્જિત દરજ્જા (achieved status)નું નવું સમીકરણ દાખલ થઈ રહ્યું છે.

આમ, સચ્ચિદાનંદની અટક કે વેશભૂષા બદલવાથી કે ઉદાર વલણો અપનાવવાથી શૂદ્રોની સામાજિક સ્થિતિમાં સુધારો કરી શકાશે એ વાતમાં મને ઝાઝી પ્રસ્તુતતા જણાતી નથી.

ત્રીજી ઉલ્લેખનીય બાબત એ છે કે પ્રથમ નજરે સચ્ચિદાનંદ ઉદ્દામ (radical) કહી શકાય તેવો સામાજિક અભિગમ ધરાવતા હોય તેવી છાપ ઊભી થાય છે. કદાચ, આવા જ કારણોસર તુલસીભાઈ પટેલ જેવા વિદ્વાનો તેમને 'ક્રાંતિકારી સાધુ' તરીકેની ઉપમા આપે છે. પણ મારી દૃષ્ટિએ સચ્ચિદાનંદનાં લખાણો પરથી એવું લાગે છે કે તેઓ 'સમાજ સુધારક' તરીકેના જ ખ્યાલો ધરાવે છે. અત્યાર સુધી સચ્ચિદાનંદ સમન્વયકારી 'કલ્યાણમય' અભિગમના પ્રણેતા રહ્યા છે. તેઓ વર્ગસંઘર્ષના નહિ પણ વર્ગમેળના ચાહક છે. ઉત્પાદનના સંબંધો અકબંધ રાખીને નૈતિક સુધારણાના જોરે સવર્ણો અને શૂદ્રો વચ્ચે 'ભ્રાતૃત્વ' વધારવાના તેમના અહિંસક સમજાવટના પ્રયત્નો ભારતીય અર્થવ્યવસ્થાના સંક્રમણ કાળમાં કેટલે અંશે સફળ થશે તે તો સમય જ કહેશે.

છેલ્લે, શંકરાચાર્યની ગાદી પર બ્રાહ્મણને સ્થાને શૂદ્રને બેસાડવાની વાત પણ તાર્કિક દૃષ્ટિએ વિચારીએ તો બહુ જચે તેવી નથી. એક હરિજન ખેત-મજૂરને ગામનો સરપંચ બનાવવાથી ગામના સમગ્ર હરિજનોના સામાજિક મોભામાં શો ફરક પડશે? મૈક્કીમ મેરીયેટ સંપાદિત એક પુસ્તકના 'ધ ચેઈન્જીંગ સ્ટેટસ ઓફ એ ડીપ્રેસ્ડ કાસ્ટ' નામક લેખમાં એ સિદ્ધ થયું છે કે આર્થિક રીતે ઉપલી જ્ઞાતિના જમીનદારો પર નિર્ભર એવા હરિજન ખેત-મજૂરોએ મેળવેલા રાજકીય હક્કો પણ તેઓ સફળતાપૂર્વક લાંબો વખત ભોગવી શક્યા ન્હોતા.

આમ, આર્થિક સ્વતંત્રતા જ્યાં સુધી ન આવે ત્યાં સુધી શૂદ્રોના સામાજિક મોભામાં ઝાઝો ફેર પડવાનો નથી એ નિર્વિવાદ છે.

ટૂંકમાં, એવું કહી શકાય કે શૂદ્રોની સમસ્યા નિવારણ માટે મંદિર પ્રવેશ, આંતરભોજન, આંતરજ્ઞાતિય લગ્નો વગેરેની સાથોસાથ આર્થિક અને રાજ-

કીય બાબતોમાં પણ સુધારો અત્યંત આવશ્યક છે. આ માટે ખેતીની જમીન, લઘુતમ વેતન, નોકરી-શિક્ષણમાં અનામત, રોસ્ટર પ્રથાનો લાભ વગેરે શૂદ્રો તેમ જ સ્ત્રીઓને મળે તે જરૂરી છે. આર્થિક સ્વતંત્રતાની સાથોસાથ પંચાયત, સહકારી મંડળીઓ, શૈક્ષણિક જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઉપલી જાતિઓના ઈજારાશાહીને સ્થાને શૂદ્રો/સ્ત્રીઓને (position) આપવાના પ્રયત્ન થવા જોઈએ. અર્થાત્ સચ્ચિદાનંદ જે પ્રકારે સહજપણે વિશ્વમાં આર્થિક, શૈક્ષણિક અને સત્તાકીય અસમાનતા તો રહેવાની જ એમ માનીને તેના પ્રત્યે દુર્લક્ષ સેવે છે તે અંગે પ્રયત્ન કરવા મારી દૃષ્ટિએ તાકીદની જરૂરિયાત છે. નહિતર મને ભય છે કે માત્ર 'નૈતિક મૂલ્યો' થકી માનવતાવાદી દૃષ્ટિકોણથી શૂદ્રોનો 'સામાજિક મોભો' સુધારવાનો સચ્ચિદાનંદનો એક વધુ પ્રયત્ન 'અધૂરો' પુરવાર થશે. મારો આ ડર અત્યાર સુધીના સમાજસુધારણાના પ્રયત્નોના અનુભવના નિચોડ રૂપે છે જે સૂચક છે, માટે ધ્યાનમાં લેવો ઘટે.

સંક્ષિપ્ત પુસ્તક–પરિચય

(૧) રાજ્યશાસ્ત્ર-વિજ્ઞાનમાં સંશોધન પદ્ધતિઓ

લેખક : હરબન્સ પટેલ

(યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૮૯, પાનઃ ૨૩૪, મૂલ્ય : ૩. ૨૬)

રાજ્યશાસ્ત્ર વિષયમાં સંશોધન પદ્ધતિઓ અંગેનું ગુજરાતી ભાષામાં આ પ્રથમ પુસ્તક છે, જે કુલ સાત પ્રકરણોમાં વિભાજિત થયેલું છે. પુસ્તકના પ્રારંભમાં લેખક રાજ્યશાસ્ત્રની વિવિધ વિભાવનાઓ તથા રાજ્યશાસ્ત્રમાં સંશોધન અંગેના સિદ્ધાંતો વર્ણવે છે. પછીનાં પ્રકરણોમાં સંશોધન આયોજન, સંશોધન પદ્ધતિઓ, સંશોધનમાં પ્રયોજાતી આંકડાશાસ્ત્રીય રીતો તથા એકત્ર માહિતીના વિશ્લેષણની પદ્ધતિઓ અંગે વિગતે સમજ આપવામાં આવી છે. અંતિમ ભાગમાં, સંશોધન માટેની નમૂનારૂપ પ્રશ્નાવલિઓ પણ સમાવિષ્ટ થઈ છે.

(૨) દલિતો, લઘુમતીઓ અને બિનસાંપ્રદાયિકતા

સંપાદક : બોધિરાજકુમાર

(ગુજરાત ખેત વિકાસ પરિષદ, પાન ૬૪)

આ પુસ્તકમાં કુલ ચાર લેખો સંગ્રહિત થયેલા છે. જે પૈકીના બે મૌલિક લેખો 'બિનસાંપ્રદાયિકતા' તથા 'કોમવાદ અને ગુજરાત' ખુદ સંપાદક દ્વારા લખાયા છે. પુસ્તિકામાં સમાવિષ્ટ અન્ય બે લેખો વી.ટી. રાજશેખરનો 'અમાનવીય' (અનુવાદ : બોધિરાજકુમાર) તથા પ્રેમકુમાર મણિનો 'ઈતિહાસના હાંસિયામાં હરિજનો' (અનુવાદ : મુકેશ ખત્રી) છે. પુસ્તિકાનું આમુખ જાણીતા કર્મનિષ્ઠ રાજકારણી ઝીણાભાઈ દરજીએ લખ્યું છે.

(૩) દલિત સાહિત્યની પ્રભાવી કૂચ

ચંદુ મહેરિયા

(ગુજરાત ખેત વિકાસ પરિષદ, પાન ૨૮)

ગુજરાતના જાણીતા દલિત સાહિત્યકાર શ્રી ચંદુ મહેરિયાએ આ પુસ્તિકામાં ૧૯૮૭માં હૈદરાબાદ ખાતે યોજાયેલી પ્રથમ ઓલ ઈન્ડિયા દલિત રાઈટર્સ કોન્ફરન્સનો અહેવાલ રજૂ કર્યો છે. પુસ્તિકાને લેખકે ત્રણ વિભાગમાં વિભાજિત કરી છે. પહેલા ભાગમાં હૈદરાબાદનો ઈતિહાસ આલેખાયો છે. બીજા ભાગમાં કોન્ફરન્સમાં પધારેલ ટોચના દલિત સાહિત્ય-

અર્થાત્

સંશોધન ક્ષેત્રે....

['અર્થાત્'ના વાચકોનો એક વર્ગ સમાજવિજ્ઞાનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોનો છે. આમાંના ઘણાને સમાજવિજ્ઞાનમાં ચાલતાં સંશોધન અને બીજી પ્રવૃત્તિઓ વિષે જાણવાનો રસ છે અને તે અંગે તેઓ અમોને અવારનવાર લખે છે. સમાજ વિજ્ઞાન ક્ષેત્રમાં ચાલતી પ્રવૃત્તિની માહિતી સૌને મળે તે માટે આ વિભાગ અમે શરૂ કરીએ છીએ. આ વિભાગમાં પ્રવૃત્તિ સમાચાર મોકલાવા માટે સૌને હાર્દિક આમંત્રણ છે. —સંપાદક]

સંશોધન સમાચાર

ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદ

સને ૧૯૬૯માં ભારત સરકારે 'ઇન્ડિયન કાઉન્સીલ ઓફ સોશ્યલ સાયન્સ રીસર્ચ' (આઈ. સી. એસ. એસ. આર.) નામક સ્વાયત્ત સંસ્થાની સ્થાપના કરી હતી 'જેને ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદ' પણ કહેવામાં આવે છે. એના ઉદ્દેશો નીચે મુજબ છે.

- સમાજ વિજ્ઞાનના સંશોધન ક્ષેત્રની પ્રગતિની સમીક્ષા કરવી.
- સમાજ વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ અને વ્યક્તિઓને સંશોધન ક્ષેત્રે પ્રોજેક્ટ અને વહીવટી કામ માટે નાણાંકીય સહાય આપવી.
- સમાજ વિજ્ઞાનનાં ઉપેક્ષિત અને નવીનતમ ક્ષેત્રોના વિકાસને આગળ ધપાવવાના પ્રયત્નો કરવા.
- સમાજ વિજ્ઞાનના સંશોધનમાં પ્રવૃત્ત એવી સંશોધનસંસ્થાઓ અને સામાયિકોને નાણાંકીય મદદ આપવી.
- સંશોધન માટે જરૂરી માર્ગદર્શન અને સંશોધન પદ્ધતિ (Methodology) અંગે તાલીમ આપવી.
- સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરી આંતરવિદ્યાકીય (inter-disciplinary) સંશોધનને પ્રોત્સાહન આપવું.
- 'ડોકયુમેન્ટેશન સેન્ટરો'ની સેવાઓ વિકસાવવી.
- પરિસંવાદો, કાર્યશાળા અને અભ્યાસ વર્તુળો (study groups)ના આયોજન, અભિવર્ધન (sponser) વગેરે માટે નાણાંકીય સહાય પૂરી પાડવી.
- સમાજ વિજ્ઞાનનાં સામાયિકો અને પુસ્તકોના મુદ્રણ માટે સહાય કરવી અને પ્રકાશન કાર્ય હાથ ધરવું.
- ભારતસરકારને સમાજવિજ્ઞાન સંશોધન અંગેની તમામ બાબતોમાં વખતોવખત સલાહસૂચનો આપવાં.
- સમાજ વિજ્ઞાનના સંશોધન અને તેની ઉપયોગિતા માટે જે તે સમયે જરૂરી એવાં પગલાં લેવાં.

સમાજ વિજ્ઞાનના જુદાં જુદાં ક્ષેત્રો જેવાં કે અર્થશાસ્ત્ર, શિક્ષણ, ભૂગોળ, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, જાહેર વહીવટ, સમાજશાસ્ત્ર, માનવ

નૃવંશ શાસ્ત્ર, આંતરરાષ્ટ્રીય સંબંધો વગેરે અથવા આ વિષયોના આંતર વિદ્યાકીય ક્ષેત્રોને લગતા સંશોધન અંગેની દરખાસ્તોને કાઉન્સીલ નાણાકીય અને બીજી સહાય કરે છે. સમાજ વિજ્ઞાનમાં સંશોધન કરતી સંસ્થાઓ; તથા પીએચ. ડી. કરવા માટે નાણાંકીય અનુદાન આપે છે. કાઉન્સીલની અન્ય પ્રવૃત્તિઓ અને ફેલોશીપ અંગે હવે પછીના અંકમાં ક્રમશઃ જોઈશું. કાઉન્સીલમાંથી માહિતી મેળવવા નીચેના સરનામે અંગ્રેજી કે હિન્દીમાં પત્રવ્યવહાર કરવો.

Member secretary
Indian council of social
science Research
35 Ferozshah Road
New Delhi 110 001

સંશોધન અભ્યાસો

(૧) શહેરી વિસ્તારમાં જાહેર સવલતો : સુરતનો કિસ્સો

વીજળી, પાણી અને વાહનવ્યવહારની એમ મુખ્યત્વે ત્રણ સવલતો બાબતોમાં જે શહેરી વિસ્તારોમાં અસમાન વહેંચણી થઈ છે તેને સમજવાના હેતુથી આ અભ્યાસ કરવામાં આવ્યો હતો. જે ગુજરાતના સુરત શહેરને અનુલક્ષીને કરાયો છે. શહેરના વિવિધ પ્રકારના લત્તાઓની અંદરોદર અને લત્તાઓ વચ્ચે આ સેવાઓના વિતરણને કેન્દ્રમાં રાખવા સાથે આ સવલતોના પ્રકાર અને ગુણવત્તા બાબતે લોકોના અભિપ્રાયોનું પૃથક્કરણ કરીને સવલતોની કાર્યાત્મકતા (functionality) પર ભાર મુકાયો હતો. શહેરમાં વધતી જતી વસ્તીસંખ્યાની ઘટ્ટતા (density)ની ભાત (pattern)માં થતા ફેરફારને પરિણામે પાયાની સવલતો પર તેના થકી વધતાં જતા દબાણનો પણ તેમાં ખ્યાલ કરાયો હતો. પ્રાથમિક તેમ જ ગૌણ એમ બંને પ્રકારની માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક માહિતી કૌટુંબિક એકમના સ્તરે એકત્રિત કરાઈ હતી. શહેરના વિવિધ લત્તાનાં ૪૦૪ ઘરોની માહિતી મેળવાઈ હતી. આ કુટુંબો પસંદ કરતી વેળા કર (tax) ભર્યાની રકમ અને જમીન ધારણના લક્ષણને ધ્યાનમાં લેવાયાં હતાં. અભ્યાસ પરથી એવું ફલિત થયું છે કે મહદ્અંશે ઊંચી અને મધ્યમ આવક ધરાવનાર જૂથો સવલતોની બાબતે વધુ સારી સ્થિતિમાં મુકાયેલાં છે. જો કે આંતરજૂથ તફાવતો બાબતે કોઈ ચોક્કસ ભાત મળતી નથી. નિમ્ન આવક ધરાવતા વિસ્તારોમાં ગણનાપાત્ર સંખ્યાના અને ઝૂંપડપટ્ટીમાં રહેતા લગભગ બધાં જ ઘરોમાં કેટલીક સવલતો નહિવત્ ઉપલબ્ધ હતી. શહેરનાં તમામ જૂથના મોટાભાગના લોકોએ શહેરની જાહેર એસ. ટી. બસ વ્યવસ્થા સૌથી નબળી હોવાનું જણાવ્યું હતું. સુરત શહેરના સંદર્ભમાં સંબંધિત સેવાઓને સુધારવા માટે કેટલાંક સૂચનો પણ અભ્યાસમાં કરાયાં છે. આ અભ્યાસ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના બિસ્વરૂપદાસ દ્વારા તૈયાર કરાયો છે.

(૨) સરદાર સરોવર (નર્મદા) યોજનાના વિસ્થાપિતોનું નવી વસાહતના સ્થળે શરૂઆતનું સુચયન (integration)

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરતને નર્મદા બંધ યોજનાના વિસ્થાપિતોના પુનઃવસવાટ અને પુનઃસ્થાપના કાર્યક્રમની દેખરેખ અને મૂલ્યાંકન (monitoring and evaluation)નું કામ ગુજરાત સરકારે સોંપેલ છે. દર ૭ માસના અંતે સરકારને

સુપ્રત કરાતા હેવાલમાં અત્યાર સુધી છ અહેવાલો અપાયા છે. છઠ્ઠા ક્રમાંકનો હેવાલ સેન્ટરના અર્જુન પટેલે ઉપરોક્ત મથાળા હેઠળના વિષયમાં તૈયાર કર્યો છે.

આ અભ્યાસમાં સરકારે પ્રથમ તબક્કામાં પુનઃવસવાટ કરાવેલ કેટલાંક ગામો પૈકી પાંચ ગામોને નમૂનારૂપ પસંદ કરીને અનેકવિધ પદ્ધતિઓ દ્વારા માહિતી મેળવીને પૃથક્કરણ કરી ઉપયોગમાં લીધી છે. ગામો પસંદ કરતી વેળા સુમયનના મુદ્દાને અસરકર્તા બાબતો જેવી કે નવી વસાહત અને ડૂબમાં જતાં ગામનું અંતર, નવી વસાહત અને યજમાની (host) ગામનાં કુટુંબોની સંખ્યા, સામાજિક જૂથોનો કોટિક્રમ, વસવાટનો પ્રકાર, પુનઃવસવાટ કાર્યોનું વર્ષ વ. બાબતો ધ્યાનમાં લેવામાં આવી હતી. બધી ગળીને ૧૯૬ વ્યક્તિઓની મુલાકાત લેવાઈ હતી. જેમાંથી ૧૪૩ પુરુષો અને ૫૩ સ્ત્રી ઉત્તરદાતા હતાં. ઈન્ટરવ્યૂમાં નવી વસાહતના અસરગ્રસ્તોના સમાજ જીવનની નાની-મોટી બાબતો એંથ્રોપોલોજીકલ રીતે મેળવી હતી.

પુનઃવસવાટના સ્થળે સામાજિક સુમયન માટે શી સ્થિતિ પ્રવર્તે છે? કઈ કઈ બાબતે અસરગ્રસ્તો સુમયિત થઈ ગયા છે? કઈ કઈ બાબતોમાં સુમયિત થયાં નથી? સુમયિત થયાં ન હોય તેવી બાબતોમાં સુમયન માટેનો ઉકેલ શો? વ. પ્રશ્નો અભ્યાસમાં આવરી લેવાયા છે.

(૩) મધ્ય ગુજરાતના હિન્દુ અને ખ્રિસ્તી વણકરોનો તુલનાત્મક અભ્યાસ

સદરહુ અભ્યાસમાં નીચે મુજબના પ્રશ્નોની ત[illegible] કરવામાં આવી છે. બૃહદ હિંદુ સમાજમાં ધર્માંતરિતો કઈ રીતે જીવે છે અને વર્તે છે? કેટલી હદે ધર્માંતરે તેમના આર્થિક, રાજકીય અને કાયદાકીય ક્ષેત્રોમાં જીવનપ્રણાલી અને વર્તણૂંકમાં ફેરફાર આણ્યો છે? ધર્માંતરિતોમાં માળખાકીય સાતત્ય અને બિનસાતત્ય છે? તેઓમાં સાંસ્કૃતિક પરિવર્તનો કેવાં છે? ધર્માંતરિત થયેલાઓના સ્ત્રી સભ્યોના દરજ્જામાં કેટલી હદે ફેરફાર થયો? ધર્માંતરિતોમાં કંઈક વિભિન્નીકરણ ઊભું થયું છે ખરું?

ગુજરાતના ખેડા જિલ્લાના વણકરોને કેન્દ્રમાં રાખીને આ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે જેમાં ઘનિષ્ઠ અભ્યાસ માટે સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં ખેડાનાં ત્રણ ગામોનો અભ્યાસ કરાયો છે. આ ગામોમાં કુટુંબો અને શહેરોમાં જઈ વસેલાઓની સર્વગ્રાહી રીતે તુલનાત્મક માહિતી મેળવવામાં આવી છે. આ પૃથક્કરણ પછી શ્રેણીબદ્ધ પ્રશ્નાવલીઓ તારવવામાં આવી છે. જૂજ સંખ્યામાં ઊંડાણપૂર્વક કેઈસ સ્ટડીઝ દરેક ગામોમાં હાથ ધરાયાં છે. સહભાગીદારી પદ્ધતિ મુજબ કેટલીક એથ્નોગ્રાફીક વિગતો પણ મેળવવામાં આવી છે. પુરાલેખ ગૃહ (Archives) સરકારી વહીવટી રિપોર્ટો, સર્વે સેટલમેંટ વગેરેમાંથી ગૌણ માહિતીઓ મેળવવામાં આવી છે. આ અભ્યાસ હાલમાં ચાલુ છે અને તે સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરતના લેન્સી લોબો કરી રહ્યા છે. અભ્યાસ માટે આઈ. સી. એસ. એસ. આર. ન્યુ દિલ્હી, ભારત નાણાંકીય સહાય મળી છે.

સ્વ. હસમુખ સાંકળિયા

ભારત દેશ ઉત્તરમાં ૮° થી ૩૬° સુધી વિસ્તરેલો એક વિશાળ ઉપ-ખંડ છે. આ મોટા પ્રદેશમાં પ્રાચીન કાળથી અસંખ્ય પ્રજા-જૂથો વસતાં આવ્યાં છે. આ જૂથોની જીવન-પદ્ધતિએ વિશિષ્ટ એવી ભારતીય સંસ્કૃતિના વિકાસમાં કઈ રીતે ફાળો આપ્યો એ ભારતીય પુરાતત્ત્વવિદોની મુખ્ય નિસ્બત રહી છે.

પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન સખત પરિશ્રમ કરી પ્રોફેસર સાંકળિયાએ ભારતીય પુરાતત્ત્વનો પાયો નાખ્યો. ત્રીસ લાખ કરતાં વધુ વર્ષો પૂર્વે માનવજાત વાનરમાંથી ઉત્ક્રાંત થઈ. આ માનવજાતે ધીમે ધીમે મનની વિચારશક્તિ, હાથની કાર્યશક્તિ અને આંખની સ્ટીરીયોસ્કોપિક શક્તિ જેવી ખાસ શક્તિઓનો ઉપયોગ કરી દુનિયાના જુદા જુદા ભાગોમાં વિશિષ્ટ પ્રકારની જુદી જુદી સંસ્કૃતિઓનો વિકાસ કર્યો. આપણા દેશના જુદા જુદા ભાગોમાં થયેલા સંસ્કૃતિના વિકાસના ક્રમબદ્ધ તબક્કાઓને સમજવા માટે અને તેમનું પુનર્ગઠન કરવા માટે પુરાવા કયા? આ પ્રશ્નનો જવાબ શોધવામાં પ્રોફેસર સાંકળિયાએ તેમના જીવનને સમર્પિત કરી દીધું.

ભૂતકાલીન માનવજીવનપદ્ધતિનો અભ્યાસ કરવા માટેનું પુરાતત્ત્વ એક સાધન છે માનવજાતની ભૂતકાળની પ્રવૃત્તિઓ જાણવા માટે જ્યાં લેખિત પુરાવાઓ ઉપલબ્ધ નથી હોતા ત્યાં પ્રાચીન અવશેષોના ખોદકામ દ્વારા પુરાતત્ત્વ આવી પ્રવૃત્તિઓનાં બુદ્ધિગમ્ય વર્ણનો લખવા માટેનો જરૂરી ભૌતિક આધાર પૂરો પાડે છે. અદૃશ્ય થઈ ગયેલા સમાજોના સાંસ્કૃતિક જીવનનું આવું પુનર્ગઠન ટેકનોલોજી, અર્થતંત્ર અને સમાજમાં થયેલી પરિવર્તનની પ્રક્રિયાને સમજવામાં ફાળો આપે છે.

આથી પુરાતત્ત્વવિદે આવા સાંસ્કૃતિક અવશેષો પ્રાપ્ત કરવા માટેનાં સ્થળો શોધવા ક્યાં જવું તે, તેમને ધરતીમાંથી કેવી રીતે પ્રાપ્ત કરવા તે, તેમનો અભ્યાસ કેવી રીતે કરવો, અર્થઘટન કેવી રીતે કરવું એ બધું જાણવું પડે છે. આ ખૂબ મહેનત માગતું કામ છે. આમાં મોટા પાયા પર ક્ષેત્રકાર્ય કરવું પડે છે. વિશાળ વાંચન કરવું પડે છે. દાખલા તરીકે લોકોના એક જૂથે વસવાટ માટેનો એક ચોક્કસ વિસ્તાર પસંદ કર્યો ત્યારે તેમની વસવાટની પદ્ધતિ અને જીવનની પદ્ધતિ એ વિસ્તારના પર્યાવરણ પર ઘણો બધો આધાર રાખતી હતી. આથી પુરાતત્ત્વવિદે પોતે જેનો અભ્યાસ કરવા માગે છે એ સ્થળની સ્થાનિક ભૂગોળ, તેની ભૂસ્તરશાસ્ત્રીય રચના, તેનાં વનસ્પતિ અને પ્રાણીઓ, તેની વરસાદની સરેરાશ, વર્ષના વરસાદના સરેરાશ દિવસો, જમીનની ફળદ્રુપતા વગેરે અંગે જાણકારી મેળવવી પડે છે.

એમાં કશું આશ્ચર્ય નથી કે પ્રોફેસર સાંકળિયા એક જબરદસ્ત વાચક હતા. તેમનો દિવસ વહેલી સવારે ત્રણ વાગ્યે શરૂ થતો તે રાત્રે નવ વાગ્યા સુધી ચાલતો. આ સમય દરમિયાન તેઓ

સતતપણે વાંચવામાં અને લખવામાં વ્યસ્ત રહેતા. કડક આત્મશિસ્ત તથા કરકસર અને સાદગી વડે તેઓ પૂનાની ડેક્કન કૉલેજમાં એક દૃષ્ટાંતરૂપ શિક્ષક બન્યા હતા. તેઓ દેશના બધા ભાગોમાંથી વિદ્યાર્થીઓને આકર્ષતા. તેમનાં માર્ગદર્શન હેઠળ તેમનું ક્ષેત્ર સંશોધન માનવીના પ્રાચીન વસવાટનાં અનેક સ્થળોને પ્રકાશમાં લાવતું.

ગુજરાતમાં લાઘણજ, સોમનાથ અને દ્વારકા, રાજસ્થાનમાં અહાર, મધ્ય પ્રદેશમાં નવડાટોળી અને ત્રિપુરી, મહારાષ્ટ્રમાં કોલ્હાપુર, જોર્વે, નાસિક, નવાસા અને ઈનામગાંવ તથા કર્ણાટકમાં સંગકલ્લુ ખાતે પ્રોફેસર સાંકળિયાએ કરેલાં ખોદકામો મૂલ્યવાન પુરવાર થયાં છે. આપણા દેશના જુદા જુદા ભાગોના આરંભના ઈતિહાસ ઉપર નવો પ્રકાશ ફેંકયા એનાથી તેઓ શક્તિમાન બન્યા છે. ખોદકામ પૂરું થયા પછી તરત જ તેઓ અચૂકપણે અનેક ફોટોગ્રાફ અને ડ્રોઈંગ સહિતનો અહેવાલ પ્રગટ કરતા જે ઈતિહાસના પુનર્ગઠન માટે પુરાતત્ત્વના પુરાવાના મહત્ત્વ અંગે ઉદાહરણરૂપ બનતો. આવા ફોટોગ્રાફને તેઓ જે મથાળાં આપતા તેમાં આ વિષયની તેમની ઊંડી દૃષ્ટિનું પ્રતિબિંબ જોવા મળતું. ઘણીવાર આવા મથાળાં પુરાતત્ત્વ ન જાણતી હોય એવી વ્યક્તિને પણ દેખીતી રીતે મહત્ત્વ વિનાના એવા પદાર્થોમાંથી તે શું શીખી શકે તે અંગેની સમજણ આપતા. પ્રાચીન વસ્તુઓને જીવંતતાનો સ્પર્શ આપવાની એમને પ્રાપ્ત થયેલી બક્ષિસથી પ્રોફેસર સાંકળિયાને ખરેખર આનંદ આવતો.

ભારતીય પુરાતત્ત્વમાં એમણે આપેલા મહત્ત્વના યોગદાનના સ્વીકાર સ્વરૂપે પ્રોફેસર સાંકળિયાને અનેક ઈનામો અને ફેલોશીપ પ્રાપ્ત થયાં હતાં. આમાંથી અત્યંત અગત્યનાં આ છે: ૧૯૬૮માં પ્રાપ્ત થયેલી જવાહરલાલ નહેરુ ફેલોશીપ, બંગાળની એશિયાટિક સોસાયટીનો ૧૯૭૨માં પ્રાપ્ત થયેલો ચક્રવર્તી પુરસ્કાર અને ૧૯૭૪માં પ્રાપ્ત થયેલો પદ્મભૂષણનો ઈલ્કાબ. સમર્પિત, વ્યવસ્થિત વિદ્વતા વડે પ્રોફેસર સાંકળિયા લાંબુ, સુખી, યશસ્વી અને સંતોષપ્રદ જીવન જીવી ગયા.

—કે. ટી. એમ. હેગડે

'અર્થાત્' ત્રૈમાસિકની માલિકી તથા અન્ય વિગતો અંગે નિવેદન

[ફોર્મ ૪]

૧ પ્રકાશનનું સ્થળ : સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા માર્ગ, સુરત ૩૯૫ ૦૦૭

૨ પ્રકાશનની મુદત : ત્રૈમાસિક

૩-૪ મુદ્રક પ્રકાશકનું નામ : એસ.પી. પુનાલેકર

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : નિયામક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા માર્ગ, સુરત ૩૯૫ ૦૦૭

૫ તંત્રીનું નામ : ઘનશ્યામ શાહ

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મદ્દલ્લા માર્ગ સુરત ૩૯૨ ૦૦૭

૬ માલિકનું નામ : સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,
સરનામું ઉધના-મગદલ્લા માર્ગ સુરત, ૩૯૫ ૦૦૭

હું એસ. પી. પુનાલેકર, આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

એસ. પી. પુનાલેકર
(પ્રકાશક)

૧-૩-'૮૯

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ

ગુજરાતી પ્રકાશનો

ક્રમ	નામ	લેખક	વર્ષ	કિંમત (રૂપિયા)
૧	અમરેલી જિલ્લામાં કુટુંબ નિયોજન અંગે સંશોધન	આઈ. પી. દેસાઈ	૧૯૬૯	૫-૦૦ (અપ્રાપ્ય)
૨	દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજ્યનું સૂત્ર	આઈ. પી. દેસાઈ	૧૯૭૦	૧-૨૫
૩	ગુજરાતના આદિવાસીઓ	સં. ઘનશ્યામ શાહ	૧૯૭૦	૧-૫૦
૪	આશ્રમશાળાઓ—એક અધ્યયન	વિદ્યુત એ. જોષી	૧૯૮૦	૧૫-૦૦
૫	અનામત વિરોધી આંદોલન	લોકાયન	૧૯૮૧	૧૦-૦૦
૬	વેઠબંધી આંદોલન	આઈ. પી. દેસાઈ	૧૯૮૨	૧૫-૦૦
૭	પચરંગી સમાજમાં ભાષા	પ્રબોધ બે. પંડિત	૧૯૮૩	૮-૦૦
૮	બદલાતા સમાજમાં પરંપરાગત વ્યવસાય —ગુજરાતના કુંભારો	પ્રદીપકુમાર બોઝ	૧૯૮૩	૯-૦૦
૯	આદિવાસી વિસ્તારોમાં હાટ	એસ. પી. પુનાલેકર	૧૯૮૩	૧૨-૦૦
૧૦	ગાંધી ચીંધ્યા માર્ગે ગ્રામ્ય વિકાસ	ઘનશ્યામ શાહ અને ચતુર્વેદી	૧૯૮૩	૧૫-૦૦
૧૧	આ પણ ગુજરાત છે, દોસ્તો !	વિદ્યુત જોષી	૧૯૮૩	૨૫-૦૦
૧૨	ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતાનિવારણ	આઈ. પી. દેસાઈ	૧૯૮૪	૨૮-૦૦
૧૩	નર્મદાયોજના : એક પરિચય	સેન્ટર	૧૯૮૪	૩-૦૦
૧૪	૧૭મી સદીમાં સૂરતના ઈતિહાસમાં વેપારીઓએ ભજવેલો ભાગ	બી. જી. ગોખલે	૧૯૮૪	૨-૦૦
૧૫	કલ્યાણ રાજ્યમાં બાલકલ્યાણ ગૃહોનો અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૫	૨૦-૦૦
૧૬	ચૌધરી આદિવાસીઓ : ગઈકાલે અને આજે	ઘનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૧૭	'પછાતપણા'નો માપદંડ	સં. ઘનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૧૮	આદિવાસીઓમાં શિક્ષણ	સેન્ટર	૧૯૮૫	૨૦-૦૦
૧૯	લઘુમતીઓ અને રાષ્ટ્રઘડતર	ઘનશ્યામ શાહ	૧૯૮૬	૭-૦૦
૨૦	દેવી આંદોલન	ડેવીડ હાર્ડીમન	૧૯૮૬	૩૦-૦૦
૨૧	સાહિત્ય અને સામાજિક ચેતના	સં. સુધીર ચન્દ્ર	૧૯૮૭	૧૦-૦૦
૨૨	શું બંધવા મજૂરો છે !	ઘનશ્યામ શાહ	૧૯૮૭	૧૦-૦૦
૨૩	પશ્ચિમ ભારતના ગ્રામીણ ગરીબો : એક અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૭	૨૦-૦૦
૨૪	મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામમજૂરોનું પરિભ્રમણ	જાન બ્રેમન	૧૯૮૭	૨૦-૦૦
૨૫	ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ	સં. સુધીરચંદ્ર	૧૯૮૮	૨૫-૦૦
૨૬	નારી સમાનતા : પ્રશ્નો અને પડકારો	સં. કલ્પના શાહ અને વિભૂતિ પટેલ	૧૯૮૭	૨૦-૦૦

• પત્રવ્યવહાર અને સરનામું •

પ્રકાશન અધિકારી, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ,

દ. ગુ. યુનિવર્સિટી કેમ્પસ. ઉધના–મગદલ્લા રોડ સુરત ૩૯૫ ૦૦૭

શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.

પો. ચલથાણ ૩૯૪ ૩૦૫ □ ડિ. સુરત, ગુજરાત રાજ્ય

ફોન નં. : ૫૦/૧૧૨ (કડોદરા) ટેલિગ્રામ : ખાંડઉદ્યોગ ચલથાણ ૩૯૪ ૩૦૫
: ૩૧૨૦૬/૨૬૨૩૩ (સુરત) : ખાંડઉદ્યોગ સુરત ૩૯૫ ૦૦૩

- □ ગુજરાતની સહકારી ખાંડઉદ્યોગ સંસ્થામાં ચલથાણ પણ એક મોખરાનું સ્થાન ધરાવે છે જેની દૈનિક પીલાણશક્તિ ૫,૦૦૦ ટનની છે. તેમજ સિઝન દરમિયાન દસ લાખ ટનથી વધુ શેરડીનું પીલાણ થશે.
- □ સભાસદોના ડાંગરનું મિલિંગ કરવા માટે એક અદ્યતન રાઈસ મિલ છે. ખેડૂતોનું ડાંગરનું પુલિંગ કરવામાં આવે છે.
- □ આડપેદાશ મોલાસીસમાંથી આલ્કોહોલનું દૈનિક ઉત્પાદન ૩૦,૦૦૦ લિટર તથા એસીટોનનું દૈનિક ઉત્પાદન ૧૦ ટનનું થાય છે.

*** ચલથાણ એસીટોન ***

ઈથાઈલ આલ્કોહોલથી ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતો રાસાયણિક ગ્રેડનો એસીટોન બનાવવામાં આવે છે. ટેન્કર અથવા ૧૬૦ કિલોના એમ. એસ. ડ્રમમાં ઉપલબ્ધ છે.

ભાનુભાઈ ઝા	ઈશ્વરભાઈ ગુ. પટેલ	જયંતીભાઈ છો. પટેલ
મેનેજિંગ ડીરેક્ટર	ઉપપ્રમુખ	પ્રમુખ

ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિ., સુરત

તાર : સહકાર □ સ્થાપના : ૧૯૦૯ □ ફોન નં. ૨૭૭૩૦; ૨૭૭૩૮; ૨૭૭૩૯

જિલ્લાની પ્રજાની પોતાની લોકપ્રિય બેંક

શેર ભંડોળ તથા ફંડો : રૂ. ૧૬.૪૧ કરોડ ૩૧-૧૨-૮૮ □ થાપણો : રૂ. ૧૬૯.૨૯ કરોડ

વિવિધ લોકપ્રિય યોજનાઓ જે તમારી બચતની સરવાણીને સમૃદ્ધિનાં સમુદ્રમાં ફેરવી નાખે છે.

❀ જનતા રીકરિંગ ડિપોઝિટ :
રૂ. ૧૦૦નું રોકાણ કરી ૪૮ માસે રૂ. ૧૫૧; ૬૬ માસે રૂ. ૧૭૬ અને ૮૦ માસે રૂ. ૨૦૦ મેળવો. રૂ. ૧૦૦ના ગુણાંકમાં વધુ રકમ ભરી લાભ મેળવો.

❀ સાદું રીકરિંગ :
રૂ. ૧૦ ના ૨૪ હપ્તા ભરીને રૂ. ૨૬૭-૮૦ મેળવો.

❀ કાયમ થાપણ :
[અ] એક વર્ષ અને તેથી વધુ પરંતુ બે વર્ષથી ઓછી મુદ્દત ૯॥ ટકા
[બ] બે વર્ષ અને તેથી વધુ મુદ્દત માટે ૧૦॥ ટકા

જિલ્લાભરમાં ૫૧ શાખાઓમાં સલાહ મેળવો.

પ્રમોદભાઈ કે. દેસાઈ	બલ્લુભાઈ ડી. દેસાઈ	રશ્મિકાંત એ. ઝવેરી
ચેરમેન	વાઈસ ચેરમેન	મેનેજર

PUBLICATIONS OF THE CENTRE FOR SOCIAL STUDIES, SURAT

1 PRIMARY EDUCATION IN SURAT DISTRICT, YD Jadeja, Centre for Social Studies, Udhna-Magdalla Road, Surat, 1970, Rs. 1.25

2 GLIMPSES OF SURAT, IP Desai, Published by the Manager of Publications, Government of India, Civil Lines, Delhi, 1972

3 WATER FACILITIES FOR UNTOUCHABLES IN GUJARAT, IP Desai, Indian Council of Social Science Research, IIPA Hostel Bldg. Delhi, 1973, (non Priced)

4 UNTOUCHABILITY IN RURAL GUJARAT, IP Desai, Popular Prakashan, 35C Tardeo Road, Bombay, 1975, Rs. 40.00

5 POLITICS OF SCHEDULED CASTES AND TRIBES, Ghanshyam Shah, Vora & Co., 3 Round Bldg., Bombay, 1975, Rs. 15.00

6 CASTE ASSOCIATION AND POLITICAL PROCESS IN GUJARAT, Ghanshyam Shah, Popular Prakashan, Bombay, 1975, Rs. 36.00

7 BUREAUCRACY AND DEVELOPMENT, Ramshray Roy, Manas Publications, New Delhi, Rs. 55.00

8 HISTORY OF RURAL DEVELOPMENT IN MODERN INDIA Vol. II, IP Desai and Banwarilal Chaudhry. Impex India, 2/18, Ansari Road, New Delhi, 1977, Rs. 50.00

9 PROTEST MOVEMENTS IN TWO INDIAN STATES, Ghanshyam Shah, Ajanta Books International, Jawahar Nagar, Delhi, 1977, Rs. 44.00

10 THE CRAFT OF SOCIOLOGY AND OTHER ESSAYS, IP Desai, Ajanta Books International, Delhi, 1982, Rs. 40.00

11 SOME REFLECTIONS ON GANDHISM, Raojibhai Patel, Centre for Social Studies, Surat, 1982, Rs. 10.00

12 GANDHIAN APPROACH TO RURAL DEVELOPMENT, Ghanshyam Shah and HR Chaturvedi, Ajanta Books International, Delhi, 1983 Rs. 50.00

13 MINORITIES AND NATION BUILDING: A CASE OF MUSLIMS AND SCHEDULED TRIBES IN INDIA, Ghanshyam Shah, Banaras Hindu University, Varanasi, 1983

14 ECONOMIC DIFFERENTIATIONS AND TRIBAL IDENTITY, Ghanshyam Shah, Ajanta Publications, Delhi, 1984, Rs. 50.

15 CLASSES IN RURAL SOCIETY, Pradip Kumar Bose, Ajanta Publications, Delhi 1984, Rs. 100.

16 CASTE, CASTE CONFLICT AND RESERVATION, Centre for Social Studies, Ajanta Publications, Delhi, 1985, Rs. 100.

17 TRIBAL EDUCATION IN GUJARAT, Centre for Social Studies, Ajanta Publications, Delhi, 1985, Rs. 55.

18 CLASSES AND CLASS RELATIONS AMONG TRIBALS OF BENGAL, P. Kumar Bose, Ajanta Publications, Delhi, 1985, Rs. 60.

19 IP DESAI AND THE SOCIOLOGY OF INDIA, Ramkrishna Mukherjee, Centre for Social Studies, Surat, 1986, Rs. 10.

20 COMPUTER PROGRAMMING FOR SOCIAL SCIENCE, Pradip Kumar Bose, Vi. Publications, Delhi, 1986 Rs. 58

21 TRIBAL DEVELOPMENT IN GUJARAT, Priyavadan Patel, Centre for Social Studies 1986.

22 SUBMERGING VILLAGES: PROBLEMS AND PROSPECTS, Vidyut Joshi, Ajanta Publications, Delhi, 1987.

23 THE COMING OF THE DEVI: ADIVASI ASSERTION IN WESTERN INDIA, David Hardiman, Oxford University Press, Delhi, 1978.

24 RURAL DEVELOPMENT AND HUMAN RIGHTS OF AGRARIAN POOR IN INDEPENDENT INDIA, A.R. Desai, Centre for Social Studies, Surat, 1987.

25 SOCIAL PROCESSES AND DIMENSIONS OF INDIAN NATIONALISM, Yogendra Singh, Centre For Social Studies, Surat, 1988.

પ્રકાશક અને મુદ્રક : એસ. પી. પુનાલેકર, નિયામક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા માર્ગ, સુરત ૩૯૫૦૦૭

મુદ્રણસ્થાન : સુરુચિ છાપશાળા, સુરુચિ વસાહત, બારડોલી ૩૯૪૬૦૧

અર્થાત્

૨૫/૬/૮૯

૨

૨૩૩૨

'સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝનું' ત્રૈમાસિક'
એપ્રિલ-જૂન ૧૯૮૯ ▫ ગ્રંથ ૮ : અંક ૨

સંપાદક
ઘનશ્યામ શાહ

પરામર્શક સમિતિ

અચ્યુત યાજ્ઞિક (અમદાવાદ), અરવિંદ શાહ (દિલ્હી), અક્ષયકુમાર દેસાઈ (મુંબઈ), અંજલી મહેતા (અમદાવાદ), એ. એસ. પટેલ (નરસંડા), એસ. પી. પુનાલેકર (સુરત), કલ્પના શાહ (સુરત), ગુલામ મોહમ્મદ શેખ (વડોદરા), ચંદુ મહેરિયા (અમદાવાદ), જોસેફ મેકવાન (આણંદ), ડી. ટી. લાકડાવાળા (મુંબઈ), ડી. એલ. શેઠ (દિલ્હી), નરોત્તમ પલાણ (પોરબંદર), પ્રવીણ શેઠ (અમદાવાદ), બાબુભાઈ દેસાઈ (સુરત), બી. વી. મહેતા (સુરત), ભગીરથ શાહ (સુરત), મકરંદ મહેતા (અમદાવાદ), રજની કોઠારી (દિલ્હી), રોહીત પ્રજાપતિ (વડોદરા), વાય. એ. પરમાર (સુરત), વિભૂતિ પટેલ (મુંબઈ), વિદ્યુત જોષી (અમદાવાદ), સિદ્ધરાજ સોલંકી (અમદાવાદ), સુધીર ચંદ્ર (સુરત), સુરભિ શેઠ (દિલ્હી), હરબન્સ પટેલ (વલ્લભ વિદ્યાનગર), હર્ષદ દેસાઈ (અમદાવાદ), હરિભાઈ પટેલ (રાજકોટ).

લેખકોને આમંત્રણ

સમાજ વિજ્ઞાન (સમાજ દર્શન અને ઈતિહાસ સહિત)ના કોઈપણ ક્ષેત્રને આવરી લેતા વૈચારિક અને સંશોધનલક્ષી લેખો, વિવેચનાત્મક ગ્રંથાવલોકન અને તે ઉપરાંત, સંશોધન, પરિસંવાદ અને સમાજ વિજ્ઞાનને આનુષંગિક પ્રવૃત્તિના સમાચાર આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ટાંચાં સાધનોને કારણે લેખકોને પુરસ્કાર આપવાનું શક્ય નથી. પણ પ્રકાશિત થયેલ લેખવાળો અંક અને દશ ઑફપ્રિન્ટ મોકલવામાં આવે છે.

લવાજમ-જાહેરાતના દર

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂ. ૨૦; સંસ્થાગત વાર્ષિક લવાજમ રૂ. ૩૦; આજીવન લવાજમ રૂ. ૨૦૦ લવાજમની રકમ રોકડ, બેંકડ્રાફ્ટ કે મનીઑર્ડર દ્વારા મોકલવી. ચેક મોકલો તો રૂ. ૭ બેંક વટાવના ઉમેરવા. બેંકડ્રાફ્ટ કે ચેક 'સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, સુરત'ના નામે મોકલવા વિનંતી.

જાહેરાત : કવરપેજ બહારના રૂ. ૨,૦૦૦; કવરપેજ અંદર રૂ. ૧,૫૦૦;
આખું પાનું રૂ. ૧,૦૦૦; અડધું પાનું રૂ. ૫૦૦ અને પા પાનાના રૂ. ૨૫૦

પત્રવ્યવહાર

અંક ન મળે તો તે અંગે અને લવાજમ અંગેનો પત્રવ્યવહાર
એમ. આર. મેક, ગ્રંથપાલ, સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, ઉધના-મગદલ્લા રોડ, સુરત ૩૯૫ ૦૦૭ એ સરનામે કરવો.
લેખ, ગ્રંથાવલોકન અને સંશોધન સમાચાર અંગેનો પત્રવ્યવહાર સંપાદક સાથે કરવો.

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝનું ત્રૈમાસિક

એપ્રિલ-જૂન ૧૯૯૯ ગ્રંથ : ૮ ૦ અંક : ૨

અનુક્રમણિકા

૧ ગંધાર તેલક્ષેત્ર વિસ્તાર : ક્ષેત્રીય આયોજન ૧
ધવલ મહેતા
રમેશ શાહ

૨ બક્ષિસથી માનવતાવાદી સખાવત સુધી : સુરત શહેરમાં બક્ષિસનું રાજકારણ ૧૭
ડગ્લાસ ઈ. હેન્ઝ

૩ ભૂખમરાની ખેતી ૩૭
વીરસિંહ

૪ વિપ્લવમાં ગુજરાત ૪૦
હરગન્સ પટેલ

૫ માર્કસવાદ અને સામાજિક ઉત્ક્રાંતિના તબક્કાઓ ૪૨
ડેવિડ હાર્ડીમન

૬ સંક્ષિપ્ત પુસ્તક-પરિચય ૪૫

૭ સંસ્થા સંશોધન સમાચાર ૪૬

૮ સંશોધન ૪૭

બક વૃંદ

ધવલ મહેતા

નિયામક અને પ્રોફેસર, બી. કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ

રમેશ શાહ

અર્થશાસ્ત્રના અધ્યાપક, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, 'દૃષ્ટિ'ના સંપાદક

ડગ્લાસ ઈ. હેન્ઝ

ઇતિહાસના પ્રોફેસર, ડાર્ટમાઉથ કૉલેજ, હેનોવેર (અમેરિકા)

વીરસિંહ

ગોવિંદ વલ્લભ પંત કૃષિ તથા ટેક્નિકલ યુનિવર્સિટીના પ્રોફેસર, યુ. પી.

રઅન્સ પટેલ

રાજ્યશાસ્ત્રના અધ્યાપક, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

ડેવિડ હાર્ડીમન

ફેલો, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

ગંધાર તેલક્ષેત્ર વિસ્તાર : ક્ષેત્રીય આયોજન

ધવલ મહેતા

રમેશ શાહ

(ગતાંકથી ચાલુ)

[૩] ગંધાર તેલક્ષેત્ર વિસ્તાર વિકાસની વ્યૂહરચના

અર્થશાસ્ત્રીય સાહિત્યમાં આર્થિક વિકાસને માપવાનો એક સ્થૂળ માપદંડ રજૂ કરવામાં આવ્યો છે અને તે છે લોકોની સરેરાશ માથાદીઠ આવક. ચોક્કસ હેતુઓ માટે આ માપદંડ નિઃશંક ઉપયોગી છે. પરંતુ અહીં જે હેતુ માટે ચર્ચા કરવામાં આવી છે તેના સંદર્ભમાં તે મહદંશે અપ્રસ્તુત છે. તેથી અહીં અમે વિકાસની કાર્યલક્ષી વ્યાખ્યા પસંદ કરી છે. વિકાસ એટલે લોકોનો વિકાસ–લોકોની કાર્યકુશળતા કે આવડત અને કાર્યક્ષમતાના વિકાસને અમે આર્થિક વિકાસ ગણીએ છીએ. બે-ચાર ઉદાહરણો દ્વારા આ મુદ્દાને સ્પષ્ટ કરીએ.

ખેડૂતો હેક્ટર દીઠ વિશેષ ઉત્પાદન મેળવતા થાય અને તેને સતત ઊંચી સપાટી પર જાળવી રાખવાની ક્ષમતા પ્રાપ્ત કરે તે તેમની કાર્યકુશળતામાં વધારો સૂચવે છે. સામાન્ય મજૂરીનું કામ કરતો માણસ કડિયાકામ કે સુથારીકામ શીખીને નવી આવડત કે કુશળતા પ્રાપ્ત કરે તે તેનો વિકાસ સૂચવે છે.

અલ્પ સાધનસંપત્તિ ધરાવતા લોકો સંગઠન સાધીને પોતાની સેવાનું કે વસ્તુનું વધારે મૂલ્ય ઊપજાવી શકે તો તેમની શક્તિનો વિકાસ દર્શાવે છે.

લોકોની કાર્યકુશળતામાં આ રીતે વધારો થાય એ પછી તેમની કમાણી કરવાની શક્તિમાં વધારો થાય તે વાસ્તે બે શરતો સંતોષવી પડે છે. એક, લોકો તેમની કુશળતાનો ઉપયોગ કરી શકે તે માટે તેમને જરૂરી સાધનો સુલભ કરી આપવાં જોઈએ. બીજું, તેમણે જે નવી કુશળતાઓ હાંસલ કરી હોય તેનો પૂરો ઉપયોગ કરી શકે તે માટે તેમને બજાર પ્રાપ્ત થવું જોઈએ, એટલે કે તેઓ જે વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરે તે માટે તેમને પૂરતાં ગ્રાહકો મળવા જોઈએ. આ બીજી શરતનું પાલન સર્વસામાન્ય (જનરલ) આર્થિક વિકાસ પર અને વેચાણ વ્યવસ્થા (માર્કેટીંગ)ની કાર્યક્ષમતા પર અવલંબે છે. કોઈ એક વિસ્તારના આયોજનમાં આ બીજી શરતનું પાલન કરવાનો માર્ગ મુખ્યત્વે એક જ છે. બજારની પરિસ્થિતિનો ક્યાસ કાઢીને કુશળતાઓના નિર્માણનો કાર્યક્રમ હાથ ધરવો. અલબત્ત, ખેડૂતોની કાર્યક્ષમતા વધારવા જેવા કાર્યક્રમોમાં આ પ્રશ્ન બહુ અગત્યનો નથી. પરંતુ સીવણકામ જેવી કુશળતાની તાલીમ આપવામાં બજારનો પ્રશ્ન અચૂક ઉપસ્થિત થાય છે.

આર્થિક વિકાસનું અમારું આ અર્થઘટન એક અર્થમાં સંકુચિત છે. મજૂરોના એક વિશાળ વર્ગની કુશળતામાં વધારો કરવાનું કે તેમને નવી કુશળતા આપવાનું કાર્યક્ષેત્ર સર્વસામાન્ય વિકાસ દ્વારા સીમિત બની જાય છે. તેમની મોટી સંખ્યાને તો શારીરિક શ્રમનાં કાર્યો પૂરાં પાડીને જ કમાણી કરવાની તકો પૂરી પાડવાની છે. તેથી જે તે પ્રદેશના વિકાસ-આયોજનમાં એ પ્રકારની રોજગારીની તકો ઊભી કરવા પર

ભાર મૂકવાનું અનિવાર્ય બની જાય છે.

વિકાસની પ્રક્રિયામાં ચાર પ્રકારની તરેહ એકસાથે જોવા મળે છે. વિકાસની વ્યૂહરચના વિચારવામાં આ તરેહ ઉપયોગી થશે.

(૧) ખેતર છોડશો નહિ, ગામ છોડશો નહિ

આ વ્યૂહરચના પ્રમાણે વિસ્તારની તથા વસ્તીની પરિસ્થિતિ યથાવત્ ચાલુ રાખવી પરંતુ જમીનની ફળદ્રુપતા કે ઉત્પાદકતા વધે તે માટે પ્રયત્નો કરવા.

પડતર જમીનને ઉપજાઉ બનાવવી તથા ખારી જમીનને ખેડવાયોગ્ય બનાવવી. વળી ખેડૂતો જે ઉત્પન્ન કરે છે તના સારા ભાવ મળે તે માટે તથા ખેડૂતોના ઈનપૂટના (જેવા કે બિયારણ, ખાતર, સિંચાઈ વગેરે) ભાવ ઘટે તે માટેના પ્રયત્નો કરવા. સરકાર ગામડાંને સારી સામાજિક સવલતો, રસ્તા, તબીબી સેવા, શિક્ષણ, પાણી, ધિરાણ વગેરે સસ્તા ભાવે કે વિનામૂલ્યે પૂરાં પાડે તેવા પ્રયત્નો કરવા. પશુપાલન, મરઘાં-બતકાંઉછેર, વણાટકામ જેવા ખેતી પર આધારિત પૂરક વ્યવસાયો ઊભા કરવા. આ વ્યૂહરચનાનું જમા પાસું એ છે કે તેમાં લોકોને સ્થળાંતર કરવાની જરૂર પડતી નથી, તેમ જ વ્યવસાય બદલવાની જરૂર પડતી નથી. પરંતુ તેની મર્યાદા એ છે કે મર્યાદિત જમીન પર વધારાની વસ્તીને સમાવી શકાતી નથી. પૂરક વ્યવસાયો ખેતી ઉપર જ આધારિત હોવાથી ખેતી જો નિષ્ફળ જાય તો પૂરક વ્યવસાયો પણ નિષ્ફળ જાય. દા. ત. વાગરામાં છેલ્લાં બે ત્રણ વર્ષથી દુષ્કાળને લીધે પશુપાલનનો વ્યવસાય ભાંગી પડ્યો છે અને મોટા ભાગની દૂધ ઉત્પાદક મંડળીઓ કામ કરતી બંધ થઈ ગઈ છે. વળી આ ઉપરાંત પડતર જમીનને નવસાધ્ય કરવાનું કામ ઘણી મૂડી માંગી લે છે. આ વ્યૂહરચનામાં ખેતમજૂરીનો સવાલ ઊભો રહે છે. તેમની સહકારી મંડળીઓ બનાવીને પડતર જમીન તેમને સહકારી ધોરણે ખેડવા આપી શકાય. વળી ગ્રામ વનીકરણની યોજના પણ સફળ થઈ શકે.

(૨) ખેતર છોડો, પણ ગામ ન છોડો

પહેલી વ્યૂહરચનામાં એ અભિપ્રેત છે કે વધતી જતી વસ્તીને જમીન સમાવી શકશે અથવા જમીનની ઉત્પાદકતા ક્રમે ક્રમે વધતી જશે. પરંતુ જમીનની ઉત્પાદકતાની પણ એક મર્યાદા હોય છે. બીજી વ્યૂહરચનામાં એમ સૂચવવામાં આવે છે કે જમીન પરનું ભારણ ઘણું વધી ગયું હોવાથી ગામડામાં ઉદ્યોગો ઊભા કરવા. સ્થાનિક સાધનનો ઉપયોગ ઉદ્યોગો સ્થાપી લોકોને નોકરી તથા વ્યવસાયો તરફ વાળવા. વળી શહેરીકરણની સમસ્યા ગંભીર બની જતી હોવાથી ગામના લોકોને શહેર તરફ જતા અટકાવવા આ વ્યૂહરચના રોકે છે. આ વ્યૂહરચનામાં વધુ ભાર પૂરક ઉદ્યોગો તરફ નથી, પરંતુ ઉદ્યોગો તરફ છે. વધારાની વસ્તીને ખેતીમાંથી ઉદ્યોગ તરફ વાળવાનું આ પગલું છે.

(૩) ખેતર છોડો, ગામ છોડો અને નગર (ટાઉન્સ)માં જાઓ

બીજી વ્યૂહરચનામાં એવો અભિપ્રાય છે કે ગામે ગામ ઉદ્યોગો સ્થાપવા, પરંતુ આ શક્ય નથી. તેથી આ વ્યૂહરચના પ્રમાણે તાલુકામાં ગ્રોથ સેન્ટર એટલે કે વિકાસ કેન્દ્રો ઊભાં કરવા. દા.ત. વાગરા તાલુકામાં વાગરા, ગંધાર, દહેજ અને કેન્દ્રમાં આવેલ પખાજણમાં વિકાસ કેન્દ્રો સ્થાપી શકાય. આ વિકાસ કેન્દ્રમાં મોટા ઉદ્યોગો, મધ્યમકક્ષાના ઉદ્યોગો, સર્વિસ કેન્દ્રો વગેરે સ્થાપી શકાય અને તેમાં ગામડાના ખેતમજૂરોને નોકરી આપી શકાય. પરંતુ આ વ્યૂહરચનાની એક મોટી મર્યાદા એ છે કે તેમાં ગામના લોકોને પોતાનું રહેઠાણ બદલવું પડે. નગરમાં જ્યાં ઉદ્યોગો સ્થાપવામાં આવે ત્યાં જવું પડે. ગામના લોકોનું ખેતી પરનું અવલંબન આ અભિગમ ઘટાડે છે. આ અભિગમમાં સમગ્ર તાલુકાનાં વિકાસ કેન્દ્રો નક્કી કરવાં પડે અને તે વિકાસ કેન્દ્રોમાં મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવું પડે. આ વ્યૂહરચનાનો મોટો લાભ એ છે કે વિકાસ કેન્દ્રોમાં વસતા લોકોને સામાજિક સેવાઓ, (દા. ત. તબીબી સારવાર, શિક્ષણ) સારી રીતે પહોંચી શકે છે.

અર્થાત્

૪) ખેતર છોડો, ગામ છોડો, નગર છોડો, શહેરમાં જાઓ

ભારતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી વિકાસની આ પ્રક્રિયા ચાલી રહી છે. ગામડાના લોકો રોજી રોટીની શોધમાં શહેરમાં આવે છે. શહેરમાં તેને પરિણામે ગંદા વસવાટની સમસ્યા ઊભી થાય છે. એક બાજુ ગંદા વસવાટોનાં જંગલો અને બીજી બાજુ ઊંચાં બહુમાળી રહેઠાણોનો વૈરોધાભાસ ઔદ્યોગીકરણનો વેગ વધતાં વધુ તીવ્ર બન્યો છે. આને લીધે શહેરમાં વસતા લોકોને માથાદીઠ ઘટતી પડાતી સંવલતોમાં વધારાને બદલે ઘટાડો થતો નથી છે અને સામાજિક ઘર્ષણો વધે છે. આવાં સામાજિક ઘર્ષણો મોટે ભાગે હિંસક સ્વરૂપ પકડે છે.

આર્થિક વિકાસ માટેના ઉપર્યુક્ત ચાર અભિગમોને ગંધાર તેલક્ષેત્રના સંદર્ભમાં તપાસીએ. ૧૯૭૧ થી ૧૯૮૧ના દાયકામાં આ તાલુકાના લોકો જમીન અને ગામ બંને છોડીને અન્ય વિસ્તારમાં આવેલાં નગરોમાં અથવા શહેરોમાં ગયા છે. અલબત્ત આનો ઊંડાણમાં જઈને અમે અભ્યાસ કર્યો નથી. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉપરા ઉપરી પડેલા દુષ્કાળોએ તેમ જ કપાસના પાકની નિષ્ફળતાએ તાલુકાના લોકોને ઝડપથી ગરીબી તરફ ધકેલ્યા છે. ગામમાં જીવનનિર્વાહ ચલાવવાનું અતિશય મુશ્કેલ બનતાં તેમને વતન છોડવાની ફરજ પડી હશે એવું અનુમાન કરી શકાય તેમ છે. બહાર મળતી રોજગારીની વધુ સારી તકોથી આકર્ષાઈને તેઓ સ્થળાંતર કરી ગયાં છે એવું અનુમાન કરવાનું મુશ્કેલ છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો સ્થળાંતર 'પૂલ ફેક્ટર' થી થયાં નથી પરંતુ પુશ ફેક્ટરથી થયાં છે. આનો ફલિતાર્થ એ છે કે આ તાલુકો વધતી જતી વસ્તીને જીવનધોરણની નીચી સપાટીએ ટકાવવા માટે પણ આજે ક્ષમતા ધરાવતો નથી.

લોકોને નિભાવવાની આ અશક્તિનું એક અગત્યનું કારણ ખેતી અને ખાસ કરીને કપાસની નિષ્ફળતા છે. છેલ્લાં કેટલાંક વર્ષો અછતનાં વર્ષો રહ્યાં છે. આ વિસ્તારમાં કૂવાઓ દ્વારા મીઠું પાણી મળી શકે તેમ નથી. તેથી સિંચાઈની સહાયથી વરસાદની ઊણપ અને અનિયમितતાની પ્રતિકૂળતાનો સામનો કરી શકાય તેમ નથી. આ સંદર્ભમાં ચાર અભિગમોની ચર્ચા કરવાની છે. અન્ય વિસ્તારોની જેમ વાગરા તાલુકામાં પણ ઉપર્યુક્ત ચારેય અભિગમોનો સમન્વય વિચારવાનો છે, કેમકે કોઈ એક અભિગમ કામ આપી શકે તેમ નથી.

[૧] એમ લાગે છે કે જેટલી વસ્તી આજે ખેતી ઉપર નભે છે તેની સંખ્યામાં આગામી કેટલાંક વર્ષો સુધી બહુ મોટો ઘટાડો થઈ શકશે નહિ એ લોકોને બીજાં ક્ષેત્રોમાં વધુ રોજગારી આપી શકાશે નહિ. તેથી તેઓને જમીન પર જ અને ગામમાં નિભાવવા પડશે. આ માટે ખેતીને વધારે ઉપજાઉ બનાવવી પડશે.

ખેતીને વધારે ઉપજાઉ બનાવવા માટે ત્રણ વિકલ્પો છે.

(અ) કપાસની વધુ અનુકૂળ જાત સુલભ હોય તો તેને તાલુકામાં દાખલ કરવી. કપાસની આવી જાત ઉપલબ્ધ છે. તેને પ્રાયોગિક ધોરણે દાખલ કરવાનું આયોજન વિચારવું જોઈએ.

(બ) જે જમીનની ફળદ્રુપતા ખારને કારણે ઓછી છે અને જ્યાં વરસાદનું પાણી સંઘરીને વૃક્ષો ઉછેરી શકાય તેમ છે. ત્યાં અનાજ અને અન્ય પાકોના વિકલ્પે વૃક્ષોની ખેતી તરફ જવાનું શક્ય છે કે કેમ તે તપાસવું. આમાં વિવિધ પ્રકારના ટેકનિકલ પ્રશ્નો તેમ જ માર્કેટીંગના પ્રશ્નો ઉપસ્થિત થવાની શક્યતા છે. તેથી શરૂઆત પડતર જમીનથી અથવા મોટા ખેડૂતોથી કરવી જોઈએ. ઉપરાંત આ ક્ષેત્રના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવવું જોઈએ.

(ક) નર્મદા યોજના અમલી બનતાં આ વિસ્તારને સિંચાઈનો લાભ મળવાનો છે તેથી દશેક વર્ષ પછી ખેતીને દુષ્કાળ કે અછતજન્ય આપત્તિથી બચાવી શકાશે અને પાકની તરેહમાં વધુ ફળદાયી પરિણામો નીપજાવી શકાશે.

[૨] ખેતી ઉપર નભતા ખેતમજૂરો તેમ જ નાના અને સીમાંત ખેડૂતોને ગામમાં તેમ જ જમીન પર રાખીને પૂરક આવક શોધી આપવાના માર્ગો વિચારવાના છે. જેઓ કેવળ ખેતમજૂરીમાં કામ કરે છે તેમને શારીરિક શ્રમનાં બીજાં કામોમાં (દા.ત. બાંધકામમાં) રોજગારી મળવાની શક્યતાઓ જણાય છે. નર્મદા યોજનાની નહેરોનું કામ હાથ ધરાતાં તેમાં રોજીની તકો ઊભી થશે.

જેઓ પાસે થોડી ઘણી જમીન છે અને જેઓ ગામ છોડીને જઈ શકે તેમ નથી તેમને રોજગારીની તકો પૂરી પાડવાનું કાર્ય વિકટ છે. એમના માટે મરઘાંઉછેર, પશુપાલન ઇત્યાદિ પૂરક વ્યવસાયો વિચારવાના છે. આ તાલુકામાં ગૃહઉદ્યોગની કોઈ પરંપરા નથી. તેથી પૂરક ઉદ્યોગો વિકસાવવાનું કાર્ય ઘણું મુશ્કેલ જણાય છે.

કપાસની ખેતી કરીથી વિકસાવી શકાય તો જીનીંગની મોસમ દરમ્યાન કાલાં ફોલવાની તેમ જ જીનની કામગીરીમાં થોડી રોજગારીની તકો ઊભી થઈ શકે.

[૩] લોકોને ખેતી અને ગામ બહાર રોજગારી આપવાનો તેમ જ તેમને તાલુકા બહારનાં નગરો–શહેરોમાં રોજી માટે પ્રોત્સાહિત કરવાના અભિગમોનો એક સાથે વિચાર કરીશું.

આ તાલુકામાં આજે તો આધુનિક ઢબના ઉદ્યોગોના વિકાસ માટે ખાસ કોઈ અનુકૂળતા જણાતી નથી. કોઈ એવો વિશિષ્ટ કાચો માલ ઉપલબ્ધ નથી, જેના આધાર પર કોઈ ઉદ્યોગને વિકસાવી શકાય. તાલુકામાં પાતાળ કૂવાઓ દ્વારા મીઠું પાણી મળી શકે તેમ નથી. જે ઉદ્યોગોને મીઠા પાણીની આવશ્યકતા હોય તેઓ અહીં વિકસી શકે તેમ નથી.

તેલક્ષેત્રનો વિકાસ થતાં અહીં એ સુલભ બનશે. તેથી ગેસ પર આધારિત ઉદ્યોગના વિકાસ માટે થોડી અનુકૂળતાઓ આ તાલુકામાં ઊભી થશે. પરંતુ અહીં એ યાદ રાખવાનું છે કે ગેસનો પુરવઠો પાઈપ લાઈન દ્વારા ઔદ્યોગિક કેન્દ્રો સુધી પહોંચાડવાની ઓ. એન. જી. સી.ની યોજના છે. આ પરિસ્થિતિમાં આ તાલુકામાં ગેસ પર આધારિત ઉદ્યોગ સ્થાપનારને કોઈ વિશેષ લાભ થશે કે કેમ તે એક વિચાર માંગી લે તેવો મુદ્દો છે. પરંતુ એ એક નિશ્ચિત બાબત જણાય છે કે ગેસ સુલભ બનતાં અમદાવાદથી શરૂ કરીને વાપી સુધીની દક્ષિણ ગુજરાતની પટી પર ઉદ્યોગના વિકાસને મોટું પ્રોત્સાહન મળશે.

વિકાસની આ શક્યતાઓનો લાભ આ તાલુકાની ઊછરતી પેઢીને મળે તે માટે તેમને સજ્જ કરવાની યોજનાઓ વિચારવી જોઈએ. આ માટે બે યોજનાઓનું સૂચન છે.

[૧] આઈ. ટી. આઈ. ની સ્થાપના વાગરામાં કરવી. ઓ. એન. જી. સી. જે વર્કશોપ કરવા માગે છે તેની ટેકનિકલ તાલીમ પામેલા માણસો માટેની જરૂરિયાત સંતોષવાની દૃષ્ટિએ તેમ જ આ સમગ્ર વિસ્તારમાં જે વિવિધ પ્રકારના ઉદ્યોગો વિકસવાની શક્યતા છે તેને અનુલક્ષીને આઈ. ટી. આઈ. ના અભ્યાસક્રમોનું આયોજન કરવું. તેમાં તાલીમ પામેલા વિદ્યાર્થીઓ તાલુકામાં કે અન્ય નજીકનાં ઔદ્યોગિક કેન્દ્રોમાં સર્જાતી રોજગારીનો લાભ લઈ શકે.

[૨] નિયોજકો માટેની તાલીમના થોડા વર્ગો ચલાવીને કેટલાક યુવાનોને તાલીમ આપી શકાય. તેથી તેઓ વાગરામાં કે તેની નજીકનાં અન્ય કેન્દ્રોમાં ઉદ્યોગો સ્થાપવા માટે પ્રેરાય.

આ ચર્ચા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે ગંધાર વિસ્તાર માટે ચારેય અભિગમોનો અમલ કરવાનો છે.

(અ) જેઓ ખેતી ઉપર જ નભવાના છે તેમને માટે તેમની ખેતીને વધુ ઉપજાઉ બનાવવાની છે. દશેક વર્ષમાં આ વિસ્તારને નર્મદાનાં પાણી મળતાં થાય ત્યાં સુધી ખેતીને વધુ ઉપજાઉ બનાવવા માટેનો એક ઉપલબ્ધ માર્ગ આ વિસ્તારમાં કપાસની નવી જાત દાખલ કરવાનો છે.

(બ) જેઓ નાના પાયા પર ખેતી કરે છે તેમને પૂરક રોજગારી પૂરી પાડવાના માર્ગો શોધવાના છે. એ માટેની ગુંજાશ આ વિસ્તારમાં અત્યારે સીમિત છે. આ દિશામાં કેટલુંક કાર્ય પ્રાયોગિક ધોરણે કરવાનું છે. જો સફળ નીવડે તો તેનો મોટા પાયા પર પ્રચાર થઈ શકે.

(ક) જેઓ કેવળ મજૂરી પર નભે છે તેમને મજૂરી માટેની તકો પૂરી પાડવાની છે. આ વિસ્તારમાં ખેતી કેવળ વરસાદ પર આધારિત હોવાથી રોજગારીની તકો પૂરી પાડવાની ખેતીની ક્ષમતા મર્યાદિત છે. તેથી રોજગારી માટેનાં વૈકલ્પિક સાધનો ઊભાં કરવાં પડશે. રોજગારી માટેની આ વૈકલ્પિક તકો ગામમાં જ પૂરી પાડવાનો આગ્રહ રાખી શકાશે નહિ. સમગ્ર વિસ્તારમાં જ્યાં રોજગારીની તકો સર્જાય ત્યાં સ્થળાંતર માટેની તૈયારી શ્રમિકોએ રાખવી પડશે.

(ડ) ગુજરાતમાં અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં જે ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે અને વાગરામાં જે ઔદ્યોગિક વિકાસ સધાય તેનો લાભ આ વિસ્તારના યુવકો લઈ શકે તે માટે તેમને ઔદ્યોગિક કુશળતાની તાલીમ આપવાનો પ્રબંધ કરવો જોઈએ. આ યુવકોએ પોતાનું વતન અને વિસ્તાર છોડવાની તૈયારી રાખવી જોઈએ.

[૪] વાગરા વિસ્તારમાં કપાસ*

ભરૂચ જિલ્લો કપાસના ઉત્પાદન અને ગુણવત્તાના ક્ષેત્રે મશહૂર છે. આ વિસ્તારને ભરૂચ કોટન એરીયા એ નામે ઓળખવામાં આવે છે. ભરૂચ જિલ્લાનો બારા વિભાગ—વાગરા તાલુકો—ખંભાતના અખાતની નજીક છે. કપાસનો પાક પરંપરાગત રીતે આ વિસ્તારમાં થાય છે. ભરૂચ વિસ્તારમાં ભરૂચી કપાસની જાત જાણીતી હતી. મોટા જથ્થામાં સારી જાતનું રૂ એકધારું પેદા કરતા આ પ્રદેશનું નામ રૂ બજારમાં પહેલેથી ખ્યાતિ પામ્યું હતું. લાંબા અને તાકાતવાળા તારના રૂ માટે આ પ્રદેશે સારી નામના મેળવી હતી. પાછળથી ઘોઘારી નામની વધુ ઉતારો આપતી ટૂંકા તારની બરછટ જાત ભરૂચી કપાસમાં મિશ્ર થવાથી સારી જાતના નામને બટ્ટો લાગ્યો.

ભરૂચમાં કપાસ સંશોધન કેન્દ્રમાં ૧૯૧૪થી ૧૯૧૯ દરમ્યાન કપાસની ત્રણ નવી જાત શોધવામાં આવી. જેમાં ભરૂચ દેશી ૮ નંબર લોકપ્રિય બની.

મધ્યસ્થ સમિતિની આર્થિક સહાયથી ૧૯૩૨થી ભરૂચ કેન્દ્ર ઉપર શરૂ થયેલ કપાસ સુધારણા યોજના હેઠળના સંશોધનના પરિણામે 'વિજય' નામની નવી જાત તૈયાર કરવામાં આવી. આ જાત કપાસના એકરદીઠ ઉત્પન્નથી માંડીને તારની લંબાઈ, ભારીકાઈ, પરિપક્વતા કાંતણશક્તિ અને સુકારાના રોગ સામે પ્રતિકારકતાના ઉચ્ચ ગુણો ધરાવતી હોવાથી ઘણી જ સફળ નીવડી.

૧૯૫૬માં 'દિગ્વિજય' નામની નવી સુધારેલી જાત બહાર પાડવામાં આવી, જે વિજય કપાસ કરતાં ઘણી ચઢિયાતી પુરવાર થઈ. કપાસ પકવતા ખેડૂતોને ઉતારાની દૃષ્ટિએ અને કાપડ ઉદ્યોગને ગુણવત્તાની દૃષ્ટિએ આશીર્વાદરૂપ નીવડી. કપાસની આ જાત ગુજરાતભરમાં મોટા પાયા પર સ્વીકાર પામી.

દેશમાં લંબતારી રૂની અછત હોવાથી પ્રતિવર્ષ આ પ્રકારના રૂની આયાત કરવામાં આવતી હતી. લંબતારી રૂ મોટા પાયા પર દેશમાં જ પેદા કરી શકાય તે માટે સંશોધન હાથ ધરાયાં હતાં. કપાસ સંશોધન કેન્દ્ર, સુરત ખાતે સંકર-કપાસની જાત તૈયાર કરવામાં આવી. ૧૯૬૮-૬૯માં પ્રાયોગિક ધોરણે તેનું વાવેતર કરવામાં આવ્યું, જેનાં સુંદર પરિણામો આવ્યાં. આથી વેપારી ધોરણે વાવેતર માટે આ જાતને છૂટી કરવામાં આવી. સંકર-૪ રૂ ૫૦થી ૬૦ કાઉન્ટ માટે મિલોમાં ઉપયોગમાં લઈ શકાય છે. એકર દીઠ ઉતારો

.....

* આ વિભાગ માટે અમે શ્રી કિશોરભાઈ શાહના આભારી છીએ.

૧૨૦૦થી ૧૫૦૦ કિલો હોવાથી અને દેવીરાજ કે ગુજરાત-૬૭ જેવી જાતો કરતાં બે મહિના વહેલો કપાસ તૈયાર થતો હોવાથી આ જાત ખૂબ જ લોકપ્રિય નીવડી. સંકર-૪ કપાસે દિગ્વિજયનું સ્થાન લઈ લીધું. પિયત અને બિનપિયત બધા વિસ્તારમાં સંકર-૪ કપાસનું વાવેતર થયું. સંકર-૪ કપાસ હાઈબ્રીડ પ્રકારનો હોવાથી તેની ખેતી અતિ ખર્ચાળ બની. દવા, ખાતર, મજૂરી, પાણી વગેરેમાં મોટો ખર્ચ થતો આમ છતાં વધુ ઉતારો અને સારા ભાવને કારણે ખેડૂતો સંકર-૪ની ખેતી તરફ વળી ગયા.

આ દરમિયાન પાકની ફેરબદલી બંધ પડી. કઠોળ કે જુવારની ખેતી સાથે વાવેતર કરવાને બદલે માત્ર કપાસની ખેતી થતી. સરવાળે રોગનું પ્રમાણ વધ્યું અને રોગપ્રતિકારક દવાઓનો ઉપયોગ વધ્યો. કપાસની ખેતી ખર્ચાળ બનતી ગઈ. સંકર-૪ હાઈબ્રીડ પ્રકારનો હોવાથી સંવેદનશીલ જાત છે. તેથી રોગપ્રતિકારક શક્તિ ઓછી છે. દવાઓના વધુ પડતા અને વિવેકહીન ઉપયોગને કારણે કેટલાંક વર્ષો એવાં આવ્યાં જેમાં કપાસનો પાક નિષ્ફળ જવા માંડ્યો અને ખેડૂતો આર્થિક સંકડામણમાં આવી ગયા. આથી વાગરા વિસ્તારના ખેડૂતોએ તુવેરની ખેતી શરૂ કરી. વાગરા ખાતે કપાસની સહકારી જીનિંગ પ્રેસીંગ સોસાયટી હતી તેમાં ૧૭૦ કિલોની એક એવી રૂની બંધાયેલ ગાંસડીની વિગતો નીચે મુજબ છે :

વર્ષ	ગાંસડી
૧૯૬૫-૬૬	૭૮૯૨
૧૯૬૬-૬૭	૬૫૭૫
૧૯૬૭-૬૮	૯૬૯૨
૧૯૬૮-૬૯	૬૪૯૬
૧૯૬૯-૭૦	૯૬૪૧
૧૯૭૦-૭૧	૬૬૪૨
૧૯૭૧-૭૨	૫૪૬૩

સંકર-૪ કપાસની ખેતી પછી કપાસના ક્ષેત્રે આ વિસ્તાર પાછળ પડતો ગયો. ૧૯૭૨-૭૩માં વાગરાની કપાસ ફેક્ટરી બંધ થઈ ગઈ. અટાલી ખાતે આવેલું કપાસનું જિન બંધ થઈ ગયું. વાગરા વિસ્તારમાંથી કપાસ નીકળી ગયો એમ કહીએ તો પણ ખોટું નથી.

વાગરા વિસ્તારમાં હાલમાં તુવેરનું વાવેતર મોટો પ્રમાણમાં થાય છે. પરંતુ તુવેરમાં પણ સુકારાનો રોગ લાગુ પડે છે. આથી માત્ર એક પાક ઉપર આધાર ન રાખતાં આ વિસ્તારમાં કપાસની ખેતી પુનઃ સ્થાપિત કરી શકાય કે કેમ તે દિશામાં વિચારવું જોઈએ.

વાગરા વિસ્તારની જમીન, આબોહવા અને બિનપિયત ખેતી ધ્યાનમાં લઈ પિયતની સુવિધા વિનાના વિસ્તારમાં કપાસની હાઈબ્રીડ સિવાયની જાતનું વાવેતર હાથ ધરાય તે ઉચિત ગણાશે.

એલ. આર. એ. ૫૧૬૬ કપાસની મધ્યમતારી જાત છે. તે સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યૂટ ફોર કોટન રીસર્ચ, રીજીયોનલ સ્ટેશન, કોઈમ્બતુર, તામીલનાડુ ખાતે શોધવામાં આવી છે. વાવેતર માટે ૧૯૮૨-૮૩માં તે રીલીઝ કરવામાં આવી છે. આ જાત કર્ણાટક લક્ષ્મી, સેન્ટ્રલ આફ્રિકાની એક જાત અને પંજાબી એસી. ૧૨૨ એ ત્રણ જાતોના ક્રોસથી તૈયાર કરવામાં આવી છે. એલ. આર. એ. ૫૧૬૬ તામીલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને મધ્ય ભારતના કપાસ પકવતાં રાજ્યોનાં પિયત અને બિનપિયત વિસ્તાર માટે ખૂબ જ અનુકૂળ છે.

એલ. આર. એ.-૫૧૬૬ના પ્રયોગો ૧૯૭૬થી ૧૯૮૨ સુધી કરવામાં આવ્યા હતા. આ પ્રયોગો મોટાભાગે હાથ ધરવામાં આવતાં એમ. સી. યુ.-૫, લક્ષ્મી, એસ. આર. ટી.-૧ વગેરે જાતો કરતાં પિયત વિસ્તારમાં ૪૪ ટકા અને બિનપિયત વિસ્તારમાં ૬૦ ટકા વધુ ઉતારો મેળવી શકાયો છે. આંધ્ર પ્રદેશના અદિલાબાદ જિલ્લામાં હાઈબ્રીડ-૪નું સ્થાન એલ. આર. એ.-૫૧૬૬ એ મેળવ્યું છે. આ વેરાયટી રોગપ્રતિકારની સારી શક્તિ ધરાવે છે. આ પાક ૧૬૫ થી ૧૮૦ દિવસનો છે. આ કપાસ ૨૮ એમ. એમ. એટલે કે સુપીરીયર

અર્થાત્

મીડીયમ સ્ટેપલ પ્રકારનો છે. એના જીનિંગ આઉટ-ટર્ન ૩૫/અને ૪૦ કાઉન્ટમાં ચાલે તેવું ૩ છે.

ભરૂચ વિસ્તારમાં 'દિગ્વિજય' કપાસનું સ્થાન ગુજરાત-૧૧ કપાસે લીધું છે. પરંતુ દિગ્વિજયની સરખામણીમાં આ કપાસ ગુણવત્તાની દૃષ્ટિએ ઘણો પાછળ છે અને ખેડૂતોમાં પણ લોકપ્રિય બની શક્યો નથી. આથી કેટલાક ખેડૂતોએ ભરૂચ અને વડોદરા જિલ્લાના પિયત અને બિનપિયત વિસ્તારમાં એલ. આર. એ. ૫૧૬૬નું વાવેતર સતત ત્રણ વર્ષ સુધી કર્યું છે તેમાં આકર્ષક પરિણામો જોવા મળ્યાં છે.

૧૯૮૫-૮૬, ૧૯૮૬-૮૭ અને ૧૯૮૭-૮૮ દરમિયાન થયેલ વાવેતરમાં પિયત વિસ્તારમાં એક વીંઘે પાંચ ક્વિન્ટલથી બાર ક્વિન્ટલ સુધીનો ઉતારો મળ્યો છે. જ્યારે બિનપિયત વિસ્તારમાં ત્રણથી પાંચ ક્વિન્ટલનો ઉતારો મળ્યો છે. કપાસની આ જાત ઘણા ટૂંકા ગાળાની હોવાથી અને હાઈબ્રીડ પ્રકારની જાત ન હોવાથી ઈન્પુટસનો ખર્ચ નહિવત્ છે. વળી કપાસની ગુણવત્તા 'દિગ્વિજય અને એસ. આર. ટી.-૧ કરતાં પણ ઊંચા પ્રકારની હોવાથી તેના આકર્ષક ભાવ મળે છે. કપાસની આ જાત તેનાં લક્ષણો અને ગુણવત્તા તથા આર્થિક ક્ષમતાને કારણે બિનપિયત વિસ્તાર માટે ઓપ પુરવાર થવાનો સંભવ છે.

[૫] ગંધાર વિસ્તાર જળ આયોજન‡

(૧) જળ અછત : એક વિહંગાવલોકન

પાણીની અગત્ય વિશે કશું કહેવું જરૂરી નથી. જીવશાસ્ત્ર કહે છે કે મૂળભૂત કોષને જન્મ આપવામાં અને પછી તેના વિકાસમાં પાણીનો અગત્યનો ફાળો છે. માનવ સંસ્કૃતિનો ઈતિહાસ પણ પાણીની આસપાસ રચાયેલો છે. કુદરતમાં પદાર્થોને એકબીજા સાથે સાંકળી રાખવાનું કામ પણ પાણી જ કરે છે.

કુદરતે આપણને પુષ્કળ પાણી આપ્યા કર્યું છે અને તેથી જ પાણીની અછતને નિવારવા લાંબા ગાળાની યોજનાઓ વ્યવસ્થિત રીતે કરવી પડે એ વસ્તુ જલ્દી ધ્યાનમાં ન આવી. એના ફળસ્વરૂપે પાણીની અછત એક વિકરાળ પ્રશ્ન બની ચૂક્યો છે.

જળ અછત જુદા જુદા વિસ્તારમાં જુદી જુદી રીતે હોય છે. પણ તેનાં થોડાંક લક્ષણો સર્વસામાન્ય છે.

૧ વધતી જતી માનવ વસ્તીને કારણે જરૂરી એવા મીઠા પાણીની વિશ્વવ્યાપી અછત સર્જાઈ છે.

૨ મીઠા પાણીના સંગ્રહોને આધુનિક જીવન પદ્ધતિએ અને ઔદ્યોગિક વિકાસે પ્રદૂષિત કરી મૂક્યા છે.

૩ કુદરત આપણને જે શુદ્ધ પાણી વરસાદ રૂપે આપે છે તેનો વ્યવસ્થિત સંગ્રહ અને ઉપયોગ કરવાની વ્યવસ્થા અને આયોજનનો અભાવ વર્તાય છે.

૪ વરસાદનું જેટલું પાણી સંઘરાય છે તેનો પણ વનીકરણ અને ખેતી માટે પૂરતી કાર્યદક્ષતાથી ઉપયોગ થતો નથી.

૫ આપણી જરૂરિયાતોને કાબૂમાં ન રાખવાને લીધે ભૂતળ પાણીનું સંતુલન વિખેરાઈ ગયું છે.

આવા વ્યાપક પ્રશ્ન વિશે અછત અને અછતગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિ તો ખૂબ જ ખરાબ છે. વર્ષોવર્ષ અછતગ્રસ્ત વિસ્તાર વધતા જાય છે. અછતગ્રસ્તતાનો ગાળો પણ લંબાતો જાય છે.

હવે એવો સમય આવી ગયો છે કે દરેક રાષ્ટ્રે પોતાના પાણીનો બહુ ચોક્કસ હિસાબ રાખવો પડશે. એનો ઉપયોગ આયોજિત રીતે કરવો પડશે. ખરેખર તો આ બાબતમાં આપણે ખૂબ મોડા છીએ.

(૨) રાષ્ટ્રકક્ષાએ અને રાજ્યકક્ષાએ જળસમસ્યા

ગંધાર વિસ્તારની વાત કરતાં પહેલાં રાષ્ટ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષા જે પરિસ્થિતિ છે તે ટૂંકમાં જોઈએ. આ માહિતી આખા પ્રશ્નને એના સાચા સંદર્ભમાં મૂકી આપશે.

.....

‡ આ વિભાગ માટે અમે શ્રી તુષાર મહેતાના આભારી છીએ.

દુનિયાના બધા દેશોમાં ભારત સારા વરસાદવાળા દેશોમાંનો એક છે. ભારતનો વરસાદ સરેરાશ ૪૬ ઇંચ (૧૧૭૦ મિલીલીટર) છે, જ્યારે આખી દુનિયાને અનાજ પૂરું પાડનાર અમેરિકાના મધ્ય-પશ્ચિમ વિસ્તારનો સરેરાશ વરસાદ માત્ર ૮ ઇંચ (૨૧૦ મીલીલિટર) છે. સારામાં સારો કપાસ ઉગાડનાર અને કપાસની ખૂબ નિકાસ કરનાર ઇઝરાયેલનો સરેરાશ વરસાદ તો મધ્ય-પશ્ચિમ અમેરિકા કરતાં અડધો છે.

આ સરખામણીએ જોઈએ તો ભારત એક નસીબદાર દેશ છે. ૪૬ ઇંચનો સરેરાશ વરસાદ ખેતી અને બીજા ઉપયોગ માટે પૂરતો ગણાય. પણ જળઆયોજનના અભાવે તે પૂરતો નીવડતો નથી.

રાષ્ટ્રકક્ષાએ આપણી પાસે ખરેખર પાણીનો કેટલો જથ્થો છે તેનો કોઈ ચોક્કસ અભ્યાસ થયો નથી. ભૂતળના પાણી વિશે તો સાવ નગણ્ય માહિતી છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડે એવી જાહેરાત કરી છે કે લગભગ ૧૯૯૫ આસપાસ તેમનો ભૂતળ પાણીનો સર્વે પૂરો થશે. આ તો માત્ર એક સરકારી જાહેરાત છે.

વિસ્તાર પ્રમાણે પાણીની જરૂરિયાતને સંતુલિત રાખી શકે તેવી કોઈ વ્યવસ્થા આપણી પાસે છે જ નહિ. રાષ્ટ્રના ૧૯ ટકા જિલ્લાઓ અછતગ્રસ્ત છે. આ અછત કાયમી પ્રકારની છે. ઘણે ભાગે તો પીવાના પાણીનો અને પશુઉછેરના પાણીનો પણ અભાવ છે. આ ટકાવારી વધતી જાય છે. કુલ વાવેતર યોગ્ય જમીનમાં જો વાર્ષિક એકથી વધાર પાક લેવો હોય તો જે પાણી જોઈએ તેને આધારે ગણીએ તો અછત-ગ્રસ્ત વિસ્તારની ટકાવારી ઘણી વધુ થાય.

ગુજરાત રાજ્યની જળ સમસ્યા તો વધુ ચિંતા-પ્રેરક છે. રાષ્ટ્રકક્ષાએ ૧૯૦ જિલ્લાઓ અછતગ્રસ્ત છે, જ્યારે ગુજરાતના ૬૦ ટકા જિલ્લાઓ અછતગ્રસ્ત છે. રાષ્ટ્રકક્ષાએ ૧૬ ટકા વિસ્તાર અને ૧૧ ટકા વસ્તી અછતગ્રસ્ત છે. જ્યારે ગુજરાતમાં ૪૩ ટકા વિસ્તાર અને ૩૦ ટકા વસ્તી અછતગ્રસ્ત છે. ઇઝરાયેલનો સરેરાશ વરસાદ ૪ ઇંચ (૧૦૦ મીલીલિટર) છે છતાંયે તે નિકાસ થાય તેટલો કપાસ અને અનાજ પકવે છે. ગુજરાતનો સરેરાશ વરસાદ ૧૯ ઇંચથી ૨૦ ઇંચ હોવા છતાં આપણા ૬૦ ટકા જિલ્લાઓને પીવાના પાણીની અને ઘાસચારો ઉગાડવાના પાણીની પણ વારંવાર અછત પડે છે.

(૩) જળસમસ્યાનાં કારણો

જળસમસ્યાનાં કારણો ઘણાં હોઈ શકે. વળી સ્થાનિક સ્તરે જુદાં જુદાં અને વિશિષ્ટ કારણો હોઈ શકે છે. આ બધામાં સામાન્ય કારણો નીચે પ્રમાણે છે.

૧ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાએ જળઆયોજન અને લાંબા-ગાળાની દૃષ્ટિનો અભાવ.

૨ જળપરિસ્થિતિ વિશેની સમાનતાનો સદંતર અભાવ.

૩ જંગલ, વૃક્ષો, અને ઘાસચારાની લીલોતરીનો અવિચારી નાશ.

૪ જમીન પર વધતું જતું વસ્તીનું અને ઉદ્યોગનું દબાણ

૫ ઔદ્યોગિક વિકાસને લીધે વધેલો પાણીનો વપરાશ.

૬ શહેરીકરણ અને આધુનિક જીવન પદ્ધતિએ વધારેલો પાણીનો વપરાશ

૭ ઋતુચક્રની અનિયમિતતા અને બદલાઈ રહેલું સમયપત્રક

૮ રાસાયણિક ખાતરો અને સંકર જાતોની ખેતીએ વધારેલો પાણીનો વપરાશ

૯ પાણીના સંગ્રહ અને વાહક (કેચમેન્ટ) વિસ્તારના વિકાસ આડે આવતા જમીનમાલિકી અને ફાળવણીના કાયદાઓ

૧૦ સિંચાઈના પાણીનો બેકાળજીભર્યો બગાડ.

૧૧ નદીમાં ઠલવાતાં વરસાદના પાણીનો અપૂરતો ઉપયોગ

૧૨ ખાનગી માલિકોના ધોરણે ચાલતા અને મોટે ભાગે પૈસાપાત્ર ખેડુતોએ ખૂબ વધારી મૂકેલા

અર્થાત્

પાતાળકૂવાઓને લીધે ભૂતળના પાણીનું સ્તર નીચે ગયું છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણી ખારાશવાળું બન્યું છે. દર વર્ષે લગભગ ૨,૫૦,૦૦૦ પાતાળકૂવાઓ ઉમેરાય છે.

૧૩ પર્વત પરની વનરાજિના વિનાશને લીધે પર્વત પર પડતા પુષ્કળ વરસાદનું પાણી બહુ ઝડપથી સમુદ્રમાં ઠલવાઈ જાય છે.

૧૪ બારેમાસ વહેતી નદીઓના પાણીને જળઆયોજન યોજનાઓ દ્વારા અછતગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડવાની પ્રક્રિયામાં નિષ્ક્રિયતા અથવા જૂથબાજીનું રાજકારણ.

૧૫ પ્રદૂષણ અને જંગલના નાશને લીધે 'જળ અને જંગલ'ની પરસ્પરની નિર્ભરતાના કુદરતી ક્રમનો નાશ.

૧૬ સિંચાઈની પરંપરાગત અને બગાડયુક્ત અવૈજ્ઞાનિક રીતો.

આ કારણો પૈકી કેટલાંક ગંધાર વિસ્તારની છેલ્લા દોઢ દાયકાની જળઅછતને પણ લાગુ પડે છે.

(૪) પાણીનો વપરાશ : સામાન્ય વહેંચણી

પાણીનો સામાન્ય વપરાશ કઈ રીતે વહેંચાયેલો છે તે તરફ એક નજર નાખી લઈએ. પાણીના કુલ વપરાશનો લગભગ ૭૫ થી ૮૫ ટકા હિસ્સો ખેતી માટે વપરાય છે. લગભગ ૧૫ ટકાથી ૧૯ ટકા હિસ્સો ઉદ્યોગ માટે વપરાય છે. પાણીના વપરાશનો માત્ર ૪ થી ૮ ટકા ભાગ જ જીવનજરૂરિયાતનાં કામો માટે વપરાય છે. વરસાદથી મળતાં પાણીનો ૧૮ થી ૨૦ ટકા ભાગ તરત જ બાષ્પીભવન થઈ ઊડી જાય છે. લગભગ ૨૦ થી ૩૦ ટકા ભાગ જમીનની સપાટી પર વહેતા પાણી તરીકે નદી, નાળામાં કે તળાવમાં ઠલવાય છે. બાકીનો ૫૦ થી ૫૬ ટકા હિસ્સો જમીનમાં શોષાઈ જાય છે.

આપણું જળઆયોજન એ પ્રકારનું રહ્યું છે કે આપણને ઉપલબ્ધ પાણીમાંથી માત્ર ૯ થી ૧૧ ટકા પાણીનો જ આપણે ઉપયોગ કરી શકીએ છીએ.

(૫) ગંધાર વિસ્તાર જળસમસ્યા

ગંધાર વિસ્તાર અત્યારે તીવ્ર જળઅછતમ પસાર થઈ રહ્યો છે. ૧૯૭૯ થી ૧૯૮૪ સુધીના વર્ષના ગાળામાં સરેરાશ વરસાદ ૨૫ ઇંચ હતો ઘટીને છેલ્લાં ત્રણ વર્ષોમાં ૧૧ ઇંચ થઈ ગયો છે. દુષ્કાળનાં આ છેલ્લાં ત્રણ વર્ષોને બાદ કરીએ તો તેની પહેલાંના લગભગ સવા દાયકાથી આ વિસ્ત પાણીની તંગી અનુભવી રહ્યો છે. ખેતી ઉત્તરો નબળી થતી ચાલી છે. જો કે ખેતીની પેદાશોમાં કપા ના પાકની નિષ્ફળતા માટે અને નફો ઘટવા મ પાણીની અછત સિવાયનાં કારણો પણ છે. છતાં વિસ્તારની છેલ્લા દોઢ દાયકામાં થયેલી દુર્દશામાં જ આયોજનના અભાવનો ફાળો નાનોસૂનો નથી.

ગંધાર વિસ્તારની જળ-સમસ્યાના અભ્ય ઉપરથી એમ લાગે છે કે આ વિસ્તારને જળઆયોજ અને સિંચાઈ યોજનાની ખૂબ જ જરૂર ઊભી હતી. પણ આ આયોજનની નિષ્ફળતાને લીધે સમગ્ર વિસ્તાર ધીરે ધીરે એની આજની દુર્દશા પહોંચ્યો છે.

૬૦,૪૪૪ હેક્ટર ખેતી લાયક જમીન ધરાવતા વિસ્તારમાં માત્ર ૧૮૨ હેક્ટર (૦.૩૦)ની પિયત જમી હતી. જ્યારે આ વિસ્તારથી થોડા જ કિલોમીટર દૂ આમોદ અને ભરૂચ જિલ્લામાં ૨૫ થી ૩૦ ટ જમીન પિયત છે.

પરંપરાગત ખેતી વરસાદ આધારિત રહી છે લગભગ દોઢ દાયકા પહેલાં આ વિસ્તારનો સરેરાશ વરસાદ ૩૫ ઇંચથી ૪૦ ઇંચ હતો અને તે વખતન ખેતપદ્ધતિથી કપાસનો પાક સારો થતો. આ પાકન આધારે આ વિસ્તારનો નાનો ખેડૂત પણ સુખી હતે પણ સરેરાશ વરસાદમાં ઘટાડો થતાં આ વિસ્તા જળઅછતગ્રસ્ત બની ગયો અને આજે તો ઘણ ગામોમાં પીવાના પાણી માટે પણ મુશ્કેલી છે.

આંકડાકીય રીતે જોઈએ તો દુષ્કાળનાં છેલ્લાં ત્રણ વર્ષો પહેલાંના વર્ષોનો ૨૫ ઇંચ વરસાદ પણ કપાસ, જુવાર, ઘઉં, તુવેર કે લાંગની ખેતી માટે ઓછો ન કહેવાય. વળી વપરાશના અને અન્ય કામ માટેના પાણી માટે પણ આ વરસાદ ઓછો ન કહેવાય. ૩૦ ઇંચ જેટલો સરેરાશ વરસાદ હોવા છતાં ગંધાર વિસ્તાર અછતગ્રસ્ત બની ગયો.

આ વિસ્તારમાં લગભગ ૯૦ ટકા ગામોને ગામતળાવ છે. પણ અત્યારે માત્ર એક જ ગામના તળાવમાં પાણી છે. આવી પરિસ્થિતિ કેમ આવી? આ પ્રશ્નનો જવાબ જળઆયોજનના અભાવમાં રહેલો છે. આ વિસ્તારની મોટા ભાગની જમીનનું ૨ થી ૩ ફૂટનું પડ પાકને યોગ્ય કાળી જમીનનું છે. આ પછી નીચે ખારી ક્ષારયુક્ત જમીન છે.

આ જાતની જમીનની ખાસિયત એ છે કે એક સાથે વધારે પાણી મળે તો નીચેનો ક્ષાર પાણીના કેશાકર્ષણને લીધે સારી જમીનના પડ સુધી આવી જાય છે અને પાકને બગાડે છે. તેથી ટુકડે ટુકડે ૨ ઇંચથી ૪ ઇંચ વરસાદ પડે તો જ આ વિસ્તારમાં સારી ખેતી થાય.

ઋતુચક્ર સહેજ અનિયમિત થતાં, ખરેખર પાક માટેની જરૂરિયાત જેટલો વરસાદ થવા છતાં આ વિસ્તારની ખેતી પડી ભાંગે છે. આ આખો પ્રશ્ન આ રીતે પાણીની સમૂળગી અછત કરતાં જળઆયોજનના અભાવનો વધુ છે.

વપરાશ તેમ જ અન્ય ઉપયોગો માટેની પાણીની સમસ્યા પણ જળઆયોજનના અભાવમાં ખૂબ વિકટ બની છે. એક ગામને બાદ કરતાં કોઈ ગામતળાવને વ્યવસ્થિત કેચમેન્ટ વિસ્તાર સાથે તળાવને જોડનાર કોઈ કડી નથી. આ વિસ્તારની જમીન પાણીને વધુ પ્રમાણમાં શોષી લે છે. તળાવમાં જરૂરી પાણી એકઠું કરવાની કોઈ વ્યવસ્થા જ નથી.

આમ વરસાદ થોડોક પણ ઓછો થતાં વધુ પડતી અછત સર્જાઈ છે. અત્યારે મધ્યબારા પાણીની યોજનાથી લગભગ ૪૦ ગામોને પાણી અપાય છે. બાકીનાં ગામોમાં પાણીની વિકટ અછત છે. મધ્યબારા યોજના પાતાળકૂવામાંથી પાણી ખેંચી પાઈપ લાઈન વડે પીવાનું અને વપરાશનું પાણી પૂરું પાડે છે. પણ ખેતી માટેનું પિયતનું પાણી પૂરું પાડવાની કોઈ યોજના નથી.

આ વિસ્તારમાં ભૂતળનું પાણી મહદંશે ક્ષારવાળું છે. ખૂબ ઊંડે સુધી આ પાણી ક્ષારવાળું છે. ભૂતળનું પાણી પાવાથી ખેતરની જમીન બે કે ત્રણ વર્ષે નકામી થઈ જાય છે.

(૬) ગંધાર વિસ્તાર જળઆયોજન અભિગમ

(૧) આ વિસ્તારની જમીનને સારી ખેતી માટે ઓછામાં ઓછા પાંચથી સાત દિવસના અંતરે મર્યાદિત જથ્થામાં પાણી આપવું જોઈએ; પણ આને માટે જરૂરી એવી નિયમિતતાથી વરસાદ પડે નહિ માટે આ વિસ્તારમાં વરસાદના પાણીથી ખેતી કરવામાં પણ જળઆયોજન કરવું પડે તેમ છે.

ખેતી લાયક જમીનમાં થોડાં ખેતરનાં ઝૂમખા વચ્ચે નીચાણવાળી જમીન હોય ત્યાં પાણી સંગ્રહવાની નાની નાની ખેતતલાવડી બનવી જોઈએ. જ્યારે વધારે વરસાદ પડે ત્યારે ખેતરના પાળા ખોલી આ વધારાનું પાણી તળાવડીમાં એકઠું કરવું અને પછી જરૂર પડે ત્યારે લીફ્ટ ઈરિગેશનથી પાછું ખેતરને આપવું.

આ ઉપાય ખૂબ જ સચોટ અને અમલમાં મૂકી શકાય તેવો છે. આમાં અવરોધરૂપ થતા જમીનકાયદાઓ વગેરેને બદલવા જ જોઈએ. નહિતર આ વિસ્તારની ખેતીને વરસાદનો લાભ મળવાનું તદ્દન બંધ થઈ જવાની શક્યતાઓ છે.

(૨) દરેક ગામતલાવડીને કેચમેન્ટ વિસ્તાર હોવો જોઈએ. દરેક ગામની ભૌગોલિક સ્થિતિ પ્રમાણે આ વિસ્તાર નક્કી કરી તેનો વ્યવસ્થિત વિકાસ કરવો અને તેને તળાવ સાથે વ્યવસ્થિત રીતે જોડવો. અહીં પણ આડા આવતા કાયદાઓ સુધારવા એ ખૂબ જરૂરી છે.

(૩) અત્યારે ખરાબા તરીકે કે વણવપરાયેલ પડેલી જમીન પર નાના નાના માટીના ચેકડેમ બાંધવા અને આ જમીનનો થોડા સમય માટેના પાણીના સંગ્રાહક તરીકે અથવા કેચમેન્ટ વિસ્તાર તરીકે વિકસાવવી. આ જમીનમાં વનીકરણ ઘનિષ્ઠ કરવું. આ વિસ્તારનું પાણી લીફટ ઈરીગેશનથી ખેતી માટે આપવું.

(૪) ખેતીમાં આધુનિક પિયત પદ્ધતિઓ અપનાવવી અને એકદમ જરૂરી હોય તેટલું જ પાણી વાપરવું. આનાથી ગંધાર વિસ્તારને બે લાભ છે. એક તો પાણીનો વપરાશ ઘટશે અને બીજું નીચેની જમીનનો ક્ષાર ઉપર આવતો અટકશે.

(૫) આવતાં થોડાં વર્ષો પછી નર્મદાયોજનાનું પાણી આ વિસ્તારમાં અમુક ભાગમાં આવવાનું છે. આ નર્મદાના પાણી સાથે સંકળાયેલ જળ આયોજન વિગતવાર કરવું.

(૬) ગામતળાવમાં પાણી હોય ત્યાં ઓવરહેડ ટાંકી બાંધવી અને તેમાંથી પાણીનું વિતરણ કરવું. આ વ્યવસ્થા પાણીનું પ્રદૂષણ અને બગાડ બંને અટકાવે છે.

(૭) ખૂબ શુષ્ક જમીન હોય ત્યાં પીવાના પાણીના સંગ્રહ માટે ટાંકાં બાંધવા અથવા પોલિથિલિન ફિલ્મનો ઉપયોગ કરી તળાવોને વિકસાવવાં.

(૮) દરેક ગામમાં જળઆયોજન અને જળ ઉપયોગ માટેની એક કો-ઓપરેટીવ સોસાઈટી બનાવવી. આ કોઓપરેટીવ પાણીના વિતરણની અને સંગ્રહની વ્યવસ્થા કરાવે અને પછી તેનું સંચાલન અને જાળવણી કરે. આ કોઓપરેટીવની મદદથી પાળા બાંધવાનું, કેચમેન્ટ વિસ્તાર વિકસાવવાનું, પિયત તળાવડી બાંધવાનું, કૂવા ગાળવાનું અને સાચવવાનું વગેરે વધુ સરળ અને સર્વમાહી બની શકે.

(૯) મધ્યગારા યોજનાને વિસ્તારવી. આ યોજનાની વ્યાપકતા અને ક્ષમતા બંને વધારવાં.

(૧૦) પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા ઊભી કરવી. લીફટ ઈરીગેશન દ્વારા પાક અને જમીનને જરૂરી રીતે પાણી પાવાની પદ્ધતિ ઊભી કરવી.

(૧૧) દરિયા કાંઠાના વિસ્તારમાં દરિયાના ખારા પાણીને અને ક્ષારને આગળ વધતો અટકાવવા પાળા બાંધવા અને વૃક્ષારોપણ કરવું.

(૧૨) દરેક વર્ષે તળાવોને ઊંડાં કરવાં અને ધીરે ધીરે તળાવોને વધારે પાકાં કરવાં.

(૧૩) મધ્યગારા યોજના સિવાયનાં ગામોને ઓ.એન.જી.સી.ની પાઈપ લાઈનમાંથી પીવાનું પાણી પૂરું પાડવું.

ઓ.એન.જી.સી.નો ફાળો

આ વિસ્તારમાંથી મળેલ તેલ ભંડારનો રાષ્ટ્ર માટે ઉપયોગ કરી ઓ.એન.જી.સી. ઘણા પૈસા કમાશે. જાહેર ક્ષેત્રનાં સાહસોને વિકસાવવા પાછળની પાયાની ધારણા લોકહિતની છે. ઓ.એન.જી.સી. આ વિસ્તારમાં વિકાસના કામમાં જરૂરી ફાળો આપે અને પોતાને મળી રહેલી આવકનો થોડો હિસ્સો આ પછાત વિસ્તારના વિકાસ માટે વ્યવસ્થિત રીતે વાપરે તો તે અપેક્ષા ખૂબ સ્વાભાવિક અને ન્યાયી પણ છે.

૧ ઓ.એન.જી.સી. પાસે ટેકિનકલ જાણકારી અને સાધનો છે. આનો ઉપયોગ કરી ગામે ગામ પાણીની જરૂરી વ્યવસ્થામાં તે ભાગ ભજવી શકે. ઓ.એન.જી.સી. ભૌગોલિક સર્વે કરવામાં મદદ કરી શકે. ઓવરહેડ ટેંક અને પંપ હાઉસ બાંધવા મદદ કરી શકે.

૨ ઓ.એન.જી.સી. તેની વિશિષ્ટ જાણકારી અને પાતાળકૂવા કરવાનાં સાધનોનો ઉપયોગ કરી મીઠું ભૂતળ જળ શોધી આપી શકે, જેનો ઉપયોગ પીવાના પાણીની અછત નિવારવા માટે થાય.

૩ ઓ.એન.જી.સી. ખેડૂતને નવી પદ્ધતિઓના ઉપયોગની તાલીમનો ખર્ચ અને સાધનોનો ખર્ચ ઉપાડી શકે.

૪ ઓ.એન.જી.સી. પાણીના દબાણથી ક્રુડ ઓઈલ બહાર કાઢવાની છે. આને માટે ઓ.એન.જી.સી. નર્મદાનું પાણી પોતાની પાઈપ લાઈન વડે લાવવાની છે. આ પાઈપ લાઈન તે થોડી લંબાવીને પાઈપ લાઈન પર આવતાં આસપાસનાં ગામડાંને વપરાશનું પાણી ફાળવી શકે.

૫ ઓ.એન.જી.સીના વિસ્તારને જળઆયોજનને માટે જરૂરી માર્ગદર્શન, ટેકિનકલ જાણકારી અને મદદ કરી શકે.

૬ ઓ.એન.જી.સી. ગ્રામ જળ ક્રોઓપરેટીવનું જરૂરી ભંડોળ ઊભું કરવામાં ફાળો આપી શકે.

૭ દરિયા કિનારાનાં ગામડાંઓ કે જ્યાં મીઠા પાણીની કારમી અછત છે ત્યાં ઓ.એન.જી.સી. સૂર્ય ડીસ્ટીલેશન પ્લાન્ટ વાપરી પીવા પૂરતું મીઠું પાણી પૂરું પાડી શકે.

૮ ઓ.એન.જી.સી. જ્યારે પાણી પૂરું પાડે ત્યારે પશુધન નિભાવ માટેનું પાણી પણ આપે. દર સો માણસોએ ઓછામાં ઓછું ૧૦,૦૦૦ લિટર પાણી અને દર સો ગાયો-ભેંસો માટે ૧૫,૦૦૦ લિટર પાણી અને દર દસ બીજાં પ્રાણી દીઠ ૫,૦૦૦ લિટર પાણી આપવું.

દરેકે દરેક ગામ અને તેની ખેતીને લાયક જમીન માટેનું વિગતવાર જળઆયોજન કરવું એ બહુ મોટું કામ છે. આ કામ માટે ઘણા માણસો, સમય અને સાધનો જોઈએ. લગભગ ૮૪૦ માણસોએ ૧ વર્ષ સુધી કામ કરવું પડે. વળી આ કામ માટે વિશિષ્ટ જાણકારી અને કેળવણીવાળા માણસો જોઈએ. આ કામ કઈ રીતે કરવું તેનો નિર્ણય સમિતિએ લેવાનો રહે છે.

[૬] ભલામણો

ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના વિકાસ માટેના આયોજનમાં નીચેના ઉદ્દેશો અમે નજર સમક્ષ રાખ્યા છે:

(૧) જમીનવિહોણા શ્રમિક તથા નાના ખેડૂતોને પૂરતી આવક આપતી રોજગારીની તક મળવી જોઈએ. (પૂરતી એટલે ગરીબીની રેખા ઉપર કુટુંબનો જીવનનિર્વાહ ચાલી શકે તેટલી. ગ્રામ વિસ્તારમાં પાંચ માણસના કુટુંબ માટે આજના ભાવોએ વાર્ષિક રૂ. ૬,૦૦૦ જેટલી આવક).

(૨) ટેકિનકલ શિક્ષણના પ્રબંધ દ્વારા ટેકિનકલ કૌશલ્યનું નિર્માણ કરવું,

(૩) સામાજિક સવલતો (રસ્તાઓ, તબીબી સારવાર, રેલવે વગેરે) સુદૃઢ કરવી અને વિસ્તારવી.

કાર્યક્રમો

(૧) રોજગારીની તકો વધારવા માટે તેમજ આવક વધારવા માટે...

(૧.૧) કપાસની વરસાદ પર આધારિત સુધારેલી જાત એલ.આર.એ.-૫૧૬૬ દાખલ કરવા માટેનાં પગલાં ભરવાં. આ માટે ખેડૂતોનાં સંમેલનો ભરી ખેડૂતોને તૈયાર કરવા અને કપાસની આ જાતનું વાવેતર કરવાની છૂટ આપતી કાનૂની પરવાનગી મેળવવી. અલબત્ત, એની શરૂઆત પ્રાયોગિક રીતે મર્યાદિત વિસ્તારમાં કરવી. એ પ્રયોગનું મૂલ્યાંકન કરી તે સફળ નીવડેલો માલૂમ પડે તો તેનો ફેલાવો કરવો.

(૧.૨) તાલુકામાં પડતર જમીન દેખીતી રીતે ઘણા મોટા પ્રમાણમાં જણાય છે. પરંતુ એમાં મોટા ભાગની જમીન ખારી છે અને અમને કેટલાક નિષ્ણાતોએ એવો અભિપ્રાય આપ્યો છે કે જ્યાં સુધી મીઠું પાણી પૂરતા પ્રમાણમાં ન મળે ત્યાં સુધી તેના પર વૃક્ષો ઉગાડવાનું શક્ય નથી. આમાં એક સૂચન એવું છે કે યોગ્ય જગ્યાએ વરસાદનું પાણી સંઘરી રાખવામાં આવે અને તેના દ્વારા ચાર છ મહિના વૃક્ષોને પાણી પૂરું પાડવામાં આવે તો વૃક્ષોનું વાવેતર શક્ય બને.

ગંધારના જે વિસ્તારમાં તેલક્ષેત્ર મળી આવ્યું છે ત્યાં યોગ્ય પ્રકારનાં વૃક્ષો ઉછેરીને જાળવી રાખવાની તેમજ દરિયાના પાણીની જે પ્રતિકૂળ અસર નજીકના

અર્થાત્

વિસ્તારોમાં પડી છે તેને રોકવાની જવાબદારી ઓ.એન.જી.સી.એ લેવી જોઈએ. તાલુકાના અન્ય વિસ્તારમાં ખેડાણલાયક પડતર જમીન નીચે પ્રમાણે છે :

લીમડી	: ૬૨.૫૯ હેકટર	દહેજ	: ૨૫.૫ હેકટર
સારણ	: ૨૩.૮૦ ,,	રહિયાદ	: ૨૧.૧ ,,
પખાજણ	: ૨૨,૧૧ ,,	કોલીયાદ	: ૧૪.૨૧ ,,
ખોજબલ	: ૨૮.૫૫ ,,	વેગણી	: ૩૮.૩૬ ,,
ભેંસલી	: ૪૭.૮૯ ,,		

ઉપર દર્શાવેલાં ગામોની ખેડાણલાયક પડતર જમીનનો સ્થળ પર જઈ અભ્યાસ કરવો અને જ્યાં શક્ય હોય ત્યાં સામાજિક વનવિકાસનો કાર્યક્રમ હાથ ધરવો. આમાં જ્યાં શક્ય હોય ત્યાં ખેતમજૂરોની સહકારી મંડળીઓ રચીને પડતર જમીન લાંબાગાળાના પટાથી આપવી. આ વિસ્તારમાં કયાં વૃક્ષો ઉગાડી શકાય તે અંગેની ટેકિનકલ જાણકારી નિષ્ણાતો પાસેથી મેળવવી. આ ઉપરાંત અમને આપવામાં આવેલી માહિતી પ્રમાણે તાલુકાના કેટલાક વિસ્તારોમાં ચોમાસામાં પાણી ભરાઈ જવાથી મોટા પ્રમાણમાં જમીન વેડફાય છે.

દા. ત. વહીઅલની અમારી મુલાકાત દરમિયાન પંચાયતના ડેપ્યુટી સરપંચે એવી માહિતી આપી હતી કે કુલ ૪,૪૦૦ એકર જેટલી જમીનમાંથી ૨,૨૦૦ એકર જેટલી જમીન વરસાદના પાણીના ભરાવાને કારણે પડતર રહે છે. આવા કેટલાક બીજા વિસ્તારો પણ આ તાલુકામાં છે. આ પાણીના ભરાવાનો નિકાલ કરવાની વ્યવસ્થા કરવામાં આવે તો ઘણા મોટા પ્રમાણમાં વેડફાતી જમીનને બચાવી લઈ શકાય અને ત્યાં વનીકરણના કાર્યક્રમો હાથ ધરીને રોજગારીની તકો ઊભી કરી શકાય. આ કાર્ય નિષ્ણાત ઈજનેરોની મદદથી જ થઈ શકે તેમ છે.

(૧·૩) તાલુકામાં બિનશાકાહારી વસ્તીનું પ્રમાણ ઘણું મોટું છે. વળી ઓ.એન.જી.સી. વાગરામાં તેલક્ષેત્ર માટેની કચેરીઓ સ્થાપવાની છે અને આશરે ૭૦૦ જેટલા કર્મચારીઓ ત્યાં નિવાસ કરે તેવી યોજના છે. આ બધાનો લાભ લેવા માટે આ વિસ્તારમાં મરઘાં-ઉછેરની યોજનાઓને વ્યવસ્થિત રીતે કાળજીપૂર્વક દાખલ કરવી જોઈએ. આ માટે માણસોને કાળજીપૂર્વક પસંદ કરવા અને તેમને પૂરતી તાલીમ આપવી, જેથી મરઘાંઉછેરની અણઆવડતને કારણે કાર્યક્રમ નિષ્ફળ ન જાય.

(૧·૪) પશુપાલનનો વ્યવસાય આ વિસ્તારમાં ઉપરાછાપરી પડેલા દુષ્કાળને કારણે લગભગ પડી ભાંગ્યો છે. જ્યાં સુધી નર્મદાનાં પાણી આ વિસ્તારને પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી ઘાસચારાની નિશ્ચિતતાની અપેક્ષા રાખી શકાય તેમ નથી અને ત્યાં સુધી પશુપાલનને પૂરક આવકના એક સાધન તરીકે સફળતાપૂર્વક પ્રયોજી શકાય તેમ નથી.

(૧·૫) નર્મદા યોજના અમલી બને એ દરમિયાન ગાયોની સંકર ઓલાદો સાધનસંપન્ન ખેડૂત કુટુંબોમાં દાખલ કરવાનું કાર્ય કરી શકાય. દેખીતી રીતે તાત્કાલિક એનો લાભ નાના ખેડૂતોને મળશે નહિ પરંતુ જો મોટા ખેડૂતોમાં આ પ્રયોગ સફળ થશે તો તેની એક પ્રકારની નિદર્શન-અસર પડશે, જે નાના ખેડૂતોને એ પ્રકારની ગાયો પાળવા માટે પ્રેરશે અને દરમિયાનમાં જો નર્મદાનું પાણી મળતું થશે તો પશુઉછેર માટેની નક્કર ભૂમિકા તૈયાર થશે.

(૧·૬) આગામી કેટલાંક વર્ષો દરમિયાન ઓ.એન.જી.સી. દ્વારા વિવિધ પ્રકારનાં બાંધકામો હાથ ધરાશે. એ જ રીતે જો નર્મદા યોજનાની નહેરોનું બાંધકામ પણ હાથ ધરાશે. બાંધકામના આ કાર્યક્રમનો લાભ જમીનવિહોણા ખેતમજૂરો અને અન્ય મજૂરોને મળી શકે તે માટે મજૂરોની સહકારી મંડળીઓ રચવી અને જ્યાં શક્ય હોય ત્યાં આ મંડળીઓને કામ મળે તે માટેનાં પગલાં ભરવાં.

(૨) શિક્ષણ અને તાલીમ

તેલ અને ગેસની પ્રાપ્તિથી દક્ષિણ ગુજરાતની ઔદ્યોગિક પટીને વિશેષ પ્રોત્સાહન સાંપડશે એ એક નિર્વિવાદ હકીકત છે. આથી ગંધાર તેલક્ષેત્રના

વિસ્તારમાં (વાગરા તાલુકામાં) કેટલો અને કેવો ઔદ્યોગિક વિકાસ સધાશે તે વિશેની કોઈ આગાહી કરવાનું અમારે માટે શક્ય નથી. કેમકે ઔદ્યોગિક વિકાસ મુખ્યત્વે ખાનગી ક્ષેત્ર દ્વારા થશે. પરંતુ આ સમગ્ર વિસ્તારમાં જે ઔદ્યોગિક વિકાસ સધાય તેનો લાભ ગંધાર તેલક્ષેત્રના યુવકોને રોજગારીના રૂપમાં મળે તે માટે અમે બે સૂચનો કરવા માંગીએ છીએ.

(૨.૧) વાગરા તાલુકામાં (શક્ય હોય ત્યાં સુધી વાગરામાં) એક ઔદ્યોગિક તાલીમ શાળા (આઈ. ટી. આઈ.)ની સ્થાપના કરવી. એમાં ઔદ્યોગિક વિકાસની સંભવિત તરેહ તેમજ ઓ.એન.જી.સી.ની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ઔદ્યોગિક તાલીમના અભ્યાસક્રમોનું આયોજન કરવું. તાલીમનું સ્વરૂપ શક્ય હોય તેટલું 'જનરલ નેચર'નું રાખવું જેથી એના સ્નાતકો માટે રોજગારીની વધુ તકો ખુલ્લી રહે. આઈ.ટી.આઈ.ની જવાબદારી ઓ.એન.જી.સી. ઉપાડે નો તે પસંદ કરવા યોગ્ય છે. ઓ.એન.જી.સી.એ ૧૯૮૭માં દહેરાદૂનમાં વિમેન્સ પોલિટેક્નિકની સ્થાપના કરી છે. તેથી આ કામગીરી તેના માટે નવી ન ગણી શકાય. આમ છતાં એ શક્ય ન હોય તો અન્ય કોઈ સંસ્થા દ્વારા આઈ.ટી.આઈ.ની સ્થાપના કરવી જોઈએ.

(૨.૨) આશાસ્પદ યુવાનોને ઔદ્યોગિક સાહસ-શક્તિની તાલીમ આપવા માટેનો કાર્યક્રમ પ્રાયોગિક ધોરણે હાથ ધરવો, જેથી આ વિસ્તારમાં ઉદ્યોગના વિકાસની જે ગુંજાઈશ સર્જાઈ રહી છે તેનો કેટલોક લાભ કેટલાક સાહસિક યુવાનો લઈ શકે.

આવી તાલીમ સીઈડી દ્વારા આપવામાં આવે છે જેનો લાભ લઈ શકાય. આવી તાલીમ પામેલાઓને ઉદ્યોગો સ્થાપવા માટેની આવશ્યક સવલતો મળી રહે તે માટે તે દિશામાં કેટલુંક કામ કરવાનું રહેશે. આ કાર્યક્રમ દ્વારા અમે બહુ મોટા પરિણામની અપેક્ષા રાખતા નથી. પરંતુ કુશળતા-નિર્માણના અમારા ઉદ્દેશને નજર સમક્ષ રાખીને આ સૂચન કરીએ છીએ.

(૩) સામાજિક સવલતો

(૩.૧) આ વિસ્તારમાં પરિવહનની સવલતો (જમીન માર્ગો અને રેલ માર્ગો)ની બાબતમાં અસંતોષ પ્રવર્તે છે. આ અંગે નીચેનાં સૂચનો અમારી સમક્ષ કરવામાં આવ્યાં છે:

૧ સમની-વાગરા રોડ ઘણી ખરાબ હાલતમાં છે તેને પાકો કરવો.

૨ વાગરા-દહેજ રોડ બાંધવો.

૩ ભરૂચ-મનુબર-કરમાડ-વિલાયત-ભેસણ-વાગરા આ કુલ ૧૮ કિ.મી.નો રસ્તો છે. ભરૂચથી કરમાડ સુધીનો પાકો રસ્તો થયો છે. કરમાલથી વિલાયત બજેટેડ રસ્તો છે, પણ બન્યો નથી. એવું જ વિલાયતથી ભેસણના રસ્તાનું છે, પરંતુ રસ્તાનું કામ બાકી છે. ભેસણથી વાગરા માટીકામ થયું છે. આ સમગ્ર માર્ગ સત્વરે થવો જોઈએ.

૪ પિસાદથી વાગરાનો ચાર કિ.મી.નો રસ્તો બાકી છે તે પૂરો થવો જોઈએ.

૫ ભાડભૂતથી ચાંચવેલ વચ્ચેના રસ્તાની દરખાસ્ત છેક ૧૯૬૩માં થઈ હતી. તેના આધારે અમુક કામ થયું છે પણ પાકો રસ્તો તૈયાર થયો નથી-તે રસ્તો પાકો કરવો.

૬ વહીયલથી અમલેશ્વર સુધીનો રસ્તો બાકી છે તે પૂરો કરવો.

૭ મહીઅલથી કોડિયા અને કોડિયાથી અમલેશ્વર સુધીનો રસ્તો થઈ જાય તો જિલ્લાના ત્રણ તાલુકા જમીન માર્ગ દ્વારા જોડાઈ જાય.

૮ સમગ્ર તાલુકાની સમની-દહેજ રેલવે, એકમાત્ર રેલ માર્ગ છે. જે તાલુકાના મધ્ય ભાગમાંથી પસાર થાય છે. આ રેલવે ચાલુ રાખવી જોઈએ.

આ ગાડીને સમનીથી દહેજ જતાં ત્રણ કલાક લાગે છે. ૩૬ કિ.મી.નું અંતર કાપવા માટે આ સમય ઘણો વધારે કહેવાય, તેથી ગાડીની ઝડપ વધારવી જોઈએ.

અર્થાત્

(૩·૨) તબીબી સારવારની સવલતોની બાબતમાં આ તાલુકો ઘણો પછાત જણાય છે. વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે જોકે મોટા ભાગનાં ગામોમાં સી.એચ. ડબલ્યુ. અને આર.એમ.પી. છે; પરંતુ અમારી રૂબરૂ મુલાકાતમાં અમને એવું જાણવા મળ્યું છે કે પ્રસૂતિ તેમજ થોડી ગંભીર સ્વરૂપની માંદગીના દાખલામાં દૂર સુધી દર્દીને લઈ જવો પડે છે અને તે માટે વાહન-વ્યવહારની પણ ભારે મુશ્કેલી છે. આ અંગે અમારું સૂચન આ પ્રમાણે છે: વાગરામાં ઓ.એન.જી.સી.ની વસાહત ઊભી થવાની છે. એની સાથે તબીબી સારવાર માટે પણ એક હૉસ્પિટલ બાંધવામાં આવે અને એક મોબાઈલ ડીસ્પેન્સરી પણ રાખવામાં આવે. એનો લાભ સમગ્ર વિસ્તારના લોકોને મળી શકે તે રીતે એનું આયોજન થવું જોઈએ.

(૩·૩) પીવાના પાણી અંગે આ તાલુકામાં એક મોટી યોજના મધ્યબારાની છે. પાલેજમાં કરવામાં આવેલા ટ્યૂબવેલમાંથી તાલુકાનાં ૩૯ ગામોને પીવાનું પાણી મળે છે. બીજાં ૧૧ ગામોને તે મળે તેનું આયોજન ચાલુ છે. પાણીનો પુરવઠો ખૂબ જ અપૂરતો છે. દિવસ દરમિયાન એકાદ બે કલાક માટે પાણી આપવામાં આવે છે અને ક્યારેક એકાંતરે પાણી મળે છે. આ બાબતમાં અમારું સૂચન ઓ.એન.જી.સી. પાસેનાં અદ્યતન સાધનોનો ઉપયોગ કરીને તાલુકામાં યોગ્ય સ્થળોએ ટ્યૂબવેલ કરવાનું છે. જેથી આ વિસ્તારના લોકોને તેમજ પશુઓને પીવાનું પૂરતું પાણી મળે. અમારી માહિતી પ્રમાણે ઓ.એન.જી.સી. પોતાના ઉપયોગ માટે મોટા જથ્થામાં પાણી ભૂગર્ભમાં-થી પ્રાપ્ત કરવાનું છે. એનો થોડો ભાગ તાલુકા માટે ફાળવવામાં આવશે તો લોકોની મોટા ભાગની પીવાના પાણીની જરૂરિયાત સંતોષાશે.

(૩·૪) વિકાસમાં લોકોની ભાગીદારી વધે અને લોકોને જે અગત્યની બાબતો જણાય છે તેને તાલુકાની યોજનામાં અગ્રતા સાંપડે તે માટે યુવક મંડળો અને ખેતમજૂરનાં મંડળોને પ્રોત્સાહન આપવું.

(૩·૫) સસ્તા અનાજની માત્ર ૨૧ દુકાનો છે. ૬૮ ગામો વચ્ચે આ સંખ્યા પ્રથમ નજરે અપૂરતી જણાય છે. એ માટેનાં કારણોમાં અમે ઊંડા ઊતરી શક્યા નથી. પરંતુ જે ગામોમાં આવી દુકાનો માટે અવકાશ હોય ત્યાં તેની સ્થાપનાને પ્રોત્સાહન આપવું જોઈએ.

(૪) ઓ.એન.જી.સી. માટેના ફલિતાર્થો

ઉપરનાં સૂચનોમાંથી ઓ.એન.જી.સી. માટે નીચેની કામગીરીઓ ફલિત થાય છે.

(૪·૧) ઓ.એન.જી.સી. માટે થતા બાંધકામ, ખોદાણ વગેરેના સિવિલ વર્કસની મજૂરીનો કૉન્ટ્રાક્ટ મજૂર સહકારી મંડળીઓને આપવો.

(૪·૨) આઈ.ટી.આઈ.ની સ્થાપનામાં પૂર્ણપણે મદદ કરવી. આઈ.ટી.આઈ. માટેના કોર્સનું આયોજન ઓ.એન.જી.સી.ની જરૂરિયાત લક્ષમાં રાખીને કરવું.

(૪·૩) પોતાનાં ઉત્ખનન-સાધનોનો ઉપયોગ કરી જીઓલોજીકલ સર્વેક્ષણ, હાઈડ્રોલોજીકલ સર્વેક્ષણ કરી તાલુકામાં મધ્યબારા જેવી યોજનાઓ બનાવવી અને શક્ય ન હોય તો સર્વેક્ષણનાં પરિણામોને આધારે સ્થાનિક લોકોના લાભાર્થે ટ્યૂબવેલ કરવા.

(૪·૪) ગંધાર દહેજનો સમગ્ર વિસ્તાર વિપુલ તેલ અને ગેસની હજી વધુ શક્યતા ધરાવે છે. આ વિસ્તાર દરિયાકાંઠે આવેલ છે. અહીં માનવવસ્તી નજીવી હોવાથી અન્ય કોઈ કાર્યક્રમો હાથ ધરાય તેમ નથી. આ કાંઠાના પર્યાવરણની જવાબદારી ઓ એન. જી સી. લે તેવું સૂચન છે. પડતર વિસ્તારોમાં વન-વિકાસનો કાર્યક્રમ હાથ ધરીને ઓ.એન જી.સી. આ જવાબદારી ઉપાડી શકે એ માટે મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરવો જોઈએ.

(૪·૫) ઉપરના અનુસંધાનમાં ઓ.એન.જી સી.માં એક પર્યાવરણ સલાહકાર સમિતિ કામ કરે છે. આ સલાહકાર સમિતિ પર્યાવરણના પ્રશ્નો પર તેલ ખાતાના કેન્દ્રીય પ્રધાનને સીધી સૂચના અને સલાહ આપે છે.

ગંધાર તેલક્ષેત્ર અંકલેશ્વર તેલક્ષેત્ર જેટલું મોટું થવાની ધારણા છે. માટે આ સમિતિ પર શ્રમિક વિકાસ સંસ્થાન જે આ વિસ્તારને વિકસાવવા માગે છે તેના પ્રતિનિધિ હોય તે આવશ્યક છે.

(૪૬) ઓ.એન.જી.સી.ની સામાજિક જવાબદારીના ભાગ રૂપે ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની ભરતીમાં ગંધાર તેલક્ષેત્ર વિસ્તારના સ્થાનિક લોકોને અગ્રીમતા અપાય તે માટે ઓ.એન.જી.સી. સાથે અત્યારથી જ વાટાઘાટો કરવી.

(૪૭) ઓ.એન.જી.સી. વોટરઇંજેકશન તેલ કૂવા માટે ખૂબ મોટા પાયા પર પાણીની જરૂર પડશે. આ પાણીની જરૂરિયાત સામે વાગરા ગામ તથા તેની આજુબાજુના ગામના પીવાના પાણીની જરૂરિયાત ઘણી ઓછી ગણી શકાય. ઓ.એન.જી.સી. એ પોતાના ટયુબવેલના પાણીમાંથી આજુબાજુનાં સંભવિત ગામોને પાણી પૂરું પાડે તેવા પ્રયત્નો કરવા. ઓ.એન.જી.સી.ને પોતાના કૂવાઓ માટે દરરોજ ૬ લાખ ગેલન પાણી જોઇએ.

(૪૮) ઓ એન.જી.સી. પોતાની તબીબી સવલત માટેની હોસ્પિટલનો લાભ તાલુકાના લોકોને પણ આપે તે માટેની વાટાઘાટો કરવી.

(૫) ઔદ્યોગીકરણ માટેની ભલામણ

શિક્ષણ અને તાલીમ માટે જે ભલામણો કરવામાં આવી છે તેના અમલથી ઉદ્યોગો માટે જરૂરી માનવ સાધન તૈયાર થશે. પરંતુ તેના ઉપયોગ માટે ગુજરાત જી.આઈ.ડી.સી., જી.આઈ.સી. વગેરેએ ઉદ્યોગ ચક્રો ગતિમાન કરવાં પડશે. વાગરા ગામમાં જી.આઈ.ડી.સી.એ ઔદ્યોગિક શેડ બાંધેલા છે. અત્યારે આ એસ્ટેટમાં એકપણ ઉદ્યોગ સ્થપાયો નથી. શ્રમિક વિકાસ સંસ્થાન આ માટે ગુજરાત રાજ્યના ઈન્ડસ્ટ્રીયલ એકસટેન્શન બ્યુરોનો સંપર્ક સાધે જેથી આ બ્યુરો વધુ જહેમત લઈ બહારના ઔદ્યોગિક સાહસને વાગરા ગામમાં તથા અન્ય તાલુકામાં અન્ય ઠેકાણે ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહિત કરી શકે તથા વિવિધ ઉદ્યોગચક્રો સાથેના સંકલનનું કાર્ય કરી શકે.

ઉપસંહાર

ઉપરોક્ત ભલામણો અમલમાં લાવવા પહેલવૃત્તિ, સૂઝ અને શ્રમિકો પરત્વે પ્રતિબદ્ધ વ્યક્તિઓએ એકત્ર થઈને કામ કરવાની જરૂર છે. રાજકારણ ગરીબો માટેનું વિકાસકારણ બને તો જ આ શક્ય બને.

(સંપૂર્ણ)

❁ ❁ ❁

બક્ષિસથી માનવતાવાદી સખાવત સુધી : સુરત શહેરમાં બક્ષિસનું રાજકારણ

હ્યુલાસ ઈ. હેન્ઝ

ભારતની નૈતિક પરંપરામાં બક્ષિસ આપવાની પ્રવૃત્તિનું મહત્ત્વ છે. તાજેતરનાં વર્ષોમાં નૃવાંશિક ઇતિહાસના ઉદ્ભવ સાથે, માર્શલ મોસ (૧૯૬૭)ના કાર્યથી પ્રભાવિત થયેલા નૃવંશશાસ્ત્રીઓ અને ઇતિહાસકારોએ દક્ષિણ એશિયાના સમાજની અભિવ્યક્તિમાં બક્ષિસે આપેલા ફાળાનું આલેખન કરતા અનેક અભ્યાસો રજૂ કર્યા છે. જો કે મોટા ભાગના અભ્યાસોમાં ધાર્મિક હિન્દુ સખાવતો તેમ જ આંતરિક સામાજિક જૂથો અથવા સંસ્થાનવાદ પૂર્વેની રાજકીય એકીકરણની પ્રક્રિયામાં આ સખાવતોના સ્થાન પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એથી ઊલટું બ્રિટિશ શાસન હેઠળના સાંસ્થાનિક શાસકો અને અગ્રસર ભારતીયો વચ્ચેના સંબંધોને સમજવા માટે, આધુનિક માનવતાવાદી સખાવતોના વિકાસનો વિષય કદાચ એટલો જ મહત્ત્વનો બની શકે એમ હોવા છતાં એ મહદંશે વણખેડાયેલો રહેવા પામ્યો છે.

પ્રથમ દૃષ્ટિએ, ઓગણીસમી સદીના પાછલા ભાગની અને વીસમી સદીની શરૂઆતની સખાવતો, સમૃદ્ધ હિન્દુ અને જૈન વ્યાપારીઓનાં મૂલ્યોમાં આવેલા ક્રાંતિકારી પરિવર્તનનુ સૂચન કરે છે. સ્પષ્ટ રીતે જ, સંસ્થાનવાદ પહેલાંની વ્યાપારી પરંપરાઓમાં, માનવતાવાદી સખાવતી પ્રવૃત્તિઓનાં મૂળ ઊંડા ગયાં ન હતાં. એ સાચું છે કે, ઈ.સ. ૧૮૦૦ પહેલાંના ઐતિહાસિક દસ્તાવેજો કૂવાઓ ખોદાવવા, મંદિરો અને વિશ્રામગૃહો બંધાવવા તેમ જ ઉત્સવો અને સંસ્કૃતના શિક્ષણને પ્રોત્સાહન આપવું વગેરે જેવાં ઉદાર સખાવતી કાર્યોમાં રોકાયેલા શેઠિયાઓની પ્રવૃત્તિઓ અંગે ઘણા પુરાવાઓ પૂરા પાડે છે. આ છતાં મોટે ભાગે આ દાતાઓ પોતાની સખાવતોનો વિચાર પોતાના ઇષ્ટદેવના કૃપાપાત્ર બનવા માટેના સાધન તેમ જ પુણ્ય કમાવા માટેના કાર્ય તરીકે જ કરતા હતા. આમ, પશ્ચિમની સંસ્કૃતિનો, ઉદાર માનવતાવાદી સખાવતોમાં રહેલો માનવજાતની સેવાનો ખ્યાલ ભારતના વેપારીઓની વૈચારિક વ્યવસ્થામાં સારી રીતે ગૂંથાયેલો હતો. જો કે, ઓગણીસમી સદીની શરૂઆતમાં, ઇંગ્લેંડના માનવતાવાદી સખાવતીઓની જેમ જ, અનેક વ્યાપારીઓએ શાળાઓ, કૉલેજો, ઈસ્પિતાલો અને અન્ય જાહેર કાર્યો નિમિત્તે ઉદાર નાણાકીય ફાળો આપવાનું શરૂ કર્યું હતું. તે સમયના ઘણા બ્રિટિશ સનદી અધિકારીઓ આ ઘટનાને વિક્ટોરિયન યુગના ઇંગ્લેંડમાંથી ભારતના વ્યાપારી સમાજમાં પ્રવેશ પામેલી સંપૂર્ણપણે નવી એવી નૈતિક માન્યતાના પુરાવા સમાન માનતા હતા. લાંબા ગાળાના સખાવતી ભંડોળમાં ચોક્કસપણે ફાળો આપનારાઓને આ શાસકો પ્રગતિના એવા સંવાહકો તરીકે માનવા લાગ્યા હતા કે જેમના પ્રયત્નો તેમની દૃષ્ટિએ પછાત એવા સમાજનું પરિવર્તન કરવામાં કદાચ મદદરૂપ થઈ શકે.

આ નિબંધમાં મારી દલીલ એ છે કે માનવતાવાદી સખાવતોમાં સામેલગીરી, વાસ્તવમાં, વ્યાપારી માનસની સજાગ અને જોખમ ટાળવાની લાક્ષણિકતાઓ સાથે સુસંગત હતી. હું અહીં દર્શાવું છું કે સખાવતી પ્રવૃત્તિઓ, તેમના સમાજના સભ્યો તેમ જ શાસનકર્તાઓ સાથે સ્થિર સામાજિક સંબંધો વિકસાવવા માટે વ્યાપારીઓએ જેને પોતાની આસપાસની બદલાયેલી સામાજિક અને રાજકીય પરિસ્થિતિને અનુરૂપ બનાવ્યું હતું એવા પ્રતીકરૂપ કરેલાં મૂડીરોકાણોના ભાથા-

ના એક ભાગરૂપ જ હતી. સુરત શહેરમાંથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરીને મેં, ઓગણીસમી સદીના પાછલા ભાગ દરમ્યાન, માનવતાવાદી સખાવતોની આ તરાહ કઈ રીતે ઉદ્ભવી હતી તે સમજવા માટે, સૈકાઓના સમયગાળા દરમ્યાન સખાવતોની સમગ્ર તરાહમાં આવેલાં પરિવર્તનોને તપાસવા માટેનું મોડેલ વિકસાવ્યું છે.

મારી દલીલમાં બે મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે. પ્રથમ, અગ્રણી વેપારીઓની દાન આપવાની પ્રવૃત્તિઓ પાછળ સતત પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવાની ચિંતા રહેલી જણાય છે; પછી ભલે તેઓ સ્થાનિક મંદિરોને દાન આપતા હોય, પોતાના શાસનકર્તાને બક્ષિસ આપતા હોય કે શૈક્ષણિક સંસ્થાઓ તેમ જ ઇસ્પિતાલોને માટે ફાળો આપતા હોય. સમાજમાં ઊંચી દૃષ્ટિથી મૂલવવામાં આવતા માર્ગોએ પોતાની સંપત્તિ અને નફાનો કેટલોક હિસ્સો વાળીને શેઠિયાઓએ વિશિષ્ટ સામાજિક મોભો પ્રાપ્ત કર્યો હતો. સખાવતો કરવી એ મહાજનના સભ્ય તરીકે હિન્દુ અને જૈનધર્મનાં મૂલ્યો પ્રત્યે નિષ્ઠા ધરાવનાર, વિશ્વાસપાત્ર વેપારી તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટેનું એક સાધન હતું.

બીજું, આવી સખાવતો નગર બહાર રહેલા અને પોતાને વેપારીઓથી સંપૂર્ણપણે અલગ ઓળખાવતા શાસનકર્તાઓ સાથેના સંબંધો સુધારવામાં અને રાજકીય વગ વાપરવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવતી હતી. બહારના વિસ્તારોમાં આ રીતે સખાવતો કરીને શેઠિયાઓ જ્યાં અન્યથા સંઘર્ષ થવાની શક્યતા રહેલી હોય એવી પરિસ્થિતિમાં શાસનકર્તા જૂથને શાંત પાડવાની તેમ જ તેમના ઉપરી અધિકારીઓ સાથે સ્થાયી નૈતિક બંધન વિકસાવીને પોતાના વેપારનું સાતત્ય જાળવી રાખવાની, કુટુંબની પ્રતિષ્ઠા ટકાવી રાખવાની તેમ જ સમુદાયના સામાજિક અને ધાર્મિક જીવનને જાળવી રાખવાની અપેક્ષાઓ પણ રાખતા હતા. વધુમાં, મૂલ્યવાન સખાવતો કરવા બદલ અધિકારીઓ દ્વારા સન્માન મેળવનારા અગ્રણી દાતાઓ સામ્રાજ્યની શાસન વ્યવસ્થામાં પણ ભાગ ભજવતા હતા અને એ રીતે પોતાની સ્થાનિક પ્રતિષ્ઠાને સુદૃઢ કરતા હતા.

જ્યારે એક શાસકજૂથ અન્ય જૂથને હરાવતું ત્યારે અથવા શાસકજૂથની વિચારસરણી બદલાતી ત્યારે સુરતના વેપારીઓ પોતાની સખાવતોના સ્વરૂપને બદલીને બાહ્ય સત્તાની પ્રણાલિકાને અનુરૂપ હોય એવાં દાન આપવા માટેનાં માધ્યમોની પસંદગી કરતા હતા. સત્તરમી સદીમાં સ્થાનિક અગ્રણીઓએ નિયમિત રીતે ભેટસોગાદો આપીને મોગલ ઉમરાવો સાથે વ્યક્તિગત સંબંધો વિકસાવ્યા હતા. ઓગણીસમી સદીના પાછલા ભાગમાં, સંસ્થાનવાદી શાસકોએ હાથ ધરેલી માનવતાવાદી પ્રવૃત્તિઓમાં સામેલ થઈને અનેક શેઠિયાઓ બ્રિટિશ અધિકારીઓ સાથે કંઈક અંશે આવા જ સંબંધો વિકસાવી શક્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી તરત જ, જ્યારે સામ્રાજ્યની નીતિમાં વેપારમાં રોકાયેલા સ્થાનિક નાગરિકોને પારકા ગણવાનું વલણ સર્જાયું ત્યારે વેપારીઓએ તેમની સખાવતોને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના આહ્વાનના પ્રત્યુત્તર રૂપે ગાંધીજી અને તેમના અનુયાયીઓના રાષ્ટ્રવાદને અનુરૂપ બનાવી.

જોકે, સખાવતનાં આ તમામ નવાં સ્વરૂપોની પાછળ પણ વેપારીઓની પોતાના સમાજમાં પ્રતિષ્ઠા જાળવી રાખવા માટેની ચિંતા સતત ડોકાતી રહી હતી. તેઓ એવા પ્રકારની માનવતાવાદી સખાવતોમાં પોતાનો હિસ્સો આપતા હતા કે જેને કારણે સુરતના ભદ્ર સમાજમાં તેમની પ્રતિષ્ઠા નીચી ન જાય. તેમણે ધાર્મિક બાબતો માટે કરવામાં આવતાં દાનો જેવા સખાવતના અન્ય માર્ગો પણ છોડ્યા નહિ. તેને બદલે તેમણે સારી એવી મૂડી ખર્ચીને, પોતાના ઈષ્ટદેવો પ્રત્યેની ભક્તિ ચાલુ રાખવાની સાથે સાથે નવાં માનવતાવાદી સાહસોમાં ઝંપલાવીને પોતાની સખાવતોની તરાહને વૈવિધ્યપૂર્ણ બનાવી. આ રીતે, સાંસ્થાનિક શાસકોની સંસ્કૃતિ સાથે તેમણે સાધેલું અનુકૂલન સમાધાનલક્ષી અનુકૂલન હતું કે જેમાં અગાઉ અસ્તિત્વ ધરાવતાં કાર્યો તેમ જ વિકટો-

રીયન યુગનાં મૂલ્યોનો સમાવેશ થતો હતો.

ધાર્મિક સખાવતો અને 'આબરૂ'

સુરતના વેપારીઓએ તેમની સખાવતોની તરાહ મુખ્યત્વે બે અલગ સંદર્ભ જૂથોના સંબંધમાં વિકસાવી હતી. (૧) જેના તેઓ પોતે જ એક ભાગ રૂપ છે, તેવો ઉચ્ચ જ્ઞાતિના હિન્દુઓ અને જૈનોનો સમુદાય અને (૨) સામ્રાજ્યનાં અગ્રસર નાગરિકોનો વર્ગ કે જે મોટે ભાગે શહેર અને પ્રદેશ બહારનાં સામાજિક જૂથોમાંથી આવતો હતો. સુરતના વાણિજ્ય અને સેવાઓના વ્યવસાયમાં રોકાયેલા હિન્દુ અને જૈન કુટુંબોએ વેપાર તેમ જ જ્ઞાતિ અને સંપ્રદાય પર આધારિત સંસ્થાઓમાં સામેલગીરી દ્વારા તેમ જ પોતાના શાસકોની નીતિઓ સામે સામૂહિક વિરોધ પ્રદર્શિત કરીને એક નક્કર તથા સુસંગઠિત સમાજની રચના કરી હતી. આ સમાજનું સભ્યપદ, બ્રાહ્મણ-વાણિયા તરીકે જાણીતી થયેલી ઉચ્ચ દરજ્જે ધરાવતી મર્યાદિત કોમમાં જન્મ વડે નક્કી થતું હતું. આ વર્ગમાં બ્રાહ્મણો, હિન્દુ વાણિયાઓ (વૈષ્ણવો), જૈનો (કે જેઓ જ્ઞાતિએ વાણિયા માનવામાં આવતા હતા), કાયસ્થો તેમ જ બ્રહ્મક્ષત્રિયોનો સમાવેશ થતો હતો. આ બધા જ્ઞાતિસમૂહો વેપાર અથવા સરકારી સેવાઓ સાથે સંકળાયેલા હતા. પ્રમાણમાં વિશાળ એવા આ સમુદાયમાં ધંધાકીય ભેદરેખાઓ ખરેખર ખૂબ જ પરિવર્તનશીલ હતી. વાણિયાઓ વ્યાપારી પ્રવૃત્તિમાં અને બ્રાહ્મણો સરકારી સેવાઓમાં જોડાવાનું વલણ ધરાવતા હોવા છતાં પણ બ્રાહ્મણ બેંકર (શરાફ) અથવા વાણિયો શાસક જોવા મળે એ કોઈ અસામાન્ય ઘટના ન હતી.

આ સમુદાયના સભ્યોને માટે અને ખાસ કરીને શહેરના વ્યાપારીઓને માટે પોતાની આબરૂ જાળવવી અને વધારવી એ હમેશાં ચિંતાની મુખ્ય બાબત બની રહેતી હતી. પરિશ્રમ વડે લાંબા ગાળે પ્રતિષ્ઠા અને મોભો પ્રાપ્ત કરનારા ઉચ્ચ જ્ઞાતિનાં હિંદુ અને જૈન કુટુંબો પોતાના કોઈ એકાદ અવિચારી કૃત્ય જેવું કે અયોગ્ય લગ્ન, માંસાહાર, મદ્યપાન અથવા નીચલી કોમની વ્યક્તિઓ સાથેના સંપર્કો વગેરેને કારણે તરત જ સ્થાનિક ટેકો ગુમાવી બેસતા હતા. દરેક કૌટુંબિક જૂથ તેના સ્થાનની નાજુકતાને કારણે પોતાની આબરૂ જાળવવાની બાબતમાં ખૂબ જ રૂઢિચુસ્ત બનતું હતું. સમાજનાં ધોરણોને સંતોષવાની બાબતમાં એકબીજાને આંબી જવા માટે ઘણુંખરું હરીફ કુટુંબો વચ્ચે સ્પર્ધા થવા લાગી હતી. દા.ત. પોતાની પુત્રીઓને પ્રતિષ્ઠિત શેઠિયાઓના પુત્રો સાથે પરણાવીને તેમ જ લગ્નના જમણવાર અને ધાર્મિક ઉત્સવો પાછળ છૂટી રીતે ખર્ચ કરીને તેઓ એકબીજાને આંબી જવાની હરીફાઈ કરવા લાગ્યા હતા. ઓગણીસમી સદીના પાછલા ભાગમાં એક પત્રકારે અફસોસ દર્શાવતા કહ્યું હતું, 'રાંકડો સુરતી! તેની ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા પોતાના સંતાનોના લગ્નની ઉજવણી આબરૂભેર કરવાની છે. "આબરૂ" એ કેવી અદ્ભુત બાબત છે. તે તો માત્ર તમે સુરતી હો તો જ સમજી શકો.' ('ગુજરાતમિત્ર', એપ્રિલ ૨૪, ૧૮૯૦)

'આબરૂ' શબ્દમાં 'આર્થિક શાખ'નો અર્થ પણ સમાયેલો હતો (અને આજે પણ સમાયેલો છે.) પોતાની સંપન્ન અને વિશ્વાસપાત્ર તરીકેની પ્રતિષ્ઠાને કારણે જ સ્થાનિક વેપારીઓ, કાયદેસરના કરાર અથવા આધુનિક નાણાંકીય સંસ્થાઓની ગેરહાજરીમાં કામ કરતી વિશાળ વ્યાપારી અર્થવ્યવસ્થામાં ભાગ લઈ શકતા હતા. સોળમી સદીની શરૂઆતમાં સુરતની પેઢીઓ સમગ્ર ગુજરાતમાં ઉપખંડના દરિયા કિનારા સુધી, તેમ જ પશ્ચિમ ભારતમાં મોગલ સમ્રાટની મધ્ય ભૂમિ સુધી. અને દરિયાપાર પર્શિયન અખાત, રાતો સમુદ્ર પૂર્વ આફ્રિકા અને ઈન્ડોનેશિયા સુધી વિસ્તાર પામેલા વ્યાપારી માળખામાં ગુંથાયેલી હતી. 'શરાફ' તરીકે ઓળખાતા વેપારી-બેન્કરો શાખ પૂરી પાડવી, ચલણોના વિનિમયની વ્યવસ્થા કરવી, માલ-સામાનની સુરક્ષાની ખાત્રી આપવી, થાપણો સ્વીકારવી અને હૂંડીઓ પૂરી પાડવી વગેરે જેવાં કાર્યો દ્વારા આ વ્યાપારી માળખામાં વેપારના પ્રવાહને સરળ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવતું હતું. ભારતની [illegible]ટીનો ધંધો

ચલાવવા માટે દરેક શરાફને પોતાની જાહેર છાપ આવશ્યક હતી. સ્થાનિક વ્યાપારીઓએ પોતે જ ઈ.સ. ૧૭૯૫માં ઇસ્ટ ઇંડિયા કંપની સમક્ષ નોંધાવેલી અરજીમાં દર્શાવ્યું હતું કે,

'શરાફના હાથમાં (ઘરમાં) મિલકત સંપૂર્ણપણે સલામત છે એવી માન્યતાને કારણે તેની શાખ ઊભી થાય છે. (જે "આબરૂ" શબ્દનો અનુવાદ હોવાની શક્યતા છે.) વાસ્તવિક નાણાં કરતાં પણ આ શાખ જ તેની લેવડ-દેવડનું સાધન તેમ જ તેના નફાનું મુખ્ય ઉદ્ભવસ્થાન છે. ભારતના ઘણા ભાગોમાંથી આ શહેરમાં વેપાર કરવા માટે આવનારાઓ શરાફ સમક્ષ તેમના વિનિમયપત્રો રજૂ કરે છે અથવા રોકાણ દરમિયાન પોતાનો માલસામાન તેમને ત્યાં (શરાફને ત્યાં) રાખે છે. થાપણ તરીકે મૂકવામાં આવેલી આ રકમને માટે કોઈ રસીદ આપવામાં આવતી નથી. તેમની સાથે લેવડ-દેવડ કરનારા લોકોનો એકમાત્ર આધાર શરાફના ચોપડાઓ અને તેમનામાં રહેલો વિશ્વાસ છે.' (મહારાષ્ટ્ર સ્ટેટ આર્કીવ્ઝ-૧૭૯૫ : ૩૮૧-૮૨).

સત્તરમી અને અઢારમી સદીમાં સુરતી બેંકરોની શાખ પશ્ચિમ ભારતના સમગ્ર વ્યાપારનો આધારસ્તંભ હતી. ભારતમાં લગભગ દરેક જગ્યાએ જ્યાં સુરતી વેપારીઓ વેપાર કરતા હતા અથવા જ્યાં સુરતી માલ વેચાતો હતો ત્યાં શહેરના મોટા વ્યાપારી-શરાફો (બેંકરો)ની શાખ ફેલાયેલી હતી. જો સોદાગરો પોતાના વિનિમયપત્રો સ્વીકારવાની શરાફોની શક્તિમાં રહેલો વિશ્વાસ ગુમાવત તો કપાસ જેવી કેટલીક ચીજોનો વેપાર સંપૂર્ણપણે પડી ભાંગ્યો હોત.

સંસ્થાનવાદના સમય દરમ્યાન ઉપખંડના વ્યાપારી અને નાણાંકીય માળખામાં શહેરે પોતાનું મધ્યવર્તી સ્થાન ગુમાવી દીધું. પ્રદેશનું બજારઆધારિત અર્થતંત્ર જોકે વેપારીઓ વચ્ચેના પારસ્પરિક વિશ્વાસના જાળામાં સારી રીતે ગુંથાયેલું રહ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં ઘણાખરા વેપારઉદ્યોગો વીસમી સદીની શરૂઆતના ભાગમાં પણ, આધુનિક જોઇન્ટ સ્ટોક બેંકો દ્વારા આપવામાં આવતી લોનને બદલે દેશી શરાફો (બેંકરો) દ્વારા પૂરા પાડવામાં આવતાં નાણાં પર આધારિત હતા. નવી નાણાંકીય સંસ્થાઓ સ્થાનિક મૂડીની જરૂરિયાતનો માત્ર નાનો હિસ્સો જ પૂરો પાડતી હતી અને ઘણા વેપારીઓ બેંકો પાસેથી લોન મેળવવા માટેની અમલદારશાહી યુક્ત અને કંઈક અંશે ત્રાસદાયક વિધિઓની સરખામણીમાં શરાફો અને શાહુકારો સાથેની લેવડ-દેવડની સરળતા અને ગુપ્તતાને વધુ પસંદ કરતા હતા. પૈસા ઉછીના લેનારની પ્રમાણી શકાય તેવી વિશ્વાસપાત્રતા અનુસાર વ્યાજના દરો જુદા જુદા હતા. કેટલાક શરાફો હૂંડી લખીને વિનિમયપત્રોના સ્વરૂપમાં પણ ધંધો ચલાવતા હતા. આ હૂંડીઓ સિંધ, મારવાડ, ખાનદેશ અને બિહાર સુધીના વિસ્તારોમાં સ્વીકાર્ય હતી. ઓગણીસમી સદીના પાછલા ભાગમાં બ્રિટિશ અદાલતો દ્વારા અમલી બનવા પાત્ર લેખિત કરારોનું મહત્ત્વ વધી રહ્યું હતું. જોકે હજુ પણ મોટાભાગના વ્યાપારી સોદાઓ, સોદો કરનાર પક્ષકારો વચ્ચેના કાયદા પર બિનઆધારિત એવા કરારો પર અવલંબિત હતા. આ પ્રકારના ધંધાકીય વાતાવરણમાં સ્થાનિક ધંધાદારીની આબરૂ જ તેની આર્થિક ક્ષમતા નક્કી કરવામાં મહત્ત્વની બની રહેતી હતી. પેઢીની નામના તેના નેતાના વ્યક્તિત્વ અને તેની સાધનસંપન્નતા પર આધારિત રહેતી હોવાને કારણે માત્ર તેના સ્થાપકનું અવસાન થવાને કારણે જ પેઢી ભાંગી પડવાની ઘટના સામાન્ય હતી.

હિંદુ અને જૈન દેવતાઓની સેવા કરવી એ ઉચ્ચ જ્ઞાતિના સમાજમાં આદર પ્રાપ્ત કરવાનો ખાસ મહત્ત્વનો માર્ગ હતો. ભક્તો ઘર કે મંદિરમાં ભક્તિ કરીને, ધાર્મિક ઉત્સવોમાં સામેલ થઈને અથવા યાત્રાઓમાં ભાગ લઈને આ પ્રકારની સેવા કરી શકતા હતા. પરંતુ શેઠિયાઓ મહદંશે ધાર્મિક સખાવતો કરીને જ સ્થાનિક ધોરણે વિશિષ્ટ આદરને પાત્ર બન્યા હતા. દેવતાઓને મોટી રકમ સમર્પિત કરીને ધાર્મિકતાનો, તપસ્વીપણાનો સ્થાનિક આદર્શ મૂર્તિમંત કરી

શકાતો હતો. દા. ત. વૈષ્ણવ હિન્દુ ધર્મના વલ્લભાચાર્ય સંપ્રદાયમાં દુન્યવી માલિકીની વસ્તુઓ શ્રીકૃષ્ણને અર્પણ કરવી એ ખાસ કરીને સેવાનું ઉત્તમ સ્વરૂપ લેખાતું. હિન્દુઓ અને જૈનો, બંને સમાન રીતે, ઉત્સવો, ધર્મશાળાઓ તેમ જ સંતોને પ્રોત્સાહન જેવી બાબતોને સંપત્તિવાનોની પવિત્ર ફરજ (ધર્મ) માનતા હતા. કૂવાઓ ખોદાવવા તેમ જ આગ, રેલ અને દુકાળ જેવા સમયે રાહત કાર્યો કરવાં એ પણ ધાર્મિક ફરજ માનવામાં આવતી હતી. પાંજરાપોળોને રક્ષણ આપીને વેપારીઓ ભારતના પ્રશિષ્ટ તત્ત્વજ્ઞાનમાં અને ખાસ કરીને જૈનધર્મમાં મુખ્ય સ્થાન ધરાવતા અહિંસાના સિદ્ધાંતને નક્કર સ્વરૂપમાં મૂર્તિમંત કરી શકતા હતા.

સુરતમાં ધાર્મિક સખાવતોનાં મુખ્ય બે સ્વરૂપો જોવા મળતાં હતાં. (૧) વેપારીઓના મહાજનોને ચૂકવવામાં આવતાં સામૂહિક વેરાઓ (૨) નિશ્ચિત કુટુંબોએ ચોક્કસ ધાર્મિક સંસ્થાઓ અથવા વ્યક્તિઓને આપેલાં દાનો. સામૂહિક દાનોમાં ચોક્કસ મહાજન સાથે સંકળાયેલા વેપારીઓના ફાળાનો સમાવેશ થતો હતો. આ સંગઠનોમાં કોઈ ચોક્કસ વેપારમાં જોડાયેલા તમામ સભ્યોનો સમાવેશ થતો હતો. અને સામાન્ય રીતે આ સંગઠનો જ્ઞાતિ, સંપ્રદાય અને ધાર્મિક સંલગ્નતાના ભેદભાવથી પર હતા. તેઓ વ્યાપારી રીતરસમોનું નિયમન કરવું, રજાના દિવસો નક્કી કરવા અને સભ્યો વચ્ચેના સંઘર્ષમાં લવાદી કરવી વગેરે મહત્ત્વનાં આર્થિક કાર્યો કરતાં હતાં. મહાજનો વેપારીઓ પાસેથી તેમના વેચાણ પર સામાન્ય રીતે એક ટકાના ચોથા ભાગ જેટલો નાની રકમનો વેરો ઉઘરાવીને એ રકમ મહત્ત્વની વૈષ્ણવ અથવા જૈન ધર્મશાળાઓને મોકલાવતા હતા. એ રીતે તેઓ સ્થાનિક ધાર્મિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા.

સાથે સાથે, એકત્રિત કરવામાં આવતા વેરાઓ વ્યાપારી નીતિમત્તાનું નિયમન કરવાની મહત્ત્વની કામગીરી પણ બજાવતા હતા. કેટલાક કિસ્સાઓમાં આ પ્રકારની ચૂકવણી લગભગ એક પ્રકારના વીમાની ગરજ સારતી હતી કે જે કાયદેસરના કરારની ગેરહાજરીમાં ચૂકવણી કરનારને અન્ય વેપારીઓ સાથેના તેના કરારોના પાલન અંગેની ખાત્રી આપતી હતી. દા.ત. ૧૮૭૦ દરમ્યાન મુંબઈમાં રહેલા અને રૂનો વેપાર કરતાં અંગ્રેજ વેપારીએ દર્શાવ્યું હતું કે તેની પેઢી દેશના ઉપરના ભાગમાં આવેલાં કેન્દ્રોમાં, ખાસ કરીને મંદિરો અને યાત્રાળુઓ માટેનાં વિશ્રામગૃહોને માટે મહાજનોના સખાવતી ભંડોળમાં ગાંસડી દીઠ સાત આના અને ત્રણ પાઈનો વેરો નિયમિત રીતે ભરતી હતી. આના બદલામાં જ્યારે સ્થાનિક સોદાગરો મૌખિક કરાર પ્રમાણે ન વર્તતા ત્યારે મહાજનો તેની પેઢીને ટેકો આપતા હતા. મધ્યસ્થીઓ લગભગ હમેશાં તેમની જવાબદારીઓનું પાલન કરતા હતા કારણ કે તેઓને મહાજનોની સત્તાનો ડર રહેતો હતો. આ રીતે, સુરતના ઉપલા વર્ગના સામાજિક અને આર્થિક જીવનમાં સામેલ થવાની ઇચ્છા ધરાવનારા તમામ વેપારીઓને માટે વેરાઓમાં ફાળો આપવો એ એક જવાબદારી બની ગઈ હતી.

સખાવતોનું રાજકારણ

સ્થાનિક વેપારીઓ અને બેંકરોને માટે પોતાના વાણિજ્ય અને અન્ય વ્યાપારી હિતોની જાળવણી કરવા માટે શાહી આગેવાનોના સંપર્કમાં આવવું જરૂરી હતું. વ્યાપારી સંહિતા શાસનમાં ખુલ્લી સામેલગીરી તેમ જ લશ્કરી શક્તિના ઉપયોગથી દૂર રહેવાની ભલામણ કરતી હોવાને કારણે કદાચ હિન્દુ અને જૈન વેપારીઓએ કદીપણ પોતાના નગરના શાસનનું સીધી રીતે સમર્થન કરવાનું વલણ દર્શાવ્યું ન હતું. તેને બદલે, અસરકારક રીતે તેમણે આ કામ નગર બહારના વિજેતાઓના નાના સમૂહ પર છોડ્યું હતું. સુરતમાં, ઈ. સ. ૧૫૭૩ થી અઢારમી સદીની શરૂઆત સુધી મોગલ સામ્રાજ્યના ઉમરાવોનું રાજ્ય હતું. અઢારમી સદીના મોટા સમયગાળા દરમ્યાન મોગલ રાજકુમારો, મરાઠા સેનાપતિઓ અને ઈસ્ટ ઇંડિયા કંપનીના અધિકારીઓનું શાસન હતું. તેમ જ ઓગણીસમી સદી દરમ્યાન બ્રિટિશ રાજના સનદી અધિકારીઓનું શાસન હતું. આ સત્તાધીશો

સાથેના પોતાના સંબંધમાં વેપારીઓ અવલંબિતપણાનો તેમ જ તાબેદારીનો પણ અનુભવ કરતા હતા. શહેરના સમગ્ર ઇતિહાસમાં જોઈ શકાય છે કે પોતાની સંપત્તિ અને કૌટુંબિક દરજ્જો જાળવી રાખવા અને વધારવા, વ્યાપાર વિકસાવવા તેમ જ ધાર્મિક મૂલ્યો ટકાવી રાખવા ચિંતિત એવા આગળ પડતા ધનવાન વેપારીઓ હમેશાં બંદરો પર અંકુશ ધરાવનાર, કાયદો અને વ્યવસ્થા સંભાળનાર તેમ જ આંતરિક પ્રદેશોમાંથી મહેસૂલ ઉઘરાવનાર એવી શક્તિશાળી બહારની સત્તાઓ સાથે સંબંધો બાંધવા માટે પ્રેરાતા હતા.

શાસકો અને શાસિત પ્રજા અલગ અલગ સાંસ્કૃતિક ધોરણો ધરાવતા હોવાને કારણે આવા સંબંધો મૂળભૂત રીતે અસ્થિર હતા. વેપારીઓ અને શાસકો વચ્ચેના સામાજિક સીમાઓથી પર એવા આ સંબંધો મૂલ્યોની એકમતીના ધોરણ પર નહિ પરંતુ હિતોની અલ્પજીવી સમાનતાના ધોરણ પર આધારિત હોવાનું વલણ ધરાવતા હતા. બહારના સત્તાધીશને ઉપયોગી એવા સ્વરૂપમાં સત્તરમી સદીમાં મોગલ ઉમરાવોને આપવામાં આવતી બક્ષિસ તરીકે અથવા ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પ્રારંભમાં માનવતાવાદી સખાવતના સ્વરૂપમાં સોગાદો આપીને અગ્રણી વેપારીઓ તેમ જ બેંકરો શાહી આગેવાન લોકોને રીઝવવાની અને શક્ય હોય તો તેમની સાથે સાપેક્ષ રીતે લાંબા ગાળાના કહી શકાય તેવા સંબંધો બાંધવાની પણ અપેક્ષા રાખતા હતા. આ શેઠિયાઓ, બક્ષિસો આપવાની પ્રવૃત્તિ મારફતે પોતાના રાજકીય ફાળાને બહારના શાસકોની દૃષ્ટિએ કાયદેસરનો ઠેરવતા હતા, શાસકો સાથે સંબંધોની મોકળાશ પ્રાપ્ત કરતા હતા અને શાસકો બક્ષી શકે તેવા સન્માનના અધિકારી બનતા હતા. બક્ષિસો આપવાની પ્રવૃત્તિ, આ રીતે, બંને પક્ષના સભ્યો જેને સાંસ્કૃતિક દૃષ્ટિએ યોગ્ય માનતા હોય એવા સામાજિક સંબંધોના ઘડતરમાં અને ફળસ્વરૂપ સ્થાનિક રાજકીય વ્યવસ્થામાં સ્થિરતા લાવવામાં ફાળો આપતી હતી.

ઓગણીસમી સદી સુધી, ભારતનાં ઘણાંખરાં રાજ્યોમાં પ્રવર્તતી રાજકીય પદ્ધતિને, માઈકલ એદાસના શબ્દોમાં 'સ્પર્ધાત્મક રાજ્ય'નાં લક્ષણો ધરાવતી પદ્ધતિ તરીકે ઓળખાવી શકાય. (૧૯૮૧) એદાસે આપેલી વ્યાખ્યા મુજબ આ પ્રકારના રાજકીય સંગઠનમાં, શાસનકર્તા ઉમરાવો વચ્ચે સત્તા વહેંચાયેલી હોય છે. પોતાના વિસ્તાર પર નિરપેક્ષ સત્તાનો દાવો કરનાર રાજા હોવા છતાં, સંદેશાવ્યવહારની નબળી વ્યવસ્થા અને અધિકારીઓ તેમ જ સ્થાનિક ઉમરાવો પરના નબળા અમલદારશાહી અંકુશને કારણે આ પ્રકારની વ્યવસ્થામાં વૈકલ્પિક સત્તાસ્થાનો સરળતાવિકાસ પામતાં હોય છે. સત્તરમી સદી દરમિયાન, મોગલ સામ્રાજ્યના ટોચના સમયે પણ ઉમરાવો સતત મોભા, સંપત્તિ અને સત્તા માટે શાહી પાટનગરમાં તેમ જ દૂરસુદૂર આવેલાં જિલ્લાનાં મુખ્ય મથકોએ સ્પર્ધા કરતા હતા. આગેવાન નાગરિકો વચ્ચેના સંઘર્ષો પણ કદાચ, ખાસ કરીને સુરતમાં, તીવ્ર રહ્યા હશે. શહેરની વિપુલ સંપત્તિ અને બંદર માર્ગે આવતા કિંમતી વસ્તુઓના સતત પ્રવાહે મહત્ત્વાકાંક્ષી અધિકારીઓને સતત આકર્ષણ પૂરું પાડ્યું હતું. સત્તાનું વિભાગીકરણ પણ અપવાદરૂપે અનિશ્ચિત હતું. શહેરના ગવર્નર અને બંદરના ગવર્નર, તેમ જ આ બેમાંથી એકેયને સ્પષ્ટ રીતે તાબેદાર નહિ એવા થોડા અન્ય અધિકારીઓ હતા કે જેમાંના દરેક ખૂબ જ મર્યાદિત સત્તા અને વહીવટી ક્ષેત્ર ધરાવતા હતા. ટૂંકમાં, સ્થાનિક નિવાસીઓના જીવનને કેન્દ્રની નીતિઓની નહિ પરંતુ વ્યક્તિગત ઉમરાવોના કાર્યની વધુ અસર થતી હતી.

મોગલ શાસનમાં મોટા ભાગના હિન્દુ અને જૈન વેપારીઓ ઘણી અસલામતી અનુભવતા હતા. સામ્રાજ્યના અધિકારીઓ પૈસા, ઝવેરાત અને અન્ય કિંમતી વસ્તુઓ આંચકી લેવી એ પોતાનો કાયદેસરનો અધિકાર સમજતા હતા અને સ્થાનિક વ્યાપારી પ્રજાના ભોગે પોતાનું વ્યક્તિગત ભાવિ ઉજ્જવળ બનાવી લેવાના તેમના આવા પ્રયત્નોને કેન્દ્ર દ્વારા ભાગ્યે જ અટકાવ-

વામાં આવતા હતા. વખતોવખત સંપત્તિ કબજે કરી લેવામાં આવે તેને કારણે બેંકરોને તાત્કાલિક ભૌતિક નુકસાન તો થતું જ સાથેસાથે હૂંડીની ચૂકવણી કરનાર અને થાપણોને સલામત રીતે જાળવનાર તરીકેની તેમની પ્રતિષ્ઠાને પણ લાંબે ગાળે નુકસાન થતું હતું. મુસ્લિમવાદના ઝનૂનથી પ્રેરાઈને ઉમરાવો, હિન્દુઓ અને જૈનોની ધાર્મિક લાગણીઓને પણ નુકસાન પહોંચાડી શકે એમ હતા. દા.ત. ઈ.સ. ૧૬૬૯માં સુરતના કાઝી (ન્યાયાધીશ)એ બળજબરીપૂર્વક કેટલાક શેઠિયાઓ પાસે ઈસ્લામ ધર્મ અંગીકાર કરાવ્યો હતો, ઓછામાં ઓછા એક લહિયાની સુન્નત કરી હતી. (જેણે નામોશીને કારણે પછી આત્મહત્યા કરી હતી) અને સ્થાનિક મંદિરોનો નાશ કરવાની ધમકી આપી હતી. તેમની પ્રતિષ્ઠા અને ધાર્મિક પ્રવૃત્તિઓને હંમેશને માટે નુકસાન પહોંચાડી શકે તેવા આ પ્રકારના અપમાનથી બચવા માટે વેપારીઓ આતુર હતા. આવી પરિસ્થિતિમાં શક્તિશાળી ઉમરાવોનો આશ્રય મેળવવો શેઠિયાઓને માટે આવશ્યક હતો. સત્તરમી સદીના એક અંગ્રેજ મુસાફરે દર્શાવ્યા મુજબ. 'અન્ય અક્ષમ્ય ગુનાઓ ઉપરાંત વણિક અથવા પૈસાદાર બ્રોકરને માટે કોઈક મોટા માણસના આશ્રય વિના સમૃદ્ધ થવું એ એક બીજી ગુનાહિત બાબત હતી. કારણ કે તેને કારણે શાસકને એટલો બધો ખેદ થતો હતો કે એક વખત આ બાબતનો અણસાર આવ્યા પછી શાસક કદીપણ નિરાંત અનુભવી શકતો ન હતો. આ પ્રકારના ખેદને શાંત કરવાનો ઉપાય હંમેશા વણિકોના ભંડારમાંથી શાસકના ભંડારમાં ખજાનો હાલવવો એ બની રહેતો હતો. આમ કરીને વણિકો શાસકોને પોતાના ગમે તે પ્રકારના ગુના પ્રત્યે સહિષ્ણુ બનાવી શકતા હતા અને હિંસાથી રક્ષણ મેળવી શકતા હતા.'

બક્ષિસો આપવાની પ્રવૃત્તિ મોગલ આગેવાનો સાથે આ પ્રકારના સંબંધો વિકસાવવા માટેનું અને સંભવિત સંઘર્ષને હળવો બનાવવા માટેનું એક મુખ્ય સાધન હતું.

દરબારમાં સમ્રાટની ચાકરી કરનાર કોઈ ઉમરાવ અથવા જિલ્લા અધિકારીના સ્થાનિક દરબારમાં હાજરી આપનાર કોઈ પ્રજાજન જેવી કનિષ્ઠ કક્ષાની વ્યક્તિ જ્યારે પણ પોતાના વરિષ્ઠને મળવા જતી ત્યારે આવા કોઈપણ પ્રસંગે શાસક જૂથ તરફથી રોકડ અથવા ઝવેરાત તેમજ અન્ય કીમતી વસ્તુઓના સ્વરૂપમાં સોગાદની અપેક્ષા રાખવામાં આવતી હતી. (આયર અલી ૧૯૬૬ : ૧૪૩-૪૪, ૧૫૧) બર્નીઅર નામના ફ્રેંચે નોંધ્યું છે તે મુજબ, 'એશિયામાં મહાન વ્યક્તિઓને કદી પણ ખાલી હાથે મળી શકાતું નથી.' (૧૮૨૬:૨૨૪) સોગાદો આપીને દાતા, મોગલ અધિકારી પ્રત્યેની પોતાની વફાદારી અને તાબેદારી દર્શાવતો હતો. મહાનુભાવની હાજરીમાં તાબેદાર પોતાની નમ્રતા અને આજ્ઞાંકિતતાની લાગણીના પ્રતીકરૂપે સોગાદની સાથે હમેશાં વિધિવત્ નમન પણ કરતો હતો.

પોતાની દૃષ્ટિએ બક્ષિસ આપનારના મોભા અને સંપન્નતાને પૂરતા પ્રમાણમાં અનુરૂપ ન જણાતી હોય તેવી સોગાદોને મોગલો નકારી પણ શકતા હતા. સોગાદની સ્વીકૃતિ, ઉમરાવ સાથે સંબંધ બાંધવા માટે લાયક એવી મહત્ત્વની વ્યક્તિ તરીકેના બક્ષિસદાતાના મોભાની સૂચક હતી. ઘણુંખરું, બક્ષિસ પ્રાપ્ત કરનાર, ખાસ ઝભ્ભો, પાઘડી અથવા શાલ આપીને બક્ષિસ દાતાનું સન્માન કરતા હતા. બક્ષિસદાતાને લાંબે ગાળે, ચોક્કસ પ્રકારના વેરાઓમાંથી મુક્તિ, લવાદીમાં સમાજના નેતા તરીકેની માન્યતા અને રાજ્યનાં સાધનોની પ્રાપ્તિ જેવા અન્ય વધુ ભૌતિક લાભો પણ મળવાની શક્યતા રહેતી હતી. પોતાના ધર્મના રક્ષણ જેવી સમગ્ર સમાજ સાથે સંબંધિત બાબતોની જાળવણીમાં પણ બક્ષિસદાતા વેપારીઓ વધુ સારી રીતે પોતાની વગ વાપરી શકતા હતા.

યુરોપિયન મુસાફરોએ કરેલી નોંધોમાંથી સમર્થન મળે છે તે મુજબ સુરતના વેપારીઓ નિયમિત રીતે, મોગલ ઉમરાવ કુટુંબના સભ્યોને બક્ષિસો આપતા હતા. સ્થાનિક ઈતિહાસમાં જણાવ્યા મુજબ આત્મા-

રામ ભૂખણે એક વખત મોગલ ગવર્નરને બે હજાર જેટલા સોનાના સિક્કા ભરેલી એક મોટી તાશક ભેટ આપીને પોતાની ધરપકડ નિવારી હતી. આ ભેટ આપતી વખતે વેપારીએ એમ કહ્યું હોવાનું જણાય છે કે, 'હું તમારું સંતાન છું. મને મારો અથવા ઉગારો.' ગવર્નરે શેઠનો ગુનો માફ કરી દીધો, એટલું જ નહિ પરંતુ તેને ખાસ ઝભ્ભો અને પાઘડી પણ આપ્યા હતાં. સત્તરમી સદીની શરૂઆતમાં પ્રાપ્ત થતા એક અહેવાલમાંથી એમ પણ ફલિત થાય છે કે ગૌહત્યા અટકાવવા માટે વેપારીઓ સમ્રાટને મોટી રોકડ રકમ આપતા હતા.

ભારતીય વેપારીઓની જેમ જ અંગ્રેજ ઈસ્ટ ઈંડિયા કંપનીના અધિકારીઓને પણ બંદર પરના વેપારમાં સામેલ થવા માટે સખાવતના રાજકારણમાં ભાગ લેવો આવશ્યક જણાયો હતો. અંગ્રેજોના વિલિયમ હોકિન્સ અને ટોમસ રો જેવાનાં સૌ પ્રથમ વેપારી મંડળો ભરપૂર ભેટ સોગાદો સાથે આવ્યાં હતાં. જેના વડે કંપની વેપારમાં વિશેષાધિકારો મેળવવાની આશા રાખતી હતી. સમગ્ર સત્તરમી સદી દરમ્યાન સ્થાનિક શાસકોને દર વર્ષે નિયમિત રીતે તેમ જ નગરમાં નવા શાસકોના આગમન પ્રસંગે અને ખાસ કૃપાદૃષ્ટિની જરૂર જણાય ત્યારે કંપની સોગાદો આપતી હતી.

અઢારમી સદી દરમ્યાન શહેરમાં ક્રમિક રીતે ઈસ્ટ ઈંડિયા કંપની સત્તા પર આવી તેને કારણે કોઈપણ રીતે રાજકીય સત્તાધીશો સાથે અસીલ તરીકેના સંબંધો મજબૂત બનાવવા માટે બક્ષિસો અને ધિરાણ આપવાની પ્રથાના મહત્વનો અંત આવ્યો નહિ. એક અર્થમાં જોઈએ તો આ સમયગાળા દરમ્યાન કંપની સરકારે સ્પર્ધાત્મક રાજ્યના નમૂનાનું અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું. કંપનીમાં મધ્યવર્તી સત્તા ભારતથી હજારો માઈલ દૂર રહેલી હતી, ભારતમાં સંગઠનના માળખામાં વિભાગીકરણ ખૂબ નબળું હતું અને કંપનીના અધિકારીઓ હમેશાં પોતાના સ્થાનને વ્યક્તિગત રીતે સંપન્ન થવા માટેની એક તક સમાન ગણતા હતા. જેવો કોઈ અંગ્રેજ રાજકીય પકડ જમાવવાનું શરૂ કરે કે તરત જ તે રક્ષણ મેળવવા માટે તેમ જ વેપારનો વિસ્તાર કરવા માટે આતુર એવા વેપારીને માટે બક્ષિસ આપવાનું મુખ્ય કેન્દ્ર બની જતો હતો. સદીના અગાઉના દાયકાઓમાં પણ ભારતીય વેપારીઓ તરફથી બક્ષિસો સ્વીકારવાની પ્રથા ખૂબ જ પ્રચલિત બની હતી. ઈ. સ. ૧૭૪૦માં કંપનીના ડાયરેકટરોએ ફરિયાદ કરી હતી કે, 'આપણા નોકરો જો દિવાળીની બોણી અથવા નવા વર્ષની ભેટો સ્વીકારવાના ભ્રષ્ટાચારમાં સામેલ થતા હોય તો આપણે તેમનામાં મૂકેલા વિશ્વાસ અંગે સંપૂર્ણ વફાદારીની અપેક્ષા ન રાખી શકીએ. આ બક્ષિસને ગમે તે નામે ઓળખીએ તો પણ વસ્તુ એક જ છે.'

લાંબા ગાળાની સતત્ નબળી નાણાંકીય પરિસ્થિતિને કારણે ઈસ્ટ ઈંડિયા કંપનીએ તેનું વેપારી સંગઠનમાંથી એક પ્રાદેશિક સત્તાના સ્વરૂપમાં રૂપાંતર થયું હોવા છતાં સુરતી બેંકરો પાસેથી મૂડીનું હસ્તાંતરણ ખુશીથી સ્વીકાર્યું હતું.

અનેક બેંકરોએ આ રીતે પોતે એક કાયમી મૂલ્યવાન રાજકીય આશ્રય મેળવી શકશે એમ માનીને કંપનીને મોટી નાણાંકીય રકમો ધીરી હતી. ઈ. સ. ૧૮૧૮માં આત્મારામ ભૂખણની પેઢીના વડાએ પરાજિત મરાઠા સરદાર પેશ્વા બાજીરાવ બીજાએ પોતાને ત્યાં થાપણ તરીકે મૂકેલા પાંચ લાખ રૂપિયા અંગ્રેજોને આપ્યા હતા. બદલામાં કંપનીએ બેંકરને 'સરદાર'નો ખિતાબ આપ્યો હતો. (જે તેણે નકાર્યો હતો) અને ત્યારબાદ તેને બે સોનાના પોપટ અને પ્રશસ્તિપત્ર મોકલ્યા હતા. અઢારની સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં સુરતી શરાફ અર્જુનજી નાથજી ત્રવાડીએ ઈસ્ટ ઈંડિયા કંપનીના લશ્કરને વ્યાજ રહિત લોન તરીકે ત્રીસ લાખ રૂપિયા કરતાં વધુ રકમ આપી હતી જેના બદલામાં તેને મોટું ગામ આપવામાં આવ્યું હતું. આ ગામમાંથી તેમ જ ભારતના રાજકુમારો તરફથી તેને મળેલાં ગામોમાંથી પ્રાપ્ત થતી આવકનો ઉપયોગ તે સુરતમાં વૈષ્ણવ ધર્મશાળાઓ

બાંધવા અને નિભાવવા માટે કરતો હતો. અંગ્રેજો સાથેની તેની જબરજસ્ત વગ ઈ. સ. ૧૮૦૧માં તેની સામેના ખૂનખટલા વખતે સ્પષ્ટ થઈ હતી કે જ્યારે ઉચ્ચ કક્ષાના અધિકારીઓના દબાણવશ કોર્ટે તેને ગુનેગાર જાહેર કર્યો પરંતુ તેને માત્ર નવી જેલોને માટે આઠ હજાર રૂપિયા ચૂકવવાની; બ્રાહ્મણોને ગાયોનું વિતરણ કરવાની, મરણ પામેલાઓની વિધવાઓને આધાર આપવાની તેમજ કંપનીને દસ લાખ રૂપિયા ધીરવાની જ સજા કરી હતી. કેટલાક સમય સુધી શરાફે બે જિલ્લાઓમાં મહેસૂલી વહીવટ પણ સંભાળ્યો હતો. આ સમયે તે ગામડાંઓમાંથી મહેસૂલ ઉઘરાવીને સરકારને મોકલવામાં આવે તે દરમ્યાનના વચગાળાના સમયમાં ભંડોળનો ઉપયોગ વ્યક્તિગત મૂડીરોકાણ માટે કરતો હતો.

જોકે, ઓગણીસમી સદીના બીજા અને ત્રીજા દાયકા પછી, ધિરાણ અને વ્યક્તિગત બક્ષિસો આપવાના માધ્યમ વડે કંપની અને તેના અધિકારીઓ સાથે સંબંધો બાંધવાની શક્યતામાં ઘણો ઘટાડો થવા પામ્યો હતો. પશ્ચિમ ભારતના પોતાના પ્રતિનિધિઓ પરની પકડ મજબૂત બનાવીને ઈસ્ટ ઇંડિયા કંપનીએ ધીમે ધીમે તેમને શેખીખોર નિયોજકોમાંથી ઉપરની સત્તા પાસેથી નિયમિત અને સારો પગાર મેળવનાર અમલદારોમાં પરિવર્તિત કર્યા. વત્તેઅંશે ધ્યેયનિષ્ઠા અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ચડિયાતાપણાની લાગણીથી પ્રેરાયેલા સંસ્થાનના આગેવાનોએ એક અલગ એન્ગ્લો ઇંડિયન સંસ્કૃતિ વિકસાવી કે જેમાં સામાન્ય રીતે પ્રજા સાથેના સંકીર્ણ સંબંધોને માટે ખૂબ ઓછો અવકાશ રહેવા પામ્યો હતો. ઉચ્ચ દરજ્જાના સનદી અધિકારીઓ બક્ષિસોને એક પ્રકારની લાંચ માનવા લાગ્યા કે જેનો કંઈ નહિ તોયે જાહેરમાં તો સ્વીકાર નજ કરી શકાય. સાથે સાથે નવા સામ્રાજ્યે પોતાની સલ્તનત પણ વિકસાવી અને ભારતની મૂડી પરનો પોતાનો આધાર દૂર કર્યો. ખાનગીમાં આપવામાં આવતી બક્ષિસો કદાચ ખાસ કરીને ભારતીય સનદી સેવાઓ સિવાયના અધિકારીઓના પ્રીતિપાત્ર બનવા માટેનું અગત્યનું સાધન બની રહી હશે. પરંતુ શાસક જૂથના સભ્યો સાથેના સંબંધોની જાહેર અભિવ્યક્તિના માધ્યમ તરીકે તેનું મહત્ત્વ રહ્યું ન હતું. આ રીતે 'સ્પર્ધાત્મક રાજ્ય'ની વ્યવસ્થાનો અંત આવવાને કારણે સુરતની રાજકીય વ્યવસ્થામાં બક્ષિસ આપવાની પ્રવૃત્તિના ફાળામાં પરિવર્તન આવ્યું. સંસ્થાનમાંની અમલદારશાહી પ્રકારની સરકારનું સ્વરૂપ બદલાવાને કારણે વેપારીઓ તેમજ તેમના શાસકો વચ્ચે તનાવનાં નવા માર્ગો શરૂ થયા. વેપાર પર લાદવામાં આવેલાં નિયમનો અને નવા પ્રકારના કરવેરાઓના સ્વરૂપની સંસ્થાનના અધિકારીઓની નીતિઓની સરખામણીમાં, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં વ્યક્તિગત અધિકારીઓ દ્વારા જુલમથી કરવામાં આવતી પજવણી વ્યાપારી મૂલ્યોને ઓછું નુકસાન પહોંચાડતી હતી. ઈ. સ. ૧૮૪૦ પછી આવક વધારવા માટે અથવા વહીવટી કાર્યવાહીને તર્કસંગત બનાવવા માટે લેવામાં આવેલાં પગલાંઓએ વખતોવખત શહેરના વેપારીઓ તરફથી વિરોધ-વંટોળ જગાવ્યો હતો. ઉપરાંત સુરતની નગરપાલિકાએ, આરોગ્ય અને સંદેશાવ્યવહાર અંગેની શાહી ચિંતાથી પ્રેરાઈને જમીનના ઉપયોગનું નિયમન કરતા કાયદાઓ પસાર કર્યા, રોગચાળા દરમ્યાન અક્ષુલ સફાઈ કામદારોને વેપારીઓનાં ઘરોમાં દાખલ કર્યા, જાતિના જમણવાર પર નિયંત્રણો મૂક્યાં અને સાથે સાથે શહેરમાં રખડતાં પશુઓનો નાશ કર્યો. સ્થાનિક સત્તાએ, બ્રિટિશ અધિકારીઓની દરખાસ્ત મુજબનાં જાહેર કાર્યો કરવા માટે નાણાં મેળવવા માટે નવા કરવેરા પણ વધાર્યા જે મુજબ તેમની સ્થાનિક પ્રતિષ્ઠાના ભેદભાવ વિના વેપારીઓએ, વ્યાપારવેરો, ઘરવેરો તેમજ વિવિધ પ્રકારના બીજા વેરાઓ ભરવાનાં હતા. આ રીતે, મોગલ શાસનની જેમ જ, બ્રિટિશ રાજમાં પણ આગેવાન શાસકોના હેતુઓ શહેરના વેપારીઓનાં હિતો સાથે ઘણી વખત તીવ્ર સંઘર્ષમાં આવતા હતા.

આમ છતાં, સાંસ્થાનિક વ્યવસ્થા એક જડ વ્યવસ્થા ન હતી. બ્રિટિશ સનદી અધિકારીઓની

મૂળભૂત સંસ્કૃતિમાં ફરિયાદોને અસરકારક રીતે રજૂ કરવા માટે જાહેર સભાઓ અને જાહેર સંગઠનો જેવા જે માર્ગો હતા તેમાં સામેલ થઈને સ્થાનિક નિવાસીઓ વ્યક્તિગત અને સમાજનાં હિતોનું સંવર્ધન કરવાની તેમ જ ઘણી વખત શાહી નેતાગીરીને મંદ પાડવાની અને ખંડિત કરવાની શક્યતા પણ ધરાવતા હતા. જોકે, સુરતના મોટા શેઠિયાઓ ઘણુ ખરું, અંગ્રેજી ભાષાના જ્ઞાન, કાયદાની સમજ, તેમ જ વગદાર જૂથના રાજકારણમાં વ્યક્તિગત સામેલગીરીની મદદ વડે પોતાનાં હિતોની જાળવણી કરવા માટે એન્ગ્લો-સેક્સન રાજકીય પરંપરામાં પોતાનાં મૂળ ધરાવતા ન હતા. મ્યુનિસિપાલિટી, કોર્ટ અને રાજકીય સંગઠનોમાં પોતાનું પ્રતિનિધિત્વ કરવા માટે અંગ્રેજી શિક્ષણ પામેલા રાજકારણીઓને મોકલીને કેટલાકે આ પરિસ્થિતિ સાથે મેળ બેસાડી લીધો હતો. પરંતુ આગલી સદીઓમાં જેમ બક્ષિસો આપવાની પ્રવૃત્તિના માધ્યમ વડે તેજ રીતે હવે જાહેર માનવતાવાદી સખાવતો કરવાની પ્રવૃત્તિમાં સામેલ થઈને કેટલાક લોકો શાસક જૂથ સાથે સીધા સંપર્કના માર્ગો વિકસાવી શક્યા હતા.

વ્યાપારી દેશુગીઓના સ્વરૂપમાં આવેલા ફેરફારોને બ્રિટિશ ભારતમાં શાસકોની બદલાતી જતી વિચારસરણીના સંદર્ભમાં સમજવા જોઈએ. ઓગણીસમી સદીના પાછલા ભાગમાં બ્રિટિશ સામ્રાજ્યવાદના પ્રવક્તાઓ વધતા જતા પ્રમાણમાં એમ માનવા લાગ્યા હતા કે પોતાના શાસન હેઠળની એશિયન અને આફ્રિકન પ્રજાઓના નૈતિક તથા ભૌતિક વિકાસને પ્રોત્સાહન આપવાની બ્રિટિશ રાજની ખાસ જવાબદારી છે. સંસ્થાનના અધિકારીઓ માનતા હતા કે કેટલીક અંગ્રેજી પ્રકારની સંસ્થાઓ જેવી કે, શાળાઓ તેમ જ કોલેજો, ઈસ્પિતાલો તથા દવાખાનાઓ, જાહેર બગીચાઓ અને જાહેર પુસ્તકાલયો વગેરે દક્ષિણ એશિયાની ભૂમિ પર પ્રત્યારોપિત કરી શકાય તો ઉપખંડ પ્રગતિના માર્ગમાં ઇંગ્લેંડને અનુસરી શકે. ભારતના શાસકો પાસે જો કે સાધનો તેમ જ તેમની કલ્પના મુજબના પરિવર્તન માટે જરૂરી વિશાળ પાયાનું માળખું તૈયાર કરવા માટેનો વૈચારિક ઝોક ન હતો. માનવકલ્યાણમાં સુધારો કરવા માટેના ખાનગી પ્રયત્નોમાં વિક્ટોરિયન યુગનાં મૂલ્યો કંદાચ ઊંચા બદલા સમાન સાબિત થયાં હતાં. આધુનિક બ્રિટિશ માનવતાવાદના ઇતિહાસકાર ડેવિડ ઓવેને લખ્યું છે કે, 'ઘણાખરા અંગ્રેજોને મન સેંકડો સખાવતી સંસ્થાઓ (ખુદ બ્રિટનમાં) બ્રિટિશ પરંપરાની ભવ્યતાના એક પ્રતીક સમાન હતી અને રાજ્યની દરમ્યાનગીરીની સરખામણીમાં સ્વૈચ્છિક કાર્યોના ચઢિયાતાપણાના સ્મારકરૂપ હતી. (૧૮૬૪ : ૧૬૪). ભારતના સનદી અધિકારીઓ જમીન મહેસૂલ એકત્રિત કરવાનાં, શાંતિ-જાળવવાનાં અને ન્યાય સ્થાપવાનાં કાર્યોની સાથે સાથે ખાનગી પરોપકારી કાર્યોને પ્રોત્સાહન આપવાની બાબતને એક મુખ્ય કાર્ય તરીકે સ્વીકારતા આવ્યા હતા. આ રીતે તેઓ તેમના મત મુજબ જે પરિબળોએ બ્રિટિશ સંસ્કૃતિને આગળ ધપાવવામાં ફાળો આપ્યો હતો તેજ પરિબળોના વિકાસને પ્રોત્સાહન આપવાની અપેક્ષા રાખતા હતા.

ઈ. સ. ૧૮૬૦ની આસપાસમાં સુરતમાં રહેલા સંસ્થાનના અધિકારીઓએ સમૃદ્ધ નાગરિકોને દાનમાં પૈસા આપવા માટેની અપીલ કરવાની શરૂઆત કરી હતી. કેટલાકે સ્થાનિક નાગરિકોની માન્યતાઓમાં પરિવર્તન કરવાની ધગશ સાથે તેમનામાં માનવતાવાદી સખાવતો કરવાની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો પ્રશ્ન હાથ ધર્યો હતો. ધાર્મિક ઉત્સવો, દેવોને સમર્પણ તેમ જ લગ્ન સમારંભો પાછળ ખર્ચાતું કેટલુંક નાણું તેઓ તેમની દૃષ્ટિએ વધુ 'ઉત્પાદક' એવા માર્ગોએ વાળવાની અપેક્ષા રાખતા હતા.

માનવતાવાદી સખાવતોની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવું એ વહીવટકર્તાઓ તરફથી સન્માન મેળવવાનો અને કંઈક અંશે બ્રિટિશ અધિકારીઓ સાથે ભાઈચારો કેળવવા માટેનો એક માર્ગ પણ હતો. જાહેર મકાનો પર તકતીઓ મૂકીને; નવા બાંધકામના ઉદ્ઘાટન પ્રસંગે અગ્રણી સ્થાનિક તેમ જ પ્રાંતીય અધિ-

કારીઓની હાજરીવાળા સમારંભો યોજીને અને શહેરના પટાંગણમાં યોજાતા વાર્ષિક દરબારમાં દાતાઓ માટે ખાસ અનામત જગ્યાઓ રાખીને સરકાર ઉદાર બક્ષિસોનો ઋણસ્વીકાર કરતી હતી. માનવતાવાદી સખાવતો કરનારાઓને સામાન્ય રીતે કલેકટરના નિવાસ સ્થાને પ્રસંગોપાત્ત યોજવામાં આવતી. 'At-home' પાર્ટીઓમાં નિમંત્રણ મળતું હતું. અંતે જાહેરકાર્યોમાં વિસ્તૃત ફાળો આપવાનો ઈતિહાસ ધરાવનારાઓને રાવબહાદુર, રાવસાહેબ, સરદાર, અને સર જેવા સામ્રાજ્યના સૌથી ઉચ્ચ ઈલ્કાબો મળવાની શક્યતા પણ રહેતી હતી. ભૂતકાળમાં, શાસકો સાથેના આ પ્રકારના જાણીતા સંબંધોનો જાહેરમાં ઋણસ્વીકાર થવાને કારણે તે મેળવનારની સ્થાનિક ખ્યાતિમાં ઘણો વધારો થયો હતો. આ હકીકત સમજીને આવાં સન્માનોની લાલચનો ઉપયોગ ખુલ્લી રીતે અધિકારીઓ ધનવાન વ્યક્તિઓને ઈસ્પિતાલો, શાળાઓ, પુસ્તકાલયો અને પશુઓનાં દવાખાનાંઓ માટે ફાળો આપવા માટે પ્રોત્સાહિત કરવા માટે કરતા હતા. (ગુ. મિ. ઓકટોબર ૧૨, ૧૯૧૩)

સાંસ્થાનિક અધિકારીઓ સાથે ભવિષ્યના સારા સંબંધોના સ્વરૂપના મૂડીરોકાણ તરીકે તેમ જ સરકાર તરફથી પ્રાપ્ત થતા સન્માનના સ્વરૂપમાં માનવતાવાદી સખાવતોનું મહત્ત્વ નગીનચંદ ઝવેરચંદ ઝવેરીના કિસ્સામાં ખૂબ જાણીતું છે. પશ્ચિમ ભારતમાં 'મોતીના રાજા' તરીકે જાણીતા થયેલા મોતીના સમૃદ્ધ વેપારી નગીનચંદ ઈ.સ. ૧૮૯૭ની સાલમાં ફાટી નીકળેલા પ્લેગના રોગચાળા દરમ્યાન સૌ પ્રથમ વખત મુંબઈથી સુરત આવ્યા હતા. તેમણે તરત જ જ્યારે સુરતમાં પ્લેગ ફેલાયો અને પાછળથી ઈ. સ. ૧૮૯૯–૧૯૦૦ માં દુકાળ પડયો ત્યારે સરકાર પ્રેરિત રાહત કાર્યોમાં બક્ષિસ તેમ જ ધિરાણ એમ બંને સ્વરૂપમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. ઈ. સ. ૧૯૦૩માં પોતાના પુત્રના લગ્ન પ્રસંગે તેમણે સરકારને જાહેર પુસ્તકાલય તથા સભાગૃહને માટે પચીસ હજાર રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ તેમણે ઈ. સ. ૧૯૧૧માં મુંબઈના ગવર્નર સર જ્યોર્જ કલાર્કના નામે પુસ્તકો ખરીદવા માટે આપેલા પાંચ હજાર રૂપિયા સહિત બીજા વધુ દશ હજાર રૂપિયાનું આ પ્રોજેકટ માટે દાન આપ્યું હતું. (ગુ. મિ. જુલાઈ ૧, ૧૯૦૬, એપ્રિલ–૭, ૧૯૧૮) તેમણે આપેલું આ પાછલું દાન દર્શાવે છે કે નગીનચંદ પોતાની માનવતાવાદી સખાવતો કરવાની પ્રવૃત્તિને શાસકોને આપવામાં આવેલ બક્ષિસોના સ્વરૂપમાં જ વિચારતા હતા.

વીસમી સદીના પ્રથમ વર્ષ સુધીમાં તો, બ્રિટિશ અધિકારીઓ નગીનચંદની ગણના હિન્દુ અને જૈન સમાજના અગ્રણી સભ્ય તરીકે કરવા લાગ્યા હતા અને નિયમિત રીતે તેમની સાથે વિચાર-વિમર્શ કરવામાં આવતો હતો. જોકે સામાન્ય રીતે નગરપાલિકામાં સીધી રીતે ભાગ લેવાથી તેઓ દૂર રહ્યા હતા, છતાં પછીના દાયકા દરમ્યાન જિલ્લાના કલેકટરો શહેરના અનેકવિધ પ્રશ્નો પરત્વે તેમની સલાહ લેતા હતા. ઈ.સ. ૧૯૦૬માં જેને તેમની પ્રખ્યાત કારકિર્દીમાં શિરમુગટ સમાન ગણી શકાય એવા પ્રસંગે, મુખ્યત્વે તેમણે કરેલી જાહેર સખાવતોના બદલા તરીકે સરકારે તેમને 'રાવબહાદુર'નો ઈલ્કાબ આપ્યો હતો. કલેકટરે સાંજે તેના ઘરે સમારંભ રાખ્યો હતો અને પછી આ મહાન વેપારીનું સન્માન કરવા માટે ખાસ દરબાર ભર્યો હતો. (ગુ. મિ. જાન્યુઆરી ૨૮, ૧૯૦૬, જુલાઈ ૧, ૧૯૦૬) ઈલ્કાબ અર્પણ થવાને પગલે પ્રેરણા લઈને મોતીના વેપારીઓ અને અન્ય જૈનોએ પણ અનેક સન્માન સમારંભોનું આયોજન કર્યું હતું દા. ત. મુંબઈમાં ઝવેરી મહાજનના આગેવાનો, જૈન કલબ તેમ જ અન્ય સંગઠનોએ ભોજન સમારંભ ગોઠવ્યો હતો જેમાં નગીનચંદની તેમણે મેળવેલા ઈલ્કાબ બદલ અને સુરતની તેમણે કરેલી સેવા બદલ પ્રશસ્તિ કરતા સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા. આ સંદેશાઓમાં દર્શાવવામાં આવ્યું હતું કે નગીનચંદે માત્ર પોતાનું જ નહિ પરંતુ સમગ્ર સમાજનું ગૌરવ વધાર્યું છે. (ગુ. મિ. ફેબ્રુઆરી ૧૧, ૧૯૦૬) આ રીતે, શાહી માન્યતા મેળવીને નગીનચંદ તેમની માનવતાવાદી સખાવતોમાંની સામેલગીરીને નોંધપાત્ર કહી શકાય એવા સ્થાનિક

મોભાના સ્વરૂપમાં રૂપાંતરિત કરી શક્યા હતા. ઈ.સ. ૧૯૧૩માં, સાત વર્ષ પછી, નગીનચંદ હોલમાં પોતાના પ્રવચનમાં સરકારે આપેલા ઈલ્કાબનો ઉલ્લેખ કરતા સુરત જિલ્લાના કલેક્ટર કુશળતાપૂર્વક પ્રશ્ન કર્યો હતો કે 'આપણને આ સભાગૃહ અને પુસ્તકાલય બંધાવી આપીને આપણા સમૃદ્ધ નાગરિક રાવબહાદુર નગીનચંદ ઝવેરચંદે પોતાના મૂડીરોકાણ પર જે વળતર પ્રાપ્ત કર્યું ઓથી વધુ સારું વળતર અથવા વધુ સલામત મૂડીરોકાણ શું તેઓ પોતાના કોઈ મોટા સોદામાં કે મોતીના વેપારમાં અથવા અન્ય મૂડીરોકાણમાં મેળવી શક્યા હોત ખરા?' (ગુ. મિ. ઓક્ટોબર ૧૨, ૧૯૧૩) એ બાબત રસપ્રદ છે કે આ જ વાર્તાલાપમાં અગાઉ કલેક્ટરે 'આબરૂ'માં થયેલા વધારાને—તેણે ગુજરાતી શબ્દનો ઉપયોગ કર્યો હતો—માનવતાવાદી સખાવતો કરવાની પ્રવૃત્તિમાં રોકાયેલાઓને પ્રાપ્ત થતા મુખ્ય લાભ તરીકે દર્શાવ્યો હતો.

બ્રિટિશ અધિકારીઓ ઉદાર સખાવતોનો નક્કર બદલો ચૂકવવાની બાબતમાં કદાચ બહુ આગળ ન હતા છતાં માનવતાવાદી સખાવતો કરવાની પ્રવૃત્તિ હમેશાં રાજકીય વર્ગ અને શાહી સન્માનની સાથોસાથ જ રહેવા પામી હતી. દા. ત. હીરાચંદ મોતીચંદ ઝવેરી, તેઓ પણ મોતીના વેપારી હતા. તેઓ ઈ.સ. ૧૮૯૯ના દુકાળ સમયે સરકાર પ્રેરિત સસ્તા અનાજના ભંડોળના મુખ્ય સૂત્રધાર અને દાતા તેમ જ અન્ય અનેકવિધ જાહેર કાર્યોના વ્યવસ્થાપક તેમ જ આશ્રયદાતા રહ્યા હતા. તેઓ અનેક જિલ્લા કલેક્ટરો સાથે નોંધપાત્ર લાગવગ ધરાવતા હતા. આ લાગવગનો ઉપયોગ તેઓ પોતાના સમાજને માટે કેટલાક લાભો જેવા કે પ્લેગના રોગચાળા દરમ્યાન જૈન યાત્રાળુઓને માટે પ્રવાસ નિયંત્રણોમાંથી મુક્તિ, પાંજરાપોળને માટે પાણીના નળનું જોડાણ અને પાંજરાપોળને નગરપાલિકાના કેટલાક પ્રકારના વેરાઓમાંથી મુક્તિ વગેરે મેળવવા માટે કરતા હતા. (ગુ. મિ. મે ૧૪, ૧૮૯૯) મ્યુનિસિપલ કોર્ટના કેસો સાંભળનાર માનદ્ મેજિસ્ટ્રેટ તરીકે તેમની ઔપચારિક નિમણૂક પણ કરવામાં આવી હતી. ઈ. સ. ૧૯૦૧માં સરકારે તેમના માનવતાવાદી સખાવતનાં કાર્યોને ધ્યાનમાં લઈને તેમને 'રાવસાહેબ' નો ઈલ્કાબ આપ્યો હતો. ઈશ્વરદાસ જગજીવનદાસ સ્ટોર નામના કપાસના વેપારી કે જેમણે હીરાચંદ મોતીચંદ સાથે અનાજ ભંડોળના સંચાલક તરીકે કામ કર્યું હતું અને જેઓ અનેક સ્થાનિક શાળાઓ તથા કોલેજોના આશ્રયદાતા હતા તેમને પણ આ જ રીતે માનદ્ મેજિસ્ટ્રેટ અને મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકેની નિમણૂંક તેમ જ 'સરદાર'નો ઈલ્કાબ આપવામાં આવ્યા હતા.

ઈ. સ. ૧૯૧૪ પહેલાં સુરતમાં નગીનચંદ, હીરાચંદ તેમ જ સ્ટોર જેવા થોડાક જ વેપારી મહાનુભાવો હતા કે જેમણે પોતાની સખાવતોને પરિણામે ઉચ્ચ પ્રકારની નાગરિક જવાબદારીની ભાવના ધરાવનાર તરીકે નોંધપાત્ર ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. છતાં પણ જે કાંઈ સાંસ્કૃતિક પરિવર્તન આવ્યું હતું તે આંશિક હતું, જેમાં અગાઉની પરંપરાગત માન્યતાઓના ત્યાગ કરતાં શાસકોની મૂલ્યપદ્ધતિ સાથે સોદાબાજીથી સાધવામાં આવેલું અનુકૂલન વધુ પ્રતિબિંબિત થતું હતું. નવા માનવતાવાદી સખાવતીઓ 'જાહેર હિત' અને પોતાના શહેરની 'પ્રગતિ'માં સ્પષ્ટ રસ દર્શાવતા હતા તો સાથે સાથે તેઓ વિદેશી આગેવાન શાસકો સાથેના સંરક્ષણાત્મક સંબંધો મજબૂત કરવાનો તેમ જ શાસકો સાથેના સંબંધો દ્વારા પોતાની સ્થાનિક પ્રતિષ્ઠા વધારવા માટેનો પ્રયત્ન પણ કરતા હતા. આ હેતુઓ ચોક્કસપણે તેમની લાંબા ગાળાની વેપારી પ્રવૃત્તિ સાથે સુસંગત હતા. તેમણે પોતાના સમાજના હાર્દ રૂપ મૂલ્યો પ્રત્યેની વફાદારીની સાથે વેપારીઓ તેમ જ સહધર્મીઓ વચ્ચે પોતાની આબરૂ જાળવવાની રૂઢિચુસ્તતા પણ જાળવી રાખી હતી. યુરોપિયનોની દૃષ્ટિએ પ્રગતિકારક ગણી શકાય તેવી પ્રવૃત્તિઓમાં સામેલ થવા છતાં તેઓ પોતાની વર્ણનુકના અન્ય પાસાંઓની બાબતમાં રૂઢિચુસ્ત હતા. તેઓ સાદો પોશાક પહેરતા, શાકાહારી હતા, આલડછેટના નિયમો પાળતા હતા, તેમના દેવોની નિયમિત પૂજા કરતા હતા અને રાજકીય

અર્થાત

ચળવળોમાં ખુલ્લી રીતે ભાગ લેવાથી દૂર રહેતા હતા. આ રીતે કોઈ પણ અર્થમાં તેઓ, વિદેશી સંસ્કૃતિમાં સામેલ થવા માટે પોતાના સામાજિક જૂથોથી અલગ થઈ ગયા હોય તેવા માણસો ન હતા.

પોતે કરેલી સખાવતોની વિસ્તૃત તરાહમાં સુરતી શેઠિયાઓએ માનવતાવાદી ભાવનાઓ અને પોતાના સમાજનાં મૂળભૂત હિતો વચ્ચે સમતુલા જાળવી હતી. દા. ત. બ્રિટિશરો દ્વારા આધારિત લાંબાગાળાના ભંડોળોમાં ફાળો આપનારાઓમાંથી મોટા ભાગનાએ તેઓ સામાન્ય રીતે આવા ભંડોળોમાં આપતા હતા તે કરતાં વધુ મોટા પાયા પર ધાર્મિક સખાવતોના જૂના સ્વરૂપમાં ફાળો આપવાનું ચાલુ રાખ્યું હતું. ખુદ નગીનચંદ ઝવેરચંદે, જે કાર્યો માટે તેણે ઈલ્કાબ મેળવ્યો હતો તે કાર્યોની સરખામણીમાં, મંદિરોના જીર્ણોદ્ધાર, જ્ઞાતિના જમણવારો, જૈનોના ધાર્મિક ઉત્સવો, પાંજરાપોળ અને જૈન સાહિત્યની ખરીદી માટે ઘણી વધુ રકમો દાનમાં આપી હતી. તેણે આગ્રા અને જયપુરથી કારીગરો લાવીને સુરતમાં મોટું જૈન મંદિર બંધાવ્યું હતું. (ગુ. મિ. જુલાઈ ૧, ૧૯૦૬) સ્ટોરે અસંખ્ય હિન્દુ ધર્મશાળાઓના ટ્રસ્ટી અને આશ્રયદાતા તરીકેના કાર્યદ્વારા ચુસ્ત વૈષ્ણવપંથી તરીકેની ખ્યાતિ મેળવી હતી. (દેસાઈ ૧૯૫૮, ભાગ ૩ : ૨૩૨). હીરાચંદ મોતીચંદે અનેકવિધ જાહેર ભંડોળોમાં ફાળો આપવા ઉપરાંત અનેક જૈન મંદિરો તેમજ શહેરની પાંજરાપોળોને દાતા અને ટ્રસ્ટી તરીકેની સેવા પણ આપી હતી. આમ વક્તા એ છે કે, બ્રિટિશરો જેમને દુર્વ્યય ગણતા હતા એવા હેતુઓ પાછળ નાણાં ખર્ચવામાં આગળ રહેલી વ્યક્તિઓ જ બ્રિટિશરો જેની ભારપૂર્વક તરફેણ કરતા હતા તેવાં સખાવતી કાર્યોમાં પણ અગ્રેસર રહી હતી. જેમ શેઠ વધુ મોટો તેમ તેની સખાવતી પ્રવૃત્તિઓની તરાહમાં પણ વિવિધતા જોવા મળતી હતી.

કેટલાક કિસ્સાઓમાં ઉદાર સખાવત કરનાર વ્યક્તિઓ, સાંસ્થાનિક અધિકારીઓ અને ઉચ્ચ જ્ઞાતિના સ્થાનિક નિવાસીઓ બંને જેનું ઊંચું મૂલ્ય આંકતા હોય એવાં દાનો આપવાનું પસંદ કરતા હતા. દા.ત. નગીનચંદ ઝવેરચંદ પોતે બંધાવેલા પુસ્તકાલયનો ઉપયોગ ધાર્મિક સાહિત્યના પ્રસારણને માટે કરી શકયા હતા. (ગુ. મિ. એપ્રિલ-૭, ૧૯૧૮) એમાં શંકા નથી કે, ઓગણીસમી સદીના પાછલા ભાગ દરમ્યાન શૈક્ષણિક બાબતો માટે કરવામાં આવતી મદદ પર મૂકવામાં આવેલો વધુ પડતો ભાર આંશિક રીતે, ઉચ્ચ દરજ્જો ધરાવતા નાગરિકો તરફથી ઉદ્ભવેલી શાળાકીય સવલતો માટેની સામાન્ય માંગના પ્રત્યુત્તર રૂપે હતો. સરકારને પોસ્ટ ઓફિસ અને રેલવેમાં અંગ્રેજીનું કેટલુંક જ્ઞાન ધરાવતા નવા કર્મચારીઓની જેમ વધતા જતા પ્રમાણમાં જરૂર પડવા લાગી તેમ તેમ હિન્દુ અને જૈન નાગરિકો તેમના પોતાના વિકાસને માટે શૈક્ષણિક સવલતોના વિસ્તરણને આવશ્યક માનવા લાગ્યા. શિક્ષણ સમાજના હાર્દરૂપ હિત તરીકે સ્વીકારાવા લાગ્યું. શૈક્ષણિક સવલતો માટે મદદ આપનારાઓના સન્માન માટે મળેલી સભામાં એક વકતાએ સ્પષ્ટ કર્યું હતું કે, 'શિક્ષણને પ્રોત્સાહન આપવું એ આપણો ધર્મ છે.' (ગુ. મિ. ફેબ્રુઆરી ૧૮, ૧૯૦૬)

ઈ.સ. ૧૯૨૦ પૂર્વેના સુરતમાં જાહેર સખાવતી ભંડોળમાં કદાચ સૌથી વધુ ઉદાર ફાળો આપનારા ત્રણ હિન્દુ અથવા જૈન દાતાઓ, પ્રેમચંદ રાયચંદ, તાપીદાસ વ્રજદાસ, અને મગનલાલ ઠાકોરદાસ મોદી હતા. દરેકે સ્થાનિક શાળાઓ અથવા કોલેજોને હજારો રૂપિયાનાં દાનો આપ્યાં હતાં. આ તમામ સુરતના વતનીઓ હતા જેમણે ધંધાકીય કારણોસર મુંબઈ સ્થળાંતર કર્યું હતું. છતાં પ્રમાણમાં નાના એવા આ શહેર સાથે વિસ્તૃત સામાજિક સંબંધો અને ધંધાકીય જોડાણો ટકાવી રાખ્યા હતાં. ચોક્કસપણે, આ વ્યક્તિઓએ તેમનાં સત્કાર્યો દ્વારા મેળવેલી માન્યતા ખૂબ જ યોગ્ય છે. પરંતુ તેઓ તેમના સમાજની બાકીની વ્યક્તિઓ કરતા વધુ 'આગળ પડતા' વિચારો ધરાવતા હતા એમ માનવાથી કોઈ ખાસ અર્થ સરતો નથી. જે સમાજે

તેમને પૂર્વ સ્વીકૃતિ આપી હતી તેમાં તેમની ઉદારતાને કારણે તેમનો મોભો વધવા પામ્યો હતો એમાં કોઈ શંકા નથી.

વ્યાપારી પરંપરાઓ અને સરકારી હેતુઓ વચ્ચે જ્યારે ખૂબ જ ગાઢ સમાનતા જોવા મળતી ત્યારે અધિકારીઓ સ્થાનિક સખાવતોને ખૂબ જ સરળતાથી ઉત્તેજન આપી શકતા હતા. આગ, દુકાળ અને રેલ જેવી આપત્તિઓના સમયે માનવ અને પ્રાણીઓની જિંદગી પ્રત્યે ચિંતા વ્યકત કરીને સમૃદ્ધ નાગરિકો સંસ્થાનિક અધિકારીઓ દ્વારા સંચાલિત રાહતકાર્યોમાં મદદ કરવા માટે દોડી જતા અને સાથે સાથે પોતાની ઉદારતા બાબતની અધિકૃત માન્યતા પણ પ્રાપ્ત કરી લેતા હતા. ઈ. સ. ૧૮૯૯–૧૯૦૦ના દુકાળ દરમિયાન, ગામડાના વિસ્તારમાંથી આવતા હજારો નિરાશ્રિતોને ખવડાવવા માટે સસ્તા અનાજના ભંડોળની સ્થાપના કરવામાં મદદ કરીને ઈશ્વરદાસ જેગજીવનદાસ સ્ટોર અને હીરાચંદ મોતીચંદ ઝવેરીએ જિલ્લા કલેક્ટરે કરેલી અરજને પ્રતિસાદ આપ્યો હતો. સુરત અને મુંબઈમાં રહેતા વેપારીઓ દુકાળની ભયાનક યાતનાથી ખરેખર ચિંતિત હતા. પરંતુ તેઓને ભાવોમાં જો વધઘટ ચાલુ રહે તો તેને કારણે ઉદ્ભવનાર શહેરી અશાંતિની પણ ચિંતા હતી. તેમણે હજારો રૂપિયા આ ભંડોળમાં દાન આપ્યા હતા. (ગુ. મિ. ઓકટોબર–૮, ૧૮૯૯) સ્ટોર, ઝવેરી અને અન્ય ઘણા દાતાઓએ વહીવટીતંત્ર પાસેથી દાનના પરિણામ રૂપે ઈલ્કાબો અથવા પ્રશસ્તિપત્રો મેળવ્યા હતા. આ જે વેપારીઓએ આ ભંડોળમાં ઉત્સાહપૂર્વક ફાળો આપ્યો હતો તેમાંની જ કેટલીક વ્યક્તિઓએ આરોગ્યની સેવાઓ, જાહેર બગીચાઓ તેમ જ ઈસ્પિતાલોને માટે નાણાં આપવા માટે અધિકારીઓએ કરેલી અપીલને ફિક્કો પ્રતિસાદ આપ્યો હતો. આ બંને બાબત ખૂબ જ વિરોધાભાસી લાગે છે.

આ પ્રકારના પુરાવાઓ પોતે કરેલી સખાવતી પ્રવૃત્તિઓની તરાહ વિકસાવવામાં શેઠિયાઓએ અપનાવેલી પસંદગીની પ્રક્રિયાને સાબિત કરે છે. સ્પષ્ટ રીતે, માનવતાવાદી સખાવતોની પ્રવૃત્તિનો ઉદ્ભવ ઓગણીસમી સદીના પાછલા ભાગમાં અને વીસમી સદીની શરૂઆતમાં વ્યાપારી આગેવાનોની ઓળખમાં આવેલી ચોકકસ પ્રકારની સુધારણાનો નિર્દેશ કરે છે. નવા પ્રકારનાં ઉપકારક કાર્યોમાં સામેલ થઈને હિંદુ અને જૈન વેપારીઓના એક નાના વર્ગે પોતાના સમાજના આગ્રણી તરીકે, પોતાના શહેરના વિકાસ માટે નિષ્ઠા ધરાવનાર વ્યક્તિ તરીકે તેમ જ સામ્રાજ્યના વફાદાર સભ્ય તરીકેની નામના મેળવી હતી. પરંતુ તેમણે માનવતાવાદી સખાવતોના પશ્ચિમી ખ્યાલ સાથે સાધેલું અનુકૂલન હમેશાં સ્થાનિક સંસ્કૃતિમાં લાંબા સમયથી ગૂંથાયેલા વૈયક્તિક પ્રતિષ્ઠા અને દરજ્જાના ખ્યાલોથી પ્રેરાયેલું હતું.

ગાંધીવાદી રાજકારણ અને બક્ષિસ આપવાની પ્રવૃત્તિ

ઈ. સ. ૧૯૧૪ અને ૧૯૧૯ની વચ્ચે સુરતને ભયંકર આર્થિક અસ્થિરતા ઘેરી વળી જેણે ઘણી સ્થાનિક પેઢીઓની પ્રવૃત્તિઓને નબળી પાડી નાખી. ઈ. સ. ૧૯૧૪ પછી પરિસ્થિતિમાં કામચલાઉ સુધારો થયો. પરંતુ તરત જ ઘણા વેપારીઓએ નવી જ સમસ્યાનો સામનો કરવો પડયો કે જે સીધી રીતે રાજ્યની નીતિને કારણે ઉદ્ભવી હતી. દા. ત. મોતીના વેપારીઓએ આયાતી મોતી પર નવા વેરાઓ ભરવાના હતા તે સમયે મોતીના તૈયાર હારની નિકાસ પર કડક અંકુશો હતા. સોના અને ચાંદીની આયાત પરનાં નિયંત્રણોને કારણે કિંમતી ધાતુઓના ભાવો ખૂબ જ વધવા લાગ્યા અને સોનાના તારના વેપારીઓ કે જેઓ આ ધાતુઓનો ઉપયોગ સોનાના તારની બનાવટમાં કરતા હતા તેમણે ઉત્પાદનમાં ઘટાડો કરવો પડયો હતો. રેલવેનાં વેગનોની ફાળવણીમાં લશ્કરી જરૂરિયાતોને પ્રથમ પસંદગી અપાવાને કારણે કપાસ, અનાજ અને કાપડના વેપારીઓને તેમના માલની હેરફેરમાં ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.

પ્રાંતીય સત્તાઓએ ઘણી વિક્રયપાત્ર વસ્તુઓ પર ભાવ-અંકુશો દાખલ કર્યા હતા અને કપાસની સટ્ટાખોરી તેમ જ ભેળસેળ પર નિયંત્રણો મૂક્યા હતા. સુરતમાં, નગરપાલિકાએ વ્યાપારી પ્રવૃત્તિઓ અને જમીન વપરાશની તરાહનું નિયંત્રણ કરતા નવા પેટા-કાયદાઓ પસાર કર્યા અને કાયદાનો ભંગ કરનારાઓને વધતા જતા પ્રમાણમાં નગરપાલિકાની અદાલતોમાં ઘસડવામાં આવતા હતા. જોકે, વ્યાપારી એકતા પર હુમલા રૂપ બાબત કદાચ નવો આવકવેરા ધારો હતો. યુદ્ધ દરમ્યાન આવક માટે સરકારને કોઈ આશા ન રહી ત્યારે તે નાણાંકીય આવકના સાધન તરીકે વધુ પ્રમાણમાં શહેરી કરવેરા તરફ વળી. જેમાંનો મોટા ભાગનો વેરો શહેરી નાગરિકો પર નાંખવામાં આવતો હતો. એવા આવક વેરાની આવકની કુલ સપાટી યુદ્ધ દરમ્યાન મુંબઈ ઈલાકામાં દશ ગણા કરતાં પણ વધુ વધવા પામી હતી. વ્યક્તિએ ભરવાના કરની રકમ સંપૂર્ણપણે વ્યક્તિને ધ્યાનમાં લીધા વિના નક્કી કરવામાં આવતી હોવાથી, બક્ષિસ અથવા જાહેર સખાવતના કાર્યની માફક આવકવેરાની ચૂકવણી દ્વારા સરકારને ચૂકવણી કરનારના દરજ્જા અથવા નૈતિક હેતુની કાંઈપણ પ્રતીતિ થતી ન હતી. કર ચૂકવણી દ્વારા વેપારી રાજ્યના અધિકારીઓ સાથે ગાઢ સંબંધો વિકસાવવાની કે સન્માન મેળવવાની અપેક્ષા રાખી શકતો ન હતો. વધુમાં, ધંધાદારીઓએ હવે કરવેરાના નવાં ફોર્મ ભરવાના હતા કે જેમાં, અગાઉ પોતાની પ્રતિષ્ઠા સાચવવા માટે ગુપ્ત રાખી હોય તેવી પોતાની નાણાંકીય લેવડ-દેવડ અંગેની વિસ્તૃત માહિતી જાહેર કરવી પડતી હતી. સ્પષ્ટ રીતે જ, કરના પ્રમાણ સામેના અસંતોષ કરતાં પણ વધુ અસંતોષ કાયદાના આ લક્ષણને કારણે ઉદ્ભવ્યો. આને કારણે આવકવેરાને મોગલો દ્વારા થતી વધુ પડતી આંચકણીની સરખામણીમાં પણ આકરો માનવામાં આવતો હતો. નિયમનોના વિરોધમાં ભરાયેલી સભાઓમાં વક્તાઓએ ફરિયાદ કરી હતી કે, 'આ પત્રકો (ફોર્મ) માત્ર આર્થિક નુકસાન જ નહિ પરંતુ અમારી પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચાડશે.' (ગુ. મિ. સપ્ટેમ્બર ૧, ૧૯૧૮)

સરકારે વેપાર અને શાખની ગતિશીલતાને અવરોધ રૂપ નીતિઓ જડ રીતે અપનાવવા માંડી તેને કારણે હિંદુ અને જૈન વેપારીઓનો બક્ષિસો આપવાની પ્રવૃત્તિઓ દ્વારા સંરક્ષણ મેળવવાની પોતાની શક્તિમાંથી વિશ્વાસ ડગી ગયો. આ વેપારીઓ પાસેથી, યુદ્ધ માટે લોન ઊભી કરવાના આ સમય દરમ્યાનના બ્રિટિશરોના પ્રયત્નો અસામાન્ય રીતે નિષ્ફળ રહેવા પામ્યા હતા. ઈ. સ. ૧૯૧૮માં હિન્દુ અને જૈનોએ યુદ્ધ માટેની લોનમાં માત્ર એક લાખ ચાળીસ હજાર રૂપિયા જેટલો ફાળો આપ્યો હતો. આ ફાળો લઘુમતી પરંતુ વફાદાર એવી પારસી અને દાઉદી વહોરા કોમોએ આપેલા ફાળા કરતાં ઘણો ઓછો હતો. (ગુ. મિ. સપ્ટેમ્બર ૨૨, ૧૯૧૮) યુદ્ધ માટે હિન્દુઓએ આપેલી લોનોનું કુલ પ્રમાણ એક સદી પહેલાં વ્યક્તિગત વેપારી શરાફોએ બ્રિટિશરોને આપેલી લોનોના પ્રમાણ સાથે પણ તીવ્ર વિરોધાભાસ ધરાવતું હતું.

યુદ્ધ સમયની પરિસ્થિતિમાં સ્થાનિક પ્રતિષ્ઠાની જાળવણી કરવી અત્યંત મુશ્કેલ હતી. કેટલાક મોટા વેપારીઓ ખૂબ જ સહજ રીતે ધંધામાંથી નીકળી ગયા. અન્યોએ, બ્રિટિશરો સાથેના તેમના જોડાણને કારણે સમાજમાં વિશ્વાસપાત્રતા ગુમાવી દીધી હતી. ઈ.સ. ૧૯૧૮માં જ્યારે સરકારે સરદાર ઈશ્વરદાસ જગજીવનદાસ સ્ટોર સામે કામ ચલાવવાની ધમકી આપી ત્યારે તેઓ તરત જ નવા આવકવેરા ધારાનો વિરોધ કરવામાં અગ્રણી ભાગ ભજવવામાંથી ખસી ગયા. પાછળથી, શહેરના વેપારીઓનો વિશ્વાસભંગ કરવા બદલ, વફાદાર વર્તમાનપત્રોએ પણ સ્ટોરનો વિરોધ કર્યો હતો. (ગુ. મિ. ડિસેમ્બર ૨૨, ૧૯૧૮)

હિન્દુ અને જૈન વણિકોની ઘણી પંચાયતો (જ્ઞાતિની પરિષદો)એ પરંપરાગત રીતે શક્તિશાળી એવાં કુટુંબોની સત્તાને પડકારવાની શરૂઆત કરી. જોકે આવા સંઘર્ષના પુરાવાઓ મર્યાદિત પ્રમાણમાં મળે છે, તેમ છતાં આવા ઘણા સંઘર્ષો થયા હતા એ હકીકત આ સાથે એમ

પણ દર્શાવે છે કે અસ્થિર આર્થિક અને રાજકીય પરિસ્થિતિને કારણે ઘણા આગળ પડતા શેઠિયાઓનો મોભો નીચો ગયો હતો. ઘણાં વર્ષોની અસ્થિર વ્યાપારી અને રાજકીય પરિસ્થિતિ પછી, સુરતમાં મહાત્મા ગાંધીના અનુયાયી એવા રાજકીય નેતાઓનો નવો સમૂહ સત્તા પર આવ્યો. ગાંધીવાદીઓએ વેપારીઓના ભૌતિક અસંતોષને ઢંઢોળ્યો અને વેપારીઓની ઉપ-સંસ્કૃતિનાં મુખ્ય પ્રતીકોની ભાષાનો ઉપયોગ કરીને તેમને ટેકો આપવા માટેની અરજ કરી. તેમણે પુનઃ સુધારણા પામેલા હિંદુવાદની શરૂઆત કરી કે જેમાં બ્રિટિશ સરકાર વિરુદ્ધ ટેકો આપવો એ લોકોનું ધાર્મિક (પવિત્ર) કાર્ય માનવામાં આવતું હતું તેમ જ રાષ્ટ્રવાદને ધાર્મિકતાની સ્થાનિક અભિવ્યક્તિ કરતાં કંઈક વિશેષ એવી ધાર્મિક ભાવના ગણવામાં આવતો હતો. સાથે સાથે તેમણે સુરતીઓમાં સીધી રીતે સન્માન, ગૌરવ અને શરમની ભાવનાને જગાડીને વ્યાપારી નીતિમત્તા તેમ જ સરકારનો વિરોધ કરવાની નૈતિક ફરજ વચ્ચે માનસિક કડી તૈયાર કરી.

ઈ. સ. ૧૯૧૯ અને ૧૯૨૪ની વચ્ચે વેપારીઓના માનસમાં ઘર કરી ગયેલી પોતાની પ્રતિષ્ઠા અંગેની માન્યતાઓને વારંવાર અસર કરીને ગાંધીના અનુયાયી-ઓ હિન્દી રાષ્ટ્રીય મહાસભાની તિજોરીમાં ફાળો આપવા માટે હિંદુ અને જૈન વેપારીઓને સમજાવી શક્યા હતા. દા. ત. ઈ. સ. ૧૯૨૨માં જ્યારે સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિએ સરકાર પ્રેરિત નગર-પાલિકા સંચાલિત શાળાઓને સ્થાને 'રાષ્ટ્રીય' પ્રાથમિક શાળાઓની સ્થાપના કરી ત્યારે સમિતિના સભ્યોએ વેપારીઓની 'આબરૂ' જોખમમાં છે એ મુદ્દા પર ભાર મૂકીને ભંડોળને માટે અરજ કરી હતી. ગાંધીવાદીઓએ આ શાળાઓની સ્થાપના કરનાર રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાને વૈષ્ણવ અને જૈન સંપ્રદાયના ઉત્સવો તથા મંદિરો કરતાં પણ દાન આપવાને માટે વધુ યોગ્ય એવા પવિત્ર કેન્દ્રબિંદુ તરીકે ઉપસાવી હતી. શહેરમાં અને મુંબઈમાં રહેતા સુરતી વેપારી-ઓએ બેથી વધુ વર્ષો સુધી પાંચ હજાર જેટલાં વિદ્યાર્થીઓના શિક્ષણને માટે જરૂરી ભંડોળ પૂરું પાડીને આ અપીલને પ્રતિસાદ આપ્યો હતો. કેટલાકે, કુટુંબમાં લગ્ન અથવા કોઈ મોટા રાષ્ટ્રવાદીની મુલાકાત જેવા શુભ પ્રસંગોએ ખાસ દાનો આપ્યાં. અન્યોએ મોટું ભંડોળ એકત્રિત કરવા માટેની મિટિંગોમાં રોકડ બક્ષિસો આપી. ડગનબંધ, સમૃદ્ધ હિન્દુ અને જૈનોએ શાળાના મકાન તરીકે ઉપયોગમાં લેવાને માટે પોતાનાં મકાનો સોંપી દીધાં.

અસહકારની ચળવળે માત્ર સુરતી વેપારીઓ દ્વારા આપવામાં આવતા ખાનગી સ્વૈચ્છિક ફાળાઓને જ નહિ પરંતુ ઘણા વેપારી મહાજનો દ્વારા ઉઘરાવવામાં આવતા ફરજિયાત વેરાઓને પણ પ્રોત્સાહન આપ્યું હતું. દા. ત. કપાસના વેપારીઓ, અનાજના વેપારી-ઓ તેમ જ અનાજની લેવડદેવડ કરનારાઓ આ તમામે તેમના દ્વારા એકત્રિત કરવામાં આવતા વેરા-ઓ મંદિરો અથવા પાંજરાપોળોને આપવાને બદલે રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરફ વાળ્યા.

વેરાઓનો આ પ્રવાહ નિયમિતરૂપે આવતો રહેતો હતો અને તે રાષ્ટ્રીયશાળાઓને માટે ભંડોળનું એવું સ્થિર સાધન હતું કે જે સ્વૈચ્છિક ફાળાઓ પર સંપૂર્ણપણે આધાર રાખીને સોસાયટી ન મેળવી શકી હોત.

ગાંધીના અનુયાયીઓની અરજના પ્રત્યુત્તરરૂપે સુરતના વેપારીઓએ પોતાની વ્યક્તિગત પ્રતિભાને ફરીથી નવો ઓપ આપ્યો અને 'આબરૂ' પ્રાપ્ત કરવાની પ્રક્રિયાનું પુનઃઅર્થઘટન કર્યું. અસહકારની ચળવળનાં વર્ષો દરમ્યાન શહેરના વેપારીસંગઠને વધતા જતા પ્રમાણમાં ઉપખંડમાંથી બ્રિટિશરોને હાંકી કાઢવા માટેની આંદોલનાત્મક ચળવળને ટેકો આપ્યો હતો. રાષ્ટ્રવાદી કાર્યોને માટે ફાળો આપવાને કારણે સ્થાનિક કક્ષાએ પ્રતિષ્ઠામાં વધારો થવાની સાથે સાથે શાહી અથવા રાષ્ટ્રીય કક્ષાએ ઉદ્ભવ પામી રહેલા કોંગ્રેસ નામના નવા પરિબળ સાથેના સંબંધો પણ મજબૂત બનતા હતા. આ રીતે બક્ષિસ આપવાની

અર્થાત્

પ્રવૃત્તિનું આ સ્વરૂપ અગાઉનાં તેના તદ્દન જુદાં જ એવાં સ્વરૂપો દ્વારા પાર પાડવામાં આવતા બંને હેતુઓ પાર પાડતું હતું. જો કે સ્થાનિક ધંધાદારીઓએ તેમની ધાર્મિક સ્વરૂપની બક્ષિસો આપવાની પ્રવૃત્તિ અથવા લાંબાગાળાની માનવતાવાદી સખાવતોની પ્રવૃત્તિનો ત્યાગ ન કર્યો. તેમણે મંદિરો અને આરામગૃહો બંધાવવાનું તેમ જ લગ્નના જમણવારો અને ધાર્મિક ઉત્સવો પાછળ ઉડાઉ ખર્ચ કરવાનું ચાલુ રાખ્યું. તેમ જ ઈ. સ. ૧૯૨૦ના મધ્યભાગથી કોંગ્રેસ દ્વારા થતો વિરોધ નબળો પાડવાની સાથે વેપારીઓએ ફરીથી બ્રિટિશરો દ્વારા પ્રાયોજિત પ્રોજેક્ટો માટે સારા એવા પ્રમાણમાં ફાળો આપવાની શરૂઆત કરી. કોંગ્રેસને ટેકો આપવાની બાબત જો કંઈક રહેવા પામી હોયતો તે અગાઉની બક્ષિસો આપવાની પ્રવૃત્તિના ભાથામાં સમાવિષ્ટ થઈ ગઈ અને તેથી આ ભાથું અગાઉની સરખામણીમાં પણ વધુ વૈવિધ્યપૂર્ણ બન્યું. આ રીતે જ્યારે ઈ. સ. ૧૯૨૦, ૧૯૩૦ અને ૧૯૪૦ના દાયકાઓ દરમ્યાન સત્તાના વિભાજનની સાથે રાજકીય સત્તાનાં ઉગમસ્થાનો અનેકગણાં થવા લાગ્યાં તેમ જ રાષ્ટ્રવાદી પ્રવૃત્તિનો વિકાસ થયો ત્યારે ધંધાદારીઓએ તેમના સખાવતી ભંડોળોને અગાઉ ક્યારે પણ ન બનાવ્યાં હોય તેટલાં વધુ વૈવિધ્યપૂર્ણ બનાવ્યાં. કારણ કે તેઓ હમેશાં તેમના પોતાના સમાજમાં પ્રતિષ્ઠા જાળવવા માટે અને તેમના જીવનમાં વધતા જતા પ્રમાણમાં પ્રવેશ પામી રહેલી બાહ્ય સત્તાઓ સાથે સંબંધો સ્થાપવા માટે આતુર હતા.

સમાપન

આ નિબંધના અભ્યાસ હેઠળના ત્રણસો કરતાંય વધુ વર્ષના સમયગાળા દરમ્યાન સમૃદ્ધ હિન્દુ અને જૈન વેપારીઓ સતત વિસ્તૃત સ્વરૂપની સખાવતી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા રહ્યા હતા. પોતાના આર્થિક મૂડીરોકાણનો કેટલોક ભાગ પ્રતીકાત્મક મૂડીરોકાણ તરફ વાળીને શેઠિયાઓએ પોતાની આસપાસના મહત્ત્વના અન્ય માણસો સાથે પ્રમાણમાં સ્થિત એવા બહુ પારિમાણિક સંબંધો સ્થાપ્યા હતા. તેમના પોતાના સમાજમાં મહદંશે ધાર્મિક સખાવતો વડે તેમણે સામાજિક પ્રતિષ્ઠા અને આર્થિક શાખ પ્રાપ્ત કરી હતી. શાહી અધિકારીઓની રાજકીય નીતિરીતિમાં જેનાં મૂળ રહેલાં હતાં એવાં સ્વરૂપોની સખાવતી પ્રવૃત્તિઓમાં સામેલ થઈને તેમણે પોતાના શાસકો સાથે ભૌતિક હિતોની કામચલાઉ સુસંગતતાને કારણે સ્થપાતા સંબંધોથી વિશેષ એવા સંબંધોનું સર્જન કર્યું હતું.

ખાસ ખરીને આ નિબંધ ઓગણીસમી સદી દરમ્યાન બક્ષિસો આપવાની પ્રવૃત્તિના માનવતાવાદી સખાવતોના સ્વરૂપમાં થયેલા રૂપાંતરની પ્રક્રિયાની સમજૂતી આપવા સાથે સંબંધિત છે. મારી દલીલ એ છે કે, સુરતનો સમગ્ર ઇતિહાસ જોતા જણાય છે કે વેપારીઓ અને બેંકરો તેમના પોતાના માટે તેમ જ પોતાના સમાજને માટે સુરક્ષિત રાજકીય પીઠબળ વિકસાવવામાં સતત રસ ધરાવતા હતા અને આ હેતુ માટે તેઓ પોતાના શાસકો સાથે નિયમિત રીતે નૈતિક સોદાઓમાં સામેલ થતા હતા. જ્યારે બાહ્ય સત્તાનું સ્વરૂપ બદલાયું હતું ત્યારે શેઠિયાઓએ પોતાના સખાવતી ભંડોળમાં અનુરૂપ ગોઠવણ કરી હતી. આપણે વિચારણા હેઠળ લીધેલા સમયગાળા દરમ્યાન શહેરને માટે બાહ્ય એવા બે ફેરફારોની અસરને કારણે વેપારીઓએ પોતાની બક્ષિસો આપવાની પ્રવૃત્તિની તરાહની પુનર્રચના કરી હતી. પ્રથમ, બ્રિટિશરોએ પૂર્વ સાંસ્થાનિક કાળના સ્પર્ધાત્મક રાજ્યને બદલે વધુ પ્રમાણમાં અમલદારશાહી સ્વરૂપની સરકાર દાખલ કરી. પરિણામે ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવતી વ્યક્તિગત બક્ષિસો અનૈતિક અને નિરર્થક બની ગઈ. બીજું, સાંસ્થાનિક અધિકારીઓની વિચારસરણીમાં જાહેર સખાવતોએ વધુ મહત્ત્વ ધારણ કર્યું. સમૃદ્ધ વેપારીઓ મોટા પાયા પરની માનવતાવાદી સખાવતોમાં સામેલ થઈને પ્રમાણમાં વિશાળ એવી રાજકીય દુનિયામાં આવેલા આ ફેરફારોને અનુકૂળ બન્યા. આમાંના કેટલાક વેપારીઓએ તેમનાં આ નવાં પરોપકારી કાર્યોનો વિચાર તેમના શાસકોને

આપવામાં આવતી બક્ષિસનાં એક નવા પ્રકાર તરીકે કર્યો હોય એ શક્ય છે.

સાંસ્થાનિક શાસન હેઠળ રહેલા ઘણા દક્ષિણ એશિયાઈ સમૂહોએ અનુભવેલા સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયાનું પ્રતિબિંબ સુરતના વેપારીઓના કિસ્સામાં પડે છે. તાજેતરના સંશોધનમાં દર્શાવ્યું છે તે મુજબ ભારતના આગેવાન નાગરિકો વ્યક્તિગત અને પક્ષીય હિતો સાધવાના તેમના પ્રયત્નોમાં શાહી શાસકોને અનુરૂપ પ્રણાલિમાં પોતાની જાતને રજૂ કરતા શીખ્યા અને આ પ્રક્રિયા દ્વારા તેમણે પોતાની ઓળખની પુનઃ વ્યાખ્યા આપી તેમ જ પોતાનાં મૂલ્યોનું પુનર્ગઠન કર્યું. માનવતાવાદી સખાવતો એક સાધન હતું કે જેના વડે સુરતના તેમ જ મને લાગે છે કે ભારતનાં અન્ય શહેરોના વેપારી મહાનુભાવોએ આ હેતુ સિદ્ધ કર્યો હતો. નવા પ્રકારની સખાવતી પ્રવૃત્તિઓમાં સામેલગીરી શાસકોને એ બાબતની પ્રતીતિ કરાવતી હતી કે સખાવતીઓ શહેરના નાગરિકોના કલ્યાણ અંગે ચિંતા ધરાવે છે તેમ જ નૈતિક અને ભૌતિક પ્રગતિને પ્રોત્સાહન આપવાની નિષ્ઠા ધરાવતી સરકારનાં મૂલ્યોનો સ્વીકાર કરે છે. માનવતાવાદી સખાવતોમાં લાંબા ગાળાની અને હૃદયપૂર્વકની સામેલગીરી માટે ખ્યાતિ મેળવનારાઓ હમેશાં સરકાર તરફથી આશ્રય અને મોભાના અધિકારી બન્યા હતા. પરંતુ આ નિબંધ એમ પણ સૂચવે છે કે આ પ્રક્રિયામાં સંકળાયેલ પરિવર્તન પામતી સત્તાના સંદર્ભમાં વૈયક્તિક મૂલ્યોનું આ પુનર્જોડાણ આંશિક અને પસંદગીયુક્ત બની રહેતું હતું. સુરતના માનવતાવાદી સખાવતીઓએ નવી અને જુદા સ્વરૂપની સખાવતોની પ્રવૃત્તિમાં સામેલ થવાની સાથે સાથે તેમના પોતાના સમાજમાં પ્રતિષ્ઠા જાળવી રાખવાની અને પોતાનો ધર્મ સાચવવાની તથા વિસ્તારવાની પોતાની મૂળ પ્રવૃત્તિ પણ ચાલુ રાખી હતી. સ્થાનિક ધંધાદારીઓએ પોતાનાં વધારાનાં સાધનોનો માત્ર એક હિસ્સો જ બ્રિટિશ અને ભારતીય સામાજિક સુધારકોએ શરૂ કરેલાં જાહેર કાર્યો તરફ વાળ્યો હતો. સંતો, સંસ્થાઓ તેમ જ રૂઢિઓની જાળવણીને પ્રોત્સાહન આપવા પાછળ ઘણી મોટી રકમ ખર્ચવામાં તેમને કશી જ અસંગતતા જણાઈ ન હતી. અને જ્યારે તેઓને ખાત્રી થઈ કે પ્રથમ વિશ્વયુદ્ધ પછીના તરતના સમયગાળા દરમ્યાન સરકારે પોતાનો સંરક્ષણાત્મક ભાગ ભજવવાનું છોડી દીધું છે ત્યારે તેઓએ શાસક સત્તા સાથેના પોતાના સંબંધો ઓછા કર્યા અને પોતાને વ્યાપારી દરજ્જા તેમ જ ધર્મનિષ્ઠાની પ્રચલિત ભાષામાં અપીલ કરનાર સત્તાધારીઓના નવા સમૂહને અનુસર્યા.

વધુ વિશાળ દૃષ્ટિએ પણ, આ કિસ્સો વિસ્તૃત સાંસ્કૃતિક સંદર્ભોમાં વાણિજ્ય અને ઉદ્યોગમાં સંકળાયેલ વ્યક્તિઓને માટે સામાન્ય એવી પ્રક્રિયાનું અનુકરણીય ઉદાહરણ પૂરું પાડે છે. પોતાના સમાજમાં ધંધાદારી તરીકેનો મોભો અને સત્તા સ્થાપવા માટે માત્ર સંપત્તિની પ્રાપ્તિ ભાગ્યે જ પૂરતી નીવડે છે. જ્યાં નફાખોરી અને મૂડીસંચય સામે સાંસ્કૃતિક પરંપરાઓ લડાયક વૃત્તિ ધરાવતી હોય ત્યાં ખરેખર તો ધંધાકીય પ્રવૃત્તિ કદાચ સન્માનપાત્રતા અને લાગવગ પ્રાપ્ત કરવાના માર્ગમાં અડચણરૂપ બની જાય. મૂડીવાદ જેમાં ખૂબ જ આગળ વધ્યો છે એવા સમાજમાં પણ પોતાનું ભવિષ્ય બનાવી લેવાની પ્રવૃત્તિ શંકા જન્માવી શકે છે અને સામાજિક અસંતોષ જગાડે છે. છતાં પણ સાંસ્કૃતિક દૃષ્ટિએ મૂલ્ય ધરાવતા સખાવતોના સ્વરૂપોમાં ખુલ્લી રીતે સામેલ થઈને ધંધાદારીઓ હમેશાં પોતાની પાસે રહેલી વિપુલ સાધન સંપત્તિને નીતિમાન અને જવાબદાર વ્યક્તિ તરીકેની પ્રતિષ્ઠાના સ્વરૂપમાં તેમ જ રાજકીય વર્ગના સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકતા હતા. આ રીતે, સત્તા અને દરજ્જો પ્રાપ્ત કરવામાં બક્ષિસો આપવાની પ્રવૃત્તિનું વિશ્લેષણ માત્ર 'પ્રાથમિક' અથવા 'પ્રાક્નૂતન' સામાજિક સંદર્ભો પૂરતું જ મર્યાદિત રાખવાની જરૂર નથી. પરંતુ તેને સરળતાથી માનવતાવાદી સખાવતો જેવી પ્રવૃત્તિઓ સુધી વિસ્તારી શકાય છે કે જે પ્રવૃત્તિએ સંસ્થાનવાદી તેમ જ સંસ્થાનવાદ પછીના સમયના સમાજોમાં તેમ જ ઔદ્યોગિક રાષ્ટ્રોમાં સૌથી વધુ વિકસિત એવાં

અર્થાત્

રાષ્ટ્રોમાં પ્રભુત્વની તરાહનું સર્જન અને પુનઃસર્જન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

[ધી જર્નલ ઑફ એશિયન સ્ટડીઝ, મે, ૧૯૮૭ માં પ્રકાશિત થયેલ લેખનો અનુવાદ. સ્થળસંકોચને કારણે કેટલીક માહિતી અને બધી નોંધો આપવામાં આવી નથી. અનુવાદક : કિરણ ઉ. શુક્લ]

સંદર્ભ સૂચિ

Abu'l Fazl Allami. 1927. The A'in-i Akbari. Calcutta: Asiatic Society of Bengal.

Bayly, C. A. 1973. 'Patrons and Politics in Northern India.' Modern Asian Studies 7:349-88.

——. 1977. 'Old-Style Merchants and Risk.' Unpublished Paper For The Workshop on Risk and Uncertainty in south Asia, University of Pennsylvania.

——. 1983. Rulers, Townsmen, and Bazaars: North Indian Society in The Age of British Expansion, 1770-1870 Cambridge: Cambridge University Press.

Chaudhuri, K. N. 1978. The Trading World of Asia and the English East India Company. 1660—1760. Cambridge: Cambridge University Press.

Das Gupta Ashin. 1979. Indian Merchants and the Decline of Surat, c. 1700-1750. Wiesbaden : Franz Steiner Verlag.

દેસાઇ ઇશ્વરલાલ ઇચ્છારામ, ૧૯૫૮. 'સુરત સોનાની મુરત.'

Gadgil, D. R., and R, K. Patil. 1953. Gold and Silver Thread Industry in Surat. Surat: Chunilal Gandhi Vidhyabhavan.

Gordon, A. D. D. 1978. Businessmen and Politics: Rising Nationalism and a Modernising Economy in Bombay, 1918-1933. Delhi: Manohar.

Government of Bombay. 1873. Report of the Commissioners Appointed Under Government Resolution No 1128 Dated March 1873 to Inquire in the Working of the Cotton Frauds Act (IX of 1863) with Minutes of Evidence and other Appendices Bombay.

Government of India. 1930. Report of the Bombay Provincial Banking Enquiry Committee. 4 vols Bombay.

Haynes, Douglas E. 1982. 'Conflict and Cultural Change in Urban India: The Politics of Surat City, 1850-1924.' Ph. D. dissertation University of Pennsylvania.

Hazlehurst Leighton. 1966. Entrepreneurship and the Merchant Castes in a Punjabi City. Durham Duke University, Program in Comparative Studies on South Asia.

Hopkins, E. Washburn. 1901. 'Ancient and Modern Hindu Guilds.' In India: Old and New, New York: Charles Scribner.

Khosla, Ram Prasad. (1934) 1976. Mughal Kingship and Nobility. Delhi: Idarah-I Adabiyat-I Delhi.

Lagemann, Ellen Condliffe. 1983. Private Power for the Public Good: A History of the Carnegie Foundation for the Advancement of Teaching. Middletown, Conn.: Wesleyan University Press.

Leonard, Karen. 1979. 'The Great Firm' Theory of the Mughal Empire.' Camparative Studies in Society and History 21:151-67.

Lewandowski, Susan. 1985. 'Merchants and Kingship: An Interpretation of Indian Urban History.' Journal of Urban History 11:151-80.

Maharashtha State Archives. 1795. Surat Factory Diary. Vol. 32.

Maharashtra State Police Archives. Bombay Presidency Secret Police Abstracts, 1918–24.

Mauss, Marcel. 1967. The Gift: Forms and Function of Exchange in Archaic Societies Paperback ed. New York: W. W. Norton and Company.

Parkin, Frank. 1971. Class Inequality and Political Order: Social Stratification in Capitalist and Communist Societies London: Macgibbon and Kee.

Pearson Michaeal N. 1976. Merchants Rulers in Gujarat: The Response to the Portuguese in Sixteenth Century. Berkeley and Los Angeles: University of Pennsylvania.

Rabitoy. Neil. 1972. 'Sovereignty, Profits and Social Change: The Development of British Administration in Western India' Ph.D. Dissertation, University of Pennsylvania.

Rudner David. 1987. 'Religious Gifting and Inland Commerce in Seventeenth Century South India.' Journal of Asian Studies 46, no. 2.

Subrahmanian Lakshmi. 1985. 'Capital and *Crowd in a Declining Asian Port.*' Modern Asian Studies 19:205–37.

ઠાકોરસિંગ ધનસિંગ, ૧૯૩૫. 'સૂરતનો પ્રાચીન ઇતિહાસ' (અપ્રગટ, સૂરત મ્યુનિસિપાલિટી લાયબ્રેરી)

Thevenot, M. de 1949. 'Indian Travels of Thevenot.' in Indian Travels of Thevenot and Careri. Ed. Surendranath Sen. New Delhi: National Archives.

Thoothi N. A. 1935. The Vaishnavas of Gujrat. Calcutta: Longmans, Green and Co.

Whitaker, Ben. 1974. The Foundations: An Anatomy of Philanthropy and Society. London: Eyre Methuen.

'અર્થાત્'નું આપનું લવાજમ
બાકી હોય તો તે, તેમ જ નવા
વર્ષનું લવાજમ સત્વરે મોકલી
આપવા વિનંતી.
લવાજમ ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મ. ઓ.
દ્વારા જ મોકલશો. ચેકથી મોકલશો નહિ.

ભૂખમરાની ખેતી

વીરસિંહ

હરિયાળી ક્રાન્તિના ઝુલણે ઝૂલેલા પંજાબ અને હરિયાણાની માફક હવે પશ્ચિમ ઉત્તર પ્રદેશ પણ જમીનના ઉપયોગની પદ્ધતિ બદલવાના રસ્તે છે. જમીનના ઉપયોગના આ પગલામાં રોકડિયા નિકાસ-લક્ષી અથવા વ્યાપારિક કહેવાય એવા પાકોનું વાવેતર વધ્યું છે. આ એવી ફસલો છે જે જતે દહાડે ખાદ્યાન્ન પાકોને તો ઉપાડીને ફેંકી દેશે, તે સાથેજ અપોષણ, ભૂખમરો અને અસંતોષની સ્થિતિનું નિર્માણ કૃષક સમાજમાં કરશે. ઉપલબ્ધ માહિતી અનુસાર ગરીબ દેશોની ૨૫ ટકાથી પણ વધુ ખેડાણલાયક જમીન રોકડિયા પાકોથી ઢંકાઈ જાય છે. આવી ફસલો માટે પણ ઉત્તમ જમીનની પસંદગી કરવામાં આવે છે. ત્રીજા વિશ્વના અસંખ્ય માનવીઓને ભૂખ્યા રાખીને ક્રમશઃ મોત ભણી ઠેલવામાં આ પાકો ખૂબ મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. પશ્ચિમ ઉત્તરપ્રદેશને નજર સમક્ષ રાખીને એની વિવેચના થઈ શકે છે.

ગાઝિયાબાદ જિલ્લાના હાપુડ તાલુકાનાં ગામોના કરાયેલા સર્વેક્ષણ પરથી માલૂમ પડે છે કે હરિયાળી ક્રાંતિના આ વિભાગમાં ૬૦ ટકા ખેતીલાયક જમીન રોકડિયા પાકોથી આચ્છાદિત છે. તેવી જ રીતે મુજફ્ફર-નગર જિલ્લામાં ભોપાની આસપાસના કંઈ કેટલાંય ગામોની લગભગ નેવુ ટકા જમીન આવી ફસલથી છવાયેલી છે. જે ગામડાંઓ, શહેરો સાથે એકદમ સંકળાયેલાં છે એમાંનાં કેટલાંકની સો ટકા જમીન રોકડિયા પાકોને આધીન રહે છે.

રોકડિયા પાકના રૂપમાં કેટલાંક વરસો પહેલાં ફક્ત શેરડીની જ બોલબાલા હતી. આ શેરડીનો પાક જોકે ખેડૂતોના જીવનમાં તો કડવાશ જ ઘોળતો રહ્યો છે. વાસ્તવમાં ઉત્તર પ્રદેશની સંપૂર્ણ રાજનીતિ શેરડીની આજુબાજુ ફરતી રહી છે. શેરડીના કારણે કેટલાકને પછડાટ પણ ખાવી પડી છે તો શેરડીને ઉછાળીને કેટ-લાકની રાજનીતિ ચમકી પણ ઊઠી છે. હરિયાળી ક્રાંતિના કાળમાં ડઝનબંધ મુખ્ય પ્રધાનનો આવ્યા ને ગયા, પરંતુ એકેય મુખ્ય પ્રધાન શેરડીના કારણે જન્મેલી સમસ્યાને ઉકેલી શક્યા નહિ અને મહાત થઈ ગયા. એક કહેવત સરજાઈ કે 'શેરડીમાંથી ખાંડ અને રાજનીતિ એક સાથે પેદા થાય છે.' દર વર્ષે શેરડીની સીઝનમાં એક વાવાઝોડું ઊઠે છે જેની શરૂઆતમાં ટકી રહેવા માટે સરકાર શેરડીના ઉચિત દામ આપવાના નામે મીઠીમધ જેવી વાતો કરે છે પણ નતીજો કંઈક ઓર જ હોય છે. સરકાર ખાંડની મિલોના માલિકો સામે ઝૂકી પડે છે. વાસ્તવિકતા તો એ છે કે ઉત્તર પ્રદેશમાં ખાંડની લોબીની (સુગર લોબી) સમાન્તર સરકાર ચાલે છે.

અત્યાર સુધી તો શેરડી જ ખેડૂતોને નચાવી રહી હતી, હવે રોકડિયા પાકો પણ એ જ રસ્તે છે. હરિયાળી ક્રાંતિ કોઈ એકાંગી નથી. એની સાથે પરિવહન વ્યવસ્થા-માં પણ ક્રાંતિ આવી છે. બધાં ગામડાંઓ ધોરી માર્ગો સાથે જોડાઈ ગયાં છે. આ સડકોએ ગામડાંઓની ખેતીને બજારોના હિતમાં ઢાળવાની મુખ્ય ભૂમિકા ભજવી છે. પરિણામ એ આવ્યું છે કે ગામડાંઓ રોકડિયા પાકોની ખાણ બની ગયાં છે. શેરડીના વાવેતરનું ક્ષેત્રફળ તો ઘટયું નહિ અને ખેડૂતો શાક-ભાજીની ખેતી કરવામાં મશગૂલ બન્યા. ડિસેમ્બરથી માર્ચ સુધી, અહીંની જમીન કોબીના પાકથી

આચ્છાદિત રહે છે.

છેલ્લાં ૧૦-૧૨ વર્ષોમાં શેરડીની સાથે બંદાએ (પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં કોબીને બંદા પણ કહે છે) ગ્રામજીવનને ખરાબ રીતે અસર પહોંચાડી છે. ત્રણ વર્ષ પહેલાં એવી પરિસ્થિતિ હતી કે હાપુડ વિસ્તારની મોટાભાગની કોબી કલકત્તાના બજારોમાં જતી હતી. આ કલકત્તાના વેપારીઓએ જ તો ગામડાંઓના ખેડૂતોને કોબીની ખેતી માટે ઉશ્કેર્યા હતા. જ્યારે ઓછા પ્રમાણમાં ઉત્પાદન હતું ત્યારે સારા ભાવ મળતા હતા પણ જ્યારે બધા જ લોકો એક જ ઉત્પાદન પાછળ પડી ગયા ત્યારે વાવેતરનું ક્ષેત્રફળ જરૂર વધી ગયું પરંતુ ખેડૂતો વેપારીઓએ ભાવમાં જે મનમાની ચલાવી તેમાં મજબૂર બની ગયા. વળી શાકભાજીનો સુરક્ષાપૂર્વક સંગ્રહ કરવાનું ગજું ખેડૂતોનું નથી એટલે જે મળે તે ભાવ લઈ લેવા તૈયાર થાય છે.

છેલ્લાં ત્રણ વર્ષોમાં મધર ડેરીએ ગામડાંઓની ખેતીને પોતાના સકંજામાં લીધી છે. અગાઉ જ્યારે ખેડૂતો નિરાશ થયા હતા ત્યારે ડેરીએ એમના ઉત્પાદનના વાજબી દામ આપવાની લાલચ આપી હતી. સારું બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનું વિતરણ કરાયું એ તો અલગ. પરંતુ આ બધાની આકરી કિંમત ખેડૂતોએ ચૂકવવી પડી. એ તો જાણીતી વાત છે કે ડેરીએ પહેલાં તો ગામડાંઓમાંથી દૂધ ઉલેચીને શહેરોમાં ઠાલવ્યું. પછી આગળ વધીને ગામડાંઓની ખેતીનો પ્રબંધ પણ પોતાના હાથમાં લઈ લીધો. પરિસ્થિતિ એવી થઈ છે કે હાપુડનું પ્રત્યેક ગામ પણ મધરડેરીના શાકભાજી ઉત્પાદન કરતું એકમ બની ગયું છે. ખેડૂતો પોતાનાં ખેતરોમાં એવું જ પેદા કરે છે જેવું ડેરીના સત્તાધિકારીઓ ઇચ્છે છે.

કિસાનોના બની બેઠેલા શુભચિંતક અધિકારીઓ કહે છે કે વચેટિયાઓને નાબૂદ કરીને ખેડૂતોની ઊપજને ખરીદીને ખેડૂતોની આવકમાં વધારો કરી રહ્યા છે. પણ હકીકત એ છે કે આ પદ્ધતિએ ખેડૂતોની હાલત તો વધારે બગાડી નાખી છે.

રોકડિયા પાકો ખેડૂતોને કેવી રીતે નિચોવી નાખે છે એનું ઉદાહરણ હાપુડ વિસ્તારના ગામોમાં જોવા મળ્યું. આ કિસાનો રોયા કેમ કે કોબીની એક બોરી માત્ર ૧૫ થી ૨૦ રૂપિયે વેચાઈ. આ એક બોરીમાં અંદાજે ૬૦ કિલો કોબી હોય છે. અર્થાત્ એક કિલો કોબી ૨ પથી ૩૦ પૈસે ખરીદી લેવાઈ. આ તો વેપારીઓના દલાલોએ જે ખરીદી કરી તેની વાત છે. પણ ડેરીની વાત તો કંઈ જુદી જ છે. ડેરીએ શરૂઆતમાં પ્રચાર કર્યો હતો કે તે પાંચ રૂપિયે કિલોના હિસાબે કોબી ખરીદશે. આવી લાલચમાં ફસાઈને ખેડૂતોએ પોતાનાં ખેતરોમાં ઠાંસી ઠાંસીને કોબી ઉગાડી. પરંતુ બન્યું શું? માત્ર ડિસેમ્બરના એક સપ્તાહ સુધી જ પાંચ રૂપિયે કિલોના ભાવે ખરીદી કરાઈ પછીથી તો ૬૦ પૈસે કિલોથી વધારે એક પૈસોય ભાવ આવ્યો નહિ. ખેડૂતો સમજી ચૂકયા કે માર્ચ મહિનો આવતામાં તો આ ભાવ કિલોના ૧૫ થી ૨૦ પૈસા થઈ જશે! ખેડૂતોને ઠંડા પાણીએ નાહી નાંખવાનું થયું!

હવે માલૂમ પડે છે ને કે વચેટિયાઓને નાબૂદ કરવાના બહાને ખેડૂતોનું કેટલી હદે શોષણ થયું? ખેડૂતો પોતાના જ પેટ પર લાત મારીને રોકડિયા પાક ઉગાડી રહ્યા છે. જો તેઓ આવા ચક્કરમાં પડ્યા ન હોત તો ઓછામાં ઓછું બે ટંક શાંતિથી ખાવાનું મળે તેટલું અન્ન તો ઉત્પન્ન કરી જ શકયા હોત.

પોતાના વિસ્તારમાં કોબીના નીચે ગયેલા ભાવોના કારણે જોધપુર ભણી નજર દોડાવી. ત્યાં એમને બોરી (ગુણ) દીઠ રૂપિયા ૧૩૫ તો મળ્યા પરંતુ એને લઈ જવાનું ભાડું એટલું બધું થયું કે કોબીના ભાવ ૫૦ પૈસે કિલોથી વધારે મળ્યા નહિ.

અહીં થયેલું સર્વેક્ષણ દર્શાવે છે કે આપણા ભોજનમાં પ્રોટિન, વિટામીનો અને ખનિજ તત્ત્વોનું પ્રમાણ ઘટી રહ્યું છે. ખેડૂતો રોકડિયા ઉત્પાદનો કરીને માલામાલ નથી થયા અને એવું પણ નથી બન્યું કે આપણી મોટી વસતિના ભોજનમાં વિટામીન, પ્રોટિન

કે ખનિજ તત્ત્વોનો આવશ્યક પ્રમાણમાં સમાવેશ થયો હોય. પહેલાં પશ્ચિમ ઉત્તર પ્રદેશના ગ્રામીણો ઘઉં-ચણાના લોટના બનેલા રોટલા ખાતા હતા. રોટલાની સાથે જ પ્રોટિન પ્રાપ્ત થતું હતું. હવે ચણા તો ક્યાંક ખોવાઈ ગયા. અડદની દાળ કે અન્ય કઠોળનું ઓછું વાવેતર થવા માંડયું છે. ખાદ્યાન્ન ફસલોમાં માત્ર ઘઉંનો જ પાક છે. પાણીની તંગીના કારણે આમેય લોકો અનાજના ઉત્પાદનથી પીછો છોડવવામાં પડ્યા છે. હરિયાળી ક્રાંતિએ ખાદ્યાન્ન પાકોને મિશ્રિત રૂપમાં (દાળોની સાથે) ઉગાડવાને બદલે શુદ્ધ રૂપમાં (યોનો કલ્ચર) ઉગાડવાની પ્રવૃત્તિને જન્મ આપ્યો છે. ઉત્તમ પોષણ પૂરું પાડનારાં અનાજ બાજરી, જુવારને તો હરિયાળી ક્રાન્તિએ જાણે કે ઓગાળી દીધાં છે. મકાઈનું પણ ખૂબ ઓછા પ્રમાણમાં વાવેતર કરાય છે અને શેરડી તો ખાદ્યાન્ન ફસલ છે જ નહિ.

શાકભાજી મોટા પ્રમાણમાં ઉગાડાય છે તેથી અનાજ ઉગાડવાનું તો બાજુએ જતું રહ્યું છે. આપણને સ્વાભાવિક રીતે જ થાય કે હવે ગામવાસીઓ ખૂબ મોટા પ્રમાણમાં શાકભાજી તો જરૂર ખાતા હશે, પણ ખરેખર એવું નથી. હાપુડ ક્ષેત્રનાં ગામડાંઓમાં ફરતાં ફરતાં આ લેખકે આશ્ચર્ય અનુભવ્યું કે એક પણ પરિવાર એવું મળ્યું નહિ જે પોતે ઉગાડેલી કોબી પોતાના ઘરમાં ઉપયોગમાં લેતું હોય! શાકભાજી ઉગાડીને દેશના ખૂણે-ખૂણે (ક્યારેક વિદેશમાં પણ!) પહોંચાડનારાઓ પોતાના ઘર-પરિવાર સાથે સંપર્ક-સંબંધ રાખી શક્યા નહિ અને અપોષણના શિકાર બની ગયા.

હવે વિચારજો કે અપોષણ દૂર કરવા શાકભાજીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની વાત કેટલી તર્કસંગત છે. એવું કંઈ નથી કે લોકો પહેલાં શાકભાજી કે શેરડી નહોતા ઉગાડતા. તેઓ એવું જરૂર કરતા હતા કે જેથી પોતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ પાક લેતા, પોતાની કોઠાસૂઝથી જમીનનો યથાર્થ ઉપયોગ કરતા. એમનો ખોરાક ત્યારે સમતોલ હતો. વધારાનું જે કંઈ બચતું એને વેચતા હતા. હવે ઊલટી ગંગા વહી રહી છે. ખેડૂતો જમીનનો ઉપયોગ ગ્રામસમાજની આવશ્યકતાઓને પરિપૂર્ણ કરવા માટે નહિ પરંતુ દિનપ્રતિદિન વધતાં જતાં શહેરોનાં ભરણ-પોષણ માટે અથવા વિદેશોમાં નિકાસ કરવા માટે કરી રહ્યા છે.

ખેતરોને વધારેમાં વધારે રોકડિયા ઉત્પાદન, વ્યાપારિક કે નિકાસલક્ષી ફસલોથી ઢાંકી દઈને આપણે ભૂખની ખેતી કરી રહ્યા છીએ. આવું કહેવાનો અર્થ હરગીઝ એવો નથી કે શહેરવાસીઓની જરૂરિયાતો ગ્રામીણ ભૂમિ દ્વારા પૂરી કરાય નહિ. એ જરૂર પૂરી પાડી શકાય પરંતુ મોટી વસતિને ભૂખે મારીને નહિ, એમના ભોગે નહિ, ભૂખમરા અને અપોષણની ગતિમાં ધકેલીને કદાપિ નહિ. નવી કૃષિનીતિનાં પરિણામો એવાં છે કે આજે ખેડૂત સમુદાયોમાં એક ભયાવહ અસંતોષ પ્રજ્જ્વળી રહ્યો છે.

(સર્વોદય પ્રેસ સર્વિસના સૌજન્યથી)

માર્કસવાદ અને સામાજિક ઉત્ક્રાંતિના તબક્કાઓ*

ડેવિડ હાર્ડીમન

ભારત સામંતશાહી તબક્કામાંથી પસાર થયું હતું કે નહિ તે અંગે ભારતીય માર્કસવાદીઓમાં વર્ષોથી મતમતાંતર પ્રવર્તે છે. હાલની ભારતીય સમાજ-વ્યવસ્થાને 'અર્ધ–સામંતશાહી'ની કક્ષામાં મૂકી શકાય કે કેમ તે અંગે પણ વિવાદ પ્રવર્તે છે. આ નાની પરંતુ પ્રવાહી શૈલીમાં લખાયેલ પુસ્તિકામાં અશોક રુદ્ર આ ચર્ચાના મૂળ ઉપર પ્રકાશ ફેંકે છે. તેઓ દર્શાવે છે કે માર્કસ પોતે ભારતમાં કયારેય સામંતવાદનું અસ્તિત્વ હતું એમ માનતો ન હતો. મધ્યકાલીન યુરોપની શાસ્ત્રીય સામંતવાદી પ્રણાલીમાં સામંતો, ઉમરાવો દ્વારા ગુલામો તથા બંધિત કિસાનો પાસે બળપૂર્વક પોતાની જાગીર પર કામ કરાવાતું. માર્કસના મત મુજબ, ભારતમાં આ પ્રકારની જમીન જાગીરોનું અસ્તિત્વ કયારેય જણાયું નથી. ભારતમાં, કૃષક વર્ગ દ્વારા જે ઉત્પાદન થયું હોય તેના સરપ્લસને કર સ્વરૂપે રાજ્યાધિકારીઓ દ્વારા કે રાજ્ય સાથે જોડાયેલા માધ્યમો દ્વારા પડાવી લેવાતું.

આમ છતાં, ૧૯૩૦ પછી અનેક ભારતીય માર્કસ-વાદીઓએ ભારતીય ઇતિહાસમાં 'સામંત યુગ'નું અસ્તિત્વ સૂચવતી દલીલ કરી. આ દલીલોનો આધાર તે અરસામાં વ્યાપ્ત અને રશિયામાં ઉદ્ભવેલ કેટલાક માર્કસવાદી 'ઉપદેશો' હતા. આ માર્કસવાદી ખ્યાલ મુજબ, તમામ સમાજોએ સમાન તબક્કામાંથી પસાર થવું પડે છે. આમ, સ્ટાલિન ૧૯૩૮માં પ્રકાશિત પોતાના પુસ્તક 'દ્વંદ્વાત્મક અને ઐતિહાસિક ભૌતિક-વાદ'માં ફરમાવે છે કે 'આદિકાલીન સામુદાયિક પ્રણાલી-ઓનું સ્થાન ચોક્કસપણે ગુલામ વ્યવસ્થાએ જ લીધું છે. ગુલામ વ્યવસ્થા બાદ સામંતવાદ આવ્યો અને સામંતશાહી પછી અન્ય કોઈ નહિ પણ મૂડીવાદી વ્યવસ્થા જ જન્મે.' જો આમ હોય તો, સ્ટાલિનવાદી પરંપરા પ્રમાણે ભારતમાં પણ સામંતવાદી તબક્કો હોવો જ જોઈએ. અનુવર્તી ઇતિહાસકારો આ તબક્કાના સમયગાળા અંગે વિભિન્ન મતો ધરાવે છે. આર. એસ. શર્માના મતે, આ ગાળો ત્રીજી અને તેરમી સદી દરમ્યાનનો હતો. ડી. ડી. કોસાંબી આ અવધિને સત્તરમી સદી સુધી લંબાવે છે. જ્યારે અન્ય કેટલાકના મતે આ તબક્કો રાજસ્થાન જેવા વિસ્તારોમાં વીસમી સદી સુધી અસ્તિત્વ ધરાવતો હતો. આની સાથોસાથ 'અર્ધ–સામંતવાદ'નો ખ્યાલ પણ પ્રચલિત કરવામાં આવ્યો. માર્કસનાં પોતાનાં લખાણોમાં કયાંયે આ ખ્યાલનો ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ ચીની સામ્યવાદીઓમાંથી આ ખ્યાલ ઉદ્ભવ્યો. ભારતમાં આ પદનો ઉપયોગ જમીનદારોની બળજબરી, શાહુ-કારોની વ્યાજખોરી, વેપારીઓના સટ્ટાલક્ષી ધંધાઓ જેવાં ભૂતકાલીન સામંતવાદનાં લક્ષણો ધરાવતી હોય એવી વર્તમાન પરિસ્થિતિને વ્યાખ્યાયિત કરવા માટે થાય છે.

એક ઉત્પાદનની પદ્ધતિ પછી અચૂક બીજી આકાર લે છે એ વિચારને અશોક રુદ્ર પડકારે છે. ઐતિહાસિક પુરાવો સૂચવે છે કે પૂર્વ–મૂડીવાદી યુગમાં ઉત્પાદનનાં સ્વરૂપો અને સંબંધોમાં અનેકવિધ વૈવિધ્ય હતું અને એક સ્વરૂપનું સ્થાન અન્ય વિકસિત સ્વરૂપ લેતું જ

.....

* Ashok Rudra, 'Some Problems of Marx's Theory of History', Centre For Studies in Social Sciences,1988.

હતું એમ જરૂરી ન હતું: વધુ વિકસિત સ્વરૂપમાંથી ઓછા વિકસિત સ્વરૂપ તરફનું પરાગમન (Regression) પણ બનવા પામ્યું છે. તે જ પ્રમાણે, તબક્કાઓનું ઠેકાવું પણ શક્ય છે. રુદ્ર 'ઉત્પાદનની પદ્ધતિ'ના સમગ્ર ખ્યાલ અંગે જ પ્રશ્ન ઊઠાવે છે. સામંતવાદ તથા મૂડીવાદ જેવા 'ઉત્પાદનની પદ્ધતિઓ'ના ખ્યાલનો વિનિયોગ વિભિન્ન માર્કસવાદીઓએ વિભિન્ન ઢબે કર્યો છે. કેટલાક માને છે કે ઉત્પાદનની પદ્ધતિનું મૂળભૂત લક્ષણ તેનો ટેકનોલોજીકલ આધાર છે. સમાજનાં શેષ અંગોનો આધાર તેના પર છે. આમ, સામંતવાદનો પાયો ખેતસંબંધો તથા કારીગરીનું ઉત્પાદન રચે છે જ્યારે મૂડીવાદનો પાયો યાંત્રિક ઉત્પાદન રચે છે. આની સામે અન્ય માર્કસવાદી જૂથની દલીલ એ છે કે ઉત્પાદનની પદ્ધતિનું મૂળભૂત લક્ષણ તેના મુખ્ય વર્ગીય સંબંધો છે. સામંતશાહી પદ્ધતિમાં આ સંબંધ જમીનદાર તથા કિસાન વચ્ચે, તો મૂડીવાદી પદ્ધતિમાં મિલ માલિકો તથા શ્રમિક વચ્ચે હોય છે. સમાજનું પ્રમુખ ગત્યાત્મક (dynamic) આમ શોષક તથા શોષિતો વચ્ચેનો વર્ગસંઘર્ષ બને છે. અન્ય એક માર્કસવાદી વિચારકોનું જૂથ માને છે કે સમાજનું સ્વરૂપ નક્કી કરતાં નિર્ણાયાત્મક પરિબળો માત્ર ટેકનોલોજી કે વર્ગસંચયના નથી. સમાજની વિશિષ્ટ લાક્ષણિકતાનો આધાર વિભિન્ન આર્થિક, રાજકીય, કાયદાકીય, સાંસ્કૃતિક તથા વૈચારિક તત્ત્વો પર હોય છે. આમ, ભારતના સંદર્ભે; જે તે યુગના ટેકનોલોજી તથા વર્ગ સંરચના બાબતે અપૂર્વ જ્ઞાન હોવા છતાં, જો જ્ઞાતિવ્યવસ્થા, જજમાની સંબંધો, અસ્પૃશ્યતા, ધાર્મિક માન્યતાઓ જેવાં પરિબળોને લક્ષમાં ન લેવાય તો સામાજિક પ્રણાલિ અંગે પરિપૂર્ણપણે જાણી શકાય નહિ. પરંપરાગત માર્કસવાદીઓનો અભિગમ આ તમામ બાબતોને અધિરચના (super structure) નો એક ભાગ ગણવાનો છે કે જેના પ્રમુખ આધાર આર્થિક આધાર સંરચના (Infrastructure) છે. રુદ્રની દલીલ છે કે આમ છતાં, આ કહેવાતા અધિરચનાતંત્રીય લક્ષણો વાસ્તવમાં સંચનાકીય છે. જેમકે માર્કસનો પોતાનો દૃઢ મત હતો કે તમામ સામાજિક પરિવર્તનમાં વિચારધારાની ભૂમિકા પ્રમુખ અને નિર્ણાયાત્મક રહી છે. ચોક્કસ દિશાનું પરિવર્તન તો જ શક્ય બની શકે જો અમુક લોકો આ પરિસ્થિતિ ઇચ્છે. પરિવર્તનની આ ઇચ્છા વૈચારિક છે. ભલે પછી તેને સીધી અને વ્યાવહારિક ઢબે વ્યક્ત કરાય. જોકે ક્યારેક તે ધાર્મિક આશાઓ તથા આદર્શ કલ્પનાઓમાં પણ જોવા મળે છે. આ પ્રકારની આકાંક્ષાઓના ઉદ્ભવ બાદ જ લોકો તેની પરિપૂર્ણતા માટેનો સંઘર્ષ આપી શકે. તદ્અનુસાર, ટેકનોલોજી તેની પોતાની ઇચ્છા થકી ઉદ્ભવ પામતી નથી. વૈચારિક મૂલ્યો તથા વલણોથી પ્રેરિત થઈ માનવ ટેકનિકલ શોધો, અન્વેષણો તથા રોકાણો કરે છે જેના પરિણામ સ્વરૂપે ચોક્કસ દિશાનું સામાજિક પરિવર્તન આકાર લે છે. આમ, તમામ ઉત્પાદનની પ્રણાલીઓના બંધારણમાં વિચારધારા પ્રમુખ છે.

રુદ્ર માને છે કે 'ઉત્પાદનની પદ્ધતિ'નો સમગ્ર ખ્યાલ વિશ્લેષણ માટેનું વિશેષ સહાયરૂપ સાધન નીવડયું નથી. માર્કસવાદના કેટલાક વિરોધીઓ એવી દલીલ કરી શકે કે જો માર્કસવાદીઓ ક્રમાનુવર્તી ઉત્પાદનની પદ્ધતિઓનો સિદ્ધાંત પડતો મૂકે તો, માર્કસના ઇતિહાસના સિદ્ધાંતશાસ્ત્રમાં કશું શેષ રહે નહિ. રુદ્ર આ માન્યતાને ધરાર નકારે છે. તેના મત મુજબ, માર્કસના ઇતિહાસ અંગેના સિદ્ધાંતોનું મૂળભૂત તત્ત્વ ઉત્પાદનનાં બળો તથા સંબંધો વચ્ચેની સતત તાણ છે, જે વર્ગસંઘર્ષને જન્મ આપે છે. આ સંઘર્ષમાંથી જ, ઉત્પાદનનાં નૂતન બળો તથા સંબંધો ઉદ્ભવે છે. રુદ્ર આમ માર્કસવાદી સિદ્ધાંતના દ્વંદ્વાત્મક લક્ષણ પર ભાર મૂકે છે. વિભિન્ન યુગોમાં ભિન્નભિન્ન સમાજોમાં ઉત્પાદનનાં બળો તથા પદ્ધતિઓનાં તમામ સ્વરૂપો આકાર લે એ પણ શક્ય છે એમ રુદ્ર દલીલ કરે છે. આ લક્ષણનું તેની સંપૂર્ણ સામાજિક, આર્થિક, રાજકીય તથા વૈચારિક સંકુલતા સહિત વિશ્લેષણ કરવું જોઈએ. જો આમ થશે તો જ લેખકને મૂંઝવતા પ્રશ્નનો ઉત્તર આપણે મેળવી શકીશું. આ પ્રશ્ન છે,

(૫) સર્વનામ

(સંપાદક) નીરવ પટેલ, ચંદુ મહેરિયા
(સ્વમાન ફાઉન્ડેશન ફોર દલિત લિટરેચર, ૧૯૮૯, પાન ૧૮૬, કિં. રૂ. ૨૦)

'સ્વમાન' દ્વારા પ્રકાશિત દલિત સાહિત્ય-કૃતિઓનો આ સંગ્રહ કુલ ૧૨ વિભાગોમાં વિભાજિત છે. પ્રથમ વિભાગ કવિતાઓનો છે, જેમાં ૨૫ કાવ્યો સમાવેશ પામ્યાં છે. તે પછીના બે વિભાગો અનુક્રમે નિબંધ અને નાટકના છે. વાર્તા વિભાગમાં ૩ વાર્તાઓ સમાવાઈ છે. આ ઉપરાંત લોકસાહિત્ય, આત્મકથા, વિવેચન, મુલાકાત, પ્રતિભાવ, સમાજવિદ્યા, સાહિત્ય-ચિંતન, દસ્તાવેજ તથા કલા જેવા વિભાગો આ ગ્રંથમાં આવરાયા છે. કુલ ૫૮ કૃતિઓ 'સર્વનામ'માં આપવામાં આવી છે.

❁ ❁ ❁

સંસ્થા–સંશોધન સમાચાર

આઈ. સી. એસ. એસ. આર.

આઈ. સી. એસ. એસ. આર. નો એક મહત્ત્વનો કાર્યક્રમ પરદેશસ્થિત શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ સાધી સમાજવિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન કાર્યને આગળ ધપાવવાનો છે. સમયે સમયે કાઉન્સિલ ભારત સરકાર અને બીજા દેશો વચ્ચે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો યોજીને સમાજવિજ્ઞાનની પ્રવૃત્તિઓનો અમલ કરવાની મહત્ત્વની એજન્સી તરીકે કાર્ય કરે છે. કેટલીક મહત્ત્વની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં કાઉન્સિલ સભ્યપદ ધરાવે છે. જેમાં, એસોસિયેશન ઓફ એશિયન સોશ્યલ સાયન્સ રીસર્ચ કાઉન્સિલ, ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોશ્યલ સાયન્સ ઓર્ગેનાઈઝેશન અને ઇન્ટરનેશનલ સોશ્યલ સાયન્સ કાઉન્સિલનો સમાવેશ થાય છે. તાજેતરમાં આઈ. સી. એસ. એસ. આરે. ઇન્ડો–ડચ સહયોગનો મહત્ત્વનો કાર્યક્રમ હાથ ધર્યો છે. તદુપરાંત, કાઉન્સિલે ફ્રાંસ, યુ. એસ. એ., યુ. કે., જાપાન, થાયલેન્ડ, હંગેરી અને ઝેકોસ્લોવેકિયા સાથે સહયોગ-કાર્યક્રમ રસ લઈને વિકસાવ્યો છે. ઇન્ડો–સોવિયેટ કમિશન ફોર કો–ઓપરેશન ઇન સોશ્યલ સાયન્સના સેક્રેટરીયેટ તરીકે પણ કાઉન્સિલ કાર્ય કરે છે. આ સંસ્થાએ સંખ્યાબંધ સીમ્પોઝીયમ, વિદ્વાનોની આપ–લે, પ્રકાશન વગેરે મહત્ત્વની પ્રવૃત્તિ કરી છે.

વિદેશમાં માહિતી એકત્રીકરણ કરવા તેમજ સંગોષ્ઠિ, કાર્યશાળા વગેરેમાં ભાગ લેવા માટે આઈ. સી. એસ. એસ. આર. એશિયા અને આફ્રિકાના નિયુક્ત કરેલ દેશોની મુલાકાત લેવા માટે નાણાંકીય સહાય પૂરી પાડે છે. એ જ રીતે પરદેશોના ખ્યાતનામ સમાજ વૈજ્ઞાનિકોને પણ ભારતમાં મુલાકાત લેવા માટે આમંત્રે છે.

નેશનલ સોશ્યલ સાયન્સ ડોકયુમેન્ટેશન સેન્ટર

આઈ.સી.એસ.એસ.આર.ના એકમનું કામ સંશોધનને જરૂરી માહિતી તથા સાહિત્ય પૂરું પાડવાનું, પરામર્શની સેવા પૂરી પાડવાનું, નાની સંદર્ભસૂચિ તૈયાર કરી આપવાનું, ડોકયુમેન્ટેશન પ્રવૃત્તિમાં આંતરરાષ્ટ્રીય સહયોગ પૂરો પાડવાનું અને આઈ. સી. એસ. એસ. આર. નાં પ્રકાશનોનું વિતરણ અને આપ–લે કરવાનું છે. ડોકયુમેન્ટેશનનું કાર્ય કેટલોગ, ડિરેકટરીઓ,

અર્થાત

સંદર્ભસૂચિઓ તેમ જ પ્રાદેશિક ભાષાઓમાં સંશોધન સામગ્રીઓની સંદર્ભસૂચિ તૈયાર કરવાનું છે. આંતર-લાયબ્રેરી રીસોર્સ સેન્ટર માટે એકમ ડિપોઝીટ સ્વીકારે છે. નજીકના ભવિષ્યના કાર્યક્રમમાં એકમ સમાજ-વિજ્ઞાનમાં લાયબ્રેરી અને માહિતી ટેકનિકનો ઉપયોગ કરવા માટે તાલીમી કાર્યક્રમ તેમ જ કોમ્પુટરાઈઝ ડેટાનું નિર્માણ કરવા વિચારે છે.

ડેટા આર્કાઈવ્ઝ

આઈ. સી. એસ. એસ. આર. દ્વારા જે સંશોધન પ્રોજેક્ટોને નાણાંકીય સહાય આપવામાં આવી હોઈ તેમાં ભેગા થયેલ આંકડાકીય માહિતીને તેમ જ સંશોધન સંસ્થાઓને ડેટાને કોમ્પુટર પર લઈ તેને ઓર્ગેનાઈઝ કરવા માટે જરૂરી નાણાંકીય અને ટેકનિકલ મદદ પૂરી પાડવા માટે આઈ.સી.એસ.એસ.આરે. ડેટા આર્કાઈવ્ઝની સ્થાપના કરેલ છે. હાલમાં તેણે નેશનલ રજિસ્ટર ઓફ સોશ્યલ સાયન્ટિસ્ટ ઈન ઈન્ડિયાનું સંકલન કરવાનું અને અપડેઈટ કરવાનું કાર્ય હાથ ધર્યું છે. જેનો પ્રથમ ગ્રંથ પ્રગટ થઈ ચૂક્યો છે. નેશનલ રજિસ્ટરને અપડેઈટ કરવાનું કામ હાલમાં ચાલુ છે. આ ઉપરાંત છેક ૧૯૫૨થી અત્યાર સુધી સંશોધન સંસ્થાઓએ હાથ ધરેલ સંશોધન પ્રોજેક્ટમાં ભેગા થયેલ આંકડાઓના સ્ટોક લેવાનું કામ પણ હાથ ધરેલ છે. માહિતીનું પ્રોસેસીંગ કરવા માટે માર્ગદર્શન અને પરામર્શ તરીકેની સેવા પણ આપવામાં આવે છે.

❀ ❀ ❀

સંશોધન

'ક્રિભકો'ની આસપાસનાં ગામો પર અસર

'ક્રિભકો'નું એક વિરાટ ઔદ્યોગિક સંકુલ સુરત શહેર નજીક હજીરા ગામે ઊભું થયું છે. બારસો એકર જમીનમાં પથરાયેલ આ એકમમાં હજીરાની આસપાસનાં ૧૬ ગામોના ૨૧૪ ખેડૂતોએ ખેતીની જમીન ગુમાવી છે. અલબત્ત, અસરગ્રસ્તોને સરકારે વળતરની રકમની ચૂકવણી કરી છે જરૂર. ખેતીની જમીન ગુમાવવાને કારણે ઘણાં કુટુંબોએ જીવનનિર્વાહનું મુખ્ય સાધન ગુમાવ્યું છે. જેને લીધે ખેતી તથા ખેતમજૂરીના વિશિષ્ટ પ્રશ્નો ઊભા થવા પામ્યા છે. આ ઉપરાંત નવી વ્યાવસાયિક તકો, પ્રદૂષણના પ્રશ્નો, બાહ્ય પ્રદેશના લોકોનું સ્થળાંતર જેવાં અનેક પરિબળોની અસર સ્થાનિક વસતા લોકો પર થવા સંભવ છે.

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ 'ક્રિભકો'ને કારણે તેની નજીકમાં વસતાં ગામોમાં વસતા લોકો પર શી અસર થવા પામી છે તે જાણવાનો છે. નવી વ્યાવસાયિક તકો સાથે અનુકૂળ થવામાં પડેલી અડચણો, મુશ્કેલીઓ, બાહ્ય પ્રદેશના મજૂરો ગામમાં વસવાથી થયેલ અસરો-પ્રશ્નો, પ્રદૂષણને લીધે ઊભા થયેલ આરોગ્ય વિષયક પ્રશ્નો, વળતરનો અસરગ્રસ્તોએ કરેલ ઉપયોગ તથા તેની કુટુંબ પર થયેલ અસરો વગેરે ક્ષેત્રો સંશોધનમાં આવરી લેવાશે.

આઈ.સી.એસ.એસ.આર., ન્યુ દિલ્હીના નાણાંકીય સહયોગથી હાથ ધરવામાં આવનાર આ સંશોધન કાર્યના પ્રારંભિક તબક્કા રૂપે એક 'પાયલોટ પ્રોજેક્ટ' અંગેની માહિતી સંપાદન થઈ ચૂકી છે. જે સંકુલના અધિકારીઓ, અસરગ્રસ્ત લોકો તથા તેમના આગેવાનો, શાળાના શિક્ષકો વગેરે મળીને એકત્રિત કરાઈ હતી.

ઉપર્યુક્ત, સંશોધન કામગીરી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સમાજશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. રોબર્ટ અને શ્રી મનુભાઈ મકવાણા સંયુક્તપણે બજાવી રહ્યા છે,

સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ

ગુજરાતી પ્રકાશનો

ક્રમ	નામ	લેખક	વર્ષ	કિંમત (રૂપિયા)
૧	અમરેલી જિલ્લામાં કુટુંબ નિયોજન અંગે સંશોધન	આઈ. પી. દેસાઈ	૧૯૬૯	૫-૦૦ (અપ્રાપ્ય)
૨	દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજ્યનું સૂત્ર	આઈ. પી. દેસાઈ	૧૯૭૦	૧-૨૫
૩	ગુજરાતના આદિવાસીઓ	સં. ઘનશ્યામ શાહ	૧૯૭૦	૧-૫૦
૪	આશ્રમશાળાઓ—એક અધ્યયન	વિદ્યુત એ. જોષી	૧૯૮૦	૧૫-૦૦
૫	અનામત વિરોધી આંદોલન	લોકાયન	૧૯૮૧	૧૦-૦૦
૬	વેઠછી આંદોલન	આઈ. પી. દેસાઈ	૧૯૮૨	૧૫-૦૦
૭	પચરંગી સમાજમાં ભાષા	પ્રબોધ બે. પંડિત	૧૯૮૩	૮-૦૦
૮	બદલાતા સમાજમાં પરંપરાગત વ્યવસાય —ગુજરાતના કુંભારો	પ્રદીપકુમાર બોઝ	૧૯૮૩	૯-૦૦
૯	આદિવાસી વિસ્તારોમાં હાટ	એસ. પી. પુનાલેકર	૧૯૮૩	૧૨-૦૦
૧૦	ગાંધી ચીંધ્યા માર્ગે ગ્રામ્ય વિકાસ	ઘનશ્યામ શાહ અને ચતુર્વેદી	૧૯૮૩	૧૫-૦૦
૧૧	આ પણ ગુજરાત છે, દોસ્તો !	વિદ્યુત જોષી	૧૯૮૩	૨૫-૦૦
૧૨	ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતાનિવારણ	આઈ. પી. દેસાઈ	૧૯૮૪	૨૮-૦૦
૧૩	નર્મદાયોજના : એક પરિચય	સેન્ટર	૧૯૮૪	૩-૦૦
૧૪	૧૭મી સદીમાં સૂરતના ઈતિહાસમાં વેપારીઓએ ભજવેલો ભાગ	બી. જી. ગોખલે	૧૯૮૪	૨-૦૦
૧૫	કલ્યાણ રાજ્યમાં બાલકલ્યાણ ગૃહોનો અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૫	૨૦-૦૦
૧૬	ચૌધરી આદિવાસીઓ : ગઈકાલે અને આજે	ઘનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૧૭	'પછાતપણા'નો માપદંડ	સં. ઘનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૧૮	આદિવાસીઓમાં શિક્ષણ	સેન્ટર	૧૯૮૫	૨૦-૦૦
૧૯	લઘુમતીઓ અને રાષ્ટ્રઘડતર	ઘનશ્યામ શાહ	૧૯૮૬	૭-૦૦
૨૦	દેવી આંદોલન	ડેવીડ હાર્ડીમન	૧૯૮૬	૩૦-૦૦
૨૧	સાહિત્ય અને સામાજિક ચેતના	સં. સુધીર ચન્દ્ર	૧૯૮૭	૧૦-૦૦
૨૨	શું જંધવા મજૂરો છે ?	ઘનશ્યામ શાહ	૧૯૮૭	૧૦-૦૦
૨૩	પશ્ચિમ ભારતના ગ્રામીણ ગરીબો : એક અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૭	૨૦-૦૦
૨૪	મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામમજૂરોનું પરિભ્રમણ	જાન બ્રેમન	૧૯૮૭	૨૦-૦૦
૨૫	ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ	સં. સુધીર ચંદ્ર	૧૯૮૮	૨૫-૦૦
૨૬	નારી સમાનતા : પ્રશ્નો અને પડકારો	સં. કલ્પના શાહ અને વિભૂતિ પટેલ	૧૯૮૭	૨૦-૦૦

• પત્રવ્યવહાર અને સરનામું •

પ્રકાશન અધિકારી, સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ,

દ. ગુ. યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ સુરત ૩૯૫ ૦૦૭

PUBLICATIONS OF THE CENTRE FOR SOCIAL STUDIES, SURAT

1 PRIMARY EDUCATION IN SURAT DISTRICT, YD Jadeja, Centre for Social Studies, Udhna-Magdalla Road, Surat, 1970, Rs. 1.25

2 GLIMPSES OF SURAT, IP Desai, Published by the Manager of Publications, Government of India, Civil Lines, Delhi, 1972

3 WATER FACILITIES FOR UNTOUCHABLES IN GUJARAT, IP Desai, Indian Council of Social Science Research, IIPA Hostel Bldg. Delhi, 1973, (non Priced)

4 UNTOUCHABILITY IN RURAL GUJARAT, IP Desai, Popular Prakashan, 35C Tardeo Road, Bombay, 1975, Rs. 40.00

5 POLITICS OF SCHEDULED CASTES AND TRIBES, Ghanshyam Shah, Vora & Co., 3 Round Bldg., Bombay, 1975, Rs. 15.00

6 CASTE ASSOCIATION AND POLITICAL PROCESS IN GUJARAT, Ghanshyam Shah, Popular Prakashan, Bombay, 1975, Rs. 36.00

7 BUREAUCRACY AND DEVELOPMENT, Ramshray Roy, Manas Publications, New Delhi, Rs. 55.00

8 HISTORY OF RURAL DEVELOPMENT IN MODERN INDIA Vol. II, IP Desai and Banwarilal Chaudhry. Impex India, 2/18, Ansari Road, New Delhi, 1977, Rs. 50.00

9 PROTEST MOVEMENTS IN TWO INDIAN STATES, Ghanshyam Shah, Ajanta Books International, Jawahar Nagar, Delhi, 1977, Rs. 44.00

0 THE CRAFT OF SOCIOLOGY AND OTHER ESSAYS, IP Desai, Ajanta Books International, Delhi, 1982, Rs. 40.00

1 *SOME REFLECTIONS ON GANDHISM*, *Raojibhai Patel*, Centre for Social Studies, Surat, 1982, Rs. 10 00

2 GANDHIAN APPROACH TO RURAL DEVELOPMENT, Ghanshyam Shah and HR Chaturvedi, Ajanta Books International, Delhi, 1983 Rs. 50.00

3 MINORITIES AND NATION BUILDING : A CASE OF MUSLIMS AND SCHEDULED TRIBES IN INDIA, Ghanshyam Shah, Banaras Hindu University, Varanasi, 1983

4 ECONOMIC DIFFERENTIATIONS AND TRIBAL IDENTITY, Ghanshyam Shah, Ajanta Publications, Delhi, 1984, Rs. 50.

5 CLASSES IN RURAL SOCIETY, Pradip Kumar Bose, Ajanta Publications, Delhi 1984, Rs. 100.

16 CASTE, CASTE CONFLICT AND RESERVATION, Centre for Social Studies, Ajanta Publications, Delhi, 1985, Rs. 100.

17 TRIBAL EDUCATION IN GUJARAT, Centre for Social Studies, Ajanta Publications, Delhi, 1985, Rs. 55.

18 CLASSES AND CLASS RELATIONS AMONG TRIBALS OF BENGAL, Pradip Kumar Bose, Ajanta Publications, Delhi, 1985, Rs. 60.

19 IP DESAI AND THE SOCIOLOGY OF INDIA, Ramkrishna Mukherjee, Centre for Social Studies, Surat, 1986, Rs. 10.

20 COMPUTER PROGRAMMING FOR SOCIAL SCIENCE, Pradip Kumar Bose, Vistaar Publications, Delhi, 1986 Rs. 58

21 TRIBAL DEVELOPMENT IN GUJARAT, Priyavadan Patel, Centre for Social Studies, 1986.

22 SUBMERGING VILLAGES: PROBLEMS AND PROSPECTS, Vidyut Joshi, Ajanta Publications, Delhi, 1987.

23 THE COMING OF THE DEVI: ADIVASI ASSERTION IN WESTERN INDIA, David Hardiman, Oxford University Press, Delhi, 1978.

24 RURAL DEVELOPMENT AND HUMAN RIGHTS OF AGRARIAN POOR IN INDEPENDENT INDIA, A.R. Desai, Centre for Social Studies, Surat, 1987.

25 SOCIAL PROCESSES AND DIMENSIONS OF INDIAN NATIONALISM, Yogendra Singh, Centre For Social Studies, Surat, 1988.

પ્રકાશક અને મુદ્રક : એસ. પી. પુનાસેકર, નિયામક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા માર્ગ, સુરત ૩૯૫૦૦૭

મુદ્રણસ્થાન : સરચિ છાપશાળા, સરચિ વંસાહત, બારડોલી ૩૯૪૧૦૧

સમાર્થન

૩

'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝનું' ત્રૈમાસિક'
જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૯૯ ▫ ગ્રંથ ૮ : અંક ૩

ઘનશ્યામ શાહ

પરામર્શક સમિતિ

અચ્યુત યાજ્ઞિક (અમદાવાદ), અરવિંદ શાહ (દિલ્હી), અક્ષયકુમાર દેસાઈ (મુંબઈ), અંજલી મહેતા (અમદાવાદ), એ. એસ. પટેલ (નરસંડા), એસ. પી. પુનાલેકર (સુરત), કલ્પના શાહ (સુરત), ગુલામ મોહમ્મદ શેખ (વડોદરા), ચંદુ મહેરિયા (અમદાવાદ), જોસેફ મેકવાન (આણંદ), ડી. ટી. લાકડાવાળા (મુંબઈ), ડી. એલ. શેઠ (દિલ્હી), નરોત્તમ પલાણ (પોરબંદર), પ્રવીણ શેઠ (અમદાવાદ), બાબુભાઈ દેસાઈ (સુરત), બી. પી. મહેતા (સુરત), ભગીરથ શાહ (સુરત), મકરંદ મહેતા (અમદાવાદ), રજની કોઠારી (દિલ્હી), રોહીત પ્રજાપતિ (વડોદરા), વાય. એ. પરમાર (સુરત), વિભૂતિ પટેલ (મુંબઈ), વિદ્યુત જોષી (અમદાવાદ), સિદ્ધરાજ સોલંકી (અમદાવાદ), સુધીર ચંદ્ર (સુરત), સુરભિ શેઠ (દિલ્હી), હરબન્સ પટેલ (વલ્લભ વિદ્યાનગર), હર્ષદ દેસાઈ (અમદાવાદ), હરિભાઈ પટેલ (રાજકોટ).

લેખકોને આમંત્રણ

સમાજ વિજ્ઞાન (સમાજ દર્શન અને ઇતિહાસ સહિત)ના કોઈપણ ક્ષેત્રને આવરી લેતા વૈચારિક અને સંશોધનલક્ષી લેખો, વિવેચનાત્મક ગ્રંથાવલોકન અને તે ઉપરાંત, સંશોધન, પરિસંવાદ અને સમાજ વિજ્ઞાનને આનુષંગિક પ્રવૃત્તિના સમાચાર આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ટાંચાં સાધનોને કારણે લેખકોને પુરસ્કાર આપવાનું શક્ય નથી. પણ પ્રકાશિત થયેલ લેખવાળો અંક અને દશ ઑફપ્રિન્ટ મોકલવામાં આવે છે.

લવાજમ-જાહેરાતના દર

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂ. ૨૦; સંસ્થાગત વાર્ષિક લવાજમ રૂ. ૩૦; આજીવન લવાજમ રૂ. ૨૦૦ લવાજમની રકમ રોકડ, બેંકડ્રાફટ કે મનીઑર્ડર દ્વારા મોકલવી. ચેક મોકલો તો રૂ. ૭ બેંક વટાવના ઉમેરવા. બેંકડ્રાફટ કે ચેક 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત'ના નામે મોકલવા વિનંતી.

જાહેરાત : કવરપેજ બહારના રૂ. ૨,૦૦૦; કવરપેજ અંદર રૂ. ૧,૫૦૦;

આખું પાનું રૂ. ૧,૦૦૦; અડધું પાનું રૂ. ૫૦૦ અને પા પાનાંના રૂ. ૨૫૦

પત્રવ્યવહાર

અંક ન મળે તો તે અંગે અને લવાજમ અંગેનો પત્રવ્યવહાર

એમ. આર. મેક, ગ્રંથપાલ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ઉધના-ભગદલ્લા રોડ, સુરત ૩૯૫૦૦૭ એ સરનામે કરવો.

લેખ, ગ્રંથાવલોકન અને સંશોધન-સમાચાર અંગેનો પત્રવ્યવહાર સંપાદક સાથે કરવો.

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝનું ત્રૈમાસિક

જુલાઈ–સપ્ટેમ્બર ૧૯૮૯ ગ્રંથ : ૮ □ અંક : ૩

આ અંકના અતિથિ સંપાદકો
અર્જુન પટેલ □ કિરણ દેસાઈ

અનુક્રમણિકા

૧ સિંઘભુમના મૂળ નિવાસી લોકો ઉપર સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટની અસર — ૧
મેથ્યુ એરપલ્લી

૨ કોયના બંધ યોજનાના વિસ્થાપિતોનો પુનઃવસવાટ — ૨૦
ઈરાવતી કર્વે

૩ શ્રી શૈલમ સિંચાઈ યોજનાના વિસ્થાપિતો — ૩૨
કે. આર. ચૌધરી / સી નરેન્દ્રનાથ

૪ સિંગરૌલીમાં વિસ્થાપનની સમસ્યા — ૪૧
અવધેશ અને અન્યો

૫ શું આર્થિક વિકાસથી 'સમુદાય' જીવિત થઈ શકે ખરો ? (નર્મદા બંધ યોજનાના વિસ્થાપિતોના પુનઃવસવાટનો કિસ્સો) — ૫૦
અર્જુન પટેલ

૬ પહાડો, બંધો અને જંગલો : પશ્ચિમઘાટ વિશે કેટલાંક ક્ષેત્રીય અવલોકનો — ૬૧
માધવ ગાડગીલ

૭ 'નર્મદા યોજના'—પુનર્વસવાટના પ્રશ્નો : એક અવલોકન — ૭૧
ગિરીશ પટેલ

૮ નર્મદા યોજના—પક્ષ, વિપક્ષ અને સત્ય — ૮૧
વિદ્યુત જોષી

૯ સંક્ષિપ્ત પુસ્તક પરિચય — ૮૭

૧૦ સંસ્થા–સંશોધન સમાચાર — ૮૮

લેખક વૃંદ

મેથ્યુ એરપ્પલ્લી

નિયામક, ટ્રાઈબલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ સેન્ટર, સિંઘભુમ, બિહાર

સ્વ. ઇરાવતી કર્વે

ભૂતપૂર્વ પ્રાધ્યાપક, ડેક્કન કોલેજ અનુસ્નાતક સંશોધન ઇન્સ્ટીટ્યુટ, પૂના

કે. આર. ચૌધરી

પ્રાધ્યાપક, કૃષિ–અર્થશાસ્ત્ર, એ. પી. કૃષિ યુનિવર્સિટી, હૈદરાબાદ

સી. નરેન્દ્રનાથ

'લોકાયન', ચિત્તૂર, આંધ્રપ્રદેશ

અવધેશ તથા સાથીઓ—

'લોકાયન' મધ્યપ્રદેશ

અર્જુન પટેલ

રિસર્ચ એસોસિએટ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

માધવ ગાડગીલ

સેન્ટર ફોર થિયોરીટીકલ સ્ટડીઝ, બેંગ્લોર

ગિરીશ પટેલ

કર્મશીલ, એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

વિદ્યુત જોષી

પ્રાધ્યાપક, બિહેવીયરલ સાયન્સ, ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ

પ્રાક્કથન

સ્વાતંત્ર્યોત્તર ભારતીય અર્થતંત્રને સંગીન અને સદ્દર બનાવવા માટે કરોડજ્જુ સમા કૃષિક્ષેત્રના વિકાસ માટે સિંચાઈની વ્યવસ્થા પર ભાર મુકાયો છે. બ્રિટીશરોએ તેમના શાસનકાળનાં દોઢસો વર્ષ દરમ્યાન જેટલા બંધ બાંધ્યા ન્હોતા તેનાથી વધુ સંખ્યામાં આઝાદ ભારતે તેનાં ચાલીસ વર્ષો દરમ્યાન બાંધ્યા છે અને વધુને વધુ સિંચાઈ યોજનાઓ આકાર પામતી રહે છે. પંડિત જવાહરલાલ નહેરુએ ભારતના બંધોને આપણાં નવાં મંદિરો તરીકે ઓળખાવ્યાં હતાં.

પરંતુ હાલમાં સિંચાઈની મોટી યોજનાઓની યથાર્થતા અંગે મતમતાંતર પ્રવર્તે છે. પહેલાં પણ વિકાસની તરાહ અંગે જુદો મત હતો. પણ તેણે બહુજન સમાજનું ધ્યાન દોર્યું ન્હોતું. આજે તે પરિસ્થિતિ નથી. જેનું સમાજમાં વર્ચસ્વ છે તેવો એક મત એવો છે કે ભારતે આર્થિક ક્ષેત્રમાં હરણફાળ ભરવી હોય તો ઉત્પાદન વધારવું જ પડે. તે વગર સ્વાવલંબી થઈ શકાય નહિ. આ માટે સિંચાઈની મોટી યોજનાઓ અનિવાર્ય છે. તેના વગર વધુ ઉત્પાદન શક્ય નથી. વિકાસની પ્રક્રિયામાં સમાજે કિંમત ચૂકવવી પડે જ. એના સિવાય બીજો કોઈ આરો નથી. પરિણામે આ મત ધરાવનારા યોજનાની નાની મોટી આડ અસરોથી વધુ ચિંતિત નથી. અન્ય એક જૂથ આવી મોટી સિંચાઈ યોજનાને 'તઘલખી' માને છે. તેમના મત પ્રમાણે આવી યોજનાઓની સમાજ પર જે વિપરીત અસરો પડે છે તે અંગે આપણે વિચારતા નથી. તેઓ આપણી ચાલીસ વર્ષની વિકાસની જે પ્રક્રિયા છે તેને પડકારે છે. આમાં મોટાં કારખાનાં, વધુ પડતું શહેરીકરણ, બંધો અને બિનજરૂરી વિદેશી ટેકનોલોજીનો ઉપયોગ આવી જાય. જ્યારે ત્રીજો મત, ઉપરના બન્ને મતોની વચ્ચેનો માર્ગ અપનાવે છે, જેઓ એવું માને છે કે ટેકનોલોજી મોતે ખરાબ છે તેવું નથી પણ તેનો ઉપયોગ કોણ કોના હિત માટે કરે છે અને કેવી રીતે કરે છે તે મહત્ત્વનું છે. ઉત્પાદનની જરૂર છે જ. પાણીનો વધુ ને વધુ આયોજનપૂર્વક ઉપયોગ થાય તે જરૂરી છે પણ તે સાથે આવી યોજનાઓનો આંખો મીંચીને સ્વીકાર થઈ શકે નહિ. છેલ્લાં ચાલીસ વર્ષનો અનુભવ બતાવે છે કે આપણી વિકાસની પ્રક્રિયાનો લાભ મુઠ્ઠીભર લોકોને થયો છે અને બહુજન સમાજને વધ્યું ઘટયું આડ અસર રૂપે મળ્યું છે. ગરીબો કંગાળ થતા ગયા છે. વળી મોટી યોજનાઓ પાછળ જે સ્થાપિત હિતો—(ધર–આંગણે અને વિદેશના ધનિકો, કોન્ટ્રાકટરો અને એન્જિનીયરો) છે તેનાથી સમાજને સરવાળે લાભ કરતાં નુકસાન વધુ છે.

ઉપરોક્ત દરેક મંતવ્યોમાં કેટલુંક તથ્ય છે અને કેટલીક ઊણપો પણ છે. આ મુદ્દાઓની ચર્ચા થાય તે તંદુરસ્ત વિકાસશીલ સમાજ માટે જરૂરી છે. પણ મોટી સિંચાઈ યોજના અંગેના વિવાદસ્પદ મુદ્દાઓમાં તત્કાળ પૂરતા ન પડીએ તોપણ પુનઃવસવાટનો પ્રશ્ન તાકીદનો, ગંભીર અને ચિંતા ઉપજાવનારો રહ્યો છે તે નિર્વિવાદ બાબત છે. ઉપરના ત્રણે મત ધરાવનારાઓ પણ હવે પુનઃવસવાટના પ્રશ્નને ગંભીરતાથી જોતા થયા છે તે શુભ નિશાની છે.

વિસ્થાપનનો પ્રશ્ન જોકે નવો નથી તેમ મોટી સિંચાઈ યોજનાઓ માટે વિશિષ્ટ છે એવું પણ નથી. પણ મુખ્યત્વે ત્રણ કારણોસર સિંચાઈ યોજનાના પુનઃવસવાટીઓનો પ્રશ્ન અમને તપાસવો જરૂરી લાગે છે.

એક, મોટી સિંચાઈ યોજનામાં લાખોની સંખ્યામાં વિસ્થાપન ફરજરૂપ બને છે. બે, વિસ્થાપન પામનારા

મોટાભાગના અસરગ્રસ્તો આદિવાસીઓ છે. જેઓ વર્ષોપૂર્વેથી બૃહદ સમાજના આર્થિક સામાજિક પ્રવાહો અને સંસ્થાઓથી વંચિત રહ્યા છે. ઐતિહાસિક કારણોસર આદિવાસીઓની જીવનપ્રણાલિ, ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓ, રીતિરિવાજો, પોશાક, લોકબોલી, જીવનનિર્વાહનાં સાધનો, પ્રકૃતિ સાથેના સંબંધો વગેરે આગવાં છે. આવા સમૂહોનો જ્યારે પુનઃવસવાટનો પ્રશ્ન ઉદ્ભવે ત્યારે પુનઃવસવાટની સમસ્યા અત્યંત નાજુક અને માનવીય સમસ્યા બની રહે છે. વળી, 'રાષ્ટ્રહિત'ના નામે આકાર લેતી આવી કેટલીક વિકાસ યોજનાના ફાયદાઓ સમાજના બહુજન પછાત સમૂહોના ભોગે લઘુમતી સંખ્યાના બિન-પછાત સમૂહો લઈ રહ્યા છે. વિકાસની આ મુજબની તરાહ સામે વિચારકોનું એક જૂથ ક્રોધે ભરાયું છે અને તેનો વિરોધ કરી રહ્યું છે. એટલું જ નહિ સૌથી મહત્ત્વની હકીકત એ છે કે અસરગ્રસ્ત જનસમૂહ પણ પોતાના હક્ક બાબતે જાગૃત બન્યો છે અને પોતાના હિતાનુસાર વ્યવહાર-વર્તન કરી જરૂર પડયે એક યા બીજા સ્વરૂપે વિરોધ પ્રદર્શિત કરી રહ્યો છે. તેવા સમયે વિસ્થાપિતોનો પુનઃવસવાટ યોગ્ય રીતે થાય તે જોવાની જવાબદારી આપણા જેવા કલ્યાણ રાજ્ય માટે અનેકગણી વધી જાય છે.

આમ, વ્યાવહારિક અને નીતિવિષયક બંને રીતે મોટી સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોના પુનઃવસવાટનો પ્રશ્ન તપાસવો અગત્યનો છે.

બ્રિટિશકાળમાં સિંચાઈ યોજનાઓ થકી વધુમાં વધુ 'નફો' કમાઈ લેવાની વૃત્તિ હતી. અને તેથી પુનઃ વસવાટ જેવી નાજુક અને માનવીય બાબતને બિનજરૂરી ખર્ચાળ માનીને તેના પ્રત્યે દુર્લક્ષ સેવાતું. આઝાદ ભારતમાં મોટી સિંચાઈ યોજનાના વિસ્થાપિતોના પુનઃવસવાટ અંગેના વિવિધ યોજનાઓના અનુભવો શું કહે છે? શું વિસ્થાપિતો નવા સ્થળે અર્થ-સામાજિક પરિવેશમાં ગોઠવાઈ શકે છે ખરાં? આદિવાસીઓના પોતાના પર્યાવરણ સાથેના સીધા, સુસંવાદી સંબંધો પર શી અસર થાય છે? અને આ અસરને કારણે નવા સ્થળે પુનઃસ્થાપનની પ્રક્રિયામાં કેવી કેવી સમસ્યાઓ ઊભી થાય છે? નવા સ્થળે એમનું અર્થ-સમાજિક જનજીવન સાહજિકપણે પાંગરતું રહે છે ખરું? નવાસ્થળે વિસ્થાપિતોની અસ્મિતા (identity)ના પ્રશ્નો ઉદ્ભવે છે ખરા? કેવા પ્રકારના પ્રશ્નોનો તેઓને સામનો કરવો પડે છે? તેઓને કેવી મુશ્કેલીઓ-અડચણો અનુભવવી પડે છે. વિસ્થાપિતોને ઊભા થતા પ્રશ્નો, મુશ્કેલીઓ, અડચણો કઈ રીતે દૂર (અથવા ઓછી) કરી શકાય? બીજા શબ્દોમાં વિવિધ યોજનાના અનુભવોના અંતે પુનઃ વસવાટની નીતિ-કાર્યક્રમોને સુદૃઢ કરવા માટે શું કરી શકાય?

આવા કેટલાક પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને અમે ભારતની મોટી સિંચાઈ યોજનાના કેટલાક અનુભવજન્ય અભ્યાસો સંપાદિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ અભ્યાસોને સમયના સંદર્ભમાં જોવા જોઈએ. ભાખરા નંગલ કે કોયના યોજનાથી નર્મદા યોજના વચ્ચે સમયનું અંતર છે તે સાથે પુનઃવસવાટનાં પ્રશ્નને જોવાની અને ઉકેલવાની આપણી દૃષ્ટિ બદલાઈ છે. પુનઃવસવાટ અંગે જોકે હજુ કોઈ રાષ્ટ્રીય નીતિ નક્કી થઈ નથી જેની તાતી જરૂર છે; પરંતુ વિસ્થાપિતો તરફનો સત્તાવાળાઓનો અભિગમ બદલાયો જરૂર છે. વિસ્થાપિતોને જમીનને બદલે જમીન મળે, તેમની જમીનમાં સારી ખેતી થાય, તેમને રહેવા માટે ઘર મળે વગેરે બાબતોનો સૈદ્ધાંતિક સ્વીકાર થયો છે. જોકે તેનાથી પ્રશ્નો પૂરા થતા નથી તે જુદી વાત છે. આ વિસ્થાપિતોનો સારી રીતે પુનઃવસવાટ થાય તે માટે ભૂતકાળના અનુભવો કામ લાગે તેવી દૃષ્ટિથી અને કોયના બંધ જેવી પૂર્વેની યોજનાનો સ્વ. પ્રોફેસર ઈરાવતી કર્વેનો લેખ આ આપ્યો છે. આ લેખ આપવાનો ઉદ્દેશ વિતંડાવાદ ઊભો કરવાનો નથી પણ ક્યાં ક્યાં પગલાં લઈ શકાય તે અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની દિશામાં આગળ વધાય તે માટેનો છે. વાસ્તવિકતાની પિછાણ અને તર્કબદ્ધ

સિંધભુમના મૂળ નિવાસી લોકો ઉપર સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેકટની અસર

મેથ્યુ એરપલ્લી

પ્રસ્તુત અભ્યાસ બે ભાગમાં વિભાજિત છે. પહેલા ભાગમાં અમે સિંધભુમમાં આકાર લઈ રહેલી વિકાસની પ્રક્રિયાને તપાસી છે. આ સિંધભુમ ખનિજો અને જંગલોથી ખૂબ સમૃદ્ધ છે. આ વિકાસની સામે ત્યાં વસનારા લોકોની સ્થિતિને તપાસવાનો પણ અમે ઉપક્રમ રાખ્યો છે. બીજા ભાગમાં સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેકટના સિંધભુમના લોકો ઉપરના ચોક્કસ પ્રકારની અસરની આલોચનાત્મક છણાવટ કરી છે.

સિંધભુમ જિલ્લો બિહાર રાજ્યના છોટા નાગપુર વિભાગના દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલો છે. સુવર્ણ-રેખા નદીનું મૂળ રાંચી જિલ્લામાં છે, જે રાંચી શહેર-થી પશ્ચિમમાં દસ માઈલ દૂર આવેલું છે. ઉત્તર-પશ્ચિમમાંથી એ સિંધભુમમાં પ્રવેશે છે અને ઢાલભુમ સબ ડિવિઝનમાંથી જિલ્લાના દક્ષિણ-પૂર્વ ભાગના છેડાના ભાગને છોડીને લગભગ ૭૦ માઈલ જેટલી વહે છે. આ નદી બિહાર પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા-માંથી પસાર થઈને ૫૦૦ કિલોમીટર જેટલું દોડે છે અને બાલાસોરના પૂર્વ ભાગમાં બંગાળના ઉપસાગર-માં વિલીન થાય છે.

આખો સિંધભુમ જિલ્લો અને ખાસ કરીને સુવર્ણરેખાનો તટપ્રદેશ આખા દેશમાં એમાં રહેલા વિશાળ ખનિજોને કારણે એક ઘણો અગત્યનો વિસ્તાર છે. સિંધભુમની લોખંડની કાચી ધાતુ માટેની કોલ્હન પર્વતમાળાઓ આખી દુનિયાનો એક સૌથી વધુ સમૃદ્ધ એવો લોખંડનો પટો છે. કોલસા વગરની મોટા ભાગની ધાતુઓ અહીં પ્રાપ્ય છે. આ વિભાગની નોંધપાત્ર ધાતુઓ આ પ્રમાણે છે: લોખંડ, તાંબું, કયાનાઇટ, મેંગેનીઝ, યુરેનિયમ, ક્રોમાઈટ, એસ્બેસ્ટોસ, એપેટાઈટ, ઓહીનાન્ડલે, સોનું, ચૂનો.

સિંધભુમ જિલ્લો વનોની બાબતમાં ઘણો સમૃદ્ધ છે. એશિયાનાં કેટલાંક ઉત્તમ સાલવનો સિંધભુમના કોલ્હન વિસ્તારમાં આવેલાં છે. ૧૯૭૬–૭૭ના વર્ષ દરમ્યાન સિંધભુમમાંનું વનમહેસૂલ ૩૦ લાખ રૂપિયા કરતાં વધારે હતું. બિહારમાંથી પ્રાપ્ત થતા કુલ વનમહેસૂલના એ ૨૨ ટકા થાય.

આ જિલ્લાની સંપત્તિના ઉપયોગ માટેની વિકાસની પ્રવૃત્તિઓ બહુ ઝડપી ગતિએ થઈ રહી છે; દેશમાં એવા બહુ ઓછા જિલ્લાઓ છે જે સિંધભુમની ઝડપે વિકસી રહ્યા હોય. પરંતુ અગત્યનો પ્રશ્ન એ છે કે સિંધભુમમાં જે પ્રકારનો વિકાસ થઈ રહ્યો છે તેમાંથી લાભ કોને થઈ રહ્યો છે? આ પ્રશ્નનો વિચાર કરતાં પહેલાં આ જિલ્લામાં રહેતા લોકો ઉપર એક નજર નાખી લઈએ.

સદીઓથી સિંધભુમ હોસ, સંથાલ, મુંડા, ભુમીજ ગોંડ, તુરી, ઓરાઓન્સ, ખરવર, ખારીયા, બાથુડી, બિરહોર, સવર, બોડિયા, કોરા, લોહારા, મહાલી, તામરિયા, બાઉરી, ડોમ, ઘાસી. પાન, કમર, કુમહર, કુર્મી વગેરે આદિવાસી જાતિઓની ગૃહભુમિ રહ્યો છે. આ લોકો સિંધભુમના મૂળ નિવાસી લોકો છે. સિંધભુમના આ મૂળ નિવાસી સમૂહો પૈકી હોસ, સંથાલ, મુંડા અને ભુમીજ મોટી સંખ્યામાં છે. આ મૂળ નિવાસી લોકોનો ઇતિહાસ શોષણકર્તાઓ (બ્રિટિશરો અને બીજાઓ) સામેની લડતોનો ઇતિહાસ છે. આ લોકોને તેઓ તિરસ્કારમાં 'ડિકુ' કહેતા. આ 'ડિકુઓ' અથવા બહાર-

નાઓ ધીમે ધીમે તેમના વિસ્તારમાં તેમની સંપત્તિના ઉપયોગ માટે પ્રવેશ્યા અને તેઓને સાવ પ્રભુત્વવિહોણી સ્થિતિમાં લાવી દીધા.

છેલ્લાં ૫૦ વર્ષોમાં સિંધભુમ ખાતે બહારનાઓના આ ધસારામાં ખૂબ જ વધારો થયો છે. આનો પુરાવો સિંધભુમની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પ્રમાણમાં થતા ગયેલા ઘટાડામાં જોવા મળે છે.

કોઠો–૧ : સિંધભુમની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું પ્રમાણ (૧૯૩૧ થી ૧૯૮૧)

વર્ષ	એસ.સી.	એસ.ટી.	એસ.સી. +એસ.ટી.
૧૯૩૧	૪.૬૬	૫૪.૦૮	૫૮.૫૪
૧૯૪૧	૫.૦૪	૫૨.૯૯	૫૮.૦૯
૧૯૫૧	૪.૧૯	૪૪.૯૪	૪૯.૧૩
૧૯૬૧	૨.૯૨	૪૭.૩૧	૫૦.૨૩
૧૯૭૧	૩.૬૦	૪૬.૧૨	૪૯.૭૨
૧૯૮૧	૪.૭૯	૪૪.૦૮	૪૮.૮૭

કોઠો દર્શાવે છે કે સિંધભુમની કુલ વસ્તીમાં અનુસૂચિત જાત અને અનુસૂચિત જનજાતિના લોકોનું પ્રમાણ ઓછું થયું છે. આ પ્રમાણ ૧૯૩૧માં ૫૮.૫૪ ટકા હતું જે ૧૯૮૧માં ૪૮.૮૭ ટકા થયું છે. ફક્ત અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ૧૯૩૧ના ૫૪.૦૮ ટકા પરથી ઘટીને ૧૯૮૧માં ૪૪.૦૮ થઈ ગયું છે. નીચે આપેલા આંકડાઓ સિંધભુમમાં આ બહારનાઓમાં થયેલા વધારાનું વિશેષ સૂચન કરે છે જ્યાં સદીના પલટા સાથે જમશેદપુરની સ્થાપનાને કારણે ઔદ્યોગીકરણની શરૂઆત થઈ. સિંધભુમના ગેઝેટિયર મુજબ સેટલમેન્ટના સમયે ૧૮૬૭માં કોલ્હાનમાં ૧૫૬૯ વિદેશી ખેડૂતો હતા પરંતુ ૧૮૯૭ સુધીમાં તેમની સંખ્યા દસ ગણી વધીને ૧૫,૭૫૫ થઈ. (રાયચૌધરી, ૧૯૫૮ : ૩૫૯)

૧૯૫૧માં છોટા નાગપુર વિસ્તાર બહારના ૧,૯૬,૧૦૬ માણસો સિંધભુમમાં રહેતા હતા. (આમાં ૧૯૫૪ અને ૧૯૫૬માં સમાવાયેલા વિસ્તારોનો સમાવેશ થતો નથી) ૧૯૬૧માં એમની સંખ્યા ૨,૫૫,૦૦૦ જેટલી વધી. ૧૯૭૧માં છોટા નાગપુર વિસ્તારની બહાર જન્મેલા ૩,૧૦,૨૫૩ માણસો સિંધભુમમાં વસતા હતા, જિલ્લાની કુલ વસ્તીના એ ૧૨.૭૩ ટકા થતા હતા.

સિંધભુમનો વિકાસ

સિંધભુમમાં શહેરીકરણનો ચમત્કારિક કહેવાય એવો વિકાસ થયો છે અને બિહારમાં શહેરી વસ્તીનું એ સૌથી મોટું પ્રમાણ ધરાવે છે. ૧૯૩૧માં સિંધભુમ જિલ્લામાં ૪ નગરો હતાં તે ૧૯૮૧માં ૨૪ થયાં. આમ છતાં સિંધભુમની કુલ ૬,૩૯,૭૬૪ની શહેરી વસ્તીમાં ફક્ત ૧૬.૨ ટકા જ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હતા જ્યારે આખા જિલ્લાની વસ્તીમાં આ જાતિઓનું પ્રમાણ ૫૦ ટકા જેટલું હતું. વળી આ ૧૬.૨ ટકા વસ્તીના મોટા ભાગના લોકો શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા હતા.

સિંધભુમના જુદી જુદી કક્ષાનાં ઔદ્યોગિક કામોમાં રોકાયેલા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કામદારો પર નજર નાખતાં જોવા મળે છે કે તેઓ સિંધભુમની કુલ વસ્તીના ૫૦ ટકા હોવા છતાં તેમ જ કામ કરનારા કુલ માણસોમાં તેમનું પ્રમાણ ૫૪.૨ ટકા જેટલું હોવા છતાં જિલ્લાના વિકાસમાંથી ઊભા થતા લાભો મેળવવામાં તેઓનું પ્રમાણ સૌથી ઓછું છે.

આ કોઠો તે દર્શાવે છે કે સિંધભુમમાં જુદા જુદા ઉદ્યોગોમાં રોકાયેલા કુલ કામદારોમાં એસ.સી. અને એસ.ટી. કામદારોનું પ્રમાણ ફક્ત ૨૪.૪ ટકા જ છે. સિંધભુમના શહેરી વિભાગમાં જુદી જુદી ઔદ્યોગિક કક્ષામાં રોકાયેલા કામદારો પૈકી એસ.સી. અને એસ.ટી.નું પ્રમાણ ૧૫.૯ ટકા છે. વધારે અગત્યની હકીકત એ છે કે તેઓમાંના મોટા ભાગના બિનકુશળ કામદારોની ઓછામાં ઓછા વેતનવાળી કક્ષામાં કામ કરે છે. આ ઉદ્યોગોમાં તેઓ 'રેજા' અને 'કુલી' તરીકે

અર્થાત્

કોઠો–૨ : સિંઘભુમમાં રોકાયેલા અનુસૂચિત જાતિ અને જનજાતિના માણસો

ઉદ્યોગ	કુલ કામદારો	એસ.સી.	એસ.ટી	એસ.સી. + એ.ટી.	એસ.સી.+એસ.ટી. ની ટકાવારી
૧ ખાણ અને ક્વારી	૧૯,૨૨૬	૧,૩૧૬	૬,૬૨૩	૭,૯૯૯	૪૧.૬૦
૨ ગૃહ ઉદ્યોગ	૨૦,૦૩૬	૩,૧૪૩	૫,૪૪૯	૮,૫૯૨	૪૨.૯૦
૩ ગૃહઉદ્યોગ સિવાયનો ઉદ્યોગ	૯૫,૮૫૧	૩,૯૫૨	૧૪,૩૩૧	૧૮,૨૮૩	૧૯.૯૦
૪ બાંધકામ	૭,૩૭૯	૩૦૪	૨,૧૦૮	૨,૪૧૨	૩૨.૭૦
૫ વેપાર અને વાણિજ્ય	૨૮,૩૭૭	૪૯૧	૧,૧૯૪	૧,૬૭૫	૫.૯૦
૬ વાહન વ્યવહાર	૨૫,૨૯૪	૧,૩૦૯	૫,૧૬૮	૬,૪૭૭	૨૫.૬૦
૭ અન્ય સેવાઓ	૪૭,૩૯૦	૩,૮૨૮	૧૦,૦૮૯	૧૩,૦૧૭	૨૯.૪૦
કુલ	૨,૪૩,૫૫૩	—	—	૫૯,૩૫૫	૨૪.૪૦
કુલ કામદારો (ખેતીવાડી સહિત)	૮,૦૯,૧૭૦	૩૦,૭૦૩	૪,૦૭,૮૩૩	૪,૩૮,૫૩૬	૫૪.૨૦

કામ કરે છે. બહારથી આવેલા જેઓ સિંઘભુમની કુલ વસતીના ૧૩ થી ૧૫ ટકા જ છે તેઓએ જ છેલ્લા કેટલાક દસકાઓમાં વિકાસની મોટા પાયા પરની પ્રવૃત્તિઓમાંથી ઊભી થયેલી કામ મેળવવાની તકોને પચાવી પાડી છે.

સિંઘભુમના ફક્ત કોલ્હન વિસ્તારમાં જ ૨૫૦ કરતાં વધારે ખાણો છે. આમાંની મોટા ભાગની ખાણોનું સંચાલન છોટા નાગપુરના વિસ્તાર બહારથી આવેલા કોન્ટ્રાકટરો કરે છે. મોટા ભાગના કિસ્સાઓમાં તેઓ આદિવાસી પ્રજાને તેમની ખેતીની જમીન ઉપરથી દૂર કરીને એ જમીન ગેરકાયદેસર રીતે ખાણના હેતુ માટે મેળવે છે. તેઓ, આદિવાસીઓની પૂજાની તેમ જ અંતિમ સંસ્કારની જગ્યાઓનો નાશ કરે છે. કેટલીક વાર વળતર તરીકે નાની રકમ આપે છે અને મોટે ભાગે સ્થાનિક પોલીસો અને ગુંડાઓની મદદથી ખાણનું કામ ચાલુ કરે છે. મૂળ માલિકોને રેજા અને કુલી તરીકે કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. પોતાની જ જમીન ઉપર તેઓને ભૂખે મરવા જેટલું વેતન ચૂકવાય છે. અવ્યવસ્થિતપણે અને ગેરકાયદે થયેલા ખાણકામથી સિંઘભુમમાં આદિવાસીઓની ખેતીની જમીનનો મોટા ભાગનો વિસ્તાર ખોદાઈ જઈ નકામો થઈ ગયો છે. પરિસ્થિતિની વક્રતા એ છે કે ખાણકામ માટે બળજબરીપૂર્વક છીનવી લેવાયેલી આ જમીન ઉપર માલગુજારી—જમીન પરનો કર—આ ગરીબ રૈયતે ભરવો પડે છે.

મૂળ નિવાસી લોકોને તેમની જમીનથી અળગા પાડવા એ તેમને જીવન આપનાર મૂળથી અળગા કરવા બરાબર છે. પરંતુ વિકાસ અને ઔદ્યોગીકરણ દ્વારા તેઓમાંના મોટા ભાગનાઓને તેમની જમીનની માલિકીમાંથી ગેરકાયદે દૂર કરવામા આવ્યા છે. તેઓમાંના ઘણાને ઉત્તર બિહાર, પશ્ચિમ બંગાળ, યુ.પી., પંજાબ અને અન્ય જગ્યાઓના ઈંટના ભઠ્ઠાઓમાં અને પથ્થરની ખાણોમાં કોન્ટ્રાકટ મજૂરો કે બંધવા મજૂરો તરીકે કામ કરવાની ફરજ પાડવામાં આવી છે. ખાણમાંની સમૃદ્ધિ લૂંટી લીધા પછી સિંઘભુમની ભૂમિમાં ઠેરઠેર પડેલા ખાડાઓ આ ભૂમિના લોકોના ભાગ્યની પરિસ્થિતિને પ્રતીકાત્મક રીતે દર્શાવે છે.

સિંઘભુમમાં જંગલ અંગેની નીતિ અને તેના અમલ અંગેનું આલોચનાત્મક પૃથક્કરણ દર્શાવે છે કે બ્રિટિશ શાસન વખતે અને તે પછી આ નીતિનુ મુખ્ય લક્ષણ એ રહ્યું છે કે ત્યાંના મૂળનિવાસીઓના ભોગે રાજ્યની ઇજારાશાહી જંગલો ઉપર ભરડો

લેતી રહી છે. ૧૮૯૪ અને ૧૯૫૨ના જંગલ અંગેની નીતિના નિવેદનમાં 'રાષ્ટ્રીય હિત' ને નામે આ વાતને કાયદેસર બનાવાઈ છે. મૂળનિવાસીઓનો હક છીનવી લેવા અને તેમનામાં પ્રગટેલા અસંતોષને દબાવી દેવા 'રાષ્ટ્રીય હિત'ના આદર્શનો વર્ચસ્વ ધરાવતા વર્ગોએ મુખ્ય શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો છે. 'રાષ્ટ્રીય હિત' વર્ચસ્વ ધરાવતા વર્ગના હિત માટેની ચાટૂક્તિ છે, જેઓ દરેક વસ્તુનું પોતાના લાભ માટે નિયંત્રણ કરે છે.

પ્રગતિશીલતાના દાવા હેઠળ રાજ્યની ઈજારાશાહી જંગલોના વિશાળ વિસ્તાર પર વ્યાપી વળે છે. આને પરિણામે એ ભૂમિના મૂળ લોકોએ એ વિસ્તારનો કબજો છોડવો પડ્યો છે અને એ ભૂમિમાંથી તેમનાં મૂળ ઊખડી ગયાં છે. તેમની જીવન ટકાવનારી પદ્ધતિમાંથી પણ આને લીધે તેઓ દૂર થઈ ગયા છે. વળી જંગલવિષયક ઘણી યોજનાઓ શરૂ કરવામાં આવી જેણે જંગલની લાક્ષણિકતા જ એવી રીતે બદલી નાખી કે એમાં કેવળ વેપારી હિત જ સધાયું અને મૂળ નિવાસીઓને કોઈ લાભ થયો નહિ. મિશ્ર પ્રકારનાં વૃક્ષોવાળાં જંગલો જેના ઉપર તેઓ તેમના ગુજરાન માટે આધાર રાખતા હતા તે કાપી નાખવામાં આવ્યાં અથવા આવાં વૃક્ષોની જગ્યાએ સાગનાં કે યુકેલિપ્ટસના વેપારી હેતુ સિદ્ધ કરતાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં. વિશાળ પાયા પરના જંગલોના વ્યાપારીકરણે એ ભૂમિના લોકોનો કેવળ રોટલો જ ઝૂંટવ્યો નથી પણ એ વિસ્તારની ઈકોલોજીને પણ અવળી અસર કરી.

ટૂંકમાં સિંઘભુમમાં જે જોવા મળે છે તે એક બાજુએ કેટલાક ધનવાન લોકોની ઉઘાડી લૂંટ છે તો બીજી બાજુએ બહુમતી લોકોની ભૂખમરાની સ્થિતિ છે. ધનવાન શોષણકર્તાઓ ભૂમિનાં મૂળ લોકોની કેવળ સમૃદ્ધિ જ લૂંટી નથી લેતા, તેમની સાથે તિરસ્કારપૂર્ણ રીતે વર્તે પણ છે. તેઓને ભૂમિના મૂળ લોકોની ભાષા અને સંસ્કૃતિ માટે માન નથી. શાંતિપ્રિય એવા આ લોકોમાં ધનવાનો તેમનાં યંત્રો વડે વિભાગીકરણ અને તાણ સર્જે છે. તેઓ એ વિસ્તારના આદિવાસીઓ અને બિન-આદિવાસીઓ વચ્ચે જાતિવાદી તિરસ્કાર ફેલાવે છે. સ્થાપિત હિતો અને જાતિવાદી બળોએ ભૂમિના લોકોની એકતાને તોડવા, તેમને નબળા પાડવા હાથમાં હાથ મિલાવ્યા છે. જમશેદપુર, છઈબાસા, ચક્રધરપુર જેવાં નગરો જાતિવાદી તનાવના વિસ્તાર બની ગયા છે.

આ વિસ્તારની સુવ્યવસ્થિત લૂંટનું પરિણામ સંપૂર્ણ કંગાલિયતમાં આવ્યું છે. દેખીતી રીતે ગામડાંના વાસીઓના કલ્યાણ માટે કશું જ કરવામાં આવ્યું નથી. રસ્તાની સુવિધા ન હોવાને કારણે ઘણાં ગામડાંઓ અલગ પડી ગયેલાં અને ન પહોંચી શકાય એવી સ્થિતિમાં છે. ઘણા વિસ્તારમાં શાળાઓ માત્ર કાગળ ઉપર અસ્તિત્વ ધરાવે છે. આવું જ દાક્તરી સારવારનું છે. પરિણામે ગ્રામજનો તેમને પ્રાપ્ત એવી ભગતભૂવાઓની સેવાઓનો જ લાભ લે છે. આજીવિકા માટેનું આ ગરીબ લોકોનું એક માત્ર સાધન ખેતી છે. વારંવાર ચોમાસુ નિષ્ફળ જવાને કારણે આ સ્રોતમાંની આવક પણ ખૂબ જ ઓછી છે. આને કારણે ઘણાએ તેમની જમીન ધનવાન ગ્રામવાસીઓ પાસે ગીરવે મૂકી છે, મોટા ભાગનાઓએ ખાણના કોન્ટ્રાકટરોના હાથે તે ગુમાવી છે અને તેઓ ઈંટના ભઠ્ઠામાં મજૂરીનું કામ કરે છે.

આમ સિંઘભુમ ઔદ્યોગીકરણ, ખાણ ઉદ્યોગ, જંગલોનું વ્યાપારીકરણ વગેરે પ્રક્રિયાને કારણે ખૂબ ઝડપી ગતિએ પ્રગતિ કરી રહેલો જિલ્લો છે. પરંતુ એના મૂળ નિવાસીઓનો સમાવેશ આખા દેશના ખૂબ જ અણવિકસિત એવા સમૂહમાં થાય છે.

બ્રિટિશ શાસન સમયના અને મૂડીવાદી એવા આ વિસ્તારની સમૃદ્ધિના શોષણના સમગ્ર સંદર્ભમાં આપણે લાખો રૂપિયાના સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટની સિંઘભુમના મૂળ લોકો ઉપરની અસરને જોવાની રહે છે.

સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટ

સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટનો પ્રથમ મુસદ્દો રૂ. ૧૨૯ કરોડના અંદાજિત ખર્ચવાળો તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ બે મુખ્ય બંધો, બે ઉપબંધો અને સાત નહેરોને બાંધકામ માટે મંજૂરી આપવામાં આવી. ચંડીલનો એક બંધ અને ગુલડીહ પરનો એક ઉપબંધ સુવર્ણરેખા નદી ઉપર છે. જઈબાસા નજીકનો ઈછાનો એક બંધ, આદિત્યપુર નજીકનો ગાંજિયાનો ઉપબંધ ખડકી નદી ઉપર છે, જે સુવર્ણરેખાની ઉપનદી છે. સાત નહેરોની કુલ લંબાઈ ૩૪૨ કિલોમીટર છે. પ્રોજેક્ટના ખર્ચમાં ઘણો વધારો થયો છે. ૧૯૭૬ના ૩૫૭ કરોડ રૂપિયાથી વધીને ૧૯૮૧–૮૨માં એ ૪૮૦.૯ કરોડ રૂપિયા થયો છે. હવે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે ૧૯૯૪–૯૫માં જ્યારે આ પ્રોજેક્ટ પૂરો થવાની આશા છે ત્યારે પ્રોજેક્ટનો આખરી ખર્ચ ૧૦૦૫ કરોડ રૂપિયા થશે. પ્રોજેક્ટને વિશ્વબેંકની સહાય પ્રાપ્ત થઈ છે.

બિહાર સરકારના સિંચાઈ ખાતાના સરકારી હેવાલ મુજબ એસ.એન.પી.ના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે:

(૧) બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના ખેતીલાયક વિસ્તારની ૨,૫૫,૦૦૦ હેક્ટર જમીનને નહેરનું પાણી પહોંચતું કરવું.

(૨) બિહારના મુખ્યત્વે સિંઘભુમ જિલ્લાના ઔદ્યોગિક અને નગરપાલિકાના ઉપયોગ માટે પાણી પૂરું પાડવું.

(૩) ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં પૂરથી થતું નુકસાન ઓછું કરવું. (બિહાર સરકાર, ૧૯૮૩)

આ હેવાલમાં એવું પણ જણાવાયું છે કે લગભગ ૧૦ મેગાવોટની વીજળીશક્તિ પેદા કરતું હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર સ્ટેશન પણ તૈયાર થઈ શકશે જે સુવર્ણરેખાની ડાબા કાંઠાની નહેર ઉપર ચંડીલ બંધ ઉપર તૈયાર થશે. આમ છતાં હાલના પ્રોજેક્ટમાં આવી કોઈ યોજનાનો સમાવેશ થતો નથી.

એસ.એન.પી. એ બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળની સરકારનું સંયુક્ત સાહસ છે. એમાં બિહારની ૧,૬૦,૦૦૦ હેક્ટર જમીનને (બધીજ સિંઘભુમમાં) ઓરિસ્સાની ૯૦,૦૦૦ હેક્ટર જમીનને અને પશ્ચિમબંગાળની ૫,૦૦૦ હેક્ટર જમીનને નહેરનું પાણી પૂરું પાડવાનું આયોજન છે.

એસ.એન.પી.ના જાહેર થયેલા ઉદ્દેશોની આલોચના

હવે આપણે જાહેર થયેલા ઉપરોક્ત ઉદ્દેશોને આલોચનાત્મક દૃષ્ટિથી તપાસીએ અને જોઈએ કે એસ.એન.પી.ની રચના પાછળ ખરો હેતુ કયો છે.

એસ.એન.પી.નો મુખ્ય હેતુ હેવાલમાં જણાવ્યા મુજબ સિંચાઈની સગવડ પૂરી પાડવાનો છે. એ વાત સાચી છે કે આ જિલ્લામાં સિંચાઈની સગવડવાળો વિસ્તાર નહિવત્ છે. ખેતી લાયક જમીનના એ ફક્ત ૩.૫ ટકા જ છે. આદિવાસીઓના ખેતીવિષયક અર્થતંત્રની આ નબળી બાજુનો સ્થાપિત હિતો મોટી સંખ્યામાં સાચી અને બનાવટી સિંચાઈ યોજનાઓ ઘડી કાઢીને લાભ ઉઠાવી રહ્યા છે. આ યોજનાના પડછાયા હેઠળ લોકોના જાહેર નાણાંની લૂટ થઈ રહી છે.

બિહારના આદિવાસી વિસ્તારોમાં ઘણાં ખાતાંઓ અને યોજનાઓને ટકી રહેવા માટેનો આજે એકમાત્ર બચાવ તે આ સિંચાઈ છે. દા.ત. ઈરીગેશન ડીપાર્ટમેન્ટ, વોટરવેઝ ડીપાર્ટમેન્ટ, માઈનર ઈરીગેશન ડીપાર્ટમેન્ટ, બિહાર હિલ એરિયા લિફ્ટ ઈરીગેશન કોર્પોરેશન, જુદા જુદા મલ્ટી પરપઝ ડેમ પ્રોજેક્ટસ વગેરે. માત્ર સિંઘભુમ જિલ્લામાં જ પાંચ ડિવિઝન સાથે માઈનર ઈરીગેશન ડીપાર્ટમેન્ટ એક મોટું એસ્ટાબ્લીશમેન્ટ ધરાવે છે. પરંતુ હાલમાં જ જિલ્લાના ડેપ્યુટી કમિશ્નરે એક મુલાકાતમાં જણાવ્યું છે તેમ (જુઓ ૨૮ ઓગસ્ટ, ૧૯૮૮નું 'અમૃત બઝાર પત્રિકા') સિંચાઈ સગવડ પૂરી પાડવાની એની કામગીરી એટલી

બધી નબળી છે કે આવા મોટા એસ્ટાબ્લીશમેન્ટને ન્યાયી ઠેરવી ન શકાય.

આ ખાતાંઓ અને યોજનાઓના નામે આ આદિવાસી વિસ્તારમાં એ વિસ્તાર બહારના કર્મચારીઓ, અધિકારીઓ, કોન્ટ્રાકટરો, તેમના કામદારો વગેરેનું અક્ષરશઃ પૂર આવ્યું છે. કરોડો રૂપિયાનું જાહેર નાણું મુખ્ય, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓના બાંધકામ, નિભાવ અને નિરીક્ષણના નામે ખર્ચાય છે. આ જુદાં જુદાં ખાતાંઓ ઉપરાંત ડેવલપમેન્ટ બ્લોક્સ પણ પહોળા કૂવા બાંધવા જેવા ઘણા સિંચાઈ પ્રોજેક્ટસ હાથ પર લે છે. આ કામ એવી અવૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે કે એમાંના મોટા ભાગના કેવળ નકામા જ નથી થઈ જતા પણ માણસનાં અને પ્રાણીઓનાં જીવન માટે અડચણરૂપ પણ બને છે.

આધારભૂત સ્રોતોના જણાવ્યા મુજબ સિંઘભુમમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં સિંચાઈ યોજનાઓને નામે ૫૦ કરોડ કરતાં વધારે રૂપિયા વેડફાઈ ચૂક્યા છે. ઉપરાંત આ ભૂમિના મૂળ નિવાસીઓની માલિકીની હજારો એકર સારી ખેતીલાયક જમીન આ યોજનાઓના કારણે ઉજ્જડ બની ગઈ છે. એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે એક એક એકર જમીન ઉપર સિંચાઈ દ્વારા પાણી પૂરું પાડવા રૂપિયા ૮ લાખનો ખર્ચ થયો છે. હકીકતમાં ડિસ્ટ્રિક્ટ સેન્સસ હેન્ડબુકમાં આપવામાં આવેલા આંકડા મુજબ આખા સિંઘભુમ જિલ્લામાં સિંચાઈ હેઠળના કુલ વિસ્તારમાં ઘટાડો થયો છે. ૧૯૪૧માં સિંચાઈ હેઠળનો કુલ વિસ્તાર ૧,૦૨,૨૪૪ એકર હતો તે ૧૯૮૦-૮૧માં ૫૮,૫૩૦ થઈ ગયો. ૪૩ ટકા ઓછો થયો.

નહેરોના નેટવર્ક દ્વારા એસ.એમ.પી. આદિવાસી વિસ્તારની જમીનની સિંચાઈ કરવાનો ઇરાદો રાખે છે. ભૂતકાળના અનુભવોએ બતાવ્યું છે કે આ વિસ્તાર માટે નહેરો દ્વારા સિંચાઈનું કામ અનુકૂળ આવે એવું નથી કારણ આ વિસ્તાર ઢોળાવવાળો અને ઊંચોનીચો છે. આ ઉપરાંત આદિવાસી ખેડૂતોની ગરીબી તેમજ વિશિષ્ટ પ્રકારના ભાગલાને પરિણામે ટુકડામાં વિભાજિત થઈ ગયેલી તેમની જમીનને કારણે નહેરમાંથી પાણી મેળવવા પંપ વગેરે ગોઠવવા નાણાં રોકવાનું તેમને આર્થિક રીતે પોષાય તેમ નથી.

એસ.એમ.પી. દ્વારા નહેર વડે સિંચાઈના કાર્યમાં રોરો કેનાલ ઈરીગેશન યોજના જેવી દશા થવાની છે. આ પ્રોજેક્ટના બહાના હેઠળ આદિવાસીઓ જેની માલિકી ધરાવતા હતા એવી સારી ખેતીલાયક જમીનથી પ્રોજેક્ટના અધિકારીઓ દ્વારા નહેરની બંને બાજુએ મેળવવામાં આવી હતી. વધારાની જમીન અધિકારીઓના મિત્રોને કેટલાંક વર્ષો માટે લોન પર આપવામાં આવી. હમણાં તેનો ઉપયોગ બિનઆદિવાસી એવા અધિકારીઓ અને કર્મચારીઓ માટે કોલોની બાંધવામાં થઈ રહ્યો છે. નહેરની બંને બાજુએ મોટી દીવાલો બનાવવામાં આવી છે. આને પરિણામે નહેરમાંથી સિંચાઈ અથવા બીજા હેતુ માટે પાણી મેળવવાનું આદિવાસીઓ માટે અશક્ય બન્યું છે. હવે જમીનવિહોણા બની ગયેલા કેટલાક આદિવાસી ખેડૂતો છઈબાસાના બજારમાં કુલી બની ગયા છે. રાક્ષસી નાણાંખર્ચ પછી એસ.એમ.પી. રોરો યોજનાની મોટા કદની આવૃત્તિ બની રહેશે. સિંઘભુમના મૂળ નિવાસીઓ સાથેની આ મોટામાં મોટી છેતરપિંડી છે.

એસ.એમ.પી.નો બીજો જાહેર થયેલો ઉદ્દેશ પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં પૂરનિયંત્રણનો છે. પરંતુ એક વિસ્તારમાં પૂરનું નિયંત્રણ કરવા માટે બીજા વિસ્તારમા પૂર લાવવાનું કામ ચોલને નાણાં ચૂકવવા માટે પીટરને લૂંટવા જેવું છે. આ મોટા પાયા પરનો અપવ્યય છે અને વિકાસ તો બિલકુલ નથી.

એસ.એમ.પી ના બાંધકામ પાછળનો સાચો હેતુ સિંચાઈ અને પૂરનિયંત્રણનો નથી પરંતુ વસાહતવાદ અને મૂડીવાદના વિસ્તૃતીકરણ અને દૃઢીકરણ દ્વારા આ વિસ્તારમાં વસનારાઓનું શોષણ કરવાનો છે. ૧૯૦૭માં જમશેદપુર ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની-

ની સ્થાપના સાથે ઝડપી ઔદ્યોગીકરણ અને શહેરી કરણની પ્રક્રિયા દ્વારા આ વિસ્તારની સમૃદ્ધિનો લાભ લેવાની પ્રવૃત્તિનો આરંભ થયો. હાલમાં આ વિસ્તારમાં બે મુખ્ય ઔદ્યોગિક ઝોન છે. સુવર્ણરેખાના તટ પ્રદેશમાં આવેલા ઢાલભુમ ઔદ્યોગિક ઝોનમાં જમશેદપુર અને એની જોડાજોડ વસેલાં આદિત્યપુર અને કંદરા, માઉભંડાર, મોસાબોની, જાદુગોરા, ચાકુલિયા અને ચટશિલા જેવાં ઔદ્યોગિક કેન્દ્રો આવેલાં છે. મોટા ભાગના ખનિજ આધારિત ઉદ્યોગો આ ઝોનમા સ્થપાયેલા છે. નજીકના ભવિષ્યમાં આ વિસ્તાર ઉદ્યોગોના વધુ ઝડપી વિસ્તૃતીકરણનો અવશ્ય સાક્ષી બનનાર છે. બીજો મુખ્ય ઔદ્યોગિક ઝોન દક્ષિણ સિંઘભુમનો છે જ્યાં મોટા ભાગના ખાણઉદ્યોગો કેન્દ્રિત થયેલા છે. આ ઝોનનાં મુખ્ય કેન્દ્રો નોઆમુન્ડી, જામડા, ગુઆ, કીરીબુરુ અને ઝીંકપાણી છે.

ખનિજ અને લાકડાથી સમૃદ્ધ એવા આ આદિવાસી જિલ્લામાં ઘણાં વિકસતાં ઔદ્યોગિક કેન્દ્રોને ઉદ્યોગો માટેનું પાણી પૂરું પાડવાનો તેમ જ નગરપાલિકાને પાણી પૂરું પાડવાનો એસ.એમ.પી.નો સાચો હેતુ છે. એસ.એમ.પી.ના બાંધકામ બાદ આખો સિંઘભુમ જિલ્લો તેના કુદરતી અને માનવ સ્રોતોનો લાભ લેનાર ખૂબ જ ઝડપી અને રાક્ષસી ઔદ્યોગીકરણ અને આધુનિકીકરણની ક્રિયાનો સાક્ષી બનનાર છે. આ પ્રક્રિયા ચંડીલ ખાતે મોદી જૂથ દ્વારા સ્પોન્જ આયર્ન પ્લાન્ટના બાંધકામ સાથે શરૂ થઈ જ ચૂકી છે. આદિવાસીઓના વિશાળ વિસ્તારની જમીન આ હેતુ માટે મેળવવામાં આવી રહી છે.

ટૂંકમાં સિંઘભુમમાં એક પ્રકારનો ઔદ્યોગિક વિસ્ફોટ થશે. આપણે એને એટલા માટે 'વિસ્ફોટ' કહીએ છીએ કે એમાં થનારા ફેરફાર અસમાનપણે થવાના છે. પ્રમાણમાં આત્મનિર્ભર અને સ્થિર એવું જીવન જીવતા આ ભૂમિના મૂળ નિવાસીઓ અને તેમની જમીન તથા અન્ય સ્રોતો ઉપર અપૂર્વ હુમલો થવાનો છે. આનાથી તેમને ટકાવી રાખનારા સ્રોતો ઉપરની તેમની માલિકી જ કેવળ દૂર નહિ થાય પરંતુ તેઓ બૂરી રીતે વિસ્થાપિત પણ થશે અને તેમના પર્યાવરણમાં પ્રદૂષણ તથા અવનતિ પણ પ્રવેશશે.

એસ.એમ.પી.ને કારણે સિંઘભુમમાં બહારનાઓનો જબરદસ્ત ધસારો થઈ રહ્યો છે. પ્રોજેકટમાંથી ઉદ્ભવતા વિવિધ લાભો મોટે ભાગે આ બહારનાઓ ઉઠાવી રહ્યા છે. ભૂમિના મૂળ નિવાસી લોકોને અને વિસ્થાપિતોને બિનકુશળતાવાળા તથા જોખમકારક કામો સોંપવામાં આવે છે.

એસ.એમ.પી.ના સમર્થનમાં સરકાર જે દલીલો કરે છે તેમાં આ પ્રોજેકટમાથી ઊભા થતા લાભોની અસમાન વહેંચણી પરનો ઢાંકપિછોડો પ્રગટ થાય છે. એસ.એમ.પી.નો જાહેર થયેલો વિવિધલક્ષી પ્રકાર જે સિંચાઈ અને ઉદ્યોગનું સમર્થન કરતો જણાય છે તે મોટે ભાગે ભ્રામક છે. કારણ કે આ બંને કામો એકબીજાના પૂરક હોવાને બદલે એકબીજાના વિરોધી છે. સિંચાઈનું પાણી આપવાનો સમય પણ પાણીના જથ્થા જેટલો જ અગત્યનો હોય છે અને ઉદ્યોગની માગ ભૂમિના ખેડૂતો જેવી હોતી નથી. એસ.એમ.પી.નું નિયંત્રણ ખેડૂતોને બદલે વર્ચસ્વ ધરાવતા ઉદ્યોગોનાં હિતો દ્વારા થશે તેથી ગામડાંના ખેડૂતોની જરૂરિયાતો કરતાં શહેરના ઉદ્યોગના વપરાશકારોની જરૂરિયાત આગળ પડતું સ્થાન મેળવશે. હકીકતમાં ભારતના ઔદ્યોગીકરણ અને આધુનિકીકરણની વેદી ઉપર ભૂમિના મૂળ નિવાસી લોકોનો ભોગ લેવાશે.

સિંઘભુમના મૂળ નિવાસી લોકો ઉપર એસ.એમ.પી.ની અસર

બિહાર સરકારનું ઇરીગેશન ડીપાર્ટમેન્ટ એસ.એમ.પી. અંગે ગુલાબી ચિત્ર આપે છે પરંતુ તે સિંઘભુમના મૂળ નિવાસી લોકો ઉપર પ્રભાવ પાડવામાં નિષ્ફળ નીવડે છે. આ એ લોકો છે જેઓ પ્રોજેકટના સૌથી વિશેષ અસરગ્રસ્તો છે. પ્રોજેકટને તેઓ આશીર્વાદને બદલે શ્રાપ માને છે અને જુદી જુદી રીતે તેનો વિરોધ કરી રહ્યા છે. તેમના વિરોધનાં કારણોને

સમજવા ભૂમિના મૂળ નિવાસીઓ ઉપર એસ.એમ.પી. ની પડનારી અસર બાબતમાં આપણે ઊંડા ઊતરીએ.

સિંઘભુમના મૂળ નિવાસીઓ દ્વારા ગુમાવાતો કબજો

એસ.એમ.પી.ના બાંધકામને કારણે સિંઘભુમના મૂળ નિવાસીઓ જે સ્થિતિનો સામનો કરી રહ્યા છે તે સ્થિતિ આખા દેશમાં આવા પ્રોજેક્ટ શરૂ થવાથી મૂળ લોકોની જે સ્થિતિ થઈ હતી તેના જેવી જ છે. તેમની સ્થિતિની પાયાની લાક્ષણિક બાબત એ છે કે તેઓ જમીનનો કબજો ગુમાવે છે. વ્યવસ્થિત અને પદ્ધતિસર રીતે તેમના ઉત્પાદનના સાધન ઉપરથી તેમનો કબજો ઉઠાવાઈ રહ્યો છે. તેમની સંસ્કૃતિમાંથી, તેમનાં મૂલ્યોમાંથી અને તેમની નિજી ઓળખમાંથી તેમને દૂર કરવામાં આવી રહ્યા છે; તેમની જાતિઓને 'પ્રગતિ' અને 'રાષ્ટ્રીય હિત'ના નામે તોડી નાખવામાં આવી રહી છે. એસ.એમ.પી. સિંઘભુમના મૂળ નિવાસીઓના જીવનનાં આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પાસાંઓમાં તેમને કેવા વિખૂટા કરી રહી છે તે હવે આપણે જોઈએ.

જમીનથી વિખૂટાપણું

જેની સાથે તેમનુ આખું જીવન ગાઢપણે સંકળાયેલું છે તેવી બાપ-દાદાની જમીન ગુમાવવાના સ્વરૂપે સિંઘભુમના મૂળ નિવાસી લોકોએ આ પ્રોજેક્ટ માટે જે કિંમત ચૂકવવી પડશે તે ઘણી મોટી છે. બે બંધ, બે ઉપબંધ, ૩૪૨ કિલોમીટર લાંબી સાત નહેરો, ૭૧૨ કિલોમીટરના રસ્તા, પ્રોજેક્ટના ઓફિસરો તથા અન્ય કર્મચારીઓ માટેનાં રહેઠાણો (બધા જહારના) વગેરે માટે સરકાર દ્વારા ભૂમિના મૂળ લોકોની વિશાળ જમીન સંપાદન કરવામાં આવી રહી છે. લેન્ડ એક્વીઝીશન એન્ડ સર્વેના અહેવાલ મુજબ (૧૯૮૫) માત્ર ચંડી ડેમ માટે જ ૪૭,૫૦૦ એકર જમીન મેળવવી પડશે.

કરકઈ ઉપરના ઈછા બંધ સરોવર માટે સિંઘભુમની ૨૧,૦૦૦ એકર અને ઓરિસ્સાની ૧૦,૫૦૦ એકર જમીન જશે. આ બંધમાંથી નીકળનારી બે નહેરો માટે સિંઘભુમની ૫૮,૭૦૦ એકર અને ઓરિસ્સાની ૧,૫૨,૧૦૦ એકર જમીન જોઈશે. પાંચ નહેરો, બે ઉપબંધો, રસ્તા બાંધકામ તથા રહેઠાણોના બાંધકામ માટે કેટલી જમીન જોઈશે તેના આંકડા પ્રાપ્ત નથી. સિંઘભુમની આસપાસનો 'ગેરમજૂરા' ભૂમિનો વિશાળ વિસ્તાર સરકારે મેળવી લીધો છે અને સિંઘભુમની બહારના પ્રોજેક્ટના અધિકારીઓ અને કર્મચારીઓ તથા તેમનાં પરિવારો માટે રહેઠાણો બનાવાઈ રહ્યા છે. 'ગેરમજૂરા' જમીન એવી જમીન છે કે જેના ઉપર ભૂમિના મૂળ નિવાસીઓ સામૂહિક માલિકી ધરાવે છે અને તેના ઉપર પોતાના ઢોર ચરાવે છે. આ રહેઠાણો બંધાવાથી ભૂમિના મૂળ નિવાસીઓ તેમની સંયુક્ત મિલ્કત ગુમાવી બેઠા છે. ઉપરાંત આ પ્રોજેક્ટને કારણે પોતાની આજીવિકા માટે ભૂમિના મૂળ નિવાસીઓ જેના પર આધાર રાખે છે એવું ૧૦,૦૦૦ એકર જંગલ પણ સાફ થઈ જશે.

વધારાની જમીનની પ્રાપ્તિ

છોટા નાગપુર ટેનાન્સી એક્ટ આદિવાસીની જમીન બિન-આદિવાસીઓ પાસે જવા દેવા અંગે પ્રતિબંધ ફરમાવે છે, સી.એન.ટી. એક્ટમાં મુકાયેલી મર્યાદા છતાં સ્થાપિત હિતો દ્વારા આદિવાસીઓની જમીન કાયદેસર અને ગેરકાયદેસર રીતે બીજાઓને આપવામાં આવે છે. રાજ્ય અને એનો વહીવટ કરનારા ગરીબ આદિવાસીઓનું રક્ષણ કરવાને બદલે આ પ્રકારની સોંપણીના મુખ્ય હિસ્સેદાર બને છે. સી.એન.ટી. એક્ટને વિશાળ સત્તા ધરાવતા લેન્ડ એક્વીઝીશન એક્ટ દ્વારા નબળો પાડવામાં આવે છે. આ કાયદા હેઠળ 'જાહેર ઉપયોગ' માટે આદિવાસીઓની જમીન મેળવી શકાય છે. આ કાયદામાંના 'જાહેર ઉપયોગ' શબ્દનો અર્થ એવો વિશાળ થાય છે કે વહેવારમાં બીજા કોઈપણ હેતુ માટે જમીન મેળવી શકાય છે.

છોટા નાગપુરમાં આદિવાસીઓની જમીન બીજાઓને સોંપવા માટેની એક મુખ્ય રીત નીચે મુજબ છે.

અર્થાત

સરકાર ઈરીગેશન સ્કીમ, એકસપેરિમેન્ટલ ફાર્મ જેવા પ્રોજેક્ટને મંજૂરી આપે છે. જાહેર ઉપયોગના આ પ્રોજેક્ટને નામે પ્રોજેક્ટને માટે જરૂરી હોય તેના કરતાં ઘણી વધારે આદિવાસીઓની જમીન વહીવટકર્તાઓ દ્વારા મેળવાય છે. પછી વધારાની આ જમીન ઓફિસરો અને રાજકારણીઓના મિત્રોને લીઝ ઉપર આપવામાં આવે છે. આખો પ્રોજેક્ટ થોડાં વર્ષોમાં તૂટી પડે છે અને બધીયે જમીન બીજા હેતુ માટે આપી દેવામાં આવે છે. જેનો આગળ ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ છઈબાસા નજીકની રો રો ઈરીગેશન સ્કીમમાં આદિવાસીઓની જમીન આવી રીતે બીજાઓને સોંપાઈ છે.

સી.એન.ટી. એકટની ઉપરવટ થઈ આદિવાસીઓની જમીન બીજાઓને સોંપવાની આ પદ્ધતિનો સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટમાં પણ ઉપયોગ થાય છે. વાસ્તવમાં એસ.એમ.પી.એ સ્થાપિત હિતોને સિંઘભુમમાં આદિવાસીઓની જમીન બીજાઓને સોંપવાની સુવર્ણ તક આપી છે. દાખલા તરીકે પૂરનિયંત્રણના નામે ચંડિલ બંધ માટે વિશાળ વિસ્તારમાં આદિવાસી જમીન મેળવાઈ રહી છે. આ બંધમાં પૂરને અટકાવવા માટે ૧૦ ફૂટ પાણી સંગ્રહવાનો પ્રબંધ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. કેવળ થોડાક કલાક અથવા તો આખા વર્ષમાં વધારેમાં વધારે ૨૪ થી ૪૮ કલાકના ઉપયોગ ખાતર ઘણી બધી જમીન ડુબાણમાં જવાનો સંભવ છે. આ માટે સત્તાવાળાઓ આદિવાસીઓની માલિકીની વધારાની વિશાળ વિસ્તારની જમીન મેળવી રહ્યા છે. (૩૭,૫૦૦ એકર કરતાં વધારે). પ્રોજેક્ટના સત્તાવાળાઓના કહેવા મુજબ આવી ડુબાણમાં જનારી જમીન તેઓ તેમના મૂળ માલિકોને લીઝ ઉપર પાછી આપશે. આમ છતાં ભૂતકાળના રેકર્ડ દર્શાવે છે કે આ જમીનનો ઉપયોગ બીજા હેતુઓ માટે થશે અથવા અધિકારીઓ અને રાજકારણીઓની હથેળી ભરી દેનારાઓને આપી દેવામાં આવશે. વળી આ જમીન જો તેમના મૂળ માલિકોને લીઝ ઉપર આપવાની હોય તો આ લોકો પાસેથી એ મેળવવાની કોઈ જરૂર જ નથી. સી.એન.ટી. એકટનું આવું ઉલ્લંઘન અટકાવવા માટે લેન્ડ રેકવીઝીશન એકટમાં એવો પ્રબંધ હોવો જોઈએ કે ચોક્કસ હેતુ માટે જમીનનો ઉપયોગ ન થાય તો તે તેમના મૂળ માલિકને પાછી આપવી જોઈએ. કોઈપણ પ્રોજેક્ટ માટે વધારાની જમીન મેળવવાનું અને બીજાઓને લીઝ પર આપવાનું બંધ થવું જોઈએ.

ઉપરની હકીકતો દર્શાવે છે કે સિંઘભુમના મૂળ નિવાસીઓ સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટ હેઠળ તેમના વડવાઓની વિશાળ વિસ્તારની જમીન ઉપર જ વિસ્થાપિત થશે.

લોકોનું વિસ્થાપિતીકરણ

ચંડીલ સરોવરના બાંધકામમાં ચંડીલ, નીમડી અને ઈછાગઢ બ્લોકનાં ૩૨ ગામો આખેઆખાં અને ૮૪ ગામો અડધા-પોણા ડુબાણમાં જશે તથા ૬,૭૭૩ કુટુંબો વિસ્થાપિત થશે. આ વિસ્થાપિત થનારાં કુટુંબો પૈકી લગભગ ૯૫ ટકા કુટુંબો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં છે.

ખરકઈ નદી ઉપરના કોલ્હન વિસ્તારના ઈછા-બંધને કારણે ૨૧,૦૦૦ એકર જમીન ઉપરનો વસવાટ નાબૂદ થઈ જશે. છઈબાસા, તાતનગર અને રાજનગર બ્લોકનાં ૨૦ ગામડાં નકશા ઉપરથી સંપૂર્ણપણે ભુંસાઈ જશે જ્યારે ૪૧ આંશિક રીતે ભુંસાશે. આનાથી ૫,૬૦૦ કુટુંબો વિસ્થાપિત થશે. ઉપબંધો, નહેરો, રસ્તા, કોલોની વગેરે બંધાવાને કારણે જે લોકો વિસ્થાપિત થશે તેમની સંખ્યા હજી જાણવા મળી નથી. ઈછા ડેમથી અસર પામનારા મોટા ભાગના લોકો હો જાતિના છે. કોલ્હાનમાં હો લોકોની બહુમતી છે. વાસ્તવમાં કોલ્હન 'હો ની ભૂમિ' તરીકે જાણીતું છે. ઈછા ડેમ બંધાવાને કારણે હો લોકો સૌથી ખરાબ રીતે અસર પામનારા ભૂમિના મૂળ નિવાસી લોકો હશે. હો લોકોને ક્યાં તો કોલ્હનમાંથી હાંકી કાઢવામાં આવશે અથવા તો તેઓ લઘુમતીમાં મુકાઈ જશે— ખરકઈ બંધને કારણે આ વિસ્તારમાં બહારનાઓનું

પૂર ઊમટવાને કારણે, બહારનાં બળોના જબરદસ્ત દબાણ હેઠળ જેમ તેમના વડવાઓએ કર્યું હતું તેમ હો લોકો ધીમે ધીમે જંગલ વિસ્તારોમાં પાછા જઈ રહ્યા છે—ખાસ કરીને સમૃદ્ધ એવાં સારંદ જંગલોમાં અથવા દક્ષિણમાં ઓરિસ્સા તરફ. છેલ્લાં કેટલાંક વર્ષોનું 'જંગલ કટાઈ આંદોલન' એ આ ચળવળની નિશાની છે. જો સારંદને વિનાશમાંથી ઉગારવું હોય તો ઈછા ડેમનું કામ તરત જ બંધ કરાવવું જોઈએ. હવે ખાસ જંગલો કાપવાનાં રહ્યાં નથી તેથી આ વિસ્તાર પણ લોકો માટે લગભગ બંધ થઈ ગયો છે. તેમના ઘણા ભાઈઓએ વતનની ભૂમિનો ત્યાગ કર્યો છે અને ઉત્તર બિહાર, યુ. પી. તથા અન્ય સ્થળોના ઈંટના ભઠ્ઠાઓ અને પથ્થરની ક્વારીઓમાં ગુજરાન મેળવવા ચાલ્યા ગયા છે. સમગ્ર સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટ આવા લોકોની મોટી હલચલ જન્માવશે—બહારના લોકો સિંધભુમમાં આવશે અને ઊલી થનારી આર્થિક તકોનો લાભ ઉઠાવશે. ભૂમિના મૂળ નિવાસી લોકો વિસ્થાપિત બનીને, ભૂમિથી વિખૂટા પડીને, આજીવિકાનાં સાધનો શોધવા દરબદર ભટકતા થઈ જશે.

અપૂરતું વળતર

જમીનનું વળતર આપવા માટે સરકારે અપનાવેલી નીતિ અન્યાયી અને અસમાન છે. વિસ્થાપિત લોકોને કેવળ તેમની જમીન અને ઘર માટે જ નાણાં ચૂકવવામાં આવે છે. શરૂઆતમાં સરકારે વળતર ચૂકવવા માટે ઠરાવેલા દરો ઘણા નીચા હતા. છોટા નાગપુરમાં જમીનનું વેચાણ ડરીફાઈયુક્ત ન હોવાથી, મુક્ત પ્રકારનું હોવાથી જુદા જુદા પ્રોજેક્ટમાંથી પ્રાપ્ત થનારા લાભોની દૃષ્ટિએ વળતર નક્કી કરવું જોઈએ. સેલ ડીડ પટ્ટાને આધારે ભૂતકાળમાં એક એકરે ફક્ત રૂ. ૨૦૦ જેટલી ઓછી વળતરની રકમ ચૂકવાઈ હતી. લોકો દ્વારા ખૂબ જ લાંબી લડત અને વિરોધ બાદ હવે જમીનના પ્રકારને ધ્યાનમાં લઈ એક એકરે રૂ. ૫,૦૦૦ થી રૂ. ૩,૦૦૦ સુધીની રકમ ચુકવાય છે. જમીનનું વર્ગીકરણ એમાંથી મળતા ઉત્પન્નને આધારે કરવામાં આવે છે અને જમીનની ગુણવત્તાને આધારે લેન્ડ ટેક્સ ટોકન લેવામાં આવે છે. જમીન ઉપરનો વેરો ઓછો આવે એ દૃષ્ટિથી ભૂતકાળમાં ઘણાં કુટુંબોએ સારું ઉત્પન્ન આપતી જમીનને પણ હલકા પ્રકારની ત્રીજા દરજ્જાની જમીન તરીકે નોંધાવી હતી. વળતર ટેક્સ ટોકનને આધારે ચુકવાતું હોવાથી જમીન માટે મળવી જોઈએ તેના કરતાં તેઓને ઓછી રકમ મળે છે.

દર વધારવામાં આવ્યા હોવા છતાં જે દરો માટેનું વચન આપવામાં આવ્યું હતું તેના કરતાં આ દરો ઘણા ઓછા છે. દાખલા તરીકે ચલિયામા, બનકાશી અને તોલાઈની બધું થઈને ૨૨.૭૩ એકર જમીનના વળતર તરીકે રૂ. ૮૮,૪૦૬–૦૯ ચુકવાયા હતા. એટલે એક એકરે રૂ. ૩,૪૮૪ થયા. એ જ રીતે કેસરગડીયા ગામમાં ૩૦૩ જમીન માલિકો પાસેથી ૪૦૬ એકર જમીન ૫,૭૧,૭૭૧નું વળતર આપી મેળવાઈ હતી. અહીં એક એકરના રૂ.૧,૪૦૮ થયા. (રાજ એ, વર્ષની માહિતી નથી ૮–૯)

ભૂમિના મૂળ નિવાસી લોકો માટે નાણાંના સ્વરૂપમાં ચુકવવામાં આવતા વળતરની ખાસ કિંમત હોતી નથી. સૌથી પ્રથમ આ રકમ તેમના પુનઃ વસવાટ માટે ઘણી ઓછી અને અપૂરતી હોય છે. બીજાં સ્થળોએ ઊંચા દરની જમીન તેઓ આ રકમમાંથી ખરીદી શકતા નથી. વિસ્થાપિતો દ્વારા જમીનની માગ ઘણી વધી હોવાથી જમીનના ભાવ ઘણા ઊંચા ગયા છે. બીજું, તેઓ ફક્ત ખેતી કામ જ જાણતા હોવાથી આ નાણાંનો ઉપયોગ તેઓ વેપારી રીતે કરી શકે નહિ. તેઓ આ રકમ ખાવામાં ખર્ચી નાખે અથવા છેતરાઈને ખર્ચી નાખે. તેઓમાંના મોટા ભાગના અભણ હોવાથી નાણાં ચૂકવનારા અધિકારીઓ પણ તેમને છેતરે છે. અધિકારીઓએ લાંચ લીધાના ઘણા કિસ્સા છાપાઓમાં બહાર આવ્યા છે. વળી રોકડ વળતર એ લોકોને જ ચૂકવવામાં આવે છે કે જેઓ જમીનની માલિકીનો દાવો સીધી રીતે પુરવાર કરી શકે. સદીઓથી તેઓમાંના ઘણા જંગલોમાં અને જંગલની આજુબાજુ તથા ખુલ્લી જમીનમાં રહ્યા હોવાથી કાયદેસરની માલિકી માટે તેમના પાસે કોઈ પુરાવા નથી.

રોકડમાં કરવામાં આવતી ચૂકવણીએ શાંતિપૂર્વક રહેતાં ઘણાં કુટુંબોમાં અવિશ્વાસ અને ભાગલાને જન્મ આપ્યો છે. કુટુંબના કેટલાક 'હોશિયાર' અને 'શક્તિશાળી' સભ્યોએ વિધવા, વૃદ્ધ સ્ત્રીઓ જેવાં નબળા સભ્યોને લુચ્ચાઈપૂર્વક તેમના હક્કોથી વંચિત કરીને એ નાણાંનો પોતાના ભલા માટે ઉપયોગ કર્યો છે. જેઓને લાંચ આપવામાં આવી હતી એવા અધિકારીઓના મેળાપીપણામાં આ કરવામાં આવ્યું છે. આનાથી અવળો દાખલો બેઠો છે. અને હવે તેમની ફરિયાદોનો નિકાલ કરવા બીજાઓ પાસે પણ લાંચ માગવામાં આવે છે. એક ધરડી સ્ત્રી જેને પોતાના સાચા વળતરથી વંચિત કરવામાં આવી હતી તે પ્રોજેકટ ઓફિસ સામે કેટલાક દિવસ સુધી ભૂખહડતાળ ઉપર બેઠી હતી.

ભૂમિના મૂળનિવાસી લોકોને લાગેવળગે છે ત્યાં સુધી તેઓને મળતું રોકડ વળતર અપૂરતું હોય છે; એટલું જ નહિ લાંબે ગાળે નકામું બને છે. તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા તેમને ખેતીલાયક જમીનની જરૂર હોય છે. રાંચીના ટ્રાઈબલ વેલ્ફર કમિશને આદિવાસીઓ ઉપર ગુજરાતા જુલમ સંદર્ભમાં બિહાર સરકારને પાઠવેલા એક ખાનગી અહેવાલમાં નીચે મુજબ લખ્યું છે :

સરકારની પુનર્વસવાટની નીતિ સંબંધમાં એ જરૂરી છે કે પુનર્વસવાટના કાર્યક્રમમાં ખેતીલાયક જમીનનું સેટલમેન્ટ કરવામાં આવે. ખેતીલાયક જમીનના સેટલમેન્ટ માટે આદિવાસીઓની માગ વાજબી છે એમાં શંકા નથી, કારણ કે તેઓ મુખ્યત્વે ખેતી કરનારા છે અને જમીન વગર તેઓ નિરાધાર બની જાય. આથી આર્થિક રીતે પોષણક્ષમ એવી જમીનનું સેટલમેન્ટ દરેક વિસ્થાપિત કુટુંબ માટે જરૂરી છે (૨.૫ થી ૫ એકર). વિસ્થાપિત થયેલાં કુટુંબોને સરકારી જમીન ઉપર અથવા જંગલની જમીન ઉપર (તેને ખેતીલાયક બનાવીને) અથવા કેટલાક માટે જમીનદારોની એ વિસ્તારમાં આવતી જમીન મેળવીને વસાવી શકાય. નાણાના સ્વરૂપનું વળતર તેમના પુનર્વસવાટ માટે પૂરું નહિ થાય. (સુનીલા બસંત, ૧૯૮૩).

જમશેદપુરના ઝેવિયર લેબર રીલેશન ઈન્સ્ટિટ્યૂટના પોલ ફર્નાન્ડીઝે કરેલા અભ્યાસમાં એસ.એમ.પી.ના વિસ્થાપિતોના અસરકારક પુનર્વસવાટ માટે આ પ્રમાણે સૂચન કર્યું છે:

સિંચાઈની સગવડવાળી ૧ એકર જમીનનો પ્રબંધ કરવો જોઈએ જેથી વર્ષમાં ઓછામાં ઓછા બે પાક લઈ શકાય અથવા ૨ એકર ખેતીલાયક જમીનનો પ્રબંધ કરવો જોઈએ જેથી ચોમાસા દરમિયાન જરૂરિયાત મુજબનો એક પાક લઈ શકાય આટલું તો થવું જ જોઈએ. આ આપવામાં આવશે કે નહિ તેનો આધાર જમીનની 'પ્રાપ્યતા' ઉપર નહિ પણ સરકારની નીતિ ઉપર છે. આવી વખતે મોટે ભાગે 'જમીન પ્રાપ્ય નથી'નું બહાનું કાઢવામાં આવતું હોય છે. આ બાબતની ગંભીરતાને લક્ષમાં લેતાં એવું બહાનું અહીં કાઢવું ન જોઇએ, તેમ જ 'પ્રયત્નો કરવામાં આવશે' જેવા શબ્દોનો ઉપયોગ પણ કરવો ન જોઈએ. સરોવરો બાંધવા, રેલવે લાઈનો બાંધવા, નહેરો બાંધવા, ફરીથી જંગલ ઉગાડવા, કારખાનાંઓ સ્થાપવા. હાઉસીંગ કોલોનીઓ બનાવવા જેવા હેતુઓ માટે મોટા પ્રમાણમાં જમીન મેળવી શકાતી હોય તો પુનર્વસવાટ માટે પણ એ મેળવાવી જોઈએ...વળી મોટા ખેડૂતો પાસે, સરકાર પાસે અને જંગલ ખાતા પાસે ઘણી જમીન પ્રાપ્ય છે. પ્રશ્ન એને પુનર્વસવાટ માટે મેળવવાનો છે. (ફર્નાન્ડીઝ ૧૯૮૫ : ૩૯)

પુનર્વસવાટ : યોગ્ય કાર્યક્રમનો અભાવ

સરકાર દ્વારા ઉદ્ઘોષિત પુનર્વસવાટનો દસ મુદ્દાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

(૧) ૦.૨૬ એક ફાંતી વાડી વાળી જમીન (Homestead land) વિના મૂલ્યે આપવામા આવશે. જો કેટલાક લોકોની જમીન લેવા માટેની ઇચ્છા નહિ હોય તો તેમને એ જમીનની કિંમત આપવામાં

આવશે. જો એવી જમીનની પ્રાપ્યતા નહિ હોય તો તેમને ૦.૧૨૫ એકર જમીન આપવામાં આવશે અને ૦.૧૨૫ એકર જમીનનું વળતર ચૂકવવામાં આવશે.

(૨) પ્રોજેક્ટના બાંધકામની પૂર્ણાહુતિ સાથે જ પુનર્વસવાટનું કામ પણ પૂરું કરવામાં આવશે.

(૩) વિસ્થાપિત થયેલા લોકોને પ્રોજેક્ટમાં ચોથા વર્ગના કર્મચારીની નોકરીમાં અગ્રતાક્રમ આપવામાં આવશે; ત્રીજા વર્ગની ૫૦ ટકા જગ્યાઓ ઉપર વિસ્થાપિતોમાંથી ભરતી કરવામાં આવશે.

(૪) દરેક કુટુંબને સહાયક ગ્રાન્ટ તરીકે રૂ. ૭૫ આપવામાં આવશે અને જેઓને રૂ. ૨૦૦૦ કરતાં ઓછું વળતર મળશે તેઓને સહાયક ગ્રાન્ટ તરીકે વધારાના રૂ. ૫૦૦ આપવામાં આવશે.

(૫) જ્યાં ૨૦થી ૩૦ કુટુંબોનો પુનર્વસવાટ કરાવવામા આવશે ત્યાં શાળાની, ઈસ્પિતાલની, રસ્તાની, તળાવની, કોમ્યુનિટી હોલની, જાજરૂઓની અને રમતના મેદાન વગેરેની સગવડ કરી આપવામાં આવશે.

(૬) પુનર્વસવાટ માટે સરકારી જમીનને પ્રાપ્ય બનાવાશે.

(૭) યોગ્ય માણસોને ઓપરેટર, કડિયા, સુથાર, લુહાર વગેરે કામોની તથા બીજી વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે.

(૮) રોજગાર કેન્દ્ર તથા ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ ખોલવામાં આવશે.

(૯) વળતરની રકમનો દુરુપયોગ થતો અટકાવવા વિસ્થાપિત લોકોને બેંકની સગવડ આપવામાં આવશે.

(૧૦) મંદિર, મસ્જિદ વગેરે બાંધવામાં આવશે અને વિસ્થાપિતોએ ખાલી કરતાં પહેલાં જે ગામોમાં આવાં સ્થાનકો હતાં તેઓને એ આપવામાં આવશે. ઉપરાંત સિંચાઈ, વીજળી, સહકારી મંડળીઓ વગેરેની સગવડ પૂરી પાડવામાં આવશે.

એસ.એમ.પી. પ્રોજેક્ટથી વિસ્થાપિત થન ૧૨,૦૦૦ કુટુંબો એટલે કે ૭૫,૦૦૦ મૂળ નિવ લોકોનું ભાવિ વાસ્તવમાં ઘણું ધૂંધળું છે. હકીકત તેઓમાંના ઘણા તેઓએ ક્યાં જવાનું છે તે અ પણ જાણતા નથી. બંધના બાંધકામ માટે અને મ ભાગે બહારથી આવનારા બંધના કર્મચારીએ નિવાસસ્થાનો માટે નાનામાં નાની વિગત તૈયાર છે પણ વિસ્થાપિત થનારાં ૧૨,૦૦૦ કરતાં વ કુટુંબોના પુનર્વસવાટ માટે સાચા અર્થમાં કશું કરવામાં આવ્યું નથી.

સરકારે ઘોષિત કરેલો પુનર્વસવાટનો કાર્ય વિસ્થાપિત થનાર લોકોનાં સાંસ્કૃતિક મૂલ્યો, તેમ અનુભવો, અરે ખુદ તેમના અસ્તિત્વ માટેની જરૂ યાતોને યોગ્ય રીતે ધ્યાનમાં લેતો નથી. આ તેમ ઓળખના વિનાશમાં અને તેમના આખરી દારિદ્ર પરિણમશે.

સંશોધનનાં તારણો અસંખ્ય પુરાવા આપે છે પુનર્વસવાટ કાર્યક્રમે સૂચવેલા ફેરફાર ઓછામાં ઓ ૭૫ ટકા વિસ્થાપિત કુટુંબોનો વિકાસ કરી શકશે ન અને એમાંથી ઓછામાં ઓછાં ૫૦ ટકા કુટુંબો અર્થપૂર્ણ અસ્તિત્વની ખાતરી મળતી નથી. સત વાળાઓએ પુનર્વસવાટ માટે તૈયાર કરેલ ખરેખ આયોજનનું પૃથક્કરણ આ તારણોને સમર્થન આ છે. (ફર્નાન્ડીઝ ૧૯૮૫ : ૩૯)

વિસ્થાપિતોને નોકરી–જૂઠાં વચનો

વિસ્થાપિત કુટુંબોને નોકરીની સગવડ પૂરી પાડ માટેનું વચન એ આખાયે પુનર્વસવાટ કાર્યક્રમનું સૌ છેતરામણું પાસું છે. એ સાચું છે કે પ્રોજેક્ટને કાર નોકરી માટેની ઘણી તકો ઊભી થશે. બાંધકામ સમયગાળા દરમિયાન પ્રોજેક્ટની નોકરી આપવા શક્યતા અંગે એક અધિકૃત અહેવાલ આમ કહે છે 'પ્રોજેક્ટ નોકરી માટેની ખાસ્સી તકો ઊભી કરશે બાંધકામ જ્યારે ટોચે હશે ત્યારે ૫૦૦ એન્જિનીયર નોકરી પર હશે. કામ માટેની ચાર મોસમોમાં લંબ

નાર બાંધકામના ટોચના સમયગાળા દરમિયાન લગભગ ૧૩,૦૦૦ કુશળ કામદારો અને ૭૦,૦૦૦ બિનકુશળ કામદારો દર વર્ષે ઓકટોબરથી જૂન દરમિયાન પ્રોજેકટ પૂર્ણ કરવા માટે કામ મેળવશે.' (બિહાર સરકાર, ૧૯૮૩)

આમ છતાં બાંધકામ પૂરું થયા બાદ પ્રોજેકટમાં કાયમ નોકરી મેળવનારાઓની સંખ્યા ખાસ નહિ હોય. પરંતુ અગત્યનો પ્રશ્ન એ છે કે પ્રોજેકટ દ્વારા પ્રાપ્ત થનારી નોકરીની તકનો લાભ વિસ્થાપિતો ઉઠાવી શકશે ખરા? સરકારે વચન આપ્યું છે કે ચોથા વર્ગના કર્મચારીઓ તરીકે વિસ્થાપિતોને નોકરી માટે પસંદગી આપવામાં આવશે અને ત્રીજા વર્ગની નોકરી માટે લગભગ ૫૦ ટકા વિસ્થાપિતોને પસંદ કરાશે. પણ આ માત્ર વચન છે. સાચી પરિસ્થિતિ સમજવા આપણે કેટલીક હકીકતો જોઈએ. પાઉલ ફર્નાન્ડીઝે કરેલો વિગતપૂર્ણ અભ્યાસ દર્શાવે છે કે પ્રોજેકટમાં ચોથા વર્ગના કર્મચારીઓ તરીકે ૧૦ ટકા વિસ્થાપિતોને જ નોકરી મળી છે અને ત્રીજા વર્ગની નોકરીમાં ૫ ટકાથી પણ ઓછા વિસ્થાપિતો લેવાયા છે. એ લખે છે: 'સિંઘભુમ જિલ્લામાંથી ચોથા વર્ગમાં નિમાયેલામાં પણ ૧૦ ટકાથી ઓછા છે અને ત્રીજા વર્ગમાં ૫ ટકાથી ઓછા છે અને સૌથી નોંધપાત્ર બાબત એ છે કે બીજા વર્ગના ઓફિસર, એન્જિનીયર વગેરેની નોકરીમાં વિસ્થાપિતોમાંથી અથવા સિંઘભુમ જિલ્લામાંથી કોઈ નોકરી પામ્યું નથી. વિસ્થાપિતોનો કેસ સમજી શકાય છે. કારણ કે તાલીમ સાથે કે તાલીમ વિના તેઓ લાયક ન હોય પણ આખા સિંઘભુમ જિલ્લામાંથી બીજા વર્ગની નોકરી માટે કોઈ લાયક માણસ ન મળે એ ન માની શકાય એવી અને સમજણ બહારની વાત છે. (ફર્નાન્ડીઝ ૧૯૮૫ : ૨૩)

જમીનનું ખોદકામ, વજન ઊંચકવું, માલસામાનની હેરફેર જેવાં કામોમાં રોકાયેલા વિસ્થાપિતોની સંખ્યા પણ ઘણી ઓછી છે. એસ. એમ. પી.ના મુખ્ય નિમણુક આપનાર અધિકારી દ્વારા આવાં કામો કોન્ટ્રાકટરોને સોંપવામાં આવે છે. કોન્ટ્રાકટરો બહારના માણસોને નોકરી આપવાનું પસંદ કરે છે જેથી તેઓ તેમનું ભરપૂર શોષણ કરી શકે. અરે બાળમજૂરોની નિમણુક પણ આવા કોન્ટ્રાકટરો કરે છે. એસ.એમ.પી.ના અસાનબોના એક સ્થળની ઓચિંતી મુલાકાત દરમ્યાન એમ.પી. શ્રી કે.પી સીંઘે જોયું કે બહારના જે ૨૦૦ મજૂરો ત્યાં કામ કરતા હતા તેમાં ૨૦ ટકા કરતાં વધારે બાળકો હતાં. આ બધાંને એક કોન્ટ્રાકટર ઓરિસ્સાથી લઈ આવ્યો હતો. ત્યાંથી આવતી વખતે દરેક મજૂરને એડવાન્સ પેટે રૂ. ૫૫૦/- આપવામાં આવ્યા હતા. આ પછી તેમને રોજ ૧૧૦૦ ગ્રામ ચોખા અને શાકભાજી માટે ૫૦ પૈસા આપવામાં આવતા હતા. તેમને અડવાડિયે કે મહિને કોઈ જાતની ચૂકવણી કરવામાં આવતી નહિ. એસ.એમ.પી.માં કામદારોના થતા શોષણ વિશેના તથા વિસ્થાપિતોને નોકરી ન મળ્યાના ઘણા કિસ્સાઓ વર્તમાનપત્રોમાં પ્રગટ થયા છે.

આ જ સમયે કાયમી નોકરી મેળવનારાઓમાં ઘણા બહારનાં કુટુંબો–ખાસ કરીને ઉત્તર બિહારનાં–જિલ્લાના ઘણા ભાગોમાં વસ્યા છે અને કાયમી થઈ ગયા છે. ચંડિલનો ડેમ વિસ્તાર એક મોટી ટાઉનશીપ જેવો લાગે છે, જ્યાં પ્રોજેકટમાં નોકરી કરનારાના નિવાસ તથા તેમની અન્ય જરૂરિયાત માટે ૨૦૦૦ કવાર્ટર્સ આવેલાં છે. પ્રોજેકટના જુદા જુદા કર્મચારીઓને નિવાસસ્થાનો પૂરાં પાડવા ચરશિલા, ગંજિયા, ઈછા, ચલિયામા, રાજનગર વગેરેમાં મોટી કોલોની બંધાઈ છે.

વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા વિવિધ હેવાલો દર્શાવે છે કે પુનર્વસવાટ, વળતર અને નોકરી બાબતમાં એસ.એમ.પી.ના સત્તાવાળાઓએ આપેલાં વચનો માત્ર પોકળ છે અને ખરેખરી કામગીરી સાથે એનો કંઈ મેળ પડતો નથી.

સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક બાબતમાં વિખૂટાપણું

એસ.એમ.પી. અને વિકાસના અન્ય પ્રોજેકટના

કારણે સિંઘભૂમના મૂળ નિવાસી લોકોમાં આકાર લઈ રહેલું વિખૂટાપણું કેવળ આર્થિક બાબતમાં જ નથી. સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક બાબતમાં પણ છે. તેમનામાં જે નવાં બળોને પ્રવેશ આપવામાં આવ્યો છે તેને પરિણામે તેમજ તેમની આર્થિક સ્થિતિમાં જે ઝડપી ફેરફાર થઈ રહ્યો છે તેને પરિણામે ભૂમિના મૂળ નિવાસી લોકોનું સામાજિક માળખું પણ તૂટી રહ્યું છે. તેમનું કુટુંબજીવન ભાંગી રહ્યું છે. તેઓ તેમના પરંપરાગત સામાજિક નિયંત્રણો ગુમાવી રહ્યાં છે અને તેમનામાં પણ સામાજિક તાણ વધી રહી છે. તેઓ વધારે ને વધારે પ્રમાણમાં રોગના અને લાગણી-તંત્ર ખોરવાઈ જવાના ભોગ બની રહ્યા છે. સામાજિક દૂષણોનાં સૂચકો જેવા કે નશાખોરી, ગુનાખોરી, આત્મ-હત્યાઓ, વેશ્યાગીરી, ઉપેક્ષા, હતાશા વગેરેમાં એકાએક વધારો થયો છે. વળી આ લોકો વિકાસ અને આધુનિકીકરણ સાથે મુકાબલાની સ્થિતિમાં આવી જવાથી આત્મ-સન્માન પણ ગુમાવી રહ્યા છે. તેઓ તેમની વ્યક્તિગત યોગ્યતાના નુકસાનનો તથા તેમની સામાજિક ઓળખના અવમૂલ્યાંકનનો અનુભવ કરી રહ્યા છે. પ્રભુત્વ ધરાવતા સમાજના તેમની સંસ્કૃતિ તરફના નકારાત્મક વલણ અને અભિગમ દ્વારા તેમની લાગણીને વધારે ઉત્તેજિત કરવામાં આવે છે. તેમના સમાજની આ સતત અને વ્યવસ્થિત એવી વિખૂટાપણાની અને ભાંગી પડવાની પ્રક્રિયાને કારણે સિંઘભુમના મૂળ લોકોને તેમના અસ્તિત્વના માનવીય સ્તરથી નીચેના સ્તરે ધીમે ધીમે લાવવામાં આવી રહ્યા છે.

મોટા બંધ તેમના આગેવાનો માટે સત્તાનાં પ્રતીકો છે. આ સત્તા બીજાના જીવન ઉપરના નિયંત્રણની છે. જે વિસ્તારમાં ભૂમિના મૂળ લોકોનું પ્રભુત્વ હોય ત્યાં મોટા બાંધકામ તથા અન્ય સિંચાઈ પ્રોજેકટો આ લોકોની એકતા ભાંગવા માટે અને તેમને સદાકાળ ગુલામીની સ્થિતિમા રાખવા માટેનાં સ્થાપિત હિતોનાં સાધન બની જાય છે. આવા મોટા બંધોનો રાજકીય સંકેત સમજવાનું અને આવા મોટા બંધો સાથે સંકળાયેલ સ્થાપિત હિતોની શક્તિને પિછાણવાનું ખૂબ જ જરૂરી છે.

મોટા બંધના પ્રોજેકટનો રાજકીય સંકેત એમાં જોવા મળે છે કે એના દ્વારા સ્થાપિત હિતોનાં નિયંત્ર-ણોનું કેન્દ્રીકરણ થાય છે. આવું કેન્દ્રીકરણ અસર-ગ્રસ્તોના જીવન સાથે સંકળાયેલ દરેક પાસા જેવા કે પાણીની વ્યવસ્થા, ખેતી, વિસ્થાપિતોનો પુનર્વસવાટ, રોજગારીની તરાહો જેવી દરેક બાબત અંગે થાય છે. પાણીની વ્યવસ્થા પરનું લોકોનું નિયંત્રણ સરકારી હાથોમાં ચાલ્યું જાય છે. વળી સિંચાઈ યોજના દ્વારા લેવાનાર પાકની તરાહ મુખ્યત્વે ઔદ્યોગિક અને શહેરી હિતો દ્વારા નક્કી થાય છે. તે 'હરિયાળી ક્રાંતિ'ના મોડેલનું અનુસરણ કરે છે અને એ રીતે કેન્દ્રીય ટેકનોલોજી, સાધનો અને જ્ઞાનની પદ્ધતિ ઉપર આધાર રાખે છે. મોટા બંધનો રાજકીય સંદર્ભ ખાસ થોડાક સમૃદ્ધ અને ઘણા બધા અકિંચન લોકોના વિરોધ સાથે સંબંધ ધરાવે છે. (હિર્ષ ૧૯૮૮, ૮–૯)

ભૂમિના મૂળ નિવાસીઓનું રાજકીય બાબતમાં વિખૂટાપણું રાષ્ટ્રીય રાજકારણ સાથેના તેમના એકત્વને કારણે સધાય છે. આને કારણે તેમની પરંપરાગત રાજકીય સંસ્થાઓ નાશ પામે છે. તેઓને રાજ્ય સાથે જોડી દેવામાં આવે છે. પ્રભુત્વ ધરાવતા વર્ગની રાજકીય સંસ્થાઓને તેમણે માન્ય કરવી પડે છે અને તેની સાથે ભળી જવું પડે છે. તેમનું સંપૂર્ણ રાજકીય એકત્વ સિદ્ધ કરવા પ્રભુત્વ ધરાવતા સમાજના રાજ-કીય સત્તાધીશોને તેમના ઉપરી તરીકે મૂકવામાં આવે છે. આ બધાને પરિણામે રાજકીય રીતે તેઓ સત્તા-વિહોણા બને છે, અકિંચનો બને છે તથા પ્રભુત્વ ધરાવતા સમાજ દ્વારા શોષણના ભોગ બને છે.

ઉપરનાં પરિબળોને કારણે આ સમાજોની સંસ્કૃતિ પણ ધીમે ધીમે વિઘટિત થાય છે. તેમની પરંપરાગત સંસ્કૃતિના વિઘટનની આ પ્રક્રિયા જાણીબૂજીને દબાણ-પૂર્વક, પ્રભુત્વ ધરાવતા વર્ગના નિયંત્રણ હેઠળના રાજ્ય અને તેની એજન્સીઓ દ્વારા અમલમાં મુકાતા સુધારા

દ્વારા વધારે વેગવંતી બને છે. રાજ્ય દ્વારા ભૂમિના મૂળ નિવાસી લોકોને 'રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ'માં લાવવાને બહાને અમલમાં મુકાતી 'ઈન્ટીગ્રેશન' અને 'એસોસીયેશન'ની પોલિસી તેમને તેમની સાંસ્કૃતિક સ્વતંત્રતાથી વિખૂટા કરવા તરફ તેમ જ તેમની 'ઓળખ'ને પૂર્ણપણે ગુમાવવા તરફ દોરી ગઈ છે. ભાષાથી માંડીને લગ્નના રીતરિવાજો અને ધર્મ સુધીના તેમના જીવનના દરેક પાસા ઉપર હુમલો કરવામાં આવ્યો છે. અમુક ચોક્કસ જાતિની ઓળખ વ્યક્ત કરનારું મજબૂત પરિબળ ભાષા હોય છે. ભૂમિના મૂળ નિવાસી લોકોની ભાષાને દબાવી દેવાની અને એ વિસ્તારમાં વપરાતી પ્રભુત્વ ધરાવતા વર્ગના લોકોની ભાષા તેમના ઉપર લાદવાની વણ જાહેર થયેલી નીતિ કામ કરી રહી છે. એક વિખ્યાત ભારતીય સમાજશાસ્ત્રીની દૃષ્ટિએ આદિવાસીઓની ભાષાઓ 'માત્ર વાણીનો ભ્રષ્ટાચાર છે અને તેમનું અસ્તિત્વ ટકાવવા માટે અપાત્ર છે.' (ઘૂર્યે ૧૯૬૩ : ૧૮૭). ભૂમિના મૂળ નિવાસી લોકોની ભાષાને દબાવી દેવી એ તેમને દબાવી રાખવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે જેથી તેઓનું સરળતાથી શોષણ થઈ શકે.

આર્થિક, રાજકીય અને સામાજિક બાબતોમાં ભૂમિના મૂળ નિવાસી લોકોનું જે વિખૂટાપણું સર્જાઈ રહ્યું છે તેણે તેમની ધાર્મિક પદ્ધતિ પર પણ અવળી અસર કરી છે. તેમની પરંપરાગત ધાર્મિક પદ્ધતિ ધીમે ધીમે તૂટી રહી છે, જે તેમની સામાજિક-ખેતીવિષયક પદ્ધતિ સાથે સંકળાયેલ હતી. પરિવર્તનનાં જે નવાં બળોએ આકાર લીધો છે તે તેમની પરંપરાગત ધાર્મિક પદ્ધતિના માળખાથી પર છે. બહારનાઓના ધસારાની સાથે સાથે વિદેશી બોંગાઓ (Evil spirit) એ પણ તેમના દેશ પર હુમલો કર્યો છે. આ બોંગાઓની રીઝવણીએ નાણાંકીય રીતે આ લોકોને લગભગ પાયમાલ કરી દીધા છે. આ રીતે સતત ભાંગી પડવામાંથી પરિણમતી અનિવાર્ય હતાશા નવા પ્રકારના ધર્મો રચવા તરફ, પુનઃચેતનાની ચળવળો અને તારણહાર માટેની ચળવળો તરફ વળે છે. દાખલા તરીકે આ લેખના લેખકને એકલા સિંઘભુમમાં જ હો આદિવાસીઓની નવી ૧૫ જેટલી ધાર્મિક ચળવળોની માહિતી મળી છે. તેમના સમાજમાં જે ફેરફાર થઈ રહ્યો છે તેની આ ચળવળો નિશાની છે.

ભૂમિના મૂળ લોકોનું શ્રમજીવીકરણ અને ગુલામીકરણ

આપણે આગળ જોયું છે કે સિંઘભુમ જિલ્લો આખા દેશમાં ખનિજો અને જંગલોની દૃષ્ટિએ સૌથી સમૃદ્ધ જિલ્લો છે. એ સાથે જ વિશાળ આદિવાસી સમૂહોનું માદરે વતન પણ છે. ઉપરાંત 'રાષ્ટ્રીય હિત' ના નામે આ જિલ્લો તેની કુદરતી સંપત્તિના ઉપયોગ માટેની એક રાક્ષસી ઔદ્યોગીકરણની પ્રક્રિયાનો સાક્ષી પણ થઈ રહ્યો છે. 'રાષ્ટ્રીય હિત'નું તત્ત્વજ્ઞાન (જે રાજ્યકર્તા મૂડીવાદી વર્ગના હિત સિવાય બીજું કંઈ નથી) આ વિસ્તારમાં વિકાસની જે પ્રક્રિયા આકાર લઈ રહી છે તેનો પાયાનો માર્ગદર્શક સિદ્ધાંત છે. બીજા શબ્દોમાં વિકાસના નામે આદિવાસીઓના વિસ્તારો વિકાસના સાક્ષી નથી બની રહ્યા પરંતુ લોકો ઉપર અને ભૂમિની કુદરતી સંપત્તિ ઉપર વસાહતવાદી અને મૂડીવાદી શોષણ દ્વારા એક પ્રકારનો બળાત્કાર થઈ રહ્યો છે. આ ભૂમિ ઉપર અને ભૂમિના મૂળ નિવાસીઓ ઉપર ઔદ્યોગીકરણની પ્રક્રિયા દ્વારા ખાણો ખોદીને, જંગલો કાપીને જે જંગલિયાત આચરાઈ રહી છે તેનાથી આ લોકોની હાલત જ ખરાબ નથી થઈ પરંતુ આ વિસ્તાર ભૂસ્તરશાસ્ત્રીય વિનાશને આરે પહોંચી ગયો છે.

સિંઘભુમની સંપત્તિના વિશાળ પાયા પરના ઉપયોગ માટે સસ્તા દરના મજૂરોનું એક મોટું દળ જોઈએ. ભૂમિના મૂળ નિવાસી લોકો જેઓને કંગાલિયતની સ્થિતિમાં મૂકી દેવામાં આવ્યા છે તેઓને ઉદ્યોગો, ખાણો, જંગલો અને બીજાં કામોમાં મજૂરોની ભૂમિકા સ્વીકારવાની ફરજ પડે છે. મૂડીવાદી વિકાસ અને શોષણ આમ ભૂમિના મૂળ નિવાસી લોકો માટે વિષવર્તુળની જેમ કામ કરી રહ્યાં છે. એક તરફ

યોગ્ય વળતર સંબંધે તે 'કરકઈ બંધ સંઘર્ષ સમિતિ'ના નેજા હેઠળ ભેગા કરતો હતો. પુનર્વસવાટ માટેની કોઈ પણ જાતની યોગ્ય વ્યવસ્થા કર્યા વિના સરકાર તેઓની જમીન આંચકી લેતી હતી. બળજબરીથી લેવાતા આ કબજા સામે કલુંડિયા ચળવળ ચલાવતો હતો તેથી જ એપ્રિલ ૧૯૮૨ના રોજ પોલીસે એના ગામ પર છાપો માર્યો; એની જાંઘ પર ગોળી મારી અને એનું ઘર લૂંટ્યું. ઘાયલ થયેલા કલુંડિયાને પછી એક ટ્રકમાં છઈબાસા લઈ જવામાં આવ્યો. એને હોસ્પિટલમાં લઈ જવાને બદલે પોલિસ છઈબાસાથી દૂરના એક સ્થળે લઈ ગઈ. ત્યાં એને સખત માર મારવામાં આવ્યો અને છેવટે મારી નાખવામાં આવ્યો. ગ્રામવાસીઓએ કલુંડિયાના મૃતદેહને પાછો મેળવ્યો ત્યારે તેમણે જોયું કે તેનું આખુ શરીર બેયોનેટના ઘાથી ભરેલું હતું અને એનાં ગુહ્યાંગો ગુમ થયાં હતાં. કલુંડિયાની પત્ની દ્વારા સ્થાનિક થાણામાં ફરિયાદ નોંધાવવામાં આવી પણ થાણેદાર અધિકારીએ એ સ્વીકારવાના ઈન્કાર કર્યો. રાંચીના ટ્રાઈબલ વેલફેર કમિશ્નરે આ બનાવની તપાસ કરી અને સી.બી.આઈ.ની તપાસ માગતો એક ખાનગી અહેવાલ સરકારને મોકલ્યો. પરંતુ આજ દિન સુધી ગુનેગાર અધિકારીને દંડવા માટે કશું કરવામાં આવ્યું નથી.

આ વિસ્તારમાં મોટા બંધની અનાવશ્યકતા અંગેની ટ્રાઈબલ વેલફેર કમિશનની રીમાર્ક ખાસ ધ્યાન આપવા જેવી છે. ૧૯૮૫માં વિધાનસભાના એક સ્થાનિક સભ્યે અન્ય ગ્રામ-આગેવાનો સાથે ત્યારના વડાપ્રધાનને આ યોજના રદ કરવાની વિનંતિ કરતું મેમોરેન્ડમ આપ્યું હતું ડીમરડીહાની કિસાન પંચાયતે સુપ્રીમ કોર્ટમાં કરેલા કેસનો હજી કોઈ ચુકાદો આવ્યો નથી.

ઝારખંડ મુક્તિ મોરચા, કોલ્હાન રક્ષા સંઘ, ઝારખંડ મુક્તિ આંદોલન, ઈછાકરકઈ વિસ્થાપિત સંઘ જેવાં રાજકીય અને અન્ય જૂથો દ્વારા ભૂમિના મૂળ નિવાસીઓની જુદી જુદી લડતો સુવર્ણરેખા મલ્ટી પરપઝ પ્રોજેક્ટને કારણે ચાલતાં વિવિધ પ્રકારનાં શોષણો સામે ચાલે છે. આ લોકોની સમસ્યાને સહાનુભૂતિપૂર્વક સમજવાને બદલે અને સંવાદ દ્વારા તેનો ઉકેલ લાવવાના પ્રયત્નો કરવાને બદલે સરકારે વધારે ને વધારે બળપ્રયોગ દ્વારા એ દબાવી દેવાનું યોગ્ય માન્યું છે. તેમના વિરોધના અવાજને દબાવી દેવા માટે સ્થાપિત હિતો અને અધિકારીઓ દ્વારા ભયનું સામ્રાજ્ય ફેલાવવામાં આવે છે.

એસ.એમ.પી.નો વિકલ્પ

એ યાદ રાખવું અગત્યનું છે કે આ વિસ્તારને અનુરૂપ સિંચાઈની અને અન્ય વૈકલ્પિક વ્યવસ્થા છે; પરંતુ સ્થાપિત હિતો દ્વારા આવી સિંચાઈ પદ્ધતિઓને ઇરાદાપૂર્વક પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી. તળાવો, સરોવરો, અહારા જેવી ઓછી ખર્ચાળ પદ્ધતિઓ છે અને તે પરંપરાગત જાણકારી તથા લોકોની સામેલગીરી પર આધારિત છે. બે નદીના વિભાજનને સમજવાની દૃષ્ટિવાળી પાણી માટેની યોગ્ય વ્યવસ્થા છે. મોટા સિંચાઈ પ્રોજેક્ટ આવા બે નદીના વિભાજનવાળી પાણીની વ્યવસ્થા બાબત તળિયેથી જુએ છે, ખરેખર વરસાદ ક્યાં કેટલો પડે છે તે જોવું જોઈએ અર્થાત્ ઉપરથી જોવું જોઈએ. પાણીની વ્યવસ્થા માટેની પરંપરાગત પદ્ધતિ તળાવો, સરોવરો વગેરે નાના કદ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ઉપરથી નીચે સુધી સુગ્રથિત હોય છે. આ પદ્ધતિઓ પાછળનો પાયાનો સિદ્ધાંત પાણી જ્યાં પડતું હોય ત્યાં તેને સંઘરવાનો છે.

આવા વિકલ્પો આયોજનની સમગ્ર પ્રક્રિયાને પાછળ લઈ જાય છે; જ્યાં દરેક ગામ એક એકમ હોય અને એના વિકાસને લગતા નિર્ણયો સાધનોને ધ્યાનમાં રાખનારા લોકોના હાથમાં હોય છે. વિકાસ અને રક્ષણ ત્યારે હાથમાં હાથ લઈ ચાલશે અને લોકોની જરૂરિયાતના પ્રતિભાવમાં ઔદ્યોગીકરણનો વિકાસ થશે. (અનુ. શાંતિલાલ મેરાઈ)

સંદર્ભ સૂચિ

Basant, Sunila. Confidential report No. 1247 Sent to The Commissioner and Secretary,

Home Department, Old Secretariat, Bihar, Patna, dated the 5 th June, 1982. This report was filed in the Supreme Court of India in connection with writ petition Nos 371-75 of 1983.

Bodley, John H., Victims of Progress (California, 1982)

Dalton, E. T. Tribal History of Eastern India (Delhi, Cosmo Publications, 1973, reprint)

Fernandes, Paul. Subarnarekha Multipurpose Project: Towards Evolving a Strategy for the Management of Displaced Families (Jamshedpur, X.L.R.I, 1985)

Ghurye, G. S. The Scheduled Tribes (Bombay: Popular Prakashan, 1963)

Government of Bihar, Irrigation Department. Subarnarekha Multipurpse Projoet

Haimendorf, Christoph von Furer Tribes of India: The Struggle for Their Survival (Delhi: Oxford University Press, 1982)

Hirsch, Philip. 'Dammod or Damnod? Hydropower versus People's power' Bulletin of Concerned Asian Scholars, Vol. XX, No. 1, 1988.

Huntor, G. P. A statistical Account of Bengal, Vol. XVII (Delhi: Concept Publishing Company, 1976, reprint)

Huq, Masoodul. 'How the Police killed a war hero' Sunday, Vol. IX, No. 49, 23–29 May, 1982.

I.L.O. Report of ILO—Convention, 1957 (No. 107) (Geneva, 1–10 September 1986), Meeting of Experts on the Revision of the Indigenous and Tribal Populations, (Published by A. K. Kisku. Calcutta, 1987)

Jha, I.M. 'Subarnarekha project to have two barrages', Th Indian Nation (September 4, 1981)

Noil, Thomas P The Rise and Decline of Liberalism (Milwaukee: 1953)

Raj, Aloysius. Stop tho construction of the Kharkai dam in the interest of tribals & nation (Chaibasa: Tribal Documentation Centre, Year unknown)

Roy Chaudhury, P.C., *Bihar District Gazetteers*, Singhbhum (Patna: 1958)

25232

કોયના બંધ યોજનાના વિસ્થાપિતોનો પુનઃવસવાટ

ઈરાવતી કર્વે

કોયના બંધ યોજના મહારાષ્ટ્રની સૌથી મોટી સિંચાઈ યોજના છે. જેમાં વિસ્થાપિતોને વૈકલ્પિક જમીન, ઘરથાળના પ્લોટ, વાહતુક ખર્ચ વિગેરે આપવાની જવાબદારીનો સરકારે સ્વીકાર કર્યો હતો. આ જવાબદારીની પશ્ચાદભૂને આધીન અભ્યાસના ચાર ઉદ્દેશો હતા જેમાં (૧) કેટલે અંશે સરકાર પુનઃવસવાટનો કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરી શકી? કેટલી હદે તેને તેમાં નિષ્ફળતા મળી? નિષ્ફળતાનાં કારણો શાં? (૨) કેટલી હદે અને કેટલી ઝડપે લોકો પોતાની જીવનપદ્ધતિમાં સફળતાપૂર્વક પરિવર્તન સ્વીકારવાને સફળ થયા? (૩) રોકડ વળતરનો કઈ રીતે લોકોએ ઉપયોગ કર્યો? નવું જીવન બનાવવામાં રચનાત્મકપણે વળતરનો ઉપયોગ થયો છે એમ કોઈ કહી શકે ખરું? (૪) અસરગ્રસ્તોના વિકાસ માટે જે ફંડનો, સમયનો અને વહીવટી માળખું ઊભું કરવામાં આવ્યું હતું તેનો હકારાત્મક રીતે ઉપયોગ થયો છે કે કેમ? (અભ્યાસ ૧૯૬૫માં હાથ ધરવામાં આવ્યો હતો.)

કોયના પ્રોજેકટની પ્રાથમિક માહિતી પુનઃવસવાટ ખાતામાંથી મેળવાઈ હતી. સરકારી સ્રોતો મુજબ કોયના બંધ યોજનાને લીધે ૧૦૦ જેટલાં ગામોના આશરે ૩૦,૦૦૦ લોકોને અસર થનાર હતી. ડૂબમાં જતી ૩૦,૦૦૦ એકર જમીન પૈકી ૪૫૦૦ એકર ડાંગરની જમીન, ૪૫૦૦ એકર અન્ય વાર્ષિક પાકોમાં અને ૨૧,૦૦૦ એકર જમીન 'કુમરી' અથવા ફરતી ખેતી (Shifting cultivation) હેઠળ હતી.

કુલ ૬૦૨ કુટુંબોનો સેમ્પલ સર્વે કર્યો હતો. જે પૈકી ૧૨૯ ખીણ વિસ્તારમાં જ રહ્યાં હતાં. ૧૮૮ સતારા જિલ્લાની અંદર જ વસ્યાં હતાં. ૨૯ સાંગલી જિલ્લામાં જઈ વસ્યાં હતાં. ૨ રત્નાગિરિમાં અને ૨૪૪ મુંબઈ શહેર નજીકના કોલાબા અને થાણા જિલ્લાના ઔદ્યોગિક કાંઠા પ્રદેશમાં વસ્યાં હતાં.

દરેક વસાહતમા સહેલાઈથી જઈ શકાય તેવી નજીકની વસાહતમાં રહીને અન્વેષકોએ ઉત્તરદાતાની ભાષા—મરાઠીમાં પ્રશ્નો પૂછીને જવાબો મેળવ્યા હતા. પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા વિશેની માહિતી, નવી વસાહતના સ્થળની પસંદગીનાં કારણો, જૂના અને નવા ગામની સરખામણી, સરકાર પાસેથી મળેલ સહાય, સગવડ અને વળતર, વાહતુક સગવડો, નવા સ્થળનાં સામાન્ય લક્ષણો, જમીન, પાકો, નવી વસાહતના સ્થળે અનુકૂળ થવામાં પડેલી મુશ્કેલીઓ વિગેરે માહિતીઓ હતી.

જમીન

૬૦૨ ઉત્તરદાતા પૈકી ૪૭, અગિયારથી પચાસ એકર, ૧૧૮ છથી દશ એકર અને ૩૮૦ પાંચ એકર સુધી ડાંગરની જમીન ધરાવતા હતા. ૬ જમીનવિહોણા હતા. ૩૫ ચોક્કસ કેટલા એકર જમીન ધરાવે છે તે કહેવાને અશક્તિમાન હતા.

ડાંગરની જમીન વિશે ઉત્તરદાતા ચોક્કસ હતા. કુમરી જમીન વિશે તેઓ ચોક્કસ ન હોવાને કારણે તેની માહિતી મેળવવામાં આવી નહોતી.

કોયના ખીણ વિસ્તારમાં વરસાદ ઘણો પડતો હતો. અને ઝરણાંમાંથી ઉનાળુ પાક માટે પાણી મળતું જેથી અહીંના ખેડૂતો ત્રણ પાકો પકવતા હતા. રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને ખેતીનાં

નવીન ઉપકરણો વિશે લોકો અજાણ હતા જેથી તેઓનું ખેત-ઉત્પાદન નીચું હતું. ખીણ વિસ્તારના ૮૦ ટકા લોકો ખેતીના વ્યવસાયમાં હતા અને તેઓ માત્ર પોતાના જ જીવનનિર્વાહને જરૂરી પાક પકવતા હતા. વેચી શકાય તેટલું અનાજ પાકતું નહોતું. સામાન્ય રીતે એવું સાંભળવા મળ્યું હતું કે ડૂબમાં જતી જમીનની વૈકલ્પિક જમીન સરકારે પૂરી પાડી હતી. બીજા હેતુ માટે જે જમીન સંપાદન કરવામાં આવી હતી તે જમીન-માલિકોને વળતર ચૂકવી દેવાયું હતું જેમાંથી તેમણે જમીન ખરીદવાની હતી. જૂની જમીનની આકારણી કરી એકરના ૪૦ થી ૮૦૦ રૂ. સુધી ચૂકવવામાં આવ્યા હતા.

સરકારે ૪,૫૦૦ એકર ડાંગરની જમીન સામે ૨૧,૦૦૦ એકર જમીન ઢાળવાળી સંપાદન કરી હતી. દેખાતી રીતે જ લોકોએ વધુ પડતી જમીન ઢાળવાળી ગુમાવી. આમ તેમને સરેરાશ ઓછું વળતર મળ્યું જ્યારે નવી અપાયેલી જમીનની ઊંચી કિંમત ચૂકવવી પડી. આ ઉપરાંત તેમને નવા સ્થળે જમીન ખેતી યોગ્ય બનાવવા માટે પણ ખર્ચ કરવો પડ્યો. દાખલા તરીકે સતારા જિલ્લામાં પાડાલી નજીક ડારે ગામમાં વિસ્થાપિતોને ૫૦ થી ૧૦૦ રૂ. એકરનું વળતર મળ્યું જ્યારે નવી જમીન તેમને ૩૦૦ રૂ. એકરના ભાવે મળી. પરિણામે નવા સ્થળે સરેરાશ જમીન ધારણનું કદ ઘણું ઘટી ગયું.

૬૦૨ ઉત્તરદાતા પૈકી ૪૩૧ કુટુંબોને પૂર્ણતઃ અથવા અંશતઃ પડતર જમીન મળી હતી જેમાંથી ૧૯૬ પડતર જમીનને ખેતી હેઠળ લાવી શક્યા નહોતાં. મોટા ભાગે જમીન ખેડાણ હેઠળ લાવવા માટે લોકોએ પોતે ખર્ચ કરવો પડ્યો હતો. અસરગ્રસ્તોને જંગલની જમીન ફાળવવામાં આવી હતી. જંગલ પરનાં ઝાડો સરકારે કાપી લીધાં હતાં. કેટલાક ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું હતું કે જૂની જમીન પરનાં ઝાડોનું નજીવું વળતર મળ્યું હતું જ્યારે નવી જમીનનાં ઝાડો માટે તેમણે મોટી રકમ ચૂકવવી પડી હતી.

ઉત્તરદાતાઓના જણાવ્યા પ્રમાણે જમીનને ખેતીલાયક વિકસાવવા માટે સરકારે ખર્ચ કરવાનું વચન આપ્યું હતું પણ તપાસ સમયે મોટાભાગની જમીન પર અસરગ્રસ્તોએ કબજો મેળવ્યાને વર્ષો થયાં હોવા છતાં એ જમીન બિનખેડાણ હતી. મોટાભાગના લોકો એવું માનતા હતા કે સરકાર તેનું વચન નિભાવવાને નિષ્ફળ ગઈ છે.

જમીન પડતર હોવાને કારણે લોકોને આવકના બીજા સ્રોતો પર આધાર રાખવો પડતો હતો. કુટુંબનો ઓછામાં ઓછો એક સભ્ય બહારગામથી કમાણી કરી પૈસા મોકલાવતો હતો જેમાંથી તેઓનું ગુજરાન ચાલતું હતું.

વિસ્થાપન પૂર્વે અને પછી પાકની તરાહમાં ઘણો ફેરફાર થયો હતો. વિસ્થાપન પૂર્વે જ ૫૭૮ કુટુંબો ડાંગર અને બીજા પાકો ઉગાડતા હતા તેમાંથી માત્ર ૨૪૬ કુટુંબો જ હવે નવા સ્થળે ડાંગર ઉગાડી શકતા હતા. પહેલાં ૭ કુટુંબો નીચાની, વારી અને બીજા પાકો લેતા હતા તેને બદલે હવે ૭૭ કુટુંબો તે પાક નવા સ્થળે લે છે.

આમ, ડાંગરની જમીન ગુમાવવાથી લોકો ડાંગરના બદલે ઊતરતી કોટિના પાકો પકવતા થઈ ગયા હતા. કોયના ખીણ વિસ્તારમાં એક પણ કુટુંબ જુવારની ખેતી કરતું નહોતું જ્યારે નવા સ્થળે ૧૨૫ કુટુંબો તે પાક કરે છે. તેઓને જુવારનો પાક કરવો ગમતો નહોતો અને તે પાકની ખેતી વિશે પણ અજ્ઞાન હતા. આમ છતાં લોકોએ સ્વેચ્છાએ નવી વસાહતનું સ્થળ પસંદ કર્યું હતું જેથી તેઓ સરકારનો વાંક જોતા નહોતા. લોકો માનતા હતા કે તેમને કોયના ખીણ વિસ્તાર કરતાં ફળદ્રુપ જમીન મળી છે પણ પૂરતા પાણીનો અભાવ હતો. પૈસાના અભાવે તેઓ રાસાયણિક ખાતરનો ઉપયોગ કરી શકતા નહોતા. બીજી મુશ્કેલી એવી હતી કે લોકો પાસે નાનાં નાનાં ખેતરો જુદી જુદી જગ્યાએ હતાં જેનાથી ખેડાણ એકમ બિનઆર્થિક બની જતું હતું. સરકાર આ

બાબત લોકોનો વાંક જોતી હતી.

વિસ્થાપિતો જૂની વસાહતમાં ગાઢ જંગલમાં વસેલા હતા, જ્યાં વરસાદનું પ્રમાણ ઊંચું હતું. લોકો વિના ખર્ચે ઢોરો પાળી શકતા હતા. ૧૦૨ કુટુંબો-માંથી ૫૪૩ પાસે ઢોરો હતા. આમાંથી ૧૧૨ કુટુંબો સિવાયના લોકો સરકારી જમીનમાં ઢોરો ચરાવતા હતા. ઘરગથ્થુ ઉપયોગ તેમ જ વેચવાના હેતુસર ઢોરો રખાતાં હતાં.

નવા સ્થળે જેઓ ખીણ વિસ્તારની બહાર રહેવા ગયા હતા. તેઓને ગોચરની જમીન નહોતી જેથી ઢોરોને પાળવા માટે તેઓને ઘાસચારો ખરીદ કરવો પડે તેમ હોવાથી મોટાભાગના લોકો ઢોર રાખતા નહોતા અથવા એક કે બે જ રાખતા હતા.

અન્ય યોજનામાં બને છે તેમ આ યોજનાના બધા ખાતેદારોના નામે જમીન નહોતી. મોટાભાગના કિસ્સાઓમાં પોતાને નામે અને કેટલાક કિસ્સાઓમાં સ્વર્ગસ્થ થયા હોય તેવાના નામે જમીન હતી.

અભ્યાસ હેઠળના સેમ્પલ પૈકી મરાઠા અને મહાર બે જૂથો મુખ્યત્વે હતાં. સેમ્પલના ૮૧ ટકા મરાઠા હતા. સમગ્ર ખીણ વિસ્તારમાં આટલી મોટી વસ્તી મરાઠાઓની હતી. સેમ્પલ હેઠળનાં ૧૦૨ કુટુંબો પૈકી મરાઠા ૮૯૧, મહાર (બૌદ્ધ ધર્મ) ૮૫ અને બાકીના નાવીસ, પારીટ, સુથાર, ગુરાવ, કુંભાર વગેરે હતા.

૮૫ મહાર પૈકીના ૩૨ મહારોએ મરાઠા ભેગો વસવાટ કર્યો હતો. જેઓ મરાઠાની વસાહત કરતાં એક ફર્લાંગ છેટે વસ્યા હતા. વસાહતમાં મરાઠા અને મહાર બન્નેની પીવાના પાણીની વ્યવસ્થા અલગ હતી. આમ, વિસ્થાપનને લીધે જૂના ખ્યાલો દૂર થયા નહોતા.

નવી વસાહતોમાં પણ ગામની રહેણાકની પદ્ધતિ અને વર્તણૂક સરખી જોવા મળી. સતારા રોડ પાસે ભીમનગર ખાતે વસતા મહારો અને મરાઠાઓ વચ્ચે ઘણો રોષ પ્રવર્તતો જોવા મળ્યો હતો. કારણ મહારો પાછળથી આવતાં તેમની પાસે જમીન ઓછી રહેવા પામી હતી. મરાઠાઓ મહારો સાથે સ્કૂલમાં પણ ભેગા રહેવા માંગતા નહોતા. મહારો નવા સ્થળે દેવ-દેવીઓ અને મંદિરો લાવી શક્યા નહોતા. આમ છતાં, તેઓ નવા સ્થળે બુદ્ધ અને આંબેડકર જયંતી સારી રીતે ઊજવી શકશે તેવો દાવો કરતા હતા.

શિક્ષણ

કોયના ખીણ વિસ્તાર કે જ્યાંથી નદી શરૂ થાય છે એ સતારા જિલ્લાનો ઘણો પછાત ગણાતો વિસ્તાર છે. નદીને બન્ને કિનારે આવેલ મોટા પર્વતોને લીધે તે બાહ્ય દુનિયાથી વેપાર અને આવનજાવનના સંદર્ભમાં કપાઈ જાય છે.

આમ છતાં, જમીન ધારણનું પ્રમાણ ઓછું અને જમીનની પ્રત નબળી હોવાને લીધે ખીણ પ્રદેશના લોકો બહાર અને ખાસ કરીને મુંબઈ તરફ નોકરી-ધંધાની શોધમાં ગયા હતા. આને લીધે લોકો પર શહેરી અસર વર્તાઈ હતી. જેના ભાગરૂપે શિક્ષણનું પ્રમાણ પણ તેઓમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની સરખામણીમાં સરેરાશ વધુ હતું.

સેમ્પલના ૩૬૦૫ લોકો પૈકી ૩૪.૫૩ ટકા એટલે ૧૨૪૫ લોકો અક્ષરજ્ઞાન ધરાવતા હતા. જોકે કુલ અક્ષરજ્ઞાનનો દર ઊંચો હોવા છતાં સેમ્પલનાં ૧૯.૪૪ ટકા કુટુંબો અભણ હતાં.

જેઓ ખીણ વિસ્તારમાં રહ્યા હતા તેઓ અજ્ઞાન, ગરીબ અને પછાત રહેવા પામ્યા હતા હતા. તેઓને સ્થળાંતર વખતે પોતાનાં હિત રક્ષવા માટે ચોક્કસ નિર્ણય લેવા બાહ્ય દુનિયાનું પૂરતું જ્ઞાન અથવા શિક્ષણ નહોતું અને જેઓ મોટેભાગે ખીણ વિસ્તારની બહાર રહ્યા હતા તેઓને શિક્ષણ અને બાહ્ય દુનિયાનું વિશેષ જ્ઞાન હતું. જેને કારણે તેઓ જીવનનિર્વાહ માટે જમીન પર આધારિત ન હતા. છતાં પણ તેનું વળતર મળતાં અણધાર્યો લાભ પામ્યા હતા.

ધંધા

સેમ્પલ હેઠળના ૮૦.૯૦ ટકા લોકો સંપૂર્ણ અથવા

અંશતઃ ખેતીના વ્યવસાયમાં હતા. આનો અર્થ એવો નથી કે આ તમામનું ખેતીના વ્યવસાયમાંથી પૂરતું ભરણપોષણ થઈ રહ્યું હતું. જમીનધારણનું પ્રમાણ ઘણું ઓછું હતું અને બીજા વિસ્તારમાં તેમને કોઈ એવું કામ ઉપલબ્ધ નહોતું જે તેમની આવકમાં પૂર્તિ કરી શકે.

આમ, જે કુટુંબોમાં ખેતી સિવાયની બીજી કોઈ આવક નહોતી તેવાઓનો માંડ માંડ નિર્વાહ થતો હતો.

૧૬ કુટુંબના વડા પાસે જમીન નહોતી. જેમાંના ૬ સંબંધીની જમીન ભાગે ખેડતા હતા. જ્યારે બાકીના દસ ખેતી સિવાયના વ્યવસાયમાંથી ગુજારો કરતા હતા. અસરગ્રસ્ત કુટુંબોના વિસ્થાપન પૂર્વે અને પછીના ધંધાની સરખામણી કરતાં જાણવા મળે છે કે ઘણા બધાનો ધંધો બદલાઈ ગયો છે.

સ્થાનગત અથવા પર્યાવરણમાં ઘણો બધો ફેરફાર થવાથી લોકોના વ્યવસાયની તરાહ પર તેની અસર થવા પામી હતી. આ ફેરફાર લાવવામાં જે જમીન ગુમાવી તેના બદલામાં થોડી પડતર જમીન મળી તે એક જવાબદાર કારણ હતું. ખેતી, કારખાનાંઓ, કાયમી નોકરી વગેરેની ઉપલબ્ધતાએ પણ ધંધો બદલવામાં અગ્રીમ ભાગ ભજવ્યો હતો.

ધંધો બદલવાનાં કારણો સંબંધી પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે જે ૨૮૪ એ ધંધો બદલ્યો તે પૈકી ૭૨ જણાએ ખેતીમાં પૂરતું થઈ રહેતું નથી તેમ જ ૫૧ જણાએ જમીન નહિ મળવાને કારણે ધંધો બદલ્યો હોવાનું કહ્યું હતું.

મહાર કે જેઓ સ્થળાંતર પછી બૌદ્ધો બન્યા હતા તેમાંના ૩૫ કુટુંબના વડામાંથી ફક્ત ૧૭ જણા જ્ઞાતિનો ધંધો કરતા હતા. બૌદ્ધો થવાને કારણે તેઓએ જ્ઞાતિના પરંપરાગત ધંધાને તિલાંજલી આપી હતી. મરાઠાઓથી તેમણે જુદી વસાહત ઊભી કરી હતી. આને લીધે વિસ્થાપન પછી ગામની વતનદારી (જજમાની) પ્રથા ભાંગી પડી હતી. જૂજ સંખ્યામાં લોકો જ્ઞાતિનું કામ કરતા હતા તેમાં ફેરફાર થયો હતો.

નવા સ્થળે જ્યાં સુથાર ગયા હતા તે પણ હવે ખેતઓજારો બનાવવાને સક્ષમ નહોતા.

સેમ્પલના બે કુંભાર ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે જે નવા સ્થળે તેઓ રહેવા ગયા હતા ત્યાં માટી-કાદવનાં વાસણ બનાવવાને માટે યોગ્ય ન હોવાને લીધે પોતાનો પરંપરાગત ધંધો ગુમાવ્યો હતો.

દરેક જૂથના લોકો ખેતીમાં દૈનિક મજૂરીનું કામ કરતા થયા હતા. ખેતીનું ઉત્પન્ન વધતી જતી કોયના વસ્તીને પહોંચી વળે તેમ ન હોવાને લીધે વધુ ને વધુ રહેવાસીઓ જ્યાં મળે ત્યાં ખેતમજૂરી જેવા કામની શોધમાં હતા.

વિસ્થાપન પૂર્વે ૪૩૩ અસરગ્રસ્તો ખેતી કરતા હતા. એ સંખ્યા વિસ્થાપન બાદ ઘટીને ૩૦૭ની થઈ. એ જ રીતે પૂર્વે ૬ દૈનિક મજૂરી કરતા હતા હવે વધીને ૬૨ થયા.

પ્રણાલીગત રીતે જેઓ પછાત હતા તેઓને વધુ ગેરલાભ થયાનું જાણવા મળ્યું હતું. જેમ કે વિસ્થાપન પૂર્વે ૩૬૨ મરાઠાઓ ખેતીમાં અને ફક્ત ૪ દૈનિક મજૂર હતા તે હવે વિસ્થાપન બાદ ૨૮૯ ખેતીમાં અને ૨૪ દૈનિક મજૂર બન્યા, જ્યારે મહારમાં પૂર્વે ૬૮ ખેતીના વ્યવસાયમાં અને ૧ દૈનિક મજૂર તરીકે હતો તે સંખ્યા હવે અનુક્રમે ૧૩ અને ૩૪ની થઈ.

ઘરો

સેમ્પલ મુજબનાં ૬૦૨ કુટુંબોમાંથી ૫૨૫નાં ઘરો સરોવરમાં ડૂબમાં ગયાં હતાં. જે પૈકી પ્રત્યક્ષ મુલાકાત સમયે ૨૪૬ સ્વતંત્રપણે અથવા ભેગા રહેતા હતા. ૪૬ના ઘરનું બાંધકામ ચાલુ હતું અને ૨૩૩ના હજુ ઘર બંધાયાં નહોતાં.

આમાંના ઘણાંખરા એવી ઝૂંપડીમાં રહેતા હતા કે જે ગરમી, ઠંડી અને વરસાદથી પૂરતું રક્ષણ આપી શકે તેવી નહોતી. જૂનાં ઘરોનું જે વળતર ચૂકવવામાં આવ્યું હતું તેની રકમ ખૂબ ઓછી હતી. આ વળ-

તેરમાંથી નવાં ઘરો કે પહેલાં જેવાં હતાં તે પ્રકારનાં ઘર બાંધવાનું મુશ્કેલ હતું.

મોટાભાગના અર્થાત્ પરપમાંથી ૪૫૨ જેટલાએ ઘરનું પૂરતું વળતર મળ્યું નથી એમ જણાવ્યું. ૭૭ જેટલાં કુટુંબોએ ઘર બાંધવા માટે નાણાંકીય લોન મેળવી હતી, જે રૂ. ૨,૦૦૦ સુધીની હતી અને વીસ વર્ષમાં પરત કરવાની હતી.

ઘણા ઉત્તરદાતાઓએ પોતાની નાણાંકીય સ્થિતિ અનિશ્ચિત હોવાને કારણે લોન લીધી નહોતી તેવું કહ્યું. જો તેઓ લોન ચૂકવી ન શકે તો સરકાર તેઓનાં ઘરો જપ્ત કરશે એવા ધાકે તેમણે મુસીબતો વચ્ચે જીવવાનું વિશેષ પસંદ કર્યું.

ઘર માટે કુટુંબદીઠ રૂ. ૭૫૦ની સબસીડીની રકમ મળતી હતી જે બે હપતામાં ચુકવાતી હતી. પ્રથમ હપતો ઘરના બાંધકામમાં ખર્ચાઇ જાય પછી જ બીજો હપતો મળવાપાત્ર હતો. ઘટક વિકાસ અધિકારીના કહેવા પ્રમાણે મોટાભાગના લોકોએ સબસીડીની રકમ રોજ-બ-રોજના ખાધા-ખોરાકીમાં ખર્ચી કાઢી હતી જેથી તેઓને બીજો હપતો રોકડમાં આપવાને બદલે વસ્તુના સ્વરૂપમાં અપાયો હતો. પણ તેમાંયે બધાંને વસ્તુઓ મળી નહોતી. કોકને પતરાં મળ્યાં તો કોકને સીમેન્ટ મળી. ૬૦૨ ઉત્તરદાતામાંથી ૨૮૩ને કોઈપણ વસ્તુ મળી નહોતી.

જૂના ઘરનો કાટમાલ લઈ જવાની છૂટ હતી પણ કાટમાલમાંથી ૫ ટકા રકમ વળતરમાંથી કાપી લેવાની હતી. આમાં જે લોકો સામાન લાવ્યા નહોતા તેમના પણ પૈસા કાપી લેવાયા હતા.

એટલું જ નહિ કેટલાક લોકો સામાન નવા સ્થળે લાવેલા પણ નવા ઘર માટે નકામો થઈ પડ્યો હતો, તેમને વળતરમાંથી કાપેલા પૈસા અને વાહનુક ખર્ચ પણ માથે પડ્યો હતો.

સેમ્પલના ૬૦૨માંથી ૧૭૪ ઉત્તરદાતાઓએ વાહન ખર્ચ વધ્યું હોવાને કારણે કાટમાલ લાવ્યા નહોતા એમ જણાવ્યું હતું.

છેલ્લી ઘડી સુધી લોકો જૂની વસાહતમાં રહ્યા હતા. જેના લીધે પાણી એકાએક ચઢી જતાં લોકોએ નાસભાગ કરી મૂકી હતી. ઘણાં લોકો ખીણની બહાર જવું કે હદ વિસ્તાર (Contour)માં રહેવું તે પણ નક્કી કરી શક્યા નહોતા.

નવા સ્થળે પૂર્વતૈયારીના અભાવે તેઓને જ્યાં સુધી નવાં ઘરો ઊભાં ન કરે ત્યાં સુધી ઝૂંપડાંમાં રહેવાનું ફરજરૂપ બની ગયું હતું. હજુ તેમાંના કેટલાક તો આજે પણ ઘર બનાવી શક્યા નથી. મુલાકાત સમયે ૬૦૨ કુટુંબોમાંથી ૨૩૩ કુટુંબોએ હજુ નવાં મકાનનું બાંધકામ કર્યું નહોતું. પૂરી સાવચેતી રખાઈ હોત તો આ પરિસ્થિતિનું નિર્માણ થતું અટકાવી શકાયું હોત.

નદીના ઉપરવાસના ભાગમાં રહેતા ઘણા ઉત્તરદાતાઓએ બંધ જોયો નહોતો અને કેવો હોઈ શકે તેની કલ્પના પણ તેઓને નહોતી. તેમની કલ્પનામાં સૌથી ભયંકર રેલ પણ આટલી ભયંકર નહોતી જેમાં તેઓની ખેતીની જમીન, રસ્તા, ગામો વગેરે પાણીમાં ડૂબી ગયાં હોય.

કેટલાંક કારણો પૈકી ઉપરોક્ત એક કારણસર પણ લોકોએ બીજે સ્થળે જલદી ખસી જવાનો વિચાર ગંભીરતાપૂર્વક લીધો નહોતો.

આ અંગે આવા કેટલાક પ્રતિભાવો મળ્યા. ઘરવખરી લઈ જવા માટે અમારી પાસે કોઈ સમય નહોતો. પાણી એકદમ ધસી આવ્યું અને અમારે જીવ બચાવવા ભાગી જવું પડ્યું. પાણી ચઢી જતાં દરેક પોકારી ઊઠ્યા : દોડો, દોડો.' 'બુલડોઝરે આ અમારા ઘરને ધમરોળી નાખ્યું અને અમારે ભાગવું પડ્યું.'

કેટલાક પ્રત્યુત્તર આપતાં આંસુને રોકી શકતાં નહોતાં.

ભવિષ્યના પ્રોજેક્ટના સૂચનરૂપે કહી શકાય કે ખરેખર બંધ બન્યા પછી પાણીના ભરાવાને લીધે જે

પરિસ્થિતિ ઊભી થાય છે તેની ફિલ્મો સત્તાવાળાઓએ બતાવવી જોઈએ.

કદાચ અસરગ્રસ્તો આને લીધે પણ પ્રશ્નને ગંભીરતાપૂર્વક લે અને તેઓ જલ્દી બીજે વસવાટ માટે તૈયાર થાય. આ સિવાય ઘરનું રોકડ વળતર આપવાને બદલે ચાલી પ્રકારના (chawl-like) સસ્તાં ઘરો બાંધીને જેમ જેમ લોકો રહેવા આવતા જાય તેમ તેમ તેમને ફાળવતા જવું જોઈએ.

પૂરતા ફંડના અભાવે કોયના ખીણ વિસ્તારના કેટલાક લોકો ઘરો બાંધી શક્યા નહોતા. મુલાકાત લીધેલ ૬ ધાનગર (ભરવાડ) જેઓ ઢોર પર નિર્વાહ કરતા હતા તેમાંનો એકપણ ઘર બનાવી શક્યો નહોતો. નવા સ્થળે તેઓ કામચલાઉ (trial-base) ધોરણે રહેતા હતા. અને મોટા ભાગના કોયના ખીણ વિસ્તારમાં પાછા ફરવાનું વિચારતા હતા.

વૃક્ષોનું વળતર

જમીન, ઘરો ઉપરાંત અસરગ્રસ્તો પાસે વૃક્ષો પણ હતાં. સેમ્પલના ૬૦૨ કુટુંબોમાંથી ૫૭૪ કુટુંબો પાસે વૃક્ષો હતાં. જે પૈકી ૧૧૪ વ્યક્તિઓએ વૃક્ષો કાપી જઈને ઉપયોગ કર્યો હતો. ૧૦૭ વ્યક્તિઓએ ઘર બાંધવા માટે અને બાકીનાઓ બળતણ માટે, વેચવા માટે વગેરે હેતુસર વૃક્ષો લઈ ગયા હતા.

૧૬૮ કુટુંબોને ઝાડ કાપવાની પરવાનગી મળી પણ તેઓ તેમ કરી શક્યા ન હતા કારણ જ્યારે તેઓ ગયા ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. બીજું ટ્રાન્સપોર્ટનો ખર્ચ ઘણો મોંઘો થઈ પડે તેમ હતો.

૧૩૨ કુટુંબોને સરકારે ઝાડો કાપી હરાજી કરે તેવી સંમતિ આપી હતી. સામાન્ય રીતે ઝાડોનું વળતર ખૂબ જ ઓછું ચૂકવ્યાની લોકોની ફરિયાદ હતી. ૧ કે ૨ રૂ. ઝાડ દીઠ વળતર મળ્યું હતું. આના કરતાં લોકો જાતે કાપી જઈને કોલસા બનાવી વેચે તે પણ ઘણું ફાયદાકારક હતું. પણ અહીં તેમ ન થઈ શક્યું કારણ લોકો પાસે પૈસા નહોતા. તેમ જ ખેતર સુધી વાહન જાય તેવો રસ્તો પણ નહોતો.

કેટલાકનાં ઝાડ ડૂબી જવાથી તેમને વળતર મળ્યું નહોતું. જમીન અને ઝાડનું ભેગું વળતર અપાયું હતું.

વાહતુક ખર્ચ

સામાનની હેરફેરમાં અસરગ્રસ્તોએ જુદાં જુદાં સાધનો વાપર્યાં હતાં, જેમાં પોતે-જાતમહેનત બળદ-ગાડા ટ્રક- વગેરે ઉપયોગમાં લીધા હતા. મોટાભાગનાએ-૬૦૨માંથી ૪૦૭ અસરગ્રસ્તોએ-ટ્રકનો ઉપયોગ કર્યો હતો. ટ્રકનું ભાડું તેઓને પોતાને ચૂકવવું પડયું હતું. સરકાર માત્ર એક જ ફેરાનું મર્યાદિત ભાડું ચૂકવતી હતી ટ્રકવાળાઓ વધુ ભાડાની માગણી કરતા. અસરગ્રસ્તોએ ન છૂટકે વધારાનાં નાણાં આપવા પડતા હતા. સરકારી વાહતુક ખર્ચ અપૂરતો હતો.

૬૦૨માંથી ૨૫૦ અસરગ્રસ્તોએ ગાંઠનાં નાણાં ખર્ચવા પડયાં હતા. કારણ ત્રણ-ચાર આંટા થાય તેટલો તેમનો સામાન હતો.

સરકારે માલસામાનની હેરફેર કરવાનો કોન્ટ્રાક્ટ આપી દીધો હોત તો કમમાં કમ ટ્રકવાળા દ્વારા અસરગ્રસ્તોને જે સહન કરવું પડયું તે નિવારી શકાયું હોત. સરકારે મનસ્વી રીતે એક ટ્રક જેટલો સામાન થશે એમ માનીને વાહતુક ખર્ચ નક્કી કરવાને લીધે ઘણા બધાઓને જમીન અને ઘરના વળતરમાંથી રકમ ખર્ચવી પડી હતી જે યોગ્ય નહોતું.

રોકડ વળતર

દરેક અસરગ્રસ્ત કુટુંબે જમીન, ઘર, ઝાડ, કોઠાર વગેરે ગુમાવ્યું હતું. તેની આકારણી કરીને વળતરની રકમ ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

વાસોટા ગામના બે કુંભારો ઈનામી જમીન ખેડતા હતા. તેમની જમીન ડૂબમાં જતાં ટેકનીકલ રીતે સરકારી જમીન ડૂબમાં ગઈ હતી. તેથી તેમને વળતર અપાયું નહોતું. વળતરના પૈસા ન મળવાને કારણે તેઓ બાકી ગામલોકો ભેગા નવા સ્થળે જઈ શક્યા

નહિ. કેમ કે બીજે તેઓ જમીન ખરીદી શકે તેવા સ્થિતિપાત્ર ન હતા.

તેઓને રૂ. ૩૦૦ ચૂકવવામાં આવ્યા હતા તે લઈને તેઓ રત્નાગિરિ જિલ્લાના નાનકડા ગામમાં રહેતા તેમના સગાને ત્યાં આવ્યા હતા. સગાવહાલાને મન પણ આ લોકો સરકારી ઘણા બધા પૈસા લઈને આવ્યા હશે એમ હતું તેથી તેમણે નિરાશ્રિતોને આશરો આપ્યો અને ખવડાવ્યું. પણ તેઓએ જ્યારે હકીકત જાણી ત્યારે તેઓ વધુ સમય ટેકો આપવા તૈયાર ન થયા.

તેઓને બીજો વ્યવસાય પણ મળી તેમ શકે નહોતો પોતાના વંશપરંપરાગત ધંધો પણ જમીન અનુકૂળ ન હોવાને કારણે કરી શકે તેમ નહોતા.

પોસારે ગામના સેમ્પલમાંના બીજા બે કિસ્સામાં પણ આવી જ કથની સાંભળવા મળી. આવ-જા કરવાના પૈસાના અભાવે તેઓ દૂર સુધી નોકરી પણ કરવા જઈ શકતા નહોતા. પુનઃવસવાટના સત્તાવાળાઓ પણ આ ખોટું હોવાનું કબૂલતા હતા પણ આમાં તેઓ કાંઈ કરી શકે તેમ નથી તેવી લાચારી દર્શાવી હતી.

એ હકીકત અર્થસૂચક છે કે ૧૦૨માંથી ૩૧૩ જેટલા ઉત્તરદાતાઓએ એવું કહ્યું કે સરકારે તેમની મિલ્કતની જેટલી આકારણી કરી હતી તેની રકમ ખૂબ જ ઓછી હતી અને તેઓને પૂરતું વળતર મળ્યું નથી. તેઓએ ઘરનો ઘસારો પણ આકારણી ખર્ચમાંથી બાદ કર્યો છે.

કુમરી જમીન કે જે જમીનમાં ફરતી ખેતી (shifting cultivation) થતી હતી તે જમીનના એકરના રૂ. ૪૦ થી ૮૦૦ સુધીનું અને ડાંગર થતી હોય તેનું એકરનું ફક્ત રૂ. ૪,૦૦૦ વળતર અપાયું હતું.

આટલી વળતરની રકમ બીજે જમીન ખરીદવાને માટે અપૂરતી હતી. એ જ રીત ઝાડોનું વળતર પણ ૧ કે ૨ રૂપિયા ચૂકવીને હાંસી જ ઉડાવવામાં આવી હતી.

૧૧૪ જેટલા ઉત્તરદાતાઓને સમયસર વળતર મળ્યું નહોતું. ૧૬૬ ઉત્તરદાતાઓએ એવું કહ્યું કે ડેમ-સાઈટની નજીકનાં ગામોના અસરગ્રસ્તોને જે દરે જમીનનું વળતર ચૂકવાયું હતું તે પોતાના કરતાં વિશેષ હતું.

એક રસપ્રદ મુદ્દો એવો છે કે જેઓએ ટેકરી પરની ઢાળવાળી જમીન સરખી કરી હતી તેવાઓને પણ એ જમીન ઢાળવાળી ગણીને ઓછું વળતર ચૂકવાયું હતું. કેમ કે રેવન્યુ દસ્તાવેજમાં તેમણે જમીનનું વર્ગીકરણ બદલાવ્યું નહોતું.

મોટાભાગના પૈસા વસ્તુ (kind)ના રૂપમાં આપવાને બદલે રોકડમાં આપવાને કારણે યોગ્ય રીતે પૈસા વાપરી શક્યા નહોતા. લોકોએ મોટે ભાગે ખાધા-ખોરાકીમાં પૈસા ખર્ચી નાખ્યા હતા. સરકારનું વલણ પૈસા આપીને છૂટી જવાનું રહ્યું. જેને લીધે જે લોકોએ ભાગ્યે જ આટલા બધા પૈસા એકસામટા જોયા હતા તેઓએ પૈસા વેડફી દીધા અને તેથી વર્ષો પીત્યા બાદ પણ ઘણાબધાં અસરગ્રસ્ત કુટુંબોને માટે છાપરા કે ઓડી ખાવા માટે જમીન નથી.

આને બદલે જો મૂળ વળતરની રકમ અને પુનઃવસવાટનું આયોજન બરાબર થયું હોત તો સરકાર તેમને સંતોષકારક રીતે પુનઃસ્થાપિત કરી શકી હોત.

બીજી મદદો

એ માની શકાય એવું છે કે અસરગ્રસ્તોને મોટેભાગે ડેમસાઈટ પર બિનકુશળ મજૂર તરીકેનું કામ જ આપી શકાય. સેમ્પલમાંના ફક્ત ૪૬ જ આવું કામ કરતાં હતાં. ખીણની ઉપરવાસના પ્રદેશમાં દૂર વસતા લોકોને અંતરના કારણે આવા કામની શક્યતાનો લાભ લેવાનું શક્ય નહોતું.

કેટલાક ઉત્તરદાતાઓએ એવું કહ્યું કે ભૂખે મરી જઈશું પણ આવું માટી કે પથ્થર ઉપાડવાનું કામ અમે નહિ કરીએ. ઘણા લોકો આ કામને નીચાજોણું માનતા હતા.

સરકારની નીતિ એવી રહી છે કે ન્યૂનતમ લાયકાત ધરાવતા હોય તેવા અસરગ્રસ્તોને નોકરીમાં અગ્રતા આપવી. આવી લાયકાતવાળા જૂજ સંખ્યાના અસરગ્રસ્તો નોકરી મેળવી શક્યા હતા. તેઓ મોટેભાગે અભણ અને ગિનતાલીમી હોવાને લીધે આમ બનવા પામ્યું.

ઘણાઓએ એવું કહ્યું કે અમે અરજી કરી હતી પણ નોકરી મળી નથી.

એવું જાણવા મળ્યું કે કોયના પુનઃવસવાટવાળાઓએ ખાનગી ઉદ્યોગોમાં નોકરી માટે પ્રબંધ કરવાનું કહ્યું હતું પણ કમનસીબે તે વચનનું પાલન થયું નહોતું.

તાલીમ માટે પણ કોઈ પ્રબંધ કરાયો નહોતો. એવું મનાય છે કે ઘણાં બધા અસરગ્રસ્તોને શહેરી વિસ્તારમાં નોકરી મળી શકી હોત પણ તેઓમા શિક્ષણ અને તાલીમનો અભાવ હતો.

પુનઃવસવાટ ખાતા તરફથી અપાયેલા બીજા લાભોમાં સેમ્પલ પૈકીના એક ગામમાં વીજળીકરણ થયું હતું એક ગામમાં બાળ-ઉદ્યાન અપાયું હતું. જેમાં ઝૂલા અને લપસણીઓ હતી.

કરાડ નજીકના એક ગામના લોકોને ખેત-ઓજાર અપાયાં હતાં.

મુલાકાત લીધેલ ૯ ગામો પૈકી ૩ ગામોમાં ડીઝલ એન્જિન અને પાણીના પંપો અપાયા હતા. બાકીના ગામોમાં પણ આ સાધનો ટૂંક સમયમાં મળનાર હતાં પણ ક્ષેત્રિય-કાર્ય દરમિયાન બધા પંપ સેટો બંધ હાલતમાં હતા. થોડો સમય કામ આપ્યા પછી એ બગડી ગયા હતા. તેને રીપેર કરનાર કોઈ મીકેનિક નહોતો.

ગામના કેટલાકને મશીન રીપેર માટે અઠવાડિયાની તાલીમ અપાઈ હતી પણ સ્વાભાવિક રીતે જ અઠવાડિયાની તાલીમમાં તેઓ કશું જ શીખી શક્યા નહિ જેથી તેઓ મશીન રીપેર કરી શકવાને અસમર્થ હતા.

બીજો લાભ ખીણ વિસ્તારની જૂના ગામની જમીન ખેડવા માટેની પરવાનગી સરકારે આપી હતી તે અંગે હતો. ૨૧૯ ઉત્તરદાતાઓએ આનો લાભ લીધો હતો.

વીર ડેમના અસરગ્રસ્તો કે જેઓ થોડે જ દૂર જઈને વસ્યા હતા તેઓ દર વર્ષે આવી જમીન ખેડતા હતા. તેનાથી અહીં ઊલટું ચિત્ર મળ્યું.

કોયના ખીણ વિસ્તારના ઉપરવાસના અને કન્ડાસી અને સીધી ખીણ વિસ્તારમાં એવું જાણવા મળ્યું કે નવેમ્બર-ડિસેમ્બરમાં સરોવરના પાણીનું લેવલ સે કડો ફૂટ નીચું જતા લોકોને આ જમીન ખેડવા માટે ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતાં તે ખેડવા માટે પરવાનગી અપાતી નહોતી. જો આ જમીન ખેડવા માટે પરવાનગી અપાઈ હોત તો ઘણા લોકો તેનો લાભ લઈને ખેત-ઉત્પન્ન વધારી શક્યા હોત.

સવલતો

સરકારે નવી વસાહતમાં પીવા લાયક પાણી, નિશાળ, રોડ આપવા કહ્યું હતું. જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે નિશાળ માટે ૪૦૯ કુલ. માટે ૪૦૪, રોડ માટે ૭૪ પાણીના પઈપ માટે ૨૩ ઉત્તરદાતાઓએ 'હા' ભણી હતી.

કોયના ખીણ વિસ્તારના મુલાકાત લીધેલ બહારના ૩૪ ગામો પૈકી ૨૩મા સ્કૂલ હતી. ૧૩ ગામોમાં થોડા માઈલના છેટે પ્રાથમિક શાળા પણ ઉપલબ્ધ નહોતી જેથી નાના બાળકો શાળાએ જઈ શકતાં નહોતાં કમમા કમ પ્રાથમિક શાળા તો પહોંચી શકાય તેટલા અંતરે જોઈએ એમ સહુ કોઈ માને.

કોયના ખીણ વિસ્તારનાં ૯ ગામોમાથી ૭ માં શાળા હતી. અથવા તેઓ પોતાનાં બાળકોને તલદેઓમા બોર્ડિંગમાં મૂકતા હતા. આ સ્કૂલો તેમ જ બોર્ડિંગમાં ખીણ વિસ્તારનાં બાળકો માટે વધુ બેઠક ફાળવવામાં આવતી નહોતી એવી સામાન્ય ફરિયાદ સાંભળવામાં આવી હતી.

પીવાના પાણી બાબતે ૬૦૨ ઉત્તરદાતાઓમાંથી

૧૦૫ ઉત્તરદાતાઓએ કોઈ મુશ્કેલી ન હોવાનું કહ્યું. ૨૫૮ ઉત્તરદાતાઓ પાણી મેળવવામાં અગવડ અનુભવતા હતા. ૧૬૬ને પીવા લાયક પાણી મળતું નહોતું. ખીણ વિસ્તારની બહારનાં ૩૬ ગામોમાંથી ૧૬માં કૂવા હતા. બાકીનાં ગામો પાણીની મુશ્કેલીનો સામનો કરતાં હતાં.

ખીણ વિસ્તારના પાંચ ગામોમાં પાણીની સારી સગવડ હતી જ્યારે ચાર ગામોમાં પાણીની સગવડ નહોતી.

આહિર ગામના લોકો ડેમ સાઈટની નજીકમાં આવેલ કૂવો કે જે તેમણે પોતે સામૂહિક શ્રમથી ખોદીને તૈયાર કર્યો હતો તે બંધના સ્થિર પાણીને લીધે વાપરી શકે તેમ નહોતા. લોકો એવી ફરિયાદ કરતા હતા કે સરકાર બીજો કૂવો આપતી નથી.

લોકોની વર્તણૂક સરકાર બધું કરી આપે એવા પ્રકારની જોવા મળતી હતી. ખીણ વિસ્તારની બહારના આટલાં બધાં ગામોમાં કેમ કૂવો નથી એવા પ્રશ્નના જવાબમાં તેઓ જણાવ્યું કે તેઓને કોન્ટ્રાકટર મળ્યા નથી. મોટાભાગની વસાહતો દૂર હતી. જેથી ત્યાં સુધી પહોંચવાનું અઘરું હતું તેથી કોન્ટ્રકટરો જલ્દી કામ લેવા તૈયાર થતા નહોતા. કેટલીક જગ્યાએ જમીનના ટાઈટલ બદલવાની પ્રક્રિયામાં મોડું થવાને કારણે કૂવા ઝડપથી ખોદી શકાયા નહોતા.

રોડ

મુલાકાત લીધેલ ખીણ વિસ્તારની બહારની ૩૬ વસાહતોમાંથી ૨૪ માં બારમાસી સારા રસ્તા હતા. જ્યારે બાકીના ૧૨ માંથી આઠ ગામોમાં ધૂળિયા રસ્તા હતા. જેમાં ચોમાસામાં જઈ શકાય તેમ નહોતું.

૪ ગામોમાં ૨ થી ૪ માઈલના અંતરે પગપાળા ચાલતા જઈ શકાય તેવા રસ્તા ઉપલબ્ધ હતા. આ બધાં ગામોમાં બુલડોઝરથી ધૂળિયા રસ્તા સરખા કરવામાં આવ્યા હતા જેથી લોકો ટ્રકમાં ઘરનો સામાન લઈ જઈ શકે. પણ પહેલા વરસાદથી જ આ રસ્તા ધોવાઈ ગયા હતા.

કોયના ખીણનાં કેટલાંક ગામોમાં તો વરસાદ સિવાયની ઋતુમાં પણ બળદગાડાં ન જઈ શકે તેવા રસ્તા હતા. મોટેભાગે લોકોને પગપાળા મુસાફરી કરવી પડતી. આડથી દસ માઈલ ચાલવું એ લોકોને મન સામાન્ય હતું. કેટલાક લોકોને બજાર જવા માટે ૨૨ કિ.મી. ચાલવું પડતું હતું.

શહેરી વિસ્તારમાં રહેનારને જે વૈદકીય, નિશાળ બસ જેવી સગવડ સહેજે મળી રહે તેવી આ વિસ્તારના લોકોને સગવડ મળતી નહોતી.

માગોથાણા (થાણા જિલ્લો)ના લોકો એવી ફરિયાદ કરતા હતા કે તેઓની તંદુરસ્તીને અસર પહોંચી છે. તેઓના કહેવા પ્રમાણે કોયના ખીણ વિસ્તારમાં આટલી બધી બીમારી નહોતી.

ઘોર, ઓવે, માગોથાણા વગેરે ગામોના લોકો જેઓ મુંબઈ શહેરમાં નોકરી કરતા હતા તેઓ હવે દર અઠવાડિયે સારી ટ્રાન્સપોર્ટની સગવડને કારણે ઘરે આવી શકતા હોવાને લીધે ખુશી હતા.

કોયના ખીણ વિસ્તારની વસાહતમાંથી ૨ માં જીપ દ્વારા જઈ શકાય તેમ હતું. બાકીનાં ગામોમાં પગપાળા રસ્તો હતો. સૌથી ખરાબ દશા કોયના નદીકાંઠાના ગામલોકોની હતી.

આહિર અને ગોધાવલી નામક બે ગામોનો ઉનાળા સિવાયના સમયમાં બહાર ગામ સાથેનો સંપર્ક તૂટી જતો હતો.

આવી જ સ્થિતિ ખાનદાતી ખીણમાં પણ હતી. આ ગામોમાં કોયના પુનઃવસવાટના સત્તાવાળાઓએ રાખેલી બોટ રસ્તો ઓળંગવાનું એક માત્ર સાધન હતી. આ બોટ દિવસમાં બે વખત મળતી અને દરેક વખતે પૈસા લેવામાં આવતા. જો બજારે ગયેલો માણસ સાંજે બોટ ચૂકી જાય તો તેને સામે કાંઠે રાતવાસો ગુજારવો પડતો.

ગાધાવલી ગામમાં તો નાના છોકરાઓએ બીજે ગામ સ્કૂલે જવાનું જ બંધ કરી દીધું હતું. કારણ રોજે રોજ બોટમાં પૈસા ખર્ચીને જવાનું તેમની શક્તિ બહારનું હતું અને ટેકરીઓમાં રોજે રોજ ચાલીને જવું શક્ય ન હતું.

બોટની સર્વિસ ઘણી જ જોખમી અને સમય માગી લેનારી હતી. લોકો કાંઠાને બીજે છેડે ઢોર વેચવા લઈ જઈ શકતા નહોતા તેમ જ નવા ઢોર બીજેથી ખરીદી પણ નહોતા શકતા.

ધાર્મિક અને સામાજિક જીવન પર અસર

મંદિરો

દરેક નવી વસાહતનાં ગામોમાં એકથી વધુ મંદિરો હતાં. મુખ્ય ઈજનેરના કહેવા પ્રમાણે મંદિરનું વળતર ચુકવાયું હતું અને આ વળતરની રકમમાંથી નવી વસાહતના સ્થળે મંદિર બાંધવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ મંદિરોનો વહીવટ ટ્રસ્ટીઓ કરતા હતા. વળતરની રકમ ટ્રસ્ટીઓને મળશે. કેટલાક ટ્રસ્ટીઓ દિવંગત હતા. તેમના વારસ કોણ છે તે ચોક્કસપણે જાણી શકાયું નહોતું. જેથી વળતર આપી શકાયું નહોતું.

કેટલાક કિસ્સામાં ગામો એકથી વધુ ગામોમાં વિભાજિત થતાં કઈ વસાહતને પૈસા મળવા જોઈએ તે નક્કી થયું નહોતું. કુસાવાડે ગામનાં મંદિરોના પૈસા લોકોએ જુદાં જુદાં ગામોમાં જઈને વસવાટ કરવાના કારણે પૈસા કોને મળવા જોઈએ તે અંગેનો મામલો ઘોંચમાં પડતાં પૈસા બેંકના ખાતામાં જમા રાખવા પડ્યા હતા.

૬૦૨ ઉત્તરદાતામાંથી ૪૧૨ નવી વસાહતના સ્થળે મૂર્તિઓ લાવ્યા હતા. ૧૪૭ ઉત્તરદાતાઓએ મંદિરો બાંધ્યા હતાં. ૩૨ નું મંદિર બાંધવાનું કામકાજ ચાલુ હાલતમાં હતું જ્યારે ૨૪૦ ઉત્તરદાતાઓએ મંદિર બાંધ્યું નહોતું. તેઓએ કામચલાઉ ઝૂંપડાંમાં પ્રતીકો રાખ્યા હતાં. મંદિરો બાંધવા માટે યોગ્ય જગ્યાનો અભાવ હતો.

જે મંદિરો બાંધવામાં આવ્યાં હતાં તેમાં ગામલોકોએ જ પૈસા અને શ્રમ ખર્ચ્યો હતો. બહારથી આ બાબતે કોઈ મદદ મળી નહોતી.

કોયના નવી વસાહતના સ્થળે ધાર્મિક જાત્રા, હાટ વગેરે સંબંધે કોઈ ફેર પડ્યો છે કે કેમ? તે અંગે પૂછપરછ કરતાં લોકોએ સામો સવાલ કર્યો કે આવા ફેર માટે કોણ ચિંતા કરે જ્યારે ખેડવા માટે જમીન અને રહેવા માટે છાપરાનું ઠેકાણે નથી પડ્યું ત્યાં?

વડવાલ ગામ, જે કોલાબા જિલ્લાની નજીકનું ગામ હતું અને બે અડવાડિયાથી જાત્રા ભરાઈ હતી તેની નવી વસાહતના મોટા ભાગના લોકોએ મુલાકાત લીધી હતી અને બીજાઓ જેઓ ગયા નહોતા તેઓ જવા માટે વિચારતા હતા. તેઓ જવા માટે રાજી હતા.

ઘોટ ગાઉન ગામના લોકો પીવાના પાણીની મુશ્કેલી છતાં પૈસા અને માનવ શક્તિ મંદિર બાંધવા પાછળ ખર્ચતા હતા. આમ, મંદિરનું મહત્ત્વ તેમને મન ઘણું હતું.

ગાધાવલી ગામના અસરગ્રસ્તોએ મંદિરના કારણે કોયના ખીણ વિસ્તારની બહાર ન ગયાનું જણાવ્યું હતું.

ગ્રામપંચાયત

મુલાકાત લીધેલ ગામો પૈકી ફક્ત એક ગામમાં પંચાયત હતી. ૧૨૦ ઉત્તરદાતાઓએ પંચાયત ન હોવાનું કહ્યું. ૪૫૭ ઉત્તરદાતાઓએ જે ગામમાં સ્થિર થયા છે, તે ગામની પંચાયતની હદમાં આવતાં હોવાનું કે જૂથ પંચાયતમાં હોવાનું કહ્યું. ૪૫૭ માંથી ૧૬૬ ઉત્તરદાતાઓએ એવું કહ્યું કે તેઓની વસાહતના એક કે બે પ્રતિનિધિઓ ગ્રામ પંચાયતમાં બેસે છે પણ તેઓ એવું માને છે કે તેઓનું પ્રતિનિધિત્વ હજુ બરાબર જળવાતું નથી.

૨૮૨ ઉત્તરદાતાઓએ એવો દાવો કર્યો કે તેમનું પ્રતિનિધિત્વ બિલકુલ થતું નથી. ૯ ઉત્તરદાતાઓએ

આ બાબતે જવાબ આપવાનો ટાળ્યો હતો. ૨૬ ઉત્તરદાતાઓએ પંચાયતના અસ્તિત્વ બાબતે કોઈ માહિતી આપી નહોતી.

પાટીલ

૧૦૨ ઉત્તરદાતામાંથી ૧૫૦ ઉત્તરદાતાઓએ એવું કહ્યું કે પહેલાં જે પાટીલ હતો તે જ હજુ પણ છે.

પાટીલનું સ્થાન ધાર્મિક બાબતોમાં (દા.ત. બળદનું વાર્ષિક ખર્ચ) અગ્ર છે. મહત્ત્વના નિર્ણય લેવામાં, ઝગડાનું નિરાકરણ કરવામાં પાટીલ અગ્રસ્થાને રહે છે.

જૂનાં ગામો એકથી વધુ ગામોમાં વિભાજિત થતાં ઘણી વસાહતોમાં પાટીલ રહ્યો નથી.

૨૮૭ ઉત્તરદાતાઓ કે જેઓ ગામ કે નજીકના ગામના પાટીલની સરહદમાં હતા તેમાંથી ૫૪ ઉત્તરદાતાઓએ પાટીલ સાથેના સંબંધો સારા ન હોવાનું કહ્યું હતું.

મિત્રો

સેમ્પલના ૧૦૨ માંથી ૪૩૪ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે મોટાભાગના અથવા કેટલાક મિત્રો કે સગાવહાલાઓ દૂર હોવાને લીધે તેઓએ તેમનો સંપર્ક ગુમાવ્યો છે.

લગ્નસંબંધો

પુનઃવસવાટ પછી સેમ્પલના ૧૪૪ કુટુંબોમાં લગ્ન થયા હતાં. આમાનાં ૧૩૩ કુટુંબોએ પહેલાં જે લગ્નસંબંધનાં ગામો હતા તેમાં જ લગ્નસંબંધ બાંધ્યા હતા. ૧૧ કુટુંબોના સંબંધનાં ગામો નવાં હતાં.

અહીં આવ્યા બાદ કુટુંબના કોઈનાં લગ્ન થયાં કે નહિ? તેવું પૂછતાં ઘણાં લોકોનાં મોં ખાટાં થઈ ગયેલાં જોવા મળ્યાં. કારણ લગ્ન કરવા માટે તેઓ પાસે પૈસા નહોતા. બીજું, લગ્ન લાયક છોકરા છોકરી માટે યોગ્ય ઉમેદવારો મળતા નહોતા.

જેમની સાથે રૂઢિગત લગ્નસંબંધ હતો તેઓ મહારાષ્ટ્રભરમાં જઈ વસ્યા હતા.

કોયના ખીણ વિસ્તારના મોટાભાગના લોકો પોતાના તાલુકામાં જ લગ્ન કરતા હતા. જૂજ સંખ્યામાં લોકો નજીકના રત્નાગિરિ જિલ્લાના તાલુકામાં લગ્ન કરતા હતા.

આસપાસનાં ગામો સાથેના સંબંધો

નવા વાતાવરણમાં નવી સામાજિક પ્રથા સાથે પુનઃસ્થાપિત થઈ એ પ્રથાને આત્મસાત્ કરવાનું કાર્ય અસરગ્રસ્તોનું હતું.

સ્થાપિત ગામો અને નવા આગંતુકો વચ્ચે ઘર્ષણ થાય તે અનિવાર્ય હતું.

૧૧૫ ઉત્તરદાતાઓએ પાડોશીઓ સાથે તકરાર થયાનું કહ્યું. આમાં પાડોશીઓએ કૂવે પાણી ન ભરવા દેવું, ઢોરને ડબામાં પૂરી દેવું, ખેતરમાંથી જવા દેવાની ના પાડવી, નવી જમીનની માલિકી ફેરબદલી કરવામાં હરકત ઊભી કરવી વગેરે બાબતોનો સમાવેશ થતો હતો.

કેટલાક ઉત્તરદાતાઓએ તેમના પાકોની ચોરી થયાનું, કેટલાકે પાકમાં ભેલાણ થયાનું તો કેટલાકે ગડદાપાટુ ખાધાનું જણાવ્યું હતું.

અનુકૂલન સંબંધી અભિપ્રાયો

૨૫૪ ઉત્તરદાતાઓએ એવું કહ્યું હતું કે તેઓ સ્થિર થયાનું અનુભવતા નહોતા.. જેમાંના ૧૩૫ ચારથી પાંચ વર્ષ થયાં સ્થિર થયા હતા. ૬૩ છથી સાત વર્ષ થયા સ્થિર થયા હતા.

કોયના ખીણ વિસ્તારમાં શક્ય બને તો પાછું જવા વિચારો છો? એવા જવાબમાં ૧૮૩ ઉત્તરદાતાઓએ પાછા જવાનું વિચારતા હતા એમ કહ્યું. નવી વસાહત અંગેના તેમના અભિપ્રાય જાણવા માટે ઘણા બધા સવાલો પૂછવામાં આવ્યા હતા. જેમાં જમીન, હવામાન, પાડોશી, બજાર, જાહેર બસ વ્યવસ્થા, કામની પ્રાપ્યતા વગેરે સવાલો પુછાયા હતા.

૪૭૩ ઉત્તરદાતામાંથી ફક્ત ૨૮ ઉત્તરદાતાઓએ જમીનના કદ અને ગુણવત્તા બાબતે સંતોષ વ્યક્ત કર્યો

હતો જ્યારે બાકીના અસંતુષ્ટ હતા.

કોયના ખીણ વિસ્તારનું હવામાન ઠંડું અને તંદુરસ્ત હતું. ખીણ વિસ્તાર છોડ્યા પછી નવા સ્થળે ઘણી બીમારી નોંધાઈ હતી.

કોલાબા જિલ્લાની એક નવી વસાહતમાં એક માણસે એવું કહ્યું કે તેઓને હવામાન અનુકૂળ ન આવતાં તેની પત્ની અને છોકરો મરી જતાં તે બીજા છોકરા સાથે ખીણ વિસ્તારમાં પાછો ચાલી ગયો છે.

પાડોશી અંગે પૂછતાં થાણા અને કોલાબા જિલ્લાના ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું કે તેમના પાડોશી સારા નથી. કારણ મૂળ રહેવાસી (aboriginal tribe) કાટકરીયાઓ, પીધેલ અને ચોર તરીકે પંકાયેલા હતા.

સતારા અને સાંગલી જિલ્લામાં પાડોશીઓ સારા હોવાનું લોકોએ કહ્યું.

૬૭ ટકા ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું કે બજાર અને વાહન-વ્યવહારની સગવડ પહેલા કરતાં સારી હતી.

સૈદ્ધાંતિક રીતે ખીણ વિસ્તારની બહાર કામ મેળવવાની તકો વિશેષ જણાતી હતી પણ ખૂબ જૂજ સંખ્યામાં લોકો કામ મેળવી શક્યા હતા.

૭૦ ટકા ઉત્તરદાતાઓએ નવી વસાહતમાં ન ગમવાનું કહ્યું હતું.

બંધનો લાભ થયો કે કેમ? તેવા પ્રશ્નના જવાબમાં ૨૨૦ લોકોએ બીજાને લાભ થયો પણ ખીણ વિસ્તારના ડૂબમાં જતાં ગામોના લોકો એવા ને એવા જ રહ્યાનું કહ્યું. જ્યારે ૨૬૧ લોકોએ એવું કહ્યું કે બીજાને લાભ થયો પણ પોતાની સ્થિતિ પહેલાં કરતાં વધુ બગડી છે. નવી વસાહત ગમે છે કે કેમ? એવા પ્રશ્નના જવાબમાં જોવા મળ્યું કે વયજૂથ પ્રમાણે જોતાં સહસંબંધ જણાયો, જેમ જેમ ઉંમર વધતી જતી હતી તેમ તેમ નવી વસાહત ન ગમવાનું પ્રમાણ વધતું જતું હતું. વયોવૃદ્ધ લોકોને નવા જીવન સાથે તાલ મેળવવાને ખૂબ જ મુશ્કેલી જણાતી હતી.

જે કુટુંબોમાં સ્ત્રી પુરુષ બન્ને શિક્ષિત હતાં તેઓ નવી વસાહતમાં અનુકૂળ થયેલા જણાયાં હતાં.

એકંદરે લોકોમાં રોષ જોવા મળતો હતો પણ તે બહાર આવતો નહોતો. હકારાત્મક ધોરણે પગલાં લેવાય તે જરૂરી હતું. નહિતર આ રોષ રાજકીય જૂથો દ્વારા પ્રકાશમાં લાવી શકાય તેવું જણાતું હતું.

(આલેખન : અર્જુન પટેલ)

શ્રી શૈલમ સિંચાઈ યોજનાના વિસ્થાપિતો

કે. આર. ચૌધરી / સી. નરેન્દ્રનાથ

૧૯૮૧નો એ કાળઝાળ ઉનાળો હતો. અગણિત વિઘ્નો અને રુકાવટો પછી ૪૪૦ કરોડના ખર્ચે શ્રી શૈલમ સિંચાઈ યોજના પૂર્ણ થઈ. આમ છતાં, યોજનાથી કમાન્ડ વિસ્તારમાં આવેલા ખેડૂતોની બે લાખ હેક્ટર જમીનને સિંચાઈ તેમ જ તે વિસ્તારમાં આવેલ ઉદ્યોગને ૭૭૦ મેગાવોટ વીજળી પૂરી પાડવાનાં અપાયેલાં વચનો તેમના માટે હજી પણ માત્ર સ્વપ્નો જ હતાં. પરંતુ, પેઢી દર પેઢીથી સ્થાયી થયેલ ૧,૫૦,૦૦૦ લોકો (૨૧,૮૭૧ કુટુંબો) નું તેમનાં ગામોમાંથી થયેલ વિસ્થાપન તેમ જ ડૂબમાં ગયેલ તેઓની ૪૩,૨૭૧ હેક્ટર જમીન એ નકરી વાસ્તવિકતા હતી. ગામોને ખાલી કરવાને માટે અપાયેલ ઉપરાછાપરી અસંખ્ય ચેતવણીઓ નિરર્થક નીવડતાં સરકારે નિર્ણય લીધો કે, જ્યા સુધી ઘરોને જમીનદોસ્ત કરીશું નહિ અને ઝૂંપડાંઓનું ઉચ્છેદન કરીશું નહિ ત્યાં સુધી લોકો તેમનાં ગામો ખાલી કરશે નહિ. ઉપરોક્ત નિર્ણયના અમલીકરણ માટે મહેસૂલ, સિંચાઈ તેમ જ વિદ્યુત વિભાગના અમલદારો તેમ જ તેમના મદદનીશો મોટી સંખ્યામાં પોલીસકૂમક તેમ જ શહેરમાંથી ભાડે આણેલા મજૂરોના રસાલા સાથે સંભાવિત વિસ્થાપિત થનાર ગામડાંઓમાં આવી પહોંચ્યા. ફક્ત બે કલાકનો સમય લોકોને તેમનાં ઘરો ખાલી કરવા માટે આપ્યો. ઘરો ખાલી કરવા માટે અપાયેલ સમયમાં વધારો કરવાની ગ્રામજનોની વિનંતિને સત્તાવાળાઓએ ઠુકરાવી ને ઘરોને જમીનદોસ્ત કરવાનું કાર્ય બુલડોઝરથી આરંભી દીધું. લોકોનાં વાસણો તેમ જ અન્ય ઘરવખરીને બહાર ફેંકી દેવામાં આવી.

કેટલાક વૃદ્ધો સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું. તેમને ઘરોમાંથી બહાર ખેંચી કાઢવામાં આવ્યા, જેમાં વૃદ્ધોને ઈજા પણ પહોંચી. ઘટનાનો આ ક્રમ એક પછી એક ગામોમાં અવિરતપણે ચાલતો રહ્યો. સરકારના અમાનુષી વર્તનથી લોકો ભયના માર્યા ધ્રૂજી ઊઠ્યા. કેટલીક ફરિયાદો એવી પણ થઈ કે વિસ્થાપનના સ્થળેથી નવા વસવાટ માટે લઈ જવામાં આવેલ માલસામાન માટે વાહનવ્યવહારની કોઈ જ સગવડ ન અપાઈ. મોટા ભાગના વિસ્થાપિતોને તેમને ઘરવખરીનો સામાન સાથે ઊંચકીને લઈ જવો પડ્યો. વાહનવ્યવહારના ખર્ચને પહોંચી વળે તેવાં કુટુંબોએ જાતખર્ચેથી ઘરવખરીનું સ્થળાંતર કર્યું. મોટા ભાગના બધાં જ વિસ્થાપિતોએ તેમની ઘરવખરીમાંનો અમુક સામાન વિસ્થાપનસ્થળે જ છોડીને જવું પડ્યું. ઘટના બન્યાના ચાર અઠવાડિયાં બાદ સંશોધન જૂથના સભ્યો વિસ્થાપિતોને મળ્યા ત્યારે વિસ્થાપિતો પર આવી પડેલ યાતનાના ઓળા હજુય ભુંસાયા ન હતા.

પુનઃવસવાટ

વિસ્થાપનની ઓચિંતી આવી પડેલ આફતથી નવા વસવાટ માટે રહેવાની જગ્યા શોધવી તેમને માટે અત્યંત જરૂરી હતું. પોતાની જમીન તેમ જ વિસ્તાર છોડી જવાની તૈયારી ન હતી તેમ જ મોટા ભાગના વિસ્થાપિતોની કુલ જમીનનો થોડો ભાગ જ ડૂબાણ હેઠળ જતો હોઈ તેઓએ વિસ્થાપનના સ્થળેથી દોઢથી બે કિલોમીટરના અંતરે વસવાટ કરવાનું મુનાસિબ માન્યું. વિસ્થાપિતોને મળેલ પૂર્ણ વળતરનો ઉપયોગ તેઓએ પોતાની ખર્ચીમાં જ કર્યો. તત્કાલીન ધોરણે સ્થિર થવા માટે તેઓએ જમીનની ઊંચી કિંમત આપવી પડી.

સંશોધન જૂથે નોંધ્યું કે, વિસ્થાપિત થયેલ ગામડું નવા વસવાટ દરમ્યાન એક જૂથમાં વસ્યું ન હતું. આ બાબતે દરેક ગામના નેતા તેમ જ જમીનદારો પોતાની રીતે વર્તતા હતા. ખેતમજૂર પહેલાં જે મોટા ખેડૂતોને ત્યાં કામ કરતા હતા તેમની જોડે જ નવા વસવાટ દરમ્યાન રહેવા ગયા. ગામ-ગામ વચ્ચેની જૂની દુશ્મનાવટમાં કોઈ ફેર ન પડ્યો. સામાન્યતઃ બંને છાવણીઓએ નવા વસવાટ દરમ્યાન પણ અલગ અલગ રહેવાનું પસંદ કર્યું. નવા વસવાટનાં ઘરોની બાંધણી જૂના વસવાટ મુજબ જ્ઞાતિ વ્યવસ્થા પર આધારિત રહી. 'અનુસૂચિત જાતિ-જનજાતિઓના' લોકોને નવા વસવાટ દરમ્યાન પણ અલગ રાખવામાં આવ્યા. એવી જ રીતે 'પછાત જાતિઓ'ના લોકોને અગાઉની જેમ એક સાથે રાખવામાં આવ્યા.

વિસ્થાપિત થયાના થોડાં જ અઠવાડિયાં બાદ પડેલા વરસાદથી નવા વસવાટમાં વિસ્થાપિતોની પરિસ્થિતિ કફોડી બની હતી. પીવાના પાણીની વ્યવસ્થા; રસ્તાઓ, વીજળી તેમ જ વરસાદના પાણીના નિકાલ માટેની ગટરોનો સદંતર અભાવ વર્તાતો હતો. ઘરોના બાંધકામનું કામ પણ અપૂર્ણ હતું. વળી જમીન વરસાદના પાણીથી ઘેરાયેલી હોવાથી વિસ્થાપિતો નિરાશ તેમ જ લાચાર બન્યા હતા.

લોક પ્રતિનિધિઓ, નાગરિક સ્વાતંત્ર્યનાં સંગઠનો, લોકાયન જૂથ વગેરેએ સંગઠિત થઈને વખતો વખત વિસ્થાપિતોની દયનીય પરિસ્થિતિ તેમ જ તેમને મળવાપાત્ર હકકોની માંગણી માટે સરકારમાં રજૂઆત કરી. પ્રસંગોપાત્ત સંગઠિત થઈને સરકાર સામે દેખાવો પણ કરવામાં આવ્યા. પરંતુ આની સરકાર પર ખરેખરી અસર નહિવત્ પડી. વિસ્થાપિતોમાં આપઘાતના તેમ જ ભૂખમરાના બનાવો નોંધાયા ..... કેટલાક લોકો કામની શોધમાં બાળકો તેમ જ વૃદ્ધોને છોડીને સ્થળાંતર કરી ગયાં.

વિસ્થાપિતોના પુનઃવસવાટ સંબંધે સરકાર તરફથી મૂળ જ મોળો પ્રતિસાદ સાંપડ્યો. સરકારે કેટલાંક ગામોમાં અનુસૂચિત જાતિ તેમ જ જનજાતિ અને પછાત જાતિઓના લોકોને ઘરો બાંધવા માટે જમીનો તેમ જ દરેક ને હજાર રૂપિયા આપ્યા.

વળતર

સરકારે વિસ્થાપિતોને તેમની જમીન, કૂવા તેમ જ ઘરોના બદલામાં રોકડ રૂપે વળતર આપ્યું. મિલ્કતો સંપાદન કરવાની કાર્યવાહી આમ તો, ૧૯૬૮થી શરૂ કરાઈ હતી પરંતુ મોટા ભાગનું સંપાદન કાર્ય ૧૯૭૪થી ૧૯૮૦ના ગાળા દરમ્યાન થયું. દફતરે નોંધાયેલ જમીનની ખરીદ તથા વેચાણની કિંમત ચૂકવાયેલ કિંમત કરતાં નીચી હતી. (દસ્તાવેજોનો ઊંચો ખર્ચ ટાળવા) સંપાદન અને વળતર ચૂકવણીના ગાળામાં પણ મોટું અંતર જોવા મળતું હતું. વળી મળેલ વળતર નવી જમીનો ખરીદવા માટે અપૂરંતુ હતું. ૧૯૮૧ના બજારભાવ મુજબ એક એકર બિન પિયત જમીનના રૂ. ૧૦,૦૦૦ની સામે ફક્ત રૂ. ૧,૮૨૦ સરેરાશ વળતર રૂપે ચૂકવવામાં આવ્યા હતા. તેવી જ રીતે ૧ એકર પિયતવાળી જમીનની બજાર કિંમત રૂ. ૨૦,૦૦૦ હતી, તેની સામે રૂ. ૩,૫૪૭ ચૂકવવામાં આવ્યા હતા.

વિસ્થાપિતોને તેમનાં ઘરોનું વળતર તેની અંદાજિત કિંમત કરતાં નીચું ચૂકવવામાં આવ્યું. જેમાં ઘરોના બાંધકામ માટે વપરાયેલ કાચો માલ, પથ્થરો અને ઘરોના બાંધકામનાં વર્ષોને ગણતરીમાં લઈ ઘસારો ગણવામાં આવ્યો જેથી કિંમતઆકારણી નીચી રહેવા પામી. ઉપરોક્ત મુદ્દાને ધ્યાનમાં રાખીને સરેરાશ રૂ. ૫,૦૦૦ ઘરદીઠ વળતર રૂપે ચૂકવવામાં આવ્યા, જેની સામે વિસ્થાપિતોએ ઘરદીઠ સરેરાશ રૂ. ૨૦,૦૦૦-નો ખર્ચ કર્યો હતો. આવા દેખીતા અન્યાયને પડકારવા જૂજ વ્યક્તિઓ અદાલતમાં ગઈ. જ્યારે મોટાભાગના લોકો કે જેઓ નિરક્ષર હતા અને અદાલતની કાર્યવાહી માટે આર્થિક રીતે સજ્જ ન હતા તેઓએ આટલાથી સંતોષ માન્યો.

વળતરનો ઉપયોગ

સંશોધન પરથી એવું ફલિત થયું કે ખૂબ થોડા લોકોએ તમને મળેલ વળતરમાંથી નવી જમીન ખરીદી. પિયતવાળી ડૂબમાં ગયેલ દરેક ૧૦૦ એકર જમીનની સામે ફક્ત એક એકર નવી જમીન ખરીદવામાં આવી. એવી જ રીતે બિન પિયતવાળી ડૂબમાં ગયેલ દરેક ૧૦૦ એકર જમીનની સામે ફક્ત આઠ એકર જમીન ખરીદવામાં આવી. આમ શાથી બન્યુ તેના સંદર્ભમાં આ મુજબ વિગતો મળે છે.

(૧) યોજનાને કારણે ડૂબમાં ગયેલ જમીન ચોમાસા દરમ્યાન પૂરથી આવેલ પાણી ઓસર્યા બાદ ફરી પાછી ખેતીકામ માટે ઉપયોગી થઈ શકે એવી ગણત્રી વિસ્થાપિતોની હતી. નાગાર્જુન સાગર બંધને કારણે ડૂબમાં ગયેલ જમીનો ત્યાંના વિસ્થાપિતોએ ફરી પાછી ખેતીકામ માટે ઉપયોગમાં લીધી હતી. તેવી જ રીતે અહીં પણ જમીનો ખેડી શકાશે એ મુજબની અફવાઓ વિસ્થાપિતોમાં પ્રસરી હતી. વધુમાં જ્યારે કિશ્ના નદીમાં પૂરની પરિસ્થિતિ ઉદ્ભવી ત્યારે પાણી થોડા દિવસ બાદ ઓસરી જતાં તેમ જ ડૂબાણ હેઠળ જતા ગામો મુખ્ય બંધથી દૂર હોવાને કારણે ઉપરોક્ત ધારણાને અનુમોદન મળ્યું જેને કારણે વિસ્થાપિતોએ મહત્તમ વળતર મેળવવાનો આગ્રહ રાખ્યો પરંતુ તેનો ઉપયોગ નવી જમીનો ખરીદવા માટે ન કર્યો.

(૨) જમીનોના (પિયત તેમ જ બિનપિયત) પ્રકારોને આધારે હપ્તાઓ દ્વારા વિસ્થાપિતોને નજીવું વળતર ચૂકવવામાં આવ્યું. જ્યારે ઘરો માટેના વળતરનો સવાલ તો એમ જ હતો. વળતર રૂપે મળેલ કુલ રકમના રપથી ૫૦ ટકા જેટલાં નાણાં જૂના દેવાની ચૂકવણી પાછળ તેમ જ અમલદારોને લાંચ પેટે (સામાન્ય રીતે વળતરના ૨ ટકા) ચૂકવવામાં આવ્યા. ઘરવપરાશની જરૂરી એવી ચીજવસ્તુની ખરીદી બાદ વિસ્થાપિતો નવી જમીન ખરીદી શકે એ માટે શક્તિમાન ન હતા. વળતરરૂપે મળેલ નાણાંનો ૨૦ ટકા ભાગ નવા ઘરોની જમીન તેમ જ તેના બાંધકામ પાછળ ખર્ચવામાં આવ્યો.

(૩) મોટા ભાગની પિયતવાળી જમીનો ડૂબાણમાં ગઈ હોવાને કારણે બાકી રહેલ થોડી જમીનો માટે મોટે પાયે હરીફાઈ થઈ. વળી, વિસ્થાપિતો પાસે વળતરનાં નાણાં હાથ પર આવ્યા બાદ જમીનોના ભાવ આસમાને ગયા.

(૪) અહીં એ નોંધવું યોગ્ય લેખાશે કે શાહુકારો તેમ જ જમીનદારોએ વિસ્થાપિતોને તેમના વળતરની ચૂકવણીનાં નાણાં હાથમાં આવે તે પૂર્વે જ તેમની લેણાં પેટે નીકળતી રકમ ઊંચા વ્યાજના દર સહિત વસૂલ કરી.

(૫) સરકારી જમીન અથવા તો સરકાર મારફતે અપાયેલ જમીન પર જીવનનિર્વાહ કરતા લોકો (જેમાં ખાસ કરીને અનુસૂચિત જાતિના લોકો)ને પુનઃવસવાટ દરમ્યાન તેમની ડૂબમાં ગયેલ જમીનની સામે વળતર ન મળ્યું તેમ જ જમીનો પણ ન મળી.

વિસ્થાપન પછીની સ્થિતિ

લોકાયન જૂથે ડૂબાણમાં જતાં કુલ ૧૧૭ ગામોમાંથી ૧૫ ગામોનું ૧૯૮૧ તેમ જ ૧૯૮૪ એમ બે તબક્કામાં સર્વેક્ષણ કર્યું. પસંદ કરાયેલ ગામોની કુલ ૬૪ ટકા જમીન ડૂબમાં ગયેલી હતી. જેમાં કુલ પિયતવાળી જમીનના ૮૪ ટકા, કુલ બિનપિયતવાળી જમીનના ૫૯ ટકા તેમ ૯૦ ટકા કુલ પડતર જમીનનો સમાવેશ થતો હતો. ૫૬ ટકા મોટા ખેડૂતો (૧૦ એકરથી વધુ જમીન ધરાવતા) ૬૯ ટકા નાના ખેડૂતો (૫ થી ૧૦ એકર જમીન ધરાવતા) તેમ જ ૮૦ ટકા સીમાન્ત ખેડૂતો (૫ એકરથી ઓછી જમીન ધરાવતા) પોતાની જમીન ગુમાવી હતી. એ ડૂબાણમાં ગયા બાદ બાકી રહેતી જમીનનો ૭૦ ટકા ભાગ મોટા ખેડૂતો પાસે હાલમાં છે. (જૂનાં ગામોની ૬૦ ટકા જમીનો સામે) વિસ્થાપનની સાથે એક પછી એક પડેલ બે દુષ્કાળોને કારણે વિસ્થાપિતોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. કુટુંબની

વાર્ષિક આવક રૂ. ૯૧૧૬ હતી તે ઘટીને રૂ. ૨૩૪૭ જેટલી થઈ ગઈ. ૭૪ ટકા ફળદ્રુપ જમીનના ડૂબાણને કારણે મરચાં તેમ જ તમાકુ જેવા રોકડિયા પાકો બંધ થયા અને ખેડૂતોને જીવનનિર્વાહ માટે ઉપયોગી એવા ધાન્યો પણ ઉગાડવા પડ્યાં. શરૂઆતના સમયગાળા દરમ્યાન નવા વસવાટ પર બાંધવામાં આવેલ ઘરો તેમ જ રસ્તાઓનાં કામો માટે વિસ્થાપિતોને મજૂરી મળી હતી. સરેરાશ કામના દિવસો વાર્ષિક ૨૫૬ હતા તે ઘટીને ૫૯ થયા. એના પરિણામે વિસ્થાપિતોએ કામની શોધ માટે યાયાવરી કરવી પડી અથવા તો દૂર સુધી જવું પડ્યું.

દેવું

આવી પડેલ મૂળગામી પરિવર્તનને કારણે વિસ્થાપિતોને દેવું કરવાની ફરજ પડી. સંખ્યાબંધ વિસ્થાપિતો દેવામાંથી મુક્ત થયા, જૂના ગામના ૩૮ ટકા દેવાદારોનો આંક નવા ગામમાં ૯ ટકાનો રહ્યો. નોંધનીય બાબત એ જોવા મળી કે ૬૭ ટકા જૂના ગામના ખેતમજૂરો દેવાથી મુક્ત હતા. નવા વસવાટ દરમ્યાન દેવાદાર ખેતમજૂરોની ટકાવારી ૯ ટકાની રહી. ઉપરોક્ત બાબત અમે અગાઉ જણાવી ગયા તે વાતનું સમર્થન કરે છે. મોટા ભાગના દેવાદારોએ તેમને મળેલ વળતરરૂપ નાણાંનો ઉપયોગ પોતાનું દેવું ચૂકવવામાં કર્યો. ત્રણ વર્ષના નવા વસવાટ દરમ્યાન સરેરાશ દરેક કુટુંબનું દેવું ૪૮૧૦ રૂપિયાથી વધીને રૂ. ૧૨૪૬૨ થયું, જે ૨૫૬ ટકા જેટલો વધારો દર્શાવે છે. ખેતમજૂરોની બાબતમાં કુટુંબદીઠ દેવું પાંચ ગણું વધવા પામ્યું. પહેલાં જે રૂ. ૯૪૯ હતું તે વધીને રૂ. ૪૭૭૧ થયું. નાના તેમ જ સીમાંત ખેડૂતોનું દેવું બે ગણું વધ્યું. મધ્યમ કદના ખેડૂતોના દેવામાં દોઢો વધારો નોંધાયો. જૂનાં ગામોમાં જે ૬૯૦૩ રૂપિયા હતું તે નવા ગામોમાં વધીને રૂપિયા ૧૦,૦૦૦ થયું. મોટા ખેડૂતોનું દેવું રૂપિયા ૧૦,૫૦૦ થી વધીને રૂ. ૩૨,૨૪૯ જેટલું વધ્યું.

પશુધન

સર્વેક્ષણ પરથી એવું ફલિત થયું કે, જૂના ગામના કુલ પશુધનમાં નવા ગામના વસવાટ દરમ્યાન અડધો અડધ ઘટાડો નોંધાયો. ગાયોમાં ૬૪ ટકાનો, ભેંસોમાં ૫૦ ટકાનો, પાડામાં ૨૮ ટકાનો ઘટાડો નોંધાયો. ઘેટાંમાં ૭૪ ટકાનો, બકરાંમાં ૮૬ ટકાનો તેમ જ મરઘાં-બતકાંમાં ૬૧ ટકાનો ઘટાડો નોંધાયો. ખેતીની જીવાદોરી એવા બળદોની ટકાવારીમાં ૩૮ ટકાનો ઘટાડો થયો. વિસ્થાપિતોના નવા વસવાટ દરમ્યાન થયેલ પશુધનના ઘટાડા માટેનાં મુખ્યત્વે ત્રણ કારણો જાણવા મળ્યાં.

(૧) ખેતી લાયક જમીન ડૂબમાં જવાથી સારી ફસલની ગેરહાજરીને કારણે વિસ્થાપિતોએ પોતાના જીવનનિર્વાહ માટે પશુધનને વેચવાની ફરજ પડી.

(૨) નદીના કિનારાઓના ડૂબાણને કારણે તેમ જ સતત બે વર્ષના દુષ્કાળને પરિણામે પશુધનમાટે ઘાસચારાની સંપૂર્ણ અછત વર્તાઈ.

(૩) ઘરો બાંધવા માટે જરૂરી આર્થિક સાધનો ઊભાં કરવા માટે પશુધન વેચવું પડ્યું

કૃષિ ઓજારો

વિસ્થાપિતોના નવા વસવાટ દરમ્યાન જૂના ગામના તેઓનાં કૃષિ ઓજારોમાં ઘટાડો થયો બળદગાડાઓમાં ૩૭ ટકાનો ઘટાડો થયો. જૂના ગામના કુલ નવ ઓઈલ એન્જિનોની સામે નવા ગામમા ફક્ત ત્રણ ઓઈલ એન્જિનો જોવા મળ્યાં. અમે પસંદ કરેલ ગામોમાંથી એક ટ્રેકટરને વેચી દેવામા આવ્યું હતું, જ્યારે ઠેકેદારો મારફત નવા વસવાટ દરમ્યાન બીજા બે ટ્રેકટરો ખરીદવામાં આવ્યા હતા. કેટલાક ખેડૂતોએ જણાવ્યું કે બે ટ નું ભોજન મેળવવા માટે તેઓને ઘણા કૃષિ ઓજારો વેચવાની ફરજ પડી.

બિન-કૃષિગત વ્યવસાયો

બિન કૃષિગત વ્યવસાયો પર નજર ફેરવતાં નરાશાજનક ચિત્ર ઊપસે છે. મોટા ભાગના જ્ઞાતિગત વ્યવસાયો પર આધારિત કારીગરો તેમના પરંપરાગત વ્યવસાયોમાંથી તેમ જ જમીનના નાના નાના ટુકડાને

ખેડીને આવક ઊભી કરીને તેઓનું ગુજરાન ચલાવતા હતા. જમીનના ડૂબાણને કારણે હવે તેઓએ તેમના પરંપરાગત જ્ઞાતિગત વ્યવસાયો ઉપર જ આધાર રાખવાની ફરજ પડી. કુંભારો, વાળંદો, ધોબીઓ, ચર્મકામ કરનારાઓ, તેમ જ વણાટ કામદારોએ ઉપરના ખ્યાલને સમર્થન આપ્યું. જૂના ગામના મહુડા વીણનારાઓની સમસ્યા નવા વસવાટ દરમ્યાન તદ્દન ભિન્ન હતી. મોટા ભાગના મહુડાનાં ઝાડો કે જેના પરથી મહુડા વીણવાનો તેઓને અધિકાર હતો, (મહુડામાંથી દેશી દારૂ બને છે) તે બધાં જ ઝાડો ડૂબાણના વિસ્તારમાં ચાલ્યા ગયાં. હાલમાં તેઓ ઘણું કરીને રોજિંદા મજૂરો તરીકે કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. જુદા જુદા વ્યવસાયકારો તેમ જ બાંધી આવકવાળા નોકરિયાતો જેવા કે શિક્ષક, ટપાલી, પાદરી, દુકાનદારો તેમ જ ચાની લારીવાળાઓએ ફરિયાદ કરી કે નવા વસવાટ દરમ્યાન તેઓએ ફક્ત તેમના હાલના વ્યવસાય ઉપર નિર્ભર રહેવું પડશે.

બીજી બાજુ પથ્થર ફોડનારા મજૂરો તરીકે તેમ જ સુથારો નવા વસવાટ દરમ્યાન અસ્તિત્વમાં આવનારાં ઘરોના બાંધકામમાં વ્યસ્ત જોવામાં આવ્યા. મોટા ભાગના માછીમારો કૃષ્ણા નદીમાં નાનાં હોડકાંઓ મારફત માછલીઓ પકડીને તેમ જ એક કિનારેથી બીજા કિનારે લોકોની તેમ જ પશુધનની હેરફેર કરીને આવક ઊભી કરતા હતા. ઉનાળા દરમ્યાન તેઓ નદીના પટમાં તડબૂચની ખેતી કરતા હતા. પરંતુ બંધના કારણે નદીના પાણીની સપાટી ઊંચી જવાથી હવે તેઓ તેમના નાનાં હોડકાં ચલાવી પશુ તેમ જ માણસની હેરફેરી, માછલાં પકડવાની, તેમ જ તડબૂચની ખેતી જેવાં કામો કરવાને અસમર્થ બન્યા છે. સાથે સાથે વધુ પાણી માટે જરૂરી એવી મોટી હોડીઓ તેમ જ માછલાં પકડવાને મોટી જાળો ખરીદવા માટે તેઓ આર્થિક રીતે અશક્તિમાન છે. વળી, એ પ્રકારના કામની કુશળતા પણ તેઓને હસ્તગત નથી. પાછળથી જેઓનો માછલા પકડવાનો પરંપરાગત વ્યવસાય ન હતો તેવા આર્થિક રીતે સંપન્ન લોકોએ મોટી હોડી તેમ જ મોટી જાળો મારફત માછલાં પકડવાનો ધંધો શરૂ કર્યો છે. તેઓએ પાડોશી રાજ્ય તામિલનાડુમાંથી આવીને ધંધાની ઈજારાશાહી હસ્તગત કરી છે. માછલાં પકડનાર મચ્છવાઓને નિગ્રમ મહેનતાણું મળે છે.

સરકારે ઘરો તેમ જ જમીનના વળતર રૂપે નાણાં ચૂકવ્યાં પરંતુ ઉપરોક્ત વ્યવસાય સાથે સંકળાયેલ બિનકૃષિ વ્યવસાયકારો તરફ દુર્લક્ષ સેવ્યું. પરિણામે બિનકૃષિ વ્યવસાયમાં પ્રવૃત્ત એવાં કેટલાંય કુટુંબો આફતમાં મુકાયાં છે.

નવા વસવાટ દરમિયાન સરકારે વિસ્થાપિતોને ઘરોની જમીન, વીજળી, બોરિંગ વગેરે દ્વારા સાંત્વન આપવાના પ્રયત્નો કર્યા. પરંતુ તેઓને કાયમી ધોરણે આજીવિકાનું સાધન મળે તેવી વ્યવસ્થા ન કરી. વિસ્થાપિતોની અગાઉ જણાવેલ બેહાલ પરિસ્થિતિનો સંપૂર્ણ લાભ લેવાનું પાડોશી જિલ્લાના વકીલો ચૂક્યા નહિ.

ન્યાયનો વ્યાપાર

કાયદાના અર્થઘટનથી અજાણ તેમ જ નાણાંકીય સાધનોના અભાવને કારણે જૂજ વિસ્થાપિતોએ ન્યાય માટે કાનૂની રાહ લીધો. કેટલાક વકીલો કે જેમનાં ડૂબાણમાં ગયેલાં ગામોના લોકો જોડે જૂના સંબંધો હતા, તેમણે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ સરકાર પાસેથી વધુ વળતર મેળવવા માટેનો મુસદ્દો તૈયાર કર્યો.

(૧) તેઓએ (વકીલોએ) સંપાદનને લગતા જરૂરી એવા દસ્તાવેજો, માલિકી હકપત્રકો, વિસ્થાપન માટે અધિસૂચના વગેરે ભેગાં કર્યાં અને કોરા કાગળ પર વિસ્થાપિતોની સહી તેમ જ અંગૂઠાનાં નિશાનો લીધાં.

(૨) બધા જ સ્તરના મહેસૂલી અધિકારીઓ જોડે તેઓએ આ બાબતમાં ચર્ચા કરી અને અધિકારીઓને યોગ્ય લાંચ આપ્યા બાદ સરકારી દફતરોમાં જરૂરી સુધારા-વધારા કરાવવામાં આવ્યા અને એવું પ્રતિ-

પાદિત કરી બતાવ્યું કે વિસ્થાપિતોએ પોતાના વળતરહક્ક માટે વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને આ બાબતની જાણકારી સરકારે કોર્ટને કરવામાં વિલંબ કર્યો હતો. કેટલાક કિસ્સાઓમાં વકીલોએ માનવીય ધોરણે હાઈકોર્ટમાં વળતર માટેના અપાયેલ આદેશ સામે સીધી જ અરજીઓ કરી અને તેમાં જણાવવામાં આવ્યું કે અજ્ઞાન તેમ જ નિરક્ષર લોકો પર સરકારે યોગ્ય રીતે નોટિસબજવણીનું કાર્ય કર્યું નથી. મોટા ભાગના કિસ્સાઓમાં નોટિસો ગામના કર્મચારી પાસે જ રહી. આવી એકત્ર કરાયેલ અરજીઓ હાઈકોર્ટ દ્વારા દાખલ કરવામાં આવી.

અસરગ્રસ્ત વિસ્તાર હેઠળ આવેલ કુરનૂલ તેમ જ મહેબૂબનગરની જિલ્લા અદાલતના નવાગંતુક ૨૦ વકીલોએ તેમના કાર્યવિસ્તારમાં સમાવિષ્ટ એવાં કેટલાંક ગામોના કેસો આ રીતે હાથ પર લીધા. વિસ્થાપિતોને કાનૂની રાહે સંભવિત કુલ મળવાપાત્ર વધારાના વળતરના ૧૫ ટકા લેખે તેમની ફી નક્કી કરીને કાર્યનો આરંભ કરવામાં આવ્યો. જેમાં તુર્ત જ ૩૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો. કેટલાક કિસ્સાઓમાં વકીલોની ફી કુલ મળવાપાત્ર વધારાના વળતરના ૫૦ ટકા સુધી નક્કી કરવામાં આવી. ગામલોકોએ કેટલાક કિસ્સાઓમાં ફરિયાદ કરી કે અદાલત દ્વારા વધારાનો મળેલ વળતરના આંકડા કેટલા હતા તેમની તેઓને જાણ કરવામાં આવી નહિ. તેમ જ તેમાંથી વકીલોએ પોતાની ફી તરીકે કેટલાં નાણાં કપાત કર્યાં તેની પણ તેઓને જાણ કરવામાં ન આવી. સ્થળાંતરિત ગામના વયસ્કો તેમ જ બીજાઓએ જ્યારે જાણ્યું કે વકીલો આવા પ્રકારના કેસો લઈ રહ્યા છે, ત્યારે ગામના કર્મચારીઓ રાતોરાત આ ધંધા માટે વકીલો તેમ જ લોકોને જોડતી કડી રૂપે બહાર આવ્યા. વચગાળાના આ દલાલો વકીલોની ફી નક્કી કરી આપતા, સરકારી દફતરોમાં જરૂરી એવા ફેરફારો કરાવતા તેમ જ એ પણ કાળજી લેતા કે કોર્ટ દ્વારા મળેલ વધારાનું વળતર બધા જ સ્તરોમાં નક્કી કરેલ ટકાવારી મુજબ કપાત થઈને વિસ્થાપિતો સુધી પહોંચે. (જેમાં તેઓની દલાલી પણ સમાવિષ્ટ હતી.) અદાલતી આદેશ મુજબ જે ફરિયાદીઓને વળતરની રકમ મળી ન હતી તેઓના નામના ચેકો આપીને વળતર ચૂકવવાનું નક્કી થયું. પરંતુ, આ વ્યવસ્થા અસરગ્રસ્તોને લાભકર્તા નીવડી નહિ. કારણ કે બેંકોએ વિસ્થાપિતોના ખાતાં ખોલવા માટે જે તે વિસ્તારની પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઓળખાણ માંગી જેમાં વિસ્થાપિતોને વકીલોની ઓળખાણ આપવાની ફરજ પડી. પાછળથી વકીલ અથવા વચગાળાના દલાલોએ ઝડપી રીતે નાણાં ઉપાડવાના પત્રક પર વિસ્થાપિતોની સહીઓ લઈને રકમો મેળવી લીધી. આ મુજબ વિસ્થાપના પછીનાં ચાર વર્ષમાં ૧૯૮૫ના માર્ચ સુધીમાં ૨૦,૧૩૭ કેસો જિલ્લા અદાલતમાં કરવામાં આવ્યા. જેમાંથી ૧૦,૦૧૧ કેસો ઘરો સંબંધી તેમ જ ૯,૬૮૬ કેસો જમીન સંબંધી હતા. બીજી ૪૩૯ અરજીઓ વિસ્થાપિતોએ સમૂહમાં ભેગા થઈને અદાલતમાં કરી, કેટલાક કિસ્સાઓમાં સમગ્ર ગામ સીધી રીતે અદાલતમાં ગયું. ઉપરોક્ત કેસોમાંથી ૮,૬૯૫ કેસોનો જિલ્લા અદાલત મારફત નિકાલ કરવામાં આવ્યો. સરકાર દ્વારા ૬૪ ટકા કેસોને પડકારવામાં આવ્યા અને હાઈકોર્ટ સુધી લઈ જવામાં આવ્યા. બાકીના ૨,૨૦૫ કેસો પડકારવામાં ન આવ્યા કેમકે દાવાની રકમ કાયદેસર કરતાં નીચી હોવાથી તેનો તત્કાલ નિકાલ કરવામાં આવ્યો. આમ, માર્ચ ૧૯૮૫ સુધીમાં કુલ ૧૭ ટકા કેસો સંપૂર્ણપણે નિકાલ થઈ શક્યા. નિકાલ થયેલ કેસોની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ આ મુજબની હતી :

(૧) હાલ પર્યંત સરકાર એકે કેસ જીતી શકી નથી. (૨) અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ ઘરો તેમ જ જમીનો માટેનું વળતર સરકારે ઠરાવેલા વળતર કરતાં અનુક્રમે ૨૬૨ ટકા તેમ જ ૧૫૦ ટકા વધુ હતું. (૩) આમ છતાં અદાલત દ્વારા ઉદાર હાથે ઠરાવેલ વધારાનું વળતર ગુમાવેલ મિલકતોની સરખામણીમાં અડધું જ હતું. (૪) વિસ્થાપિતોની તરફેણમાં ચુકાદો આપવા માટે વકીલો તરફથી ન્યાયાધીશો પર દબાણ લાવવામાં આવ્યું હતું એવી અફવાઓ મોટા પાયા પર પ્રચલિત

હતી. (૫) વિસ્થાપિતોની મિલકતો સંપાદન કર્યાના દિવસથી અદાલત દ્વારા નક્કી કરવામાં આવેલ વધારાના વળતર પર સરકારે ૯ ટકાનું વ્યાજ ચૂકવવું એવું ઠરાવવામાં આવ્યું. (૬) અદાલત દ્વારા વિસ્થાપિતોના દાવાની અરજીઓ દાખલ કરવાની સંમતિની સાથે જ સરકારે અદાલતના ખાતામાં દાવા માટે કરેલ રકમ જમા કરાવવી આવશ્યક હતી, કાર્યવાહીમાં વિલંબ થવાથી જાહેર તિજોરીમાંથી લીધેલ નાણાં પર સારી એવી ખોટ જવા પામી.

તાજેતરનાં અખબારી નિવેદનો (ધી હિન્દુ ૧૨ ડિસે. ૧૯૮૮)એ નોંધ્યું કે વધારાના વળતરની માંગણી માટેના કેસોની સંખ્યામાં ૪૨,૦૦૦નો વધારો થયો, જેમાં ૧૪૨ કરોડની વધારાની ચૂકવણીના દાવાઓની રકમ સમાવિષ્ટ હતી. સમસ્યાને ગહનતાથી તપાસીને ઝડપી નિર્ણય લાવવા માટે 'લોક અદાલત' દ્વારા એક સમિતિની નિમણૂંક કરવામાં આવી.

માર્ચ ૧૯૮૫ સુધીમાં સરકારે ૪૬.૬ કરોડ રૂપિયા વિસ્થાપિતોને મળેલ વધારાના વળતર રૂપે ચૂકવી દીધા હતા. યોજનાની રૂપરેખા તૈયાર કરતી વેળાએ વિસ્થાપન માટે ૩૮.૫ કરોડ ફાળવવામાં આવ્યા હતા, જે યોજનાની રૂપરેખા તૈયાર કરવાની કાર્યવાહીની નબળાઈઓ છતી કરે છે. ઉપરોક્ત સંજોગોને બાદ કરતાં વિસ્થાપિતોને મળેલ વધારાના વળતરનાં નાણાંનો મોટો ભાગ વકીલોની ફી પાછળ તેમ જ વધારાના ઊભા કરેલ નાણાંની પુનઃ ચૂકવણી પાછળ વપરાયો. બાકીના નાણા જૂનાં દેવાની ચૂકવણી માટે વપરાયાં. જે કંઈ નજીવી રકમ બાકી રહી તેનો ઉપયોગ રોજ-બરોજના ખર્ચ પાછળ થયો.

સરકાર જ્યારે લોક સમુદાયની ઇચ્છાઓ તેમ જ સહભાગીદારીઓને અવગણીને વિસ્થાપનને લગતા નિર્ણયો લેતી હોય, તેમ જ વિસ્થાપન કાર્ય પણ વિસ્થાપિતોના સહકાર વિના થતું હોય ત્યારે સરકારની ફરજ બની રહે છે કે, પુનઃવસવાટ કરાયેલ લોકસમુદાયને કાયમી ધોરણે જીવનનિર્વાહનું સાધન પૂરું પાડવું. જો કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ વિસ્થાપિતોને કાયમી ધોરણે જીવનનિર્વાહનું સાધન આપવામાં સરકાર નિષ્ફળ જાય ત્યારે ચોક્કસપણે એવું માની શકાય કે, સરકારની પુનઃવસવાટની નીતિના મૂળમાં ખામી છે.

લાંબા ગાળાના પુનઃવસવાટ કાર્યક્રમ તરફ

એ સ્પષ્ટ છે કે વિસ્થાપન એ વિકાસની બીજી બાજુ છે. વિસ્થાપનનો પ્રશ્ન પ્રદેશ તેમ જ દેશની ભિન્નતા સાથે સંકળાયેલો નથી. પરંતુ એ દરેક પ્રકારની પરિસ્થિતિમાં અભિન્ન રહેવા પામે છે. જે વાતનું સમર્થન કેટલાક અભ્યાસો દ્વારા પ્રાપ્ત થાય છે. વિસ્થાપન વગરનો વિકાસ એ આયોજનનો પર્યાય છે અને તાર્કિક રીતે એક ડગ આગળ જઈને કહી શકાય કે પર્યાવરણનો મૂલ ઉચ્છેદ કર્યા સિવાયનો વિકાસ હોવો જોઈએ. શું આ શક્ય છે? વિસ્થાપનની સમસ્યાને ઉપરોક્ત સંદર્ભે વિચારવાનો સમય હવે પાકી ગયો છે. શ્રી શૈલમ સિંચાઈ યોજનાના અનુભવને આધારે હવે પછી ભવિષ્યમાં આવનાર કોઈપણ વિશાળકાય સિંચાઈ યોજના માટે સંભવિત વિસ્થાપનના સંદર્ભમાં વિસ્થાપનનું કાર્ય ગમે તે કક્ષા સુધી 'અનિવાર્ય' હોય છતાં પણ પુનઃવસવાટની નીતિ ઘડવામાં નીચેનાં સૂચનો ધ્યાનમાં લેવાં પડશે.

(૧) સમસ્યાના હાર્દ સુધી પહોંચાને જરૂરી એવી માહિતીનું એકત્રીકરણ

વિકાસના નામે શરૂ કરવામાં આવનાર કોઈપણ મોટી યોજનાના મંડાણપૂર્વે નીચેના પ્રશ્નોને લક્ષમાં રાખીને માહિતી એકત્ર કરવી પડશે. યોજનાથી કોને લાભ મળવાનો છે? યોજના માટેનો બીજો કયો પર્યાય સંભવિત છે? (મધ્યમ તેમ જ નાનાં બાંધકામો) યોજના માટેનાં નાણાંકીય સાધનો ક્યાંથી મેળવી શકાશે? યોજનાથી વિસ્થાપિત થનારા લોકો પુનઃવસવાટ માટે થનારા સંપૂર્ણ ખર્ચાની આકારણી, શિલ્પ-સ્થાપત્ય તેમ જ ધાર્મિક સ્થાનોની ડૂબાણની

જમીનમાં પરિસ્થિતિ, તેમ જ વિસ્થાપનથી કયા પ્રકારની સામાજિક-આર્થિક તેમ જ રાજકીય અસરો ઉદ્ભવશે તેની માહિતી એકત્ર કરીને તેની ચકાસણી કરવી યથાર્થ થઈ પડશે. તદ્ઉપરાંત હાલમાં ચાલી રહેલ મોટા કદના બંધો માટેની ચર્ચાઓમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓ જેવા કે બંધમાં પુગંતી માટીનો આંક, સંભવિત પાણીનો ભરાવો, ક્ષારોનું પ્રમાણ, ગટરની સગવડ વગેરે મુદ્દાઓને ધ્યાનમાં લઈને યોજનાની રૂપરેખા તૈયાર કરવી પડશે.

(૨) માહિતી જાણવાનો અબાધિત અધિકાર-માહિતી પ્રસારણ

ઉપર્યુક્ત પ્રમાણેની માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ સરકારે તેને સંપૂર્ણપણે જાહેર જનતા સુધી પહોંચાડવી જોઈએ, જેમાં ખાસ કરીને જેનું વિસ્થાપન થનાર છે તેમ અને યોજનાથી જેને લાભ થવાનો છે તેવા વર્ગને ઉપરોક્ત માહિતી પહોંચે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. યોજનાને લગતો અંતિમ નિર્ણય યોજનાથી થનાર સંભવિત અસરોની લોકશાહી ઢબની તંદુરસ્ત ચર્ચાઓ થયા બાદ જ લેવાવો જોઈએ. મોટા કદની તમામ યોજનાઓના મંદ ગતિના કાર્યને લક્ષમાં લેતાં ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા સમયના બંધનને ઉવેખીને પણ કરવી જોઈએ. સમગ્ર જનહિતને લક્ષમાં રાખીને સરકારે નિષ્ણાતોની સમિતિ નીમીને હાલ પર્યંત હાથ ધરવામાં આવેલ તમામ મોટા કદની સિંચાઈ યોજનાથી થયેલ લાભ તેમ જ ગેરલાભોનું ઉપર્યુક્ત મુદ્દાઓને આધારે પૃથક્કરણ કરવું જોઈએ તેમ જ કરેલ પૃથક્કરણનાં તારણો લોકો સમક્ષ રજૂ કરવાં જોઈએ.

(૩) વિસ્થાપન અને પુનઃવસવાટ

ઉપરોક્ત મુજબની કાર્યવાહી બાદ જો એવું નક્કી કરવામાં આવે કે યોજના હાથ ધરવી છે, ત્યારે નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો વિસ્થાપિત થનાર લોકોના પુનઃવસવાટ માટે ધ્યાનમાં લેવા જોઈએ. વિસ્થાપન પછી પુનઃવસવાટનો સિદ્ધાંત આપમેળે જ સ્વીકૃત બનવો જોઈએ. પુનઃવસવાટ દરમ્યાન શક્ય હોય ત્યાં સુધી લોકોની હાલની પ્રણાલી મુજબનું જ જીવન ગોઠવાવું જોઈએ. તેમ જ વિસ્થાપિત થયેલ લોકોની સંસ્કૃતિ તેમ જ ઓળખને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવી જોઈએ. વિસ્થાપિત થનારા લોકો કે જેઓએ ઘણું બધું ગુમાવવાનું છે તેઓને યોજના થકી મળવા પાત્ર લાભોમાં સર્વ પ્રથમ અગ્રીમતા આપવી જોઈએ.

(ખ) વિસ્થાપિત થનાર લોકોની સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિને લગતી મોજણી ગામવાર, જ્ઞાતિ, જાતિ અને વ્યવસાયના ધોરણે સંપૂર્ણપણે હાથ ધરાવી જોઈએ.

(ગ) જ્યાં સુધી વિસ્થાપિતોના પુનઃવસવાટનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી સત્તાવાળાઓને વિસ્થાપિતોની મિલ્કતો સંપાદન કરવાનો કોઈ અધિકાર હોવો જોઈએ નહિ. ઉપરોક્ત બાબતની ખાત્રી કરાવતો કાયદો પસાર કરવો જોઈએ.

(ઘ) સ્થળાંતર અને પુનઃવસવાટની સમસ્યાને સમગ્ર રીતે હાથ ધરવા માટે જરૂરી સત્તાઓ અધિકૃત કરીને તે માટે અલગ વિભાગનું નિર્માણ થવું જોઈએ.

(ઙ) વિસ્થાપિતો જોડે જરૂરી વાટાઘાટો કર્યા બાદ ગામવાર નવા વસવાટ દરમ્યાન ઘરો માટે જરૂરી જમીન ફાળવવી જોઈએ. બધા જ પ્રકારની જીવનજરૂરિયાતોની સગવડો જેવી કે પીવાના પાણીની સગવડ, સસ્તા અનાજની દુકાન, નિશાળ, પંચાયતનું મકાન, ગટર તેમ જ વીજળી જોડાણ વિસ્થાપિતો નવા ગામમાં વસવાટ કરે તે પૂર્વે પૂર્ણ થયેલ હોવી જોઈએ. આ કામો શક્ય હોય ત્યાં સુધી વિસ્થાપિતોની સહકારી મંડળી મારફત કરાવવાં જોઈએ.

(ચ) વિસ્થાપિતોએ ગુમાવવી પડેલ તમામ પ્રકારની આવકો જેમાં તેઓના વ્યવસાય દ્વારા પ્રાપ્ત થતી રોકડ તેમ જ વસ્તુના સ્વરૂપની આવકનું આકલન થવું જોઈએ. બિનકૃષિગત વ્યવસાયકારો, ખેતમજૂરો, ભાગે જમીન ખેડનારાઓ, ગણોતિયાઓ તેમ જ સરકારની પડતર જમીન ખેડનારાઓની આવકનો પણ આમાં સમાવેશ થઈ જવો જોઈએ.

(છ) ઘરો માટેના વળતરની કિંમત આકારણી કરતી વખતે જૂના ઘરો જેવું જ નવું ઘર બને તે ધ્યાનમાં રાખવું જોઈએ તેમ જ નવા ઘરની બાંધકામની બજાર કિંમતનો ખર્ચ આપવો જોઈએ.

(ઝ) બળપૂર્વક થતા વિસ્થાપિતોની મિલકતોના સંપાદનને કારણે તેઓ પર ગુજરાતા માનસિક ત્રાસના વળતર રૂપે, ચૂકવવામાં આવતા કુલ વળતરનો એક તૃતીયાંશ ભાગ આપવો જોઈએ. વળતરની રકમ વિસ્થાપિતો નવા વસવાટમાં ખસી ગયા બાદ જ ચુકવાવી જોઈએ.

(ટ) નવા વાસ દરમિયાન જરૂરી આધારિત સંરચનાની કામગીરી સંપૂર્ણ થયા બાદ જ વિસ્થાપિતોને તેમનાં ઘરો માટે મળવા પાત્ર વળતર ચુકવાવું જોઈએ.

(ઠ) (ઝ) અને (ટ)માં કરેલ જોગવાઈઓ જરૂરી છે, કેમકે જૂજ લોકોમાં જ ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કેમ કરવો તેની કુશળતા હોય છે. વ્યાપારી જગતમાં વળતરનું નાણાંકીય મૂલ્યમાં કરેલ આકલન વિસ્થાપિતોને જરૂર આકર્ષે તેમ છે. પરંતુ અંતે તે હાનિકારક પુરવાર થાય છે. શ્રી શૈલમ બંધના વિસ્થાપિતોનો અનુભવ એમ કહે છે કે રોકડ પૈસાને બિનજરૂરી જગ્યાએ વાપરીને તેઓએ મજૂર તરીકેનું જીવન જીવવું પડયું છે.

(ણ) સત્તાવાળાઓ તરફથી વિસ્થાપિતોના માલ–સામાનની નવા વસવાટના સ્થળે ફેરબદલી કરવા માટે મફત વાહનવ્યવહારની વ્યવસ્થા પૂરી પાડવામાં આવવી જોઈએ.

(ત) વિસ્થાપિત કૃષિ વ્યવસાયકારોને નવા વસવાટ દરમિયાન ઓછામાં ઓછી ૨ એકર તેમ જ વધુમાં વધુ ૧૦ એકર પિયતવાળી જમીન આપવી જોઈએ. જે મુખ્યત્વે જૂના ગામની તેમની આવકને લક્ષમાં રાખીને નક્કી થવી જોઈએ, નહિ કે તેમની મિલકતના ધોરણે.

(થ) વિસ્થાપિત બિનકૃષિ વ્યવસાયકારો તે તેમનો જૂનો વ્યવસાય ચાલુ રહે તે માટેની બધી જ સુવિધા નવા વસવાટ દરમિયાન પૂરી પાડવી જોઈએ.

(દ) જો વિસ્થાપિતો પુનઃવસવાટ (૫) અને (૬) માં સૂચવ્યા મુજબ અશક્ય હોય, દરેક વિસ્થાપિત કુટુંબના એક સભ્યને સરકારી કે અર્ધસરકારી કચેરીમાં યોગ્ય તાલીમ આપ્યા બાદ નોકરી આપવી જોઈએ.

(ધ) જો પુનઃવસવાટ દરમિયાન અપાયેલ સુવિધાઓ વિસ્થાપિતોને અપૂરતી જણાય તો તેની ફરિયાદ સરકાર દ્વારા રચાયેલ નિવૃત્ત ન્યાયાધીશોના ખાસ તપાસપંચ સમક્ષ થાય તેવી સગવડ ઉપલબ્ધ હોવી જોઈએ. કોઈપણ પ્રકારની ફરિયાદ વિસ્થાપન બાદના બે વર્ષ સુધીમાં તપાસપંચ સમક્ષ લાવવાની છૂટ અપાવી જોઈએ. સમગ્ર કેસોની અરજી તેમ જ નિકાલની અવધિ છ માસની હોવી જોઈએ. તપાસપંચનો નિર્ણય અંતિમ ગણાવો જોઈએ.

(ન) યોગ્ય રીતે કાયદાઓ પસાર કરીને બિનસરકારી સંસ્થાઓનો જાહેર હિત માટે થતી સંપાદન અંગેની કાર્યવાહીમાં સમાવેશ કરવો જોઈએ. એમાં વિસ્થાપિતોનાં ઘરો તેમ જ જમીનનું કાર્ય સમાવિષ્ટ થવું જોઈએ.

જુદી જુદી યોજનાને કારણે વિસ્થાપનનો ભોગ બનનાર છે અથવા વિસ્થાપનનો ભોગ બનવાની ધમકી મળેલ છે તેઓએ સંગઠિત થઈને વ્યક્તિગત ધોરણે સમસ્યાના હાર્દને સમજવું પડશે અને સંબંધિત સત્તાવાળાઓ ઉપર સામૂહિક ધોરણે દબાણ લાવીને તેમના પ્રતિનિધિઓ મારફત સમસ્યાના સ્વરૂપને જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં મૂકવીને પ્રતિપાદિત કરવું પડશે કે (૧) વિસ્થાપન અનિવાર્ય છે. (યોજનાનો બીજો પર્યાય શોધીને) અને (૨) ઓછામાં ઓછું વિસ્થાપન સંપૂર્ણ પુનઃવસવાટ સાથે થવું જોઈએ. કહેવાતા લાભાર્થીઓને યોજના ખર્ચમાં તેમ જ વિસ્થાપિતોના પુનઃવસવાટના કાર્યક્રમમાં એકલા જવાબદાર ગણવાને બદલે તેઓને યોજનાના અભિન્ન અંગ તરીકે જ ગણવા જોઈએ. (અનુ. સત્યકામ જોશી)

❀ ❀ ❀

સિંગરૌલીમાં વિસ્થાપનની સમસ્યા

અવધેશ/દીપક/સત્યજિત/પંકજ/સુરેશ શર્મા

સિંગરૌલી પ્રાચીનકાળથી વન્ય જાતિઓનું ક્ષેત્ર રહ્યું છે. સૈકાઓથી અહીંની નદીઓના ઘાટ પ્રદેશમાં અનાજની ખેતી જીવનનિર્વાહનો મુખ્ય આધાર રહ્યો છે. અહીંના વનવાસીઓ વન્ય સંપત્તિનો ઉપભોગ કશી રોકટોક વિના કરતા આવ્યા હતા. ૧૮૬૫માં જંગલ અંગેના કાયદાથી સ્થાનિક રહેવાસીઓના જીવનનિર્વાહ પર પ્રથમ પ્રહાર થયો. ત્યારથી તેઓના જીવનમાં મુશ્કેલીઓની પરંપરા શરૂ થઈ હતી. ભારત દેશ આઝાદ થયો ત્યાર પછી તેઓની મુશ્કેલીમાં ઝડપી વધારો થયો. રિહંદ બંધ બન્યા પછી છેલ્લાં ૨૫ વર્ષથી તેઓને એક યા બીજાં કારણોસર સતત સ્થળાંતર કરતાં રહેવું પડયું છે. સિંગરૌલીના મોટા-ભાગના લોકો રાષ્ટ્રીય સમૃદ્ધિને માટે ઘર જમીન વગરના થઈને સડકવાસી બની ગયા છે. ભારતીય સમાજનું આ એક દુઃખદાયી લક્ષણ છે.

સેન્ટ્રલ કોલ ફીલ્ડ લિમિટેડ તથા નેશનલ સુપર થર્મલ પાવર કોર્પોરેશનને કારણે સિંગરૌલીના સેંકડો અસરગ્રસ્ત ગામો ભય આશંકા અને અનિશ્ચિતતાની સ્થિતિમાં જીવી રહ્યાં છે. એના ગ્રામીણજનોને કોઈ અંદાજ નથી કે ક્યારે કેટલી જમીન છીનવાઈ જશે. એ અંગેની સરકારી યોજનાઓ અસ્તવ્યસ્ત છે. શિક્ષણ અને આરોગ્ય વિભાગમાં ઘણી ક્ષતિઓ છે. પરિયોજનાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે આધુનિક કક્ષાના રોજગાર અને વધુ સારી શિક્ષણની વ્યવસ્થા છે. પણ દલિત મજૂરો અને કિસાનોના છોકરાઓ માટે શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી. પરિણામ સ્વરૂપ વિસ્થાપિત પરિવારોનાં મોટી સંખ્યાનાં બાળકો તેમના ભાવિ જીવન માટે આમતેમ નિરર્થક રીતે રખડવાને માટે લાચાર છે. લોકહિત સમિતિની બેઠક તથા સર્વેક્ષણ દરમિયાન વિસ્થાપિતોએ પોતાની પીડા સમિતિઓના સાથીઓને બતાવી અને આશા વ્યક્ત કરી હતી કે સમિતિ આ સંબંધમાં કંઈક પગલાં લે. એમની પ્રધાન સમસ્યા અસ્તિત્વની, રક્ષાની છે. ખેતી, સિંચાઈ, લઘુઉદ્યોગો તથા સામુદાયિક જીવન પુનઃ સંગઠિત કરવાની છે.

સરકાર તથા શક્તિશાળી લોકોનો એક મોટો વર્ગ વિકાસની હાલની દિશાને રાષ્ટ્રીય સમૃદ્ધિ તથા ઉત્કર્ષ માટે અપરિહાર્ય માને છે. સિંગરૌલીના લાખો વનવાસી ખેડૂતોને આ વર્ગ વિકાસ યજ્ઞમાં કેવળ આહુતિ યોગ્ય સામગ્રી જ માને છે. અહીંની સડકો પર વીજળી છે પણ અસરગ્રસ્તો માટે તે ઉપલબ્ધ નથી. અહીંનો વિકાસ રાષ્ટ્રીય વિકાસ છે પણ તેમાં સ્થાનિક લોકોનો હિસ્સો નગણ્ય છે. વ્યવહારમાં એક નાની સંખ્યાના જૂથ માટેનો આ વિકાસ અન્ય બહુસંખ્યક સમુદાયના ભોગે થાય છે. જેઓ વિકાસનો લાભ લઈ રહ્યા છે તેઓને અસરગ્રસ્તોની કિંમતની કાંઈ જાણકારી નથી. અહીંની મૂળભૂત સમસ્યા કોઈ સ્થાનસીમિત સમસ્યા નથી. પણ આવા જ લાખો કરોડો દેશવાસીઓ આ મુસીબતો વેઠી રહ્યા છે. આ સ્થાનિક દેખાતી સમ-સ્યાને રાષ્ટ્રીય સમસ્યા સાથે જોડીને સમજવાની જરૂરિયાત છે.

સિંગરૌલી ક્ષેત્રમાં અંશતઃ ઉત્તરપ્રદેશના મિરાજપુર તથા મધ્યપ્રદેશના ભાગનો સમાવેશ થાય છે. દેશના ઊર્જા સંકટને હલ કરવા માટે આકાર પામેલી મહત્ત્વાકાંક્ષી યોજનામાં સિંગરૌલી ચર્ચાસ્પદ રહ્યું છે. લગભગ લાખ લોકોની વસ્તીવાળો આદિવાસી વિસ્તાર

સિંગરૌલી આઝાદી પછી વિસ્થાપનને લીધે 'કાળાપાણી' તરીકે ઓળખાય છે. અપાર ખનિજસંપત્તિને કારણે ૬૦ પછીના દાયકા પછી આવેલી વિકાસ યોજનાઓ અહીંના મૂળ રહેવાસીઓ માટે અભિશાપરૂપ પુરવાર થઈ છે. વિકાસના નામ પર એમના ભાગે આવ્યા છે અપમાન અને દરિદ્રતાના કડવા ઘૂંટ. બહારના લોકોના વધતા જતાં આધિપત્યને કારણે તેઓની સાંસ્કૃતિક, સામાજિક તેમજ આર્થિક વ્યવસ્થા નષ્ટ થઈ રહી છે. યોજનાઓ બનાવતી વખતે સરકાર તરફથી આ હકીકતોની બિલકુલ ઉપેક્ષા સેવાઈ હતી. આદિવાસીઓના હિતને માટે જાહેર કરેલ સરકારી કાર્યક્રમો પણ મોટેભાગે કાઈલો સુધીજ સીમિત રહ્યા છે.

સિંગરૌલી ચારે તરફ પર્વતમાળાઓથી ઘેરાયેલું છે. પૂર્વ-પશ્ચિમમાં શૃંગાવલી પર્વતમાળા છે તો ઉત્તર દક્ષિણમાં કૈમૂરની ઘાટી દૂર દૂર સુધી ફેલાયલી છે. રિહંદ બંધ બન્યો તે પહેલાં માઈલો સુધી ગાઢ જંગલ ફેલાયેલું હતું. જેમાં અનેક પ્રકારનાં ઝાડો હતા. ૮૦ ટકા ગામો સમતલ પ્રદેશમાં હતાં. જ્યારે બાકીના ૨૦ ટકા ગામો પહાડી પર વસેલાં હતાં. સૂરજ ડૂબ્યા બાદ ગામના લોકો બહાર નીકળી શકતાં નહોતા. જંગલોમાં વાઘ-ચિતા જેવાં પ્રાણીઓ વિશેષ હતા. વિશ્વ પ્રસિદ્ધ સફેદ વાઘની આ જન્મભૂમિ હતી. શિકાર માટે આ ક્ષેત્ર સ્વર્ગ મનાતું હતું. મહારાજા તથા અંગ્રેજ અધિકારીઓ શિકાર મેળવવા માટે મહિનાઓ સુધી અહીં પડાવ નાખતા. સિંગરૌલીમાં મુખ્યત્વે એક મોટી નદી હતી. જ્યારે બીજાં ઝરણાંઓ હતાં જેમાં બારેમાસ પાણી રહેતું હતું. જેનો લોકો પીવાના પાણી તરીકે ઉપયોગ કરતા હતા

સિંગરૌલી ક્ષેત્ર પહાડી હોવાને કારણે આવવા-જવાની સમસ્યા જટિલ રહેવા પામી છે. પરંતુ છેલ્લા બે દાયકાથી સેન્ટ્રલ કોલ ફિલ્ડ લિમિટેડ તથા નેશનલ સુપર થર્મલ પાવર કોર્પોરેશનના પોતાના ઉદ્દેશોની પૂર્તિ માટે આ ક્ષેત્રને સડકો સાથે જોડી દીધું છે. આમ છતાં હજુ પણ આમ વર્ગના લોકો માટે સિંગરૌલીના તાલુકા મુખ્યમથક સુધી જવા માટે બાર બાર કલાક સુધી બસની પ્રતીક્ષા કરવી પડે છે. જો કે ૧૯૬૧ પછી રેલ્વેલાઈન થતાં આમાં કંઈક હળવાશ આવી છે.

સિંગરૌલી ક્ષેત્ર ખનિજ સંપત્તિથી ભરપૂર છે. કોલસો આ ક્ષેત્રનું સૌથી વધુ મહત્ત્વપૂર્ણ ખનિજ છે. આ ઉપરાંત સિલીગિનેટ, લોખંડ, અબરખ, તાંબું તથા સફેદ ધાતુ વગેરે છે. ખનિજસંપત્તિને કારણે બાહ્ય દુનિયાની આ ક્ષેત્રમાં આજે પણ દિલચસ્પી છે. સર્વપ્રથમ આ ક્ષેત્રમાં વિશાળ પાયા પર કોલસા ભંડારની શોધ ઈ. સ. ૧૮૪૦ માં અંગ્રેજ કેપ્ટન રેવથન દ્વારા થઈ હતી. જિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના સર્વે અનુસાર બે હજાર ચો. કિલોમીટરમાં કોલસો રેલાયેલો છે. જેમાં ૨૦૦ ચો.કિ.માં પ્રચુર માત્રામાં મળે છે.

રિહંદ પરિયોજના પાછળ સરકારના ઉદ્દેશ ઘણા રહ્યા હશે. પણ સિંગરૌલીના વાસીઓ માટે તો એક વાત કહેવામાં આવી હતી કે રિહંદ બંધ બનવાથી સિંચાઈની એવી વ્યવસ્થા ઉપલબ્ધ બનશે કે તેનાથી સિંગરૌલીની ધરતી પર સોનુ ઊગશે. સિંચિત જમીનથી ખેતી માલોમાલ થઈ જશે. રિહંદ પરિયોજનાના અધિકારીઓ વર્ષો સુધી આવો પ્રચાર કરતા રહ્યા. આમ આશામાં ને આશામાં લોકો તરેહવારની મુશ્કેલીઓ અને વિસ્થાપનના દુઃખનો સ્વીકાર કરતા રહ્યા.

ભાવિ બંધ નિર્માણની કાર્યવાહી સંબંધમાં આ અધિકારીઓએ ૧૯૫૮માં ૧૪ ગામો ખાલી કરવાની નોટિસ મોકલી હતી. પછીનાં બે વર્ષ સરકાર ચૂપ રહી. ૧૯૭૦માં ૧૪૬ ગામો ખાલી કરવા માટે નોટિસ મોકલવામાં આવી. મોટા ભાગના ગામવાળાઓએ ૧૯૫૮ની નોટિસને આધાર માની એવું જ વિચાર્યું કે આ તો સરકારી કામકાજ છે. કાર્યવાહી કરવામાં એક બે વર્ષ તો થઈજ જશે. એથી પૂર્વજોની

જમીનમાં જેટલો સમય રહી શકાય તેટલો રહી લો. પરંતુ આ વખતે પરિયોજનાના અધિકારીઓએ પહેલાં જે ભૂલ કરી હતી તે સુધારી લીધી હતી. ૧૯૬૦માં જે ગામો ડૂબવાનાં હતાં તે બધાં ૧૯૫૮માં જ સામેલ કરી દીધાં હતાં.

હાલત એવી હતી કે એક તરફ લાઉડસ્પીકર પર ગામ ખાલી કરવાની વાતો કહેવામાં આવી રહી હતી, બીજી તરફ કોઈપણ ચેતવણી આપ્યા વિના બંધનું પાણી છોડી દેવામાં આવ્યું હતું. હવે શું થાય? બધાં જ ૧૪૬ ગામોમાં જાન બચાવવા માટે ભાગદોડ મચી ગઈ. ગભરાટમાં જે કાંઈ સામાન હાથ લાગ્યો તે લઈ લીધો અને બાકીનો એમનો એમ રહેવા દીધો. મોટા ભાગના લોકો ઈમારતી લાકડું અને પશુઓ પણ લઈ જઈ શક્યા નહિ.

સરકારે સામાનનું વહન કરવા માટે ૩૦૦ ટ્રક કરી હતી. પણ વિસ્થાપિતો તેનો લાભ લઈ ન શક્યા. વરસાદની મોસમ હતી. કાચો રોડ હોવાને કારણે જ્યાં ટ્રક ફસાઈ ત્યાં ટ્રક ડ્રાઈવરો બધો માલ ફેંકીને ચાલ્યા ગયાં. ધરસડી ગામના અશોકકુમાર દુબેનો બધો સામાન ભર વરસાદમાં ટ્રક ડ્રાઈવરોએ ફેંકી દીધો. જેને લીધે અશોકકુમારને તેના પરિવાર સાથે બે વર્ષ ઝાડ નીચે ગુજારવા પડ્યાં. કેટલાક ટ્રક ડ્રાઈવરો તો આ વિસ્થાપિતોનો સામાન પોતાના સાથે લઈને ભાગી ગયા. આ પ્રકારે રિહંદ બંધના વિસ્થાપિત મોટા ભાગના ખેડૂતોની આર્થિક સ્થિતિ જર્જરિત બની ગઈ.

ખેતમજૂરો અને કારીગરો ભિખારી બની ગયા. વિસ્થાપિતોના દયનીય સ્થિતિનું મોટું કારણ ધૂર્તતા અને ચલાકીભરી વળતરની રકમની વહેંચણી હતી. સરકારી નિયમાનુસાર જમીનવાળાને પાંચ એકર અને જમીનવિહોણાઓને ત્રણ એકર જમીન આપવાનું નક્કી થયું હતું. પણ હજુ સુધી આ જમીનના પટ્ટા આ વિસ્થાપિતોને મળ્યા નથી.

રિહંદના વિસ્થાપિતો ક્યાં ગયા? આ પ્રકારની જાણકારી ન તો શાસન આપી શકે તેમ છે, ન તો વિસ્થાપિતો. મોટા ભાગના વિસ્થાપિતોનો એવો મત છે કે ૨૦ ટકા લોકો સરગુજી અને માડામાં જ્યાં જમીનની કિંમત નીચી છે ત્યાં જમીન ખરીદીને વસ્યા છે. ૧૦ ટકા વિસ્થાપિતો રિહંદ બંધની આસપાસના કિનારે જ્યાં જગ્યા મળી ત્યાં વસી ગયા છે. બાકીના લોકો ક્યા છે, તેઓ જીવિત પણ છે કે નહિ તની માહિતી નથી. ધડવાનીના ગુંજેશ્વર દુબેના કહેવા પ્રમાણે આ લાપતા વિસ્થાપિતો વિશે તઓના મિત્રો અને સગાંઓને પણ માહિતી નથી.

છેલ્લાં ૨૪ વર્ષમાં રિહંદના વિસ્થાપિત લોકોની આર્થિક સ્થિતિમાં શું પરિવર્તન આવ્યું? આ પ્રશ્ન સંબંધી જેઓ વિસ્થાપિતોની સમસ્યાઓ સાથે સંકળાયેલા છે એવ પ્રતાપપુરના ભુવનેશ્વર સિંહે તાત્કાલિક ઉદાહરણ આપતા કહ્યું કે ખુટિયા ગામના હીરાસિંહ રિહંદથી વિસ્થાપિત થવા પૂર્વે પાંચ ગામના જમીનદાર અને ૨૨૫ એકર જમીનના માલિક હતા અને ૧૯૫૮માં હીરાસિંહે પોતાની છોકરીની પસની (અન્નપ્રાસન)માં ૨૫ હજાર ૩ પયા ખર્ચ કર્યો હતો એનો કારોબાર સિંગરોલી નરેશ રુદ્રપ્રતાપથી પણ ઊંચો હતો. પણ હીરાસિંહની હાલત બંધથી વિસ્થાપિત થવાને કારણે એવી થઈ ગઈ કે ૧૯૫૮માં એની છોકરીના લગ્ન માટે તે ૩.૨૫૦૦ પણ ખર્ચ કરવાની સ્થિતિમાં નહોતો.

ભુવનેશ્વરસિંહ હીરાસિંહની પાછલી જિંદગી બાદ કરીને ઘણા દુખી થઈ ગયા હતા. રિહંદ બંધના ઘણા ખરા વિસ્થાપિત ખેડૂતોની હાલત એવી થઈ હતી કે તેઓ પોતાના છોકરાઓના ભણતર માટે ફી પણ આપી શકતા ન હતા. ફી આપવાની સ્થિતિમાં હતા તેઓ સ્કુલનો યુનિફોર્મ બનાવવા માટે પૈસા ખર્ચી શકતા ન હતા. ખેતમજૂરો અને કારીગરોની હાલત બંધુઆ મજૂરો જેવી થઈ ગઈ હતી.

રિહંદ બંધને કારણે આદિવાસીઓ ભિખારી બની ગયા. ૧૯૬૦ પહેલાં સિંગરોલી પ્રદેશમાં ઘનઘોર

જંગલ હતું. મહુડી, ચિરોજી, અમરા, હત્થા, હરો વગેરે ઉપયોગી ઝાડો હતાં. આદિવાસીઓનો આ બધો આર્થિક આધાર ખતમ થઈ ગયો. અધિકતમ વિસ્થાપિત મજૂરોએ શાહુકારો અને ખેડૂતોને ત્યાંથી આવશ્યક વસ્તુઓ માટે દેવું કર્યું હતું. તેઓની દેવું ચૂકવવાની ક્ષમતા ન હતી. તેથી દેવું વધતું ગયું. આ બધા મજૂરો બંધુઆ મજૂરો બની ગયા.

૧૯૬૦ પછી અપાર ખનિજ સંપત્તિને કારણે સિંગરૌલી ક્ષેત્રમાં વિકાસ યોજનાઓ આવતી ગઈ. સૌ પ્રથમ રિહંદ બંધ બન્યો. આડેધડ જંગલો કાપી નાખવાને કારણે પર્યાવરણ પર ઘણી ખરાબ અસર થવા પામી. બાકી જંગલનાં પશુઓ અને ગ્રામલોકોના પ્રવેશ પર નિષેધ કરવામાં આવ્યો. આવી વિષમ પરિસ્થિતિમાં પશુચારાના અભાવે પશુઓ કમજોર પડવા માંડયા, અથવા મરીગયાં. વનવાસી પંચાયતના શ્રી જિતન ખરવાનું કહેવું હતું કે આ ક્ષેત્રની દૂધાળુ ગાય ઇલાકામાં મશહૂર હતી.

વન્ય પેદાશોને કારણે આદિવાસીઓને આર્થિક સહારો મળી રહેતો. વૃક્ષો પર નિર્ભર રહેનારા આદિવાસીઓ આજે સહારા વિનાના થઈ ગયા છે.

સિંગરૌલીનો પહાડી પ્રદેશ સિંચાઈ સુવિધાઓથી વંચિત રહ્યો છે. સમતલ વિસ્તારમાં ૧૫-૨૦ ફૂટ ઊંડાઈએ પાણી મળી જતું. મોટા ભાગનાં ઘરોમાં કૂવા હતા, જેના દ્વારા થોડી સિંચાઈ પણ થતી હતી. જંગલ કાપવાથી ખેતી પર અસર જણાય છે. આજે ઉ.પ્રદેશમાં ખેતીના પાણીની વાત બાજુએ રહી. પીવાના પાણી માટે પણ રિહંદ નદી પર નિર્ભર રહેવું પડે છે.

સિંગરૌલી ક્ષેત્રની અર્થવ્યવસ્થા કૃષિ પર આધારિત હતી. આવવા-જવાની મુસીબતોને કારણે વાણિજ્ય તથા ઉદ્યોગોનો અભાવ હતો. લોકો તેલ અને મીઠા માટે જ બજારે જતા.

મોટાભાગનો સમાજ ખેડૂત અથવા મજૂરવર્ગનો હતો. સિંગરૌલીમાં જમીન મુખ્યત્વે બ્રાહ્મણ, ઠાકોર અને શાહપાલ (તેલી જ્ઞાતિ) પાસે હતી. મોટાભાગના હરિજન અને આદિવાસીઓ જમીનવિહોણા ખેતમજૂરો હતા. જજમાની પ્રથા હેઠળ સિંગરૌલી ક્ષેત્રમાં લુહાર, ધોબી, ચમાર, હજામ, કુંભાર વગેરે ખેતી પર નભનારા શ્રમિકો હતા. તેઓને પોતપોતાનાં કાર્યો માટે એક વીંઘાની ફસલની પેદાશમાં તેમનો મિશ્રિત હિસ્સો મજૂરીના રૂપમાં આપવામાં આવતો હતો. ગામના ખેડૂતોને આપવાનું થતું અનાજ તેના પરિવારની સંખ્યા પર નહિ પણ ખેડૂત પાસે કેટલી જમીન છે તેના પર આધારિત હતું. આ રીતે ગામની જમીન પર ૬ હિસ્સો જ લોકોનો અધિકાર હતો.

આ બધી વ્યવસ્થા ઔદ્યોગીકરણને કારણે લગભગ સમાપ્ત થઈ ગઈ. તેલગાંવના ૭૫ વર્ષના આદિવાસી કોલગોપાલ બિદારનું કહેવું હતું કે પહેલાં ખેડૂત પાસેથી બધું મળી રહેતું. ખાવાપીવાની ચિંતા ન હતી. પણ હવે એક દિવસ બીમાર રહીએ તો બીજે દિવસે ખાવાનું મળતું નથી.

અહીંના ગ્રામીણ લોકો ખેતી અને ઘરગૃહસ્થીના કામમાં જરૂરી સામાન માટે આદિવાસી કારીગરો પર નિર્ભર હતા. પનિકા (આદિવાસી) ખાદીનાં કપડાં બનાવતા હતા. અગિયારી (આદિવાસી) પહાડમાંથી લોખંડ કાઢવાની પ્રક્રિયા જાણતા હતા અને ઘરગૃહસ્થી માટે ખુરશી, પાવડા, હળ વગેરે બનાવતા હતા. કપડાં સીવવાની સોય સુદ્ધાં બનાવતા હતા.

મિર્જાપુર ઉત્તર પ્રદેશનું અહરોરા (રોબર્ટસગંજ) બજાર સિંગરૌલીની ખનિજ વનસંપત્તિને કારણે લોખંડનો સામાન, દોરડાં, સુતરી, બાજ-દડિયા, ઘરેલુ વસ્તુઓથી ભર્યું ભર્યું રહેતું હતું. આજે આ પરંપરાગત ઉદ્યોગ નષ્ટ થવાને આરે છે.

રિહંદ બંધ થવાની પ્રથમ ઘટના સિંગરૌલીમાં ઘટી. આ પછી વિસ્થાપનનો સિલસિલો નિરંતર ચાલુ જ રહ્યો છે. સિમેન્ટ, એલ્યુમિનિયમ, કેમિકલ્સ, કોલસાની ખાણો વગેરે અનેક ઉદ્યોગ-ધંધા શરૂ થયા. આ મોટામોટા કારોબાર રાષ્ટ્રની નીતિના નામ પર

બન્યા. પણ જેમની જમીન પર આ થયું તેઓ બેઘર થઈ ગયા. તેઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ વારંવાર સ્થળાંતર કરવું પડયું. જેને કારણે તેઓ પાયમાલ થઈ ગયા હતા. જમીનવળતર કેટલાકને મળ્યું પણ ખરું. પણ પાયમાલ થયેલ લોકોને પુનઃ વસાવવા માટે કોઈ વ્યવસ્થા ન બની. જૂજ સંખ્યામાં લોકો મધ્યપ્રદેશના માડા અને સરગુજાનાં જંગલોમાં જમીન ખરીદીને વસ્યા. જ્યારે બાકીના લોકોના પૈસા ખર્ચાઈ ગયા. ચિલિકાગઢ, અનપરા, મટવઈ, તેલગવા વગેરે બધા પાયમાલ થયેલાં ગામો સુપર થર્મલ પાવર કોર્પોરેશન અથવા સેન્ટ્રલ કોલ ફીલ્ડ લિમિટેડ હેઠળ બીજીવાર પાયમાલ થયાં. આ ગામોના ૨૫ ટકા લોકો બીજીવાર વિસ્થાપિત થઈ ચૂકયા છે. એકવાર ૬૦ની સાલમાં રિહંદ બંધથી અને બીજીવાર ૧૯૭૫માં સિંગરૌલી સુપર થર્મલ પાવર કોર્પોરેશન અને સેન્ટ્રલ કોલ ફીલ્ડ લિમિટેડને કારણે. મે, જૂન ૧૯૮૪માં વિંધ્યાચળ સુપર થર્મલ પાવરને કારણે ૯ ગામો નષ્ટ કરવામાં આવ્યાં હતાં. આ ગામોના ૭૫ ટકા લોકો ત્રીજીવાર વિસ્થાપિત થયા હતા.

સિંગરૌલીની ૯૦ ટકા જનતાનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. રોબર્ટસગંજ, અહરૌરા, દુદ્ધી, શાહગંજ, અનપરા કોટા, છુટાર, બેઢન વગેરે ખેતપેદાશના મહત્ત્વપૂર્ણ બજારો હતાં. આનું મહત્ત્વ સમાપ્ત કરી દેવામાં આવ્યું. આની જગ્યાએ કાળાબજારીયાઓ અને જમાખોરી કરવાવાળાએ બજારો લઈ લીધા. અહીંના શાકભાજી, ફળફૂલ, કંદમૂળ વગેરે નફાખોરીનો વિષય બની ગયો. આને કારણે અહીંની જનતા પૌષ્ટિક આહારના અભાવે ભૂખમરાનો શિકાર બની.

સિંગરૌલી ક્ષેત્ર ખનિજધાતુ અને વનસંપત્તિનો ભંડાર હોવા છતાં પણ આ ક્ષેત્રના લોકોનું જીવનસ્તર ઊંચું લાવવા માટે આ સંપત્તિનો કોઈ ઉપયોગ થયો નહિ પણ દેશ-વિદેશના પૂંજીપતિઓના ફાયદાઓ માટે આ ખનિજધાતુઓનું શોષણ થઈ રહ્યું છે. નફાખોરીના ધ્યેય માટે કિંમતી ખનિજસંપત્તિને એટલી બેરહમ રીતે કાઢવામાં આવી રહી છે કે તે સિંગરૌલીના ભવિષ્ય માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે.

મહુડાનાં ઝાડ સાથેના અહીંના આદિવાસી જીવનનો અભિન્ન સંબંધ છે. ઉનાળાની ઋતુમાં જ્યારે ખાવાનું કંઈ મળતું નહિ ત્યારે આદિવાસીઓને જીવિત રહેવા માટેનો એકમાત્ર આહાર મહુડો હતો. પણ શહેરોમાં વધતી જતી દારૂની લતને કારણે આદિવાસીઓના મુખમાંથી મહુડો પણ છીનવાઈ ગયો.

પહેલાં કોટા, પજરેહ અને અનપરા આદિવાસી ગામો હતાં. જે કારખાનાંઓને લીધે ઊજડી ગયાં. ગોરબી, મોરવા અને પજરેહમાં રહેતાં કોલ અને પતિકા આદિવાસીઓ જમીનવિહોણા હતા. જેઓને ટેકનિકી પ્રશિક્ષણના અભાવને લીધે કામ તો ન મળ્યાં ઊલટું રેણુકૂટ, કોટા, પજરેહ, અનપરા અને બેઢનની વિભિન્ન પરિયોજનાની આસપાસમાં કામની લાલચમાં રખડતા હતા.

મોટાભાગની આદિવાસી સ્ત્રીઓ જંગલનાં લાકડાં કાપીને કે ઝાડપાન તોડીને શહેરોમાં વેચતી હતી. એ ધંધો પણ પરિયોજનાને કારણે બંધ થઈ ગયો.

સિંગરૌલી સમાજમાં સ્ત્રીઓનું સ્થાન પુરુષોની બરાબર હતું. પણ મોટા મોટા ઉદ્યોગોની સ્થાપના પછી જે વાતાવરણ બન્યું તેને કારણે સ્ત્રીઓનું સ્થાન સમાજમાં નીચું ગયું. સિંગરૌલી ક્ષેત્રમાં કોઈપણ વર્ણમાં દહેજની પ્રથા પ્રચલિત નહોતી. પણ આજે લોકો દહેજમાં ભેંસ, ગાય નહિ પણ ટેપરેકોર્ડર વગેરે માગતા થઈ ગયા.

વિસ્થાપિત લોકોની વળતરની રકમ કોઈપણ રીતે છીનવી લેવા માટે પંજાબી, મારવાડી, હરિયાણા તથા દક્ષિણ ભારતના વેપારીઓ શહેરો, ગામો અને કસ્બામાં વસ્તીને માટે આધુનિક ગણાતી ચીજો વેચતાં થઈ ગયાં. સિંગરૌલી ક્ષેત્રમાં મોટરસાયકલ, ટેપરેકોર્ડર, ટી. વી., વિડિયો વગેરેની દુકાનો આજે જોવા મળે છે. સર્વેક્ષણ સમયે ચન્દુલી ગામમાં ૧૬ સાયકલ હતી ત્યાં

વળતર મળ્યા પછી લોકો પાસે ૧૮ મોટરસાયકલ થઈ ગઈ.

સિંગરૌલી ક્ષેત્રના જનજીવનને આધુનિકતાવાદી સભ્યતાએ બૂરી રીતે અસર પહોંચાડી છે. બાર, ચૌદ-ચૌદ કલાક ભીષણ કામ કરનારી દલિત ઘરની સ્ત્રીઓ પોતાના ખૂન-પસીનાની કમાઈ સૌંદર્ય-સામગ્રી ખરીદવા માટે ખર્ચ કરતી હતી. સર્વેક્ષણકર્તાઓ એ અંગે કારણ બતાવતાં જણાવે છે કે પરિયોજનાના અધિકારીઓ મોટેભાગે એવી મહિલાઓને કામ પર રાખે છે જેઓ સ્વચ્છ હોય, તેમ જ રૂપવતી હોય. આવા કારણથી ફેરીવાળા ૨૦–૩૦ રૂપિયાની ચમકદાર વસ્તુઓ ૧૫૦ રૂપિયામાં વેચી જતા હતા.

આદિવાસી સ્ત્રીઓ સાથેના યૌન સંબંધોના મામલામાં પણ બહારના લોકોએ આદિવાસી સ્ત્રીઓની મુક્તતાનો ખૂબ જ ફાયદો ઉઠાવ્યો. આને કારણે આદિવાસી પુરુષોમાં ઊંડો આક્રોશ ફેલાઈ ગયો હતો.

તેલીગર્વાનો લક્ષ્મણધારી કેટલાંક વર્ષો પૂર્વે ખેતી અને મજૂરી કરીને પોતાનું ભરણપોષણ કરતો હતો. ખેતી ગયા પછી વિદ્યુતગૃહના કર્મચારીઓની શરાબની માંગમાં થયેલા વધારાએ તેને એ ધંધામાં જોડાવા પ્રેરિત કર્યો. તેની પત્ની અને દીકરીઓએ દેહ વેચવાનો ધંધો અપનાવ્યો.

કારખાનાંઓને કારણે નદીઓનાં પાણી દૂષિત થઈ ગયાં હતાં. હિન્દુસ્તાન એલ્યુમિનિયમ કોર્પોરેશનનું પાણી રિહંદ નદીના સરોવરમાં જ્યાં જતું હતું ત્યાં ૨૦૦ મીટર પાણી ખુલ્લામાં વહેતું હતું. આ ઝેરીલું તેજાબયુક્ત પાણી પીવાથી અથવા એ પાણીમાં પડવાથી બે જ કલાકની અંદર પશુઓની ચામડી ઊતરી જતી.

કનોડિયા કેમિકલ્સનું પાણી હિન્દુસ્તાન એલ્યુમિનિયમ કારખાનાં કરતાં પણ વધુ ખતરનાક હતું. કનોડિયા કેમિકલ્સને લીધે એટલું બધું પ્રદૂષણ થતું હતું કે ૫૦ ટકા ફસલ તેનાથી નષ્ટ થઈ જતી હતી. શ્વાસમાં પણ તકલીફ જણાતી હતી.

વર્તમાન શિક્ષણ પ્રણાલીની અંદર જ્ઞાન પ્રાપ્ત કરવાની કોઈ પ્રેરણા મળી ન હોવાને કારણે સિંગરૌલીના મોટાભાગના લોકો ગામમાં સ્કૂલ હોવા છતાં બાળકો ભણે તેના કરતાં ઢોર ચરાવે તેને વધુ ઉચિત સમજતા હતા.

જૈતપુરના રામ સજીવન આનું કારણ આપતાં કહે છે: 'અહીંના લોકો હાયર સેકન્ડરી સુધી ભણી લે છે તો પણ તેઓને નોકરી મળતી નથી ને પાછું ભણ્યા પછી ખેતીમાં અમારી મદદ કરવામાં મને જ શૂદ્ર સમજે. એથી હું બાળકોને સ્કૂલે ભણાવવાની વિરુદ્ધ છું. આજકાલ મોટાભાગના લોકો છોકરાછોકરીને સારી જગ્યાએ લગ્ન થઈ જાય તે માટે ભણાવે છે. કેમકે ખેડૂતોના પુત્રને કોઈ શહેરી પૂછતો નથી.'

સિંગરૌલી ક્ષેત્રની પરિયોજના ક્ષેત્રમાં મધ્યપ્રદેશના સીધી જિલ્લાના લગભગ ૯૬૦ ચો.કિ.મી. તથા ઉત્તરપ્રદેશ, મિર્જાપુર જિલ્લાના લગભગ ૮૪૦ કિ.મી. પ્રદેશનો સમાવેશ થતો હતો. આ ઇલાકો કોલસાના ભંડારથી સમૃદ્ધ હતો.

૧૯૬૦ સુધી સિંગરૌલી ઇલાકામાં રેલ્વે તથા વીજળી નહોતી. સડકો પણ નગણ્ય હતી. ૧૯૬૦ના દસકામાં જવાહરલાલ નહેરુએ રિહંદ બંધની શિલારોપણ વિધિ કરી હતી. આ જળાશયનો વ્યાસ ૬૬ ચો.કિ.મી. જમીનનો હતો. કોલસાનું કેટલુંક ખોદકામ પણ થયું. પછી ઔદ્યોગિક સાહસો તથા વીજળીઘર આવ્યું. રેલ્વે, સડક તથા સંદેશા વ્યવહારનાં સાધનો પણ વધ્યાં. કુશળ મજદૂર પણ બહારથી આવ્યા. હાઉસીંગ કોલોની પણ બની. એની સાથે ઔદ્યોગીકરણની, વિસ્થાપનની, પર્યાવરણના પ્રદૂષણની, નૈતિક પ્રદૂષણની અને ગુનાઓની વૃદ્ધિ જેવી બુરાઈઓ પણ આવી.

નહેરુનો વાયદો એવો હતો કે સિંગરૌલી એક બીજુ સ્વીટઝર્લેન્ડ બનશે. વળતર, રોજગાર અને વીજળીનો વાયદો તો વિસ્થાપિતોને હતો જ. વિકાસ થયો પણ થોડા ધનિકોનો જ. બાકીના લોકો માટે

ઔદ્યોગીકરણ અભિશાપરૂપ હતું. ધનિકોનો આર્થિક આધાર વધતો જતો હતો. એની સાથે સામાન્ય જન-શોષણ પણ વધતું જતું હતું.

ભારતીય કોલસામાં ગંધકની માત્રા ઓછી છે. પણ તેમાં રાખનું પ્રમાણ સવિશેષ છે. આ રાખમાં ઝેરીલો ગેસ હોય છે. જેમાં કાર્બન ડાયોકસાઈડ, કાર્બન મોનોકસાઈડ, સલ્ફર ડાયોકસાઈડ, સિલિકોન ડાયોક-સાઈડ, સિલિકોન ટ્રાયોકસાઈડ વગેરે હોય છે. જેનાથી આંખ અને ગળામાં તરેહવારની બીમારી ફેલાય છે અને તકલીફો થાય છે. સિંગરૌલી ક્ષેત્રની સી.સી.એસ. પરિમાંગના કોલસા ક્ષેત્રમાં કામ કરતા કુશળ શ્રમિકો ગરમીમા બહાર નીકળી શકતા ન હતા. ઘરો કોલસાના કણથી ભરાઈ જતાં હતાં. સૂકવવા નાખેલાં કપડાં પણ કાળાં પડી જતાં હતાં.

૧૦૦૦ મેગાવોટ વાળા શક્તિનગર ઉચ્ચ તાપ વીજળીઘરમાંથી રોજ ૨૫૦૦ ટન રાખ છોડવામાં આવતી હતી. જ્યારે ૨૫૦૦૦ મે. વો. ઉત્પાદન થતું ત્યારે લગભગ ૬ લાખ ૨૫ હજાર ટન રાખ રોજ નીકળતી હતી. આ ઝેરી રાખવાળું પાણી રિહંદમાં જતુ હતું. આસપાસના આ લોકો પાણી પીવાને લીધે પોતાના પાચનતંત્રને નુકસાન કરી ચૂકયા હતા. રિહંદ જળાશયમાથી જે ૬૩ ગામોને પાણી મળતું હતું ત્યાં ડાયેરિયા, વિકાર, ચામડીના રોગ, ફેફસાંના રોગ, મેલેરિયા વગેરે બીમારીનો વ્યાપ જણાતો હતો. તાપ સયંત્રમાથી ગરમ પાણી રિહંદમાં છોડવામાં આવતું તેને કારણે માછલીઓ તથા અન્ય જળજીવ પણ મરી જતા હતા. આ રીતે મત્સ્યક્ષમતા પણ નષ્ટ થઈ રહી હતી. રેણુકૂટમાં કનોરિયા કેમિકલ્સ તો એક ટાઈમ બોંબ સમાન જ હતું. એનું દૂષિત ઝેરીલું પાણી નાળા-માંથી છોડવામા આવતું, જેને લીધે અનેક ઢોર-જાન-વર મરી ચૂકયાં હતાં. ઘણી સ્ત્રીઓ અને પુરુષોના પગની ચામડી દાઝી ગઈ હતી. લોકો વિરોધ કરતા હતા પણ તેઓનુ કોઈ સાંભળતું નહોતું

ઇલાકાનું જંગલ એકધારું અદૃશ્ય થઈ રહ્યું હતું. ફકત ત્યાંના નિવાસીઓને ભગાવવામાં આવ્યા ન હતા. પણ જે સાધન સ્રોતો પર તેઓ જીવિત હતા તે પણ નષ્ટ થઈ રહ્યા હતા. સાત કોયલાની ખાણો અને પાંચ વીજળીઘરોને કારણે મોટાપાયા પર વન-વિનાશ થયો. પહેલાં જે સઘન લીલાંછમ વનો હતાં તે હવે લુપ્ત થઈ રહ્યાં છે. ઇલાકામાં વર્ષોવર્ષ વરસાદ ઘટી રહ્યો હોવાને કારણે સિંગરૌલીને દુષ્કાળગ્રસ્ત ઇલાકા તરીકે જાહેર કરવો પડયો છે.

નિર્મલ વર્માના મતે સ્વાતંત્ર્યોત્તર ભારતમાં પશ્ચિમની દેખાદેખીથી અને નકલમાં યોજનાઓ બના-વતી વખતે પ્રકૃતિ, મનુષ્ય અને સંસ્કૃતિની વચ્ચે જે નાજુક સંતુલન હોય છે તે કેવી રીતે નષ્ટ થતું બચાવી શકાય તેની તરફ આપણા પશ્ચિમ શિક્ષિત સત્તાધારી-ઓનું ધ્યાન કદી પણ ઔદ્યોગીકરણનો માર્ગ અપના-વતી વખતે ગયું નથી. આપણે પશ્ચિમનું મોડેલ બનાવ્યા વગર પોતાની શરતો અને મર્યાદાઓના આધારે ઔદ્યોગિક વિકાસનું ભારતીય સ્વરૂપ નિર્ધારિત કરી શકીએ છીએ. આનો ખ્યાલ આપણા શાસકોને આવ્યો હોય તેમ જણાતું નથી.

ભારતીય સંદર્ભમાં આ સંતુલન કેટલું મૂલ્યવાન છે અને આની પર જરાપણ ઠેસ પહોચે તો ભારત-વાસીની જીવનપ્રણાલી પર કેવી ઉન્મૂલિત અને વિકૃત અસર થઈ જાય છે તે સિંગરૌલીમાં ઔદ્યોગિક પરિ-વર્તનના ઉદાહરણ પરથી સમજી શકાશે

એક સમયે જ્યાં કૃષિ અને સિંચાઈ સાધનસંપન્ન હતાં ત્યાં આજે જંગલો કપાઈ જવાને કારણે ખેતીની વાત તો દૂર રહી પણ પીવા માટેના પાણી માટે પણ રિહંદ બંધ પર નિર્ભર રહેવું પડતું હતું.

સિંગરૌલીનાં ગાઢ જંગલોમાં વસેલા હજારો આદિ-વાસીઓ જેઓ આત્મનિર્ભર હતા તેઓ આજે નવી ઔદ્યોગિક પરિયોજનાઓ થવાથી અપરાધીઓની જેમ ઘૂમી રહ્યા છે. જે વૃક્ષોમાં એમના દેવતા ઈશ્વર વસતા હતા ત્યાં હવે એની જગ્યા વન-અધિકારીઓ અને

ઠેકેદારોએ લઈ લીધી છે. જંગલમાં રહેવાનો અધિકાર પ્રકૃતિએ સૈકાઓથી આદિવાસીઓને આપ્યો હતો, સરકારના કાગળપટ્ટાને નહિ. એથી જંગલમાંથી વિસ્થાપિત થઈ જવાને કારણે એમની પાસે કોઈ કાનૂની હક્ક નહિ હતો કે જેના આધાર પર તેઓ વળતરની માંગણી કરી શકે. ખેતવિહોણા મજૂર બનીને કે કોલસાની ખાણોમાં છૂટક મજૂરી કરવા સિવાય તેઓ પાસે આજે જીવનનિર્વાહનું કાંઈ સાધન બચ્યું નથી.

શક્તિનગરના વિરાટ વિદ્યુત ઉત્પાદન સ્ટેશન પાસે ભટવાઈ નામનું એક નાનકડું ગામ હતું. એ ગામને ખાલી કરવાના આદેશ સાથે ગામના ભણેલા-ગણેલા ચાર યુવકો જબલપુર હાઈકોર્ટમાંથી સ્ટે ઓર્ડર લઈ આવ્યા હતા. પણ આ ચાર યુવકો ૨૩ જૂન ૧૯૮૪ ના રોજ સ્ટે ઓર્ડર લઈને ગામમાં પહોંચ્યા તેના એકજ દિવસ પહેલાં ગામમાં બુલડોઝર ચલાવી દેવાયું હતું.

ગામમાં રહેતા મુજમ્મિલ હુસેને કહ્યું કે 'જ્યારે હું ૨૩ જૂનના રોજ જબલપુરથી "સ્ટે ઓર્ડર" લઈને પાછો ફર્યો ત્યારે માલૂમ પડ્યું કે મારી દુકાન નષ્ટ કરી દેવાઈ હતી. મારો સામાન ટ્રકમાં ભરીને ગામથી દૂર નવજીવન કોલોનીમાં ફેંકી દેવાયો હતો. હું એ સમયે મોજૂદ ન હોવાને કારણે મારી ઘણી બધી ચીજવસ્તુઓ ચોરાઈ ગઈ હતી, જેનો આજ દિવસ સુધી કોઈ પત્તો નથી.' કેટલાક દિવસ પછી જ્યારે ગામના કેટલાક પ્રતિનિધિઓએ આ સમગ્ર બનાવની જાણ મુખ્યમંત્રી સમક્ષ કરી તો તેઓને આશ્વાસન આપવામાં આવ્યું કે જિલ્લા કલેક્ટરને આ સંબંધી મેં યોગ્ય કાર્યવાહી કરવા માટેનો આદેશ આપ્યો છે. પરંતુ મહિનાઓ વીતી જવા છતાં પણ કલેક્ટરે આ સંબંધી કોઈ કાર્યવાહી હાથ ધરી નહોતી.

આજે દેશના નાગરિકો ન્યાયતંત્રના સંરક્ષણ અને મુખ્યમંત્રીનું આશ્વાસન હોવા છતાં પોતાના અધિકારોની રક્ષા કરી શકતા નથી. મોટાભાગના કિસ્સાઓમાં 'ઉચિત કાર્યવાહી'ના નામે લોકોને રફેદફે કરી દેવામાં આવે છે.

ભટવાઈ ગામના વિસ્થાપિતોને 'નવજીવન વિહાર' નામે નવી કોલોની બનાવી આપવામાં આવી. પણ જમીનના જે પ્લોટ આપવામાં આવ્યા તેનો સરકારી પટ્ટો હજુ તેમને મળ્યો નથી. એક દિવસ મળશે એવું સરકાર કહે છે પણ ક્યારે મળશે એનો કોઈ ભરોસો કે આશ્વાસન નથી.

ગામના એક નેતાના જણાવ્યા પ્રમાણે આનું કારણ એ છે કે 'સરકારના અધિકારીઓ પણ એ હકીકતથી સ્પષ્ટ નથી કે વિભિન્ન પરિયોજનાઓમાં તેઓને કેટલી જમીનની જરૂરત પડશે.' ક્યારેક એવું પણ જોવા મળે છે કે ગામને ઉજાડી દેવામાં આવે છે અને મહિનાઓ સુધી એ જમીન પર કામ શરૂ ન થતાં એમની એમ પડી રહે છે. આ અસ્પષ્ટતા અને અનિશ્ચયને કારણે સરકાર એક તરફી આંધળુકિયા નીતિ અપનાવે છે. જ્યારે જરૂરત પડે ત્યારે કોઈ ગામ, જંગલ કે જમીનનો હિસ્સો ખાલી કરાવી દઈને વિસ્થાપિત લોકોને ફરી થોડા આગળ ધકેલી દે છે. પણ એમને કોઈ એવો પટ્ટો કે કાગળ અપાતો નથી કે જે સરકારના રસ્તામાં કોઈ કાનૂની અડચણ પેદા કરી શકે.

વિસ્થાપન અને પુનઃવસવાટની આ અદ્ભુત તર્કહીન, અરાજક પ્રણાલિ હજારો લોકો માટે એક દુઃસ્વપ્ન બની ગઈ છે.

સિંગરૌલીનાં વિસ્થાપિત પરિવારોને સરકાર તરફથી વળતર જરૂર આપવામાં આવે છે પણ જે જમીન લેવામાં આવી તેના બદલામાં જે પૈસા અપાયા તેની વચ્ચે કોઈ સંતુલન બેસતું નહોતું. આનાથી પણ એક વધુ વિચારવા લાયક બાબત છે કે જેના તરફ હજુ સરકારનું ધ્યાન ગયું નથી. તે એ કે વર્ષોથી એક સાથે ગામમાં રહેતા ખેડૂતો અને આદિવાસીઓનું સાંસ્કૃતિક વિસ્થાપન પણ થવા માંડ્યું છે. લોકો જુદે જુદે ઠેકાણે પોતાને અનાથ, એકલવાયા અને

નેરાશ્રિત હોવાનું અનુભવતા હતા. આ ઉન્મૂલનનો ભાવ કોઈ વળતરના પૈસાથી દૂર થઈ શકે ખરો?

આદિવાસીઓને જંગલમાં કાઢી મૂકવામાં આવ્યા ત્યારે વળતર પણ મળ્યું નથી. કેમકે શતાબ્દીઓથી જંગલો પર તેઓ આશ્રિત રહેતા આવ્યા હતા પણ રાજાની રકમ ન ભરવાને કારણે તેઓને વળતર મેળવવાનો કોઈ 'કાનૂની અધિકાર' મળ્યો નહતો. એટલું જ નહિ બીજી જાતિઓની જેમ એમના પરિવારમાંથી એકને નોકરી આપવાના અધિકારથી પણ મોટાભાગના આદિવાસીઓ વંચિત રહી જવા પામ્યા.

જ્યારે 'લોકાયન' ના એક કાર્યકર્તાએ આનું કારણ પૂછ્યું તો શક્તિનગર વિદ્યુત સ્ટેશનના એક અધિકારીએ કહ્યું, 'આ લોકોને શું નોકરી આપીએ, આતદિવસ શરાબ પીએ છે. આ લોકો અમારે કંઈ કામના નથી.'

ઔદ્યોગીકરણના નશામાં આપણા દેશની શાસનસત્તા જીવંત લોકોના પ્રતિ જો આટલી ઉદાસીન થઈ જાય તો દેશના પ્રાકૃતિક જીવન, પાણી, હવા, જંગલો પ્રતિ એની કાંઈ સમજ, સૂઝબૂઝ અને સહાનુભૂતિની તો આશા જ રાખી શકાય તેમ નથી. થોડીવાર માટે ઔદ્યોગીકરણની અનિવાર્યતાનો તર્ક માની લઈએ તો પણ પ્રશ્ન એ રહે છે કે શું આપણે આપણા દેશની ભૂમિ, જનસંસ્કૃતિ અને પર્યાવરણની સદંતર ઉપેક્ષા કરીને, પશ્ચિમી ઢબે ઔદ્યોગીકરણના મોડલની નકલ કરી શકીએ? દુનિયાની અન્ય સભ્યતાઓની તુલનામાં ભારતીય સંસ્કૃતિની એ વિશેષતા રહી છે કે એણે કદી મનુષ્યને પ્રકૃતિની ઉપર માન્યો નથી. પણ પ્રકૃતિ અને મનુષ્યની વચ્ચે એક પવિત્ર અને સંતુલિત સંબંધની પરિકલ્પના કરી છે જ્યાં બંને એકબીજાના પોષક છે. પણ હાલ જે કાંઈ બની રહ્યું છે તે વિપરીત દિશામાં છે. એનાથી આજે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે પશ્ચિમના વિશેષજ્ઞો ભારત આવે છે કે જેથી તેઓ આપણને પર્યાવરણના મહત્ત્વ બાબતે શિક્ષિત કરી શકે.

હજારો વર્ષથી અહીં સિંગરૌલી ક્ષેત્રમાં વનવાસીઓ અતૂટ આત્મગૌરવ સાથે જીવી રહ્યા હતા. એ સાચું છે કે શહેરી સમાજના હિસાબે એમની પાસે ભૌતિક વસ્તુઓના ઉપકરણ નગણ્ય હતાં. પણ એમની પોતાની જંગલની જમીન હતી. નદી, પહાડો હતાં. તેને પોતાનું સંગીત હતું. પૂજા-ઉત્સવ હતાં. પ્રકૃતિની સંપદા જ્યાં સુધી એમને સુલભ હતી ત્યાં સુધી એમના જીવનમાં ગરિમા હતી.

લગભગ ૧૦૦ વર્ષ અગાઉ દુકાળ એમને માટે અજાણ્યો હતો. પણ છેલ્લા ત્રણ દસકામાં ઔદ્યોગિક પ્રહારથી એમનું પ્રાચીન જીવન ક્ષત-વિક્ષત થઈ ગયું. લાખો લોકો બેઘર-બેબાકર થઈ અહીં તહીં ભટકવાને મજબૂર બન્યા. ૧૯૬૧માં શ્રી જવાહરલાલે જ્યારે બંધનું ઉદ્ઘાટન કર્યું હતું ત્યારે લોકોને એવું લાગ્યું હતું કે તેમનું કષ્ટ વ્યર્થ જશે નહિ. એમની વાતોમાં વિશ્વાસ મૂકીને લાખો લોકોએ વિસ્થાપનની યંત્રણા સ્વીકારી લીધી હતી. એમને સિંચિત ખેતી અને લીલીછમ ફસલોના વાયદા પર વિશ્વાસ હતો. રિહંદથી ઊજડેલા લોકોને વારંવાર એવું કહેવાયું હતું કે એમને માટે તે સમયે દુઃખ સહેવાનું આસાન હતું. એમને લાગતું હતું કે પૂરા દેશને ખાતર તેઓ દુઃખ ભોગવી રહ્યા છે પણ હવે ૨૫ વર્ષ ભટકયા પછી, પોતાનો જીવનનિર્વાહ ખોઈ નાંખ્યા પછી તેઓ અવારનવાર પૂછે છે: 'શું દેશના માટે બલિ તરીકે અમને જ પસંદ કરવામાં આવ્યા હતા?'

(આલેખન : અર્જુન પટેલ)

શું આર્થિક વિકાસથી 'સમુદાય' પુનઃજીવિત થઈ શકે ખરો ?

(નર્મદા બંધ યોજનાના વિસ્થાપિતોના પુનઃવસવાટનો કિસ્સો)

અર્જુન પટેલ

પ્રસ્તાવના

વિસ્થાપનનો પ્રશ્ન સિંચાઈ પરિયોજના માટે નવો નથી. સામાન્ય રીતે અસરગ્રસ્તોને તેઓએ ગુમાવેલી ભૌતિક સંપત્તિ–જમીન, ઘર, કૂવો, નિશાળ વગેરેનું રોકડ વળતર (Cash Compensation) ચૂકવીને પુનઃવસવાટની જવાબદારી પૂર્ણ થયેલી માનવામાં આવે છે. આ મુજબ પુનઃવસવાટ થયાના કિસ્સા ગુજરાત અને બહારના પ્રદેશોમાં શોધવા પડે તેમ નથી. એકવાર રોકડની ચૂકવણી થઈ જાય પછી તેઓએ જમીનની ખરીદી કરી કે કેમ? ઘર બાંધી શક્યા કે કેમ? નવા વાતાવરણમાં તે પુનઃ ગોઠવાઈ ગયા કે નહિ? તેઓને શી મુશ્કેલીઓ નડે છે? કઈ સમસ્યાઓ સતાવે છે? વગેરે અનુવર્તી (Follow-up) કાર્યક્રમ ભાગ્યે જ હાથ ધરવામાં આવે છે. આ અંગેના અનુભવો એવો નિર્દેશ કરે છે કે જે કાંઈ થોડી–ઘણી રોકડ મળે છે તે મોટે ભાગે બિનઉત્પાદકીય (Un-Productive) ક્ષેત્રે વેડફાઈ જાય છે. પરિણામ સ્વરૂપ, સમય જતાં અસરગ્રસ્તો પહેલાં કરતાં વધુ દયાજનક અને કથળેલી હાલતમાં જીવતા થઈ જાય છે.

છેલ્લા બે દાયકામાં જો કે ભારત સરકારે એ જવાબદારીનો સ્વીકાર કરેલો જણાય છે કે માત્ર રોકડ વળતર ચૂકવવું પૂરતું નથી. એથી સરકારે અસરગ્રસ્તો પ્રતિ પુનઃવસવાટની કેટલીક જવાબદારીનો સ્વીકાર કર્યો છે. નર્મદા બંધ યોજના કે, જે 'સરદાર સરોવર' નામે ખ્યાતનામ છે અને જે ગુજરાતની 'જીવાદોરી' (Life-Line) તરીકેની ગરજ સારવાની છે તેમાં સરકારે ગુજરાતના અસરગ્રસ્તો માટે કેટલાક ઉદાર (Liberal) કહી શકાય તેવાં પગલાંનું આયોજન કર્યું છે. સરકારી સૂત્રો તો દુનિયાની કોઈપણ સિંચાઈ યોજનામાં પુનઃવસવાટના પ્રશ્ને અસરગ્રસ્તો માટે આવાં ધારા–ધોરણો અપનાવાયાં નથી એવો ગાઈ–વગાડીને પ્રચાર કરે છે.

૧૯૭૯માં નર્મદા જળ વિવાદ પંચે આપેલ ચુકાદાને આધીન પુનઃવસવાટના નીતિ–કાર્યક્રમો છે. જે મુજબ સરકાર મુખ્ય બે બાબતે કટિબદ્ધ (Committed) છે. (૧) પુનઃવસવાટના સ્થળે અસરગ્રસ્તોનું જીવન–ધોરણ સુધારવું અથવા કમમાં કમ પૂર્વવત્ જીવન ધોરણ પુનઃ પ્રાપ્ત કરવું. (૨) નવી વસાહતના સ્થળે યજમાન ગામો (જે ગામમાં કે ગામ નજીક અસરગ્રસ્તોને વસાવવામાં આવ્યા તે ગામ) સાથે સુમેળ (Integration) કરવું.

પુનઃવસવાટના આ આદર્શને સર કરવા માટે સરકારે કેટલાક કાર્યક્રમો ઘડીને તેનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો છે. એમા દરેક પુખ્ત વયના (૧૮ વર્ષથી ઉપરના) પુરુષ સભ્યને અલગ કુટુંબ તરીકે ગણી જમીનના બદલામાં જમીન (ઓછામાં ઓછી ૫ એકર આવે તે રીતે) જીવન નિર્વાહ ભથ્થું, ઘરનું વળતર, વાહનુક ખર્ચ, વ્યક્તિગત ધોરણે વિકાસ યોજનાઓ તથા ચોક્કસ શરતોને આધીન નાગરિક સુવિધાઓ આપવી વગેરે છે.

આમ, સરકારના નર્મદા બંધ યોજનાના અસરગ્રસ્તોના પુનઃવસવાટના કાર્યક્રમો મહદઅંશે કુટુંબ-

લક્ષી અને આર્થિક વિકાસ પૂરતા મર્યાદિત (જોકે અગાઉની યોજનાની સરખામણીમાં પ્રગતિશીલ જરૂર છે) રહેવા પામ્યા છે. અહીં સવાલ એવો ઉપસ્થિત થાય કે શું આર્થિક કાર્યક્રમો (Economic Packages) માત્રથી નવી વસાહતના સ્થળે નવો 'સમુદાય' (Community) સજીવન થઈ શકે ખરો?

આ પ્રશ્ન સમજવો જરૂરી એટલા માટે છે કે સિંચાઈ પરિયોજનામાં વિસ્થાપનનો પ્રશ્ન ફરજિયાત (Compulsory) અને અનિવાર્ય (Innevitable) બને છે અને વિસ્થાપન જ્યારે ફરજરૂપ બને ત્યારે નવા વાતાવરણમાં અસરગ્રસ્તને પુનઃ બેઠો કરી આપવાની નૈતિક જવાબદારી ભારત જેવા કલ્યાણ રાજ્યની બની રહે છે. વધુમાં, વિસ્થાપનનો ભોગ બહુધા આદિવાસીઓ બને છે. જેઓનું જન જીવન અર્થ-સામાજિક પરિવેશ મુજબ પ્રાથમિક કક્ષાનું (primitive) અને વિશિષ્ટ (unique) હોય છે. બિન આદિવાસીઓ સાથે વ્યવહાર (dealing) કરવાને તેઓ ઝાઝા પરિચિત અને જાગૃત (articulated) હોતા નથી.

વર્ષો પૂર્વેથી એક સ્થળે વસતા આવા સમૂહોને જ્યારે મૂળ સોતા ઊખેડીને નવા વાતાવરણમાં મૂકવામાં આવે ત્યારે તેઓના જન-જીવન પર અનેક અસરો થવા સંભવ છે. સામાન્ય અને સાહજિક રીતે જીવતા આવેલા જન-જીવનમાં ઓચિંતી ખલેલ (disturbance) પહોંચતાં નવા વાતાવરણ સાથે તાલ-મેળ થવામાં પ્રારંભિક તબક્કે અનેક મુસીબતો અને યાતનાઓના ભોગ બનવું પડશે તે કળી શકાય તેવી બાબત છે. નવા સ્થળે અનુકૂલન (adjustment) સાધવામાં આદિવાસી અસરગ્રસ્તોને ડગલે ને પગલે માનસિક ચિંતાઓ અને તાણ (strains)નો અનુભવ કરવો પડશે તે પણ સ્વાભાવિક છે. આ બધી અસરોનું પ્રતિબિંબ તેઓની સભાનતા (awareness) પર પડશે.

આ લેખનો મુખ્ય ઉદ્દેશ નવી વસાહતના સ્થળે અસરગ્રસ્તોને યજમાન ગામના લોકો સાથે એકરૂપ (Assimilate) થવામાં પડેલી મુશ્કેલીઓ અને અડચણોની નોંધ લેવાનો છે.

નમૂનારૂપ પસંદ કરેલ ગામોની અનુભવજન્ય (Empirical) વિગતોમાં જતાં પહેલા લેખના કેન્દ્રવર્તી 'સમુદાય'ના ખ્યાલને સમજીશું.

સમુદાયનો ખ્યાલ

'સમુદાય'નો ખ્યાલ પુનઃવસવાટની બાબતે નવો છે. હજુ સુધી તેને વ્યાખ્યાબદ્ધ કરવાનો સીધો પ્રયત્ન થયો નથી. જોકે આડકતરી રીતે સમુદાયનો અર્થપ્રયોગ મર્યાદિત રીતે થતો રહ્યો છે જે મુજબ 'સમુદાય એટલે વ્યક્તિઓનો સમૂહ' અને કદાચ આવાં જ કારણોસર પુનઃવસવાટમાં એક સ્થળેથી સમૂહને ખસેડીને બીજે સ્થળે તેનું પુનઃસ્થાપન (Re-Settlement) કરતાં પુનઃવસવાટ થઈ ગયાનું માની લેવાય છે.

પ્રસ્તુત લેખમાં સમુદાય એટલે માત્ર વ્યક્તિઓનો સમૂહ નહિ પણ તથી કંઈક વિશેષ સમુદાયમાં 'પોતાપણાં' (We-feeling)ની લાગણી હોય.-'આ આપણું ગામ છે.' 'આ આપણા લોકો છે.' તથી ભાવના-જૂના કુળમાં જતા ગામ માટે પોતાપણાની ભાવના લોકોમાં સ્તરીકરણ (Stratification) અને વિવિધતા (Diversification) હોવા છતા પણ હતી.

નવા ગામમાં ગામ તરીકેની પોતાપણાની ભાવના અને આત્મીયતા ઊભી થાય તે જરૂરી છે. જો ન થાય તો તેઓના જે જૂનાં સ્થાપિત મૂળિયા (Roots) હતાં તેમાથી તેઓ ઊખડી જાય અને નવા મૂળિયાં પ્રસ્થાપિત ન થાય. આવું ન બને તે માટે બે બાબતો કરવી જરૂરી છે એક ભૌતિક સાધનોનું અસ્તિત્વ અને તેનો ઉપયોગ કરવાની કાયદાકીય છૂટ જ નહીં, પણ તે છૂટ સાહજિક હોય અને તેનો ઉપયોગ કરવાનો આત્મવિશ્વાસ પેદા થાય તેવી વ્યવસ્થા. ભૌતિક વસ્તુઓનો ઉપયોગ કરતાં કરતાં લોકો એકબીજાના નજીક

આવે અને આગ થતાં ધીરે ધીરે પરસ્પર એકમેક પ્રતિ આત્મીયતા પેદા થાય. જેથી સભ્યોને એક બીજા પ્રત્યે 'પોતાપણું' લાગે.

ટૂંકમાં સમુદાયના ખ્યાલને આપણે વધતે ઓછે અંશે અનુકૂલન (Adjustment)ના અર્થમાં લઈશું.

નમૂના હેઠળનાં ગામો

ગુજરાત સરકારે પુનઃસ્થાપનનું કાર્ય તબક્કાવાર શરૂ કર્યું છે. નવેમ્બર ૮૭ના અંત (લેખની વિગતોની અવધિ આ સમયગાળા પૂરતી મર્યાદિત છે) તાત્કાલિક અસર પામતાં ૮ ગામોનાં ૭૧૬ કુટુંબોના ૩,૩૩૨ લોકોને બીજે સ્થળે ખસેડાયા હતા. આ ગામોનાં નામ છે. લીમડી, નવાગામ, પાંચમૂળી, ઝેર, ખલવણી, મોખડી, સૂરપાણ અને વડગામ.

અસરગ્રસ્ત આ ગામોના લોકો જુદાંજુદાં ૨૧ ગામોમાં જઈને વસ્યા છે. કોઈ એક ગામના લોકો ચોક્કસ એક ગામમાં જઈને ગ્રામ્ય એકમ (Village as a unit) તરીકે વસ્યા નથી. એ જ પ્રમાણે જે તે તાલુકા અને જિલ્લામાં વસતા અસરગ્રસ્તો માટે પણ બનવા પામ્યું છે. ડૂબમાં જતાં ગામ અને નવી વસાહતનાં ગામો વચ્ચેનું અંતર ૭ કિ.મી.થી માંડીને ૧૧૭ કિ.મી સુધીનું રહેવા પામ્યું છે. નવી વસાહતના સ્થળે અસરગ્રસ્તો મોટેભાગે લઘુમતી (Minority)માં છે. ધામદ્રા, ગદકોઈ, લીલવશી, એમ ત્રણ ગામોને બાદ કરતાં બાકીનાં બધાં ૧૮ ગામોમાં અસરગ્રસ્તો એકથી વધુ સમૂહો—કાં ઉપલા, કાં નીચલા, કાં સરખા, કાં એકથી વધુ—સાથે સંપર્કમાં આવ્યા છે. હજુ કેટલાક અસરગ્રસ્તોએ સ્થાયી (Permanent) ધોરણે નવા સ્થળે વસવાટ કર્યો નથી.

આમ, પુનઃવસવાટના કારણે વર્ષો પૂર્વેથી કોઈ એક ચોક્કસ અર્થ–સામાજિક પરિવેશ (Milieu) માં પારંપરિક (Traditional) જીવન જીવતા આદિવાસી સમૂહને કંઈક અંશે સપાટ (Plain) અને પ્રમાણમા અર્થ–સામાજિક પરિબળોની વ્યાપક અસર ધરાવતાં વિસ્તારમા રહેવાનું થયું છે. નવી વસાહતમાં તેઓની રહેણાકની પદ્ધતિ બદલાઈ છે. આદિવાસી ગામો વિભાજિત થયાં છે. આ બધાં પરિબળોને લીધે નવા સ્થળે આદિવાસીઓના જન–જીવન પર સીધી યા આડકતરી અસર થવા સંભવ છે. નમૂનારૂપ ગામો પસંદ કરતી વખતે આવાં કેટલાંક શક્ય પરિબળોને નજરમાં રાખ્યાં હતાં.

આ મુજબ પસંદ કરાયેલાં ગામો પૈકી ચાર ગામો ખડગદા, છીંદીયાપુરા, તેનતલાવ અને આંબાવાડીમાં અસરગ્રસ્તો સ્થાયી ધોરણે વસવાટ કરતા હતા પણ દરેકમાં પુનઃવસવાટ થયાનું વર્ષ અલગ હતું. ખડગદા અને છીંદીયાપુરા નવી વસાહતનાં ગામો ડૂબમાં જતાં ગામોથી નજીકના (અનુક્રમે ૧૨ અને ૧૫ કિ.મી.) ગણાતાં ગામો હતાં. ખડગદામાં યજમાન ગામમાં સરખા (તડવી) અને છીંદીયાપુરામાં યજમાન ગામમાં નીચલા સમૂહો (ભીલો)ની વસ્તી હતી. તેનતલાવ અને આંબાવાડી દૂરનાં ગામો હતાં. પણ તેનતલાવમાં ઉપલી જ્ઞાતિના પાટીદારોની વસ્તી હતી. એકમાત્ર આંબાવાડી ગામની ફરતે જંગલો અને પહાડો હતાં. યજમાન ગામ આંબાવાડીમાં તડવી, વસાવા, ભીલો વગેરે આદિવાસીઓની વસ્તી હતી. જ્યારે નવી વસાહતમાં માત્ર તડવીઓ હતા.

નવી વસાહત અને યજમાનગામની સંખ્યા તેનતલાવમાં ૩૯ અને ૪૬, ખડગદામાં ૪૮ અને ૨૮૪, આંબાવાડીમાં ૧૬૧ અને ૨૬૪ અને પરવેઠા (જેમાં અસરગ્રસ્તો કામચલાઉ ધોરણે વસે છે) માં ૧૦ અને ૧૨૦ કુટુંબો અનુક્રમે નવી વસાહત અને યજમાન ગામમાં વસતાં હતાં.

હવે આપણે નવી વસાહતના સ્થળે અસરગ્રસ્ત સમુદાય તરીકે ઊભર્યો (emerged) છે કે કેમ તેની વિગતો નમૂનારૂપ ગામોમાં તપાસીશું. યાદ રહે કે આ તપાસ સમુદાયની પ્રારંભમાં નિર્દેશિત વ્યાખ્યાના માળખા (framework)ના અનુસંધાનમાં કરીશું. અહીં અસરગ્રસ્તોના જન-જીવનનો અર્થ ગામની નાગરિક સુવિધાઓ, સામૂહિક–સંસ્થાઓ, અર્થ–સામા-

જિક બાબતો તરીકે ઘટાવીશું.

નાગરિક સુવિધા અને સમુદાયની ભાવના

નાગરિક સુવિધામાં કૂવો, નિશાળ, દવાખાનું, પંચાયત. સ્મશાનની સવલતો વગેરેનો સમાવેશ કરીશું.

અત્રે, એ ઉલ્લેખ કરવો પડે કે નર્મદા જળવિવાદ પંચે તેના કરારનામામાં કરેલ જોગવાઈમાં નિર્દેશિત સંખ્યામાં મોટાભાગના નવી વસાહતના સ્થળે અસરગ્રસ્તોએ (કેટલાક વિસ્તારોમાં સ્વૈચ્છિક રીતે તો કેટલાકમાં ફરજિયાતપણે) વસવાટ કર્યો નથી. જેને લીધે નક્કી કરેલ ધારાધોરણ મુજબની સવલતો મેળવવાને તેઓ હક્કદાર બનતા નથી.

આમ, મોટાભાગના નવી વસાહતના સ્થળે અસરગ્રસ્તોને યજમાન (કે આસપાસના) ગામ પર જ મદાર રાખ્યા વિના છૂટકો નથી. આવા સંજોગોમાં યજમાન તથા આસપાસનાં ગામોમાં ઉપલબ્ધ એવી નાગરિક સુવિધાઓનો અસરગ્રસ્તો માટે પણ ઉપયોગ કરવો શક્ય બનશે એવું માની શકાય.

શું યજમાન ગામની નાગરિક સુવિધાઓનો નવી વસાહતના લોકો રોકટોક વિના ઉપયોગ કરી શકે છે ખરા ? તે પ્રશ્ન સમુદાયના અર્થમાં તપાસીશું.

પીવાનું પાણી

પીવાના પાણીનો પ્રશ્ન પ્રારંભમાં વિકટ હતો. દાખલા રૂપ નવી વસાહતના ગામોના અસરગ્રસ્તો અને યજમાન ગામ લોકો વચ્ચેના સંબંધોમાં એ જોઈ શકાય છે.

ખડગદા નવી વસાહતમાં પુનઃવસવાટ ખાતા તરફથી અપાયેલ હેન્ડપંપનો ઉપયોગ યજમાન ગામના લોકો પણ કરતા હોવાને કારણે હેન્ડપંપ અવારનવાર બગડી જતો હતો. તેમ જ યજમાન ગામની વસ્તીના ભારણને કારણે પાણી માટે ભીડ જામતી હતી, જેથી ઘરના અને ખેતરનાં કામોમાં મોડું થતું.

આમ હોવા છતાં પણ નવી વસાહતના લોકો યજમાન ગામના લોકોને 'ના' પાડવાની હિંમત મોઢા-મોઢ દાખવી શકતા ન હતા. આનું કારણ સંબંધો પર અવળી અસર થાય તેવો તેમનો ભય હતો. આ ભય શરૂઆતમાં યજમાન ગામના લોકોએ અસરગ્રસ્તોને ગોચરમાં પ્લોટ ફાળવવામાં આનાકાની કરી તેમના આગમનમાં જે રૂકાવટ ઊભી કરવાનો પ્રયત્ન કર્યો હતો તેના સંદર્ભમાં હતો.

આ રીતે તેનતલાવમાં પણ યજમાન ગામની પાટીદાર સ્ત્રીઓએ ગામના કૂવે પાણીની ભીડ થતાં નવી વસાહતની આદિવાસી સ્ત્રીઓને મ્હેણાં-ટોણાં માર્યાના અને અપમાનિત કર્યાના કિસ્સાઓ બનવા પામ્યા હતા. તેથી નવી વસાતહની કેટલીક સ્ત્રીઓ તો ગામના કૂવા કરતાં ખેતરના કૂવેથી પાણી ભરવાનું વિશેષ પસંદ કરતી.

હવે જોકે પુનઃવસવાટ ખાતા તરફથી યજમાન ગામના વોટર વર્કસમાથી પાણીનું જોડાણ નવી વસાહતમાં કરી અપાયું છે. પણ 'પાણી છોડવાનો સમય નક્કી નથી' 'એમને (પાટીદારોના સંદર્ભમા) જરૂર હોય ત્યારે જ પાણી છોડે' વગેરે ફરિયાદો તેમની હતી.

નિશાળ

નિશાળના પ્રશ્ને પણ નવી વસાહતના લોકો અને યજમાન લોકો વચ્ચેના સંબંધો ખુલ્લા પડયા છે.

છીંદીયાપુરા નવી વસાહતમાં પુનઃવસવાટ ખાતાએ બાંધી આપેલ શાળાના ઓરડાનું છાપરું વાવાઝોડામાં ઊડી જતાં યજમાન ગામની સ્કૂલનો અસરગ્રસ્તો લાભ લેતા હતા. નવી વસાહતનાં તડવી બાળકો યજમાન ગામના તેમનાથી નીચલા સામાજિક સમૂહના જણાતાં ભીલો ભેગાં મધ્યાહ્ન ભોજન લેતાં હતાં. સામાજિક એકતાનું આ શુભ ચિહ્ન ગણી શકાય.

તેનતલાવ નવી વસાહત પાટીદાર વસ્તીનું ગામ હોવાને કારણે શિક્ષણની સુવિધાઓ સારી છે. જેનો લાભ નવી વસાહતના આદિવાસીઓને પણ મળે છે. આમ છતાં, શાળાના ઉજળિયાત કહેવાતા શિક્ષકોએ

આદિવાસી બાળકો પ્રત્યે ઓરમાયું (step-motherly) વર્તન દાખવવાનો અનુભવ છે.

આમ, આદિવાસી બાળકો નાનપણથી જ બિન-આદિવાસી સમૂહોના ભેદભાવભર્યા વ્યવહાર-વર્તનના આચરણનો અનુભવ કરતા થયાં છે.

આંબાવાડીમાં શરૂઆતમાં ગામ અજાણ્યું હોવાને કારણે જૂજ સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણવા ગયા નહોતા. હાલમાં તેઓ યજમાન ગામની સ્કૂલનો લાભ મેળવે છે. જોકે નવી વસાહતમાં સ્કૂલનો ઓરડો બન્યો છે પણ છીંદીયાપુરાની માફક અહીં પણ વાવાઝોડાંમાં છાપરું અસર પામ્યું હતું (આ બંને કિસ્સામાં સવલતોની નબળી ગુણવત્તાના દર્શન થાય છે) અને દોઢ વર્ષ થવા છતાં શિક્ષક મુકાયો નહોતો.

પરવેડાનાં બાળકો જૂના ગામમાં જ ભણે છે. આમ છતાં નવી વસાહતમાં બાળકો ક્યાં ભણવા જશે એની ચિંતા હતી.

દવાખાના અંગે

દવાખાના અંગે નવી વસાહતમાં ઘણેખરે ઠેકાણે સારી સગવડો (ખાનગી તેમ જ સરકારી) ઉપલબ્ધ થવા પામી છે. નવી વસાહતના અસરગ્રસ્ત લોકો સરકારી દવાખાનાનો ઉપયોગ કરતા થયા છે. સરકારી દવાખાનામાં દવા સારી નથી મળતી એવું માનવા છતાં ઘણાખરા પૈસાના અભાવે ખાનગી દવાખાનાનો લાભ મેળવી શકતા નથી.

જૂનાગામ લીંબડીમાં નર્સ સહિતનું નાનું દવાખાનું તેનતલાવ નવી વસાહતમાં (કે જ્યાંથી નજીકનું સરકારી દવાખાનું ૧૧ કિ.મી. દૂર છે) ન મળ્યાનો અફસોસ અસરગ્રસ્તો વ્યક્ત કરતા હતા.

માંદગી સંદર્ભે ઉલ્લેખનીય બાબત એ છે કે જૂના ગામમાં ભૂવા-ભગત (તાંત્રિકો) અને જંગલના ઝાડ-મૂળિયાંની વૈદ્યકીય દવા કરનારાનો લાભ અસરગ્રસ્તોને મળતો બંધ થતાં આદિવાસીઓની ચિંતામાં ઉમેરો થયો છે. કારણ પહેલાં જે દવા વિના મૂલ્યે થતી તે માટે હવે નગદ નાણાં ચૂકવવાં પડે છે.

પંચાયત અને રાજકારણમાં ભાગીદારી

આંબાવાડી અને પરવેડા સિવાયની નવી વસાહતોનો યજમાન ગામની પંચાયતના ભાગ તરીકે દફતરે સ્વીકાર થયો છે.

ખડગદામાં રહેતા અસરગ્રસ્તોના ઘરોની આકારણી થઈ ન હોવાને કારણે ઘરવેરો, જમીનમહેસૂલ કે પંચાયતનાં કામો માટે જૂના ગામ પર અસરગ્રસ્તોએ આધાર રાખવો પડે છે.

તેનતલાવ નવી વસાહતના લોકો જમીન મહેસૂલ યજમાન ગામની પંચાયતમાં ભરતા હતા પણ 'વિકાસના કોઈ કામ નવી વસાહતમાં થતાં નથી' 'અમને વેરા પૂરતા જ પંચાયતમાં લીધા છે' જેવો ઉહાપોહ લોકોમાં હતો. રાજકીય બાબતે જાગ્રત એવા લોકોએ 'યજમાન ગામના લોકો અમારા પ્રશ્નો સાંભળતા નથી' 'મહત્ત્વની મીટિંગોમાં અમને ખબર કરવામાં આવતી નથી' એવું અનુભવતા હતા. જેથી પંચાયતમાં અસરગ્રસ્તોના પ્રતિનિધિ હોવાની જરૂરિયાત જોતા હતા.

આંબાવાડી અને પરવેડા સિવાયની નવી વસાહતોમાં અસરગ્રસ્તોનાં નામો મતદાર યાદીમાં અંકિત થયેલાં હતાં. નવી વસાહતમાં એકથી વધુ ચૂંટણીમાં મતદાન પણ ઘણાંએ કર્યું હતું.

પણ કોઈપણ અસરગ્રસ્તે નવી વસાહતમાં આવ્યા પછી ચૂંટણીમાં ઉમેદવારી કરી નથી. કદાચ આનું કારણ યજમાન ગામના હરીફ ઉમેદવાર તરીકે તે ચૂંટણી જીતી શકે કે કેમ અથવા જીત્યા પછી પણ પદ (position) સફળતાપૂર્વક ટકાવી રાખી શકે કે કેમ તે બાબતોની અનિશ્ચિતતા હતી.

ગામના કેટલાક સક્રિય રાજકારણીઓ અહીં નવી વસાહતમાં 'સત્તા વિહોણા' થઈ ગયાનું અનુભવતા હતા એટલું જ નહિ ચૂંટણી ટાણે કોઈ એક ચોક્કસ ઉમેદવારોનો ખુલ્લંખુલ્લા પક્ષ લેવાને કે પ્રચાર કરવાને પણ અશક્તિમાન હતા.

સ્મશાન અંગે

જૂના ગામના તડવી આદિવાસીઓના મૃત્યુ સમયે ડાધુઓ દ્વારા પોતાની સાથે એક લાકડું લઈ જવાની પ્રથા પ્રચલિત હતી. આ રીતે સામૂહિક વફાદારી (loyalty) પ્રગટ કરતા. નવી વસાહતના ઘણાખરાં સ્થળો જંગલથી દૂર હોવાને કારણે આ પ્રથામાં રુકાવટ આવી છે.

સ્મશાનની ચિંતા સરકારે કરી નથી (કરારનામામાં જોગવાઈ જ નથી) જેથી નર્મદા કિનારેના તેઓના સ્મશાનનું અંતર વધી પડતાં તેમ જ પોતાના સ્વજનોથી દૂર હોવાને કારણે બળદગાડામાં (માણસોના અભાવે) દસ-પંદર કિ. મી. દૂર મૃતદેહને સ્મશાને લઈ જવો પડે છે. તેની વ્યથા ભારોભાર છે. તેનતલાવ-આંબાવાડી જેવી દૂરની વસાહતમાં જૂના ગામના સગાં-સંબંધીઓને આવતાં મોડું થતાં મૃતદેહને એક દિવસ ફરજિયાતપણે રાખવો પડે છે તેનું દુઃખ પણ અસહ્ય છે.

ઘણાખરા અસરગ્રસ્તોને હવે મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાનાં લાકડાં વેચાતાં લેવાં પડે છે જેનો પહેલાં પાઈનો પણ ખર્ચ નહોતો. આમ નવા સ્થળે નાણાંકીય જરૂરિયાત વધી છે.

સ્મશાનભૂમિ બાબતે વર્ષોજૂના (age-old) સામાજિક તફાવતો નવી વસાહતના સ્થળે ભૂંસાયા નથી. ઉ. ત. છીંદીયાપુરા યજમાન ગામના ભીલો અને નવી વસાહતના તડવીઓના નાનાં બાળકોને દફનાવવાની જગ્યા પર સામાજિક કોટિક્રમના તફાવતો દૃશ્યમાન થતા હતા.

સમાજજીવનમાં હળવા-ભળવા અંગે

અસરગ્રસ્તોના રોજિંદા જીવન, અર્થસામાજિક અને ધાર્મિક બાબતોના સુગ્રથન અંગે હવે દૃષ્ટિપાત કરીશું.

રોજિંદા સંબંધો

છીંદીયાપુરા યજમાન ગામના ભીલો સાથે નવી વસાહતના ઉચ્ચ ગણાતા તડવીઓએ રોજ-બ-રોજના ઘનિષ્ઠ સંબંધો વિકસાવ્યા નથી. એટલું જ નહિ કેટલીક બાબતોમાં તેઓ ભીલોની 'અવગણના અને ઉપેક્ષા' કરતા હતા.

સામાજિક કોટિક્રમના તફાવતો આ માટે જવાબદાર હોઈ શકે. આવા જ તફાવતો તેનતલાવ યજમાન ગામના પાટીદારો અને નવી વસાહતના તડવી સાથે દૃશ્યમાન હતા.

જોકે હવે કેટલાક પાટીદારોએ પોતાનું હિત જોતાં (સસ્તા મજૂરો નવી વસાહતમાંથી મળતા હોવાથી) 'ખપ પૂરતા સંબંધો' જરૂર વિકસાવ્યા છે.

તેનતલાવમાં રસપ્રદ બાબત એ હતી કે નવી વસાહતના તડવી આદિવાસીઓની નજીકમાં નવીનગરીમાં વસતા વસાવા અને ચૌધરી (જેઓ તડવી કરતાં નિમ્ન દરજ્જાના હતા) સાથેના સંબંધો નહિવત્ છે. 'એ તો બધા દારૂડિયા, ધાંધલ-ધમાલ કરવાવાળા તેથી અમને ન ફાવે' એવું તડવીઓ માને છે.

આવી જ પરિસ્થિતિ આંબાવાડીમાં પણ હતી. યજમાન ગામના તડવીઓ સાથે નવી વસાહતના તડવીઓએ દૈનિક સંબંધો વિકસાવ્યા હતા પણ ચૌધરી અને વસાવાને ત્યાં તો પ્રસંગોપાત જ જવાનું વલણ સ્પષ્ટ હતું.

ટૂંકમાં, પુનઃવસવાટના પ્રશ્ને વર્ષો જૂના દરજ્જા વિષયક તફાવતો પૂર્વવત્ રહ્યા છે જેણે અસરગ્રસ્ત અને યજમાનોને હળીભળી જવામાં મુશ્કેલી સર્જી છે.

રસોઈ-પંચનાં વાસણો

જૂના ગામમાં ગામ કે ફળિયાના સ્તરે રસોઈના પંચના વાસણો હતાં. લગ્ન, મરણ જેવા સામૂહિક મેળાવડાના પ્રસંગે પંચના સભ્યો નજીવી રકમ આપીને વિના મુશ્કેલીએ એ મેળવી શકતા હતા. નવી વસાહતના સ્થળે પંચનાં વાસણો મેળવવાનો પ્રશ્ન ચિંતાનો વિષય બન્યો છે.

અગાઉ ઉલ્લેખ કર્યો તેમ ઘણાંખરાં જૂનાં ગામો પુનઃવસવાટના પ્રશ્ને વિભાજિત થઈ જવાથી પંચની જૂની ગોઠવણ નષ્ટ થઈ છે. ખડગદા અને છીંડીયાપુરાના નવા વસાહતીઓ કે જેઓ ખલવાણી જૂના ગામમાં ભેગું પંચ ધરાવતા હતા તેઓ રસોઈનાં પંચનાં વાસણો અરસપરસ આપ-લે કરતા હતા. બંને વસાહતો વચ્ચે ૩ કિ.મી.નું અંતર હોવાથી આ શક્ય હતું.

પણ તેનતલાવ, આંબાવાડી, પરવેઠા વગેરે ઠેકાણે આ શક્ય નહોતું. જરૂર પડ્યે ભાડેથી વાસણ લાવતા હતા તેમાં પણ અનેક વિટંબણાઓ હતી.

વડગામ અને મોખડી નામક ગામોના અસરગ્રસ્તો ભવિષ્યમાં ક્યાં જઈને વસશે એ બાબતે અનિશ્ચિતતા હોવાથી વાસણો વહેંચી પણ શકતા નહોતા.

યજમાન ગામના કોઈએ પણ નવી વસાહતના લોકોને પંચમાં ભાગીદાર બનાવ્યા નથી. આ અંગેના કેટલાંક કારણો પૈકી સામાજિક ઊંચ-નીચનો ક્રમ અને નવી વસાહતના લોકો 'બહારના' (outsider) હોવાની છાપ મુખ્યત્વે કારણભૂત હતી.

ભજન-યુવક વગેરે મંડળો અંગે

રસોઈનાં પંચનાં વાસણોની માફક ભજન-મંડળીની જૂની પ્રથા પણ એકથી વધુ જગ્યાએ અસરગ્રસ્તોએ વસવાટ કરવાથી તૂટી ગઈ હતી. આને લીધે જૂના ગામમાં બાળકના જન્મ બાદ સવા મહિને તેમ જ મરણોત્તર ક્રિયાઓ અને અન્ય પ્રસંગે ભજનમંડળ લઈ જવાનો સામાન્ય રિવાજ હતો તે ભાંગી પડ્યો છે.

આંબાવાડી ગામના નવી વસાહતના લોકોએ જૂના ગામની ભજનમંડળીમાંથી પોતાના ભાગે પડતા પૈસા લઈને વાપરી કાઢ્યા છે. નવી વસાહતમાં નવી ભજનમંડળી હજી સુધી તેઓ બનાવી શક્યા નથી.

પર્વતીય વિસ્તારનું નાચવું-કૂદવું અહીં મેદાની પ્રદેશમાં શરમની બાબત બની છે. આમ, નવા સ્થળે જૂની સંસ્કૃતિના અંશો ભુલાઈ જવા સંભવ છે.

યુવક-મહિલા મંડળો વગેરે બાબતે પણ યજમાન ગામના લોકોએ નવી વસાહતનાને ભાગીદાર બનાવ્યા નથી. સામાજિક તફાવતો આ બાબતે જવાબદાર હોઈ શકે.

આદિવાસી પંચ અંગે

નવી વસાહતના સ્થળે જૂનાં ગામ વિભાજિત થતાં આદિવાસી ગામપંચોની ગોઠવણ ભાંગી પડી છે. દા.ત. ખલવાણી જૂના ગામના પંચમાં અગ્રેસર ત્રણ આગેવાનો—મગન જીતા, પુના જીતા અને મોરાર જીતા—ખડગદા, છીંદીયાપુરા અને થયાવી એમ ત્રણ જુદી જુદી વસાહતનાં ગામોમાં અનુક્રમે જઈ વસતાં પંચો આપમેળે વિસર્જન પામ્યાં હતાં.

આના લીધે નવી વસાહતના સ્થળે લગ્ન, મરણ, ફારગતિ જેવા સગસ્યારૂપ કિસ્સાઓમાં મુશ્કેલીઓનો અનુભવ કરતા હતા.

રસપ્રદ બાબત એ હતી કે ખડગદા નવી વસાહતના તડવીઓને યજમાન ગામના તડવીઓએ પંચમાં લીધા હતા. પણ યજમાન ગામ લોકો સાથે કામ કરવામાં અમને ફાવટ આવતી નથી કે અમારા અભિપ્રાયો અને વિચારોને યજમાન ગામના લોકો ગણનામાં લેતા નથી એવું તેઓનું મંતવ્ય હતું.

આર્થિક પ્રશ્નો

ગોચર, બળતણ અને રોજગારી વગેરે પ્રશ્નોનો અહીં ઉદાહરણરૂપ ઉલ્લેખ કરીશું.

ગોચરનો પ્રશ્ન

ઘણીખરી નવી વસાહતોમાં વસ્તીનું ભારણ વધતા ગોચરનો પ્રશ્ન ઝઘડાનું ઉદ્ભવસ્થાન બન્યો હતો. આ જ કારણોસર ખડગદામાં નવી વસાહત અને યજમાન ગામના સરખા આદિવાસી જૂથો હોવા છતાં યજમાન ગામના લોકોએ અસરગ્રસ્તોના આગમનમાં રુકાવટ ઊભી કરી હતી. આમ, હિતના પ્રશ્નમાં આદિવાસીઓ જ્ઞાત-જાતને પણ ગૌણ સમજે છે.

છીંદીયાપુરા નવી વસાહતના ભીલોએ તો નવી

વસાહતના તડવીઓને ગોચરની જમીનમાં ભાગ લેતા રોકવા માટે ગોચરની ફરતે વાડ કરીને પોતાની માલિકી પ્રસ્થાપિત કરી લીધી હતી.

આ કારણોસર ખડગદા અને છીંદીયાપુરાના લોકો ૧૦થી વધુ કિ.મી. દૂર જંગલમાં ઢોરો ચરાવવા માટે ઝૂંપડું પાડીને રહેતા હતા. કેટલાક લોકોએ ખેતીમાં જરૂર પૂરતા બળદો સિવાયના બાકીના ઢોર કચાં સગાઓને ભાગમાં આપી દીધા હતા. કચાં વેચી દેવાની ફરજ પડી હતી. કેટલાકે ખેતીમાં ઘાસચારો ઊગાડવાનો શરૂ કર્યો છે.

નવી વસાહતમાં સરકારે ઘાસચારા કે ગોચર વિકાસ સુધ્ધાંની ચિંતા સેવી નથી. નવી વસાહતમાં ઘાસચારાની ખેંચ હોવાથી આ બાબતે મદદ મળી શકે તેમ નથી. દુષ્કાળનાં વર્ષોમાં અસરગ્રસ્તોએ જૂના ગામમાં કચારેય ન ભોગવેલી એવી મુશ્કેલીઓ સૌ પ્રથમ વેઠવાનો વખત આવતાં તેઓ પારાવાર દુઃખી હતા.

બળતણનો પ્રશ્ન

આંબાવાડી સિવાય દરેક ગામમાં બળતણનાં લાકડાંનો પ્રશ્ન વિકટ હતો.

જૂના ગામમાં અસરગ્રસ્તો નર્મદા નદીના પાણીના વહેણમાં તણાઈ આવતાં લાકડાં ઉપરાંત જંગલમાંથી જરૂરતનું લાકડું સહેલાઈથી મેળવી લેતા હતા તે હવે ન રહેતાં સ્ત્રીઓની જવાબદારી અને ચિંતામાં ઉમેરો થયો હતો.

બળતણના અભાવે કેટલાકે ઘર-ઉપયોગી ઈમારતી લાકડું પણ બળતણ તરીકે વાપરી નાંખવું પડયું હતું. ખડગદા અને છીંદીયાપુરા નવી વસાહતની સ્ત્રીઓ સાતથી આઠ કિ.મી. દૂર પરોઢિયે ઊઠીને લાકડાની શોધમાં જંગલમાં જતી. રસ્તામાં જંગલ રક્ષકોની ગાળ સાંભળવી પડતી હતી. પરવેડાના લોકો 'આર્થિક રીતે કપાસ કરવો પરવડે કે ના પરવડે પણ બળતણ માટે પણ કપાસ કરવો પડશે.' એવો મત પ્રદર્શિત કરતા હતા.

આમ, બળતણનો પ્રશ્ન નવી વસાહતના સ્થળે ચિંતાનો વિષય બન્યો હતો.

રોજગારીનો પ્રશ્ન

નવી વસાહતનાં સ્થળો જંગલથી દૂર હોવાને કારણે તેઓને જૂના ગામમાં જંગલ-આધારિત ચીજ-વસ્તુઓથી વંચિત રહેવું પડે છે. તેથી, ઘણાખરાને રોજના બે છેડા મેળવવાના ફાંફા છે. અન્ય કામની ગેરહાજરીમાં નવી વસાહતના લોકો નર્મદા નદી પર ચાલતાં કામો પર મીટ માંડીને બેઠા છે. બિનકુશળ કામદાર તરીકે કેટલાક અસરગ્રસ્તો નર્મદા બંધના કામે જાય છે. આ કામ મેળવવામાં ઘણી મુશ્કેલી છે. તેમ આ કામ પણ કાયમી નથી. જૂજ સંખ્યાના ભણેલા અસરગ્રસ્તો પટાવાળા, કારકુન, વોચમેન વગેરે નોકરી મેળવવામાં સફળ થયા છે. આઠ-દસ વર્ષથી કામ કરતાં હોવા છતાં તેઓને કાયમી કરાયા નથી. (અસરગ્રસ્તો પ્રતિ સરકારની પ્રતિબદ્ધતાનો અહીં ખ્યાલ આવે છે.) આનો તેઓને અજંપો છે.

બંધ સ્થળે કામ કરતા કામદારો માટે રહેણાકની સગવડોના અભાવે દૂરની વસાહતોના અસરગ્રસ્તો નજીકમાં ઝૂંપડું બાંધીને, તો કેટલાક ૧૦-૧૫ કિ.મી. સાયકલ પર અવર જવર કરીને અનુકૂળતા કરે છે.

તેનતલાવમાં કેટલાક નવી વસાહતના લોકોએ વૈકલ્પિક કામની ગેરહાજરીમાં યજમાન ગામમાં ઓછા વેતન દરે કામ કરવા માટે પોતાને લાચાર બનવું પડયાનો ઘટસ્ફોટ કર્યો. નવી વસાહતના સ્થળે નાના અને સીમાન્ત ખેડૂતોની પરિસ્થિતિ વધુ દયાજનક બનવા પામી છે. રોજિંદી જરૂરિયાત જેવી પ્રાથમિક જરૂરિયાતની ચીજ-વસ્તુઓ તેઓ રોકડેથી ખરીદ કરી શકવાને અસમર્થ થઈ પડતાં હવે તેઓ અનાજના બદલામાં ચીજવસ્તુ સૌ પ્રથમ વખત મેળવતા થયા છે. આ ઘટનામાં નવા સ્થળે અસરગ્રસ્તોની કથળેલી હાલતના દર્શન થયા વિના રહેતા નથી.

આંબાવાડીમાં તો ખેતીની સીઝન પછી (ઓકટોબર પછી) અસરગ્રસ્તો ઘરે તાળાં મારીને કે વૃદ્ધો અથવા સ્ત્રી સભ્યોને ઘર અને પશુઓની દેખભાળ માટે મૂકીને કામની શોધમાં જૂના ગામ તરફ સ્થળાંતર કરી જતા હતા. નવી વસાહતના સ્થળથી અજાણ હોવાને કારણે સ્ત્રી સભ્યો ક્યાંય જઈ પણ શકતાં ન્હોતાં તેમ જ વૃદ્ધો પણ 'એકલવાયાપણું' અનુભવતા હતા.

સામાજિક સુચયન

ખડગદા અને છીંદીયાપુરા એ નવી વસાહતનાં ગામો અંતર્લગ્ન જૂથ એકમ (Endogamous circle) વિસ્તારમાં વસેલાં હતાં. તેમાં સામાજિક પ્રસંગોએ તેમ જ માંદગી સમયે ખબર-અંતર કાઢવા જવા અંગે અસરગ્રસ્તોને ઝાઝી મુશ્કેલી નથી. તેઓના લગ્ન સંબંધ ગામો, પુરોહિત, ઢોલી, રસોઇયાઓ વગેરેમાં કોઈ ફેર પડ્યો નથી.

એથી વિરુદ્ધ તેનતલાવ, આંબાવાડી અને પરવેઠા જેવી દૂરની વસાહતમાં વસતા અસરગ્રસ્તોને ત્યાં સામાજિક પ્રસંગોએ મુશ્કેલીઓમાં ઉમેરો થયો છે. ઉ.ત. તેનતલાવના કાનજીભાઈ કુબેરે તેમના પુત્રના લગ્નમાં પાટીદાર ગામ હોવાને કારણે પાકી રસોઈ બનાવવી પડી હતી. વધુમાં ભેટ-સોગાદની રકમ ઓછી મળી હતી. મહેમાનોને રાખવાનો પ્રશ્ન તેમ જ આવ-જાનું ભાડું પણ ચૂકવવું પડયું હતું. જૂના ગામની નજીક છપ કિ.મી. દૂર સુધી જાન લઈ જવા માટે એસ.ટી. બસનો ખર્ચ કર્યો તે જુદો. તડવી સમાજમાં બસમાં જાન લઈ ગયાનો આ પ્રથમ પ્રસંગ હતો.

દૂરની વસાહતનાં આ ગામોમાં લગ્ન પ્રસંગે રસોઇયો પુરોહિત, ઢોલી, લગ્ન મંડપ વગેરેની મુશ્કેલીઓ વધી છે. કેટલાક જૂના ગામના જ પુરોહિત કે ઢોલીને બોલાવે છે. વધુમાં તેને આવવા-જવાના ભાડા પેટે વધારાની રકમ આપે છે.

આ દૂરનાં ગામોનાં તદ્દન નજીકનાં ગણતાં સગાઓ સિવાય (આમંત્રણ હોવા છતાં) સામાજિક પ્રસંગોએ જૂના ગામના લોકો આવતા ન્હોતા. કારણ આવવા-જવાના બસ-ભાડા પેટે ૫૦ રૂ.થી વધુ વ્યક્તિદીઠ ખર્ચ થતો હતો. જેથી ભેટ-ચાંલ્લાની રકમ પણ હવે નવા સ્થળે ઓછી મળે છે. તેનતલાવના જીકુભાઈ રતિલાલે તેમને ત્યાં કથા પ્રસંગે જૂના ગામના ૩૦ જેટલા સગાઓને આમંત્રિત કર્યા હતા પણ તેમાંથી ફક્ત ૪ જ આવતાં તેમને રસોઈ અને બીજી સગવડોનો ખર્ચ માથે પડયો હતો એટલું જ નહિ પણ તેઓ નિરાશ પણ થયા હતા.

લગ્ન જેવા પ્રસંગે નવી વસાહત અને યજમાન ગામના લોકો એકમેકને આમંત્રણ આપે છે પણ જમણ વખતે પરખાઈ આવે તે રીતે અલગ અલગ બેસે છે. મરણ પ્રસંગે તો છીંદીયાપુરા અને ખડગદા નવી વસાહત અને યજમાન ગામમાંથી ઘર દીઠ ઓછામાં ઓછી એક વ્યક્તિ 'ડાહ્યુ' તરીકે જતી હતી આમ, શોકના પ્રસંગોમાં સામાજિક ભેદભાવ આડે આવતા ન્હોતા.

ધાર્મિક બાબત અંગે

પરવેઠા સિવાયની દરેક વસાહતોમાં અસરગ્રસ્તો નવી વસાહતના સ્થળે હોળી, દિવાસો, નવરાત્રી વગેરે તહેવારની ઊજવણી કરતા હતા. વાર-તહેવારની બાબતે લોકો એવો ફેર જુએ છે કે પૂર્વે જે મુક્ત અને સહજ ભાવે સ્ત્રીઓ ઉલ્લાસભેર ભાગ લેતી તે હવે રાસ્તી (Road side) વિસ્તારનાં ગામોમાં ઓછું થયું છે. સ્ત્રીઓની મુક્ત રીતે હરવા-ફરવાની સ્વતંત્રતા પર કાપ મુકાયો છે. પર્વતીય વિસ્તારનાં નાચગાન, સંસ્કૃતિ નવા સ્થળે ઝડપથી પરિવર્તિત થવા લાગ્યાં છે.

આંબાવાડી નવી વસાહતના જૂના ગામના બધા લોકો અહીં રહેવા આવી જાય પછી યજમાન ગામથી સ્વતંત્ર વાર-તહેવાર ઊજવવાનું વિચારતા હતા. સામાજિક જૂથોનાં દરજ્જા વિષયક તફાવતો કે પોતાની આગવી અસ્મિતા (indentity)ની જાળવણી આ માટે કારણરૂપ હોઈ શકે.

આવાં જ કારણોસર છીંદીયાપુરામાં શરૂઆતમાં નવી વસાહતના તડવીઓ યજમાન ગામના ભીલો ભેગા

વાર–તહેવાર ઊજવતા હતા પણ બે વર્ષ પછી જુદા ઊજવતા થઈ ગયા હતા. તેનતલાવમાં પણ યજમાન ગામના બિનઆદિવાસીઓ અને નવી વસાહતના આદિવાસીઓ ધાર્મિક ઉત્સવોની ઊજવણીમાં ભેગા નહોતા. જ્યારે ખડગદા કે જેમાં યજમાન અને નવી વસાહત બંનેમાં સરખા સામાજિક જૂથો–તડવીઓ–વસે છે ત્યાં વાર–તહેવાર ભેગા ઉજવતા હતા.

ભૂવા–ભગતની સેવાની આપ–લે બાબતે નવી વસાહત અને યજમાન ગામલોકો વચ્ચે કોઈ ભેદભાવ પળાતો નથી. આ બાબત દેવ–દેવીઓની પૂજાઓ બાબતે પણ સાચી ઠરે છે.

મેળા, હાટ વગેરે કે જે આદિવાસીઓના આનંદ, પ્રમોદ, જીવન–જરૂરિયાતની ચીજ–વસ્તુના ખરીદ–વેચાણ, સામૂહિક મેળાવડા, ધાર્મિક બાબતો, સામાજિક સાંસ્કૃતિક જરૂરિયાત માટે મહત્ત્વના છે. તેમાં ફરતી વસાહતનાં ગામોમાં અસરગ્રસ્તોનું આવવાનું ઓછું થઈ રહ્યાના સંકેતો મળે છે. આવવા–જવાની મુશ્કેલી, ભાડા–ખર્ચની અક્ષમતા વગેરેને લીધે ફરતી વસાહતના ગામલોકો માટે જૂના ગામના મેળા, હાટ વગેરેમાં જવાનું નજીકના ભવિષ્યમાં ભુલાઈ જાય તો નવાઈ નહિ.

કેટલાક સૂચિતાર્થો

નર્મદા બંધ યોજનાના અસરગ્રસ્ત આદિવાસીઓના અર્થ–સામાજિક પરિવેશમાં ફેરફાર થવાને પરિણામે ઉપસ્થિત થતા અનુકૂલનના પ્રશ્નો અને યજમાન અને નવી વસાહતના લોકો વચ્ચે પ્રારંભિક તબક્કામાં આકાર પામેલા આંતર–સંબંધો (inter–relation) નું વિગતે વર્ણન આપણે જોયું.

આના ઉપરથી 'સમુદાય' તરીકે નવી વસાહતના સ્થળે અસરગ્રસ્તો પુનઃજીવિત થઈ શક્યા છે કે કેમ ? તે અંગેના તારણની નોંધ અત્રે લઈશું.

નવી વસાહતના સ્થળે ગોચર, પંચાયત, જમીન વગેરેમાં આગંતુકો (new–comers)એ ભાગ પડાવતાં સ્વાભાવિક રીતે જ યજમાન ગામના લોકોનાં હિત જોખમાતાં તેઓ (અસરગ્રસ્તો)પ્રતિ વણ–નોતર્યા ગહેમાન તરીકેનો વર્તાવ યજમાન લોકોએ દાખવ્યો.

તેનતલાવ, છીંદીયાપુરા, ખડગદા, આંબાવાડી વગેરે ગામોમાં અસરગ્રસ્તોએ શરૂઆતના સમયે અનુભવેલા કડવા અનુભવો—કૂવે પાણી ભરવા ન દેવું, પાણી ભરવા જાય ત્યારે મ્હેણાં ટોણાં મારવાં, ગોચર ફરતે વાડો કરવી, ગામમાં વસવાટ કરવામાં રુકાવટો ઊભી કરવી વગેરે બાબતોની નકારાત્મક અસરો સપાટી પર આવી.

જૂના ગામના અસરગ્રસ્ત આદિવાસીઓ પણ પુનઃવસવાટ જેવા કટોકટીના કિસ્સામા પોતાના હિતનું વિચારીને તેને અનુરૂપ (કેટલાક કિસ્સામાં ફરજિયાત પણે) વિઘટિત થયા. પરિણામે સરકારે નક્કી કરેલ ધારાધોરણ પ્રમાણેની નાગરિક સુવિધાઓ મેળવવાને હકદાર ન બનતાં યજમાન ગામલોકોના 'ઓશિયાળા' થઈને રહેતા થઈ ગયા છે. અસરગ્રસ્તોને વિના વાંકે સહન કરવાનો વારો આવ્યો છે. જેથી કરીને 'સમુદાય' તરીકેની આસ્મતા પર કાપ પડ્યો છે.

સરકારનો જમીન, ઘર, ઝાડનું વળતર તેમ જ શરતોને આધીન નાગરિક સુવિધાઓ અંગેની નીતિ વધુ ઉદાર બનાવીને આદિવાસી અસરગ્રસ્તોને પુનઃસ્થાપિત કરવાનો એક વધુ પ્રયત્ન વાસ્તવિક પરિસ્થિતિમાં 'અપૂરતો' પુરવાર થયો છે.

વિસ્થાપનને કારણે અસર પામતાં સામાજિક સાંસ્કૃતિક પરિબળોના સંકુલ (complex) સંબંધો જે ખલેલ પામે છે તે બધા કૂવો, નિશાળ, જમીન વગેરેની માફક નરી આંખે જોઈ શકાતા નથી. કમનસીબે, આ બધી બાબતો આર્થિક બાબતો જેટલી જ મહત્ત્વની બાબતે છે તે હજી સુધી સ્વીકારાયું નથી અને એથી જ તેના તરફ દુર્લક્ષ સેવાતું રહ્યું છે અથવા આંખ–આડા કાન થતા રહ્યા છે પરિણામ સ્વરૂપ, હાલમાં પુનઃવસવાટ બાબતે અસરગ્રસ્તો 'અસંતુષ્ટ' અને ભવિષ્ય માટે ચિંતિત છે.

જંગલનું તાદાત્મ્ય ધરાવતા આદિવાસીને જંગલથી દૂર 'સમુદાય' તરીકે સજીવન કરવામાં હાલમાં સરકાર પાસે કોઈ વૈકલ્પિક કાર્યક્રમો નથી. સરકારે નર્મદા યોજનાના ડૂબમાં જતાં જંગલના બદલે નવું જંગલ ઊભુ કરવાનું આયોજન કચ્છ જેવા દૂરના પ્રદેશમાં કર્યું છે. દેખીતી રીતે જ તેનો લાભ અસરગ્રસ્ત આદિવાસીઓને મળવાનો નથી. વળી, કુદરતી અને કૃત્રિમ જંગલોમાં ફેર તો રહેવાનો જ. જંગલના વિનાશની અસર હાલમાં આદિવાસીઓના જન-જીવન પર ગંભીર રીતે વર્તાઈ રહી છે તે આપણે ઘાસચારા, બળતણ, સાંસ્કૃતિક પ્રશ્નોના સંદર્ભમાં કરેલા વિવરણમાં જોયું. નવા સ્થળે ગોચર વિકાસ (pasture-development)નાં પગલાં સુધ્ધાં લેવાયાં નથી જેને લીધે મોટેભાગે અસરગ્રસ્તોને જ બાંધછોડ કરવાનો વારો આવ્યો છે.

ગોચર, બળતણ, પીવાનું પાણી વગેરે પ્રશ્નો અસરગ્રસ્તોની ચિંતાના વિષય બન્યા છે. ખાસ કરીને સહન કરવાનો વારો મોટેભાગે સ્ત્રીઓને શિરે આવ્યો છે. આમ, વિસ્થાપનને લીધે સ્ત્રીઓના પ્રશ્નોમાં ઉમેરો થયો છે.

જૂના ગામ અને નવી વસાહતો સાથેના સંબંધો ઘાસચારા, બળતણ, રોજગારી, અંશતઃ જમીનસંપાદન, પંચાયત વગેરે બાબતોસર ચાલુ રહેવા પામ્યા છે. હાલમાં, અસરગ્રસ્ત એક સ્થળે સ્થાયી (settled) નથી. નવા અને જૂના એમ બે ગામોમાં તેના પગ રહ્યા છે. જેને લીધે નવી વસાહતના ગામમાં શું ચાલી રહ્યું છે? ગામના વિકાસમાં તેની ભૂમિકા તથા હક્ક વગેરે બાબતોથી તે વંચિત રહ્યો છે. ગામની વાત તો બાજુએ રહી તે પોતાના સગાસંબંધી, કુટુંબીજનો અરે ખુદ પોતાના ઘરના સભ્યો પર પણ સરખું ધ્યાન આપી શકતો નથી. હાલમાં તે વર્તમાનના 'અસ્તિત્વ' (existance) અને ભવિષ્યની 'સલામતી' (security) માટેની મથામણમાં છે. મનોવૈજ્ઞાનિક રીતે તે કેટલું સહન કરી રહ્યો છે તેનો અંદાજ કલ્પવો પણ મુશ્કેલ છે.

અસરગ્રસ્ત આદિવાસીઓ જૂનાં ગામોમાં પરંપરાગત ખેતી, પશુપાલન અને જંગલ એવા ત્રિવિધ મુખ્ય વ્યવસાયો થકી જીવનગુજારો કરતા હતા. નવા સ્થળે ખેડે તેટલી જમીન મળશે એમ ઘડીભર માની લઈએ તો પણ તેઓને ખેતી સિવાયના અન્ય ધંધા (પશુપાલન અને જંગલની ગેરહાજરીમાં) કર્યા વિના છૂટકો નથી. અત્યારે તો સ્થળાંતર કરીને કે કામચલાઉ બંધ સ્થળે ઝૂંપડું બાંધીને બે છેડા ભેગા કરે છે પણ ભવિષ્યમાં આ કામ પૂરું થયે તેની અવળી અસર પડવાની આગાહી છે. લાંબા ગાળાનો ખ્યાલ અત્યારથી જ કરવો રહ્યો.

પુનઃવસાટના કાર્યક્રમોની નીતિના આયોજન અને અમલ અંગે (કેટલીક બાબતોમાં) અસરગ્રસ્તોનો વિરોધ રહ્યો જ છે. તેઓનો આ પ્રકોપ—અજંપો, રોષ, નવા સ્થળે કાયમી વસવાટ માટે ન જવું વગેરે વ્યક્ત-અવ્યક્ત સ્વરૂપે અવારનવાર પ્રગટ થતો રહ્યો છે. તેઓ સભા-સંમેલનો, સરઘસો, ધરણાઓ વગેરેમાં જોડાયા છે. અસરગ્રસ્તો એક જન-સમૂહ (mass) તરીકે પોતાની લાગણી માટે સજાગ થઈ રહ્યા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રચાર સમૂહ માધ્યમો (mass-media)ની તેમના પ્રતિ અમીદૃષ્ટિ અને સહાનુભૂતિ છે જ. અત્યારે નર્મદા યોજનાનો પ્રશ્ન જે વિશ્વસ્તરે ચકડોળે ચઢ્યો છે તે જોતાં પરિસ્થિતિ સ્ફોટક બને તે પહેલાં અસરગ્રસ્ત આદિવાસીઓ નવા સ્થળે 'સમુદાય' તરીકે પ્રસ્થાપિત થાય તે અંગેના સર્વગ્રાહી (comprehensive) કાર્યક્રમો તેમ જ અસરગ્રસ્ત માત્ર બલિદાનમાં જ નહિ પણ વિકાસમાં ભાગીદાર બને તેવા નીતિ-કાર્યક્રમોનું ઘડતર અને અમલ થાય એ જ સવેળાનું લેખાશે.

કઈ રીતે અસરગ્રસ્તને 'સમુદાય' તરીકે પુનઃ ભેગો કરી શકાય અને વિકાસમાં ભાગીદાર બનાવી શકાય તે ચર્ચાનો વિષય છે.

❀ ❀ ❀

પહાડો, બંધો અને જંગલો : પશ્ચિમઘાટ વિશે કેટલાંક ક્ષેત્રીય અવલોકનો

માધવ ગાડગીલ

પ્રસ્તાવના

તમામ આર્થિક વિકાસના પાયામાં પૃથ્વીની કુદરતી સંપત્તિનો ઘનિષ્ઠ ઉપયોગ રહેલો છે. આમ પશુપાલનને કારણે જંગલી જાનવરોની ફેલાયેલી વસ્તી કે જેનો ઉપયોગ શિકારી પ્રજાઓ કરતી, તેમનું એકત્રીકરણ થયું અને સિંચાઈને કારણે જે પાકો વરસાદ પર આધારિત હતા તેને અધિક પ્રમાણમાં પાણી મળવા માંડ્યું. પૃથ્વીની કુદરતી સંપત્તિ સીમિત અને મહદંશે પરસ્પર આધારિત છે. આવી એક સંપત્તિના ઉપયોગમાં વૃદ્ધિ થતાં તે પુનઃઉત્પાદિત સંપત્તિ હોય તોપણ તેનો નાશ થાય છે. અન્યથા બીજી સંલગ્ન સંપત્તિઓનો વિકાર થાય છે. હાલમાં એ તો સર્વવિદિત છે કે સંપત્તિના અતિ ઉપયોગનું પરિણામ પ્રાયઃ તેનો વિનાશ તથા અનેક અણવાંછિત આડ અસરોમાં પરિણમે છે કે જેના ફળ સ્વરૂપે માનવજીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે (થોમસ ૧૯૫૬). જોકે આધુનિક પ્રવિધિવિજ્ઞાને (Technology) મનુષ્યની પૃથ્વીની સંપત્તિનો ઉપયોગ કરવાની ક્ષમતામાં અનેક ગણી વૃદ્ધિ કરી છે. આમ છતાં તેના થકી કુદરતી સંપત્તિના અમર્યાદિત વપરાશની પરંપરાગત સમસ્યા અને તદનુવર્તી અસરો અન્ય સંપત્તિઓ પર થતી ટાળી શકાઈ નથી. વાસ્તવમાં ઘણીવાર આ સમસ્યાઓની માત્રામાં વધારો જ થતો ગયો છે. કુર્વર અને મિલ્ટને (૧૯૭૩) આવા 'બેદરકાર પ્રવિધિ વિજ્ઞાન'નાં પરિણામો દસ્તાવેજી રૂપમાં દર્શાવ્યાં છે. જેમાં તેઓએ ઈજીપ્તના આસ્વાન બંધને પરિણામે ફાટી નીકળેલા રોગ સ્કિસટોસોમિયાસિસ (Schistomiasis)ના કિસ્સાથી માંડીને પાકિસ્તાનના સિંધુ ક્ષેત્રમાં ઘનિષ્ઠ સિંચાઈને કારણે ત્યાંનાં ખેતરોમાં સતત વધતી જતી લવણના (Salinisation)નો સમાવેશ કર્યો છે. પ્રાચીન ભારતની ભૂમિમાં પણ આવાં અનેક દૃષ્ટાંતો જોવા મળે છે. જેની શરૂઆત કદાચ રાજસ્થાનના માનવપ્રેરિત રણથી થઈ. (બ્રિસન અને બેરીજ ૧૯૬૭) જોકે આપણા દેશમાં આ મહત્ત્વપૂર્ણ સમસ્યા પર ઘણું ઓછું ધ્યાન દેવામાં આવ્યું છે અને થોમસ (૧૯૫૬) તથા કુર્વર અને મિલ્ટન (૧૯૭૩)ની વૈશ્વિક સમસ્યાઓમાં ભારત વિશે નોંધપાત્ર માહિતી સાપડતી નથી. આપણી આ સમસ્યા વિશેની સમજના સદંતર અભાવનું દૃષ્ટાંત જોઈએ તો ભારતની જળસંપત્તિ તથા તેના ઉપયોગને લગભગ સર્વાંગીપણે આવરી લેતાં રાવના લખાણમાં (૧૯૭૫) આવા ઉપયોગથી નિષ્પન્ન પર્યાવરણની સમસ્યા સંદર્ભે માત્ર અછડતો ઉલ્લેખ જ જોવા મળે છે.

આમ પ્રસ્તુત લેખમાં ભારતની કુદરતી સંપત્તિના ઘનિષ્ઠ ઉપયોગથી ઉદ્ભવતી પર્યાવરણની સમસ્યાઓનાં કેટલાંક વિશિષ્ટ પાસાંઓનો નિર્દેશ કરવાનો પ્રાથમિક પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ લેખમાં દ્વીપકલ્પીય (Penisular) ભારતના પશ્ચિમઘાટમાં જળાશયો બાંધી નદીઓના પાણીના કરાતા ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. પશ્ચિમઘાટની શૈલરચના (orography)ની દક્ષિણ–પશ્ચિમની વરસાદી પવનો સાથેની આંતરક્રિયાને પરિણામે દ્વીપકલ્પીય ભારતમાં પશ્ચિમઘાટની શિખર રેખા (crestline) પરે અધિકતમ અવક્ષેપન (precipitation) ઉદ્ભવે છે. આ ભારે અવક્ષેપન ઉપરાંત પશ્ચિમાભિમુખી સીધા ઢોળાવને કારણે જળવિદ્યુત ઉત્પાદન માટે આ સ્થાન આદર્શ બનવા પામ્યું છે. આથી જ આવી ઘણી યોજનાઓ જેવી કે કોયના,

લીંગનામક્કી, અથરભવાની તથા ઈડીક્કી આ પર્વત-શૃંખલાઓમાં આકાર પામી છે. દ્વીપકલ્પીય ભારતની મુખ્ય પૂર્વાભિમુખી નદીઓ—ગોદાવરી, કૃષ્ણા તથા કાવેરીનાં મૂળ પશ્ચિમઘાટમાં છે અને જ્યાં આ ઘાટના પહાડો ડેક્કનના સમતલ મેદાનોમાં ભળે છે, તે સ્થાને સિંચાઈ યોજનાઓ માટે આદર્શરૂપ છે અને આવી ઘણી પરિયોજનાઓ જેમ કે પાનશેટ, કાળીની અને ભવાનીસાગર છેલ્લાં થોડાં વર્ષોમાં જ આકાર પામી છે.

અન્ય વિશ્વવ્યાપી અનુભવની જેમ આ પરિયોજનાઓમાં પણ બંધો, નહેરો, બોગદાં, પાઈપલાઈનો અને વિદ્યુત-ઉત્પાદન મથકોના બાંધકામ પર જ સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જ્યારે તદ્સંબંધિત અન્ય અનેક પ્રકારની સમસ્યાઓને નજરઅંદાજ કરવામાં આવી છે. (ફર્વર અને મિલ્ટન, ૧૯૭૩, ડેસ્માન તથા અન્ય ૧૯૭૩) હાલમાં પશ્ચિમઘાટમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, તામિલનાડુ તથા કેરલની લગભગ બધી જ જંગલ સંપત્તિનો સમાવેશ થાય છે અને આ વન્ય સંપત્તિની તીવ્ર અછત આજથી જ વર્તાવા માંડી છે. (ગાડગીલ અને પ્રસાદ ૧૯૭૮) વળી આ સિંચાઈ તથા જળવિદ્યુત પરિયોજનાઓએ માત્ર કુબાણુ હેઠળના વિસ્તારનાં જંગલો પર જ વિઘાતક અસર નથી જન્માવી. પરંતુ મહત્ત્વના ઉપરવાસ (Catehment)ના વિસ્તારનાં જંગલોનો પણ તેણે વિનાશ નોતર્યો છે. આને કારણે ઉપરવાસના વિસ્તારના જમીનનું ધોવાણ તથા જળાશયોમાં કાંપની જમાવટ વધ્યાં છે. આ વિસ્તારની વનસ્પતિસૃષ્ટિ તથા પ્રાણી જીવનની અનેકવિધતાઓમાં પણ તીવ્ર ઘટાડો જણાયો છે ને તેને પરિણામે પારિસ્થિતિક અસંતુલન (echological imbalance) સર્જાયું છે. આ તમામ પરિબળો સમગ્રપણે સમાજ પર લાંબા ગાળાની ગંભીર આર્થિક અસરો તો નિપજાવે છે જ પરંતુ પશ્ચિમઘાટના આદિવાસીઓ તથા ખેડૂતો તેના તત્કાળ ભોગ બન્યા છે. (ડાર્વિન ૧૯૭૬, એનન ૧૯૭૭અ).

વિકાસની આ સમસ્યાઓ ઉપર કોઈનું ગંભીરપણે બહુ ઓછું ધ્યાન દોરાયું છે. સિવાય કે ટાસ્ક ફોર્સ (એનન ૧૯૭૭અ)ના અહેવાલમાં તથા કુદાનાડ તથા સાઈલેન વેલી યોજનાના બે અભ્યાસોમાં (કન્નન ૧૯૭૯) (પ્રસાદ તથા અન્ય ૧૯૭૯) તે અંગેના કેટલાક ઉલ્લેખો સાંપડે છે. આ લેખમાં લેખકે ૧૯૭૨માં કરેલ પશ્ચિમઘાટના ક્ષેત્રાવલોકનને આધારે આ સમસ્યાઓનું ચિત્રણ મુખ્યત્વે જંગલ સંપત્તિના વિનાશના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. (ગાડગીલ અને વારટાક ૧૯૭૬; પ્રસાદ અને ગાડગીલ ૧૯૭૭; શાસ્ત્રી તથા અન્ય ૧૯૭૭). અહીં રજૂ થયેલ માહિતીમાં લેખકને શરૂઆતથી રસ ઉત્પન્ન થયો હોવા છતાં આ અભ્યાસના પ્રાથમિક ઉદ્દેશો માટે તે ગૌણ હતી. મારી સમસ્યા વિષેની સમજ ક્રમિકપણે સ્પષ્ટ થઈ હોવાને કારણે આ માહિતી એટલી ચોકસાઈપૂર્વક અને આયોજિત ઢબે એકત્રિત થઈ શકી નહોતી જેટલી થવી જોઈએ. આમ આ તબકકે અત્રે આપવામાં આવેલી માહિતી માત્ર પ્રાથમિક નિવેદન છે કે જેનો હેતુ સમસ્યાની વ્યાખ્યા, તેનાં કેટલાંક પાસાંઓનું નિદર્શન તથા વ્યવસ્થિત અને પરિમાણાત્મક (quantitative) અભ્યાસની દિશા દર્શાવવાનો છે.

એક કિસ્સાના અભ્યાસથી આપણે શરૂઆત કરીએ. પૂના જિલ્લાના પાનશેટ જળાશયના કિસ્સાના અભ્યાસમાં વિવિધ પરિબળોની અસર જોવા મળે છે. બંધની સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલ વિવિધ પરિબળો કેવી રીતે વનસ્પતિ (vegitation)નો વિનાશ કરે છે તે દર્શાવાયું છે. ત્યાર બાદ આ વિનાશની સમગ્રપણે સમાજ પર અને વિશેષરૂપે નબળા વર્ગો પર થતી વિઘાતક અસરોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

૨ પાનશેટ બંધની અસરો

પાનશેટ જળાશય પૂનાથી લગભગ ૨૫ કિ.મી.ના અંતરે પશ્ચિમમાં આવેલું છે. અને મુલા (Mula) તથા મોસે (Mose)નદીઓ પરના બંધને કારણે તેની રચના થઈ છે. જળાશય લગભગ ૬૦૦ મીટરની

ઊંચાઈ પર પશ્ચિમ ઘાટની શિખર રેખા (outline) ની પૂર્વે આવેલું છે. આ વિસ્તારનો ભૂપ્રદેશ (terrain) અડધા કિ.મી.થી પણ ઓછી પહોળાઈ ધરાવતી સાંકડી ખીણોને અલગ પાડતા સીધા પહાડો, (કે જેની ઊંચાઈ ૧૨૦૦ મીટર સુધી પહોંચે છે)ની ખંડિત સંરચના ધરાવે છે. જળાશયના બાંધકામ પૂર્વે આ વિસ્તારમાં ખેડૂતો ખીણોમાં ડાંગર વાવતા અને પહાડોના નીચા ઢોળાવો પર બાજરી જેવા પાકોની સ્થાનાંતરશીલ (shifting) ખેતી કરતા. પહાડોના ઢોળાવો પર આંબા અને હરડનાં વૃક્ષોનું હરિત આવરણ છવાયેલું હતું. કારણ કે જુવાર વગેરે પાકો માટે ખેડૂતો જ્યારે ઢોળાવની સફાઈ કરતા ત્યારે આ ઉપજાઉ (cash yielding) વૃક્ષોને વણ સ્પર્શ્યાં રહેવા દેતા. હરડનાં બીજનો ચામડા પકાવવા માટે ઘનિષ્ઠપણે ઉપયોગ થતો અને આ કારણે અહીંથી ૫૦ કિ.મી. દૂર ભોરમાં આ ઉદ્યોગનો વિકાસ થયો હતો. પહાડોના ઊંચા ઢોળાવો કાયમી અર્ધ-હરિત (semi evergreen) પ્રકારનાં સમૃદ્ધ જંગલોથી આચ્છાદિત રહેતાં જેને રાજ્યની માલિકીનાં સંરક્ષિત જંગલ હેઠળ આવરી લેવાયા હતા. પરિવહનની સગવડોના અભાવને કારણે આ જંગલોનું ભાગ્યે જ શોષણ થયું હતું. (ગાડગીલ અને વારટાક ૧૯૭૬). પાનશેટ જળાશય પરના કામની શરૂઆત ૧૯૫૫માં આ વિસ્તારને પૂના શહેર સાથે જોડતી પાકી સડકનાં બાંધકામ સાથે થઈ. ડાંગરનાં ખેતરો ધરાવતી ખીણો અને આંબા તથા હરડનાં વૃક્ષોવાળાં નિમ્નતમ ઢોળાવો ધરાવતા ડૂબાણ હેઠળના પ્રદેશને નિર્વનીકૃત કરવા પડ્યા. હરડનાં વૃક્ષોમાંથી બનતા ઉત્કૃષ્ટ પ્રકારના કોલસાની પૂનામાં ઘણી માંગ હતી. પરિણામ સ્વરૂપ માત્ર ડૂબાણ હેઠળનો વિસ્તારના જ નહિ પણ સમગ્ર નીચા ઢોળાવવાળા પહાડી પ્રદેશ કે જેમાં ઉપરવાસ (catchment)નો લગભગ અડધો વિસ્તાર સમાવિષ્ટ થતો હતો, ૧૯૬૦ સુધીમાં સંપૂર્ણપણે વૃક્ષ વિહીન થઈ ગયો. આવું બનવા પાછળનું દેખીતું કારણ જોઈએ તો ઈમારતી લાકડાના જે વેપારીઓ ડૂબાણ વિસ્તારનાં જંગલો કાપવા આવ્યા હતા તેમણે ઢોળાવની વિશાળ પટ્ટી પરની ખાનગી જમીનના ખેડૂત માલિકોને તેઓને ખૂબ જ નજીકના ભવિષ્યમાં બંધના સિંચાઈ હેઠળના (command) વિસ્તારમાં ખસેડવામાં આવશે અને આથી આ વૃક્ષોનું વેચાણ જ તેમના હિતમાં છે, એમ ભરમાવી ક્ષુલ્લક ભાવોમાં આ વૃક્ષો ખરીદી લીધાં હતાં તે હતું. જે હોય તે પરંતુ પુનઃવસવાટની પ્રક્રિયા આ નિર્વનીકરણના એક દાયકા બાદ ૧૯૭૦ના દસકામાં શરૂ થઈ અને હજુ આજે ૧૯૭૯માં પણ ખેડૂતોની એક નાની સંખ્યા જ નવા વિસ્તારમાં જવા પામી છે. શેષ મોટી સંખ્યા હજી ઢોળાવો પર જ વસવાટ કરે છે. પહાડી ઢોળાવોના નિર્વનીકરણની સાથે જ ૪૦૦૦ મી.મી.ના ભારે વરસાદને કારણે ઉપરની માટીનું તીવ્રતમ ધોવાણ થવા માંડ્યું, ને જેને પરિણામે ૧૯૭૦ના દશકાનાં શરૂઆતનાં વર્ષોમાં મોટા પ્રમાણમાં જમીન ધસી પડવા (landslide)માંડી. આના પરિપાકરૂપે સ્થાનાંતરશીલની ઉત્પાદકતામાં ઘટાડો થયો અને પરિણામ સ્વરૂપ ખેડૂતોએ ઉપરનાં ઢોળાવોનાં આરક્ષિત જંગલોમાં ખેતી માટે વિશાળ પાયા પર પગ પેસારો કર્યો. વૃક્ષ આવરણના વિનાશ તથા શહેરી તકસાધુઓના સફળ પ્રવેશને કારણે આ પહાડી ઢોળાવોમાં પાંગરતું એક સમયનું સમૃદ્ધ વન્યજીવન જેમાં સાબર, હરણ અને જંગલી ભૂંડનો સમાવેશ થતો હતો, તે લગભગ અદૃશ્ય થવા માંડ્યું. આ વિસ્તારના ખેડૂતોએ માહિતી આપી કે જ્યાં તેમને અગાઉ અઠવાડિયામાં એક જંગલી ભૂંડ કે હરણ મળતું ત્યાં હવે મહિનામાં માંડ એક સસલું દૃશ્યમાન થાય છે. હરડનાં વૃક્ષોનાં વિનાશને કારણે ખેડૂતોની તદ્આધારિત રોકડી આવક બંધ થઈ ગઈ છે. અને હરડ પર આધારિત ભોરના ઉદ્યોગો પણ બંધ થઈ ગયા છે. વૃક્ષોના વેચાણથી ખેડૂતોને જે થોડી આવક હતી તે ક્યારની વપરાઈ ગઈ છે. જોકે પાનશેટમાં કાંપની જમાવટ વિશે કોઈ આંકડા પ્રાપ્ય નથી, આમ છતાં ધોવાણ થયેલ ઢોળાવો અને ધસી પડેલ જમીન (land slide) પર એક

દૃષ્ટિપાત કર્યે આ જમાવટની માત્રા ખૂબ મોટી હશે એવી ખાત્રી અચૂક થાય. એ સ્પષ્ટ છે કે સિંચાઈ યોજનાના એક સંકલિત ભાગરૂપે ઉપરવાસના વનસ્પતિ આવરણના સંરક્ષણ માટેનાં ઉચિત પગલાંઓ લેવાયાં હોત તો એ વિસ્તારની તારાજી ને તેના પરિણામસ્વરૂપ ત્યાંના વસાહતીઓનું દરિદ્રીકરણ, વન આધારિત ઉદ્યોગોની પડતી તથા બંધમાં કાંપની જમાવટ આ બધી હાનિઓને નિવારી શકાઈ હોત.

૩ નિર્વનીકરણનાં કારણો

સિંચાઈ તથા જળવિદ્યુત પરિયોજનાઓના અમલીકરણમાં માત્ર ડૂબાણના વિસ્તારની જંગલ સમૃદ્ધિ નાશ પામે છે. અન્યથા વિશાળ જળાશયોનું નિર્માણ અસ્તિત્વ ધરાવતાં અન્ય જંગલો તથા વન્યજીવનને વિકસાવવામાં વિધેયાત્મક રીતે મદદરૂપ થઈ શકે. થેક્કડી વન્યજીવન અભયારણ્ય (Wild life sanctuary)ની મધ્યમાં પેરીયાર નદી પર આવેલ લગભગ એક સદી પુરાણું જળાશય આ વાતનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. આ જળાશયના ડૂબાણ વિસ્તારનાં જંગલો પણ કાપવામાં આવ્યા નહોતાં. પરિણામ સ્વરૂપ હજુ આજે પણ પાણીમાથી ડોકિયા કરતાં જૂના ઝાડના થડો આ વિસ્તારની સમૃદ્ધ વિહગસૃષ્ટિ માટે આદર્શ વિરામસ્થાન બની રહ્યા છે. બારમાસી જળસ્રોતને કારણે વન્ય પશુઓને પણ ફાયદો પહોંચ્યો છે. તો આસપાસનું જંગલ પણ લગભગ અકબંધપણે જળવાઈ રહ્યું છે. કમનસીબે હાલના સમયગાળાનાં આ પ્રકારનાં કોઈ ઉદાહરણો નજરે નથી ચડતાં કે જ્યારે લગભગ બધી જ પરિયોજનાઓએ આસપાસની જંગલ સંપત્તિનો અનેક રીતે વિનાશ નોતર્યો છે. આ હાનિકારક અસરોને (૧) પુનર્વસવાટ (૨) શ્રમિકો (૩) ઘૂસખોરો અને જંગલચોરોનો પગપેસારો અને (૪) ખામીગ્રસ્ત આયોજનની સમસ્યાઓ તરીકે વર્ગીકૃત કરી શકીએ.

૩.૧ પુનર્વસવાટ

કાલી જળવિદ્યુત પરિયોજનાના રામનગર વસાહત નિરાશ્રિતોનો પ્રશ્ન પુનર્વસવાટની સમસ્યાઓ સંબંધિ વેધક ઉદાહરણ પૂરું પાડે છે. આ પરિયોજના હે નગરવસાહત સુપા અને તેની આસપાસનાં અનેક ના ગામડાંઓ ડૂબાણમાં જશે અને આ વિસ્તારનાં હજા કુટુંબોને તેમનાં ડાંગરનાં ખેતરો, નાળિયેરી અને સોપા ના બગીચાઓ તથા બીજી સમૃદ્ધ ખેતી અને બાગાયત જમીનની અવેજીમાં અન્ય જમીન પૂરી પાડવી પડ ખેતી અને બાગાયતની બધી જમીન ખેતી હે હોવાને કારણે આ પરિવારોને એક હેકટર ડૂબાણ જમીન જે લગભગ સિંચાઈવાળી છે તેના બદલામાં ૨ હેકટર સિંચાઈ વગરની પહાડી ઢોળાવની જમ આપવામાં આવી છે. જોગાનુજોગ એ વાત નોંધ ઘટે કે આ નિર્વાસિતો માટે વિશાળ જળવિદ્યુત યોજ માંથી ઉત્પન્ન થતી વીજળીને આધારે ચાલતા વૈકલ્પિ બિન-કૃષિ વ્યવસાયની જોગવાઈ અંગે કોઈ પ્રય થયા નથી.

આ વસાહત કર્ણાટકમાં બેલગામ અને ઉ કન્નડ જિલ્લાઓની સીમાપર લોંધા (Londh પાસે રામનગર ખાતે વસાવવાની ધારણા છે. આ વિસ્તાર પહેલાં આરક્ષિત જંગલ હતો અને ૧૯૭ ની આસપાસ પુનઃવસવાટના હેતુ માટે કબજે લેવા આવ્યો હતો. આ જમીનનો હવાલો સોંપતી વે તમામ વૃક્ષોનુ છેદન કરવામાં આવ્યું અને ૧૯૭ સુધી જમીન સંરક્ષણના કોઈ પણ પગલાં લીધા સિવા તે પડતર રૂપે પડી રહી હતી. નિર્વાસિતો પૈકી એ પણ ખેડૂત વસાહતીએ આ જમીન માટે આકર્ષ દાખવ્યું નથી અને તેઓ ૧૯૭૯માં જ્યારે સુપાબંધ બાંધકામ ચાલે છે ત્યારે પણ પોતાની જમીન પર વસે છે. આ સમય દરમ્યાન કાલી પરિયોજનાન જળાશયના ઉપરવાસના આ વિસ્તારના પહાડી ઢોળાવ નું અસંરક્ષિત ઉપલું માટીનું સ્તર છેલ્લા ચા ચોમાસામાં એટલું ધોવાઈ ગયું છે કે ૧૯૭૯ સુધીમ

અર્થાત્

આ વિસ્તાર કોઈ પણ પ્રકારની ખેતી માટે અયોગ્ય ખરાબાની જમીનના વિસ્તારમાં ફેરવાઈ ગયો છે. આયોજિત વસાહતના પ્રતીકરૂપ એવી કેટલીક ખાલી શાળાઓ તથા મંદિરના મકાન સિવાય આ વિસ્તાર ભેંકાર ભાસે છે. કાલી જળવિદ્યુત પરિયોજનાના નિર્વાસિતો આ દરમ્યાન રામનગર જવાનો ઈન્કાર કરી આંદોલન કરી રહ્યા છે અને બારચી નામે સમૃદ્ધ જંગલ યુક્ત વસાહત માટે માંગણી કરી રહ્યા છે.

પુનર્વસવાટ માટેની જમીનના જંગલોની સફાઈ એક ગંભીર ભૂલ હતી. મૂળ જંગલ ટર્મિનાલીયા (Terminalia)નાં વૃક્ષોથી સમૃદ્ધ હતું, કે જેના આધાર દ્વારા ધીકતો ટસર સિલ્ક ઉદ્યોગ વિકસી શક્યો હોત. આ સાથે મધમાખી ઉછેર તથા હરડનાં બીજનાં ઉત્પાદન જેવી ગૌણ વનપેદાશનો પણ ઉમેરો કરી શકાયો હોત. બીજાં ઓછાં મૂલ્યવાન વૃક્ષોની પસંદગીના ધોરણે સફાઈ કરીને સોપાનયુક્ત તથા પાળાવાળા જમીનના ટુકડાને યોગ્ય ઢબે ગોઠવી ખેતી માટે તૈયાર કરી શકાયા હોત. આ રીતે જમીનનો આર્થિક રીતે વધુ સક્ષમ અને પર્યાવરણની દૃષ્ટિએ વધુ સુરક્ષિત વિનિયોગ થઈ શક્યો હોત. તેને બદલે જમીન સંરક્ષણનાં કોઈ પણ જાતનાં પગલાં વગરના નિર્વનીકરણે આ વિશાળ વિસ્તારનો સદાને માટે વિનાશ નોતર્યો છે.

ઉત્તર કર્ણાટકમાં ઘાટપ્રભા નદી પરની હીડકાલ સિંચાઈ પરિયોજના પુનર્વસવાટની સમસ્યાઓનું બીજું ઉદાહરણ પૂરું પાડે છે. ૧૯૭૯માં આ જળાશયનું બાંધકામ લગભગ પૂર્ણતાને આરે છે અને તે સિંચાઈ હેઠળના (Command) વિસ્તારમાં ૨.૬૩ લાખ હેક્ટર જમીનને સિંચાઈ પૂરી પાડશે એવી અપેક્ષા રખાય છે જ્યારે તેની હેઠળ માત્ર અંદાજે ૪૦૦૦ હેક્ટર જેટલી ખેતીની જમીન ડૂબાણમાં ગઈ છે. આમ છતાં નિર્વાસિત લોકોને સિંચાઈ હેઠળના (Command) વિસ્તારમાં વસાવાને બદલે ઉપરવાસના વિસ્તારમાં, જેમાંના કેટલાકને તો બરાબર જળાશયના કિનારે વસાવવામાં આવ્યા છે. આવી વસાહતોનો કાંપની જમાવટમાં જે ફાળો છે તેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી પણ આ બાબત નજરઅંદાજ કરી શકાય એવી નથી.

૩-૨ શ્રમિકો

સિંચાઈ તથા જળવિદ્યુત પરિયોજનાઓના બાંધકામ વખતે હજારો શ્રમિકો પરિયોજનાના સ્થળે વસવાટ કરે છે. આ શ્રમિકોને પોતાનાં ઝૂંપડાંઓ માટે ઈમારતી લાકડાં તથા રોજબરોજના ઉપયોગ માટે બળતણની આવશ્યકતા રહેતી હોય છે. મહદંશે એવું જોવામાં આવે છે કે આ માટે તેઓ આસપાસનાં જંગલ પર નિર્ભર રહેતા હોય છે. આને કારણે જંગલની પર્યાવરણીય સમતુલા પર થતી ગંભીર અસરનું નોંધપાત્ર ઉદાહરણ ઉચ્ચ નીલગીરીના પઠાર પરના અવાલાન્ચ તથા અન્ય જળાશયોના બાંધકામનો અનુભવ પૂરું પાડે છે. આ જળાશયો ૨૫૦૦ મીટરની ઊંચાઈના પઠાર (plateau) પર આવેલાં છે કે જે પ્રદેશ વર્ષના દશ માસ ઠંડો, ભેજવાળો તથા તોફાની હવાવાળો હોય છે. જળાશયોના બાંધકામ માટે આ પઠાર પર આશરે ૨૦,૦૦૦ શ્રમિકોએ લગભગ ૭ વર્ષ સુધી વસવાટ કર્યો હતો. તેમના રહેઠાણની સુવિધા અંગે કોઈ દરકાર રાખવામાં આવી નહોતી. પરિણામે તેમણે જર્જરિત ઝૂંપડાંઓમાં વસવું પડ્યું હતું ને તે શક્ય ને સહ્ય બનાવવા માટે તેમણે લાકડાંના ટુકડાઓના સતત દહન દ્વારા ઝૂંપડીને ઉષ્ણ રાખવી પડતી હતી. આ તમામ લાકડાં નીલગીરીના પ્રખ્યાત, સદાહરિત શોલાના જંગલોમાંથી આવ્યાં હતાં. અનેક જાતની સ્થાનવર્તી (endemic) વનસ્પતિઓથી સમૃદ્ધ એવાં આ જંગલો હવે પશ્ચિમી ઘાટના ઊંચાઈના પહાડો પૂરતા જ સીમિત રહ્યાં છે અને વનીકરણ તથા અન્ય કાર્યક્રમોને કારણે લગભગ નામશેષ જ રહ્યા છે (બ્લાસ્કો ૧૯૭૧). ઉચ્ચ નીલગીરીનાં પઠારનાં વણસ્પર્શ્યાં સમૃદ્ધ ને ગીચ જંગલો આમ શ્રમિકોની પ્રવૃત્તિને કારણે નાશ પામ્યાં. પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે શ્રમિકો પાસે આના સિવાય અન્ય આરો જ નહોતો (જ્હોન જોસેફ ૧૯૭૮). શ્રમિકોની આ સમસ્યાને સંપૂર્ણપણે ટાળી ના શકાઈ હોત તો

પણ તેને હળવી અચૂક કરી શકાઈ હોત. શ્રમિકોને માટે ટિન કે એસ્બેસ્ટોસના છાપરાવાળાં રહેઠાણો તથા બળતણની નિયંત્રિત વ્યવસ્થા થઈ શકી હોત. બળતણ માટે ડૂબાણનાં વિસ્તારના સફાઈ કરેલ વૃક્ષોનાં લાકડાંઓનો ઉપયોગ કરી શકાયો હોત.

૩-૩ ઘૂસણખોરો તથા જંગલચોરોનો સુગમ પગપેસારો

જળવિદ્યુત તથા સિંચાઈની પરિયોજનાઓના પરિણામે ઈમારતી લાકડાં તથા વન્યસૃષ્ટિથી સંપન્ન દુર્ગમ પ્રદેશમાં પ્રવેશ સરળ બને છે અને જેનો લાભ નવા કૃષકો તથા ઈમારતી લાકડાં તથા વન્યપ્રાણીઓની ચોરી કરતા જંગલચોરો ઉઠાવે છે. એવો ભય સેવાય છે કે સાયલન્ટ વેલી (Silent Valley) પરિયોજનાને કારણે પ્રવેશકર બનેલ પ્રદેશમાં વસાહતીકરણ (Colonisation)ની પ્રક્રિયા ઝડપભેર આકાર લઈ રહી છે, જેને પરિણામે અપરિવર્તનીય (irreversible) નુકસાન થવાની તીવ્ર આશંકા છે (નાયર ૧૯૭૯; પ્રસાદ વ. ૧૯૭૯). આ વસાહતીઓ ઈડિક્કી વિસ્તારના વસાહતીઓની તરાહને જ અનુસરશે એમ લાગે છે. ઈડિક્કીના વસાહતીઓએ સ્થિર ખેતી માટે અયોગ્ય એવા સીધા ઢોળાવો પર વસાહત બનાવી અને જમીન સંરક્ષણના ઉપાયો અંગે બિલકુલ તમા ન કરી.

શક્તિશાળી અને સંપત્તિવાન જંગલચોરો સુગમ પ્રવેશકારકતાનો લાભ ઉઠાવી મૂલ્યવાન ઈમારતી લાકડાંની દાણચોરી તથા વન્ય પશુઓની ચોરી કરવામાં સફળ થાય છે. સ્વાભાવિકપણે આ અનિષ્ટ પ્રવૃત્તિનું દસ્તાવેજીકરણ ઘણું દુષ્કર છે. આમ છતાં, આના સાયોગિક પુરાવાઓ સાપડે છે. ઉદાહરણ રૂપે, ૧૯૭૭માં એક ખૂબ જાણીતા દાડેલી અભયારણ્યને અભયારણ્ય તરીકે દર્શાવવું બંધ કરવું પડે એવા સંજોગો સર્જાયા હતા કારણ કે કાલી જળવિદ્યુત પરિયોજનાને કારણે પ્રવેશકર બનેલ આ પ્રદેશને કારણે અભયારણ્યમાંથી વન્ય પશુઓની સંખ્યામાં અસાધારણ ઘટાડો જણાયો હતો.

૩-૪ ખામીગ્રસ્ત આયોજન

પરિયોજનાના અમલ સાથે સીધી રીતે સંકળાયેલ બાબતોના ખામીગ્રસ્ત આયોજનને કારણે પણ સંખ્યાબંધ કિસ્સાઓમાં વન્યસંપત્તિઓનો બિનજરૂરી નાશ થયો. કર્ણાટક રાજ્યનાં ત્રણ ઉદાહરણો આ અંગે દર્શાવી શકાય. આ પૈકીનું પ્રથમ ઉદાહરણ શાવંથિ નદી પરની જળવિદ્યુત પરિયોજના છે. પરિયોજના માટે પુરવઠો પૂરો પાડતું. લિંગનામક્કી જળાશય તેની રચના પછી હાલ સુધીનાં ૨૦ વર્ષમાં તેની પૂર્ણ ક્ષમતા પર્યંત માત્ર ત્રણ વાર ભરાયું છે. કારણ કે, પાણીનો અપેક્ષિત જથ્થો ઉપરવાસમાંથી સાંપડયો જ નથી. જો બંધની ઊંચાઈ એટલી નીચી રાખવામાં આવી હોત કે જેથી જળાશય નિયમિતપણે પૂર્ણપણે ભરાતું રહ્યું હોત, તો પરિયોજનાનો ખર્ચ તો ઓછો કરી શકાયો જ હોત પરંતુ હજારો હેક્ટરના તનની પણ સુરક્ષા થઈ શકી હોત (શર્મા ૧૯૭૮). હાલના સંજોગોમાં, ચક્ર નદી પર પણ બંધ રચાઈ રહ્યો છે જેથી શાવંથિ જળવિદ્યુત પરિયોજના માટે પાણીનો પુરવઠો મળી રહે અને આમ, હોસાનગર વનવિસ્તારનો કેટલોક વધુ વિસ્તાર ડૂબાણમાં જઈ રહ્યો છે. વધુમાં, લિંગનામક્કી જળાશયનો નિર્વનીકૃત કરેલ ડૂબાણનો વિસ્તાર, જે ભાગ્યે જ પાણી હેઠળ આવે છે, ત્યાં મહદંશે ખેતી થવા માંડી છે અને આથી, અચૂકપણે જળાશયના કાંપમાં વૃદ્ધિ થતી હશે

અન્ય બે ઉદાહરણો કાલી જળવિદ્યુત યોજના સાથે સંકળાયેલ છે. તટીહલ્લા બંધના સ્થાન પર એક અત્યંત મૂળભૂત લેખી શકાય એવી ક્ષતિ થઈ છે. અહીં નિર્વનીકરણ હેઠળના વિસ્તારના અંકનમાં ત્રુટિ રહી જવા પામી. પરિણામસ્વરૂપ, ખૂબ મોટો જંગલ વિસ્તાર અનાવશ્યકપણે નિર્વનીકૃત થવા પામ્યો. સાગના વનીકરણ દ્વારા આ વિસ્તારને પુનઃ હરિત કરવા પ્રયત્ન ચાલે છે. પરંતુ આ સ્થાન પર ઊગી નીકળેલા યુપાટોરિયમ (Eupatorium) ઘાસને કારણે આ કાર્ય હવે વિકટ બન્યું છે.

અંતિમ ઉદાહરણ કાલી જળવિદ્યુત યોજના માટે અંબા-જુમ્બા ગામો ખાતે ઊભી કરવામાં આવેલ નગર-વસાહત અંબિકાનગર પૂરું પાડે છે. આ વિસ્તાર દાંડેલી અભયારણ્યની મધ્યમાં આવેલો હતો. અને તેનું વન ગૌરના ટોળા માટે ખ્યાતનામ હતું. નગરવસાહત માટે આ વિસ્તારને સોંપતી વેળાએ તેને સંપૂર્ણપણે નિર્વનીકૃત કરવામાં આવ્યો હતો. પશ્ચિમ કિનારાની ભેજવાળી ગરમીમાં આ વિસ્તાર હાલમાં ઉજ્જડ અને ધૂળિયો બની રહ્યો છે. જો માત્ર રસ્તાઓ અને મકાનો માટે જ આવશ્યક વૃક્ષોના છેદન અંગે અયોજન થયું હોત તો પોતાના મનોહર સાઈટ-પોઈન્ટ સહ આ વિસ્તાર રમણીય ગિરિમથક બની રહ્યો હોત. હાલની પરિસ્થિતિ, અંબિકાનગર રસ્તાની બાજુઓ પર વાવેલ જૂજ નાના રોપાઓ જ ધરાવે છે.

૪ પરિણામો

લેખક માને છે કે સિંચાઈ અને જળવિદ્યુત પરિયોજનાઓની સાથોસાથ જંગલની વનસ્પતિસૃષ્ટિના થતાં નિકંદનની બહોળી માત્રા અંગે પૂરતા સૂચિતો જેને ગુણાત્મક અચૂક કહી શકાય, તેમણે દર્શાવ્યા છે. આ હાનિકારક અસરો વિવિધ પ્રકારની છે, જે તમામને પરિયોજનાના ખર્ચની ગણતરી વખતે લક્ષમાં રાખવી જોઈએ. આ અસરોને નીચે મુજબ અલગપણે દર્શાવી શકાય. (૧) વન્ય ઉત્પન્નની અછત (૨) જળાશયોમાં કાંપની જમાવટ (૩) પર્યાવરણીય અસમતુલા અને (૪) જૈવિક વૈવિધ્યનો વિધ્વંસ.

૪.૧ વન્ય ઉત્પન્નની અછત

ભારત ખાતે વન્ય ઉત્પન્નની તીવ્ર બનતી જતી અછતના દસ્તાવેજનું ઉત્તમ ઉદાહરણ કર્ણાટકના જંગલના યથાર્થલક્ષી આયોજનમાં (perspective plan) સાંપડે છે. પરિયોજના સાથે સંલગ્નિત વન્ય જમીનનો નાશ આ પરિસ્થિતિની જ વિકટતામાં વધારો કરતું પ્રમુખ પરિબળ છે અહીં, કર્ણાટકની વાંસની સંપત્તિ અંગેનો અમારો અભ્યાસ ટાંકી શકાય (ગાડગીલ અને પ્રસાદ ૧૯૭૮). વાંસ એ ગરીબ જનનું ઈમારતી લાકડું તો છે જ તદુપરાંત ભારત ખાતે કાગળના ઉત્પાદન માટેની તે મુખ્ય સામગ્રી છે. કર્ણાટક ખાતે વાંસના વાર્ષિક ઉપયોગનો જથ્થો ૧૬૦,૦૦૦ ટન જેટલો છે જ્યારે તેની વાર્ષિક ઉત્પાદન-વૃદ્ધિ માત્ર ૧૩૫,૦૦૦ ટનની આસપાસ જ છે. આ અતિ-ઉપયોગને પરિણામે હાલ પર્વતના વાંસથી સમૃદ્ધ ઘણા વિસ્તારોમાંથી આ વનસ્પતિ નામશેષ થવા માંડી છે. વાંસ પાણીના ઝરણની લગોલગ પાંગરતી વનસ્પતિ હોઈ, જળાશય હેઠળના ડૂબાણને કારણે તેને સૌથી વધુ નુકસાન થાય છે. આમ, કર્ણાટક ખાતે વાંસની અછત માટેનું પ્રમુખ પરિબળ રાજ્યના અનેક પરિયોજનાઓ છે.

૪.૨ જળાશયોમાં કાંપની જમાવટ

કોઈપણ જળાશયના યોગ્ય સંચાલન માટે તેના ઉપરવાસના વિસ્તારમાં જરૂરી વનસ્પતિ સૃષ્ટિના આવરણની જાળવણી અત્યાવશ્યક છે. આ વનસ્પતિઓ જળાશયમાં પાણીના પ્રવાહના નિયમનનું, પૂરને ખાળવાનું તથા સૂકી ઋતુમાં પાણીના પ્રવાહને જાળવવાનું અને સૌથી મહત્ત્વનું તો, જમીનના સંરક્ષણનું કામ કરે છે. (દાસમાન વગેરે ૧૯૭૩, અને પરેરા ૧૯૭૩). ભારત ખાતે ઉપરવાસના વિસ્તારમાં જમીન ધસારાની અને ફળસ્વરૂપ જળાશયમાં કાંપની જમાવટની સમસ્યા ખૂબ જાણીતી છે. (એતોન ૧૯૭૮). આમ, જેની આંકડાકીય માહિતી પ્રાપ્ય છે અવાં સમગ્રભારત ખાતેના ૧૮ જળાશયો માટે, એક કિસ્સાના અપવાદને બાદ કરતાં અવલોકિત કાંપની જમાવટનું પ્રમાણ, અંદાજિત પ્રમાણ કરતાં વધી ગયું છે. વધુમાં, આ અવલોકિત પ્રમાણ, અંદાજિત પ્રમાણ કરતાં સામાન્યપણે ૩થી ૧૦ ગણું વધુ છે. આના પરિણામે, જળાશયોના ઉપયોગી જીવન કાળમાં તીવ્ર ઘટાડો થાય છે, જેના આર્થિક પરિણામો ખૂબ ગંભીર હોય છે. આનો અંગૂલિનિર્દેશ વર્ગીસે (૧૯૭૭) બૃહદ ગંગા નદીની પ્રણાલી સંદર્ભે કર્યો છે. પશ્ચિમી ઘાટના જળાશયો અંગે આંકડાકીય માહિતી તાત્કાલિકરૂપે સાંપડી ના

હોવા છતાં, એમ સ્પષ્ટપણે જણાય છે કે કાંપની જમાવટની સમસ્યા મુખ્ય બની રહી હશે.

૪-૩ પર્યાવરણીય અસમતુલા

વન્ય સંપત્તિની તથા કાંપની જમાવટની સ્વયં-સ્પષ્ટ હાનિ ઉપરાંત, પરિયોજનાના હેતુસર થતા વિશાળ પાયા પરના નિર્વનીકરણને કારણે ગંભીર પર્યાવરણીય અસમતુલા સર્જાય છે. આનું એક ઉદાહરણ કાલી જળવિદ્યુત પરિયોજનાના વિસ્તારમાં યુપાટોરિયમ ગ્લાનડુલોસમ (Eupatorium glandulosum) ઘાસના પ્રમાણમાં જણાયેલ અસાધારણ વૃદ્ધિ સૂચવે છે. ભેજયુક્ત વનમાં ઊગતી આ મિશ્ર પ્રકારની વનસ્પતિને કારણે નિર્વનીકૃત વિસ્તારમાં હવે વનસ્પતિ જીવનના વિકાસની શક્યતા નહિવત્ બની છે તથા આ ઘાસ વનસ્પતિલક્ષી પ્રાણીઓ માટે અરુચિકર સિદ્ધ થયું છે. તેના કારણે વનદવની શક્યતા પણ વધી છે તથા નિષ્કર્ષણ (leaching) દ્વારા ખનિજ સંપત્તિનો પણ નાશ થઈ રહ્યો છે. પશ્ચિમ ઘાટના ભેજયુક્ત વનની આ નકામી વનસ્પતિ આસામમાંથી કેરાલામાં પ્રવેશી છે અને ત્યાંથી ઝડપભેર ઉત્તર તરફ પ્રસરી રહી છે. લગભગ પાંચ વર્ષ અગાઉ જ્યારે કાલી જળવિદ્યુત પરિયોજનાના સુપા તથા અન્ય ડૂબાણના વિસ્તારોનું નિર્વનીકરણ કરવામાં આવ્યું હતું ત્યારે ઉત્તર કાનારા વિસ્તારમાં યુપાટોરિયમનાં મૂળિયાં નંખાવા શરૂ થયાં હતાં. નિર્વનીકૃત થયેલ વિશાળ જમીને આ ઘાસના સ્થાપન માટેનું અનુકૂળ ઉત્તમ સ્થાન પૂરું પાડ્યું. આજે આ સમગ્ર વિસ્તાર તેના આવરણથી અચ્છાદિત થયેલો જણાય છે. પવન વડે વહન પામી આ ઘાસ ચારે તરફ ફેલાયું છે. કાલીના નિર્વનીકૃત ડૂબાણના વિસ્તારમાં યુપાટોરિયમનું વિશાળ પ્રમાણ, બેલગામ, ગોવા, સાવંતવાડી, કોલ્હાપુર વિસ્તારમાં આ ઘાસના વહન માટેનું સંક્રમણ-કેન્દ્ર બની રહેશે એવું લાગે છે. તદુપરાંત સ્વયં ઉત્તર કાનારાના વનીકરણ હેઠળના વિસ્તારમાં પણ તે પ્રસાર પામશે.

૪-૪ જૈવિક વૈવિધ્યનો વિધ્વંસ

લાખો વર્ષોની ઉત્ક્રાંતિની પ્રક્રિયા પરિણામ સ્વરૂપ સજીવ સૃષ્ટિમાં જણાતી અપાર જનનિક વિવિધતા એ મનુષ્યનો મહામૂલો વારસો છે. આ વિકાસના ફળ સ્વરૂપે આપણી પાસે અનેકવિધ પ્રકારના ખાદ્યો, રેસાઓ અને કિંમતી દવાઓ છે તથા આ ક્ષેત્રોમાં વધુ પ્રગતિ સાધવા માટે તેની જાળવણી ને નિયમન અપાર મહત્ત્વ ધરાવે છે. આથી જ, સંયુક્ત રાષ્ટ્રોની ખોરાક તથા કૃષિ સંસ્થાએ કૃષિયુક્ત વનસ્પતિ જોડે સંબંધ ધરાવતી જંગલી જાતોના જનનિક વૈવિધ્યની જાળવણી માટેનું વેગીલું અભિયાન આરંભ્યુ છે. પશ્ચિમ ઘાટ પર આ પૈકીની અનેક જાતો જેવી કે રાગી, ડાંગર, એલચી, મરી ઉપરાંત કેરી તથા કણસ જોવા મળે છે. માત્ર વર્તમાનમાં જ ઉપયોગમાં લેવાતી જાતો નહિ પરંતુ સમગ્રપણે જનનિક વૈવિધ્યના રક્ષણનું મહત્ત્વ સમજીને જ યુ.એસ.ની સુપ્રિમ કોર્ટે સ્નેઈલ ડાર્ટર (Snail darter) નામની એક નાની માછલીની જાતનું નિકંદન ન નીકળી જાય તે માટે એક બંધનું બાંધકામ અટકાવ્યું હતું.

પશ્ચિમ ઘાટની સિંચાઈ તથા જળવિદ્યુત પરિયોજનાઓની વિશાળ અસર રૂપે જ આ પ્રદેશની જૈવિક વિવિધતામાં તીવ્ર ઘટાડો જણાય છે. આ પરિયોજનાઓએ ખાસ કરીને ભારે વરસાદ ધરાવતાં વિસ્તારો અને સદાહરિત તૃણ પ્રકારો ધરાવતા પાણીના સ્રોતની આસપાસના વિસ્તારને અસર કરી છે. પશ્ચિમ ઘાટના સદાહરિત જંગલોના ધરખમ ઘટાડામાં આ પરિયોજનાઓનો આમ ફાળો રહ્યો છે. (પાસ્કલ તથા મેહરહોમજી ૧૯૭૮). આ જંગલો વિશ્વમાં ક્યાંયે જોવા ન મળતી અનન્ય પ્રકારની વનસ્પતિઓ તથા પશુઓનું સંગ્રહસ્થાન બની રહ્યાં છે. આપણી નબરોળ અજ્ઞાનતાને કારણે જ સ્નેઈલ ડાર્ટર જેવી જ અનેક દુર્લભ જાતોનું વિલોપન થવા પામી રહ્યું છે. ફાધર સલ્દાન્હા (૧૯૭૯). આવા એક ઉદાહરણ તરફ આંગળી ચીંધે છે. વિશ્વભરમાં માત્ર શાર્વથિના ઘોઘના વિસ્તારમાં જ જણાતુ હળ્બારરડિયા હેપ્ટાન્યુરોન

(Hubbardia heptaneuron) પ્રકારનું ઘાસ હાલમાં શાર્વંથિ પરની પરિયોજનાને કારણે નામશેષ થયું છે.

પશ્ચિમ ઘાટની અન્ય એક ભયગ્રસ્ત જાતિ સિંહ-પૂછ મકાક પ્રકારના વાનરોની છે. વિશ્વમાં આ પ્રકારના વાનરોની માત્ર બે જ જીવનક્ષમ વસ્તી રહી છે. એક સાયલન્ટ વેલી ખાતે તથા અન્ય અગસ્ત્યમલાઈની ટોચ પાસે આવેલા મુંડાન્થુરાઈ-કાલાકાડ અભયારણ્ય ખાતે આ વાનરોનું અસ્તિત્વ કયુલેનિયા (Cullenia) પ્રકારનાં વૃક્ષો પર નિર્ભર છે. જો સાયલન્ટ વેલી ખાતેની જળવિદ્યુત પરિયોજના સાકાર થશે તો આ કયુલેનિયા વૃક્ષો હેઠળનો જંગલ વિસ્તાર ડૂબમાં જશે ને પરિણામસ્વરૂપ વાનરો પણ નેસ્તનાબૂદ થશે. તે જ પ્રમાણે મુંડાન્થુરાઈ-કાલાકાડ ખાતેની વાનરોની વસ્તી પણ તે વિસ્તારમાં તોળાઈ રહેલી કેટલીક પરિયોજના-ઓને કારણે ભયમાં છે. આપણા જ્ઞાન મુજબ ભવિષ્ય નવા ઉત્પરિવર્તકથી (Mutant) ફેલાઈ શકે એવો મસ્તિષ્ક સોજાના રોગચાળાનો સામનો કરવા માટેનો એકમાત્ર જૈવિક પદાર્થ આ વાનરોની સાથે આપણે ગુમાવીશું.

૫ તારણો

૫-૧ નિરંતર વિકાસ

પ્રારંભમાં આપણે ભારપૂર્વક દર્શાવ્યું છે તેમ આર્થિક વિકાસ છેવટે તો કુદરતી સંપત્તિઓના સઘન ઉપયોગ પર જ આધાર રાખે છે. આમ છતાં આ પ્રક્રિયા વિનિયોગમાં લેવાયેલ સંપત્તિના ઝડપી નિષ્કાસ-નમાં કે અન્ય સંપત્તિના વ્યર્થ વિનાશમાં ન પરિણમે તો જ સાર્થક વિકાસ સધાય. આનો સૂચિતાર્થ એમ કરી શકાય કે જળાશયોની દીર્ઘકાલીનતા અંગેની જાળવણી માટે આપણે યોગ્ય ધ્યાન આપવું જોઈએ અને જમીન, જંગલો તથા વન્ય જીવો જેવી અન્ય કુદરતી સંપત્તિઓ પર જળાશયોની રચનાને કારણે વિપરીત અસરો ન પડે તે પણ જોવું જોઈએ. પ્રકૃતિ સાથેની સંવાદિતા ટકાવી રાખતા તથા પર્યાવરણીય દૃષ્ટિકોણથી પણ સંગીન લેખી શકાય એવા વિકાસને જ સાર્થક અને સાચો કહી શકાય.

આ દૃષ્ટિકોણે મૂલવતાં આપણી હાલની વિકાસની તરાહ અનેક રીતે નિષ્ફળતા પામી છે. તો પછી આપણા દેશમાં હાલ પર્યંત આ નિષ્ફળતાઓ તરફ શાથી ખૂબ ઓછાનું ધ્યાન ખેંચાયું છે? લેખક માને છે કે શહેરી નિર્ણયકારો પ્રાકૃતિક સંપત્તિ પરની સીધી નિર્ભરતાથી અનેક તબક્કાઓ દૂર છે અને આથી તેઓ અસંતુલિત વિકાસ પ્રક્રિયાની તાત્કાલિક વિપરીત અસરોથી સુરક્ષિત છે. વિકાસની પ્રક્રિયાની આ તાત્કાલિક વિપરીત અસરોની હાનિ તો સ્થાનિક ખેડૂતો તથા આદિવાસીઓ ભોગવે છે જેઓ કુદરતી સંપત્તિ પર સીધી રીતે નિર્ભર છે. (બહુગુણા ૧૯૭૮, કાન્નન ૧૯૭૯, મિશ્રા તથા ત્રિપાઠી ૧૯૭૮).

પ્રથમ કિસ્સાના અભ્યાસમાં આનું સુંદર ઉદાહરણ સાંપડે છે. ઉપરવાસના વિસ્તારના વૃક્ષ આવરણના નિકંદનથી પૂનાના શહેરી સમાજને સસ્તો લાકડાનો કોલસો મળ્યો હોઈ તાત્કાલિક લાભ થયો. આમ છતાં, આવનારાં વર્ષોમાં આને કારણે જળાશયમાં થનારી કાંપની જમાવટને કારણે આ શહેરની વસ્તી તેની અસર અનુભવશે કેમ કે શહેરને પાણી ત્યાંથી જ પૂરું પડાય છે. જો કે આ અસર થોડાક દાયકાઓ બાદ અનુભવાશે. જ્યારે બીજી તરફ સ્થાનિક ખેડૂતોએ વિઘાતક અસરો ઝડપભેર અનુભવવા માંડી છે. એક તો તેમની પહાડના ઢાળની જમીનની ફળદ્રુપતામાં ઘટાડો નોંધાયો છે તો પોષકતત્ત્વ યુક્ત જંગલી પ્રાણીઓના ખોરાકની પ્રાપ્તિમાં પણ તેમને કઠિનાઈ વર્તાવા માંડી છે.

૫-૨ ભાવિ કાર્યક્રમો માટેનો દૃષ્ટિકોણ

પર્યાવરણીય દૃષ્ટિએ સંગીન વિકાસનો ખ્યાલ (Concept) વૈજ્ઞાનિક તથા પ્રૌદ્યોગિકીય પડકારો ખડા કરે છે. આપણા સમગ્ર વૈજ્ઞાનિક તથા પ્રૌદ્યોગિકીય તંત્રને આજે કેટલાક પ્રશ્નોના ઉકેલ માટે વાળવામાં આવ્યું છે. આ પ્રશ્નો છે : આવતાં પાંચ વર્ષોમાં આપણે ઉત્તર કાનારાની નદીઓમાંથી મહત્તમ શક્તિ કેવી રીતે

મેળવી શકીએ? આ પ્રશ્નને પણ અન્ય એક વિશિષ્ટ સમસ્યાથી અલાયદી રીતે મૂકવામાં આવ્યો છે: આવતાં પાંચ વર્ષોમાં આપણે ઉત્તર કાનારાનાં જંગલોમાંથી મહત્તમ પ્રમાણના કાગળનું ઉત્પાદન શી રીતે કરી શકીએ? અહીં આ દર્શાવવાનો હેતુ એ જ છે કે વૈજ્ઞાનિક તથા પ્રૌદ્યોગિકીય તંત્રે સાવ ભિન્ન સમસ્યા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જેમકે, ઉત્તર કાનારાના કુદરતી સંપત્તિના સમગ્ર પરિસરનો તે વિસ્તારના નબળા જૂથોના જીવન ધોરણમાં દીર્ઘ-મુદતી સુધારા માટે કઈ રીતે વિકાસ કરી શકાય? ને ત્યારે જ આપણે માત્ર કુદ્રેમુખ લોહ-ખનીજ સંકુલ માટે જરૂરી ઊર્જા અંગે જ ન વિચારતાં ઉત્તર કાનારાના લોકોની બળતણ-જરૂરિયાત વિશે પણ ધ્યાન રાખીશું, તો સાગર માર્ગની બાજુ પરનાં વૃક્ષોને કેમ પાડી નાંખ્યાં તે અંગે પણ વિચારીશું. કાગળના કારખાનાં માટે આ વિસ્તારના વાંસનો જથ્થો પૂરો થતાં બગેસ-શેરડીનો ફૂચો (bagasse)ના ઉત્પાદન તરફ વળવા પૂરતી જ વિચારણા ન કરતાં આપણે ઉત્તર કાનારાના ગ્રામીણ રહેઠાણો માટેની વાંસની જરૂરિયાત અંગે પણ વિચારીશું. ને ત્યારે આપણે કાલી જળવિદ્યુત પરિયોજનાના ઊર્જાપ્રદાન અંગેની ઝીણવટભરી યોજના કરવા જેટલું જ મહત્ત્વ સુપા બંધના નિર્વાસિતોના પુનઃવસવાટને પણ આપીશું. આ એક બીડું ઝડપવા યોગ્ય ઉત્તેજક વૈજ્ઞાનિક તથા પ્રૌદ્યોગિકીય પડકાર છે.

(અનુ. : કિરણ/સોનલ)

❁ ❁ ❁

'અર્થાત્'નું આપનું લવાજમ બાકી હોય તો તે, તેમ જ નવા વર્ષનું લવાજમ સત્વરે મોકલી આપવા વિનંતી.

લવાજમ ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મ. ઓ. દ્વારા જ મોકલશો. ચેકથી મોકલશો નહિ.

નર્મદા યોજના : પુનર્વસવાટના પ્રશ્નો : એક અવલોકન*

ગિરીશ પટેલ.

જ્યારે ગુજરાતના એક મોટા વાચાળ વર્ગે 'નર્મદા યોજના–સરદાર સરોવર'ને ગુજરાતને સતત અનાવૃષ્ટિ અને દુષ્કાળમાંથી કાયમ બચાવવા માટેના એક માત્ર ઉપાય અને તેથી 'ગુજરાતની જીવાદોરી' તરીકે ગણાવી સમગ્ર ગુજરાતમાં એકતરફી વિચાર વંટોળ ઊભો કર્યો હોય અને બીજી બાજુ ગુજરાતમાં તેમજ દેશભરમાંથી 'નર્મદા યોજના'ને 'માનવસર્જિત મોટામાં મોટી હોનારત' તરીકે ગણાવાતી હોય ત્યારે નર્મદા–યોજનાના વિવાદના કેન્દ્રમાં રહેલ વિસ્થાપન અને પુનર્વસવાટના પ્રશ્ન ઉપર લખાયેલ પુસ્તકની વૈજ્ઞાનિક અને સૈદ્ધાંતિક સમીક્ષા કરવાનું કાર્ય મુશ્કેલ છે અને તે પણ ખાસ કરીને મારા જેવી વ્યક્તિ માટે કે જે આ પ્રશ્ન સાથે છેલ્લાં બે વર્ષથી સંકળાયેલી છે અને યોજના વિશે એક ચોક્કસ મત ધરાવે છે. મારી સમીક્ષા વિશે આ જેટલું સાચું છે તેટલું જ વિદ્યુત જોષીના પુસ્તક 'નર્મદા–યોજના:–પુનર્વસવાટના પ્રશ્નો' વિશે સાચું છે. વિવાદમાં એક ચોક્કસ અભિપ્રાય અને મત સાથે અને ચોક્કસ ઉદ્દેશ સાથે લખાયેલું આ પુસ્તક પુનર્વસવાટના સેન્સિટિવ ક્ષેત્રે જે કંઈ પરિસ્થિતિ પ્રવર્તે છે તેનું 'નેક દિલ બયાન' આપવાના પોતાના હેતુમાં નિષ્ફળ નીવડયું છે અને થોડા ફકરા અને મંતવ્યો કાઢી નાંખો તો જાણે ગુજરાત સરકારે કે સરદાર સરોવર નર્મદા નિગમે લખ્યું હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઊપસી આવે છે. પરિણામે સમગ્ર દેશમાં અસંખ્ય યોજનાઓને કારણે વિસ્થાપિત થયેલા અને હજુ થનારા લાખો સામાન્ય માનવીઓના અને ખાસ કરીને આદિવાસીઓના વિસ્થાપનના કેન્દ્રમાં રહેલા મૂળભૂત પ્રશ્નો ઊભા કરવાની અને તેની ચર્ચા કરવાની તક લેખકે જવા દીધી છે.

સરદાર સરોવર યોજનાને કારણે ડૂબમાં જતાં ગુજરાતનાં ગામડાંઓમાં જાત રહી અભ્યાસ કરવાની તક મળવાથી લેખકને સારો એવો જાતઅનુભવ છે અને ખાસ કરીને જૂન–૧૯૮૭થી મે–૧૯૮૮ સુધી શ્રમિક વિકાસ સંસ્થાનમાં રહી આ ગામડાંઓમાં લેખકે કામ કર્યું છે તે પુસ્તકમાં આ બધાં ગામડાંઓની સામાજિક–આર્થિક પરિસ્થિતિના બયાનમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. દુઃખની વાત એ છે કે લેખકે ૧૯૮૮ના મે સુધી આ ગામોમાં કામ કર્યું છે અને આ પુસ્તકની પ્રસ્તાવના લેખકે ૩૦–૧૧–૮૮ના રોજ લખી છે. જ્યારે 'ગાંધી શ્રમ સંસ્થાન'ના મહાનિયામકે આમુખ ૮–૧૨–૮૮ના રોજ લખ્યો છે તો સ્વાભાવિક અપેક્ષા રાખી શકાય કે છેક નવેમ્બર–ડિસેમ્બર ૧૯૮૮ સુધી પુનર્વસવાટની સાચી પરિસ્થિતિનું વર્ણન લેખકે કર્યું હોત તો? પરંતુ પુનર્વસવાટના જે સાચા પ્રશ્નો છે તે અંગેની છેક છેવટની ચર્ચા લેખકે કરી નથી અને પુસ્તકના છેલ્લા ભાગમાં સામાન્ય કથનો (generalities) અને ઇચ્છિત–કાર્ય યોજના (intention-plans)થી લેખક આગળ વધી શક્યા નથી.

લેખકનો હેતુ

પ્રસ્તાવનામાં જ લેખકે નર્મદા યોજનાના સમગ્ર

.....

* નર્મદા યોજના : પુનર્વસવાટના પ્રશ્નો. લે. વિદ્યુત જોષી (ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ, ૧૯૮૮, પા. ૮૮, કિં. રૂ. ૧૫)

વિવાદમાં પોતે ક્યાં ઊભા છે તે સ્પષ્ટ કર્યું છે. 'મોટા બંધો અને પુનર્વસવાટ' એ બે પ્રશ્નોને અલગ પાડી શકાય અને યોગ્ય પ્રજામત જાગૃત કરી પુનર્વસવાટનું કાર્ય પાર પાડી શકાય' તે વિચાર ધરાવનારાઓમાં લેખક છે. લેખક પોતે નર્મદા યોજનાના સમર્થક છે અને તેથી તેઓ 'મોટા બંધોનો વિરોધ' અને 'પુનર્વસવાટની ચિંતા નહિ કરવી' એવાં બે મંતવ્યોની વચ્ચે પોતાનું ઉપર જણાવ્યા મુજબનું મંતવ્ય ધરાવે છે. આ વાત એટલા માટે સ્પષ્ટ થાય છે કે લેખક પોતે છેલ્લાં ચાર વર્ષના ગુજરાતના દુષ્કાળની પરિસ્થિતિનો જાત અનુભવ વર્ણવી જણાવે છે કે 'ડૂબમાં જતાં આદિવાસીઓના પુનર્વસવાટનું કાર્ય જેટલું જરૂરી છે તેટલું જ અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી પહોંચાડવાનું કામ અગત્યનું છે.' આ કથનનો બીજો ભાગ સ્વીકારીએ તો પણ તેમાંથી નર્મદા સાગરની હાલની સરકારી યોજના જ આ પ્રશ્નનો એકમાત્ર ઉકેલ છે તેવું ફલિત થતું નથી અને ફલિત થઈ શકે એમ પણ નથી. ગુજરાતના અનાવૃષ્ટિ અને દુષ્કાળની વાત કરી નર્મદા યોજનાની અનિવાર્યતા ઉપર છલાંગ મારી તેને બદલે ગુજરાતનો પાણીનો પ્રશ્ન કયા પ્રકારનો છે, નર્મદા યોજનાથી ખરેખર આ પ્રશ્ન કેટલો ઉકેલાશે, આ યોજનાના ઘણા સ્થાનિક વિકલ્પો હોઈ શકે, ગુજરાતના બીજા બંધોનો અનુભવ અને ખાસ કરીને ગુજરાત લોક સમિતિના પ્રમુખ શ્રી ચુનીભાઈ વૈદ્યે બનાસકાંઠાના દાંતીવાડા અને સીપુના બંધ વિષે જે લખ્યું છે તેનો ઉલ્લેખ લેખકે કર્યો હોત તો વધારે યોગ્ય ગણાત. ખાસ કરીને જ્યારે નર્મદા યોજના વિષે પણ લેખકે ૭૧ પાનાંના પુસ્તકમાં ૧૭ પાનાં ભર્યાં છે ત્યારે ગુજરાતમાં પાણી માટે વલખાં મારતા લોકો અને નર્મદા યોજના જેવી મોટા બંધોની યોજના અને તેનાથી સર્જાતા વિસ્થાપન અને પુનર્વસવાટના પ્રશ્નોને અલગ પાડવા—આ બન્ને વસ્તુમાં લેખકના પૂર્વગ્રહો અને અવૈજ્ઞાનિક દૃઢ માન્યતાઓ પાયામાં રહેલાં દેખાય છે અને તેથી જ આ પુસ્તક 'વિકાસ' 'વિકાસનો સ્વીકારાયેલો પંથ', ગરીબ પ્રજાની હાલાકી, પાણી વગેરે ઉપસ્થિત થતા પ્રશ્નો, વિસ્થાપન અને લાખો લોકોના જીવન જીવવાના અધિકારનું ઉલ્લંઘન વગેરેના કેન્દ્રમાં રહેલા પ્રશ્નોને સ્પર્શી શક્યું નથી. આ સવાલ વિશાળ છે અને તેની બીજે ચર્ચા થઈ શકે એમ કહી પુનર્વસવાટના પ્રશ્નના હાર્દને મારી નાંખવા દઈ શકાય નહિ.

પુસ્તક વિષે

પુસ્તકને કેટલાક સ્પષ્ટ વિભાગોમાં વહેંચી શકાય.

(૧) નર્મદા યોજના–સરદાર સરોવર વિષેનો ઇતિહાસ, વિગતો, ગુજરાત માટે મહત્ત્વ અને વિવાદાસ્પદ મુદ્દાઓ અને તેના જવાબો.

(૨) પુનર્વસવાટનો પ્રશ્ન–પુનર્વસવાટની નીતિ–ડૂબમાં જતાં ગામોનું વિશ્લેષણ, નીતિનો અમલ અને વ્યવહારો–ભલામણો.

નર્મદા યોજના વિષેની ચર્ચા

નર્મદા યોજના વિષેની ચર્ચા સામાન્ય કક્ષાની છે. નર્મદા નદી જ્યારે ત્રણ રાજ્યો–મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી પસાર થતી હોય ત્યારે આંતર–રાજ્ય વિવાદ અને ખેંચતાણ થાય એ તદ્દન સ્વાભાવિક છે. કારણ કે આ પ્રશ્નમાં રાજ્યની મિલ્કતનો પ્રશ્ન નથી, પરંતુ રાજ્યના લોકોના જીવન, સમાજ, સંસ્કૃતિ, આજીવિકા, વગેરેના પ્રશ્નો છે એટલે નર્મદા યોજનામાં કયા અવરોધો ઊભા થયા તેમ કહી જાણે બીજાં રાજ્યોએ જબરજસ્ત અવરોધો પેદા કર્યા હોય તેવી લાગણી આડકતરી રીતે જન્માવવી યોગ્ય નથી. સમગ્ર દુનિયામાં આંતરરાજ્ય કે આંતર-રાષ્ટ્રીય જળ વિવાદો રહ્યા છે. સમગ્ર વિવાદમાં માનવીય પ્રશ્નોને ભૂલી ના જઈએ તે જોવું જ રહ્યું. આ સમગ્ર વિવાદમાં ગુજરાતે ઊંચામાં ઊંચા બંધની જ વાત આગળ ધરી છે. જ્યારે બીજાં રાજ્યોએ એનો વિરોધ કરે રાખ્યો છે. પરિણામે નર્મદા ટ્રિબ્યુનલમાં કે તેની બહાર બંધની ઊંચાઈ, ડૂબમાં જતાં ગામો, જમીનો જંગલો, પાણીની વહેંચણી વગેરે પ્રશ્નો ઉપર જ ચર્ચા થઈ છે, દલીલો થઈ છે,

વિચારણા થઈ છે. નર્મદા યોજના જેવી વિશાળકાય યોજના વિષે સર્વાંગી અને સમગ્ર સમાજના હિતની દૃષ્ટિએ ચર્ચા કે અભ્યાસ થયા નથી, ટ્રીબ્યુનલના ચુકાદા પહેલાં, ચુકાદામાં તેમજ ચુકાદા પછી પણ. અને એટલે જ ટ્રીબ્યુનલનો ચુકાદો ટાંકીને આ યોજનાની ચર્ચા ઉપર પડદો પાડી શકાય નહિ.

નર્મદા યોજના-સરદાર સરોવર વિષેની વિગતો, તેનું મહત્ત્વ અને કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓ વિષેની ચર્ચા ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતાં નિવેદનો અને સરદાર સરોવર નિગમે બહાર પાડેલી પુસ્તિકાઓથી જરા પણ આગળ જતી નથી. પુસ્તક લખાયું તે વખતે ઉપસ્થિત થયેલા અથવા કરવામાં આવેલા મુદ્દાઓ વિષે થોડી ચર્ચા કરી હોત તો યોગ્ય થાત. જ્યારે લેખકે સરદાર સરોવર વિષે ૧૭ પાનાં ચર્ચા કરી છે ત્યારે કેટલાક મુદ્દાઓ વિષે ઉલ્લેખ કરવો અનુચિત નહિ ગણાય.

(૧) પાના ૬ ઉપર એકાંગી વિકાસની તરાહનો વિરોધ કરતા શોષિતોને પક્ષે બોલનારાં બિનસરકારી સંગઠનોના ૧૯૮૦ પછીના ઉદ્ભવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ લોકોએ તેમજ બીજા વૈજ્ઞાનિકોએ ઊભા કરેલ મુદ્દાઓ પર વિચારણા કરવાની સરકારને ફરજ પડી હતી. અને છેક ૧૯૮૭ સુધી ભારત સરકારની મંજૂરી મળી ન હતી. આ મુદ્દાઓનો સંતોષકારક જવાબ ન તો ગુજરાત સરકાર આપી શકે એમ હતી કે ન તો મધ્ય પ્રદેશની સરકાર. કયા રાજકીય બદ દબાણોને ધ્યાનમાં રાખીને ભારત સરકારના પર્યાવરણ અને જંગલ ખાતાંઓ તરફથી ૧૯૮૭માં મંજૂરી આપવામાં આવી તેની ચર્ચા અથવા ઓછામાં ઓછું તેનો ઉલ્લેખ કરવો જરૂરી હતો.

(૨) લેખકે સરદાર સરોવર વિષે ઊભા કરાયેલા મુદ્દાઓનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે અને સરકારના (Intention plans)નો ઉલ્લેખ કરી આવા પ્રશ્નો ઉકેલાઈ જશે અથવા ઊભા થશે નહિ તેમ જણાવ્યું છે ત્યારે એક મૂળભૂત પ્રશ્ન પૂછી શકાય: ૧૯૮૭માં ભારત સરકારે જ મંજૂરી આપી છે તેની શરતોનું શું ? જે પ્રશ્નો પતી જશે એમ કહેવાય છે તે પ્રશ્નોના પૂરા અને વિગતવાર અભ્યાસો પણ પૂરા થયા ન હોય તો શું ? ૧૯૮૭ના જૂનનું મંજૂરી પત્ર જણાવે છે કે યોજનાના સત્તાવાળાઓ પાસેથી નીચેના વિષયોની વિગતો માંગવામાં આવી હતી :

(૧) પુનઃવસવાટનો માસ્ટર પ્લાન
(૨) સ્રાવ વિસ્તારના ટ્રીટમેન્ટની વિગતવાર યોજના
(૩) વૈકલ્પિક વનીકરણની યોજના
(૪) લાભદાયી વિસ્તારનો વિકાસ
(૫) વન્ય સૃષ્ટિનો સર્વે
(૬) આજુબાજુના વિસ્તારની ધરણશક્તિ
(૭) ધરતીકંપ અંગેની શક્યતાઓ
(૮) આરોગ્ય સામેના ભય.

'આ બધા વિષેના વિગતવાર, પાયાના અભ્યાસ હજી અધૂરા છે. માત્ર પ્રાથમિક માહિતી આપવામાં આવી છે. આ બધા વિષેની સંપૂર્ણ વિગતો ૧૯૮૮-૮૯ સુધીમાં પૂરી પાડવામાં આવશે એવી ખાતરી આપવામાં આવી છે' આ જ શરતોનું પુનઃઉચ્ચારણ ૧૯૮૮ની ૫ ઓકટોબરે પ્લાનીંગ કમિશને આપેલી મંજૂરીમાં કરવામાં આવ્યું છે. પાછા ન જઈ શકાય એવા ઘેરાં પરિણામોવાળી યોજના શરૂ કરતાં પહેલાંની પૂર્વશરત જેવા આ અભ્યાસો હજી આજે પણ બાકી હોય તો તે વિશે લેખકને શું કહેવું છે ?

(૩) ૧૯૮૮માં ૨૫૦થી પણ વધારે ભારતભરના જાણીતા અને લબ્ધપ્રતિષ્ઠ વૈજ્ઞાનિકો, પર્યાવરણશાસ્ત્રીઓ, ન્યાયવિદો, વહીવટકર્તાઓ, લોકસેવકોએ વડાપ્રધાનને જે મેમોરન્ડમ આપ્યું હતું તેમાં ઊભા કરવામાં આવેલા મુદ્દાઓનો ઉલ્લેખ શું જરૂરી ન હતો ?

(૪) ગુજરાતના પાણીનો પ્રશ્ન સમગ્ર પાણીની કાર્યક્ષમ, અસરકારક, વૈજ્ઞાનિક અને સૂત્ર ભરેલી વ્યવસ્થા અને સંચાલનનો છે. ત્રમે ત્યાંથી ત્રમે તે

રીતે પાણી મેળવી ખેડૂતોને ત્રણ પાક લેતા કરવાનો છે એમ કહી લેખક સીધી માન્યતા ઉપર આવી જાય છે કે સરદાર સરોવર કે નર્મદા યોજના વિશે ચર્ચા કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. સરદાર સરોવરમાંથી ઉપસ્થિત થનારા ગંભીર પ્રશ્નોને બાજુમાં રાખીએ તો પણ પાણી કોને અને કયા વિસ્તારોને મળશે, આ વિસ્તારોની બીજા વિસ્તારોની સરખામણીએ પાણીની બાબતમાં કઈ સ્થિતિ છે, સૌરાષ્ટ્રના ૭/૮ ભાગને આ પાણી મળવાનું નથી, કચ્છની સાંકડી પટ્ટીને જ પાણી મળશે, કયા પાકો લેવાશે, પાણી મળશે એટલે ત્રણ પાકો લેવાશે તેવી માત્ર માન્યતા, સિંચાઈના પાણીના ઉપયોગનું પ્રમાણ, ભારે ખર્ચનો બોજ, બીજી સ્થાનિક યોજનાઓ પ્રત્યે નિરસતા વગેરે અનેક પ્રશ્નની ચર્ચા કરવી લેખકની નૈતિક જવાબદારી હતી, જ્યારે થોડાં જ વાક્યોમાં નર્મદા યોજના સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી તેવો પોતાનો મત સનાતન સત્ય તરીકે રજૂ કરતા હોય.

(૫) મોટા બંધોમાંથી સર્જાતી હાનિકારક અસરોનો લેખક ઉલ્લેખ કરે છે, પરંતુ નર્મદા યોજનામાં એવું નહિ થાય તેમ લેખક કહી નાખે છે, 'કારણ કે આ મુદ્દાઓનું બરાબર ધ્યાન રાખવામાં આવ્યું છે અને બધા અભ્યાસો થઈ ચૂક્યા છે.' જ્યારે ભારત સરકારની અને પ્લાનીંગ કમિશનની શરતી મંજૂરીઓની શરતો વાંચીએ અને હજુ હમણાં નર્મદા વિસ્તારની ભૂકંપની શક્યતાઓ તપાસવા આંતરરાષ્ટ્રીય મદદ મળી છે તે જાતનો પાર્લામેન્ટમાં અપાયેલો કેન્દ્રીય પ્રધાનનો જવાબ વાંચીએ તો લેખકનાં આ કથનો સત્યથી કેટલાં વેગળાં છે તે લાગ્યા વગર નહિ રહે.

(૬) નર્મદા યોજનાના લાભાલાભનો હિસાબ બદલાઈ ચૂક્યો છે. પ્લાનીંગ કમિશને લગભગ ૬,૦૦૦ કરોડ ઉપરના ખર્ચના હિસાબે મંજૂરી આપી છે જ્યારે ખરેખર ખર્ચ ૧૩,૫૦૦ કરોડ રૂપિયા થશે. નર્મદા નદીના પાણીના પ્રવાહમાં ઘટાડો થયો છે, મધ્ય પ્રદેશનો ઇન્દિરા સાગર થશે નહિ તેથી સરદાર સરોવર ઉપર થનારી અસર, એક વખત નહેરોમાં પાણી આવશે પછી માતબર ખેડૂતો ઉપર પાણીનું નિયંત્રણ કરવાની કોની તાકાત છે તે પ્રશ્ન, ભૂતકાળનો અનુભવ અને એની એ જ શાસનપદ્ધતિ અને અમલદારશાહી, કચ્છમાં વૈકલ્પિક વનીકરણની અશક્યતા, આ બધા પ્રશ્નો તરફ લેખક કેવી રીતે આંખમીંચામણાં કરી શકે?

અને આથી જ નર્મદા યોજનાનો વિરોધ કરનારાનો વિરોધ 'કાગળ ઉપર આયોજન સરસ થયું છે, પરંતુ અમલ સારો નહિ થાય' તે પૂરતો નથી. 'બધા વિવાદાસ્પદ મુદ્દાઓના તલસ્પર્શી અભ્યાસો થયા છે' એવા લેખકના પાના ૧૭ ઉપરના કથનની સત્યતાને જ તેઓ પડકારે છે. આ 'તલસ્પર્શી અભ્યાસો કયા છે? અને હોય તો ભારત સરકારે અને પ્લાનિંગ કમિશને શા માટે આ અભ્યાસો પૂર્ણ કરવાની શરતો મૂકી છે?'

પુનઃવસવાટનો પ્રશ્ન

લેખકે લગભગ ૫૦ પાનાંમાં નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનઃવસવાટના પ્રશ્નોની ચર્ચા કરી છે. સૈદ્ધાંતિક રીતે મહદઅંશે લેખકે આ પ્રશ્નની સાચી રીતે માનવીય પ્રશ્ન તરીકે ચર્ચા કરી છે અને પુનઃવસવાટના ઘણા પેચીદા પ્રશ્નો ઉપર મહત્ત્વનાં સૂચનો કર્યાં છે.

આ વિભાગનો સૌથી સારો ભાગ એ ડૂબમાં જતાં ગામોની આર્થિક-સામાજિક સ્થિતિ અને નેતાગીરીની ચર્ચા લેખકે જાતઅભ્યાસથી કરી છે તે છે. આ ગામોને ત્રણ વિભાગમાં વહેંચી નાંખ્યાં છે.

(૧) રોક હીલ કાઈકસનાં ગામો જેમાં નવાગામ, લીમડી, ખલવાણી, પાંચમૂળા અને ઝેર ગામોનો સમાવેશ થાય.

(૨) નર્મદા બંધની નજીકનાં ગામો જેવાં કે વડગામ, સુરપાણ, મોખડી, ઉપલું ગધેર, ભૂમચિયા, કાટખડી અને માકડખેડા.

(૩) અંદરનાં ગામો જેવાં કે ધુમણા, અંગાસ, છારાબારા, કડાધા અને ફેરકડા (નસવાડી તાલુકો)

અને તુરખેડા, ડારુ, અને પંઢેરિયા (છોટા ઉદેપુર તાલુકો).

ત્રણ વિભાગોનાં ગામોની જમીન માલિકી, જમીન-વિહોણા મજૂરો, બીજાં સાધનો, આધુનિક સગવડો જુદી જુદી ન્યાતો અને તેમના સંબંધો, નેતાગીરી વગેરેની સારી એવી ચર્ચા લેખકે કરી છે. લેખકે એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે દરેક ગામમાં એક એકમ નથી, તેમાં વિભિન્નતા છે, અસમાનતા છે. અભિગમોમાં અને વલણોમાં ફેર છે, નેતાગીરી સર્વસંમત નથી વગેરે. આ ચિત્ર વાસ્તવિક છે, છતાં બિનઆદિવાસી ગામોની સરખામણીમાં આદિવાસી ગામોમાં એકસૂત્રતા, સામુદાયિકતા, પરંપરાવલંબન, વગેરે વધારે જોવા મળે છે તે પણ એટલું જ સાચું છે. એટલે પુનઃવસવાટના પ્રશ્નને જેમ આ વિવિધતા અને ભિન્નતા ધ્યાનમાં રાખવી જરૂરી છે, તેમ આદિવાસી ગામોની સમગ્ર દૃષ્ટિએ આગળ વધતા બાકીના સમાજના સંદર્ભમાં જે પરિસ્થિતિ છે તેને ભૂલી શકો નહિ. બન્ને બાજુ જોખમ છે. લેખકે જે વાત પર પ્રકાશ ફેંક્યો છે તેના ઉપર વધારે પડતું ધ્યાન આપવામાં આવે તો પુનર્વસવાટના અને ખાસ કરીને આદિવાસી ગામના પુનર્વસવાટના મૂળભૂત સિદ્ધાંતોનો ભોગ લેવાય અને પરિણામે તેમને નુકસાન થાય.

લેખકે ડૂબમાં જતાં ગામોનું બયાન આપ્યું છે અને આદિવાસી ગામો વિષે કેટલીક માન્યતાઓ પ્રવર્તે છે તેને પડકારી છે, પરંતુ આ ચર્ચા અધૂરી લાગે છે. કારણ કે આ ગામોની વિશેષતાઓ, ભિન્નતાઓ પુનર્વસવાટની નીતિ ઘડવામાં ધ્યાનમાં રાખવી જોઈએ એટલું કહેવું પૂરતું નથી. કઈ રીતે ધ્યાનમાં લેવાવી જોઈએ? આ સાચી પરિસ્થિતિ અનુરૂપ કેવી નીતિ હોવી જોઈએ? એની ચર્ચા લેખકે કરી નથી તેમજ છેક ૧૯૮૮ના ડિસેમ્બરમાં લખાયેલા પુસ્તકમાં ગામોની આ પરિસ્થિતિ પુનર્વસવાટના અમલમાં કેવી રીતે પ્રતિબિંબ પાડે છે તે દેખાતું નથી. આ વર્ણનનો ઉપયોગ આદિવાસી ગામડાંઓને વેરવિખેર કરી નાખવામાં થવાનો હોય તો તે અન્યાયી, અયોગ્ય અને આદિવાસી વિકાસનો વિરોધી ગણાશે.

'મોટા બંધો અને ડૂબાણ' વિષે ચર્ચા કરતા લેખક નર્મદા યોજનાની ગમે તેમ તરફદારી કરવી તેવા વલણ તરફ ખેંચાઈ જાય છે અને અનેક પાસાંઓ પ્રત્યે દુર્લક્ષ બતાવે છે. વિસ્થાપિતોની સંખ્યા આજે ૬૬,૫૯૩ નથી રહી, પરંતુ એક લાખથી ઉપર પહોંચી ગઈ છે. ડૂબમાં જનાર જમીન-જંગલ પણ ૮૬,૦૮૮ એકર નથી. સરદાર સરોવરના ઉપયોગ માટે નર્મદા સાગરનું ૩/૪ ભાગ પાણી વપરાવવાનું છે અને તેથી બન્ને સરોવરને કારણે ડૂબમાં જનારાં જમીન-જંગલો તેમ જ વિસ્થાપિતોની સંખ્યા ધ્યાનમાં લેવાય તે વધારે સાચું અને યોગ્ય ગણાશે. આ વિસ્થાપિતોમાં કેવડિયા, ગોરા વગેરે ૧૯૬૧-૬૨માં ખાલી કરાયેલાં ૬ ગામડાંના આદિવાસીઓ, પાણીથી જેઓ ઘેરાઈ જશે તે લોકો, લાંબામાં લાંબી નહેરના કારણે જેમની જમીન જતી રહેશે તે લોકો, વનીકરણ અને અભયારણ્યને કારણે જેઓ જમીન ગુમાવશે તે લોકો, જે જમીનો ઉપર વિસ્થાપિતોને વસાવવાની યોજના છે તે જમીનો ઉપર કામ કરતા ભાગિયા કે ખેતમજૂરો વગેરેની ગણતરી કરવામાં આવી નથી. જ્યારે કોના માટે અને કોના ભોગે એ સવાલ મહત્ત્વનો અને કેન્દ્રવર્તી હતો ત્યારે આ ભૂલ 'ક્ષમ્ય ન ગણાય.'

બીજા બંધોથી વધારે જમીનો ડૂબી ગઈ છે અને વધારે વિસ્થાપિતો થયા છે ત્યારે વિરોધ કેમ ન થયો તેવો પ્રશ્ન પૂછનાર લેખક માટે આખા દેશમાં છેલ્લાં વીસ વર્ષમાં આવી 'વિકાસની' યોજનાઓ સામે જે આંદોલનો ચાલ્યાં છે અને આજે પણ ચાલી રહ્યાં છે તે તરફ અંગૂલીનિર્દેશ પણ ન કરવો એ કેટલે અંશે સત્યનો આગ્રહ ગણાય?

લેખક વિકલ્પની વાત કરે છે તો પ્રશ્ન પૂછી શકાય, ૩૬૦ થી વધુ ઊંચાઈવાળા બંધથી જ સૌરાષ્ટ્ર અને કચ્છને પાણી પહોંચાડી શકાય તેમ જ્યારે લેખક કહે છે ત્યારે બંધની ઊંચાઈ ૪૬૦ ફૂટની

શા માટે રખાય છે? ૩૬૦ (૩૬૦ ફૂટ) અને ૪૬૦ ફૂટ વચ્ચે તો ઘણી વૈકલ્પિક યોજના હોઈ શકે જેનાથી આજનું નુકસાન સારા એવા પ્રમાણમાં ઓછું કરી શકાય. પર્યાવરણ વિભાગની પોતાની નોંધ આ પ્રમાણે છે. બીજું શું સાચા અને યોગ્ય વિકલ્પની ચર્ચા તથા વિચાર જેમનો ભોગ લેવાનો છે એ માનવીઓને કેન્દ્રમાં રાખીને અને તેમના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને થયો છે ખરો? લેખક માને છે કે નર્મદા યોજના થવી જ જોઈએ એટલે વિસ્થાપન થાય જ અને તેથી જ પુનર્વસવાટનો વિચાર કરો. આ એક મત હોઈ શકે. બીજી બાજુ ૧ લાખથી વધારે આદિવાસીઓ અને અન્ય સામાન્ય પ્રજાનો જીવન જીવવાનો મૂળભૂત અધિકાર ઝૂંટવાતો હોય ત્યારે 'વિસ્થાપન ના જોઈએ, આ માનવીઓની આજુબાજુ કુદરતી સાધનોનો એવો સમગ્ર ઉપયોગ કરો જેથી તેમના વિકાસ સાથે બીજાનો પણ વિકાસ થઈ શકે' એવો વિચાર કરીએ તો અનેક પ્રજાલક્ષી અને સ્થાનિક પ્રજાને કેન્દ્રમાં રાખનારી યોજનાઓ વિચારી શકાય. પરંતુ છેલ્લાં ૪૦ વર્ષોમાં ઝડપથી કહેવાતા–આધુનિકીકરણની દોડમાં સામાન્ય પ્રજા, તેમનાં ટૂંકાટચ સાધનો, તેમનો અને કુદરતી સાધનો વચ્ચેનો સંબંધ, તેમના વિકાસની તક અને શક્યતા વગેરે પ્રત્યે ધ્યાન કોઈએ આપ્યું છે ખરું? પહેલા મોટા ઉદ્યોગો નાંખો–પરિણામોની પાછળથી ચિંતા કરીશું. પહેલા મહાકાય બંધ બનાવો–પાણીનો લાભ મેળવનારાઓ અને વિસ્થાપિતોની ચિંતા પછી કરીશું. તેના માટે બીજી ભવ્ય યોજના બનાવીશું–આ કહેવાતા વિકાસની ગડમાળા ઉપર ૧૯૮૮માં લખાયેલા સમાજશાસ્ત્રી લેખક પાસેથી થોડા વિચારોની અપેક્ષા રાખવી એ શું વધારે પડતું ગણાય?

પુનર્વસવાટની નીતિ

લેખકે પુનર્વસવાટની નીતિના વિકાસનો ઈતિહાસ ઠીકઠીક આપ્યો છે. અને આખા દેશમાં એક ચોક્કસ પુનર્વસવાટની રાષ્ટ્રીય નીતિ હોવી જોઈએ તેનો આગ્રહ યોગ્ય રીતે રાખ્યો છે. સરદાર સરોવરના વિસ્થાપિતો માટેની પુનર્વસવાટની નીતિના વિકાસમાં ગુજરાત સરકારની આડાઈ, બેબોલપણું, બેવડાં વલણો, શરૂના અમાનવીય વ્યવહારો, કોન્ટ્રાકટરોની દાદાગીરી, અમલદારશાહી, છેતરામણી વગેરે જેનો ઉલ્લેખ છાત્ર સંઘર્ષ વાહિનીની પુસ્તિકામાં થયો છે તેનો ઉલ્લેખ લેખકે કર્યો હોત તો યોગ્ય ગણાત. આ નીતિના ઘડતરમાં કોઈ સરકારની નિષ્ઠા કે સંવેદનશીલતા દેખાતી નથી બલ્કે અસરગ્રસ્ત લોકો અને તેમની સ્વૈચ્છિક સંસ્થાઓએ છેલ્લાં ઘણાં વર્ષોથી જે લડત આપી છે તેનો ફાળો છે જેના પર ભાર મુકાયો હોત તો ઉચિત ગણાતું, જેથી ભવિષ્યમાં કઈ દિશામાં આગળ જવાય તેનો માર્ગ ચીંધી શકાય.

આ નીતિની ચર્ચા કરતાં લેખક લખે છે કે 'ગરીબ અને નિરક્ષર આદિવાસીઓ મુક્તબજારનાં પરિબળો સામે ટકી રહીને પોતાનો પુનર્વસવાટ જાતે કરી શકતા નથી' અને 'અહીં તો વિકાસના લાભોથી દૂર વસતા ગરીબ–નિરક્ષર આદિવાસીઓ માત્ર તેમની જમીનો કે ઘરોથી જ નહિ તેમની રોજગારી, પર્યાવરણ અને સામાજિક માળખામાંથી પણ વંચિત થતા હતા.' આ કથન તદ્દન સાચું છે તો પછી લેખકે પુનર્વસવાટની નીતિ, અમલ અને વ્યવહારો (અત્યાર સુધીના) આ દૃષ્ટિથી તપસ્યા છે ખરા? ખાનગી જમીન ખરીદવા રોજ રોજ દૂર દૂર જમીન શોધવા જતા વડગામ, ગઘેર વગેરે ગામોના આદિવાસીઓનું શું? જમીનોના કહેવાતા મુક્ત બજારનાં બળો સામે આદિવાસીઓ તો શું, બજાર સમિતિના રાજકારણીઓ, સરકારી સમાજસેવકો અને ખુદ સરકાર કેટલો સામનો કરી શકશે? પર્વેટા, સુખા, જમગઢ વગેરે નવા વસાયેલા વસવાટોમાં રહેતા વિસ્થાપિતોને મુક્ત બજાર અને નાણાંકીય અર્થ વ્યવસ્થાઓ ઉપર આધાર રાખતા કરી નાંખવાથી તેમની શી દશા થઈ રહી છે તે અંગેના સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના અહેવાલો અને મુંબઈના ટાટા-ઈન્સ્ટિટ્યુટના અહેવાલનો વિગતવાર ઉલ્લેખ કરવાની જવાબદારીમાંથી લેખક કેવી રીતે છટકી જઈ શકે? કયા નક્કર આધારે લેખક સરદાર–સરોવર યોજના

ખાતેની પુનર્વસવાટની નીતિને' ત્રીજા વિશ્વની સૌથી વધુ ઉદાર (લિબરલ) પુનર્વસવાટ નીતિ' ગણાવે છે? એક બાજુ લેખક જણાવે છે કે પુનર્વસવાટ માટે રૂ. ૩૧૬ કરોડના ખર્ચની જોગવાઈ છે તો બીજી બાજુ શ્રી સનત મહેતા ૬૦૦ કરોડ રૂપિયાની વાતો કરે છે. કોને સાચા માનવા?

ડૂબમાં જતાં ગામોની ચર્ચા કરતા લેખક વારંવાર જમીન વેચનારા જમીન માલિકોની લાલ ઉડાવવાની વૃત્તિની વાત કરે છે. હજુ આજે ચારે બાજુ આ ચાલી રહ્યું છે અને જમીનના ભાવો વધારતા જાય છે. અરે ખુદ એકજ જગ્યાયે નહેર માટેની જમીન ત્રણ-થી ચાર હજારમાં સરકાર લે અને તેની નજીકની વધારાની જમીનના ખાનગી ખેડૂત ૧૦ થી ૨૦ હજાર માંગે આ કયાંનો સામાજિક ન્યાય? આ લૂંટને કઈ સમાજવાદી સરકાર ચલાવી શકે?

લેખક સરપંચો અને નેતાઓનાં ભિન્ન હિતોની વાત કરે છે અને ઘણી જગ્યાયે સામાન્ય લોકો બીજી રીતે વિચાર છે એની સભાનતા હોવા છતાં હજુ આજે પણ વિસ્થાપિતો અને પુનઃવસવાટનો પ્રશ્ન હલ કરવા સરકાર, નિગમ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને દરબારી લોક સેવકો આજ સરપંચો અને નેતાઓનો ઉપયોગ કે ગેરઉપયોગ કરે છે તે વિષે લેખક છેક ડિસેમ્બર ૧૯૮૮માં ચૂપ રહે છે.

ભારતમાં વિકાસ યોજનાઓ, તેનાથી સર્જાતા વિસ્થાપિતો–ખાસ કરીને આદિવાસીઓ અને પુનર્વસવાટ આ ત્રણે પાસાંઓને દેશનાં ૪૦ વર્ષના ઈતિહાસ અને અનુભવને આધારે અને ભારતના બંધારણે પ્રબોધેલાં મૂલ્યોના માળખામાં રહીને આ યોજનાથી ઉદ્ભવતા વિસ્થાપિતો અને પુનર્વસવાટને કેવી રીતે જોવા જોઈએ તેની ચર્ચા લેખકે કરી હોત તો મૂલ્યાંકન સહેલુ અને વ્યાજબી થાત. વિસ્થાપિતો-નો પ્રશ્ન એ માત્ર અર્થશાસ્ત્રીઓ, રાજકારણીઓ, વૈજ્ઞાનિકો, ઈજનેરો કે નાણાસંસ્થાઓ કે વહીવટદારો પૂરતો રહ્યો નથી. આ પ્રશ્નના અંતરમાં તેના ઢાંચ-રૂપ પ્રશ્ન છે તેમના માનવ અધિકારોનો, જીવન જીવ-વાના અધિકારનો, રાષ્ટ્રીય સાધનો ઉપરની પ્રાપ્યતા અંકુશ અને ઉપયોગનો, ભાગીદારીનો, ન્યાયી વહેંચણીનો, બંધારણીય અને આંતરરાષ્ટ્રીય કાયદાનો અને તેથી લેખક આ ગંભીર અને મહત્વના પ્રશ્નના હાર્દ સુધી પહોંચી શક્યા નથી.

આજની પરિસ્થિતિ

છેક ૧૯૮૮ના ડિસેમ્બરમાં લખાયેલા પુસ્તકમાં આજે શું થવું જોઈએ વગેરેની ચર્ચા લેખકે કરી છે, પરંતુ નક્કર હકીકતો ઉપર આધાર રાખીને સરદાર સરોવરનાં ડૂબમાં જનારાં ગામોમાં પહેલા ખસેડાયેલાં ગામો, અત્યારે જ્યાં આ પ્રવૃત્તિ ચાલે છે તે ગામો, પુનર્વાસિત ગામો વગેરે ધરતી પર પગ ટેકવી ચર્ચા અને વિશ્લેષણ કર્યાં હોત તો યોગ્ય ગણાત. આજદિન સુધીનો અનુભવ એટલો પૂરતો છે કે જેથી કોઈપણ સામાન્ય રીઝનેબલ માણસ એ નિર્ણય ઉપર આવી શકે કે ત્રણ રાજ્યોના વિસ્થાપિતોનો ન્યાયી અને યોગ્ય નીતિ અનુસાર પુનર્વસવાટ શક્ય નથી. અહીં લાંબી ચર્ચા શક્ય નથી. કેટલાક મુદ્દાઓ જ લઈએ.

(૧) કેવડિયા, ગોરા, કોઠી વગેરે ૬ ગામોના ૨૦૦૦થી વધારે આદિવાસીઓની અવદશા તરફ દૃષ્ટિ-પાત કરવો જરૂરી છે. એમના કંગાલ જીવનની નજીકમાં કરોડો રૂપિયાની કેવડિયા કોલોની શું પુરવાર કરે છે તે પ્રશ્ન પૂછવાની જરૂર લાગે છે?

(૨) પહેલા પાંચ ગામોના પુનર્વસવાટનું કામ લગભગ થઈ ચૂક્યું છે. એવું લેખકનું કથન સત્યથી કેટલું વેગળું છે તે તો સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના છેક ૧૯૮૯ સુધીના અહેવાલો વાંચવાથી ખાત્રી થશે. આ બધાને હજુ પાંચ એકર જમીન મળી નથી, જે જમીન મળી તેના ઉપર બોજા હતા, મળેલી જમીન ફરીવાર નહેર માટે જતી રહેશે, ગોચર અને પાણીનો પ્રશ્ન હજુ ઊભો છે, સામુદાયિક સેવાઓ કેટલીક ભોગવી શકે છે તે શંકાસ્પદ છે વગેરે અનેક બાબતો ઉપર લેખક વાચકોને કહી શક્યા હોત.

(૩) મહારાષ્ટ્રમાંથી આવેલા વિસ્થાપિતોના નવા વસવાટ પર્વેટા ગામનું બયાન આપ્યું હોત તો યથાર્થ ગણાત. મુંબઈની સમાજ સંશોધન સંસ્થા (મોનીટરીંગ એજન્સી) એ આપેલા અહેવાલોના ઉલ્લેખ લેખક કેમ ભૂલી ગયા? નાણાંકીય અવ્યવસ્થામાં આદિવાસીઓને એકદમ ધકેલી દેવાના શું પરિણામ આવે છે તેનો ખ્યાલ તો ત્યાંના વિસ્થાપિતોએ જ્યારે જવાબ આપ્યો કે આવતી સાલ અમારે ભરૂચ કે સુરત મજૂરીએ જવું પડશે ત્યારે આવ્યો.

(૪) ત્રણે રાજ્યોમાં ડૂબમાં જનારાં ગામોની સંખ્યા અસરગ્રસ્ત કુટુંબો અને તેની સંપૂર્ણ માહિતી બદલાતી રહે છે તેમ જ કેટલી જમીન જોઈશે તેનો અંદાજ બદલાતો રહે છે. ત્યાં અસરગ્રસ્તોની ન્યાયી વ્યાખ્યાનો પ્રશ્ન હજુ આજે પણ ઊભો છે.

(૫) ત્રણે રાજ્યોના વિસ્થાપિતોનો પ્રશ્ન એક જ છે તેની ચિંતા લેખકે કરી નથી. જમીનમાલિકો પાસેથી ખાનગી રાહે જમીનો વેચાણ લેવા માટેની જવાબદારી વિસ્થાપિતો ઉપર છોડી દીધી છે તે પુનર્વસવાટના મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે એક તરફ આદિવાસીઓને જમીન માટે રખડતા બનાવી દેવા, મોટા ખેડૂતો અને જમીનમાલિકો આગળ લૈબાપા કરાવવા, જમીનનો સોદો ના થાય તો ફરીવાર જમીન શોધવા જવું, મોં માગ્યા ભાવ આ જમીન માલિકો માંગે, સમગ્ર આદિવાસી ગામડાં ભાંગી જાય અને અલગ અલગ વહેંચાઈ જાય, તેમની નવી જગ્યાએ સંખ્યા ઓછી થાય એટલે સામાજિક સવલતોથી વંચિત રહી જાય, આ પ્રશ્નોની ચર્ચા લેખકે જાણીબૂઝીને કરી નથી.

(૬) '૧૮ વર્ષ ઉપરની દરેક વ્યક્તિને જમીન મળી. ખેતમજૂર કે ગોવાળને પણ મળી'. આ માહિતી લેખક ક્યાંથી લાવ્યા? ૧૮ વર્ષની ઉંમર ક્યારે નક્કી કરવી એ વિવાદસ્પદ પ્રશ્ન છે. ખેતમજૂરોને જમીન મળી તેવી સનત મહેતા અને ગુજરાત સરકારની જાહેરાતો પછી તપાસ કરતાં માલૂમ પડ્યું કે જમીન મળવાની વાત થઈ છે. કશું નક્કર થયું નથી. 'મેં જે નવસ્થાપિત આદિવાસીઓની મુલાકાત લીધી તે બધાનું કહેવું હતું કે નવી જગ્યાએ આર્થિક હાડમારી ઓછી પડે છે' એ પ્રકારનો લેખકનો અનુભવ એક પક્ષીય અને પ્રચારાત્મક છે. મોનીટરીંગ એજન્સીઓના અહેવાલો તેનાથી વિરુદ્ધનું જ કહે છે.

(૭) 'સામાજિક સાંસ્કૃતિક વિચારણા' અને 'સંસ્થાકીય વ્યવસ્થા' વિષે લેખકનાં મંતવ્યોની સાથે મોનીટરીંગ એજન્સીઓના અહેવાલો ટાંક્યા હોત, તો સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવત. સંસ્થાકીય વ્યવસ્થા કેવી છે, લોકો સાથેનો વ્યવહાર કેવો છે, મોનીટરીંગ સંસ્થાઓએ માંગેલી માહિતી કેટલી ઉપલબ્ધ થઈ છે તે તો તેમના અહેવાલો વાંચવાથી ખ્યાલ આવશે અને કેવડીયાની મુખ્ય ઈજનેરની ઓફિસ આગળ ઊભા રહો ત્યારે ખ્યાલ આવે.

(૮) ગુજરાતમાં બંધનો વિરોધ કરનારી કોઈ સ્વૈચ્છિક સંસ્થા નથી એમ લેખકનું કહેવું અસત્ય છે. મોટા બંધોનો વિરોધ, વિસ્થાપિતોના પ્રશ્ન અને આર્થિક-સામાજિક ન્યાયના અને યોગ્ય માનવીય વિકાસમાંથી ઉદભવેલો છે. તેમને માત્ર પર્યાવરણવાદીઓ કહેવા યોગ્ય નથી. હકીકતમાં તેઓ માનવવાદીઓ માનવઅધિકારવાદીઓ છે એમ કહેવું વધારે ઉચિત ગણાશે.

(૯) અમલમાં લોકોની ભાગીદારી કેટલી છે તે તો 'જાણવાના લોકોના અધિકાર' (Right to Know) પ્રત્યે ગુજરાત સરકારનો શો અભિગમ રહ્યો છે તેની તપાસ કરાવવાથી માલૂમ પડશે. 'પુનર્વસવાટની જ વાત લઈએ તો નિગમે તેમાં ખાનગી રાખવા જેવું કે લોકોથી છુપાવવા જેવું કશું નથી' તે વાત લેખક કયા મોઢેથી કરતા હશે? ઓફિસિઅલ સિક્રેટસ એકટનો ઉપયોગ, અને જે.પી. કન્સ્ટ્રકશનમાં બંધનું કામ કરતા હજારો કામદારોની નજરબંધી અને તેનો નિગમ દ્વારા બચાવ વગેરેથી શું લેખક અજાણ છે?

જમીન ક્યાં છે?

આ અત્યંત મહત્ત્વના સવાલનો જવાબ લેખક માત્ર સરકારી આંકડાઓ ઉપર આધાર રાખી આપે છે, જ્યારે લેખક જાણે છે કે સરકારે અત્યાર સુધી આપેલા આંકડાઓ ખોટા પુરવાર થયેલા છે. નર્મદા ટ્રીબ્યુનલ આગળ ૩૪૦૦૦ હેકટર જમીન મળી રહેશે અને પુનર્વસવાટના સવાલમાં જમીનનો કોઈ પણ પ્રશ્ન નથી તેવો ગુજરાત સરકારનો દાવો પાછળથી પોકળ નીવડ્યો. સરકારે બતાવેલી જમીનો ખાડાટેકરાવાળી અને ન ખેડી શકાય એવી હતી તેથી શરૂઆતના વિસ્થાપિતોએ મોંઘે ભાવે વળતરમાંથી ઓછી જમીનો ખરીદવી પડી.૧,૩૭,૯૯૯ હેકટર જમીન છે તેનો સત્તાવાર આધાર શું છે? કમાન્ડ એરીયાની વધારાની જમીન લેવાની સરકારની તૈયારી છે અને તાકાત છે? હજુ આજ સુધી ગુજરાતમાં વધુમાં વધુ છૂટ મૂકીએ તોપણ ૫,૦૦૦ એકરથી વધારે જમીનના સોદાની વાતો પૂરી થઈ નથી. સરકાર પાસે જમીન નથી અને વધારાની જમીન કાયદાથી પ્રાપ્ત કરવાની રાજકીય શક્તિ કે ઇચ્છા નથી અને તેથી જ જમીન માલિકોએ ભાવ વધાર્યા છે તેનો સ્વીકાર કરવાને બદલે 'સ્થાપિત હિતોએ આ મુદ્દો ચગાવ્યો છે' એમ કહેવું એ સરકાર માટે ઠીક ગણાય, સમાજશાસ્ત્રી લેખક માટે નહિ. વિશ્વબેંકનો છેવટનો અહેવાલ અને નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની છેલ્લામાં છેલ્લી બેઠકોની મીનીટસ વાંચીશું તો ખ્યાલ આવશે કે લેખકની આ વિષય ઉપરની ચર્ચા કેટલી અવાસ્તવિક અને પ્રચારાત્મક છે.

આદિવાસી સંસ્કૃતિનો નાશ

અત્યારની આદિવાસીઓની સંસ્કૃતિ બદલાય તેની સામે કોણ ઉહાપોહ મચાવે છે? સરદાર સરોવરનો વ્યાપક વિરોધ કરનારી સંસ્થાઓ અને સક્રિય કાર્યકરોમાં કદાચ બહુ જ થોડા હશે જેમને આ સંસ્કૃતિ જ માત્ર ટકાવી રાખવી હશે. પરંતુ સવાલ તો એ છે કે દેશના ૭ ટકાથી પણ વધારે આદિવાસીઓની વિવિધ પ્રકારની જીવનશૈલી અને સંસ્કૃતિ ટકાવવી કે મિટાવવી એની ચર્ચા કરનાર અને નિર્ણય કરનારા આપણે કોણ? વિકાસની ચોક્કસ વ્યાખ્યાઓ, પ્રગતિની દિશા, 'ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી'ની જરૂરિયાત, 'વધુ ઉપભોગવાળી જીવનરીતિ એટલે વિકાસ, આ બધા નિર્ણયો કોણ લેશે? બંધનો વિરોધ કરનારાને ચિંતા એ છે કે આ આદિવાસીઓ આજે જે જીવન જીવે છે, જેટલો થોડો ઘણો પણ કુદરતી સાધનો પર અંકુશ કે ઉપભોગ ભોગવે છે તેનો પણ નાશ થઈ અત્યારના કરતાં વધારે ખરાબ પરિસ્થિતિ ઊભી થશે. અત્યાર સુધીની વિકાસ–યોજનાઓમાં આદિવાસીઓની લેખકના ખ્યાલ મુજબની પ્રગતિ થઈ હોય એવા દૃષ્ટાન્તો તો આપો. ગુરુ સંસ્કૃતિ (ઉજળિયાતો) સાથે લઘુ સંસ્કૃતિ (રાનીપરજ આદિવાસીઓ) મળે ત્યારે શું ધ્યાન રાખવું જોઈએ એની વાત લેખક કરે છે, પણ આજે શું થઈ રહ્યું છે તેની વાત કરતા નથી. આજની વિકાસ યોજનાઓએ દેશના નીચલા થરના માનવીઓ માટે અને ખાસ કરીને આદિવાસીઓ માટે જે પસંદગીનો સવાલ ઊભો કર્યો છે તે ગરીબી અને પ્રગતિ વચ્ચેનો નથી પરંતુ બે પ્રકારની ગરીબી વચ્ચેનો છે. જંગલની, વર્ષોથી ટેવાયેલા છે તે ગરીબી કે આધુનિક શહેરી, ભીખ માંગતી ગરીબી? આ બે ગરીબી વચ્ચે પસંદ કરવાનો ઓછામાં ઓછો હક્ક આદિવાસી પાસે તો રહેવા દો.

૫૦ પાના પર પુનર્વસવાટની ચર્ચા કર્યા પછી ઊંડેથી વ્યાપક દૃષ્ટિ રાખીને વાંચનારને કદાચ નર્મદા યોજના વિશે શંકાઓ ઉપસ્થિત ન થાય તેની સાવચેતી રૂપે લેખક છેવટે ફરી યાદ દેવડાવે છે કે 'એટલું જણાવવું જરૂરી છે કે જેટલું વિસ્થાપિતોના પુનર્વસનનું કામ મહત્ત્વનું છે તેટલું જ આ અછતવાળા ગુજરાતના વિકાસ માટે પાણી પહોંચાડવું જરૂરી છે' આ વાક્ય શું એ દર્શાવતું નથી કે પુનર્વસવાટનો મુદ્દો લઈ બંધનો વિરોધ કરનારાઓ સામે આક્ષેપ કરનાર લેખક શું ખુદ 'પુનર્વસવાટના' પ્રશ્નને ઉપરછલ્લી રીતે તપાસી નર્મદા યોજનાના સમર્થક તરીકે બહાર નથી આવતા? સાચી વાત તો એ છે કે ભારતભરની મોટામાં

મોટી યોજનાઓમાંની એક નર્મદા યોજનાએ ભારતના વિકાસની તરાહ સમક્ષ જે પ્રશ્નો આજે ખડા કર્યા છે તે પ્રશ્નોના કેન્દ્રમાં છે વિશાળ માનવ સમુદાયના માનવીય અધિકારોનો, જીવન જીવવાનો અધિકાર, સમાજના પ્રશ્નો ઉપર સંપૂર્ણ જાણકારી અને માહિતી મેળવવાનો અધિકાર, દરેક નિર્ણયના દરેક તબક્કે ભાગ લેવાનો અધિકાર, રાષ્ટ્રના કુદરતી અને માનવસર્જિત સાધનો ઉપર પોતાનો અધિકાર, ન્યાયી વહેંચણીનો પ્રશ્ન, સ્વતંત્રતા, સમાનતા, ઉચ્ચ જીવન અને સમાજ, મનુષ્ય અને કુદરત વચ્ચે સમન્વય પર રચાયેલ પ્રગતિના અધિકારનો પ્રશ્ન–આ પ્રશ્ન આજે નહિ ઉપાડીએ તો ક્યારે ઉપાડીશું? જ્યારે મોટા ભાગનું ગુજરાત નર્મદા યોજનાના કારણે શેરડી વાવનારા માતબર ખેડૂતો અને કાળી મજૂરી કરી જીવવા પૂરતી પણ મજૂરી નહિ મેળવનારા શેરડી કાપનારા કોયતાઓ વચ્ચે વહેંચાઈ જશે ત્યારે?...

નર્મદા યોજના—પક્ષ, વિપક્ષ અને સત્ય*

વિદ્યુત જોષી

ઘનશ્યામ શાહ વિચક્ષણ સંપાદક છે. મારું પુસ્તક શ્રી ગિરીશ પટેલને અને તેમનાં જ બે પુસ્તકો મને ગ્રંથસમીક્ષા માટે આગ્રહપૂર્વક આપીને તેમણે પોતાની સંપાદકીય તટસ્થતા પુરવાર કરી છે. પરંતુ લેખકો તટસ્થ રહી શકે નહિ. પુસ્તક લખીને જ તેમણે પોતાની પ્રતિબદ્ધતા પુરવાર કરી હોય છે. આથી જુદા વિચારો ધરાવનાર બે લેખકોને ગ્રંથસમીક્ષાના મેદાનમાં ઉતારીને સંપાદકશ્રીએ પહેલી વાર નર્મદા યોજના પરની ચર્ચાને આડકતરી રીતે જાહેર વ્યાસપીઠ પૂરી પાડી છે. અત્યાર સુધી એવું બનતું આવ્યું છે કે અલગ (વિરોધી જ નહિ) વિચારો ધરાવતા નિષ્ણાતીઓએ એક વ્યાસપીઠ પર આવીને આ પ્રશ્નની ચર્ચા કરી નથી. કેટલીક સંસ્થાઓએ જુદા જુદા વિચારો ધરાવતા નિષ્ણાતીઓને એકત્ર કરી ચર્ચા કરવા જે પ્રયાસો કર્યા તેમાં તેમને સફળતા મળી નથી. 'અર્થાત્'ને પ્રથમવાર આ સફળતા પ્રાપ્ત થાય છે. અભિનંદન.

માત્ર નર્મદા જ નહિ, તમામ વિકાસ કાર્યક્રમોમાંથી ઊપસતી વિકાસની તરાહ વિષે ચર્ચા-જાહેર ચર્ચા થવી જ જોઈએ. તંદુરસ્ત લોકશાહીનું એ લક્ષણ છે. મારા વિચારો સાથે સંમત થતા લોકો પાસેથી મને કશું શીખવાનું મળતું નથી. અલગ વિચારો ધરાવતા લોકો મને નવી માહિતી આપે છે, મારો તર્ક સુધારે છે તથા મારી બુદ્ધિની ધાર વધુ તીક્ષ્ણ બનાવવામાં મદદ કરે છે. મારા વિકાસમાં આ રીતે મદદરૂપ થતા અલગ વિચારો ધરાવતા લોકો મારા વિકાસમાં મદદ કરે છે તેથી તેમને માટે મને આદર છે. આ જ કારણોસર તેમને પણ મારે માટે આદર હોવો ઘટે. કોઈ પણ પ્રશ્નનો બૌદ્ધિક વિકાસ આવાં 'દ્વંદ્વ'થી જ થાય છે. એકતા એક શમણું છે.

નર્મદા યોજનાના પુનર્વસવાટના પ્રશ્ને અત્યાર સુધી જે વિવાદો સપાટી પર આવ્યા છે તેમને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય.

(૧) અત્યાર સુધીનો અનુભવ એમ કહે છે કે જ્યાં જ્યાં બંધો બંધાયા છે ત્યાં ત્યાં જેમની જમીનો-ઘરો ડૂબમાં ગયાં તેમનો પુનર્વસવાટ થયો નથી. બંધોથી મેદાનમાં વસતા બિનઆદિવાસીઓને ફાયદો થયો છે, જ્યારે જંગલો અને પર્વતોમાં વસતા મહદ્અંશે આદિવાસી એવા લોકોનો રકાસ થયો છે. જેમ બંધો મોટા તેમ આવા રકાસનું પ્રમાણ વધુ. તેથી આદિવાસીઓનો-ગરીબોનો વધુ રકાસ અટકાવવા માટે મોટા બંધોનો વિરોધ કરવો. (બંધોને કારણે સર્જાયેલા પુનર્વસવાટના પ્રશ્નોના આછા ઇતિહાસ માટે જુઓ સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝનો 'રીહેબીલીટેશન ઓફ સબમર્જીંગ વીલેજીઝ-જનરલ રીપોર્ટ' અહેવાલ-પ્રકરણ-બીજું.)

આ પ્રકારનું મંતવ્ય ધરાવનારાઓમાં પર્યાવરણવાદી કર્મશીલો, 'સ્મોલ ઈઝ બ્યુટીફુલ' માનનારા ચિંતકો-મુખ્યત્વે નવ-ગાંધીવાદીઓ વગેરેનો સમાવેશ

.....

* (૧) સરદાર સરોવર—વિસ્થાપિતોનો વિનાશ. લે. ગિરીશ પટેલ (લોક અધિકાર સંઘ, અમદાવાદ ૧૯૮૮. પા. ૨૭ કિંમત લખી નથી)

(૨) નર્મદા યોજના કોના માટે? કોના ભોગે? લે. ગિરીશ પટેલ (લોક અધિકાર સંઘ, અમદાવાદ, ૧૯૮૮. પા. ૪૮ કિં. રૂ. ૬)

થાય છે. જુદા જુદા લોકો અલગ કારણોસર બંધોનો વિરોધ કરે છે.

(૨) બીજા પ્રકારનું મંતવ્ય પુનર્વસવાટનો પ્રશ્ન યોગ્ય રીતે હલ કરીને નર્મદા બંધ બાંધવા અંગેનું છે. ગુજરાત પાણીની અછત ધરાવતું રાજ્ય છે. 'અછત'નાં ચાર વર્ષો દરમિયાન ગુજરાતનાં પચાસ ટકા ઢોર મરી ગયાં. ખેતીમાં પાંચ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું. વૈકલ્પિક રોજગારી (તળાવ ખોદવાં, રસ્તા બાંધવા વગેરે)માં પંદરસો કરોડ રૂપિયા ખર્ચાયા. આટલા પૈસામાં નર્મદા બંધ બંધાઈ ગયો હોત— અને તેમ થયું હોત તો અછતનું પ્રમાણ આટલું ભયંકર ન હોત. અછતવાળાં ગામડાંઓમાં જઈ જેમણે લોકોને જીવતા રાખવાના પ્રયાસો કર્યા તે કર્મશીલો (રાજકીય પક્ષોની વાત નથી કરતો) નર્મદા યોજનાને ટેકો આપે છે, કારણ કે નર્મદા યોજનાનો ૭૨ ટકા કમાન્ડ વિસ્તાર અછતપ્રવણ વિસ્તાર છે.

જ્યાં બંધ બંધાય ત્યાં પુનર્સર્વસવાટ ન જ થાય માટે મોટા બંધોનો વિરોધ કરવો તેવું કહેનારાઓ ટેકનોલોજીકલ નિર્ણાયકવાદમાં માને છે. ટેકનોલોજીનો ફાયદો કોને-કેટલો પહોંચશે તેનો નિર્ણય ટેકનોલોજી ખુદ નથી કરતી. (ટેકનોલોજી તો નિર્જીવ છે, તે કઈ રીતે નિર્ણય કરે?) તેનો નિર્ણય સત્તા પર બેઠેલા માણસો કરે છે. સત્તા પર બેસી નિર્ણય લેનારા માણસોને તેમનાં વર્ગહિતો હોય છે. આથી ટેકનોલોજીનો ફાયદો ગરીબોને પહોંચે તેવું ઇચ્છનારા લોકોએ સત્તાના માળખાને હચમચાવવું જોઈએ-બદલવું જોઈએ અને ગરીબ તરફી વલણો ધરાવનારા લોકો નિર્ણયો લે તેવું કરવું જોઈએ. તેને બદલે માત્ર ટેકનોલોજીનો વિરોધ કરવામાં તો આપણે બાળોતિયાં સાથે બાળકો પણ ફેંકી દઈએ છીએ.

(૩) ત્રીજા પ્રકારનું મંતવ્ય ધરાવનારા લોકોને બંધ જલ્દી બંધાય તેમાં રસ છે. અન્ય બાબતોમાં નહિ. મોટા ખેડૂતો, ઈજનેરો, ખેતી નિષ્ણાતો તથા 'વિકાસલક્ષી' અર્થશાસ્ત્રના કેટલાક નિષ્ણાતો આવું મંતવ્ય ધરાવે છે. તેઓ કહે છે કે પર્યાવરણ, પુનર્વસવાટ, કેચમેન્ટ એરિયા ટ્રીટમેન્ટ વગેરે બાબતોમાં પડશું તો પ્રોજેક્ટનો ખર્ચ વધી જશે. આથી ખર્ચ-લાભ પ્રમાણને નામે નર્મદા પ્રોજેક્ટનો વિરોધ કરનારાઓ જો ઉપરોક્ત બાબતો જતી કરે તો નર્મદા યોજનાનો ખર્ચ ખૂબ જ ઘટી જાય અને ખર્ચ-લાભ પ્રમાણ વધુ ફાયદાકારક બને.

આ મંતવ્ય ધરાવનારા લોકો 'ટ્રીકલ ડાઉન થીયરી' માં પણ માને છે. કેટલાકને અત્યારે લાભ થવા દો. આપોઆપ આ લાભો નીચલા વર્ગો સુધી પહોંચશે. ખેડૂતની ખેતી સુધરશે તો ખેતમજૂરની રોજી વધશે. પરંતુ આવું બન્યું નથી.

આ ત્રણે મંતવ્યો વ્યાપક છે. કોઈ વ્યક્તિ કે જૂથ બેની વચ્ચે કે ત્રણેયની બહાર હોઈ શકે, તે અપવાદ. આ ત્રણે મંતવ્યોમાંથી હું બીજું મંતવ્ય ધરાવું છું. મારી આ પોઝીશન પરથી હું ગિરીશ પટેલનાં બન્ને પુસ્તકોની સમીક્ષા કરીશ.

'નર્મદા યોજના : કોના માટે? કોના ભોગે?'

લોક અધિકાર સંઘ, અમદાવાદ દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં નર્મદા યોજનામાં કેટલાકને ભોગે કેટલાકનો વિકાસ થવાનો તેવી મૂળ રજૂઆત છે. આજે ગુજરાતમાં ગરીબો તરફી વાત કરનારા લોકો જ આંગળીને વેઢે ગણાય તેટલા રહ્યા છે ત્યારે વંચિતો તરફી એવું આ પુસ્તક આવકાર્ય છે. સવાલ ફક્ત એટલો જ છે કે પ્રશ્નની સાચી હકીકતો, સમજણ અને/અથવા ઘડતર નહિ હોય તો આપણે વંચિતોને નુકસાન કરી બેસીએ તેવું પણ બને. પોતાના આ પુસ્તકમાં લેખક જણાવે છે:

'ઘડીભર માની લઈએ કે આ યોજનાના તરફદારો ને વિરોધીઓ બન્ને પક્ષે અતિશયોક્તિ થતી હશે પણ એક વાત સ્પષ્ટ છે કે કોઈની પાસે સાચા આંકડા નથી. માત્ર કલ્પના પર રચાયેલા અંદાજો છે. આની ગણતરી કરવાની સર્વસામાન્ય પદ્ધતિ અપનાવી નથી-

અર્થાત્

તેને માટે જરૂરી એવાં સર્વેક્ષણો અને અભ્યાસો નથી. સત્ય સ્વીકારવાની અને વસ્તુનિષ્ઠ વૈજ્ઞાનિક દૃષ્ટિ અપનાવવાની તૈયારી નથી.' (પા. ૧૯) લેખકની વાત તદ્દન સાચી છે કે યોજનાના ખર્ચ–લાભ માટે સર્વસ્વીકૃત પદ્ધતિ હજી સુધી વિકસી નથી. તેથી જ નર્મદા યોજના આવવાથી કોને કેટલો લાભ થશે અને કોને કેટલું નુકસાન થશે તેના સ્પષ્ટ અંદાજો આપી શકાતા નથી. તેથી પોતપોતાની રીતે લોકો અંદાજો બાંધે છે. આ મંથનમાંથી સત્ય તારવવું અઘરું છે. પરંતુ સરકારી ખર્ચ-લાભના આંકડા, પુનર્વસનની હકીકતો વગેરેની સામે ગિરીશભાઈએ પોતાની રીતે પોતાની હકીકતો મૂકી છે. તેમણે આ પુસ્તકમાં ખર્ચ-લાભની સરકારી ગણતરીઓ ખોટી છે, આ યોજના અંગેના પૂર્ણ અભ્યાસો આપણી પાસે નથી. લાખો વિસ્થાપિતોના પુનર્વસવાટને માટે 'સરકાર પાસે તાકાત, સાધનો કે તેની પાસે પૈસા કે જમીન નથી,' (પા. ૨૬), સત્ય હકીકતો દાબી દઈને પ્રજાને અંધારામાં રખાય છે, વિકાસ યોજનામાં પ્રજાનું કોઈ સ્થાન નથી, પર્યાવરણનો વિનાશ થઈ રહ્યો છે, નર્મદા યોજનાથી દુકાળ અને અનાવૃષ્ટિના પ્રશ્નો હલ થવાના નથી તથા આ યોજનાનો વિકલ્પ શો હોઈ શકે એ પ્રશ્નોની ચર્ચા કરી છે. નર્મદા યોજનાના સરકારી આંકડાઓ અને ગિરીશભાઈ અને તેમના જેવા અનેક કર્મશીલોએ રજૂ કરેલી હકીકતોની વચ્ચે સત્ય ક્યાંક છુપાયું છે. કારણ કે 'તરફદારો અને વિરોધીઓ બન્ને પક્ષે અતિશયોક્તિ થાય છે અને કોઈની પાસે આંકડા નથી.'

હું બધા મુદ્દાની વાત ન કરી શકું. એટલું મારું ગજું નથી. જેટલી ખબર છે તેટલી વાત કરીશ. લેખક જણાવે છે કે નર્મદા યોજનાના મૂળભૂત પ્રશ્નો વિશે અભ્યાસો થયા નથી. 'અહીં મૂળભૂત સવાલ તો એ છે કે આવી મહાકાય યોજના શરૂ કરતા પહેલાં (લેખકની ભાષા જ પ્રયોજી છે–વિ. જો.) જે તદ્દન આવશ્યક પાયાના અભ્યાસો–સંશોધન કરવા જરૂરી છે તે પૂરા થયા વિના આવાં દૂરગામી પરિણામો લાવનારી યોજનાને મંજૂરી કેવી રીતે આપી શકાય?' (પા. ૨૧) આ અને આવા પ્રકારની દલીલો કદી સીગરેટ નહિ પીનારને 'તમે સીગરેટ ક્યારે છોડી?' પ્રશ્ન પૂછવા બરાબર છે. હકીકતમાં તો ભારતની અન્ય કોઈ યોજના વિશે ન થયા હોય તેટલા અભ્યાસો-સંશોધનો નર્મદા યોજના વિશે થયાં છે. માત્ર ગુજરાતના ડૂબમાં જતાં ગામડાંઓના પુનર્વસવાટના પ્રશ્ન પર જ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝે કુલ ૧૭ અહેવાલો આપ્યા છે. એક બાજુ અભ્યાસો 'ન થાય ત્યાં સુધી મંજૂરી નહિ' તેમ કહેવું અને બીજી બાજુ 'યોજનાના અમલમાં વાર લાગશે–ખર્ચ વધી જશે' તેમ કહેવું એ બન્ને કઈ રીતે ચાલે? વળી બધા અભ્યાસો થઈ જાય પછી જ અમલ થાય તેવો આગ્રહ રાખો તો આવડી સંકુલ યોજના અમલી જ ન બની શકે. કેટલાક પ્રશ્નો જ એવા હોય છે જેનો ખ્યાલ અમલના અમુક તબક્કે આવે, તો તે અંગેના અભ્યાસો ત્યારે થઈ શકે. તેની સામે કર્મશીલોને કોઈ ખામી નજરે ચડે તો તે સમયે તેનો વિરોધ કરી શકે. પર્યાવરણનો પ્રશ્ન સાચો છે. તે ધ્યાનમાં આવ્યો ત્યારથી વિરોધ કર્યો તે સારું થયું. તેથી 'અત્યાર સુધીની યોજનામાં પર્યાવરણવાદીઓએ વિરોધ ન કર્યો અને હવે નર્મદામાં જ વિરોધ કરે છે તેથી તેઓ ગુજરાતના વિરોધીઓ છે' તેમ પણ ન કહી શકાય.

આ બધા સવાલો છેવટે મોટા બંધો હોવા જોઈએ કે નહિ તેના પર આવીને અટકી જાય છે. અમદાવાદના ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના ત્રણ પ્રોફેસરોની દુહાઈ દઈને લેખક જણાવે છે, 'દુનિયાભરમાં મોટા બંધોનો અનુભવ નિર્ણાયક છે. મોટા બંધો પર્યાવરણની દૃષ્ટિએ હાનિકારક, આર્થિક દૃષ્ટિએ વિનાશક અને નવી સામાજિક અસમાનતા પેદા કરનારા છે.' (પા. ૩૯) આગળ કહ્યું હતું તેમ આ મંતવ્ય ટેકનોલોજીકલ નિર્ણાયકવાદનું છે. ટેકનોલોજી ખુદ આવું નિર્ણાયકવાદી પરિબળ નથી. ટેકનોલોજી જે પ્રકારનાં સામાજિક માળખામાં જે રીતે પ્રયોજાતી હોય છે તે પ્રમાણે પરિણામો આપે છે. જો સામાજિક માળખું જ એવું

હોય કે અસમાનતા વધે, તો ટેકનોલોજી આ અસમાનતા વધારવામાં મદદરૂપ થશે. જો સામાજિક માળખું સમતાલક્ષી હશે તો ટેકનોલોજીનાં ફળ બધાને સરખા પ્રમાણમાં મળશે. લેખકની મુશ્કેલી એ છે કે તેઓ ચુસ્ત કાનૂની અભિગમ લઈને, બંધારણના સમ દઈને વાત કરે છે. તેઓ મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતોથી જ પુસ્તકની શરૂઆત કરતાં 'કાયદા સમક્ષ સમાનતા, આર્થિક, સામાજિક ને રાજકીય ન્યાય પર રચાયેલો સમાજ અને બધી જ સામાજિક સંસ્થાઓ, રાષ્ટ્રની સાધન-સંપત્તિની સમાન અને ન્યાયી વહેંચણી, જનહિત માટે કામ કરતી આર્થિક વ્યવસ્થા, સમાન વેતન, શોષણની નાબૂદી' વ.ની વાત કરે છે. આપણું બંધારણ એક વિનીત બંધારણ છે અને તેમાં અનેક પ્રકારની જોગવાઈઓ છે. પરંતુ આ જોગવાઈઓને સામાજિક માળખાના સંદર્ભમાં જોવી જોઈએ. એ જોઈએ તો ખ્યાલ આવે છે કે બંધારણની જોગવાઈઓ સામાજિક માળખામાં રહેલી જન્મદત્ત (જ્ઞાતિ, ધર્મ, પ્રજાતિ વ. પર આધારિત) અસમાનતા તોડવામાં મદદ કરે છે. પરંતુ પ્રાપ્તિ પર આધારિત વર્ગ અસમાનતા ઊભી થતી જાય છે તેની સામે કોઈ જોગવાઈ નથી. ઊલટું, આ અસમાનતાને આડકતરું પ્રોત્સાહન મળે છે. આપણા બંધારણમાં મિલકત ધરાવવાનો અધિકાર છે, કામ કરવાનો અધિકાર નથી. આથી બંધારણ મુજબ આપણે સ્વસ્થ, ન્યાયી, સમસમાજ ઘડવા માગીએ છીએ પરંતુ આ મોટી ટેકનોલોજી તેમ કરવા દેતી નથી તેમ કહેવું ખોટું છે. તેનાથી ઊલટું સાચું છે. એક ઉદાહરણ આપું. પાણી જ્યારે નદીમાં વહે છે, ત્યારે બધાંનો તેના પર સમાન અધિકાર છે. પરંતુ બંધ બાંધીને તે પાણી કેનાલમાં વહાવીએ પછી જેની પાસે વધુ જમીન છે તેને વધુ પાણી મળશે, ઓછી જમીન છે તેને ઓછું પાણી મળશે અને જેની પાસે જમીન નથી તેને પાણી બિલકુલ નહિ મળે. આમ સિંચાઈથી એક પાક લેતા વિસ્તારમાં ત્રણ પાક લેવાતા થાય તોપણ અસમાનતા નીચે મુજબ વધે.

	સિંચાઈ વિના વાર્ષિક આવક (રૂ.)	સિંચાઈ સાથે વાર્ષિક આવક (રૂ.)
મોટો ખેડૂત	૨૫,૦૦૦	૭૫,૦૦૦
નાનો ખેડૂત	૧૦,૦૦૦	૩૦,૦૦૦
ખેતમજૂર	૫,૦૦૦	૧૫,૦૦૦

જો ટેકનોલોજી ન અપનાવીએ તો દેશમાં અસમાનતા ન વધે. પરંતુ બીજા દેશો ટેકનોલોજી અપનાવે તો આપણે તેમના સંપૂર્ણ આધારિત બની જઈએ. આનો બીજો ઉપાય ટેકનોલોજીના લાભોની સમાન વહેંચણી કરતી સંસ્થાઓ ઊભી કરવામાં રહેલો છે. આપણું કમનસીબ એ છે કે અત્યાર સુધી બંધો વ. પ્રોજેક્ટસ ઈજનેરોના હાથમાં રહ્યા છે, જેમને નવી યોજનાઓના લાભ સમાન રીતે વહેંચાય તેવી સંસ્થાઓ કઈ રીતે ઊભી કરવી તેની તાલીમ આપવામાં આવી નથી. આ ભૂલનો ખ્યાલ આવતાં હવે 'વૉટર ઍન્ડ લૅન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (વાલ્મી)' દરેક રાજ્યમાં ઊભાં કર્યાં. પરંતુ આ વાલ્મીમાં પણ નિર્ણય લેનારા તો ઈજનેરો જ. તેથી તેમણે નવી સંસ્થાકીય રચનાઓ ઊભી કરવા માટે મદદ લીધી અમેરિકા (યુસેઈડ)ની, કે જેને સમતાદર્શી સમાજરચના સાથે કાંઈ લાગતું વળગતું નથી. તેની સામે આપણે ત્યાં 'પાણી પંચાયત' વગેરે કરી પાણીની સમાન વહેંચણી, જમીનવિહોણાને પણ પાણીમાં સમાન હિસ્સો આપવાના જે સફળ પ્રયોગો સ્વૈચ્છિક રાહે કરવામાં આવ્યા તેની સામે સત્તાધીશોએ આંખ આડા કાન કર્યા.

એટલે નર્મદાનો લાભ ગરીબોને નથી જતો તેમ કહી નર્મદા યોજનાનો વિરોધ કરવાને બદલે તેના લાભોની સમાન વહેંચણી થાય તેવાં સંસ્થાકીય માળખાંઓ ઊભાં કરવાં જરૂરી છે.

સવાલ મોટા બંધ વિરુદ્ધ અનેક નાના બંધો કે વૉટરશેડ મેનેજમેન્ટ તેવો પણ નથી. હાલ ગુજરાતમાં માત્ર ૨૦ ટકા સિંચાઈ છે. નર્મદા આવતાં તે ૪૦ ટકા થશે. બાકીની જમીનને સિંચાઈ પૂરી પાડવા વૉટરશેડ મેનેજમેન્ટ સિવાય આપણી પાસે કોઈ રસ્તો નથી.

સરદાર સરોવર વિસ્થાપિતોના વિનાશ

લોક અધિકાર સંઘ અમદાવાદ દ્વારા જ પ્રકાશિત આ પુસ્તકમાં સરદાર સરોવરને કારણે જેમની જમીન અને ઘરો ડૂબમાં જાય છે તેવા વિસ્થાપિતોના પ્રશ્નોની, 'સ્થળ પર મુલાકાત' થી મેળવેલી માહિતીના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે. ખાસ કરીને કેવડિયા કોલોનીમાં જમીન ગુમાવનારાનો પ્રશ્ન, પુનઃસ્થાપિત ગામડાંના પ્રશ્નો, પુનઃસ્થાપનમાં બાકી રહેલા વિસ્થાપિતોના પ્રશ્નો, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વિસ્થાપિતોના પ્રશ્નો વગેરેની ચર્ચા કરવામાં આવી છે. પોતાનો રોષ ઠાલવતાં લેખક શ્રી ગિરીશ પટેલ જણાવે છે, 'એવો કયો ફેર પડી ગયો કે જેને કારણે આજે આપણે નવી રીતે વિચારવા બેસવું પડે? એવા કયા સંજોગો ઊભા થયા છે? આમ જુઓ તો એના એ મુઠ્ઠીભર બુદ્ધિજીવી-ઉપલા વર્ગના સત્તાધારીઓ છે, એની એ વિચારસરણી છે... એની એ કંગાલિયત છે. એ જ જુગજૂના વિકૃત સામાજિક-આર્થિક ભેદભાવો છે, એ જ સડી ગયેલી, જનતા-વિરોધી અમલદારશાહી છે, એ જ જડબેસલાક, સંવેદનહીન, આક્રમક અને ક્રૂર-કઠોર ધનિક વર્ગ છે.... હવે કહો વિસ્થપિતો માટે ભાવિની ઊજળી આશા બંધાય એવાં એકેય એંધાણ છે ખરાં?' (પા. ૪)

હા, ગિરીશભાઈ! એવાં એંધાણ છે. જો ન હોત, જો પરિસ્થિતિ ન બદલાઈ હોત તો પુનર્વસવાટની નીતિ સર્વપ્રથમવાર સરદાર સરોવર પ્રોજેક્ટ ખાતે કઈ રીતે ઊભી થઈ? તેનો જે કંઈ ખોડંગાતો અમલ થયો તે કઈ રીતે શરૂ થયો? ભાવિની ઊજળી આશા બંધાય તેવાં નવાં પરિબળો ઊભાં થયાં છે. 'ગુજરાતનાં હિતો'ની સામે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો પડકાર, ટ્રિબ્યુનલની સ્થાપના અને પુનર્વસવાટ માટે ટ્રિબ્યુનલના આદેશો, પુનર્વસવાટના પ્રશ્ન પર સંશોધન અહેવાલો; સ્વ. ભાનુભાઈ અધ્વર્યુ, અનિલ પટેલ, કાધર જોસેફ, કાધર મેથ્યુ, અંબરીષ, તૃપ્તિ, રાજેશ, વસુધા ધગમ્વાર, મેધા પાટકર વગેરે કર્મશીલો દ્વારા ચલાવાયેલી લડતે અને પરિણામે ઊભું થયેલું દબાણ; પર્યાવરણ જાળવણી વિશે વ્યાપક જાગૃતિ, વર્લ્ડબેન્કનું દબાણ આ બધું નર્મદા પહેલાંના સિંચાઈ યોજનાઓમાં નહોતું.

તેમ છતાં આ લડાઈ સત્ય અને અસત્ય વચ્ચે છે અને તેમાં નવાં પરિબળો સત્યનું અને સરકાર તથા નર્મદાયોજનાની તરફેણ કરનારાં પરિબળો અસત્યનું પ્રતિનિધિત્વ કરે છે તેવું મહાભારત વિધાન હું નહિ કરું. બન્ને પક્ષે અમુક પક્ષોનાં હિતો છે તેથી બન્ને પક્ષોની સમજણ સર્વાંગી નહિ પરંતુ પક્ષીય-એકાંગી છે. બન્નેના દ્વંદ્વમાંથી સત્ય ઊભું થઈ રહ્યું છે. દ્વારકામાં ક્રમશઃ પુનર્વસવાટની ત્રીજા વિશ્વની સૌથી વધુ ઉદાર પુનર્વસવાટ નીતિનો સરદાર સરોવર ખાતે થયેલો ઉદ્ભવ આ મંથનમાંથી થયો છે. આ દ્વંદ્વ લોકશાહીમાં આવશ્યક છે. તે ચાલુ રહેવું જોઈએ. તેના મંથનમાંથી જ પુનર્વસનની નીતિનો યોગ્ય અમલ પણ નીકળશે.

મારે વિગતોના ખરા-ખોટાપણામાં નથી ઊતરવું. ગિરીશભાઈના પુસ્તકની કેટલી હકીકતો ખરી છે, કેટલી ખોટી છે તે તો સમય જ પુરવાર કરશે. તે રીતે સરકારનાં કેટલાંક વચનો સાચાં છે અને કેટલાં ખોટાં છે તે પણ સમય પુરવાર કરશે.

સહેજ ઇતિહાસ જોવો જરૂરી છે. દા.ત. ડૂબમાં જતાં ગામોના વિસ્થાપિતો માટે પુનર્વસવાટની નીતિનો ઉદ્ભવ થયો તેથી તેમના પુનર્વસનની જોગવાઈ થઈ. પરંતુ ગિરીશભાઈ કહે છે તેમ, '૧૯૬૧-૬૨માં કેવડિયા, ગોરા, કોઠી, (નવાગામ નહિ), વાઘડિયા, (લીમડી નહિ)ના મોટા ભાગના આદિવાસી એવાં ૬૦૦ થી ૭૦૦ કુટુંબોના ૩૦૦૦ સભ્યો આ યોજનાના પહેલા ભોગ બન્યા...જમીન સંપાદન ધારા હેઠળ આ ગ્રામવાસીઓની જમીન આંચકી (?) લેવામાં આવી...જેવાં એ લોકો ત્યાંથી ખસ્યા કે તરત જ બાપડાં વિસ્મૃતિના ગર્ભમાં ધકેલાઈ ગયાં!' (પા.૭) કાયદા મુજબ ડૂબમાં જતાં ન હોવાથી તેમના પુનર્વસનની જોગવાઈ ન થઈ. સાચી વાત છે. હવે આપણે

તેમના પુનર્વસન માટે ઝુંબેશ ઉપાડીએ તે પહેલાં ઉકાઈ, મહી વગેરેના વિસ્થાપિતોનું પણ આમ થયું. પારસી, પાટીદાર, વ્હોરા વગેરે ઉપલા વર્ગના લોકોએ તે પહેલાં આદિવાસીઓની જમીન આંચકી લીધી અને તેમને હાળી (બોન્ડેડ લેબર) બનાવ્યા ત્યારે પણ તેમને અન્યાય થયો. ઈ.સ. ૧૮૬૪માં જંગલ અધિનિયમ લાવીને કલમના એક ઝોટે તેમના જંગલ પરના પરંપરાગત અધિકારો છીનવી લીધા ત્યારે પણ આમ જ થયું. તે પહેલાં ૧૦મીથી ૧૬મી સદી વચ્ચે આ 'આદિવાસીઓ' મેદાનોમાં વસતા હતા અને તેમની સ્થિતિ પ્રમાણમાં સારી હતી. ઈડરથી ધરમપુર સુધીની પટ્ટી પર રજપૂત રાજાઓએ આક્રમણ કરી ભીલોને હરાવી જંગલમાં ધકેલી દીધા અને તેમની સારી જમીનો પચાવી પાડી ત્યારે પણ આમ જ થયું. આદિવાસીઓનો ઇતિહાસ જ ઉજળિયાતો દ્વારા થયેલાં શોષણથી રચાયો છે. આપણે ઈતિહાસના ક્યા સીમાચિહ્ન સુધી જઈશું? ક્યાં સુધી જઈ શકશું? આદર્શવાદ કે અરાજકતાવાદની રીતે જોઈએ તો આ બધું લોકાભિમુખ કર્મશીલો અને બુદ્ધિજીવીઓને આકર્ષે. અમારા જેવાને સંશોધનના નવા વિષયો મળે, લાયકાત વધે, વિકાસ થાય. કર્મશીલોને વાહ વાહ મળે, પરદેશની સફર ખેડવા પૈસા મળે, ઈનામ-અકરામ મળે. પરંતુ ઇતિહાસની આ ભૂલ કઈ રીતે સુધારશું? અહીં સવાલ વિચારસરણીનો આવે છે. હાલની યોજનાઓને ગરીબલક્ષી ઝોક આપવો તથા અસમાનતા સર્જતી સંસ્થાઓ તોડી સમતાલક્ષી સંસ્થાઓ ઊભી કરવાનો સવાલ આવે. એટલે નર્મદા યોજનાના વિસ્થાપિતોના પ્રશ્ને અસાર સુધી કર્મશીલો બરાબર લડ્યા છે. તેમને સલામ. પરંતુ હવે રાષ્ટ્રીય સ્તરે પુનર્વસનની નીતિની માંગ કરવાનો સમય આવી ચૂક્યો છે. જ્યાં આવા પ્રોજેક્ટથી અસર પામનાર (માત્ર ડૂબમાં જનાર નહિ) લોકોને પણ લાભીત લોકો જેટલો જ ફાયદો થાય તેવી માગણી સ્વીકારાવવાનું આજના વાતાવરણમાં શક્ય બન્યું છે. તમારા પ્રયત્નોને લીધે શક્ય બન્યું છે. એ દિશા-એ વિગતો તરફ આગળ વધશું?

દેશનાં વિકાસકામોમાં ગરીબોની ભાગીદારી સમાનપણે હોય તેવું ઇચ્છનાર ઉપરોક્ત બન્ને પુસ્તકો વાંચવા રહ્યાં.

❁ ❁ ❁

સંક્ષિપ્ત પુસ્તક પરિચય

Non-Bramhan Movement in Maharashtra
M. S. Gore
(G. B. Pant Social Science Institute, Allahabad, Segment, Delhi, 1989, P. 95, Rs. 95).

ગોવિંદ વલ્લભ પંત સોશ્યલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટ ખાતે પ્રો. એમ. એસ. ગોરેએ આપેલ ત્રણ વ્યાખ્યાનોને આ નાના પુસ્તકમાં સંગ્રહિત કરાયાં છે. કુલ સાત પ્રકરણમાં વિભાજિત પુસ્તકમાં લેખકે મહારાષ્ટ્રની બિન-બ્રાહ્મણ ચળવળને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષિત કરી છે. પ્રો. ગોરેએ જ્યોતિરાવ ફૂલેના સત્યશોધક તબક્કાથી માંડીને બ્રાહ્મણેતર (૧૯૨૦–૩૦) તબક્કાની સામાજિક સંદર્ભ, આગેવાનીની લાક્ષણિકતા, સભ્યોની લાક્ષણિકતા, આગેવાનોની શૈલી તથા ગતિશીલતાનું સ્વરૂપ તથા આ ચળવળોની વિચારધારા વગેરેને કેન્દ્રમાં રાખી છણાવટ કરી છે.

'હિંદ છોડો' ચળવળ (૧૯૪૨)
જયકુમાર ર. શુક્લ
(યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૮. પાન ૧૧૬, કિં. રૂ. ૧૬)

કુલ ૧૧ પ્રકરણો ધરાવતું આ પુસ્તક યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા વિવિધ વિષયોના અધ્યયન અધ્યાપનમાં ઉપયોગી ગ્રંથોની પ્રાપ્તિના હેતુસર પ્રકાશિત થતાં પુસ્તકોમાંનું ઇતિહાસ વિષયનું પુસ્તક છે. લેખકે ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળને તેની પૂર્વભૂમિકાથી શરૂ કરી તેનાં પરિબળો, સ્વરૂપ, વિવિધ પ્રદેશોમાં અસર, સરકારનો પ્રતિભાવ, ચળવળનું સંગઠન, વિવિધ પક્ષોનું વલણ તથા વિદેશોમાં તેના પ્રત્યાઘાત સુધીના વિભિન્ન પાસાંઓના સંદર્ભમાં એક ઇતિહાસકાર તરીકે દર્શાવી છે. ચળવળ અંગે સામાન્ય સમીક્ષા પણ પુસ્તકમાં થઈ છે.

Marx and Marxism : an Introduction
Cliff Slaughter
(Orient Longman, Calcutta, 1988. P. 119, Rs. 40).

માર્ક્સ અને માર્ક્સવાદ વિશે પ્રારંભિક પરિચય આપતી આ પુસ્તિકા ૭ પ્રકરણોમાં વિભાજિત છે. પ્રારંભમાં માર્ક્સનું જીવન ટૂંકમાં વર્ણવી તેનો સામાજિક દૃષ્ટિકોણ દર્શાવ્યો છે. જેમાં ભૌતિકવાદ, દ્વંદ્વમીમાંસા (dialectics), મૂડીવાદ, સમાજવાદ, ક્રાંતિ જેવી તેણે પ્રબોધેલ વિભાવનાઓને સમજાવાઈ છે. તે પછીનાં પ્રકરણોમાં માર્ક્સની મુખ્ય થિયરીઓ; મૂડીવાદી અર્થતંત્ર, વર્ગસંઘર્ષ અને ક્રાંતિ તથા સમાજ અને વિચારધારાના શીર્ષક હેઠળ આવરી લેવાઈ છે. ત્યાર પછીનું પ્રકરણ માર્ક્સ પછીના માર્ક્સવાદના વિચારકો લેનિન, ટ્રોટસ્કી, સ્ટાલિન, લક્ષમબર્ગ વગેરે અંગે માહિતી આપે છે. અંતિમ પ્રકરણ વિવિધ દેશોમાં માર્ક્સવાદની વ્યાવહારિક અસર દર્શાવે છે. આ પ્રારંભિકામાં માર્ક્સવાદ અંગેના વધુ ઊંડા વાચન માટેની સંદર્ભસૂચિ પણ અપાઈ છે.

પ્રારંભિક ક્ષિતિજો : ૧૯મી સદી દરમિયાન કચ્છમાં જ્ઞાન સંશોધન
સંપાદક : મણિલાલ ઝાલા
(રચના પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૯, પા. ૧૭૨, મૂલ્ય રૂ. ૫૦).

કચ્છ પ્રદેશમાં ૧૯મી સદી દરમિયાન વિવિધ જ્ઞાનશાખાઓમાં થયેલી પ્રારંભિક અભ્યાસ–સંશોધનની કામગીરીનાં ચૂંટેલાં લખાણો–અંશો આ સંપાદિત પુસ્તકમાં ગ્રંથસ્થ કરાયાં છે. મુખ્યત્વે માનવવિદ્યા તથા સમાજવિદ્યાની શાખાઓનાં આ લખાણો છે. ભૂગોળ, નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ધર્મ, લોકશાસ્ત્ર, સ્થાપત્ય, હસ્તકળા તથા જીવનચરિત્ર એમ શીર્ષક હેઠળનાં આઠ પ્રકરણોમાં જે તે વિષયના લેખો ઉપરાંત આ પુસ્તક કચ્છની સંસ્કૃતિની ઝલક આપતી અનેક તસ્વીરો પણ ધરાવે છે.

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ

ગુજરાતી પ્રકાશનો

ક્રમ	નામ	લેખક	વર્ષ	કિંમત (રૂપિયા)
૧	અમરેલી જિલ્લામાં કુટુંબ નિયોજન અંગે સંશોધન	આઈ. પી. દેસાઈ	૧૯૬૯	૫-૦૦ (અપ્રાપ્ય)
૨	દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજ્યનું સૂત્ર	આઈ. પી. દેસાઈ	૧૯૭૦	૧-૨૫
૩	ગુજરાતના આદિવાસીઓ	સં. ધનશ્યામ શાહ	૧૯૭૦	૧-૫૦
૪	આશ્રમશાળાઓ—એક અધ્યયન	વિદ્યુત એ. જોષી	૧૯૮૦	૧૫-૦૦
૫	અનામત વિરોધી આંદોલન	લોકાયન	૧૯૮૧	૧૦-૦૦
૬	વેઠછી આંદોલન	આઈ. પી. દેસાઈ	૧૯૮૨	૧૫-૦૦
૭	પચરંગી સમાજમાં ભાષા	પ્રબોધ બે. પંડિત	૧૯૮૩	૮-૦૦
૮	બદલાતા સમાજમાં પરંપરાગત વ્યવસાય —ગુજરાતના કુંભારો	પ્રદીપકુમાર બોઝ	૧૯૮૩	૯-૦૦
૯	આદિવાસી વિસ્તારોમાં હાટ	એસ. પી. પુનાલેકર	૧૯૮૩	૧૨-૦૦
૧૦	ગાંધી ચીંધ્યા માર્ગે ગ્રામ્ય વિકાસ	ધનશ્યામ શાહ અને ચતુર્વેદી	૧૯૮૩	૧૫-૦૦
૧૧	આ પણ ગુજરાત છે, દોસ્તો !	વિદ્યુત જોષી	૧૯૮૩	૨૫-૦૦
૧૨	ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતાનિવારણ	આઈ. પી. દેસાઈ	૧૯૮૪	૨૮-૦૦
૧૩	નર્મદાયોજના : એક પરિચય	સેન્ટર	૧૯૮૪	૩-૦૦
૧૪	૧૭મી સદીમાં સૂરતના ઈતિહાસમાં વેપારીઓએ ભજવેલો ભાગ	બી. જી. ગોખલે	૧૯૮૪	૨-૦૦
૫	કલ્યાણ રાજ્યમાં બાલકલ્યાણ ગૃહોનો અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૫	૨૦-૦૦
૬	ચૌધરી આદિવાસીઓ : ગઈકાલે અને આજે	ધનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૭	'પછાતપણા'નો માપદંડ	સં. ધનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૮	આદિવાસીઓનાં શિક્ષણ	સેન્ટર	૧૯૮૫	૨૦-૦૦
૯	લઘુમતીઓ અને રાષ્ટ્રઘડતર	ધનશ્યામ શાહ	૧૯૮૬	૭-૦૦
૨૦	દેવી આંદોલન	ડેવીડ હાર્ડીમન	૧૯૮૬	૩૦-૦૦
૨૧	સાહિત્ય અને સામાજિક ચેતના	સં. સુધીર ચન્દ્ર	૧૯૮૭	૧૦-૦૦
૨૨	શું બંધવા મજૂરો છે !	ધનશ્યામ શાહ	૧૯૮૭	૧૦-૦૦
૨૩	પશ્ચિમ ભારતના ગ્રામીણ ગરીબો : એક અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૭	૨૦-૦૦
૨૪	મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામમજૂરોનું પરિભ્રમણ	જાન બ્રેમન	૧૯૮૭	૨૦-૦૦
૨૫	નારી સમાનતા : પ્રશ્નો અને પડકારો	સં. કલ્પના શાહ અને વિભૂતિ પટેલ	૧૯૮૭	૨૦-૦૦
૨૬	ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ	સં. સુધીર ચંદ્ર	૧૯૮૮	૨૫-૦૦

• પત્રવ્યવહાર અને સરનામું •

પ્રકાશન અધિકારી, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ,
ઉ. ગુ. યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ સુરત ૩૯૫ ૦૦૭

PUBLICATIONS OF THE CENTRE FOR SOCIAL STUDIES, SURAT

1 PRIMARY EDUCATION IN SURAT DISTRICT, YD Jadeja, Centre for Social Studies, Udhna-Magdalla Road, Surat, 1970, Rs. 1.25

2 GLIMPSES OF SURAT, IP Desai, Published by the Manager of Publications, Government of India, Civil Lines, Delhi, 1972

3 WATER FACILITIES FOR UNTOUCHABLES IN GUJARAT, IP Desai, Indian Council of Social Science Research, IIPA Hostel Bldg. Delhi, 1973, (non Priced)

4 UNTOUCHABILITY IN RURAL GUJARAT, IP Desai, Popular Prakashan, 35C Tardeo Road, Bombay, 1975, Rs. 40.00

5 POLITICS OF SCHEDULED CASTES AND TRIBES, Ghanshyam Shah, Vora & Co., 3 Round Bldg., Bombay, 1975, Rs. 15.00

6 CASTE ASSOCIATION AND POLITICAL PROCESS IN GUJARAT, Ghanshyam Shah, Popular Prakashan, Bombay, 1975, Rs. 36.00

7 BUREAUCRACY AND DEVELOPMENT, Ramshray Roy, Manas Publications, New Delhi, Rs. 55.00

8 HISTORY OF RURAL DEVELOPMENT IN MODERN INDIA Vol. II, IP Desai and Banwarilal Chaudhry. Impex India, 2/18, Ansari Road, New Delhi, 1977, Rs. 50.00

9 PROTEST MOVEMENTS IN TWO INDIAN STATES, Ghanshyam Shah, Ajanta Books International, Jawahar Nagar, Delhi, 1977, Rs. 44.00

10 THE CRAFT OF SOCIOLOGY AND OTHER ESSAYS, IP Desai, Ajanta Books International, Delhi, 1982, Rs. 40 00

11 SOME REFLECTIONS ON GANDHISM, Raojibhai Patel, Centre for Social Studies, Surat, 1982, Rs. 10 00

12 GANDHIAN APPROACH TO RURAL DEVELOPMENT, Ghanshyam Shah and HR Chaturvedi, Ajanta Books International, Delhi, 1983 Rs. 50.00

13 MINORITIES AND NATION BUILDING: A CASE OF MUSLIMS AND SCHEDULED TRIBES IN INDIA, Ghanshyam Shah, Banaras Hindu University, Varanasi, 1983

14 ECONOMIC DIFFERENTIATIONS AND TRIBAL IDENTITY, Ghanshyam Shah, Ajanta Publications, Delhi, 1984, Rs. 50.

15 CLASSES IN RURAL SOCIETY, Pradip Kumar Bose, Ajanta Publications, Delhi 1984, Rs. 100.

16 CASTE, CASTE CONFLICT AND RESERVATION, Centre for Social Studies, Ajanta Publications, Delhi, 1985, Rs. 100.

17 TRIBAL EDUCATION IN GUJARAT, Centre for Social Studies, Ajanta Publications, Delhi, 1985, Rs. 55.

18 CLASSES AND CLASS RELATIONS AMONG TRIBALS OF BENGAL, Pradip Kumar Bose, Ajanta Publications, Delhi, 1985, Rs. 60.

19 IP DESAI AND THE SOCIOLOGY OF INDIA, Ramkrishna Mukherjee, Centre for Social Studies, Surat, 1986, Rs. 10.

20 COMPUTER PROGRAMMING FOR SOCIAL SCIENCE, Pradip Kumar Bose, Vistaar Publications, Delhi, 1986 Rs. 58

21 TRIBAL DEVELOPMENT IN GUJARAT, Priyavadan Patel, Centre for Social Studies, 1986.

22 SUBMERGING VILLAGES: PROBLEMS AND PROSPECTS, Vidyut Joshi, Ajanta Publications, Delhi, 1987.

23 THE COMING OF THE DEVI: ADIVASI ASSERTION IN WESTERN INDIA, David Hardiman, Oxford University Press, Delhi, 1988.

24 RURAL DEVELOPMENT AND HUMAN RIGHTS OF AGRARIAN POOR IN INDEPENDENT INDIA, A.R. Desai, Centre for Social Studies, Surat, 1987.

25 SOCIAL PROCESSES AND DIMENSIONS OF INDIAN NATIONALISM, Yogendra Singh, Centre For Social Studies, Surat, 1988.

પ્રકાશક અને મુદ્રક : એસ. પી. પુનાલેકર, નિયામક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા માર્ગ, સુરત ૩૯૫૦૦૭

મુદ્રણસ્થાન : સુરુચિ છાપશાળા, સુરુચિ વસાહત, બારડોલી ૩૯૪૧૦૧

અર્થાત

૪

'સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝનું ત્રૈમાસિક'
ઓક્ટોબર-ડિસેમ્બર ૧૯૮૯ ▫ ગ્રંથ ૮ : અંક ૪

સંપાદક

ઘનશ્યામ શાહ

પરામર્શક સમિતિ

અચ્યુત યાજ્ઞિક (અમદાવાદ), અરવિંદ શાહ (દિલ્હી), અક્ષયકુમાર દેસાઈ (મુંબઈ), અંજલી મહેતા (અમદાવાદ), એ. એસ. પટેલ (નરસંડા), એસ. પી. પુનાલેકર (સુરત), કલ્પના શાહ (સુરત), ગુલામ મોહમ્મદ શેખ (વડોદરા), ચંદુ મહેરિયા (અમદાવાદ), જોસેફ મેકવાન (આણંદ), ડી. ટી. લાકડાવાળા (મુંબઈ), ડી. એલ. શેઠ (દિલ્હી), નરોત્તમ પલાણ (પોરબંદર), પ્રવીણ શેઠ (અમદાવાદ), બાબુભાઈ દેસાઈ (સુરત), બી. વી. મહેતા (સુરત), ભગીરથ શાહ (સુરત), મકરંદ મહેતા (અમદાવાદ), રજની કોઠારી (દિલ્હી), રોહીત પ્રજાપતિ (વડોદરા), વાય. એ. પરમાર (સુરત), વિભૂતિ પટેલ (મુંબઈ), વિદ્યુત જોષી (અમદાવાદ), સિદ્ધરાજ સોલંકી (અમદાવાદ), સુધીર ચંદ્ર (સુરત), સુરભિ શેઠ (દિલ્હી), હરબન્સ પટેલ (વલ્લભ વિદ્યાનગર), હર્ષદ દેસાઈ (અમદાવાદ), હરિભાઈ પટેલ (રાજકોટ).

લેખકોને આમંત્રણ

સમાજ વિજ્ઞાન (સમાજ દર્શન અને ઈતિહાસ સહિત)ના કોઈપણ ક્ષેત્રને આવરી લેતા વૈચારિક અને સંશોધનલક્ષી લેખો, વિવેચનાત્મક ગ્રંથાવલોકન અને તે ઉપરાંત, સંશોધન, પરિસંવાદ અને સમાજ-વિજ્ઞાનને આનુષંગિક પ્રવૃત્તિના સમાચાર આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ટાંચાં સાધનોને કારણે લેખકોને પુરસ્કાર આપવાનું શક્ય નથી. પણ પ્રકાશિત થયેલ લેખવાળો અંક અને દશ ઑફપ્રિન્ટ મોકલવામાં આવે છે.

લવાજમ–જાહેરાતના દર

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂ. ૩૦; વિદ્યાર્થી વાર્ષિક લવાજમ રૂ. ૧૫; સંસ્થાગત વાર્ષિક લવાજમ રૂ. ૫૦; વ્યક્તિગત આજીવન લવાજમ રૂ. ૨૫૦; સંસ્થા આજીવન લવાજમ રૂ. ૫૦૦; લવાજમની રકમ રોકડ, બેંકડ્રાફ્ટ કે મનીઑર્ડર દ્વારા મોકલવી. ચેક મોકલો તો રૂ. ૭ બેંક વટાવના ઉમેરવા. બેંકડ્રાફ્ટ કે ચેક 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત'ના નામે મોકલવા વિનંતી.

જાહેરાત : કવરપેજ બહારના રૂ. ૨,૦૦૦; કવરપેજ અંદર રૂ. ૧,૫૦૦; આખું પાનું રૂ. ૧,૦૦૦; અડધું પાનું રૂ. ૫૦૦ અને પા પાનાના રૂ. ૨૫૦

પત્રવ્યવહાર

અંક ન મળે તો તે અંગે અને લવાજમ અંગેનો પત્રવ્યવહાર

એમ. આર. મેક, મંથપાલ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ઉધના-મગદલ્લા રોડ, સુરત ૩૯૫ ૦૦૭ એ સરનામે કરવો.

લેખ, ગ્રંથાવલોકન અને સંશોધન–સમાચાર અંગેનો પત્રવ્યવહાર સંપાદક સાથે કરવો.

સંપાદક
ઘનશ્યામ શાહ

પરામર્શક સમિતિ

અચ્યુત યાજ્ઞિક (અમદાવાદ), અરવિંદ શાહ (દિલ્હી), અક્ષયકુમાર દેસાઈ (મુંબઈ), અંજલી મહેતા (અમદાવાદ), એ. એસ. પટેલ (નરસંડા), એસ. પી. પુનાલેકર (સુરત), કલ્પના શાહ (સુરત), ગુલામ મોહમ્મદ શેખ (વડોદરા), ચંદુ મહેરિયા (અમદાવાદ), જોસેફ મેકવાન (આણંદ), ડી. ટી. લાકડાવાળા (મુંબઈ), ડી. એલ. શેઠ (દિલ્હી), નરોત્તમ પલાણ (પોરબંદર), પ્રવીણ શેઠ (અમદાવાદ), બાબુભાઈ દેસાઈ (સુરત), બી. વી. મહેતા (સુરત), ભગીરથ શાહ (સુરત), મકરંદ મહેતા (અમદાવાદ), રજની કોઠારી (દિલ્હી), રોહીત પ્રજાપતિ (વડોદરા), વાય. એ. પરમાર (સુરત), વિભૂતિ પટેલ (મુંબઈ), વિદ્યુત જોષી (અમદાવાદ), સિદ્ધરાજ સોલંકી (અમદાવાદ), સુધીર ચંદ્ર (સુરત), સુરભિ શેઠ (દિલ્હી), હરબન્સ પટેલ (વલ્લભ વિદ્યાનગર), હર્ષદ દેસાઈ (અમદાવાદ), હરિભાઈ પટેલ (રાજકોટ).

લેખકોને આમંત્રણ

સમાજ વિજ્ઞાન (સમાજ દર્શન અને ઈતિહાસ સહિત)ના કોઈપણ ક્ષેત્રને આવરી લેતા વૈચારિક અને સંશોધનલક્ષી લેખો, વિવેચનાત્મક ગ્રંથાવલોકન અને તે ઉપરાંત, સંશોધન, પરિસંવાદ અને સમાજ-વિજ્ઞાનને આનુષંગિક પ્રવૃત્તિના સમાચાર આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ટાંચાં સાધનોને કારણે લેખકોને પુરસ્કાર આપવાનું શક્ય નથી. પણ પ્રકાશિત થયેલ લેખવાળો અંક અને દશ ઑફપ્રિન્ટ મોકલવામાં આવે છે.

લવાજમ-જાહેરાતના દર

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂ. ૩૦; વિદ્યાર્થી વાર્ષિક લવાજમ રૂ. ૧૫; સંસ્થાગત વાર્ષિક લવાજમ રૂ. ૫૦; વ્યક્તિગત આજીવન લવાજમ રૂ. ૨૫૦; સંસ્થા આજીવન લવાજમ રૂ. ૫૦૦; લવાજમની રકમ રોકડ, બેંકડ્રાફટ કે મનીઑર્ડર દ્વારા મોકલવી. ચેક મોકલો તો રૂ. ૭ બેંક વટાવના ઉમેરવા. બેંકડ્રાફટ કે ચેક 'સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, સુરત'ના નામે મોકલવા વિનંતી.

જાહેરાત : કવરપેજ બહારના રૂ. ૨,૦૦૦; કવરપેજ અંદર રૂ. ૧,૫૦૦; આખું પાનું રૂ. ૧,૦૦૦; અડધું પાનું રૂ. ૫૦૦ અને પા પાનાના રૂ. ૨૫૦

પત્રવ્યવહાર

અંક ન મળે તો તે અંગે અને લવાજમ અંગેનો પત્રવ્યવહાર

એમ. આર. મેક, ગ્રંથપાલ, સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, ઉધના-મગદલ્લા રોડ, સુરત ૩૯૫૦૦૭ એ સરનામે કરવો.

લેખ, ગ્રંથાવલોકન અને સંશોધન-સમાચાર અંગેનો પત્રવ્યવહાર સંપાદક સાથે કરવો.

અર્થાત્

ઓક્ટોબર–ડિસેમ્બર ૧૯૮૯ ગ્રંથ : ૮ ▫ અંક : ૪

અનુક્રમણિકા

૧ આયોજન–સ્વપ્ન અને સત્ય ૧
ડી. ટી. લાકડાવાળા

૨ ખાનગીક્ષેત્રમાં ઉદ્યોગના શ્રમિકોનું સ્થળાંતર અને ગતિશીલતા ૧૫
મહેશ વી. જોષી

૩ પંચાયતીરાજ અને નબળા વર્ગો ૨૭
ધનશ્યામ શાહ

૪ જરીઉદ્યોગ અને સ્ત્રીકામદાર ૩૪
જયશ્રી સોની

૫ ગ્રામ અર્થતંત્ર : દિશાશૂન્ય આંકડાઓની ભ્રમજાળ ૪૬
સ્મિતા શાહ

૬ ટિળક વિશે પરિચયાત્મક પુસ્તક ૫૧
સરમણ પી. ઝાલા

૭ સંક્ષિપ્ત પુસ્તક પરિચય ૫૨

૮ સંશોધન સમાચાર ૫૩

લેખક વૃંદ

ડી. ટી. લાકડાવાળા

ડિરેકટર, સેન્ટર ફોર મોનીટરીંગ ઇન્ડિયન ઇકોનોમી

મહેશ વી. જોષી

અર્થશાસ્ત્રના અધ્યાપક, એમ. એમ. એસ. મહિલા કોલેજ, જૂનાગઢ

ઘનશ્યામ શાહ

સીનિયર ફેલો, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

જયશ્રી સોની

રીસર્ચ એસોસીએટ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

સ્મિતા શાહ

વ્યાખ્યાતા, ડીપાર્ટમેન્ટ ફોર ઓફ રુરલ સ્ટડીઝ, ઇ.ગ્રુ. યુનિવર્સિટી, સુરત

સરમણ પી. ઝાલા

રાજ્યશાસ્ત્રના અધ્યાપક, એમ. એન. કોલેજ, વિસનગર

આયોજન—સ્વપ્ન અને સત્ય

પી. ટી. લાકડાવાળા

૧૯૮૯–૯૦ સાતમી યોજનાનું અંતિમ વર્ષ છે. સાત યોજનાનાં ચોત્રીસ વર્ષો, ૧૯૫૧–૫૨ નાં વાર્ષિક યોજનાઓનાં ત્રણ વર્ષો અને ૧૯૭૮–૮૦નું નનામું વર્ષ ગણતાં આયોજન શરૂ કર્યે આડત્રીસ વર્ષો–સરસત્ર ચાર દાયકાઓ વીત્યા. આ ગાળામાં દેશે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે, સ્વાતંત્ર્ય પહેલા લાંબાગાળાનો આર્થિક વિકાસદર માંડ એક ટકાનો હતો તે વધીને ચાર ટકા થયો છે અને છેલ્લાં દસ વર્ષમાં પાંચ ટકા સુધી પહોંચ્યો છે. આઠમી યોજનામાં એ દર ૭ ટકા સુધી લઈ જવાની આયોજનપંચની આકાંક્ષા છે. અનાજ, જેની આયાત વિના લાખો લોકો ભૂખે મરી જશે એવી સાઠના દાયકામાં તેમ જ સિત્તેરના દાયકાના પ્રથમ ગાળામાં દરેકત સેવાતી હતી તેમાંથી ૧૯૮૭–૮૮ જેવા ભયંકર દુષ્કાળનો સફળ સામનો કરવાની શક્તિ કેળવી. માત્ર સૂતરાઉ કાપડ, રબ્બર, સિમેન્ટ, પોલાદ જેવી થોડી વસ્તુઓના ઉત્પાદનમાંથી ભારે રાસાયણિક ઈલેક્ટ્રિક, મશીનરી તથા બીજી ઔદ્યોગિક પેદાશોના ઉત્પાદનમાં મોટી પ્રગતિ સાધી અને એમાંની કેટલીક વસ્તુઓમાં વિકાસ ક્ષમતા મેળવી, દરેક આવશ્યક ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાના નિષ્ણાતો તૈયાર થઈ શકે એ હેતુથી નવી શિક્ષણસંસ્થાઓ સ્થાપી. એમાં કેળવણી સામેલ્યાઓ વડાર્ની દુનિયામાં પણ માન પામ્યા. રાષ્ટ્રીય ગ્રેડોનું વિશાળ વિસ્તરણ કરી જયતોને વધારી અને ગાકપીઈ, અને વિવિધ ખેતીવાડી અને ઔદ્યોગિક સહકારી સંસ્થાઓ સ્થાપી તેમ જ તેમના રોકાણના નિયમો કરી જયતોને યોગ્ય દિશામાં વાળવા ભગીરથ પ્રયાસો કર્યા. રાજ્યે ઉત્પાદન સગવડો જેવી કે સંદેશ વ્યવહારનાં સાધનો, સીંચણ, કોલસો, વીજળી, આગાડી રસ્તાઓ અનેકગણી કરી, અને આ સગવડો બધાં રાજ્યોમાં અને વિસ્તારોમાં તેમ જ ગ્રામ્ય પ્રદેશોમાં ફેલાવવાનું લક્ષ સ્વીકાર્યું. લઘુતરના વિષયમાં બંધારણનાં દસ વર્ષોમાં ૧૪ વર્ષની ઉંમર સુધી બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રબંધ કરવો એવો આદેશ બંધારણે આપ્યો હતો જે હજુ સુધી આપણે પાળી શક્યા નથી. પરંતુ એ આદર્શનો ઉદ્દેશ વધુ સારી રીતે પળાય એ માટે જે બાળકો એક યા બીજા કારણસર પ્રણાલિકાગત પ્રાથમિક શિક્ષણનો લાભ ન મેળવી શક્યાં હોય તેમને માટે બીજી વધુ અનુકૂળ શિક્ષણ પ્રણાલી ગોઠવવાનું કાર્ય હાથમાં લેવાયું છે, તેમ જ શૈક્ષણિક વટાવી ચૂકેલા અશિક્ષિતો માટે પ્રૌઢશિક્ષણની સામૂહિક પાયે વ્યવસ્થા થઈ છે. તંદુરસ્તીના ક્ષેત્રમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની (Primary Health Centre) આસપાસ નવી દર્દીઓ અને તંદુરસ્તી વ્યવસ્થા સ્થાપવાના પ્રયત્નો થઈ રહ્યા છે. પછાત કે ખાસ વિસ્તારો માટે, નવમા વર્ષો માટે કેટલી અલાયદી યોજનાઓ કે ગોઠવણો થઈ છે કે એ બધીને યાદ રાખવી મુશ્કેલ પડે છે. રણપ્રદેશ, ટેકરિયાળ પ્રદેશ, દુકાળગ્રસ્ત પ્રદેશ, હરિજન, આદિવાસી, અન્ય પછાતજાતિ, બાળકો અને હવે તો સ્ત્રીઓ માટે પણ યોગ્ય વિકાસનક્રો મળે એ હેતુથી જાતજાતની ગોઠવણો થઈ છે અને કોઈ પણ પ્રદેશ કે વર્ગ પોતાની ખાસ જરૂરિયાતો હાલની સામાન્ય ગોઠવણોથી નથી સંતોષાતી એમ વાત કરે કે એવો દાવો કરે તો એને માટે ખાસ વ્યવસ્થા કરવાની તત્પરતા છે. જો આપણે દીર્ઘ આયુષ્યને સુખી, સમૃદ્ધ અને તંદુરસ્ત જીવનનું પ્રતીક ગણીએ તો આપણે સ્વાતંત્ર્ય પછીનાં વર્ષોમાં ઘણું

સુખી, સમૃદ્ધ અને તંદુરસ્ત થયા છીએ એ નિર્વિવાદ છે. ૧૯૫૦-૫૧માં મૃત્યુદર હજારે ૨૭.૪ હતો. ૧૯૮૫-૮૬માં ૧૧.૯ થયો એટલે કે ૫૭ ટકાનો ઘટાડો થયો. જન્મ વખતે આયુષ્યની અપેક્ષા ૧૯૪૧-૫૧ માં ૩૨ વર્ષની હતી, તે ૧૯૮૦માં ૫૪ વર્ષની થઈ એટલે કે ૬૯ ટકા વધી ગામડાંઓ અને શહેરોમાં તેમજ જુદાંજુદાં રાજ્યોમાં મૃત્યુદર તેમજ આયુષ્ય અપેક્ષા એકસરખાં ન હતાં, પણ સુધારો સામાન્ય હતો પ્રાથમિક તપાસે પ્રમાણે ગરીબ કુટુંબોમાં મૃત્યુદર સાધન-સંપન્ન કુટુંબો કરતાં વધુ છે અને જીવનદીર્ઘતા પાછી હશે, પણ બંનેમાં મોટો સુધારો થયો છે. જીવાણુવૃત્તાના સુધારાનો આ આંક કેટલે અંશે ડાક્તરી વિદ્યાની પ્રગતિને આભારી છે અને કેટલે અંશે એમા વધુ સારો આહાર અને રહેણીકરણી તેમજ બીજી સગવડોએ ભાગ ભજવ્યો છે એ ચર્ચાનો વિષય છે.

આ બધી સર્વમાન્ય સિદ્ધિઓ છતાં દેશમાં તીવ્ર અસંતોષ પ્રવર્તે છે. આ અસંતોષ માત્ર વધુ પડતી અપેક્ષાઓને લીધે છે? આદર્શ સમાજવ્યવસ્થા અને કઠિન વાસ્તવિકતા વચ્ચે, સુંદર સ્વપ્ન અને નરી હકીકત વચ્ચે જે સ્વાભાવિક ખાઈ રહે છે એ ઓળંગવાનો દૃઢ નિર્ણય લેવા પ્રેરી શકે એવા પ્રકારનો છે? આ પ્રશ્નોનો ઝીણવટભર્યો અભ્યાસ જરૂરી છે.

આપણા દેશના બંધારણના ઘડવૈયાઓએ રાષ્ટ્રીય લડતના આર્થિક ધ્યેયોના નિચોડરૂપે કેટલાક આદેશાત્મક સિદ્ધાંતો સ્થાપ્યા હતા. એમાં બધા શહેરીઓમાં સમાન દરજ્જો અને સમાન તકો, કામ કરવાનો, ભણતરનો અને બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી, કમજોરી અને જરૂરિયાતોના બીજા કિસ્સાઓમાં જાહેર સહાય મેળવવાનો હક્ક આપવાનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. તદુપરાંત, બધા શહેરીઓ પુરુષો અને સ્ત્રીઓને પૂરતી આજીવિકાનાં સાધન પ્રાપ્ત કરવાનો સમાન હક છે અને વ્યક્તિ વચ્ચેની જ નહિ પરંતુ જુદા વિસ્તારોમા રહેતા કે જુદા ધંધાઓમાં રોકાયેલા માનવ સમૂહોની વચ્ચેની આવક, દરજ્જા, સગવડો અને તકોની અસમાનતાઓ ન્યૂનતમ કરવી જોઈએ એ રાષ્ટ્રીય આદર્શ સ્થાપ્યો. આ આદર્શો કોઈ ઉદ્દામવાદીઓના ન હતા, પરંતુ રાષ્ટ્રીય લડતમાં દેશની સ્વતંત્રતા માટે સર્વસ્વ અર્પણ કરી લોકપ્રતિનિધિઓ તરીકે ચૂંટાયેલા મહાનુભાવોના હતા. આયોજન પંચોનું મુખ્ય કામ આ સિદ્ધાંતોને વ્યવહારરૂપ આપવાનું રહ્યું છે. બધાં જ આયોજન પંચે આ ધ્યેયોને મુખ્ય ઉદ્દેશો તરીકે રાખ્યા હતા, અને સિત્તેર પછીની બધી યોજનાઓમાં સમાનતા, ગરીબીનાબૂદી, પૂર્ણ રોજી અને ન્યૂનતમ જરૂરિયાતોનો સંતોષ મુખ્ય ધ્યેયો બની ગયા છે. એ સ્વાભાવિક છે કે આપણે પૂછીએ કે સાત યોજનાને અંત અંતિમ ધ્યેયોની પ્રાપ્તિ પ્રત્યે આપણે કેટલા આગળ વધ્યા છીએ અને હજુ વિજય સ્થાન કેટલું દૂર છે? જો દૂર હોય, તો આપણાં સાધનવપરાશમાં કાંઈ ક્ષતિ છે? અને એ કેમ દૂર કરી શકાય? ધ્યેયો નક્કી કરતી વખતે પણ એમને સિદ્ધ કરવામાં વખત લાગશે એ સમજણ હતી અને આવા મહાન આદર્શો ભાગ્યે જ સમયબદ્ધ પુરવાર થાય છે. પરંતુ ચાર દાયકાને અંતે પણ નજદીકના ભવિષ્યમાં નહિ સધાય એમ લાગે તો અધીરાઈ પ્રવર્તે એ સ્વાભાવિક છે. નિયત દિશામાં આપણે પ્રગતિ પણ નથી કરતા એવો વહેમ પેદા થાય તો એ અસંતોષનો દાવાનળ કોઈવાર રાષ્ટ્રને ભરખી જાય. સદ્ભાગ્યે એ પરિસ્થિતિથી હજુ આપણે થોડા દૂર છીએ ત્યારે જ ચર્ચા કરી આર્થિક નીતિઓમાં અપૂર્ણતાઓ દૂર કરી વસ્તુસ્થિતિ સુધારવા બનતા પ્રયત્ન કરવા જોઈએ.

આર્થિક સમાનતા

આર્થિક વિકાસની પ્રાથમિક અસર અસમાનતાઓ વધારવાની છે. આર્થિક વિકાસ એટલે વ્યક્તિગત રીતે વધુ ઉત્પાદનની, વધુ સેવાઓની, વધુ કમાણીની તકો. એ તકોનો વધુ ઉપયોગ સાધનસંપન્ન, ભણેલા કે કુશળ નિષ્ણાતો જ કરી શકે. સાધનવિહીન કે અભણ કે બિનકુશળને આ તકોનો લાભ ભાગ્યે જ મળે. આ ભયસ્થાન ધ્યાનમાં રાખી વહેંચણી વધુ સમાન થાય એ માટે રાજ્યે સંખ્યાબંધ પગલાં લીધાં છે. એવાં પગલાં-

માં રાજ્યક્ષેત્રે કરવેરા કે ખર્ચનીતિ નિયમનક્ષેત્રે લઘુતમવેતનનીતિ, ભાવનીતિ, મજદૂરનીતિ, સ સ્થાકીયક્ષેત્રે જાડે-ક્ષેત્રનો વિસ્તાર, જમીનદારોની નાબૂદી, ખેડે તેની જમીન જેવા જમીનસુધારણાના કાયદાઓ, મેનેજિંગ એજન્સી પ્રથામાં મોટા સુધારાઓ, ઈજારા અને હરીફાઈ વિરોધી પ્રથાઓને લગતો કાયદો, સહકારી ક્ષેત્રને ઉત્તેજન, નાના ખેડૂતોને, કારીગરોને. વેપારી-કે ઉદ્યોગ સ્થાપનાર માટે ખાસ સગવડો આપે એવી સંસ્થાઓ ઇત્યાદીનો સમાવેશ થાય; આ બધા પ્રયત્નો કેટલે અંશે સફળ થયા અને એમને ક્યાં અને ક્યાં વિઘ્નો નડ્યાં એ બધાનો રસપ્રદ ઇતિહાસ આપણે અહીં સમયને અભાવે જોઈ શકીએ એમ નથી, માત્ર બે પ્રયત્નોની—રાજકોષીય નીતિ અને જાહેર સાહસોની અહીં નોંધ લઈએ.

રાજકોષીય નીતિ

રાજકોષીય નીતિ બે માર્ગે અસમાનતા પર મોટી અસર કરી શકે મહત્તમ આવક કે મિલકતની ટોચ-મર્યાદા બાંધી વધુ આવક કે મિલકત પર સો ટકા વેરો નાખી એ આવક કે મિલકત મર્યાદાનું અમલીકરણ કરી શકે, અને અમુકથી ઓછી આવકવાળાઓને નાણાકીય સહાય આપી લઘુતમ આવકની સપાટી પર લાવી શકે. સો ટકા આવકવેરો વ્યવહારુ નથી. પરંતુ ભારે આવક વેરાથી આવકની ટોચમર્યાદાની નજદીક જઈ શકીએ છીએ. ૯૦ ટકાથી પણ વધુ આવકવેરો નાખી તેમ જ ૫-૭ ટકાનો મિલકતવેરો લાદી આપણે આવક મર્યાદાની દિશામાં ભગીરથ પ્રયત્નો કર્યા હતા. પરંતુ કરચોરી એટલી વધી અને રાહતો, પ્રોત્સાહનો, ઉત્તેજનો એટલા બધાં અપાયાં કે ફુગાવા છતાં બિન ખેતીવાડી આવકના ટકા તરીકે ૧૯૭૪-૭૫ પછી આવકવેરો ઘટતો રહ્યો અને ૧૯૮૩-૮૪માં અડધાથી પણ ઓછો થયો (૩ ટકાથી ૧.૫ ટકા) ૧૯૮૫-૮૬માં આવકવેરા અને મિલકતવેરાના દરો ઘણા ઓછા થયા, અને લાંબા ગાળાની રાજકોષીય નીતિના ભાગ તરીકે આ દરો સાતમી પંચવર્ષીય યોજનામાં વધારાશે નહિ એવી ખાતરી અપાઈ. એકવાર દુષ્કાળમાં મદદ માટે તેમ જ આ સાલમાં જવાહરલાલ નહેરુ રોજગાર યોજના માટે આ ખાતરી તોડાઈ પણ તે છતા સીધા કરવેરાના દરો ૧૯૮૫ની સરખામણીમા ઘણા ઓછા છે આ ઘટાડા છતાં કરવેરા આવકમાં કશો ઘટાડો થયો નથી એટલે ફરિયાદને અવકાશ નથી. પરંતુ બે બનાવો નોંધપાત્ર છે. ૧૯૮૫ના કરસુધારામા દરઘટાડા સાથે પ્રોત્સાહન રાહત ઈત્યાદિનો ઘટાડો વિચારાયો હતો. એવા ઘટાડાથી કર-આવકમાં વધારો થશે એવી અપેક્ષા સેવાતી હતી. પરંતુ એ કાર્યક્રમ અડધેથી પડતો મૂકવાનું આવ્યો લાગે છે. જાહેર સાહસોના મર્યાદા વિનાના કરમુક્ત બોંડો કાઢી તેમ જ એવી સરકારી દુષ્કાળ રાહત લોનો ઉઘરાવી બચત પ્રોત્સાહનોમાં મોટો અયોગ્ય વધારો કરવામાં આવ્યો છે. સાથોસાથ, મૃત્યુવેરો ૧૯૮૫થી કાઢી નાખ્યો છે. સામાજિક રીતે જેનો ઓછામાં ઓછો બચાવ કરી શકાય એવી વ્યવસ્થા મિલકત વારસાની છે. દરેક વિકસિત દેશમાં એ પ્રથાને ભારે કરપાત્ર ગણી છે. ચાળીસ વરસથી ચાલતો આવેલો મૃત્યુવેરો સમાનતાને વરેલા આપણે નાબૂદ કર્યો છે. નારાયણ દત્ત તિવારી ઘણા જ હળવા રૂપમાં વારસા વેરાને પાછો લાવ્યા છે પણ એના મૂળ સ્વરૂપમાં એને પુનર્જીવિત કરવો જોઈએ. ખેતીવાડી પર સીધા કર નાખવાની જવાબદારી રાજ્યોની છે. એ યોગ્ય રીતે નાખવાની જવાબદારી અદા કરવા ભાગ્યે જ કોઈ રાજ્ય તૈયાર છે. ખેતીની આવક વધે, જમીન મહેસૂલ વધે એવી સર્વમાન્ય નીતિ રાજ્યોને સ્વીકાર્ય નથી એ સંજોગોમાં વસ્તુઓ પરના કરવેરાનો ફાળો વધતો જાય છે. ૧૯૫૦-૫૧માં સીધા કરવેરા આવકના ૩૫ ટકા આપતા હતાં તે ૧૯૮૬-૮૭માં ઘટીને ૧૫ ટકા થયા. કર નાખતી કે વધારતી વખતે ચીજોની પસંદગી કરવામાં સરકારો સારી સંભાળ લે છે અને બન ત્યાં સુધી જરૂરિયાતો પર ઓછો ભાર પડે એ જુએ છે. પરંતુ માલકોના સીધા ઘરવપરાશમા ન આવે એવી ચીજોની પસંદગી નું ઝીણવટભરી તપાસ શક્ય નથી. ઘણી સંભાળ છતાં આડકતરા કરવેરા સીધા

કરવેરા જેવા પ્રગતિશીલ નીવડી ન જ શકે, એટલે જ એક પ્રખર વિચારકે સમાનતાને 'ભુલાઈ ગયેલા આદર્શ' તરીકે વર્ણવ્યો છે.

મફત કે સસ્તી રાજ્યસેવાઓ અને નાણાકીય સહાય દ્વારા દરેક શહેરી કુટુંબની આવક અમુક કક્ષાથી નીચે ન જાય એ રાજ્ય જોઈ શકે. ઘણા વિકસિત દેશોમાં સામાજિક સુરક્ષિતતાનાં જુદાં જુદાં પગલાંથી આ ધ્યેય સુધી પહોંચવા પ્રયત્નો થયા છે. પણ આપણી ગરીબી એટલી કારમી છે અને સરેરાશ આવક એટલી ઓછી છે કે આવી કોઈક જોગવાઈ આપણી શક્તિની બહાર છે. પૈસાદાર દેશો રાષ્ટ્રીય આવકના ૪૦-૫૦ ટકા રાજ્યકોષ માટે ઊભા કરે છે. બહુ બહુ પ્રયત્નો છતાં અને ઘણાં નાણાં ઉછીનાં લેવા છતાં આપણે ૩૩ ટકા માંડમાંડ મેળવી શકીએ છીએ. એ પૈસાનો સારો એવો ભાગ સંરક્ષણ માટે, આંતરિક કાયદા-વ્યવસ્થા માટે, જૂના દેવાના વ્યાજ માટે ખરચવો પડે છે. દેશના આર્થિક વિકાસ માટેની જોગવાઈઓ અને સગવડો-વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, સીંચણકામો, વીજળીસ્ટેશનો, ભણતર, તંદુરસ્તી અને ખાનગી સાહસ જેમાં જોખમને લીધે કે ચોક્કસ નફાના અભાવને લીધે પહેલ ન કરે એવા ઉદ્યોગની સ્થાપના કે વિકાસ ઘણા પૈસા માગી લે છે. એ છતાં ગમે ત્યાં વસતા હિંદીને અમુક અનુકૂળતાઓ, શિક્ષણ તબીબી સહાય, રસ્તા, વીજળી, આવાસ અને નિર્વાહ-શાળી થોડે અંશે મળે એ માટે ગોઠવણો શરૂ કરી છે. નાણાકીય તંગીએ આ સગવડો પર મોટી મર્યાદા મૂકી છે. એ મર્યાદામાં સગવડોનો લાભ ઓછાને મળે છે. વખત જતાં અને રાષ્ટ્રીય આવક વધતાં એ સગવડોનો વ્યાપ વધારી શકાશે એમ લાગે છે—કેટલી ઝડપથી એ ચર્ચાનો વિષય છે.

સાતમી યોજનાની મધ્યવર્તી સમીક્ષાનો આયોજન પંચનો અહેવાલ આપણી રાજ્યનાણાવ્યવસ્થાની એક કરુણ કથની રજૂ કરે છે. એ કાળમાં યોજના માટે ૧૧ વધુ નાણાકીય સાધનો ઊભાં કરાયાં હતાં પણ એ યોજના માટે વપરાયાં ન હતાં. એમનો મોટો ઉપયોગ બિનયોજનાકીય હેતુઓ માટે જ થયો હતો. ભારત સરકારે યોજના ખરચનાં ૯૭ ટકા જેટલાં નાણાં વધુ ધિરાણ અને ફુગાવાવાટે મેળવ્યાં હતાં, રાજ્ય સરકારો માટે નવા નિયમો પ્રમાણે મોટી ખાધ તો શક્ય નથી. એમણે ભારત સરકાર પાસે વધુ મદદ અને ઉછીના પૈસા લઈ યોજના અમલમાં મૂકી હતી. આ પરિસ્થિતિ કાંઈ તદ્દન પહેલી વાર ન હતી. ૧૯૭૯-૮૦ થી ભારત સરકારની ચાલુ આવક ચાલુ ખરચને પહોંચી વળતી ન હતી, અને એને પહોંચવા દેવું કરવું પડતું હતું. હવે એવી પરિસ્થિતિ આવી છે કે નવા બજાર દેવામાંથી જૂનાં દેવાંનું વ્યાજ ભાગ્યે જ નીકળે. છેલ્લાં પાંચ વરસના ભારત સરકારના અંદાજ પત્રકોનું પૃથક્કરણ કરીએ તો ખબર પડે છે કે દરેક વરસના ખરચ વધારાનો મોટો ભાગ ચાલુ ખરચમાં અને બિનયોજનાકીય હેતુઓમાં વપરાય છે અને મૂડી સર્જનમાં કે આયોજન માટે થોડો જ ભાગ વપરાય છે. દા. ત. ૧૯૮૯-૯૦ના અંદાજપત્રક પ્રમાણે, રૂ. ૧૧,૬૮૦ કરોડ વધુ ખરચવાના હતા, એમાંથી ૨૧ ટકાથી ઓછા યોજના માટે ખરચવાના છે અને ૨૩ ટકા જ મૂડી સર્જનમાં જશે.

આઠમી પંચવર્ષીય યોજનામાં વધુ ખરચ માટે (રાષ્ટ્રીય આવકના ટકા તરીકે) ઘણા હકદારો છે. નવા જ ઉમેદવારો લઈએ, તો પર્યાવરણના રક્ષણ માટે, પ્રદૂષણ અટકાવવા માટે, માનવસાધનવિકાસ માટે, રહેઠાણ માટે, ગામ અને ખેતીવાડીને અનુરૂપ ઉદ્યોગો માટે, નાના વિકાસ કેન્દ્રો બને તેવાં શહેરોને યોગ્ય અનુકૂળતાઓ આપવા માટે ઘણાં નાણાંની જરૂર છે. વધુ પૈસા ઊભા કરવા વિધવિધ ઉપાયો સૂચવાયા છે પણ ઘણા ખરા ઉપાયો લેવામાં હવે ઉગ્ર વિરોધનો સામનો કરવો પડે છે. સરકાર નાણાંનો દુરુપયોગ કરે છે એવી સામાન્ય માન્યતા પ્રવર્તે ત્યાં સુધી વધુ કરવેરા નાખવા મુશ્કેલ રહેવાનું. ખોટા વ્યયના અનેક દાખલા-ઓમાંથી બે જ લઈએ. સરકારી (ભારત સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓના) કર્મચારીઓને

બાદ કરતાં નોકરિયાતોની સંખ્યા ૧૯૮૦–૮૧થી વધારી ન હોત અને પગાર ભાવવધારા પૂરતો જ મર્યાદિત રાખ્યો હોત, તો ૧૯૮૫–૮૬માં રૂ. ૪૮૦૦ કરોડનો ખરચ ઓછો થાત. આ વધારામાં સંખ્યા વધારાનો હિસ્સો એક-તૃતીયાંશ અને પગાર વધારાનો બે-તૃતીયાંશ હતો. આ વધારાને લીધે સરકારી તંત્રની કાર્યક્ષમતા વધી હોય એવી સાબિતી નથી. આયોજન ખરચ નવો હોઈ પૂરતી તપાસ બાદ જ કરવામાં આવે છે એમ મનાય, પરંતુ યોજનાનો અમલ એવી રીતે થાય છે કે એમાં ઘણા અઘટિત નિર્ણયો થઈ શકે. આયોજન પંચના સભ્યોએ એવો મત દર્શાવ્યો છે કે હિંદી વિમાની સેવાએ ઘણી ખોટ કરતી લાઈનો કોઈપણ યોગ્ય કારણ વિના ચાલુ કરી છે અને એટલી નવી આગગાડીની લાઈનો નાખવાનું શરૂ થયું છે કે પૂરી કરવામાં વરસો વીતશે. ખરચના વધારા પ્રત્યે અને વધતી ખાધ પ્રત્યે આટલી ગંભીર બેદરકારી એવી દહેશત ઊભી કરે છે કે લોકમત નહિ કેળવાય તો ગમે તેટલાં વધુ સાધનો મળે પણ પૂરતાં નહિ પડે.

જાહેર સાહસો

આપણા આયોજનમાં જાહેર ક્ષેત્રનું સ્થાન ઘણું મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. આપણા અર્થતંત્રમાં એ સર્વોપરી છે. જે ઉદ્યોગોમાં લાંબા ગાળામાં જ નફો હોવાને લીધે ખાનગી ઉદ્યોગપતિઓને રસ ન હોય, જે ઉદ્યોગોમાં જાહેર નિયમનોની તીવ્ર જરૂર હોય કે જે ઉદ્યોગોની સફળતા સારા ઔદ્યોગિક વાતાવરણ પર આધારિત હોય એવા પાયાના ઉદ્યોગો માટે જાહેર સાહસોની કલ્પના કરવામાં આવી હતી. સાથોસાથ સમાજવાદના પ્રથમ પાયા તરીકે પણ એમનો ઉપયોગ ધરાયો હતો. મૂડીની અસમાનતા એ આર્થિક અસમાનતાનું મોટામાં મોટું કારણ. જો ખાનગી મિલકતને બદલે રાજ્યની મિલકત વધે તો અસમાનતા ઓછી થાય અને જાહેર સાહસ એ જાહેર મિલકત વધારવાનું સાધન ગણાવ્યું હતું. સફળ સમાજવાદનો મોટામાં મોટો આધાર માનવીની સ્વાર્થવૃત્તિને પરમાર્થવૃત્તિમાં, કોમહિતવૃત્તિમાં બદલવાનો છે અને જાહેર સાહસ એ વૃત્તિને અનુકૂળ વાતાવરણ સર્જી શકે. ખાનગી સાહસ હોય ત્યાં સુધી કામદારોની એવી લાગણી રહે કે વધુ મહેનતનો, ઓછા વેતનનો, ફાયદો માલિકોને, નફાખોરોને થશે. જાહેર સાહસ એવી વૃત્તિ જગાવી શકે કે વધુ નફાનો ફાયદો રાજ્યને, પ્રજાને, આખી કોમને મળશે. જાહેર સાહસો નફો કરતાં હોય તો રાજ્યે ખાનગી બચતો પર ઓછો આધાર રાખવો પડે અને સીધા કરવેરાનો દહેશત વિના ઉપયોગ કરી શકે. આ ત્રણે ધારણાઓમાંથી એકે પૂરી પડી નથી. જાહેર સાહસોની મૂડી રાજ્ય પાસેથી કે ઉછીના પૈસામાંથી ઊભી કરવામાં આવે અને એમની અનામત મૂડી નજીવી છે. જાહેર સાહસો અને બીજી મૂડીની કમાણીમાંથી રાજ્ય સરકાર એમને માટે લીધેલા ઉછીના પૈસાનું વ્યાજ ભરી શકતી નથી, અને બીજા કરવેરામાંથી એટલા પૈસા ફાજલ રહેતા નથી એટલે વ્યાજ ચૂકવવા બીજું દેવું કરવાની ફરજ પડે છે. જાહેર સાહસો વધુ કાર્યક્ષમ ન નીવડે ત્યાં સુધી આ કથની ચાલુ રહેવાની. એટલે જાહેર મિલકતની અસમાનતા પર ભાગ્યે જ અસર થાય, અને કર–પ્રોત્સાહનો દ્વારા વધુ બચત મેળવવાનું પ્રલોભન ચાલુ જ રહેશે. જાહેર સાહસોના ઔદ્યોગિક સંબંધો ખાનગી સાહસ કરતાં ખાસ વધુ સારા નથી. હાલ તો એમની વિરુદ્ધ મોટી ઝુંબેશ ચાલે છે અને ક્યાં ક્યાં ક્ષેત્રોમાં જાહેર સાહસ કરતાં ખાનગી ક્ષેત્ર વધુ સફળ નીવડશે એની શોધ ચાલી રહી છે. જો ચાર વાતો ધ્યાનમાં રખાય તો એવી શોધ ફળદાયી નીવડશે. (૧) જાહેર સાહસો ઓછું વળતર આપે છે એ હકીકત છે. (યેનોન પ્રકારેણ) જો ખાનગી સાહસ એ ધંધો લે તો વધુ વળતર મેળવશે એ શક્ય છે. પરંતુ, ખાનગી વ્યક્તિઓ કે કંપનીઓ એના અદ્યતન સ્વરૂપમાં ધંધો ચલાવવા તૈયાર થશે કે કેમ એ પ્રશ્ન છે. સામાન્ય અનુભવ એવો છે કે ઉદ્યોગપતિઓ પહેલાં જાહેર સાહસ લઈ લેવાની તત્પરતા દાખવે છે, પછી વાટાઘાટમાં એવી શરતો મૂકે છે કે સરકારને ભાગ્યે જ સ્વીકાર્ય હોય. (૨) જે શરતે ખાનગી કંપનીઓ ધંધો લેવા અને ચલાવવા તૈયાર હોય એ શરતો જો

જાહેર સાહસને લાગુ કરાય તો જાહેર સાહસ પણ વધુ ચળતર આપી શકે કે કેમ તે અંતિમ નિર્ણય લેતા પહેલાં જોવાવું જોઈએ. (૩) સાહસ જાહેર-ક્ષેત્રમાં ચલાવવાનો નિર્ણય કરવામાં અમુક જાહેરહિતની ગણતરી હશે. એ ગણતરી નવા સંજોગોને લીધે અપ્રસ્તુત થઈ હોય કે એ હિતો હવેના સંજોગોમાં ખાનગી હિત પણ જોખમમાં ન મૂકે એમ હોય તો જ ખાનગીકરણનો વિચાર કરી શકાય. (૪) ખાનગી સાહસો સરકાર કરતાં વધુ સહેલાઈથી મોટા પ્રમાણમાં નાણાં મેળવી શકશે એ માન્યતા ભ્રામક લાગે છે. જો નાણાં રોકનારાઓ સંગઠિત ક્ષેત્રે પૈસા રોકવા માંગતા હોય, તો સરકાર એ બચતા જરૂર આકર્ષી શકે. બ તે વચ્ચેની ખરી પસંદગી કાર્યદક્ષતાની છે. જો નિર્ણયમાં આ બાબતોને યોગ્ય વજન અપાશે, તો આજની ચર્ચામાંથી ઉદ્ભવતી નવી નીતિ અર્થશાસ્ત્રને ફાયદાકારક નીવડશે.

વિકાસદર અને આવકવહેંચણી

આપણે આગળ જોયું તેમ સ્વાતંત્ર્ય પહેલાંના વિકાસદર કરતાં આપણો વિકાસદર ઘણો વધ્યો છે, અને છઠ્ઠી પંચવર્ષીય યોજનાથી વધુ હેતુલક્ષી બન્યો છે. દક્ષિણ-પૂર્વ એશિયાના બીજા કેટલાક દેશોના પ્રમાણમાં એ ઓછો લાગે છતાં એની જનજીવનધોરણ પર સારી અસર થવી જોઈએ. સામાન્ય રીત એ અસર બધા વર્ગો પર પ્રસરવી જોઈએ એવી અસર કેમ દેખાતી નથી, કે એ દેખાવ જ ભ્રમ છે? નજીવી અસરનું મુખ્ય કારણ વસ્તી વધારો છે. સ્વાતંત્ર્ય પહેલાં મોટા મૃત્યુ દરને લીધે આપણો વસતી વધારો મર્યાદિત હતો. ૧૯૩૧-૪૧ અને ૧૯૪૧-૫૧ના દસકામાં અનુક્રમે વસ્તીમાં ૧.૩૪ અને ૧.૨૬ ટકાનો વાર્ષિક વધારો થયો હતો. ત્યાર પછી મૃત્યુ દર સારા પ્રમાણમાં ઘટયો અને જન્મદરમાં નજીવો ફેરફાર થયો એટલે પછીના બન્ને દસકામાં વાર્ષિક બે ટકા કે એથી વધુ વસ્તી વધારો થયો. આને કારણે પાંચમી યોજના સુધી માથાદીઠ આવક વધારો ૧.૫ ટકા જેટલો જ થો. આવક વધારા સાથે બચતના ટકામાં વધારો થયો એટલે માથાદીઠ વપરાશવધારો આવકવધારાથી ઓછો થઈ શકયો. કુલ આવક હવે જો ૫ ટકાના દરે વધે તો માથાદીઠ આવક ૨.૩ ટકા જેટલી વધે એટલે વધારો લગભગ બમણો થાય. જો આવકવહેંચણી ન બદલાય, તો સારા વૃદ્ધિદરની અસર એક દાયકામાં બધા પર થાય. આપણો આવકવૃદ્ધિદર હમણાં જ ૫ ટકા સુધી પહોંચ્યો છે પણ વહેંચણીમાં વિષમતા વધી છે એવી દહેશત છે.

આવકવહેંચણીના ભરોસા પાત્ર આંકડા મળતા નથી. ઓછો કર આપવા મોટી આવકવાળાઓ પોતાની આવક અને મિલકત છુપાવે છે અને વખતના વહેણ સાથે કરચોરી વધતી ગઈ છે, એટલે વ્યક્તિગત આવક-વહેંચણી વધુ સમાન થઈ કે અસમાન થઈ એ ચોક્કસપણે આંકડાના જોરે કહેવાતું નથી. પણ મોજ-શોખની વપરાશ બીજા ઉપયોગોનાં પ્રમાણમાં ઘણી વધી ગઈ છે એ નિર્વિવાદ છે. જુદા જુદા લોકસમૂહ વચ્ચેની અસમાનતા વધી છે એવી સાબિતી છે. ૧૯૫૦-૫૧ અને ૧૯૮૫-૮૬ વચ્ચે કુલ રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનો ફાળો ૫૧.૨ ટકાથી ઘટી ૩૨.૬ ટકા થયો છે, પણ ખેતીમાં કામ કરનારા-ઓની સંખ્યામાં વસ્તી પત્રક પ્રમાણે કશો નોંધપાત્ર ઘટાડો થયો નથી. ખેતીવાડીમા રોકાયેલાની સરેરાશ આવક બીજાં ક્ષેત્રોમાં કામ કરનારાઓથી ઓછી હતી તે હવે વધુ ઓછી થઈ હશે. ૧૯૭૦-૭૧માં ગરીબમા ગરીબ રાજ્ય બિહારના રહેવાસીની સરેરાશ આવક પૈસાદારમાં પૈસાદાર રાજ્ય પંજાબની સરખા-મણીમાં ⅓ હતી તે ઘટીને ૧૯૮૨-૮૩માં ⅓ થઈ. સંગઠિત ક્ષેત્રે કામ કરનારાઓની સંખ્યા માત્ર ૧૦ ટકાની છે. એમની કમાણી તેમ જ કામ કરવાની સગવડો અસંગઠિત ક્ષેત્રે કામ કરતા ૯૦ ટકાની સર-ખામણીમાં ઘણી સારી છે. એમાંના ૭૦ ટકા તો સરકારી ખાતાંઓમાં કે જાહેર સાહસોમાં કામ કરતા હોય છે. નિયમિત કામના કલાકો, નિયમ પ્રમાણે પગાર અને બઢતી. આડવાડિક રજા, હકની રજા, માંદગીના રજા, પ્રોવિડન્ટ ફંડ કે પેન્શન, બોનસ,

અર્થાત્

ઈત્યાદિ એમને મળતાં હોય છે. ધીરે ધીરે આ હક્કો વધતા જાય છે. અસંગઠિત ક્ષેત્રે સ્થાયી નોકરીની પણ ખાતરી હોતી નથી. ૧૯૮૧માં સંગઠિત ક્ષેત્રે કામ કરનારની સરેરાશ આવક અસંગઠિત ક્ષેત્રે કામ કરનારની આવક કરતાં ૪.૭ ગણી હતી. અસંગઠિત કામદારોમાં પણ ખેતી ક્ષેત્રની બહાર કામ કરતા કામદારની આવક ખેતી ક્ષેત્રની આવક કરતાં ૨.૯ ગણી હતી. આવી અસમાનતાઓમાં અને કદાચ વધતી વિષમતાઓમાં પ્રગતિ દરમાં ઘણા સહભાગી ન હોય તો એ નવાઈની વાત નથી.

રોજી–માગ અને પૂર્તિ

વિકાસની દૃષ્ટિએ બીજી એક વાત ચોંકાવનારી છે. ગ્રામ્યજગતમાં છેલ્લા દસકામાં સ્વરોજી મેળવનારાઓના ટકા ઘટતા ગયા છે અને મજદૂરોનું પ્રમાણ વધતું ગયું છે. નેશનલ સેમ્પલ સર્વેની માહિતી મુજબ ૧૯૭૨–૭૩માં પુરુષોમાં આ આંકડો અનુક્રમે ૬૬ અને ૩૪ ટકા હતા તે ૧૯૮૩માં ૬૦ અને ૪૦ ટકા થયો હતો. મજદૂરોમાં નિયમિત રોજીવાળાનું પ્રમાણ ઘટયું હતું અને એવાં કામો ન મેળવી શકે એવાની સંખ્યા ૨૨ ટકામાંથી ૨૯ ટકાએ પહોંચી હતી. એજ સર્વેક્ષણ પ્રમાણે ખેતીમાં કામ કરનારાઓનું પ્રમાણ ૮૩ ટકાથી ૭૮ ટકા સુધી ઘટયું છે, પણ એ ઘટાડો બીજે ક્ષેત્રે કામ વધુ આકર્ષક છે એથી થયો છે કે ખેતી ક્ષેત્રની વધુ કામદારોને સમાવવાની અશક્તિથી થયો છે એ વિવાદાસ્પદ પ્રશ્ન છે. જો પહેલું કારણ હોય તો હિંદની પ્રગતિ માટે આશાવાદી ચિહ્ન ગણાય. ગ્રામ્ય મજદૂર ટકામાં વધારો એ મૂડીવિહીનની સંખ્યામાં વધારો ગણાય. એવા માણસોને સ્થાયી મજદૂરી ન મળે તો બેકારીના વખતમાં બીજો કશો આધાર ન મળે અને એમની કંગાલિયતમાં વધારો થાય.

ભારતના અર્થતંત્રમાં વિકાસદર વધવા સાથે રોજીવધારાનો દર ઘટયો છે. ૧૯૭૩–૭૮માં રોજીમાં ૨.૪ ટકા વાર્ષિક વધારો થયો હતો પણ બીજાં છ વર્ષમાં ૧૯૭૮–૮૩માં આ દર ઘટી ૧.૫ ટકા થયો હતો. બંને વસ્તુઉત્પાદનક્ષેત્રે–ખેતી અને ઉદ્યોગમાં–રોજી વધારાનો દર ઘટયો હતો. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં શ્રમશક્તિમાં દર વર્ષે ૨.૫ ટકા વધારો થવાની ગણતરી હતી, એટલે આ યોજનાને અંતે રોજી શોધનાર અને ન મેળવનારની સંખ્યા વધી હતી. સાતમી યોજના પણ આવી જ રીતે પરિણમે એવી શકયતા છે. રોહિણી નાયર અને ટી. એસ. પપોલાએ એક ટકા આવક (ઉત્પાદન) વધારાથી (૧૯૭૭–૭૮થી ૧૯૮૭ની વસ્તુસ્થિતિ પરથી) કેટલી રોજી વધશે એની ગણતરી કરી છે. એ ગણતરી પ્રમાણે જો આઠમી યોજનામાં ૬ ટકાનો વિકાસ દર થાય તો માત્ર ૨ ટકા રોજી વધે, જ્યારે બધા મજદૂરોને ૧૯૯૫ સુધીમાં રોજી આપવા ૪.૭૫ ટકા વધારાની જરૂર છે. આને માટે ૧૫ ટકા વિકાસદરની જરૂર પડે.

બેકારી

સવાલ એ થાય છે કે આ ગંભીર પરિસ્થિતિનું બેકારીના આંકડામાં પ્રતિબિંબ પડે છે? બેકારીના ખ્યાલ અને માપો વિકસેલા દેશોમાં રોકાએલા નિયત મજદૂરોને અનુરૂપ છે. જાત ધંધો કરતો હોય કે ઋતુ પ્રમાણે જેમનું કામ આછુંવત્તુ રહેતું હોય એવાને બેકારીની વ્યાખ્યા બંધબેસતી આવતી નથી. આપણે આપણા આર્થિક સંજોગોને અનુરૂપ બેકારીની મોજણી થાય એ માટે મહદ્ પ્રયત્નો કર્યા છે, છતાં પરિણામો એજ રહ્યાં છે. નેશનલ સેમ્પલ સર્વેની મોજણી પ્રમાણે ગ્રામ વિસ્તારોમાં પુરુષોની બેકારી ૪.૮ ટકા હતી અને સ્ત્રીઓની ૨.૫ ટકા, જ્યારે શહેરી વિસ્તારોમાં આ બેકારી ૫.૫ અને ૧.૭ ટકા હતી. આ આંકડા દેશની ગંભીર પરિસ્થિતિનો પૂરેપૂરે ખ્યાલ આપતા નથી, કારણ કે રોજીનો સવાલ લાંબાગાળાનો થાય ત્યારે જે વેતન મળે એ પર અને જેટલા વખત માટે મળે એટલા વખત માટે કામ કરવા માણસ તત્પર થઈ જાય છે. એ વેતન કુટુંબના જીવનનિર્વાહ માટે પૂરતું ન પણ હોય.

બેકારોની સંખ્યાના કેટલાક આંકડા એવા છે કે જેનો

આપણે વિચાર કરીએ તો આપણી નિદ્રા ઊડી જાય. રોજગાર કચેરીમાં નોંધાયેલી કામ શોધનારાઓની સંખ્યા છેલ્લાં દસ વર્ષમાં ત્રણ ગણી થઈ છે. ૧૯૮૬માં એ ત્રણ કરોડ સુધી પહોંચી હતી. એમાં મેટ્રિક કે એથી વધુ ભણેલાઓની સંખ્યા અડધાથી વધુ છે. બધા જ બેકારો કચેરીમાં નામ નોંધાવતા નથી. (૨૯ ટકા જ નોંધાવે છે.) તેમ જ નામ નોંધાવનારઓમાં બધા જ કામ વિનાના (૨૬ ટકા જ) હોતા નથી. નામ નોંધાવનારાઓ મુખ્યત્વે શહેરમાં રહેનારાઓ હોય છે, એટલે આ વધારો આપણા મુખ્ય કોયડાને-અર્ધબેકારીને સ્પર્શતો નથી. રોજી શોધનારાઓમાં ભણેલાઓનો પ્રશ્ન થોડો અલગ છે. એમની સંખ્યા વધી છે પણ સરકાર કે મોટા ઉદ્યોગોની માગ ઘણી ધીરે વધે છે. બીજી નોકરીઓ કે ધંધાઓમાં એમને રસ નથી. એનો ઉકેલ ભણતર પદ્ધતિ બદલી એમની શક્તિ, વૃત્તિ અને આકાંક્ષાના પલટામાં છે, પછી સ્વરોજગારીની પ્રવૃત્તિ માટે એમને સગવડો આપી શકાય.

ગરીબી નાબૂદી

યોજનાનું સૌથી અગત્યનું ધ્યેય ગરીબી નાબૂદીનું છે. દરેક યોજનાની સફળતા એ યોજનાની શરૂઆતમાં કેટલાક માણસો ગરીબી રેખા નીચે હતા અને એને અંતે કેટલાક બહાર નીકળ્યા એ પરથી થઈ શકે. નેશનલ સેમ્પલ સર્વે દર પાંચ વર્ષે ઘરખરચ વપરાશની મોજણી કરે છે, અને એના પરથી ગ્રામ-શહેરી રહેવાસ પ્રમાણે અને માથાદીઠ કુલ ખરચ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ કરે છે. જે સરેરાશ ખરચમાં ગામડાનું કુટુંબ પુખ્તવયના શખસદીઠ ૨૪૦૦ કેલરી અને શહેરમાં ૨૧૦૦ કેલરી ખોરાક લઈ શકે એને ગરીબીરેખા કહેવાય છે, દરેક મોજણીને અંતે આ કામ થઈ શકે. પરંતુ મહેનત બચાવવા માટે ગરીબીની નવી મર્યાદા માત્ર ભાવફેર ધ્યાનમાં રાખી નક્કી કરાય છે. આમાં ભયસ્થાન એ છે કે જુદાજુદા ભાવફેર કે રુચિફેરની અસર અવગણાય છે. આ રીતે નક્કી કરાએલી ગરીબીરેખા વધુ પડતી ઉદાર છે કે નીચી છે એ વિષે ચર્ચાઓ ચાલે છે, તેમ જ તપાસનો ઉદ્દેશ કેટલાં કુટુંબો કે માણસો ગરીબીરેખા નીચે છે એમ નહિ પરંતુ કેટલાં નીચે છે એ પણ હોવો જોઈએ એમ એક મત છે. એ બંને મુદ્દાઓ બાજુ રાખીએ તો પણ પાંચ વર્ષે થતી આ તપાસ આર્થિક પ્રગતિના એક અગત્યના પાસા પર પ્રકાશ ફેંકી શકે એ ચોક્કસ છે. ૧૯૭૭-૭૮ અને ૧૯૮૨-૮૩ની આયોજન પંચની મોજણીના તારણ પ્રમાણે ૧૯૭૭-૭૮માં ૪૮ ટકા લોકો ગરીબીરેખા નીચે હતા તે ૧૯૮૪-૮૫માં ઘટીને ૩૭ ટકા થયા. આ તારણ વધુ પડતું આશાવાદી છે. કારણ કે નેશનલ સેમ્પલ સર્વેના અને સેન્ટ્રલ સ્ટેટીસ્ટીકલ ઓર્ગેનાઈઝેશનના અંગત ખરચના આંકડા વચ્ચે ૨૧ ટકાનો ફેર હતો, અને એ બધા જ વર્ગના ખરચમાં ઉમેરવામાં આવ્યો હતો. જો આયોજન પંચના આંકડા શ્રદ્ધેય ગણીએ તો પણ ૨૭ કરોડ લોકો ગરીબી રેખા નીચે હતા. આ સંખ્યા બેકારોની સંખ્યા કરતાં ઘણી વધારે છે. આયોજન પંચની ધારણા પ્રમાણે ૧૯૮૯-૯૦માં ગરીબીરેખા નીચે ૨૬ ટકા લોકો જ હશે અને એકવીસમી સદીમાં પ્રવેશ કરીએ ત્યારે ગરીબી નહિવત હશે, પરંતુ, એ સુધીમાં આપણી ગરીબીરેખાની ઘણી મર્યાદિત કલ્પના બદલાઈ હશે, આજે તો એમની સંખ્યા ૨૭ કરોડથી વધુ છે. અને જો યોગ્ય રહેઠાણ, ભણતર ઇત્યાદિની સગવડ ખોરાક જેટલી જ આવશ્યક તરીકે સ્વીકારીએ તો સંખ્યા ઘણી વધે.

જીવન-ધોરણ

આપણા આયોજનની નીચેના વર્ગો પર કશી અસર થઈ કે નહિ તે જોવાનો બીજો એક રસ્તો છે: કેટલીક વસ્તુઓના ખપતના ભરોસાપાત્ર આંકડા આપણી પાસે છે. એ વસ્તુઓ કયા વર્ગો કેટલી વાપરે છે એનો ચોક્કસ ખ્યાલ નથી પણ વસ્તુના પ્રકાર પરથી કહી શકાય. સેન્ટર ફોર મોનીટરિંગ ઇન્ડિયન ઇકોનોમીએ ૧૯૫૧ અને ૧૯૮૬ માટે વસ્તુઓના ઉપાડની વિગતવાર માહિતી મેળવી 'ભારતીય લોકોનું જીવન-ધોરણ' નામની પુસ્તિકા ફેબ્રુઆરી ૧૯૮૮માં બહાર પાડી હતી. એ પ્રમાણે (૧) માથાદીઠ અનાજની રોજ વપરાશ ૧૯૫૧માં ૩૩૪ ગ્રામ હતી તે ૧૯૮૬માં

વધીને ૪૨૫ ગ્રામ થઈ હતી. દુર્ભાગ્યે કઠોળની વપરાશ નીચે ગઈ હતી. પણ કુલ ધાન્યની વપરાશ વધી હતી. (૨) ખાદ્ય તેલ અને વનસ્પતિનો વાર્ષિક ઉપાડ ૧૯૫૦–૫૧માં ૩.૧ કિલો હતો તે ૧૯૮૬–૮૭માં વધીને ૬.૨ કિલો થયો હતો. (૩) માથાદીઠ માછલી અને શાકની વપરાશ બમણાથી વધી હતી. (૧.૫ કિલોથી ૩.૭ કિલો અને ૧૦.૩થી ૨૪.૭ કિલો) દૂધનું ઉત્પાદન ૧૯૭૧ સુધી ઘટયું હતું, પણ ૧૯૮૬–૮૭માં ૪૬.૮ કિલોગ્રામથી વધી ૫૬.૨ કિલોગ્રામ થયું હતું. (૪) પીણામાં માથાદીઠ ચાહ અને કોફીની વપરાશ ૧૯૫૩–૫૪માં અનુક્રમે ૨૧૪ ગ્રામ અને ૬૧ ગ્રામ હતી તે ૧૯૮૩–૮૪માં ૪૪૨ ગ્રામ અને ૭૫ ગ્રામ થઈ હતી. (૫) જીવનની બીજી સગવડમાં સારો વધારો થયો છે. દા. ત. બેટરી સેલ, બ્લેઈડ, વીજળીના પંખા અને ગ્લોબના ઉત્પાદનમાં મોટી વૃદ્ધિ થઈ છે. (૬) બાઈસીકલ, સીવવાના સંચા, રેફ્રિજરેટર, ઉતારુઓ માટેની ગાડીઓ, સ્કુટરો અને મોટર સાયકલોનો વધુ વપરાશ સમાજના અમુક વર્ગોની સમૃદ્ધિ–વૃદ્ધિના સૂચક છે. આ વસ્તુઓના પ્રકારથી તેમ જ વપરાશ વધારાથી ત્રણ હકીકતો તરી આવે છે: (અ) સામાન્ય માણસની જરૂરિયાતોના વપરાશમાં અમુક વધારો થયો છે. જોકે એ બને કે એ બધા પ્રદેશોમાં કે વર્ગોમાં ન પ્રસર્યો હોય. ભારત જેવા મોટા દેશમાં એમ પણ ન કહી શકાય કે કોઈપણ એવું જૂથ નથી જેની સ્થિતિ બગડી નથી. (બ) આ થોડા સરખા સુધારાથી ઘણા લોકોને પૂરતો ખોરાક મળે છે કે પૌષ્ટિક ખોરાક મળે છે એમ ન કહી શકાય. (ક) આનંદ પ્રમોદનાં સાધનો અને મોજમઝાની સગવડો એટલાં વધ્યાં છે અને ફેલાયાં છે કે ગરીબ અને બીજાઓ વચ્ચેનો ગાળો વધ્યો છે.

વ્યક્તિગત વિકાસની તકો

આર્થિક વિકાસ છતાં કે આર્થિક વિકાસને લીધે અસમાનતાઓ વધી હોય, પણ જો વ્યક્તિગત વિકાસની તકો વધુ વિશાળ અને સમાન થઈ હોય તો તે એક મોટા આશ્વાસનનું કામ કરે. સરકારી અને અર્ધસરકારી તેમ જ જાહેર સંસ્થાઓમાં ઘણીખરી ભરતી હરીફાઈની સ્પર્ધાથી થાય છે અને એ જગ્યાઓ માટે સરખી લાયકાત ધરાવનારાઓ બધા માટે સરખી તક હોય છે. ઘણુંખરું હરિજનો, આદિવાસીઓ તેમ જ બીજા પછાત વર્ગો માટે અનામત જગ્યાઓ રખાય છે. ઉચ્ચ ભણતરની ઘણી સંસ્થાઓમાં પ્રવેશ વધુમાં વધુ લાયકાત ધરાવનારાઓને મળે છે. આ પ્રથાનો લાભ લઈ નીચલી શ્રેણી કે મધ્યમ શ્રેણીનાં થોડાંક કુટુંબો ઘણાં ઊંચે આવ્યાં છે, પણ સવાલ એ છે કે પ્રાથમિક લાયકાતો ધરાવનારા કેટલા? અને બધા સારી કારકિર્દી માટે પ્રાથમિક લાયકાતો મેળવે એ જોવાના કેટલા પ્રયત્નો થયા અને કેટલા સફળ થયા? ૧૯૮૧ના વસ્તીગણતરી પત્રક પ્રમાણે માત્ર ૩૬ ટકા સાક્ષર હતા. શહેરી વિસ્તારોમાં પણ ૧૦ વર્ષથી ઉપરના શખ્સોમાં ૨ ટકા નિરક્ષર હતા. ૧૯૬૧ સુધીમાં ૧૪ વર્ષ સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવું એ આદેશ આજે બીજાં પચીસથી વધુ વર્ષે પળાયો ન હતો અને પ્રાથમિક શાળામાં પ્રવેશ કરનારાઓમાંથી લગભગ અડધાઓ અભ્યાસ પૂરો કર્યા વિના જ નિશાળ છોડી દે છે. આ સંજોગોમાં ઉદાર પાયા પર શિષ્યવૃત્તિ, ફી–માફી કે બીજી છૂટછાટો એક સાંકડા પાયા પર વિશાળ ઈમારત બાંધવા જેવું છે. બહુ જ ઓછા શિક્ષિતોમાં પણ જાતિવાર, કોમવાર, પ્રદેશવાર, ગ્રામ્ય–શહેરવાર ઘણો ફરક છે. સદ્‌ભાગ્યે સમયના વહેવા સાથે ઘણી વાતોમાં આ ફરક ઓછો થયો છે પણ એ ફેર પૂરેપૂરો દૂર થાય એ ધ્યેયથી આપણે ઘણા દૂર છીએ. આ નિરાશાજનક ચિત્ર જોતાં ભણતરની ગુણવત્તામાં, વાતાવરણમાં અને બીજી સગવડોમાં જે મોટા ફેરો પડે છે એ નિનમહત્ત્વના ગણી શકાય. એમના પર ટિપ્પણ વ્યર્થ છે. 'દેશમાં રહેતો કોઈ પણ માણસ ભણતરને અભાવે કે અનુકૂળ કુશળતા મેળવવાની તકને અભાવે પોતાનું સ્થાન સુધારી ન શકે' એવી પરિસ્થિતિ ન હોવી જોઈએ. એ ધ્યેયથી આપણે ઘણા દૂર છીએ.

અસંગઠિત ક્ષેત્રમાં સ્વતંત્ર વ્યવસાયની તકો

વધારવા બેંક તથા નાણાંકીય સંસ્થાઓ તેમ જ બીજી સગવડો–ખરીદ-સંસ્થાઓ, વેચાણ-વ્યવસ્થા, તજ્ઞોની સહાય, ઈત્યાદિ આપવા પ્રયત્નો થયા છે, પણ સામાન્ય રીતે એ બધી સગવડો થોડી મૂડી પણ પોતાની હોય અને થોડું જોખમ લઈ શકે એવા હોય તેમને માટે છે. નાના ઉદ્યોગો કેટલી વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે એનો દાખલો લઈએ. ઉત્પાદકતા વધારવા માટે, વધુ ચોક્કસ કે ઝડપી કામ માટે અને કંટાળો ઘટાડવા માટે વિદ્યુત શક્તિ અત્યંત આવશ્યક છે, અને છતાં ૧૯૮૦ના ગણત્રી પત્રક પ્રમાણે ખેતવાડી ક્ષેત્રની બહાર કામ કરતા સાહસોમાંથી ૧૭ ટકા વીજળી વાપરતા હતા.

રોજી કાર્યક્રમો

ગરીબીની અને રોજી સર્જનની બાબતમાં આપણા આયોજનની બહુ મર્યાદિત સફળતા જોઈ નબળા વર્ગો માટે (ભૂમિ વિહોણા ગ્રામ મજદૂરો માટે અને સીમાન્ત ખેડૂતો માટે, આદિવાસીઓ માટે તેમ જ પછાત પ્રદેશ કે ખાસ કોયડાવાળા પ્રદેશ માટે) જુદી જુદી ગોઠવણો કરવામાં આવી છે. એમાં ખાસ અગત્યની યોજનાઓ રાષ્ટ્રીય ગ્રામરોજી કાર્યક્રમ, ગ્રામ ભૂમિવિહીન રોજી બાંહેધરી યોજના, મહારાષ્ટ્ર રોજી બાંહેધરી યોજના અને સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમો છે. આમાંના પહેલા ત્રણ જાહેર કામોને લગતા છે અને ચોથો ખાનગીક્ષેત્રમાં ગરીબો વધુ કાર્યક્ષમ બને એ માટે છે. પહેલા ત્રણનો ઉદ્દેશ પ્રતિકૂળ ઋતુમાં કામ શોધવા છતાં રોજી ન મેળવનારને રોજી આપવાનો છે. રોજી આપવાની બાબતમાં મહારાષ્ટ્રની વ્યવસ્થા સૌથી વધુ કાર્યરત છે. એમાં જ્યારે અમુકથી વધુ સંખ્યામાં માણસો રોજી માગે ત્યારે રાજ્યે શક્ય હોય તો ગામ પાસેના વિસ્તારમાં કે એ જિલ્લામાં (રહેઠાણ ઈ. સગવડો સાથે) રોજીવ્યવસ્થા કરવી ફરજિયાત છે. આવી રોજી માત્ર રાહતરૂપ ન નીવડે, ગરીબોને લાંબા ગાળાની મદદ કરી શકે અને બીજા આર્થિક કાર્યક્રમોને બાધારૂપ ન નીવડે એ માટે ત્રણ શરતો પાળવી આવશ્યક

(૧) જાહેર કામોથી જે મિલકત બંધાય એ મિલકત એવી હોવી જોઈએ કે એમાંથી ભવિષ્યમાં ગરીબોને આપોઆપ રોજી મળે, (૨) ગામડામાં ચાલતી આર્થિક પ્રવૃત્તિઓને ધોક્કો ન પહોંચવો જોઈએ. આ હેતુ સર કરવા માટે ખેતીને અનુકૂળ સમયોમાં આવાં કામ બંધ રાખવાં પડે છે અને પગાર પ્રતિકૂળ સમયમાં બીજે મળે એટલો રાખવો પડે છે. (૩) સામાન્ય રીતે ખેતીની ઉત્પાદકતામાં સુધારા સાથે ખેતી કામમાં રોકાનારાના ટકા ઓછા કરવા પડશે. એમાંના થોડાક ખેતીને આનુષંગિક પ્રવૃત્તિઓ ઢોર-ઉછેર, દુગ્ધઉદ્યોગ, મરઘાંબતક ઉછેર ઈત્યાદિમાં રોકાશે, પરંતુ થોડાકને ઉદ્યોગોમાં અને બીજી સેવાઓમાં (ત્યાં કે આજુબાજુનાં નાનાં શહેરોમાં) જવું પડશે. ખેતીમાં માત્ર પ્રતિકૂળ ઋતુ માટે જ નહિ પરંતુ હંમેશ માટે વધુ પડતો માનવભાર છે. એ ઓછો કરવા આજુબાજુનાં એવાં કામોના વેતનદરથી રોજી માટેના જાહેર કામોના વેતનદરો ઓછા રાખવા પડે છે. એ જ પ્રમાણે લાંબાગાળાનાં સીંચણકામો કે બીજાં બાંધકામો માટે જોઈતા મજદૂરો બહારથી મેળવવા પડે છે અને એ માટે સ્થાનિક અને આવાં બાંધકામોના વેતનદરમાં ફેરફાર હોવો આવશ્યક છે. સામાન્ય અનુભવ એવો છે કે પહેલી શરત પાળવી ઘણી મુશ્કેલ નીવડે છે. આવાં કામો માટે મજદૂરોની પૂર્તિ અનિયમિત અને ટૂંકા ગાળાની હોવાથી કામના પ્રકાર પર નિયંત્રણ રહે છે. મજદૂરોને એમની કાર્યકુશળતા વધારવાને કોઈ અવકાશ રહેતો નથી. અમુક જ જાતનું કામ મળે એમ હોવાથી બધા ગરીબોને એ આકર્ષી શકતા નથી કે એમનો ફાયદો લેનારને ગરીબી-રેખાની બહાર લાવી શકતા નથી. જ્યાં જ્યાં મોટે પાયે એવાં કામો હાથ પર ધરાયાં છે ત્યાં ત્યાં મૂલ્યાંકન પ્રમાણે સારા પ્રમાણમાં ગરીબોને ફાયદો થયો છે અને એ ફાયદો લેનારામાં ઘણા સ્પષ્ટપણે નબળા વર્ગના છે. પણ મહારાષ્ટ્ર રોજી બાંહેધરી યોજનાના અનુભવ પરથી લાગે છે કે કુટુંબના પુખ્ત વયના શખ્સોમાં ૨૦ ટકા વર્ષે ૧૦૦ દહાડા જેટલી રોજી એમાંથી મેળવે

એવી યોજના આખા ભારત માટે કરવી હોય તો વર્ષે રૂ. ૪૦૦૦ કરોડ ખરચવા પડે. આ વર્ષે નહેરુ રોજગાર યોજના માટે અલગ રાખેલા રૂ. ૫૦૦ કરોડ ગણીએ તોપણ રોજગાર યોજનાઓ માટે ફાળવેલાં નાણાં ઘણાં જ ઓછાં છે. આ ખરચ વરસોવરસ ચાલુ જ રાખવા પડે અને પ્રગતિદર પર એની કશી ખાસ અસર ન થાય.

સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ જુદી જ ફિલસૂફી પર ઘડાયેલી યોજના છે. ગરીબ કારીગરોને રોજી મેળવવામાં મુખ્ય અડચણ મૂડીના અભાવની છે. એક વાર એમ વિચાર પ્રવર્તતો હતો કે જો ખેડ નીચેની જમીનની યોગ્ય વહેંચણી થાય તો પૂરતી શાખ દરેકને મળે અને પોતાની ખેતીનો વિકાસ કરી શકે. એ જ હેતુથી જમીન ટોચ મર્યાદા નિયત કરવામાં આવી હતી. દુર્ભાગ્યે જુદાંજુદાં કારણોને લીધે આ મર્યાદાનું જલદી પાલન થયું નહિ અને વખત જવા સાથે માલિકીની જમીનની કાયદો ન પકડી શકે એવી રીતે વહેંચણી કરવાની તકો મળી ગઈ. હવે તો જમીન સરખી વહેંચાય તો પણ એમાંથી પૂરતું કમાવાની તક મળે કે નહિ એ ચર્ચાસ્પદ છે. નવી જમીન તો પેદા ન કરી શકાય પણ બેંકની લોનો તો સર્જી શકાય અને એમાંથી કમાવાનાં સાધન વસાવી શકાય. ગરીબી રેખાની નીચેની વ્યક્તિઓ સહેલાઈથી ધંધો શરૂ કરી શકે અને એમાંથી કમણી મેળવી શકે એ માટે સરકારે ઘણી સગવડો આપી છે. લોનથી અડધી મફત રાજ્યસહાય, વ્યાજનો સસ્તો દર, જુદા જુદા ધંધા માટે જોઈતા રોકાણના અને એમાં શકય કમાણીના આંકડા, કાચો માલ સહેલાઈથી મેળવી શકે અને તૈયાર માલ વેચી શકે એવો પ્રબંધ, જોઈતા શિક્ષણની સગવડ ઈત્યાદિ વ્યવસ્થા ગોઠવવા સરકારે ઘણા પ્રયત્નો કર્યા છે. આ યોજનામાં સફળ થતા માણસો આપોઆપ સ્વાશ્રયી થાય છે. અને કદાચ બીજાને પણ રોજી આપી શકશે. એની મર્યાદા એ છે કે એમાં ભાગ લેનારાઓએ જોખમ વેઠવાનું હોય છે. જો દુર્ભાગ્યે કમાણીની ગણતરી ખોટી નીવડે તો આજીવિકા ન નીકળે એટલું જ નહિ પણ વ્યાજ આપવાની અને લોન પરત કરવાની જોખમદારી માથે પડે. સામાન્ય રીતે નબળા વર્ગના લોકો આવું જોખમ ખેડવાની શક્તિ કે વલણ ધરાવતા નથી, એટલે એમનું આકર્ષણ જાહેર કામ પ્રત્યે જ રહે. એ ધંધા તરફ આકર્ષાય તો પણ સફળ થવાની તકો ઓછી રહેવાની. તેમાં જો પૂરતી સગવડો ન ઊભી કરાય તો નિષ્ફળતા વધવાની. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમનો ફાયદો લેનારામાં ૧૨ ટકા જ ગરીબીની રેખા વટાવી શકયા છે. ફુગાવાને તેમ જ બીજાં કારણોને લીધે હવે પછી વ્યક્તિ દીઠ સરેરાશ રૂ. ૪૫૦૦ના રોકાણને બદલે રૂ. ૧૦,૦૦૦ રોકવા પડશે. જો અનેક મૂલ્યાંકનોમાં છતી થએલી આ કાર્યક્રમની ક્ષતિઓ દૂર થાય અને કાર્યક્રમ વધુ કાર્યક્ષમ બને તો થોડા ફેરફાર સાથે આયોજનના એક આવશ્યક અંગ તરીકે સ્વીકારી શકાય, જ્યારે રોજીકાર્યક્રમો રાહત તરીકે આવશ્યક પરંતુ આયોજનના એક ભાગ તરીકે સ્વીકાર્ય નથી.

આયોજનની મર્યાદાઓ

એક પ્રશ્ન ઘણીવાર મનમાં ઊઠે છે. દરેક પંચવર્ષીય યોજનામાં મુખ્ય વસ્તુઓના ઉત્પાદનનાં ધ્યેયો નક્કી કરવામાં આવે છે. પંચવર્ષીય યોજનાની સફળતા એ લક્ષ્યો કેટલે અંશે સિદ્ધ થયાં એ પરથી મપાય છે. એ લક્ષ્યો એવી રીતે કેમ નક્કી નથી થતાં કે ગરીબોની બધી જરૂરિયાતો સંતોષાય અને એમની ગરીબી આપોઆપ દૂર થાય? એ ઉત્પાદન માટે આવશ્યક ઉત્પાદનશક્તિ દેશ પાસે જરૂર છે. અર્થશાસ્ત્રમાં જરૂરિયાત અને માંગ વચ્ચેનો ફરક મૂળભૂત છે. જરૂરિયાતો જો માગમાં ફેરવાય તો જ માગ સંતોષવા માલની પૂર્તિ બજારમાં આવે, અને એ માટે ઉત્પાદકોને ઉત્પાદનકિંમત આપવા જેટલી ખરીદશક્તિ માંગનારાંઓ પાસે હોવી જોઈએ. જો ગરીબો પાસે આટલી ખરીદશક્તિ ન હોય તો એમની માગ-કિંમત અને ઉત્પાદનખરચનો ગાળો રાજ્યે એક યા બીજી રીતે પૂરવો જોઈએ અથવા તો સીધી આર્થિક સહાય આપી ખરીદશક્તિ વધારવી જોઈએ. એક રીતે જોઈએ તો અનાજ અને

ખાતરને અપાતી આર્થિક સહાય એ પહેલી જાતની મદદ છે. ગ્રામરોજીકાર્યક્રમો બીજા પ્રકારની મદદ છે. રાજ્ય પોતે અમુક સેવાઓ મફત આપે છે. પરંતુ આ ત્રણે કાર્યક્રમો માટે જોઈતાં નાણાં ઊભાં કરવાની પ્રક્રિયાને મોટી મર્યાદાઓ છે. જો આ કાર્યક્રમ સ્થાયી બને અને વધુ ખર્ચાળ હોય તો એમનો વ્યાપ ન વિસ્તરે એ નાણાપ્રધાનની મોટી ચિંતાનો વિષય છે. આ સમસ્યાનો લાંબા ગાળાનો ઉપાય એ જ છે કે આયોજનને બને એટલું ગરીબલક્ષી બનાવવું અને એના મુખ્ય કાર્યક્રમો એવા ઘડવા કે મજદૂરોની માગ વધે. એમ જો થાય તો શ્રમ પ્રત્યે આપણો અભિગમ બદલાય અને ન્યૂનતમ વેતનના અમલમાં નડતી મોટી મુશ્કેલીઓનો ઉકેલ સધાય. આજે રાષ્ટ્ર તરીકે આપણી મોટામાં મોટી મુશ્કેલી માથાદીઠ મૂડીની અછતની છે. વિકસેલા દેશોની ઉત્પાદનપ્રથાઓ મૂડીની વિપુલતા અને મજદૂરીની અછત પર રચાયેલી છે. (આ પ્રથાઓ તૈયાર મળતી હોવાથી) આપણા મોટા ઉદ્યોગોમાં કે કામોમાં તેમનું જ અનુકરણ કર્યું છે. ઉચ્ચ ઉદ્યોગપતિઓ અને વ્યવસ્થાપકોના વર્તુળમાં એક એવી માન્યતા પ્રસરી કે ભલે મૂડી ખર્ચ થોડો વધુ કરવો પડે, પરંતુ મજદૂરો જેટલા ઓછા રોકવા પડે એ સારું કે જેથી ઓછી ખટપટ રહે. બીજી બાજુ મજદૂર સંસ્થાઓ લઘુ વેતનદર વધારી ગરીબીનો પ્રશ્ન હલ કરવા મથે છે. મજદૂરોની છટણી મુશ્કેલ કરવા કાયદાઓ થયા છે. પરંતુ સ્થાયી રોજીની વ્યવસ્થા વિના લઘુતમ વેતનનો અર્થ નથી અને અસંગઠિત ક્ષેત્રમાં એનો અમલ ઘણો મુશ્કેલ છે. સાઠના દાયકામાં સામાન્ય રીતે આયોજકો ખાસ કરીને ખેતીવાડી અને જાહેર બાંધકામના ક્ષેત્રમાં મજદૂરપ્રધાન ઉત્પાદનપ્રથાની શોધતા હતા અને મૂડીપ્રધાન પ્રથાઓના પ્રસારણનો વાંધો લેતા. કેટલીક વાર મૂડી પ્રધાન પ્રથાઓ ઘણી કરકસરભરી હોઈ એમનો અસ્વીકાર કે બહુ જ સંકોચ સાથેનો સ્વીકાર અજુગતો લાગે, પણ એની પાછળનું વલણ વાસ્તવિક હતું. આજે પરિસ્થિતિ તદ્દન પલટાઈ ગઈ છે. બધા ઉદ્યોગોએ આધુનિક થવું જોઈએ એ મંત્ર સ્વીકાર્યો છે અને આધુનિકનો અર્થ સસ્તામાં સસ્તી અનુકૂળ વૈજ્ઞાનિક પ્રથા નહિ પરંતુ નવામાં નવું યંત્ર વાપરનારી પ્રથા કરાય છે. એ માનસ દૂર કરી ઓછામાં ઓછી મૂડીનો ઉપયોગ કરનારી કાર્યક્ષમ પ્રથાને ઉત્તેજવી જોઈએ. આપણા સારામાં સારા વૈજ્ઞાનિકને તેમ જ વિજ્ઞાનસંસ્થાઓને આ સંકેત આપવો જોઈએ. જાણીતી ઉત્પાદનપ્રધાન પ્રથાઓ મૂડીપ્રધાન હોઈ કદાચ આ સંકેતને વ્યવહારુ સ્વરૂપ આપતાં વાર લાગશે પણ તે સિવાય આરો નથી. જ્યાં બે વસ્તુઓ એક જ ઉદ્દેશ સારતી હોય ત્યાં મૂડીપ્રધાન વસ્તુ પર વધુ કર નાખવો આવશ્યક બને છે.

અર્થતંત્રમાં ફેરફારો

અર્થવ્યવસ્થામાં તાત્કાલિક ફેરફારો માટે સાત સૂચનો મહત્ત્વનાં છે. (૧) હરિયાળી ક્રાન્તિએ ખેતીવાડીના ક્ષેત્રમાં આવકારદાયક ફાળો આપ્યો છે. એના વિના હજારોની જાનહાનિ થતે, પરંતુ એની અસર અનાજના બે પાક પર અને ત્રણ રાજ્યો પૂરતી મર્યાદિત હતી. એની આબાદીનો પાયો બહુ સાંકડો હતો. દર વર્ષે બે ટકા વધતી વસ્તી માટે પૂરતું અનાજ ઉગાડવું હોય તો પૂર્વ ભારત પર, જ્યાં પાણીનો અભાવ નથી અને સૂકી ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એને માટે જુદી ખેતી પદ્ધતિઓ, જુદાં બીઓ, કરકસરતાથી સિંચન પદ્ધતિ અપનાવવી પડશે. એને માટે જોઈતી શોધખોળ અને જોઈતાં નાણાંની વ્યવસ્થા કરવી પડશે. એનો આનુષંગિક ફાયદો એ થશે કે ખેતીવાડીમાં ઉત્પાદનવધારાના પ્રમાણમાં વધુ રોજી સર્જાશે અને વિકાસનો વ્યાપ ગરીબ પ્રદેશોમાં થશે. (૨) જેમ દેશ આબાદ થાય તેમ ખેતીવાડી પર આધાર રાખતી વસ્તી ઓછી થશે, કારણ કે એની પેદાશો માટેની માગ આવકના પ્રમાણમાં ઓછી વધે છે. ધંધો બદલતા લોકો ગામમાં પણ નવા ધંધા શરૂ કરે કે કામ કરવા બહાર જાય, પણ એમાંના કેટલાક બજારને લીધે મોટા ગામમાં કે શહેરમાં જશે. આવાં વિકાસકેન્દ્રો જલદીથી ઊભાં થાય એવી વિકાસ-

નીતિ આવશ્યક છે અને સ્વીકારાઈ છે. વિકાસકેન્દ્રો ગામડાંની નજીક હોવાથી આજે જે ગામ-શહેર વિષમતાને કારણે અનેક કોયડાઓ ઊભા થયા છે એ નહિ થાય. (૩) ગરીબી દૂર કરવા તેમ જ સમાન તકોની નજદીક જવા વધુ નાણાંની જરૂર છે, પણ એથી વધુ જરૂર છે અનુકૂળ વૃત્તિની, સામાજિક સમજણ અને સહાનુભૂતિની. જો ગરીબીનાબૂદી એ આપણું સૌથી અગત્યનું ધ્યેય હોય તો બીજા બધા નાના વર્ગોને જ સહાયકર્તા હોય કે મુખ્ય ગરીબીના પ્રશ્નને હલ ન કરતા હોય એ બધા કાર્યક્રમોને પાછલું સ્થાન આપવું જોઈએ. બીજા બધા વર્ગોએ સમજવું પડશે કે એમના પ્રશ્નો તાકીદના નથી અને થોભી શકે છે. દરેક વર્ગની વાજબી આર્થિક માગણીને તાત્કાલિક સંતોષવા જઈએ તો ગરીબી નાબૂદી સિદ્ધ કરતાં ઘણો લાંબો સમય નીકળી જશે. ગરીબોની માગણીઓમાં પણ જે એમની ઉત્પાદનશક્તિ વધારે છે એમને અગ્રીમતા આપવી રહી. (૪) આપણા રાજકીય જીવનમાં આજે બે તીવ્ર ભેદો પડી ગયા છે. એક રાજ્યકર્તાઓ, 'તેઓ' (They) અને બે પ્રજા 'આપણે' (We). આપણને એમ લાગે છે કે પ્રજા વર્ગની કોઈ પણ માગણી હોય અને એ સંતોષાય તો એનો ભાર રાજ્યકર્તાઓ કે એમના મિત્રો (જેમાં આપણા કરતાં વધુ આવક કમાનારાનો સમાવેશ થાય છે) પર પડે છે, એથી આવી દરેક માગણીને આપણો ટેકો નહિ તો સહાનુભૂતિ મળે છે. આ વૃત્તિ ભૂલભરેલી છે. આજના કપરા સંજોગોમાં દરેક માગણી સંતોષવાનો ભાર 'આપણા' પર પડે છે. બહુ તો ૧૦–૧૫ ટકા વસતિને રાજ્ય નાણાંકીય આશ્રય આપી શકે. વધુ સંખ્યાને તો સ્વાશ્રયી થવાની જ મદદ કરી શકે અને આ નાણાં એમની પાસેથી જ એક યા બીજા સ્વરૂપમાં લેવાં પડે. જો આ વસ્તુ યાદ રખાય તો ખરચમાં કાપ મૂકવાનો વધુ અવકાશ રહે. (૫) જેમ આપણું આયોજન મોટામોટા ઉદ્યોગો કે જાહેર બાંધકામો પરથી નાના ઉદ્યોગો અને સામાજિક સેવાઓ તરફ વળે તેમ મધ્યસ્થ સરકાર કે રાજ્ય સરકારોની આયોજનપ્રથાની ખામીઓ વધુ સમજાય છે. નાના કામોની સફળતા માટે સ્થાનિક જરૂરિયાતો, સ્થાનિક સાધન-સામગ્રી, સ્થાનિક જ્ઞાન અને સ્થાનિક અભ્યાસની જરૂર છે. કયા ઉદ્યોગો અને વ્યવસાયો માટે પ્રદેશ અનુકૂળ છે, લોકમાનસ કેવું છે, એમને વિકાસ માટે કઈ રીતે તત્પર બનાવવા એ બધામાં નીચલા સ્તરની સ્વાયત્તતા વધુ સફળ નીવડે. સ્થાનિક કાર્યક્રમો પર જોઈતી નિરંતર દેખભાળ ત્યાંના લોક જ રાખી શકે અને જુદાંજુદાં ખાતાંઓની કાર્યવાહીઓથી મૂળ હેતુ ન જોખમાય એ જોઈ શકે. એ સ્તરે નેતાગીરીની વિશ્વસનીયતા પણ વધુ સારી રીતે જોઈ શકાય અને લોકસક્રિયતા આવે. આ શ્રદ્ધા પર જિલ્લાઆયોજન, તાલુકાઆયોજન, ઈત્યાદિની વાત ચાલે છે અને કેટલાંક રાજ્યોમાં તો એ જાતનું આયોજન અમલમાં મૂકી દેવાયું છે. લગભગ જેમાં એકથી વધુ જિલ્લાનો સમાવેશ ન કરાયો હોય એ બધા યોજના કાર્યક્રમો જિલ્લાઆયોજન બોર્ડને સોંપવામાં આવ્યા છે. રાજ્યના આયોજનના ૩૦–૩૫ ટકાના કાર્યક્રમો આ રીતે આવરાયા છે. જિલ્લાઆયોજનમાં જિલ્લાપંચાયતનો ફાળો કેટલો અને સ્થાનિક આયોજનઅધિકારીઓનો કેટલો, જિલ્લા આયોજનનો કેટલો ભાગ ઉપરના અધિકારીઓની પ્રેરણા કે સીધી દેખરેખ હેઠળ થયો છે અને કેટલો સ્વતંત્ર છે એ અટકળનો વિષય છે, પણ પછાત જિલ્લાઓને એક ફાયદો જરૂર થયો છે. આયોજન માટેનાં જોઈતાં નાણાં ઘણાંખરાં રાજ્ય સરકાર આપે છે, અને જેમ વધુ ગરીબ જિલ્લો તેમ રાજ્ય સરકાર માથાદીઠ વધુ મદદ આપે છે. જિલ્લાવાર આયોજન ફાળો ન થતો ત્યારે પછાત જિલ્લાઓ પર ઘણું ઓછું ધ્યાન અપાતું. જિલ્લા આયોજનફંડના થોડા ભાગની આ રીતે જ નીચેના થરોમાં વહેંચણી થાય છે. જિલ્લાઆયોજનની સફળતા માટે અંતિમ જવાબદારી જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની છે. એ પ્રતિનિધિઓ ગેરકાયદેસર કામ કરે, ગેરવર્તાવ કરે તો એમને સજા કરવાની જોગવાઈઓ હોવી જોઈએ. સ્થાપિત હિતો ચૂંટાયેલી સમિતિમાં પોતાનું વર્ચસ્વ

શકાય. એક જ રાજ્યમાં સ્થળાંતર અને આંતરરાજ્ય સ્થળાંતર. ૧૯૮૧ની વસતી ગણત્રી અનુસાર એક જ રાજ્યમાં સ્થળાંતર કરનાર વસતીનું પ્રમાણ ૧૭૮૨ લાખનું હતું. જેમાં ૪૮૭ લાખ પુરુષો અને ૧૨૯૫ લાખ સ્ત્રીઓ હતી. એમાં ૬૯.૮૭ ટકા સ્થળાંતર ગ્રામીણ સ્થળાંતર હતું. શહેરી-શહેરી સ્થળાંતરનું પ્રમાણ ૯.૯૩ ટકા, ગ્રામીણ-શહેરીનું ૧૪.૬૮ ટકા અને શહેરી-ગ્રામીણનું ૫.૮૪ ટકા હતું. પુરુષ સ્થળાંતરિકોમાં ઉપરોક્ત પ્રમાણ અનુક્રમે ૫૧.૮૨ ટકા, ૧૫.૫૬ ટકા, ૨૪.૮૫ ટકા અને ૭.૫૨ ટકા હતું. જ્યારે સ્ત્રી સ્થળાંતરિકોમાં આ પ્રમાણ અનુક્રમે ૭૬.૬૫ ટકા, ૭.૭ ટકા, ૧૦.૮૬ ટકા, અને ૪.૦૧ ટકા હતું. (સોની ૧૯૮૫)

આંતરરાજ્ય સ્થળાંરિકોનું પ્રમાણ પણ છેલ્લા બે દાયકાઓમાં વધવા પામેલ છે. ૧૯૬૧માં આંતર રાજ્ય સ્થળાંતરનું પ્રમાણ ૧૪૬ લાખ વ્યક્તિઓનું હતું; જે વધીને ૧૯૭૧માં ૧૮૫ લાખ અને ૧૯૮૧ માં ૨૩૫ લાખ થયેલ છે. ૧૯૮૧માં ૨૩૪ લાખ આંતર રાજ્ય સ્થળાંતરિકોમાંથી ૨૯.૨૩ ટકા ગ્રામીણ-ગ્રામીણ સ્થળારિકો, ૩૦.૯ ટકા શહેરી-શહેરી, ૨૧.૨૦ ટકા ગ્રામીણ-શહેરી અને ૭.૬૬ ટકા શહેરી-ગ્રામીણ સ્થળાંતરિકો હતા. પુરુષ સ્થળાંતરિકોમાં ઉપરોક્ત પ્રમાણ અનુક્રમે ૧૯.૭૩ ટકા, ૩૮.૦૫ ટકા, ૩૮.૭૬ ટકા અને ૭.૨૮ ટકા હતું. જ્યારે સ્ત્રી સ્થળાંતરિકોમાં આ પ્રમાણે અનુક્રમે ૩૭.૯૦ ટકા, ૨૮.૯૧ ટકા, ૨૪.૩૦ ટકા અને ૮.૦૧ ટકા હતું. (સોની ૧૯૮૫)

પુરુષોમાં ૪૮.૭ ટકા શહેરી-શહેરી સ્થળાંતરિકો અને ૬૧.૫ ટકા ગ્રામીણ સ્થળાંતરિકોનો સ્થળાંતરનો મુખ્ય હેતુ રોજગારીપ્રાપ્તિનો હતો. જ્યારે સ્ત્રીઓમાં ૨.૦૨ ટકા ગ્રામીણ-ગ્રામીણ અને ૫૧.૦ ટકા ગ્રામીણ શહેરી સ્થળાંતરનો મુખ્ય હેતુ લગ્ન હતો.

(બ) ગુજરાતમાં સ્થળાંતરનાં વલણો

દેવેન્દ્ર કોઠારી અને પ્રવીણ વિસારીયાએ (૧૯૮૫) ગુજરાતમાં સ્થળાંતર સંબંધી જે અભ્યાસ હાથ ધર્યો હતો તેનાં તારણો નીચે પ્રમાણે છે :

(૧) કુલ વસ્તીમાં સ્થળાંતર કરનારાઓની સંખ્યા ૧૯૬૧ થી ૧૯૭૧માં ઘટી છે. પરંતુ ૧૯૭૧ થી ૧૯૮૧ માં વધી છે. (૨) ગ્રામીણ-શહેરી સ્થળાંતરનું પ્રમાણ ગુજરાતમાં દેશ કરતાં વધારે છે. (૩) ગુજરાત રાજ્યમાં જ ગ્રામીણ-શહેરી અને શહેરી-ગ્રામીણ સ્થળાંતર પ્રવાહનો અભ્યાસ કરીએ તો શહેરી વિસ્તારલક્ષી જણાય છે. ૧૯૬૧માં શહેરની કુલ વસ્તીમાં સ્થળાંતરિકોનું પ્રણાણ ૧૩ ટકા હતું. (૪) ૨/૫ કરતાં વધુ ગ્રામીણ-શહેરી સ્થળાંતરિકોએ એક જ જિલ્લામાં સ્થળાંતર કરેલું હતું. (૫) સ્ત્રીઓમાં સ્થળાંતરનું પ્રમાણ વધારે જણાય છે. જેનો મુખ્ય હેતુ લગ્નનો છે.

૨

સ્થળાંતર અંગેના અભ્યાસો

જુદા જુદા સમયે ભિન્ન ભિન્ન નિષ્ણાતોએ વિશિષ્ટ સંદર્ભમાં શ્રમ-સ્થળાંતર અંગે અભ્યાસો કરેલા છે. આ અભ્યાસોનાં તારણો સ્થળાંતરનું પ્રમાણ, સ્વરૂપ તથા પ્રશ્નો અંગે પ્રકાશ પાડે છે.

લેવિસ (૧૯૬૪) અને ફેઈ તથા રેનીશ (૧૯૭૨) દ્વારા ગ્રામીણ-શહેરી. સ્થળાંતર અંગે અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો. આ અભ્યાસનાં તારણો અનુસાર ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રમાણમાં વધારે રોજગારીની તકો તથા વધુ વેતન હોવાથી કૃષિક્ષેત્રમાંથી ઔદ્યોગિક ક્ષેત્રમાં ગ્રામીણ શહેરી સ્થળાંતર થાય છે. ગ્રામીણ અને શહેરી ક્ષેત્રો વચ્ચે જ્યાં સુધી વેતન તફાવતો પ્રવર્તશે ત્યાં સુધી સ્થળાંતરની પ્રક્રિયા ચાલુ રહેશે. પરંતુ સમય જતાં ગ્રામીણ અને શહેરી ક્ષેત્રો વચ્ચેના રોજગારી તફાવતો અદૃશ્ય થઈ જશે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સ્થળાંતર અંગેના સમગ્રલક્ષી અભ્યાસો વિશિષ્ટ રીતે રજૂ થયેલ છે. તેઓ સ્થળાંતરના આર્થિક કાર્યને વિશિષ્ટ કુશળ શ્રમિકોની માંગમાં થતા પરિવર્તનો પ્રમાણે ભૌગોલિક રીતે શ્રમની પુનઃ વહેંચણી તરીકે ગણાવે છે. જ્યાં સુધી બે વિસ્તારો વચ્ચે વેતન વિષયક બાબતોમાં તફાવત હશે ત્યાં સુધી આ પ્રક્રિયા

ચાલુ રહેશે. સ્થળાંતરિક તેની આવકમાં વધારો કરવા ઇચ્છે છે. તે રોજગારી બજાર અંગેની આવશ્યક માહિતી ધરાવે છે. તે રોજગારી કૌશલ્ય સહિત તેમાં રુચિ પણ ધરાવે છે. (ફ્રીકન્ટ, ૧૯૭૦)

સ્થળાંતર સંબંધી સાહિત્યમાં સ્થળાંતરના નિર્ણયીકરણની પ્રક્રિયામાં આર્થિક પ્રોત્સાહનોને મુખ્ય પરિબળ તરીકે આલેખવામાં આવેલ છે. વિકસિત દેશો તથા અલ્પવિકસિત દેશોમાં સ્થળાંતર અંગેના નમૂનારૂપ અભ્યાસો તથા અર્થશાસ્ત્રિક અભ્યાસોનાં તારણોમાં આ બાબતની સ્પષ્ટ રીતે પ્રતીતિ થાય છે. જે પ્રદેશમાં ઘણા ઓછા પ્રમાણમાં આર્થિક તકો પ્રાપ્ય હોય અને ભવિષ્યમાં પણ આ જ પરિસ્થિતિ ચાલુ રહેવાની સંપૂર્ણ શક્યતા હોય ત્યારે આ પ્રદેશમાંથી વધુ રોજગારીની તકો ધરાવતા તથા ઉજ્જવળ ભાવિની ખાતરી આપતા પ્રદેશમાં સ્થળાંતર થાય છે. આ રીતે સ્થળાંતર માટે મુખ્યત્વે આર્થિક પરિબળો જ મુખ્ય ભાગ ભજવે છે તેમ કહી શકાય.

સ્થળાંતર સંબંધી અભ્યાસોની શરૂઆત ૧૮૮૫થી થઈ છે. રેવેન્સ્ટાઈને (૧૮૮૫) સ્થળાંતરની ચર્ચા સાત વિભિન્ન પ્રવાહોમાં કરેલ છે. આ વિભિન્ન પ્રવાહો તથા આર્થિક તકો વચ્ચેનો સંબંધ દર્શાવી સ્થળાંતરની ચર્ચા કરેલ છે. એજ રીતે લોરી (૧૯૬૭) બિચલ્સ (૧૯૬૭) સાહોતા (૧૯૬૮) તથા ગ્રનવુડ (૧૯૬૮)ના અભ્યાસો પણ આર્થિક પરિબળોને જ સ્થળાંતર માટેનાં મુખ્ય પ્રેરક પરિબળ તરીકે વર્ણવે છે. લી (૧૯૬૬)એ રેવેન્સ્ટાઈનના સ્થળાંતર અંગેના નિયમોને સ્થળાંતરના સામાન્ય સિદ્ધાંતના સ્વરૂપમાં રજૂ કરેલ છે. તેણે સ્થળાંતરને સ્પર્શતાં પરિબળોને ચાર વિભાગોમાં વિભાજિત કરેલ છે.

(૧) મૂળ સ્થાન (વતન) સાથે સંકળાયેલ પરિબળો (૨) સ્થળાંતર વિસ્તાર સાથે સંકળાયેલા પરિબળો (૩) સ્થળાંતર અવરોધક પરિબળો અને (૪) વ્યક્તિગત પરિબળો.

સ્થળાંતરને અસર કરતાં બે પ્રકારનાં પરિબળો છે. સ્થળાંતર માટે આકર્ષતા કે ખેંચતાં 'પુલ' પરિબળો અને સ્થળાંતર માટે મજબૂર કરતાં કે ધકેલતાં 'પુશ' પરિબળો. અલ્પવિકસિત દેશોમાં સ્થળાંતર માટે 'પુશ' પરિબળો વધારે પ્રમાણમાં સક્રિય હોય છે. વિકસિત દેશોમાં 'પુલ' પરિબળો વધારે સક્રિય હોય છે. એશિયાના દેશોમાં સ્થળાંતર અંગેના અભ્યાસોમાંથી એ બાબત ફલિત થાય છે કે સ્થળાંતર માટે 'પુલ' પરિબળો કરતાં 'પુશ' પરિબળો વધુ અગત્યનો ભાગ ભજવે છે. હેન્સર (૧૯૫૭)ના અભ્યાસ પ્રમાણે 'પુશ' પરિબળો ગ્રામીણ વિસ્તારમાંથી શ્રમિકોને શહેરી વિસ્તારો તરફ ધકેલે છે. તેમના અભ્યાસ પ્રમાણે આ ગ્રામીણ શહેરી સ્થળાંતરને કારણે એશિયાના દેશોના શહેરોમાં આર્થિક અને સામાજિક પ્રશ્ન પેદા થયેલ છે. ગ્રામીણ ગરીબાઈ શહેરી ગરીબાઈમાં પરિણમે છે.

અત્યાર સુધીના અભ્યાસો સમગ્રલક્ષી મોડેલ પર આધારિત છે. સ્થળાંતરની બાબતને એકમલક્ષી અભ્યાસ દ્વારા વધારે સારી અને સાચી રીતે સમજાવી શકાય છે. કારણ કે સ્થળાંતરની પ્રક્રિયા, સ્વરૂપ અને પ્રશ્નો એકમલક્ષી બાબતો સાથે જ વધારે પ્રમાણમાં સંકળાયેલ છે. કઈ વ્યક્તિ ગતિ કરશે, ક્યાં ગતિ કરશે, શા માટે ગતિ કરશે વગેરે પ્રશ્નોનો પ્રત્યુત્તર એકમલક્ષી સ્થળાંતર અભ્યાસોમાંથી મળી આવે છે. તાજેતરમાં થયેલા અભ્યાસો સ્થળાંતર-તફાવતો અંગેના છે. આ અભ્યાસોમાં કાલ્ડવેલ (૧૯૬૯) રેમપલ (૧૯૭૦) અને સાબોટ (૧૯૭૨)ના અભ્યાસોનો નિર્દેશ કરી શકાય. આ અભ્યાસોમાં એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના દેશોના સ્થળાંતર વિષયક પરિબળોની તપાસ કરવામાં આવી છે. આ અભ્યાસોનાં તારણો અનુસાર આર્થિક કારણોને લીધે મોટા ભાગે ૧૫થી ૨૯ વર્ષની વયજૂથના લોકો ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરે છે. બેકર (૧૯૬૪)ના અભ્યાસ અનુસાર યુવાનોના સ્થળાંતરનું મુખ્ય કારણ લાંબો આવક-સર્જન સમય અને નાની ઉંમરે રોજગારીમાં સામેલ થવું એ છે. સુલ્ટઝ (૧૯૭૧)ના

અભ્યાસ પ્રમાણે વ્યક્તિની ઉંમરમાં વધારો થતાં ગ્રામીણ-શહેરી વેતન-તફાવતોનું મહત્ત્વ ઘટે છે. અલ્પવિકસિત દેશોમાં ટૂંકા ગાળા માટે જ વધારે પ્રમાણમાં સ્થળાંતર થાય છે. કોનેલ તથા અન્યો (૧૯૭૬)ના અભ્યાસમાં પણ ગ્રામીણ વિસ્તારોમાંથી વધારે પ્રમાણમાં યુવા-સ્થળાંતરની પ્રક્રિયાને આ જ સંદર્ભમાં સમજાવવામાં આવેલ છે. હેન્સર (૧૯૫૭)ના અભ્યાસ પ્રમાણે સ્થળાંતર કરનારાઓ ગ્રામીણ વિસ્તારની ગરીબ તથા બેકાર વ્યક્તિઓ હોય છે. સ્થળાંતર માટે અગાઉ સ્થળાંતર કરી ગયેલા સગાઓ અને મિત્રો પણ પ્રેરક પરિબળો હોય છે. હંટીંગ્ટન (૧૯૭૮)ના અભ્યાસમાં આ બંને બાબતો વચ્ચેનો સહસંબંધ હકારાત્મક જણાય છે. આ રીતે આ અભ્યાસોનાં તારણો અનુસાર આર્થિક કારણોસર રોજગારી માટે ૩૦થી નીચેની વયના યુવાનો જેઓ સ્થળાંતર નહિ કરનારાઓ કરતાં પ્રમાણમાં વધારે શિક્ષિત હોય છે તેઓ ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરે છે.

સ્થળાંતર વિષયક અભ્યાસો અલ્પવિકસિત દેશોના સંદર્ભમાં ઘણી જ મહત્ત્વની વિગતો રજૂ કરે છે. બ્રીગ (૧૯૭૮)ના અભ્યાસમાં શિક્ષિત અને યુવાનો વધારે પ્રમાણમાં સ્થળાંતર કરે છે તેવી હકીકત રજૂ કરવામાં આવેલ છે. ઈમર (૧૯૬૧)ના અભ્યાસ પ્રમાણે ભારતના ગ્રામીણ વિસ્તારોમાંથી ઉચ્ચ જ્ઞાતિના લોકો વધારે પ્રમાણમાં સ્થળાંતર કરતા જોવા મળે છે. ઓબેરોય તથા સીંધ (૧૯૮૦)ના અભ્યાસ પ્રમાણે પંજાબ રાજ્યમાં સૌથી વધારે ગરીબ લોકો ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતર કરે છે. ટોડારો (૧૯૬૨)ના મત પ્રમાણે સ્થળાંતર અંગેનો નિર્ણય લેતી વખતે બધી જ બાબતોની ગણતરી કરવામાં આવે છે. તેમાં જીવનભરની કમાણીની ગણત્રી કરતી વખતે શહેરના સ્થળાંતર ખર્ચને ગણવામાં આવે છે. બેકન (૧૯૬૮)ના અભ્યાસ પ્રમાણે સ્થળાંતરની માળખાગત પ્રક્રિયામાં વ્યક્તિની શક્યતાઓ અને સંજોગો અંગેની સૂઝ સમજ ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. સેન્ટ અને ગોલ્ડસ્મીથ (૧૯૮૦)ના અભ્યાસનાં તારણો મુજબ 'સ્થળાંતર એ વ્યક્તિગત નિર્ણય લેવાની પ્રક્રિયા છે જે આર્થિક, કલ્યાણલક્ષી તથા મનોવૈજ્ઞાનિક ગણત્રીઓ પર આધારિત છે. આમ છતાં તે અર્થકારણ તથા સમાજમાં માળખાગત પરિવર્તનો સર્જનારી સામાજિક પ્રક્રિયા છે.' જો કે કેટલાક વિદ્વાનો એમ માને છે કે સ્થળાંતરની પ્રક્રિયા ગ્રામીણ અસમાનતાઓ કે વિષમતાઓમાં વધારો કરે છે. લિપ્ટન (૧૯૮૦)ના અભ્યાસ પ્રમાણે ગ્રામીણ-શહેરી સ્થળાંતરથી ગ્રામીણ વિસ્તારો વચ્ચે આંતર વૈયક્તિક તથા આંતર કૌટુંબિક અસમાનતાઓ વધે છે. સ્થળાંતરની પ્રક્રિયાથી વિકસિત ગામડાંઓને ફાયદો થાય છે. પછાત ગામડાંઓને કોઈ લાભ થતો જણાયેલ નથી. ટોડારો (૧૯૬૯) તથા હેરિસ-ટોડારો (૧૯૭૦) મોડેલની સમજૂતી પ્રમાણે શહેરી સંગઠિત ક્ષેત્રમાં વધારે વેતન હોવાથી ગ્રામીણ-શહેરી સ્થળાંતર શક્ય બને છે. પરંતુ શહેરી વિસ્તારોમાં શ્રમઅધિશેષ વધારે હોવાથી સ્થળાંતરિતો શહેરમાં પહોંચે કે તરત જ કામ મળતું નથી. અગાઉ નોંધ્યું છે. તેમ વ્યક્તિ જ્યારે સ્થળાંતર અંગેનો નિર્ણય કરે છે ત્યારે ગ્રામીણ શહેરી આવકોના તફાવતની ગણત્રી કરતાં અમુક સમય બેકાર રહેવું પડશે તે બાબતને ધ્યાનમાં રાખે છે. સ્થળાંતરની પ્રક્રિયાનું મુખ્ય કારણ ગ્રામીણ વાસ્તવિક કૃષિ આવક તથા અપેક્ષિત શહેરી વાસ્તવિક આવક વચ્ચેનો તફાવત છે. આ તફાવત દૂર થતાં સ્થળાંતરની પ્રક્રિયા પણ અટકી જશે. તાજેતરમાં જ બેનરજી (૧૯૮૬)એ કરેલા અભ્યાસમાં પણ અગાઉના અભ્યાસોનાં તારણો સાથેનું સામ્ય સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. આ અભ્યાસ પ્રમાણે યુવાન, શિક્ષિત અને અપરિણીત વ્યક્તિ વધારે પ્રમાણમાં સ્થળાંતર વૃત્તિ ધરાવે છે. કૃષિક્ષેત્રના શ્રમિકો બિનકૃષિક્ષેત્રો માટે શ્રમિકોનો પુરવઠો પૂરો પાડે છે.

આમ સ્થળાંતરલક્ષી અભ્યાસો સ્થળાંતરનાં કારણો, સ્વરૂપ, પ્રક્રિયા અને પ્રશ્નોનો અભ્યાસ કરી મહત્ત્વની વિગતો રજૂ કરે છે. ખાસ કરીને અલ્પવિકસિત દેશો

અંગેના અભ્યાસો આ પ્રશ્નને સમજવા માટે વધારે ઉપયોગી જણાય છે.

૨

મોસમી સ્થળાંતરનો બાંધકામ ઉદ્યોગના સંદર્ભમાં અભ્યાસ

સ્થળાંતરનો એક અગત્યનો પ્રકાર એ મોસમી સ્થળાંતર છે. અમુક ચોક્કસ મોસમ પૂરતું જ સ્થળાંતર કરવામાં આવતું હોય અને અમુક સમયે ફરી વતનમાં જવાનું હોય ત્યારે આ પ્રકારના સ્થળાંતરને મોસમી સ્થળાંતર કહી શકાય. અછતવાળા પ્રદેશમાંથી વિકાસશીલ વિસ્તારમાં ખેતી કામ માટે અનેક શ્રમિકો કામચલાઉ ધોરણે રોજગારીની શોધમાં સ્થળાંતર કરે છે. પણ તેઓ ચોમાસા પહેલાં વતનમાં પાછાં ફરે છે. જે વિસ્તારોમાં વર્ષ નિષ્ફળ ગયેલ હોય ત્યાંથી સારા પાકવાળા વિસ્તારમાં સ્થળાંતર થાય છે. મોસમ સિવાયના સમયમાં શહેરી વિસ્તારોમાં બાંધકામ કાર્ય કરવા માટે સ્થળાંતર કરવામાં આવે છે. તેઓ રસ્તા-બાંધકામ, સિંચાઈ-બાંધકામ, જમીન-સંરક્ષણ જેવા કાર્યમાં પણ કામ કરે છે. (ભટ્ટ, ૧૯૭૯) બેમન (૧૯૭૭)અને રાવ (૧૯૭૮)ના અભ્યાસોમાં આ પ્રકારનું મોસમી સ્થળાંતર કરનારાઓના પ્રશ્નો વિષે પૃથક્કરણ કરવામાં આવેલ છે. તેઓના મત પ્રમાણે આ મોસમી શ્રમિકો કોન્ટ્રાકટર કે મુકાદમ દ્વારા રોજગારી પ્રાપ્ત કરે છે. તેઓને માલિક સાથે કોઈ સીધો સંપર્ક કે સંબંધ હોતો નથી. ગ્રામીણ વિસ્તારમાંથી સ્થળાંતર કરીને તે આવે છે ત્યારે તેને શરૂઆતમાં નાણાંની આવશ્યકતા રહે છે. આ માટે કોન્ટ્રાકટર શ્રમિકને ઉચ્ચક રકમ આપે છે. આથી તે કોન્ટ્રાકટર પર જ આધાર રાખતો થઈ જાય છે. કોન્ટ્રાકટર તેઓના શોષણની એક પણ તક જવા દેતા નથી. શેરડીના ખેતરમાં કામ કરતા શ્રમિકો ખુલ્લા ખેતરમાં રહે છે. ૧૨ કલાક કરતાં પણ વધારે કામ કરે છે. તેમનો ખોરાક સખત કામ માટે પૂરતો હોતો નથી. રાવના મત પ્રમાણે આ પ્રકારના શ્રમિકોનાં વેતન દરો નીચા હોય છે. તે બીમાર પડે છે તો તે દિવસનું વેતન ગુમાવવા ઉપરાંત દવા વિના સહન કરવાનું રહે છે. બાળકો માટે શિક્ષણની કોઈ તકો હોતી નથી. આ ખાસ કરીને ખેતીનું કામ કરતા શ્રમિકોની વાત છે.

સુબ્રમણ્યમ તથા અન્યો (૧૯૮૨) દ્વારા અમદાવાદ શહેરના સંદર્ભમાં બાંધકામ શ્રમિકોના કરાયેલ અભ્યાસમાં દર દશ શ્રમિકોમાંથી આઠ સ્થળાંતરિકો જણાય છે. ૭૧ ટકા પુરુષ શ્રમિકો તથા ૬૨ ટકા સ્ત્રી શ્રમિકો સ્થળાંતરિકો છે. તેઓએ (૯૫ ટકાએ) ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરમાં સ્થળાંતર કરેલ છે. નિમ્ન સ્તરની જ્ઞાતિઓ કરતાં ઉચ્ચ સ્તરની જ્ઞાતિઓમાં સ્થળાંતરનું પ્રમાણ સવિશેષ જણાયેલ છે. અનુસૂચિતજાતિ અને જનજાતિના શ્રમિકોમાં સ્થળાંતરનું પ્રમાણ ૬૭ ટકા છે. જ્યારે ઉચ્ચ કે મધ્યમ જ્ઞાતિઓમાં તે ૭૧ ટકા છે. ૬૧ ટકા શ્રમિકો ગુજરાત રાજ્યનાં જ છે.

જોકે સૌરાષ્ટ્રમાં ઐતિહાસિક કારણોને લીધે નાનાં નગરો ઘણાં છે, એટલે પ્રમાણમાં શહેરી વસ્તી અન્ય વિસ્તાર કરતાં વધુ છે પણ અમદાવાદ કે વડોદરા જિલ્લા જેટલું ઔદ્યોગીકરણ નથી. ખેડા જિલ્લા જેવી સમૃદ્ધ ખેતી નથી. એટલે અમદાવાદના બાંધકામ સ્થળાંતરિક શ્રમિકોનું ચિત્ર સૌરાષ્ટ્રને લાગુ પડી શકે નહિ. સૌરાષ્ટ્રમાં સ્થળાંતરિક શ્રમિકોની શું તરાહ છે તે સમજવા અમે જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લાના બાંધકામમાં-રસ્તા અને મકાનો-કામ કરતા ૩૬૦ શ્રમિકો પાસેથી માહિતી મેળવી. આમાંથી ૧૫૯ શ્રમિકો એટલે કે ૪૪ ટકા સ્થળાંતરિક શ્રમિકો હતા, બાકીના સ્થાનિક મજૂરો હતા. આપણે ખાસ તો સ્થળાંતરિક શ્રમિકો વિષે જાણવું છે એટલે અહીં આ ૧૫૯ શ્રમિકોની માહિતી પૂરતું આપણું પૃથક્કરણ મર્યાદિત રાખીશું. અહીં નોંધવું જોઈએ કે સૌરાષ્ટ્રમાં બાંધકામના ક્ષેત્રમાં અમદાવાદ કરતાં સ્થળાંતરિક શ્રમિકોની સંખ્યા ઓછી છે. પણ સૌરાષ્ટ્રના કૃષિ ક્ષેત્રમાં સ્થળાંતરિક શ્રમિકો ફુરકાદ સ્થાનિક છે.

૨૫૩૨

સ્થળાંતરનું સ્વરૂપ તથા વ્યાપ

શહેરી વિસ્તારના ૨૨૫ પુરુષ શ્રમિકોમાંથી ૯૬ શ્રમિકો (૪૨.૬૬ ટકા) સ્થળાંતરિક છે. ગ્રામીણ વિસ્તારમાં ૧૦૨ પુરુષ શ્રમિકોમાંથી ૩૦ શ્રમિકો (૨૯.૪૧ ટકા) સ્થળાંતરિક છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે સૌરાષ્ટ્રના બાંધકામ શ્રમિકોમાં ગ્રામીણ-ગ્રામીણ સ્થળાંતર અથવા શહેરી-ગ્રામીણ સ્થળાંતર કરતાં ગ્રામીણ-શહેરી અથવા શહેરી-શહેરી સ્થળાંતરનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

વળી ૧૫૯ સ્થળાંતરિક શ્રમિકોમાંથી ૧૫૬ (૯૮.૧૧ ટકા) શ્રમિકો ગુજરાત રાજ્યના છે. જ્યારે ૦૩ ટકા શ્રમિકો જ અન્ય રાજ્યના છે. ૬૨ સ્થળાંતરિક શ્રમિકોનું ગામ જે તાલુકામાં તેઓ રહે છે તે જ તાલુકાનું છે. ૮૧ શ્રમિકોનું વતન બીજા તાલુકાનું છે પણ જિલ્લો જ્યાં અત્યારે રહે છે તે જ છે. આમ ૧૫૯ શ્રમિકોમાંથી ૧૪૩ શ્રમિકોએ જિલ્લામાં જ સ્થળાંતર કરેલ છે. બાકીના મોટા ભાગના સૌરાષ્ટ્રના જ બીજા જિલ્લાઓમાંથી જ આવે છે. ૯૫ ટકા શ્રમિકો સૌરાષ્ટ્રના પ્રદેશના જ ગ્રામીણ કે શહેરી વિસ્તારોમાંથી આવે છે.

ઉપરોક્ત વિગતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે બાંધકામ શ્રમિકોને તેઓના વતનમાં કામ ન મળે ત્યારે તેઓ વતનથી નજીકના ગામ કે શહેરમાં કામ મેળવવા પ્રયાસ કરે છે. તેઓને તેમના જ તાલુકાના ગામમાં કામ ન મળે તો તેઓ અન્ય ગામમાં પણ એક જ જિલ્લાના ગામમાં કામ માટે સ્થળાંતર કરે છે અને જો અહીં પણ કામ મળવાની શક્યતા ન હોય તો જ તેઓ સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં કામ મેળવવા માટે જાય છે. સૌરાષ્ટ્ર સિવાયના જિલ્લાઓમાંથી કે ગુજરાત સિવાયના રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવનાર શ્રમિકોનું પ્રમાણ આ પ્રદેશમાં ઓછું જણાય છે. આ રીતે સૌરાષ્ટ્રના બાંધકામ શ્રમિકોમાં એક જ તાલુકા, એક જ જિલ્લા અને એક જ પ્રદેશમાં સ્થળાંતરવલણો સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

સ્ત્રી-પુરુષ સ્થળાંતર

એવું સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે ૩૨૭ પુરુષ શ્રમિકોમાંથી ૧૨૬ પુરુષ શ્રમિકોએ સ્થળાંતર કરેલ છે. જે કુલ પુરુષ શ્રમિકોના ૩૮.૫૩ ટકા થાય છે. જ્યારે ૩૩ સ્ત્રી શ્રમિકોમાંથી તમામ સ્ત્રી શ્રમિકો સ્થળાંતરિક છે. આ રીતે સ્ત્રી શ્રમિકોમાં સ્થળાંતરનું પ્રમાણ સૌરાષ્ટ્ર પ્રદેશમાં પણ વધારે જોવા મળે છે. જોકે પુરુષ શ્રમિકોના સ્થળાંતરનો મુખ્ય હેતુ રોજગારી પ્રાપ્ત કરવાનો છે. જ્યારે સ્ત્રી શ્રમિકો લગ્ન કરીને અથવા તો સ્થળાંતરિક કુટુંબ સાથે સ્થળાંતર કરે છે.

વિકાસની કક્ષા અને સ્થળાંતર

રોજગારી માટે જ સ્થળાંતર કરનાર ૧૨૬ પુરુષ શ્રમિકોમાંથી ૬૩ શ્રમિકોએ વિકસિત શહેરી વિસ્તારોમાં, ૩૩ શ્રમિકોએ અલ્પવિકસિત શહેરી વિસ્તારોમાં, ૨૦ શ્રમિકોએ વિકસિત ગ્રામીણ વિસ્તારમાં અને ૧૦ શ્રમિકોએ અલ્પવિકસિત ગ્રામીણ વિસ્તારમાં સ્થળાંતર કરેલ છે. આમ ૬૫.૮૭ ટકા શ્રમિકોએ વિકસિત શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં સ્થળાંતર કરેલ છે. જ્યારે ૩૪.૧૩ ટકા શ્રમિકોએ અલ્પવિકસિત શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતર કરેલ જણાય છે.

આ રીતે આ અભ્યાસમાંથી અન્ય અભ્યાસો પ્રમાણે સ્પષ્ટ થાય છે કે અલ્પવિકસિત પ્રદેશોમાંથી વિકસિત પ્રદેશોમાં શ્રમિકો સ્થળાંતર કરવાનું વલણ ધરાવે છે. તેમાં પણ ગ્રામીણ-શહેરી સ્થળાંતરનું પ્રમાણ સૌથી વધારે જણાયેલ છે. રોજગારી મેળવવા માટે સ્થળાંતર કરેલ ૧૨૬ પુરુષ શ્રમિકોમાંથી ૯૬ શ્રમિકો (૭૬.૧૯ ટકા) એ શહેરી વિસ્તારમાં સ્થળાંતર કરેલ છે. જ્યારે ૩૦ શ્રમિકો (૨૩.૮૧ ટકા)એ ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતર કરેલ છે. આનો અર્થ એ થયો કે શહેરી વિસ્તારોમાં અને તેમાં પણ વિકસિત શહેરી વિસ્તારોમાં રોજગારીની તકો તથા ઉજ્જવળ ભાવિની શક્યતાઓને કારણે સૌથી વધારે પ્રમાણમાં સ્થળાંતર જોવા મળે છે.

સ્થળાંતર-સમય

સ્થળાંતરની પ્રક્રિયાને ચોક્કસ સમયમર્યાદામાં બાંધી શકાય નહિ. શ્રમિક પોતાનું વતન છોડીને કામ મેળવવા માટે બીજા સ્થળને પોતાનું નિવાસ-સ્થળ બનાવે છે તેથી સ્થળાંતરની પ્રક્રિયા પૂર્ણ થાય છે તેમ નથી. આ શ્રમિક થોડાં વર્ષ કે વર્ષો બાદ બીજા સ્થળે રહેવા જાય અને ત્યારબાદ તે જ રીતે ત્રીજા સ્થળે કામના સંદર્ભમાં રહે તો આ પ્રક્રિયા સતત ચાલુ રહે છે. સ્થળાંતરિક સ્થિર છે કે નહિ તે તપાસવા માટે તે અહીં કેટલા સમયથી રહે છે તે બાબતને આ અભ્યાસમાં તપાસવામાં આવેલ છે. આ સમયગાળાને વિભિન્ન શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવેલ છે.

સ્થળાંતર કરેલ ૧૫૯ શ્રમિકોમાંથી ૬૪ શ્રમિકો (૪૦.૨૫ ટકા) પાંચ વર્ષ કે તેથી ઓછા સમયથી કામ મેળવવા માટે નવા સ્થળે રહે છે. ૩૩ શ્રમિકો (૨૦.૭૫ ટકા) ૬ થી ૧૦ વર્ષ, ૨૮ શ્રમિકો (૧૭.૬૨ ટકા) ૧૧ થી ૧૫ વર્ષથી, ૧૬ શ્રમિકો (૧૦.૦૬ ટકા) ૧૬થી ૨૦ વર્ષથી, ૮ શ્રમિકો (૫.૦૩ ટકા) ૨૧થી ૩૦ વર્ષથી અને ૧૦ શ્રમિકો (૬.૨૯ ટકા) ૩૦ કે તેથી વધારે વર્ષથી સ્થળાંતર કરેલ સ્થળે રહે છે.

સ્થિરતાની દૃષ્ટિએ શ્રમિકોને પાંચ વિભાગોમાં આ રીતે વિભાજિત કરી શકાય: (અ) ૫ વર્ષ કે તે કરતાં ઓછા સમયથી રહેનારને અતિ અસ્થિર (બ) ૬ થી ૧૦ વર્ષ સુધીનાને અસ્થિર (ક) ૧૦ થી ૧૫ વર્ષથી રહેનારને ઠીક ઠીક સ્થિર (ડ) ૧૫ થી ૨૦ વર્ષથી રહેનારને સ્થિર તથા (ઈ) ૨૦ વર્ષથી વધારે સમયથી રહેનારને સાવ સ્થિર શ્રમિકો ગણીએ તો ૧૫૯ શ્રમિકોમાંથી ૬૪ શ્રમિકો અતિ અસ્થિર, ૩૩ શ્રમિકો અસ્થિર, ૨૮ શ્રમિકો ઠીકઠીક સ્થિર, ૧૬ શ્રમિકો સ્થિર અને ૮ શ્રમિકો તદ્દન સ્થિર કે નિશ્ચિત ગણાવી શકાય. આ રીતે કુલ સ્થળાંતર કરનારાઓમાંથી ૬૧ ટકા શ્રમિકોને અસ્થિર ગણી શકાય. જ્યારે ૩૯ ટકા શ્રમિકો જ ઠીક ઠીક સ્થિર કે તદ્દન સ્થિર ગણાવી શકાય. આ માહિતીના આધારે એમ કહી શકાય કે બાંધકામ શ્રમિકોને તેના જીવનકાળ દરમ્યાન એક કરતાં વધારે વખત સ્થળાંતર કરવું પડે છે.

સ્થળાંતરનું પ્રયોજન

બાંધકામ ઉદ્યોગના શ્રમિકોના સ્થળાંતરનું મુખ્ય પ્રયોજન રોજગારીપ્રાપ્તિનું છે. તમામ ૧૨૬ પુરુષ શ્રમિકોએ માત્ર રોજગારી મેળવવા માટે જ સ્થળાંતર કર્યાનું જણાયેલ છે. સ્થળાંતર કરેલ ૩૩ સ્ત્રી શ્રમિકોમાંથી ૨૫ સ્ત્રી શ્રમિકો (૭૫.૭૬ ટકા)એ લગ્નને કારણે પતિના ઘરે રહેવા માટે સ્થળાંતર કરેલ છે. જ્યારે ૦૮ સ્ત્રી શ્રમિકો (૨૪.૨૪ ટકા)એ કુટુંબના અન્ય સભ્યો સાથે રહેવા માટે સ્થળાંતર કરેલ છે. પુરુષ-સ્થળાંતરનો મુખ્ય હેતુ રોજગારીનો છે. જ્યારે સ્ત્રી શ્રમિકોનો સ્થળાંતરનો મુખ્ય હેતુ લગ્ન બાદ પતિ સાથે રહેવા આવવાનો છે.

જમીનનું પ્રમાણ

ગ્રામીણ વિસ્તારમાં જમીન પર ભારણ વધવાથી પણ સ્થળાંતર થાય છે. આ ઉપરાંત સ્થળાંતરનો આધાર જમીનનું કદ તથા કુટુંબના કદ પર છે. જો જમીનના કદની તુલનાએ કુટુંબનું કદ મોટું હોય તો સ્થળાંતર કરવું પડે છે. આ અભ્યાસમાં આ બાબતને સમર્થન પ્રાપ્ત થાય છે. સ્થળાંતર કરનાર ૧૫૯ બાંધકામ શ્રમિકોમાંથી ૪૮ શ્રમિકો (૩૦.૧૮ ટકા) જમીન ધરાવતા હતા. જેમાંથી ૩૨ શ્રમિકો (૬૬.૬૭ ટકા) ૫ એકર અથવા તે કરતાં ઓછી જમીન ધરાવતા હતા, ૧૬ શ્રમિકો (૩૩.૩૩ ટકા) ૫ થી ૨૦ એકર જમીન સ્થળાંતર સમયે ધરાવતા હતા. જમીન હોવા છતાં તેઓને સ્થળાંતર કરવું પડેલ તેનું મુખ્ય કારણ ખેડાણ ધટકનું કદ નાનું હતું અને તેમાંથી સમગ્ર કુટુંબનો નિર્વાહ થવો શક્ય ન હતો.

સ્થળાંતર સમયની આવક તથા દેવાદારપણું

સ્થળાંતરનું મુખ્ય કારણ ગ્રામીણ-શહેરી આવકમાં રહેલ તફાવત છે. સ્થળાંતરની પ્રક્રિયાને આર્થિક સંદર્ભમાં આ રીતે રજૂ કરી શકાય. 'ઓછી આવકવાળા વિસ્તારમાંથી વધુ અપેક્ષિત આવકવાળા વિસ્તાર

તરફ જવાની પ્રક્રિયાને સ્થળાંતર કહી શકાય.' વતનમાં આવક પ્રાપ્ત થાય છે. તેથી વધારે આવક મેળવવાની અપેક્ષાથી જ હાલની આવક તથા સ્થળાંતર બાદની અપેક્ષિત આવકના તફાવતની ગણત્રી કરીને જ શ્રમિક સ્થળાંતર અંગેનો નિર્ણય લે છે. આ સંદર્ભમાં શ્રમિકોની સ્થળાંતર સમયે તેઓના વતનમાં પ્રાપ્ત થતી આવકનો અભ્યાસ કરવો રસપ્રદ બનશે.

૧૫૯ સ્થળાંતર કરેલા શ્રમિક કુટુંબોમાંથી ૯૮ શ્રમિકો (૬૧.૬૩ ટકા)ની વાર્ષિક આવક સ્થળાંતર સમયે રૂ. ૫૦૦થી ૨૦૦૦ની હતી, ૧૪ શ્રમિક કુટુંબો (૩૩.૯૬ ટકા)ની આવક રૂ. ૨૦૦૦થી ૫૦૦૦ની, ૦૭ કુટુંબો (૪.૭૧ ટકા)ની આવક રૂ. ૫૦૦૦થી વધારે હતી. આમ ૧૧૨ શ્રમિક કુટુંબોની વાર્ષિક આવક સ્થળાંતર સમયે રૂ. ૨૦૦૦ કરતાં ઓછી હતી જે સ્થળાંતર કરેલા કુલ શ્રમિક કુટુંબોના ૯૫.૫૯ ટકા થાય છે. ૬૪ શ્રમિકો (૪૦.૨૫ ટકા) પાંચ વર્ષ કે તે કરતાં ઓછા સમયથી રહે છે. તેઓનો સરેરાશ સમય ૨.૫ વર્ષ ગણીએ તો તેઓની ૨.૫ વર્ષ પહેલાંની વાર્ષિક આવક રૂ. ૨૦૦૦ કરતાં ઓછી હોઈ તે સ્થળાંતરનું વાસ્તવિક કારણ જણાય છે. ૯૫ શ્રમિકો (૫૯.૭૫ ટકા) ૧૦ વર્ષ કે તે કરતાં ઓછા સમયથી રહે છે. આ શ્રમિકો માટે સરેરાશ સમય ૫ વર્ષ ગણીએ તો ૫ વર્ષ પહેલાંની વાર્ષિક આવક રૂ. ૨૦૦૦ કરતાં નીચી હોય તે બાબત સ્થળાંતર માટેના 'પુશ' પરિબળની પ્રતીતિ કરાવે છે.

ઉપરની ચર્ચા પરથી ફલિત થાય છે કે સ્થળાંતર સમયે આ શ્રમિકોની આવક અતિ ઓછી હતી. આથી કેટલાક શ્રમિકોએ દેવું પણ કરેલ હતું. ૧૫૯ સ્થળાંતર કરેલ શ્રમિક કુટુંબોમાંથી ૫૩ શ્રમિક કુટુંબો (૩૩.૩૩ ટકા) સ્થળાંતર સમયે દેવાદાર હતા. તેમાંથી ૧૭ કુટુંબો (૩૨.૦૭ ટકા)નું દેવું રૂ. ૫૦૦થી ૧૫૦૦, ૦૯ શ્રમિક કુટુંબો (૧૬.૯૯ ટકા)નું રૂ. ૧૫૦૦થી ૩૦૦૦, ૨૧ કુટુંબો (૩૯.૬૨ ટકા)નું રૂ. ૬૦૦૦થી ૧૦૦૦૦ હતું. આ રીતે ૨૭ શ્રમિક કુટુંબો રૂ. ૩૦૦૦થી ૧૦૦૦૦ જેટલું દેવું સ્થળાંતર સમયે ધરાવતા હતા. આવક ઓછી હોય તથા ભવિષ્યમાં આવક વધવાની શક્યતા ન હોય અને દેવું ભરપાઈ કરવાનું હોય ત્યારે શ્રમિક કુટુંબને સ્થળાંતર માટેનો એક જોરદાર ધક્કો આ પરિબળો દ્વારા લાગે છે તેમ જણાય છે. આ રીતે ઓછી આવક અને દેવાદારપણું સ્થળાંતર માટેનું એક અતિ અગત્યનું કારણ આ પરથી માલૂમ પડે છે. આ રીતે અભ્યાસનાં તારણો અગાઉ થયેલા અભ્યાસોનાં તારણો સાથે ઘણું સામ્ય ધરાવે છે.

કાર્ય અંગેની અપેક્ષા અને પ્રાપ્તિ

સ્થળાંતર અંગેનો નિર્ણય લેવા માટે કાર્ય અંગેની માહિતી, અપેક્ષા અને ખાત્રી અગત્યનો ભાગ ભજવે છે. શ્રમિકને કાર્ય અંગેની માહિતી પ્રાપ્ય હોય અથવા અગાઉથી જ કાર્ય નક્કી કરી આવેલ હોય અથવા કાર્ય પ્રાપ્ત થવાની પૂર્ણ ખાત્રી હોય તો જ તે સ્થળાંતર અંગેનો નિર્ણય લે છે. અભ્યાસમાં આવરી લેવાયેલ ૧૫૯ સ્થળાંતરિકોમાંથી ૧૦ શ્રમિકો (૬.૨૯ ટકા)ને કાર્ય અંગે કોઈપણ જાતની માહિતી કે ખાત્રી ન હોવા છતાં સ્થળાંતર કરેલ હતું. આ બાબત સ્થાનિક પરિસ્થિતિ તથા પ્રશ્નોની તીવ્રતમ ગંભીરતા દર્શાવે છે. ૪૨ શ્રમિકો (૨૬.૪૧ ટકા)ને કામ મળવાનું નક્કી હતું આથી તેઓએ સ્થળાંતર કરેલ અને ૧૦૭ શ્રમિકો (૬૭.૩૦ ટકા)ને કામ મેળવવાની આશા હતી આથી તેઓએ સ્મળાંતર કરેલ હતું. આમ કુલ ૧૫૯ સ્થળાંતરિકોમાંથી ૯૨.૪૫ ટકાને કામ મળવાનું અગાઉથી નક્કી ન હતું પણ કામ મળશે તેવી આશા હોવાથી તેઓએ સ્થળાંતર અંગેનો નિર્ણય કરેલ હતો. તેનો એક અર્થ એ થાય કે સ્થળાંતર કરતાં પહેલાં તેઓએ યોગ્ય અને પદ્ધતિસર રીતે તેનું આયોજન કરેલ નથી. ક્યારે અને ક્યું કામ મળશે તેનો ખ્યાલ ન હોવાથી તેઓ અપેક્ષિત આવકની પણ ગણત્રી યોગ્ય રીતે ન કરી શકે તે સ્વાભાવિક છે. આ બાબત 'પુશ' પરિબળો સ્થળાંતરમાં અસાધારણ અગત્ય ધરાવે છે તેની ખાત્રી કરાવે છે.

અગાઉ ચર્ચા કરી છે તેમ ટોડારો તથા અન્ય કેટલાક વિદ્વાનોએ જણાવેલ છે કે શ્રમિક સ્થળાંતર કરીને જે તે સ્થળે આવે છે કે તરત જ તેને કામ મળી જતું નથી તેને અમુક સમય બેકાર અથવા અર્ધબેકાર રહેવું પડે છે અથવા પ્રારંભિક તબક્કે અપેક્ષા કરતાં નિમ્ન સ્તરે કામ કરવું પડે છે. સ્થળાંતરનો નિર્ણય કરતી વખતે તે અપેક્ષિત આવકની ગણત્રી કરે છે ત્યારે તેને પ્રારંભિક બેકારીનો ખ્યાલ હોય છે.

એક પણ બાંધકામ શ્રમિકને સ્થળાંતર કર્યા બાદ બીજા દિવસથી જ કામ પ્રાપ્ત થયેલ નથી. કામ મેળવવા માટે દરેકને પ્રતીક્ષા કરવી પડેલી છે. ઓછામાં ઓછા ૧૫ દિવસ અને વધુમાં વધુ ૭૦ દિવસ કરતાં પણ વધારે દિવસો સુધી કામ મેળવવા માટે બાંધકામ શ્રમિકોએ સ્થળાંતર કર્યા બાદ પ્રતીક્ષા કરવી પડી છે. આ બાબતને વિગતવાર તપાસીએ તો ૨૭ શ્રમિકોને (૧૬.૯૮ ટકા)ને સ્થળાંતર કર્યા બાદ ૧૫ દિવસમાં કામ મળી ગયેલું હતું, ૩૧ શ્રમિકો (૧૯.૪૯ ટકા)ને ૧૬ દિવસથી ૩૦ દિવસ સુધી, ૨૮ શ્રમિકો (૧૭.૬૧ ટકા)ને ૩૧થી ૬૦ દિવસ સુધી અને ૭૩ શ્રમિકો (૪૫.૮૨ ટકા)ને ૬૦ દિવસથી વધારે સમય સુધી સ્થળાંતર કર્યા બાદ કામ કેળવવા માટે પ્રતીક્ષા કરવી પડેલી છે. આ તબક્કો સ્થળાંતરિકો માટે ચિંતાપ્રદ તથા ગંભીર તબક્કો હોય છે. આ સમયે સ્થળાંતરિક ભારે માનસિક તનાવ અનુભવે છે. કામ મળશે કે કેમ તે વિષે અનેક આશંકા ઊભી થાય છે. હતાશા અને ગમગીની તેને ઘેરી વળે છે. સ્થળાંતરના નિર્ણય સમયે તેણે પોતાની ભાવિ પરિસ્થિતિનું જે સુખદ ચિત્ર માનસપટ પર અંકિત કરેલું હોય છે તે જાણે કે નિસ્તેજ થતું જતું હોય તેમ લાગે છે. તેની રહી-સહી મૂડી ખર્ચાવા લાગે છે.

વતનની મુલાકાત

જનની અને જન્મભૂમિને સ્વર્ગ કરતાં પણ વધારે ગૌરવપ્રદ સ્થાન આપવામાં આવેલ છે. આથી સ્વભાવિક છે કે દરેક વ્યક્તિ પોતાના જન્મ-સ્થળ વતન સાથે લાગણીથી સંલગ્ન હોય છે. તેમાં પણ જે વ્યક્તિઓ વતન છોડીને કામ ધંધા માટે બીજા સ્થળે જાય છે તેમને માટે તો વતન પ્રત્યે અપાર લાગણી હોય તે સ્વાભાવિક હોય છે. સ્થળાંતર કરનારાઓ અવાર-નવાર પ્રસંગોપાત વતનની મુલાકાત લે તે સહજ છે.

આ અભ્યાસમાં આવરી લેવાયેલ ૧૫૯ સ્થળાંતરિક શ્રમિક કુટુંબોમાંથી ૧૧૬ કુટુંબોએ (૭૨.૯૫ ટકા) છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન વતનની મુલાકાત લીધી છે. ૪૩ કુટુંબો (૨૭.૦૫ ટકા) એ છેલ્લાં ત્રણ વરસ દરમિયાન વતનની મુલાકાત લીધી નથી. તેને માટે વિશિષ્ટ કારણો હોઈ શકે છે. વતનમાં જ ઝગડા થયેલ હોય અથવા જમીન મકાન કાંઈ ન હોય અથવા કામ ન મળવાથી ત્યાં અતિ મુશ્કેલીઓને કારણે વતનમાંથી નીકળવું પડે તેથી વતન પ્રત્યે નફરત થઈ હોય અથવા ઘણાં વર્ષોથી કામના સ્થળે જ રહેતા હોવાથી તે જ વતન બની ગયેલ હોય તો આ કારણોસર વતનની મુલાકાત ન લેવામાં આવે તે શક્ય છે. આ સિવાય વતનમાં જવાનું કોઈ ખાસ કારણ ન હોય અથવા તો બાંધકામક્ષેત્રમાં ગમે તે સમયે કામ મેળવવાની શક્યતા હોવાથી તેમની હાજરી અનિવાર્ય હોવાથી વતનમાં ન જઈ શકાયેલ હોય તે શક્ય છે.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન જે શ્રમિકોએ વતનની મુલાકાત લીધી છે તેઓને વિગતે તપાસીએ તો :

૧ ૧૯૮૪માં ૬૨ શ્રમિકો (૫૩.૪૪ ટકા)એ એકથી પાંચ વખત, ૨૭ શ્રમિકો (૨૩.૨૭ ટકા)એ ૬ થી ૧૫ વખત, ૦૮ શ્રમિકો (૮.૬૯ ટકા)એ ૧૬થી ૪૫ વખત, વતનની મુલાકાત લીધી હતી.

૨ ૧૯૮૫માં ૫૩ શ્રમિકો (૪૫.૬૮ ટકા)એ ૧ થી ૫ વખત, ૧૭ શ્રમિકો (૧૪.૬૫ ટકા)૬ થી ૧૫ વખત, તથા ૦૮ શ્રમિકો (૮.૬૯ ટકા)એ ૧૬ થી વધુ વખત મુલાકાત લીધી હતી.

૩ ૧૯૮૬માં ૫૫ શ્રમિકો (૪૭.૪૧ ટકા)એ ૧ થી ૫

વખત, ૨૩ શ્રમિકો (૧૯.૨૨ ટકા)એ ૬ થી ૧૫ વખત, અને ૦૪ શ્રમિકો (૩.૪૪ ટકા)એ ૧૬થી વધારે વખત વતનની મુલાકાત લીધી હતી.

આગળ ચર્ચા કરી છે તે પ્રમાણે મોટા ભાગના શ્રમિકોનું વતન એક જ તાલુકા કે જિલ્લામાં હોવાથી તેઓ વધારે વખત તેની મુલાકાત લે તે શક્ય છે.

વતનની મુલાકાત માટે કેટલાંક કારણો કે હેતુઓ હોય છે. આ અભ્યાસ પ્રમાણે ૧૨ શ્રમિકો (૧૦.૩૪ ટકા) એ કુટુંબના વ્યવસાય અથવા ખેતીમાં મદદ કરવા માટે વતનની મુલાકાત લીધેલ હતી, ૦૩ શ્રમિકો (૨.૫૮ ટકા)એ તહેવાર ઊજવવા, ૧૧ શ્રમિકોએ પોતાનું કુટુંબ વતનમાં હોવાથી તેમની સંભાળ લેવા, ૧૭ શ્રમિકોએ (૧૪.૬૫ ટકા) સગાઓને મળવા માટે, ૦૭ શ્રમિકો (૬.૦૩ ટકા)એ મકાન વિષયક બાબતો માટે અને ૧૧ શ્રમિકો (૯.૪૮ ટકા)એ સામાજિક પ્રસંગોમાં હાજરી આપવા માટે વતનની મુલાકાત લીધેલ હોવાનું જણાવેલ છે.

સ્થિરતા અને પ્રશ્નો

વતન છોડીને આવતા સ્થળાંતરિકોને સ્થિર થતાં સમય લાગે છે. તેઓ સમયની દૃષ્ટિએ તો અસ્થિર હોય જ છે. જેની ચર્ચા આગળ કરેલી છે. પરંતુ માનસિક રીતે પણ તેઓ સ્થિરતા અનુભવતા નથી. આ અભ્યાસમાં મોટાભાગના શ્રમિકોએ તેઓ કામનાં સ્થળે સ્થિર થઈ ગયેલ છે તે જણાવેલ છે. ૧૪૩ શ્રમિકો (૮૪.૨૭ ટકા)એ તેઓ કામના સ્થળે સ્થિર થઈ ગયેલ છે તેમ જણાવેલ છે. જ્યારે ૨૫ શ્રમિકો (૧૫.૭૩ ટકા)એ તેઓ સ્થિર થયેલ નથી તેમ જણાવેલ છે. અહીં સ્થિરતાનો અર્થ એક જ સ્થળે લાંબા સમય સુધી વસવાટ કરવાની ઇચ્છા તેમ થતો નથી પરંતુ કાર્ય કરવા માટે સવિશેષપણે માનસિક નિશ્ચિતતા કે સ્થિરતા જે આવશ્યક છે તે છે.

પોતાના વતનમાં કામ કરવું અને બીજા સ્થળે કામ કરવું આ બન્નેમાં ઘણો તફાવત છે. આથી વતન છોડીને આવતા સ્થળાંતરિકોને કેટલાક વિશિષ્ટ પ્રશ્નોનો સામનો કરવો પડે તે સ્વાભાવિક છે. જો કે ૨૧ સ્થળાંતરિકો (૧૩.૨૦ ટકા) એ તેઓને કોઈપણ જાતની મુશ્કેલી નથી તેમ જણાવેલ છે. ઘણા લાંબા સમયથી આ સ્થળે વસતા હોય અને નિવાસ સ્થળ વતન જેવું જ બની ગયેલ હોય અથવા કુશળ શ્રમિકોને કોઈ મુશ્કેલી ન હોય તે શક્ય છે. ૧૧૨ શ્રમિકો (૭૦.૪૫ ટકા) એ તેઓને પૂરતું કામ ન મળતું હોવાથી આર્થિક મુશ્કેલી અનુભવે છે તેમ જણાવેલ છે. બાંધકામ ઉદ્યોગનાં કાર્યો અતિઅલ્પકાલીન હોવાથી આ બાબત માત્ર સ્થળાંતરિકોને જ નહિ પરંતુ તે સિવાયના બાંધકામ શ્રમિકોને પણ સ્પર્શે છે. પરંતુ જેઓ પોતાના વતનમાં જ કાર્ય કરતા હોય તેઓ આર્થિક મુશ્કેલી સરળતાથી હલ કરી શકે છે. જ્યારે બહારના શ્રમિકો વધારે તકલીફ અનુભવે તે સ્વાભાવિક છે. અન્ય રાજ્યોમાંથી આવનાર ૦૩ સ્થળાંતરિકો (૧.૮૮ ટકા) ને ભાષાની મુશ્કેલી પડે છે. (૧૪.૪૭ ટકા)ને વતનની સતત યાદ, એકલાપણું જેવા પ્રશ્નો સતાવે છે. આ રીતે વતન છોડીને આવતા શ્રમિકોને કેટલાક વિશિષ્ટ પ્રશ્નોનો સામનો કરવો પડે છે.

બાંધકામ ઉદ્યોગના શ્રમિકો અન્ય પ્રકારના શ્રમિકોની સરખામણીમાં વધારે સ્થળાંતરલક્ષી જણાય છે. તેઓને કામ મેળવવા માટે એક સ્થળેથી બીજા સ્થળે ફરવું પડે છે. કેટલાક શ્રમિકોને તો સતત સ્થળાંતર કરવું પડે છે. આ ગતિશીલતા વધારે સારા જીવન કે પ્રગતિ માટે નહિ પણ શ્રમિક તરીકેના અસ્તિત્વને ચાલુ રાખવા, જીવન ટકાવવા માટે હોય છે. તેમની ગતિશીલતા અનૈચ્છિક અનિવાર્ય ઘટના જણાય છે.

સંદર્ભ સૂચિ

Bacon, 'Poverty among Inter-regional Rural to Urban Migrants', Rural Sociology, 36, 1971.

Banerjce, G. 'Rural to Urban Migration and the Urban Labour Market', in Krishnamurthy, K. (Ed.) Institute of Economic Growth, New Delhi, 1986.

Beals, R. E. *et al.* '*Rationality and Migration in Ghana*', Review of Economics and Statisics, 49, 1969.

Becker, G. S., 'Human Capital', N. B. E. R., New York, 1964.

Bhatt, Atul, 'Study of working and Living Environments of Seasonal Migrants', Gujarat Institute of Area Planning, Ahmedabad, 1979.

Bhogiwal, T. N. 'Labonr Problems in India', Kitabgher, Kanpur, 1956.

Bose, A., 'Why do people Migrate the Cities?' Yojana, Vol. IX-, No. 1, Jan. 22, 1965.

Breman, Jan., 'Seasonal Migration and Co-operative Capitalisam' Economics and Political Weekly, Vol. XIII, No. 5, Special Number 1977.

Brigg, P., 'Some Economic Interpretations of Case Studies of Urban Migration in Developing Countries', World Bank Staff working paper No. 151, 1978.

Caldwell, J., 'African Rural - Urban : The movement to Ghana's Town', Hurst, London, 1969.

Chand, M., 'Employment and Migration in Allahabad City', Oxford and Ich Publishing Co., Calcutta, 1969.

Connel, et al., 'Migration form Rural Areas : The Evidence from village Studies', Oxford Uni. Press, New Delhi, 1976.

Eamer, E, 'Some Aspects of Urban Migration from a Village in North Centre India', Eastern Anthropoligist, 1961.

Fabricant, F. A., 'An expectational Model of Migration', Journal of Regional Science, 10, 1970.

Fei, G. and Ranis, 'Critique of Probalities Model: Application of Some Markov Model to: Migration', Journal of Mathematical sociology, 1972.

Greenwood, M., 'An Analysis of the *Deteminant of Labour Mobility in India*', Annals of Regional Society, 48. June, 1969.

Gumber, A. K. 'Sectoral level of Development and Migration in Gujarat : A District level Analysis', Anvesak, Vol. XIII, No. 1, *June, 1983.*

Hanser, P. M., 'Urbanisation in Asia and Far East', UNESCO, Research Centre on the Social Implications of Southern Asia, Calcutta, 1957.

Huntington, 'An Empirical Study of Ethnic Linkages in Kenyan Rural-Urban Migration', An Unpublished Ph. D. Thesis, SUNY/ Binghampton, 1974.

Kothari, Devendra and Pravin Visaria, '*Rual-Urban Migration and its Conter-Stream in Gujarat* : A Study of Census Data', Journal of Labour Economics, Vol. XXVIII, April-July, 1985, No. 1 & 2.

Lee, Everett, 'A Theory of Migration', *Demography, 3, 1967.*

Lewis, A. W., 'Development with Unlimited Supply of Labour', Manchester School of Economic and Social Studies, March, 1964.

Lipton, M., 'Migration from Rural Areas of poor Countries' World Development, No. 1, 1980.

Lowry, I. S, 'Migration and Metropolitan Growth : Two Analytical Models', Sanfransisco; Chunder, 1964.

Maheta *Dinesh.* '*Behavioural Aspects of* Rural-Urban Migration', Research Abstracts

Quarterly, ICSSR, Vol. XIII, No. 1-2, Jan. June, 1984.

Michael, Mann, Workers of Move : Sociology of Reallocation', Cambridge University Press, 1973.

Oberoi, A. S., 'Demographic and Social Information in Migration Surveys : Analytical Significance and Guide lines for Data collection' Working paper No. 99, I. L. O. Geneva.

Oberoi, A. S. and H. K. Manmohan Singh, 'Migration Flows in Punjab's Green Revolution Belt', Economic and Political Weekly, Vol. XV, No. 13, March, 1980.

Ram Avtar, 'Lectures on Labour Problems and Social Welfare in India', New Academic Publising Co., Jullundhur 1, 1971.

Rao, M. S. A., 'Towns Developments and Labour Migration', Economic and Political Weekly, July 22, 1978.

Rempel, H., 'Labour Migration into Urban Centres and Urban Unemployment in Kenya' An Unpublished Ph. D. Thesis, University of Wisconsin, 1970.

Revenstein, E. G. 'The Jaws of Migration', Journal of the Statistical Society, 48, June, 1985.

Sabot, R. H., 'Education, Income Distribution and Urban Migration in Tanzania', University of Dares Sallam, (Miemeo), 1972.

Sahota, G. S., 'An Economic Analysis of Internal Migration of Brazil', Journal of Political Economy Vol. 76 (2).

Saint, W. and Goldsmith, 'Cropping System, Structure Change and Rural-Urban Migration in Brazil', World Development, 8, 1980.

Shultz, T. P., 'Rural Urban Migration in Columbia', Review of Economics and Statistics, Vol. 53 (2), 1971.

Soni, N. K., 'Dimensions of Migration in India', The Indian Journal of Labour Economics, Vol. XXVIII, Octo., 1985, No. 3,

Standing, G., 'Migrants and the Labour process: A Modules for Migration Surveys', I.L.O., Working Paper No. 100, Geneva, 1978.

Subramanian, et al. 'Construction Labour Market, A Study in Ahmedabad'., New Delhi; Concept publishing Co., 1982.

Thomas, B., 'Migration and Economic Development', Cambridge University Press, 1973.

United Nations, 'Methods of Measuring Internal Migration', Mannual VI, New York, 1970.

U. S. Department of Labour, 'Labour Supply in a Newly Industrialised Area', Bulletin No. 1261, Feb. 1960.

પંચાયતીરાજ અને નબળા વર્ગો

ઘનશ્યામ શાહ

બંધારણનો ૬૪મો સૂચિત સુધારો પંચાયતના ખરડા અંગેનો છે. આ ખરડામાં પંચાયતના ત્રણ સ્તરના માળખાનું–ગામ, બ્લૉક અથવા તાલુકા અને જિલ્લા–સૂચન છે. ગુજરાતમાં ત્રીસ્તરીય માળખું છે જ એટલે આપણા માટે આ નવું નથી. આ ખરડામાં બીજી મહત્ત્વની જોગવાઈ નબળા વર્ગો માટે અનામત બેઠકો અંગેની છે. અહીં નબળા વર્ગો એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સ્ત્રીઓ. અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની બેઠકો તેમની વસ્તીના પ્રમાણમાં રહેશે; જ્યારે સ્ત્રીઓ માટે ૩૦ ટકા બેઠકોની જોગવાઈ છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામત બેઠકો છે જ; સ્ત્રી. બેઠકો પણ દરેક સ્તરે અનામત છે પણ તેની સંખ્યામાં સૂચિત ખરડા દ્વારા વધારો થશે. આ જોગવાઈ પાછળનો ઉદ્દેશ એ છે કે અનામત બેઠકો દ્વારા નબળા વર્ગોને સત્તા-સ્થાન મળશે; અને તે દ્વારા તેમના સામાજિક–આર્થિક પ્રશ્નો ઉકેલાશે; તેમને થતા અન્યાઓ પર લગામ આવશે અને તેમના વિકાસની પ્રક્રિયા ઝડપી બનશે. કેટલે અંશે આ ઉદ્દેશ ફળીભૂત થશે? આ પ્રશ્નની આપણે અહીં ચર્ચા કરીશું. ગુજરાતમાં તો ૧૯૬૪માં પંચાયતી રાજ શરૂ થયું ત્યારથી અને કેટલાક વિસ્તારોમાં તો ત્યાર પહેલાં નબળા વર્ગો માટે પંચાયતના દરેક સ્તરે ઓછા–વત્તા પ્રમાણમાં અનામત બેઠકોની જોગવાઈ હતી; અને વિધાનસભા અને લોકસભામાં ૧૯૫૨થી અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામત બેઠકો છે જ; એટલે ઉપર્યુક્ત પ્રશ્નની ચર્ચામાં આપણો ચાલીસ વર્ષનો અનુભવ ઉપયોગી થઈ પડશે.

આ રાજકીય અનામત બેઠકો પાછળ બે ધારણાઓ છે. એક, હોદ્દો અને સત્તા એકબીજાના પર્યાય છે. હોદ્દો મળે એટલે સત્તા મળે જ. પદ મળવાથી હોદ્દેદાર પાસે પોતાના સમૂહના પ્રશ્નોને ઉકેલવા માટેની શક્તિ આવે. બીજું, જેને નબળા વર્ગો કહેવામાં આવે છે તે સામાજિક સમૂહો છે. આ સમૂહોમાં એકસરખાપણું અને સંવાદિતા છે. એટલે કે બધા જ આદિવાસીઓ, દલિતો, સ્ત્રીઓ એક સરખા પ્રશ્નોનો સામનો કરે છે અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમગ્ર સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે. આ બન્ને ધારણાઓ કેટલે અંશે સાચી છે તે તપાસવું જોઈએ.

સમગ્ર સમાજના લોકો એક સરખા નથી, અને વિકાસ થાય એટલે સમાજના સૌ લોકોનો વિકાસ થાય તે જરૂરી નથી. આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી એને નીતિમાં (Policy) મૂર્ત સ્વરૂપ આપવા માટે આપણે લગભગ દોઢ દાયકા કરતાં પણ વધુ સમય વેડફ્યો. ૧૯૫૨માં ગ્રામ્ય ભારતના વિકાસ માટે જન સમુદાયના (Community) વિકાસના કાર્યક્રમને અપનાવ્યો. આ કાર્યક્રમમાં લોકભાગીદારીનો અભાવ જણાતાં બળવંતરાય મહેતા કમિટીની ભલામણોને આધારે પંચાયતી રાજના શ્રીગણેશ મંડાયા. સત્તાનું વિકેન્દ્રીકરણ થયું. બળવંતરાય મહેતાએ જન સમુદાયના વિકાસ (કોમ્યુનિટી ડેવલપમેન્ટ)ની વિભાવનાને પડકારી નહિ. એમણે માન્યું કે કોમ્યુનિટીનો વિકાસ થાય એટલે નબળાવર્ગોનો વિકાસ આપોઆપ થાય, પણ આ ખ્યાલ બોદો છે તે વાત તરત સમજાઈ; અને સ્વીકારવામાં આવ્યું કે સમાજમાં સબળા અને નબળા વર્ગો છે. એટલે જ

મહારાષ્ટ્રની લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિએ સાઠના દાયકાની શરૂઆતમાં નોંધ્યું કે પંચાયતી રાજ સંસ્થાઓએ સ્થાનિક સાધનો (resources) અને લોકોની ભાગીદારીને વધારેમાં વધારે વધારવી જોઈએ કે જેથી ખાસ કરીને નબળા વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને સમતોલ વિકાસ થાય. એવું માનવામાં આવ્યું કે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની પંચાયતના દરેક સ્તરે અનામત બેઠકોથી 'નબળાવર્ગના વિકાસ સાથેની સમતોલ વિકાસ'ની પ્રક્રિયા ઝડપી બનશે.

નબળા વર્ગોના કલ્યાણ માટે પંચાયતી રાજ સંસ્થાઓ અને જનસમુદાય વિકાસનાં સંગઠનો શો ભાગ ભજવી શકે તેના અભ્યાસ માટે શ્રી જયપ્રકાશ નારાયણના અધ્યક્ષપણા નીચે ભારત સરકારે ૧૯૬૧માં એક કમિટી નીમી. આ કમિટી એવા તારણ ઉપર આવી કે જનસમુદાય વિકાસના કાર્યક્રમ દ્વારા જે સામાન્ય વિકાસનાં કામો થાય તેવાં કામો થયાં, તેમાં જનસમુદાયના વિકાસના કાર્યક્રમો થયા નહિ. કમિટીની દૃષ્ટિએ જનસમુદાય અને સામાન્ય વિકાસનો ભેદ મહત્ત્વનો હતો. જેમજેમ નબળાવર્ગો સંગઠિત થઈ લડતો આપતા ગયા તેમતેમ 'સામાજિક ન્યાય સાથે વિકાસ' (Growth with Social Justice) ની વાતનો સ્વીકાર થતો ગયો. પણ બોન્ગીરવલ કમિટીએ મહારાષ્ટ્ર રાજ્યના સંદર્ભમાં ૧૯૭૧માં નોંધ્યું કે પંચાયતી રાજની સંસ્થાઓ કે તેના હોદ્દેદારો વિકાસની પ્રક્રિયાને જલદ બનાવવા ઉત્સાહી દેખાતા ન હતા. વિકાસની પ્રક્રિયામાં નબળા વર્ગોની સામેલગીરી ન કરવામાં આવી તેટલું જ નહિ ઘણી જગ્યાએ ચૂંટણીની પ્રક્રિયામાંથી પણ તેમને બહાર રાખવામાં આવ્યા. ૧૯૭૨માં ગુજરાત સરકારે શ્રી ઝીણાભાઈ દરજીના અધ્યક્ષપણા નીચે પંચાયતી રાજ અંગેની ઉચ્ચ કક્ષાની કમિટી નીમી. પંચાયતી રાજની સંસ્થાઓમાં નબળા વર્ગો પરત્વે ભેદભાવપૂર્ણ વર્તાવ રાખવામાં આવે છે અને પંચાયતી રાજથી નબળા વર્ગોને સહન કરવું પડે છે તેવી અનેક ફરિયાદો દરજી કમિટીને મળી. ઘણા દલિત આગેવાનોએ કમિટીને કહ્યું કે વિકાસકામો માટે જિલ્લાપંચાયત કે તાલુકા પંચાયતના પ્રમુખ કરતાં કલેક્ટર કે મામલતદારને તેઓ વધુ પસંદ કરે છે. તેમની દૃષ્ટિએ પંચાયતી રાજને કારણે વર્ચસ્વ ધરાવતો સબળો વર્ગ વધુ શક્તિશાળી બન્યો છે અને ગામ કક્ષાએ દલિતોને વધુ સહન કરવું પડે છે.

નબળા વર્ગોને વધુ શક્તિશાળી બનાવવા અને વિકાસનો લાભ તેમને વધુ મળે તે માટે દરજી કમિટીએ પંચાયતના દરેક સ્તરે 'સામાજિક ન્યાય' સમિતિની રચનાનું સૂચન કર્યું. ગુજરાત સરકારે આ ભલામણ સ્વીકારી. સામાજિક ન્યાય સમિતિના સભ્યો નબળા વર્ગના જ હોય અને સમિતિને થોડુંક નાણાંકીય ભંડોળ પણ ફાળવવામાં આવ્યું કે જેથી સમિતિ નબળા વર્ગના હિતમાં કામ કરી શકે. આજે લગભગ ૧૩-૧૪ વર્ષથી ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ સામાજિક ન્યાય સમિતિઓ અસ્તિત્વમાં આવી છે.

સામાજિક ન્યાય સમિતિના અનુભવોને સમજવા એક અભ્યાસની જરૂર છે. આમ છતાંય, હું જે કંઈ કર્યો છું, અમારા જુદા જુદા અભ્યાસો દ્વારા જે કંઈ માહિતી ભેગી થઈ છે અને જે હેવાલો મળે છે તેના આધારે સ્પષ્ટ કહી શકાય કે સામાજિક ન્યાય સમિતિ ધાર્યું પરિણામ મેળવી શકી નથી. ગામ કક્ષાએ તો તે ફક્ત કાગળ પર જ છે. અલબત્ત જિલ્લા કક્ષાએ સામાજિક ન્યાય સમિતિએ નબળા વર્ગો પર થતા અન્યાયો સામે અવાજ ઉઠાવી પોતાનું અસ્તિત્વ બતાવ્યું છે.

સામાજિક ન્યાય સમિતિની રચના છતાં, આ સમિતિને કાયદાકીય સત્તાઓ આપી હોવા છતાં, ગુજરાતમાં નબળા વર્ગો સામેના અન્યાયો ઘટ્યા નથી. ૧૯૭૮માં હરિજન સેવક સંઘે અસ્પૃશ્યતા અંગે જે મોજણી કરી હતી તે બતાવે છે કે અડધા કરતાં પણ વધુ ગામોમાં હરિજનોને ગામના સાર્વજનિક કૂવા પર પાણી ભરવા દેવામાં આવતું નથી. આ સ્થિતિ ત્યારે છે કે જ્યારે સરકારે ગ્રામપંચાયતોને અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય સોંપ્યું છે. સરકારે એવો

ઠરાવ કર્યો છે કે જે ગામ કે નગર પંચાયતોમાં જાહેર વારિગૃહ પર હરિજનોને પાણી ભરવા દેવામાં નહિ આવે તે પંચાયતોને ગ્રાન્ટ આપવામાં આવશે નહિ. પણ આ ઠરાવ કાગળ પરજ રહ્યો છે. એક પણ પંચાયતની ગ્રાન્ટ આ કારણસર બંધ કરવામાં આવી નથી. અસ્પૃશ્યતા નિવારણ માટે કડક પગલાંની જોગવાઈ કરતો સીવીલ રાઈટસ એકટ, ૧૯૭૬ છે જે અનુસાર જો કોઈ વ્યક્તિ કે સમૂહ અસ્પૃશ્યતા પાળે તો તેની સામે કડક કાયદાકીય પગલાં ભરી શકાય; અને તે ફોજદારી ગુનો બને. પણ સ્થાનિક કક્ષાએ કાયદાને કોણ પૂછે છે? હરિજનો સામે જે ભેદભાવ રખાય છે, બચાવ થાય છે તેની સામે જિલ્લા કક્ષાની સામાજિક ન્યાય સમિતિ કોઈ કોઈ વખત અવાજ ઉઠાવે પણ એથી વધુ તે કરી શકતી નથી. મોટે ભાગે ખેતમજૂરોને લઘુતમ વેતન અપાતું નથી પણ કાયદાનો ભંગ કરનાર સામે પંચાયત કે સરકારી ખાતું ભાગ્યેજ પગલાં ભરે છે. નાના અને સીમાંત ખેડૂતોના વિકાસ માટેની એજન્સીઓ ઇન્ટીગ્રેટેડ રૂરલ ડેવલપમેન્ટ કાર્યક્રમો, લઘુતમ જરૂરિયાતો અંગેના કાર્યક્રમો, રોજગારીના કાર્યક્રમો વગેરે અસ્તિત્વ ધરાવે છે છતાંય નબળા વર્ગોની પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો નથી. કોક એકલદોકલને ફાયદો થાય પણ સમગ્ર સમૂહની સ્થિતિ સુધરી નથી. આ વાત એક નહિ પણ અનેક અભ્યાસો, સરકારી કમિટીના હેવાલો અને અનુસૂચિત જાતિ અને જનજાતિ કમિશનરના હેવાલોએ વારંવાર બતાવી છે. અને આ પરિસ્થિતિ ગુજરાતમાં છે કે જ્યાં પંચાયતી રાજ પ્રમાણમાં સારું ચાલે છે અને જ્યાં સામાજિક ન્યાયસમિતિઓ અસ્તિત્વમાં છે. પ્રોફેસર ઇન્દિરા હીરવેએ એમના તાજેતરમાં ગુજરાતના અભ્યાસમાં નોંધ્યું છે કે પંચાયતીરાજની સંસ્થાઓના ચૂંટાયેલા ઉપલાવર્ગના સભ્યો વિકાસનાં કામોના અમલમાં અંતરાયો ઊભા કરે છે. એમનું તો એવું સૂચન છે કે વિકાસના કાર્યક્રમોના અમલ માટે પંચાયતીરાજની સંસ્થાઓને સામેલ કરવી જોઈએ નહિ કારણ કે આ સંસ્થાઓ પર ઉપલા વર્ગનું વર્ચસ્વ છે.

હકીકતમાં તો ધારાસભા અને લોકસભામાં નબળા વર્ગના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું તેમના જનસમૂહના વિકાસના પ્રશ્નોને હલ કરવા માટે ખાસ કંઈ ઊપજતું નથી. હા, તેઓને હોદ્દાઓ મળે છે અને હોદ્દાઓ સાથે જે કંઈ વ્યક્તિગત રાજકીય કારકિર્દીના લાભો મળે તેનો લાભ મળે છે. ૧૯૬૨થી ૧૯૭૧ના સમયગાળા દરમિયાન સંસદના અનુસૂચિત જાતિ અને જનજાતિના સંસદ સભ્યોનો સંસદ કાર્યવાહીના ફાળા અંગે જી. નારાયણે અભ્યાસ કર્યો છે. તેઓ નોંધે છે કે આદિવાસી અને દલિતોના કલ્યાણ માટેનાં પગલાં ભરાવવામાં સંસદ સભ્યોએ ખાસ ઉત્સાહ બતાવ્યો ન હતો. અનુસૂચિત જાતિ અને જનજાતિના કમિશ્નરના હેવાલો પરની ચર્ચા સંસદમાં માત્ર કરવા ખાતર થતી. અનુસૂચિત જાતિ અને જનજાતિનો ઓર્ડર (સુધારા) નો ખરડો ૧૯૬૭માં સંસદમાં રજૂ થયો અને ૧૯૭૬ માં પસાર થયો. તે રીતે અસ્પૃશ્યતા ગુનાનો કાયદો (untouchability Offences Act) સંસદમાં ૧૫ વર્ષ સુધી નિર્ણય વગર પડી રહ્યો. આદિવાસી કે દલિત વર્ગમાંથી આવતા મુખ્ય પ્રધાનોના સમયકાળ દરમિયાન જે તે રાજ્યમાં આ વર્ગની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારા જોવા મળતા નથી.

આ વાસ્તવિક પરિસ્થિતિમાંથી બે સવાલ ઊભા થાય છે. એક તો નબળા વર્ગના પ્રતિનિધિઓ શા માટે પોતાના સમૂહના હિતમાં કામ કરતા નથી અથવા કરી શકતા નથી? શા માટે ઉપલા વર્ગનું વર્ચસ્વ ચાલુ રહે છે?

૨

આ પરિસ્થિતિને સમજવા હવે આપણે ધારેલાં અનુમાનો કેટલે અંશે સાચાં છે તે તપાસવું જોઈએ. પહેલું અનુમાન છે કે નબળા વર્ગોમાં સંવાદિતા અને એક સરખાપણું છે એટલે તેમના પ્રતિનિધિઓ સમગ્ર નબળા વર્ગના સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.

સામાન્ય રીતે એવું જરૂર કહી શકાય કે આદિવાસીઓ અને દલિતો એક જૂથ તરીકે બિનઆદિવાસીઓ અને બિનદલિતોની સરખામણીમાં કેટલાંક સામાજિક અને આર્થિક લક્ષણો ધરાવે છે. આદિવાસીઓ જંગલમાં કે પહાડીઓ પર રહે છે અને સેંકડો વર્ષથી એમણે પોતાની બોલી, રીતરિવાજો, ધર્મ, મૂલ્યો અને સંસ્કારો વિકસાવ્યા છે જે બિનઆદિવાસીઓ કરતાં ભિન્ન છે. તેઓ એક સમૂહમાં રહે છે અને જેને સામાન્ય રીતે આધુનિક ટેકનોલોજિકલ પરિબળો કહીએ છીએ તેનાથી તેઓ લગભગ વંચિત છે. કાળક્રમે તેમનામાં પોતે આ ભૂમિના મૂળ વતનીઓ છે તેવી ભાવના ઊભી થઈ છે. દલિતો હિન્દુ જ્ઞાતિપ્રથામાં સૌથી નીચું સ્થાન ધરાવે છે અને બીજા કોઈપણ સામાજિક માળખામાં ન હોય તેવું અસ્પૃશ્યનું સ્થાન ધરાવે છે. પરિણામે સેંકડો વર્ષોથી એમને સમાજના અમુક લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. આને પરિણામે એમનાં સામાજિક મૂલ્યો, માન્યતાઓ, અભિગમો વગેરે બિનદલિતો અથવા સવર્ણ કોમના લોકો કરતાં જુદા પડે છે. આ અસ્પૃશ્યતાને કારણે એમના વિકાસમાં અનેક વિટંબણાઓ આવે છે. તે રીતે, પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઊતરતો ગણવામા આવે છે. તેમના માટે અલગ મૂલ્યો ઊભાં થયાં છે જે એમની સ્થિતિને વધુ ને વધુ પકડી રાખે છે. એમનાં કાર્યો નક્કી થઈ એને સમાજના ધર્મ અને રીતરિવાજોની મહોર લગાડવામાં આવી છે જેથી એને પુરુષ અને સ્ત્રી બન્નેની સ્વીકૃતિ મળી છે. વર્ષો સુધી એમને શિક્ષણ અને બહારની દુનિયાના વહેવારથી વંચિત રાખ્યા હતા–છે.

આદિવાસીઓ અને દલિતો એક જૂથ તરીકે બિનઆદિવાસીઓ અને બિનદલિતોની સરખામણીમાં વધુ ગરીબ છે. ભારતની કુલ વસ્તી (જેમાં દલિતો અને આદિવાસીઓ આવી જાય)ના ૨૫ ટકા લોકો ખેતમજૂરીમાં રોકાયેલા છે. દલિતો અને આદિવાસીઓનો જુદો વિચાર કરીએ તો ૩૩ ટકા આદિવાસીઓ અને ટકા દલિતોનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરીનો છે. આનો અર્થ એવો કરી શકાય કે દેશના મોટાભાગના ખેતમજૂરો, આદિવાસીઓ અને દલિતો છે.

સ્ત્રીના નામે જમીન, કારખાનું કે ઘર ભાગ્યેજ હોય છે એટલે ઉત્પાદનનાં સાધનોની તેઓ માલિકી ભોગવતા નથી. સ્ત્રીનું ગૃહકાર્ય આર્થિક પ્રવૃત્તિ ગણવામાં આવતી નથી એટલે કુલ કામદારોના ફક્ત ૯ ટકા કામદારો સ્ત્રીઓ છે. તેમાંના મોટાભાગના ખેતમજૂરી, પ્લાન્ટેશનમાં કે જંગલમાં મજૂર તરીકે કામ કરે છે. મોટાભાગના સ્ત્રી કામદારો અસંગઠિત ક્ષેત્રમાં છે. પુરુષોમાં ૪૭ ટકા અક્ષરજ્ઞાન છે જ્યારે સ્ત્રીઓમાં ૨૫ ટકા અક્ષરજ્ઞાન છે. ઉપરના સમુચ્ચિત (aggregate) આંકડાઓને કારણે, બંધારણ અને વહીવંટી પરિભાષાઓને કારણે, જ્ઞાતિ અને સંસ્કૃતિને મુખ્ય પ્રાધાન્ય આપી તેના સંદર્ભમાંજ વિચારવાને કારણે અને વિદેશી સમાજશાસ્ત્રી મોડેલ, વ્યાખ્યાઓ અને પૃથક્કરણ કરવાની રીતને કારણે, આપણા પૂર્વગ્રહો અને માન્યતાઓને કારણે બધા જ દલિતો, આદિવાસીઓ કે સ્ત્રીઓ એકસરખાં હોય તેવું વિચારવા આપણે ટેવાયેલા છે. ઉપર કહ્યું તે પ્રમાણે જનસમુદાય–સમાજ એકસરખો છે તે વાતમાંથી નબળા અને સબળા વર્ગોની વાત સ્વીકારતાં આપણે વર્ષો લગાડયાં, તેવું જ આ છે.

આઝાદી પહેલાં પણ સૌ આદિવાસીઓ અને દલિતો એકસરખા કે લગભગ સરખા ન હતા. જે રીતે સવર્ણોમાં વાણિયા-બ્રાહ્મણ જેવી સુખી સંપન્ન જ્ઞાતિઓ અને કોળી, વાળંદ, સુથાર જેવી ગરીબ જ્ઞાતિઓ હતી તે રીતે આદિવાસીઓ અને દલિતોમાં સુખી અને પછાત ગરીબ લોકો હતા. અલબત્ત, ગરીબ લોકોનું પ્રમાણ સુખી સંપન્ન લોકો કરતાં ઘણું ઘણું વધારે હતું. આદિવાસીઓમાં બે–પાંચ સરદાર હતા જેમની પાસે સત્તા અને જમીન હતી, જ્યારે ઘણા પાસે કમાવાનું સાધન ફક્ત શિકાર અને મજૂરી જ હતાં. દલિતોમાં વણકર જેવી કેટલીક જ્ઞાતિઓ હતી જે સામાન્ય રીતે કહેવાતો 'અભડાઈ જવાય' તેવો

વ્યવસાય કરતી ન હતી. દક્ષિણ ભારતના ઈઝવા અને નાદર ૧૯મી સદીમાં નાના વેપારધંધામાં રોકાયેલા હતા. આપણે ત્યાં ચમાર ચામડાનો ધંધો કરતા હતા અને ભંગી રસ્તો સાફ કરવાનું કે મળ ઉંચકવાનું કામ કરતા હતા. ચામડાના ધંધાને કારણે ચમારની આર્થિક સ્થિતિ ભંગી કરતાં સારી હતી. જુદા જુદા વ્યવસાયોને કારણે આવકનાં સાધનો અલગ હતાં. જુદી જુદી જાતિઓનો દુનિયા સાથેનો સંપર્ક પણ જુદો હતો. પરિણામે વિકાસના લાભો લેવાની ક્ષમતા અલગ અલગ હતી–છે.

મોટાભાગના દલિતો (લગભગ ૯૦ ટકા) અને તેથી પણ વધારે આદિવાસીઓ (લગભગ ૯૬ ટકા) આજે પણ ખેતીમાં રોકાયેલા છે. તેમાં એક નાનકડો સ્તર—લગભગ ૧૦ ટકા જેટલો—મધ્યમ અને ધનિક ખેડૂત છે જેની પાસે ૧૫ એકર કરતાં વધુ જમીન, સિંચાઈનાં સાધનો અને મૂડીનું રોકાણ કરવાની ક્ષમતા છે. પરિણામે તેમનાં બાળકોએ શિક્ષણ પ્રાપ્ત કરી સરકારી નોકરીઓ મેળવી છે. બીજા કેટલાક શહેરમાં કારખાનામાં નોકરી કરતા થયા અને પોતાનાં બાળકોને ભણાવતા થયા. તેમાંથી જૂજ કુટુંબોનાં બાળકોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું અને નોકરીઓ કે વ્યવસાય મેળવ્યા. બાકીના ૯૦ ટકા જેઓ ખેતમજૂર, નાના કે સીમાંત ખેડૂતો કે અસંગઠિત ક્ષેત્રના કામદારો છે તેમની શિક્ષણ કે બીજા લાભો મેળવવાની ખાસ ક્ષમતા નથી. એક અભ્યાસ પ્રમાણે ભરૂચ અને પંચમહાલના ઉપલા સ્તરના આદિવાસી ખેડૂતોમાંથી ૬૨ ટકાને સરકારની કોઈ ને કોઈ લોન મળી છે. જ્યારે ફક્ત ૨ ટકા ખેતમજૂરોને અને ૭ ટકા ગરીબ ખેડૂતોને લોન મળી છે. દલિતોમાં ઉચ્ચ શિક્ષણની શિષ્યવૃત્તિનો મોટો ભાગ (૮૬ ટકા કરતાં પણ વધારે) વણકર અને ચમાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને ગયો છે. તે રીતે ધોડિયા અને ચૌધરી જાતિમાં બીજી આદિવાસી જાતિ કરતાં ઘણું વધારે શિક્ષણ છે. સ્ત્રીઓમાં પણ આ અસમાનતા આંખે વળગે તેવી છે. ઉચ્ચ શિક્ષણ ઉપલા વર્ગ-જ્ઞાતિની સ્ત્રીઓએ પ્રાપ્ત કર્યું છે અને તેથી ઉપલી કક્ષાના વ્યવસાયો આ વર્ગની સ્ત્રીઓ પાસે જ રહ્યા છે. દલિત-આદિવાસીઓ ઉપલા વર્ગની સ્ત્રીઓ કરતાં હજારો જોજન દૂર છે અને તેમાં કોટવાળિયા, હળપતિ, ભંગી સ્ત્રીઓમાં તો હજુ શિક્ષણની જ શરૂઆત થાય છે.

રાજકારણમાં પણ નબળા વર્ગોની આંતરિક, આર્થિક અને શૈક્ષણિક અસમાનતાનું પ્રતિબિંબ પડે છે. ૧૯૭૨માં થયેલ એક અભ્યાસ પ્રમાણે રાજકારણમાં સક્રિય ભાગ લેનાર ગામ કક્ષાથી રાજ્ય કક્ષાના ગુજરાતના દલિત આગેવાનોમાં ૬૪ ટકા વણકર અને ૨૯ ટકા ચમાર જ્ઞાતિના હતા. આદિવાસીઓમાં ૩૬ ટકા ધોડિયા, ૧૭ ટકા ચૌધરી અને ૨૪ ટકા ભીલ આગેવાનો હતા. એટલે દલિતોની અન્ય જ્ઞાતિઓ અને આદિવાસીઓની જાતિઓનું રાજકારણમાં નહિવત્ સ્થાન હતું. આ આગેવાનોમાં મોટાભાગના મધ્યમ કે ધનિક ખેડૂત કે નોકરી કરતા ભણેલા વર્ગમાંથી આવતા હતા. ગરીબ ખેડૂતોમાંથી થોડાક અને ખેતમજૂરોમાંથી નહિવત્ હતા. ૧૯૮૮-૮૯માં ઉપરની પરિસ્થિતિમાં નોંધપાત્ર ફરક પડ્યો હોય તેવું લાગતું નથી. હા, જાતિ-જ્ઞાતિની દૃષ્ટિએ પંચાયતોમાં આદિવાસી-દલિતોની બીજી જ્ઞાતિઓના લોકોને કોઈ કોઈ જગ્યાએ સ્થાન મળ્યું છે પણ તેઓ પ્રમાણમાં આર્થિક રીતે ઉપલા સ્તરમાંથી જ આવે છે. ચૂંટણીના રાજકારણમાં આગેવાની મેળવવા બહારનો સંપર્ક અને ચબરાકપણું જોઈએ જેને માટે કંઈક શિક્ષણ અને બીજાને મળવાના પ્રસંગો મેળવવા પડે. ગરીબ ખેડૂત અને ખેતમજૂર કે જે આજીવિકા માટે સતત સંઘર્ષ કરતો હોય છે તેને આ શિક્ષણ કે અમલદારો કે બીજા આગેવાનોને મળવાનો સમય ક્યાંથી મળે? મીટિંગોમાં જવાનો સમય ક્યાંથી કાઢે? અને સમય હોય તો ખૂંખારો ખાઈને બોલવાનો આત્મવિશ્વાસ કેવી રીતે ઊભો થાય?

સ્ત્રીઓની સ્થિતિ પણ આવી જ કંઈક છે. સંસદ અને વિધાનસભા કે જિલ્લા પંચાયતનાં સ્ત્રી સભ્યો

સામાન્યતઃ ઉપલા વર્ગમાંથી, શિક્ષણ પામેલા હોય છે. અપવાદ રૂપે કોઈ જૂજ કેસ મળે પણ તે અપવાદ જ. આજે આપણે ત્યાં પંચાયતના દરેક સ્તરે સ્ત્રી બેઠકો અનામત છે જ. મોટે ભાગે આ બેઠકો માટે ચૂંટણી થતી નથી. વર્ચસ્વ ધરાવતા આગેવાનોનાં કુટુંબના સ્ત્રી સભ્યો આ હોદ્દાઓ ધરાવે છે અને પુરુષ સભ્યોના રાજકારણના પ્યાદાં બને છે. પંચાયતની મીટિંગોમાં તેમની હાજરી ખાસ કેસ ગણાય અને તેને સ્વાભાવિકને બદલે સમાચાર ગણવામાં આવે છે. અનુકરણીય દાખલા ગણવા પડે છે. આ સંજોગોમાં સ્ત્રીઓ માટે ૩૦ ટકા બેઠકોની કરેલ જોગવાઈનો મહદ અંશે લાભ ઉપલા વર્ચસ્વ ધરાવતા વર્ગની સ્ત્રીઓ પાસે જશે જે વર્ચસ્વ ધરાવતા વર્ગના કાંડા મજબૂત કરશે.

વળી જે આગેવાનો ચૂંટાઈને હોદ્દાઓ મેળવે છે તેઓ તેમના સમાજના ઉપલા સ્તરના હોય છે. તેટલું જ નહિ તેઓને પસંદ કરનારા વર્ચસ્વ ધરાવતા વર્ગના આગેવાનો હોય છે. માટે તેઓ જેણે તેને પસંદ કર્યા હોય તેમની સામે સંઘર્ષ કરવાનું ટાળે છે. ઉપલા વર્ગના આગેવાનો નબળા વર્ગના આગેવાનોને જુદા જુદા વ્યક્તિગત ઉપકારોથી દબાવી પોતાના ભેરૂ બનાવે છે; વ્યક્તિગત આકાંક્ષાઓ ઊભી કરે છે. બીજી બાજુએ તેમનામાં પોતાના વર્ગની વર્ગીય જાગૃતિ હોતી નથી. એટલે તેઓ નબળા વર્ગના નામે પોતાને માટે થોડાક વ્યક્તિગત કે કૌટુંબિક લાભો મેળવે છે અને ઉપલા વર્ગનાં મૂલ્યો, તથા નીતિરીતિને અજાણતાં ટેકો આપે છે. પણ જો તેમનામાંથી કોઈક અમુક હદથી વધારે ઉપલા વર્ગના આગેવાનો કે જેઓ તેમને આગળ લાવ્યાનો દાવો કરે છે તેમની સામે થાય તો આવા આગેવાનો બંડખોર બને અને તેમને પક્ષ જૂથ કે સંસ્થામાંથી ખારિજ કરી ધીમે ધીમે શક્તિહીન બનાવવાના પ્રયત્નો કરવામાં આવે. ટૂંકમાં નબળા વર્ગના પ્રતિનિધિઓ સંસદમાં હોય કે વિધાનસભામાં, જિલ્લાપંચાયતમાં હોય કે ગ્રામપંચાયતમાં, પોતાના વર્ગ માટે કોઈકોઈ વખત બળાપો કાઢે, ઊહાપોહ કરે પણ વર્ગનાં હિતો માટે સતત સંઘર્ષ આપવા શક્તિશાળી હોતા નથી. જે હોય છે તેઓને ચૂંટણીના રાજકારણના પરિઘની બહાર રાખવામાં આવે છે અથવા તે રહે છે.

બીજી વાત તે હોદ્દો અને સત્તાની છે. હોદ્દો અને સત્તા એકબીજાની નજીક છે પણ એકબીજાના પર્યાય નથી. આપણે જાણીએ છીએ કે સંસદમાં પાંચ ટકા કરતાં ઓછા પ્રતિનિધિઓ ઉદ્યોગમાલિકના વર્ગના છે; પણ તેમનું ભારતના રાજકારણ પર જબરજસ્ત વર્ચસ્વ છે. કદાચ તેમને ન ગમતા કાયદાઓ થાય તો પણ, તેમના વર્ચસ્વને કારણે આ કાયદાઓનો અમલ થતો નથી. વર્ચસ્વ અને સત્તા આર્થિક તાકાત–ઉત્પાદનનાં સાધનોની માલિકીની સાથે જાય છે. ગામનો મોટો જમીનદાર સરપંચ ન બને તે સાચું; પણ ઘણી વખત સરપંચ એને પૂછીને કામ કરતા હોય છે—પરિસ્થિતિને કારણે કરવું પડતું હોય છે. એવા ઘણા દાખલા આપણને જોવા મળે છે કે સરપંચ પછાત વર્ગના હોય પણ જ્યારે તાલુકા કે જિલ્લા કક્ષાના અમલદારો ગામમાં આવે ત્યારે તેઓ વર્ચસ્વ ધરાવતા વર્ગના આગેવાનોને ત્યાં પહેલાં જાય છે કારણ કે આગતાસ્વાગતા કરવાની શક્તિ પછાતવર્ગના આગેવાન કરતાં ઉપલાવર્ગના આગેવાનમાં અનેક ગણી વધારે હોય છે. એટલે ઉપરથી નીચે સુધી વર્ચસ્વની લગામ ધનિક ઉપલા વર્ગના હાથમાં હોય છે. જ્યારે જ્યારે નીચલા વર્ગના હોદ્દેદારો નબળાવર્ગ તરફી એવાં પગલાં ભરવાનો પ્રયત્ન કરે કે જેનાથી ધનિક વર્ગને નુકસાન થાય એવું હોય તો ધનિકવર્ગ તરત જ હોબાળો મચાવે છે અને યેનકેન પ્રકારેણ આવાં પગલાંને નિસ્તેજ કરી મૂકે છે. જમીન સુધારણાના કાયદાનો અમલ હોય કે લઘુતમ વેતનના કાયદાનો અમલ હોય કે ગૌચરની જમીનનો ઉપયોગ હોય કે નહેરના પાણીની વહેંચણીનો પ્રસંગ હોય આ બધામાં નબળાવર્ગની તરફેણમાં કામ કરવામાં ધનિકવર્ગને નુકસાન થાય જ. એટલે આવા પ્રસંગે હોદ્દો ધરાવનાર નબળાવર્ગના

કે તેમના તરફી એટલે કે સરકારમાં બેઠેલા અને સામાજિક-આર્થિક વર્ચસ્વ ધરાવનારાઓ વચ્ચે સંઘર્ષ અનિવાર્ય બને જ. અને ત્યારે જ નબળાવર્ગના પ્રતિનિધિ હોદ્દેદારોની તાકાત અને કમીટમેન્ટની કસોટી થાય. અત્યાર સુધીમાં કમનસીબે તેઓ આ કસોટીમાં ઊણા ઊતર્યા છે તે કહેવું જોઈએ. એટલે હોદ્દાનો સત્તા માટે નબળાવર્ગની તરફેણમાં ઉપયોગ કરવા તેમની પાસે આર્થિક સત્તા પણ હોવી જરૂરી છે. અર્થાત્ બીજી રીતે કહીએ તો રાજકીય સત્તા આર્થિક સત્તા વગર પાંગળી રહે છે. અલબત્ત, રાજકીય સત્તામાં-હોદ્દાઓમાં આર્થિક સત્તા મેળવવાની ક્ષમતા છે. એટલે જ, અનામત હોદ્દાઓની નબળાવર્ગ-ના વિકાસ માટેની મર્યાદાઓ હોવા છતાંય, તે જરૂરી સાધન છે. આ સાધન પૂરતું નથી. આ સાધન જાતે જ ક્રાંતિ ન લાવી શકે. પણ તે નબળા વર્ગના ઉદય માટે પાશેરામાં પહેલી પૂણી છે. એનાથી બધું થઈ જશે-નબળા વર્ગોનો ઉદ્ધાર થશે તે દીવા-સ્વપ્ન છે, તે રીતે એનાથી કશું જ થવાનું નથી તે હતાશાની નિશાની છે.

❁ ❁ ❁

'અર્થાત્'નું આપનું લવાજમ બાકી હોય તો તે, તેમ જ નવા વર્ષનું લવાજમ સત્વરે મોકલી આપવા વિનંતી.

લવાજમ ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મ. ઓ. દ્વારા જ મોકલશો. ચેકથી મોકલશો નહિ.

જરીઉદ્યોગ અને સ્ત્રીકામદાર

જયશ્રી સોની

વર્ષોથી ચાલી આવેલા પુરુષ પ્રધાન સમાજમાં જ્યારે પણ કામદારના હિતરક્ષણ અંગે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે છે, વાતો કરવામાં આવે છે, ત્યારે સ્ત્રીકામદાર જાણે-અજાણ્યે નેપથ્યમાં રહે છે. કામદાર તરીકેના અનેક પ્રશ્નો હોય છે. પરંતુ સ્ત્રીકામદાર માટે કામના કલાક, લઘુતમ વેતન, હક્ક રજા વગેરે ઉપરાંત પણ સ્ત્રી હોવાને કારણે વિશેષ પ્રશ્નો હોય છે.

આપણા સમાજમાં સ્ત્રીએ, સ્ત્રી અને કામદારની બેવડી ભૂમિકા ભજવવાની છે. બેવડી ભૂમિકા વચ્ચેનું સંતુલન જાળવવા માટેના એના પ્રયત્નો, એ જાળવવા પાછળ ખર્ચાઈ જતું એનું વ્યક્તિત્વ વગેરે ખૂબ જ અભ્યાસ માગે છે. એ દિશામાં આ એક પ્રયાસ છે.

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ સુરત દ્વારા 'જરી અને એગ્રોઈંડરી ઉદ્યોગમાં સંકળાયેલ સ્ત્રીકામદાર' અંગેનો એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો.[1] આ પ્રોજેક્ટમાં મને કામ કરવાની તક મળી. આ પ્રોજેક્ટના ક્ષેત્રકાર્ય માટે મારે જરીઉદ્યોગમાં સંકળાયેલ બહેનો સાથે ખૂબ જ નજીકથી સંપર્કમાં આવવાનું થયું. પ્રોજેક્ટના લક્ષ્યાંક મુજબ ૫૦૦ જરીકામદાર બહેનોની પ્રશ્નાવલિ પ્રદ્ધતિથી મુલાકાત લીધી. ૧૦૦ બહેનોની વિગતે મુલાકાત લીધી. આ ઉપરાંત પણ અનેક જરી-વેપારી, અખાડેદાર, અને કામદાર ભાઈ-બહેનો સાથે સંપર્કમાં આવવાનું થયું.

મહત્ત્વની વાત એ છે કે આ ઉદ્યોગની જેટલી પણ વ્યક્તિઓને હું મળી તે બધી જ વ્યક્તિઓ મને એક જ જ્ઞાતિની જોવા મળી. ધ્યાનપાત્ર બાબત બીજી એ પણ લાગી કે, ઉદ્યોગોમાં ૭૦ ટકા જેટલું કામ તો સ્ત્રીઓ દ્વારા થઈ રહ્યું છે, અથવા કુલ કામદારોના ૭૦ ટકા કામદારો તો સ્ત્રી કામદારો છે. સ્ત્રીઓની વિશાળ સંખ્યાની હાજરીથી પ્રશ્ન જરૂર થાય કે, કેવી રીતે સ્ત્રીઓ આ ઉદ્યોગમાં આવી પડી? અથવા આ ઉદ્યોગ કઈ રીતે સ્ત્રીઓના હાથમાં આવી પડ્યો? આટલી મોટી સંખ્યામાં અને તે પણ એક જ જ્ઞાતિની સ્ત્રીઓ અને એક જ વ્યવસાય આ કઈ રીતે શક્ય બન્યું? આ પરિસ્થિતિનું નિર્માણ કઈ રીતે થયું?

પશ્ચાદ્ ભૂમિકા

આશરે દોઢથી બે લાખ જેટલા કારીગરોને રોજી આપનાર જરીઉદ્યોગનું અસ્તિત્વ સૈકાઓ જૂનું છે. મોગલ બાદશાહો અને રાજવીઓના પોશાકમાં વપરાતી આ ચીજવસ્તુનો ઉદ્યોગ મોગલ બાદશાહોના આશ્રયને પરિણામે ખીલતો ગયો. વળી સુરત તે સમયે મહત્ત્વનું બંદર હોવાથી દુનિયાનાં મોટાં બંદરો સાથેના વ્યાપારી સંબંધોને કારણે દેશ-પરદેશના અનેક પરદેશી મુસાફરો, વેપારીઓ, હજ કરનાર મુસ્લિમો સુરતમાં અવારનવાર આવતા, અને જરીની કલાત્મક બનાવટો ખરીદી જતા. જેનાથી જરીમાલની નિકાસ અને પ્રચાર વધતાં જતાં, સુરતના જરીઉદ્યોગનાં મૂળ ઊંડાં ઊતર્યાં. એટલું જ નહિ પણ સુરતથી પરદેશ જતા જરીમાલને સારી એવી જાહેરાત મળતાં જરીઉદ્યોગે પરદેશનાં બજારો પણ હસ્તગત કર્યાં. જોકે ત્યાર પછી અનેક ચઢતી-પડતી આ ઉદ્યોગમાં આવી.[2] આજે પણ આ ઉદ્યોગ સુરતમાં પાયાનું સ્થાન ધરાવે છે. સુરતના મુખ્ય ગણાતા ઉદ્યોગોમાં એની ગણના નોંધપાત્ર

રીતે કરવામાં આવે છે.

ઉદ્યોગનું ભૌગોલિક સ્થાન જોઈએ તો, સુરતના હાર્દસમા ભાગળ વિસ્તારની આસપાસ આવેલ ગોલવાડ, કોટસફીલ રોડ, બેગમપુરા, સૈયદપુરા જેવા વિસ્તારમાં ઘરે ઘરે ચાલતા જરીના સંચા એ આ વિસ્તારની ઓળખ છે. ઘર એ જ કારખાનું અને કારખાનું એ જ ઘર એ એની મુખ્ય ખાસિયત રહી છે.

સ્વરૂપ

ઉદ્યોગ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. (૧) કારખાનેદાર અથવા વેપારી (૨) અખાડેદાર (૩) કારીગર.

કારખાનેદાર (વેપારી)

૧૦થી ૧૫ની સંખ્યામાં સંચા હોય, પ્રોસેસના દરેક પ્રકારનાં મશીનો હોય, મોટી સંખ્યામાં એટલે કે ૫૦થી ૬૦ સુધીના કારીગરો કામ કરતા હોય, તેવા વર્ગને કારખાનેદારના વર્ગ તરીકે ઓળખાય છે. જ્યાં કાચા માલ તરીકે તાંબું, જસત, રેશમ, ચાંદી, સોનું વગેરેથી તૈયાર જરીના રૂપમાં ફેરવવાની બધી જ પ્રક્રિયા એક જ સ્થાને થાય છે. આ જ વર્ગમાં બીજો મોટો વર્ગ તે વેપારીનો. વેપારીનો વર્ગ એટલે એક એવો વર્ગ કે જે કાચો માલ ખરીદી, બીજા કારખાનાવાળા પાસે જરી તૈયાર કરાવવાનું કામ કરે છે. કારખાનેદારને માલ તૈયાર કરવાની મજૂરી માત્ર ચૂકવાય અને તૈયાર માલ વેપારી પોતે બીજા વેપારીને વેચે છે.

વેપારી વર્ગમાંજ બીજા એક પ્રકારનો વેપારી વર્ગ આવે છે, તે વર્ગ એવો છે કે જે કાચો માલ પણ પોતે જ ખરીદે છે, પોતે જ કારખાનાની જગ્યા ધરાવે છે, મશીન પણ રાખે છે, પરંતુ કારીગર સાથે સીધા સંપર્કમાં આવતો નથી. આ વર્ગ પોતાનાં જ કારખાનાં અને મશીનરી બીજાને ભાડે આપી પોતાનો જ માલ તૈયાર કરાવે છે. માલ તૈયાર કરવાની મજૂરી ચૂકવી દઈ તૈયાર માલ પાછો લઈ લે છે, કારખાનાં અને મશીન ભાડે રાખનાર વર્ગ બહારથી કારીગર લાવી માલ તૈયાર કરાવે છે, એ રીતે તે કારીગરના સંપર્કમાં આવે છે. કારીગર સીધો આ વર્ગની સાથે જોડાયેલો છે. જેમનાં વેતન, કામના કલાકો, કે હક્ક રજા અંગે વેપારીએ ચિંતા કરવાની હોતી નથી. આ વર્ગ આર્થિક રીતે ઘણો સમૃદ્ધ છે. પરંતુ પ્રમાણ કુલ ઉદ્યોગમાં રોકાયેલાઓમાંથી માંડ ૫ ટકા છે.

અખાડેદાર

અખાડેદાર એટલે એવો વર્ગ કે જે વેપારીને ત્યાંથી કાચો માલ લાવી, માલ તૈયાર કરવાનું કામ કરે છે. એને માટે તેમનું સમગ્ર કુટુંબ આ કામમાં જોડાઈ જાય છે, જરૂર પૂરતા બહારના કારીગરો લેવામાં આવે છે. આ વર્ગને વેપારી જે મજૂરી આપે તેના પર નિર્ભર રહીને કારીગરનો ખર્ચ, કારખાનાનો નિભાવ ખર્ચ, લાઈટબિલ, વાહનખર્ચ અને તેના સમગ્ર કુટુંબનો ખર્ચ કાઢવાનો હોય છે. કહેવાની જરૂર નથી કે, આ વર્ગને જે વળતર સમગ્ર કામ માટે મળે છે તે પૂરતું નથી. એટલું જ નહિ પરંતુ મજૂરીની જે રકમ થાય છે તે માલ તૈયાર કરીને આપતી વખતે પૂરતી આપી દેવામાં પણ આવતી નથી. ૫૦૦ રૂપિયાની મજૂરી થઈ હોય તો ૩૦૦ રૂપિયા આપી ૨૦૦ રૂપિયા ચોપડે જમા કરાવવામાં આવે છે. સમગ્ર હિસાબ વર્ષના અંતે દિવાળી પર થાય છે. અને તે પણ દિવાળી પર માલ તૈયાર કરવાનો જે ભાવ બોલાતો હોય તે પ્રમાણે, નહિ કે માલ તૈયાર કરવા આપતી વખતે જે ભાવ ચાલતો હોય તે પ્રમાણે. આ પરિસ્થિતિનું એક પરિણામ એ આવ્યું છે કે હવે આજે જ્યારે પણ ભાવ નીચા જાય છે, ત્યારે બાકીનો હિસાબ પતાવી દેવાની વેપારીની વૃત્તિ વધતી જાય છે. ભાવની વધઘટ એ એક રોજિંદી ઘટના છે. આવી રોજિંદી ઘટનાની અસર નીચે આવતા અખાડેદારોની સંખ્યા નાની સૂની નથી. વેપારી વર્ગ અંગેની ચર્ચામાં જોયા મુજબ વેપારીનો જ માલ, સંચા રાખી કાચા માલનું તૈયાર જરીમાં રૂપાંતર કરનાર વર્ગ પણ અખાડેદાર તરીકે ઓળખાય છે. એક રીતે જોઈએ તો, પોતાના સંચા રાખી કામ કરનાર આ વર્ગની સ્થિતિ કામદાર કરતાંયે બદતર છે. મહિનો પૂરો થતાં વેપારી પોતાની પૂરેપૂરી મજૂરી ચૂકવે કે ન ચૂકવે તોયે એમણે કારીગરને તો પૂરતી મજૂરી ચૂકવી જ દેવી પડે છે,

પરિણામે પોતાના ભાગે નફો નજીવો બચતાં પોતાનું ગુજરાન પણ કારીગરની આર્થિક સ્થિતિ મુજબ જ ચલાવવું પડે છે. અખાડેદારના વર્ગમાં સ્ત્રી અને પુરુષનું પ્રમાણ બરોબરીનું રહ્યું છે. એનો અર્થ એ નથી કે, સ્ત્રીઓ પણ અખાડેદાર વતી વેપારીને ત્યાંથી માલ લાવી માલ તૈયાર કરીને આપવા જાય છે. પરંતુ અખાડેદાર વર્ગની સ્ત્રીઓ પણ કારીગરની જેમ જ સવારે સાત-આઠ વાગ્યાથી સંચા ચલાવવા મંડી પડે છે. એક તરફ શાક બનાવવા મૂકવું અને બીજી તરફ સંચા જોવા એ એમને માટે કોઈ નવાઈની વાત નથી.

કારીગર વર્ગ

ઉદ્યોગનો ત્રીજો અને વિશાળ સંખ્યા ધરાવતો વર્ગ તે કારીગરનો છે. જેનું કામ સવારે સાતથી આઠના સમયે કારખાનામાં હાજર થઈ, સાંજે સાત વાગ્યા સુધી કામ કરવાનું છે. જેણે જેટલા રોજ ભર્યા હોય તેટલા રોજનો મહિનાના અંતે હિસાબ કરી પૈસા ચૂકવવામાં આવે છે. રવિવારની રજા હોય છે. પરંતુ રવિવારને રોજની ગણત્રીમાં લેવાતો નથી. અન્ય તહેવારોની પણ રજા પાડવામાં આવે છે. પરંતુ એની ગણત્રી પણ રોજમાં થતી નથી. એટલે જેટલા દિવસ કામ કરે તેટલા દિવસનું મહેનતાણું કારીગરને મળે છે. ઉદ્યોગમાં રોકાયેલ કુલ કામદારોના ૭૦ ટકા કારીગરો છે.

ઉદ્યોગની પ્રક્રિયા

કયા કયા પ્રકારની પ્રક્રિયામાંથી આ ઉદ્યોગ પસાર થાય છે? અથવા કારીગરો કયા પ્રકારનાં કામોમાં વહેંચાયેલા છે? દરેક પ્રકારમાં સ્ત્રીઓ અને પુરુષોનું પ્રમાણ કેટલું? તે અંગે વિગતે જાણવું હોય તો, આ ઉદ્યોગ જે પ્રકારમાં વહેંચાયેલો છે તે જાણવું જરૂરી છે. ઉદ્યોગની કામગીરીની વહેંચણી નીચે મુજબ સાત પ્રકારમાં થયેલી છે:

(૧) પાવડા વિભાગ

પાવડા વિભાગ એટલે તાંબાના સળિયા જેવા જાડા મોટા લચ્છાને બારીક પાતળો તાર બનાવવાની પ્રક્રિયા. આને પાવડા વિભાગ કહેવામાં આવે છે. હવે પાવડો એટલે એક એવું સાધન કે જેના એક છેડે જુદી જુદી સાઈઝના હોલ વાળી એક ડાઈ ફીટ બેસાડવામાં આવેલી હોય, તેમાંથી તાંબાના ભાગને પસાર કરી દસથી બાર ફૂટ સુધી ખેંચવામાં આવે. તેમાંથી પાતળા થયેલ ભાગને બીજી ડાઈમાંથી પસાર કરવામાં આવે. બારીક રેશમ જેવો પાતળો તાર થાય ત્યાં સુધી જુદી જુદી ડાઈમાંથી તાર ખેંચવાના વિભાગને પાવડા વિભાગ કહેવામાં આવે છે. પહેલાં હાથ અને શારીરિક શ્રમથી આ કામ કરવામાં આવતું. ત્યાર પછી ઊભા મશીનની શોધ થઈ. અને હવે ઈલેકટ્રીક મશીન આવ્યું. પરિણામે કામ ઘણું જ સરળ બન્યું. જેથી આ કામમાં રોકાયેલ કારીગરનો શારીરિક શ્રમ ઘટ્યો. આ પ્રક્રિયામાં પુરુષ કામદારો રોકાયેલા રહેતા. આજે પણ આ પ્રક્રિયામાં પુરુષ કામદારોનું જ વર્ચસ્વ છે.

(૨) ગીલ્ડીંગ પ્રક્રિયા

તાંબાના સળિયામાંથી પાતળા બારીક થયેલ તારને ચાંદીનો અથવા સોનાનો ઢોળ ચઢાવવાની પ્રક્રિયાને ગીલ્ડીંગ તરીકે ઓળખવામાં આવે છે. એક મોટા તપેલામાં તેજાબ, પોટેશ્યમ જેવા પદાર્થો લઈ તેમાં તાંબાનો તાર બાંધીને ઉકાળવામાં આવતો, સાથે સાથે એના પ્રમાણ મુજબ ચાંદી અથવા સોનાનો ટુકડો નાંખી પાણીમાં ઓગળતા તાંબાના તારને ચાંદી અથવા સોનાનો જરૂર મુજબનો ઢોળ ચઢાવવામાં આવતો. ઈલેકટ્રીક પ્લેટની શોધખોળે તપેલામાં તેજાબ, પોટેશ્યમ નાંખી ઉકાળીને ચાંદી અથવા સોનાનો ઢોળ ચઢાવવાની પ્રક્રિયામાંથી કારીગરને છૂટકારો આપતાં દાઝી જવાના પ્રસંગોમાંથી કારીગરવર્ગ મુક્ત થયો. હવે આજે ઊભા ટેબલ પર એક સાથે ૨૦થી ૨૫ તાર સામ-સામે છેડે સખત બાંધી નીચે મોટીમોટી ટ્રે ગોઠવી, ટ્રેમાં તેજાબ, પોટેશ્યમ, ચાંદી, સોના જેવા પદાર્થોમાંથી ઈલેકટ્રીક સ્વીચ ચાલુ કરવામાં આવે છે જેનાથી ચાંદી-સોનાનો ઢોળ ચઢાવવાની પ્રક્રિયા થાય છે. આ પ્રક્રિયામાં પણ ફક્ત પુરુષ કામદારો જ રોકાયેલા છે.

(૩) ત્રાક મશીન

ચાંદી અથવા સોનાનો ઢોળ ચઢેલ તારને વધુ ને વધુ પાતળો બનાવવાની પ્રક્રિયા તે ત્રાકની છે. આ અંગે પણ પહેલાં તારને જુદી જુદી ડાઈમાંથી પસાર કરી, એક મોટી લચ્છી બનાવવામાં આવતી. હવે ત્રાક મશીન પર ઈલેક્ટ્રીક મોટર ફીટ કરવાથી તારને ડાઈ-માંથી ખેંચવાની જગ્યાએ ત્રાક મશીન પર જ તારને પાતળો બનાવી એક ડાટામાંથી બીજા ડાટામાં ભરવામાં આવે છે. આ પ્રક્રિયામાં પણ પુરુષ કામદારો રહેતા આવ્યા છે. જોકે સ્ત્રી કામદારો પણ આ કામ કરતી થઈ ગઈ છે. પરંતુ પુરુષ કામદારોની સરખામણીએ સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે.

(૪) પાટલા

પાટલો એટલે એક મોટા ડાટામાંથી જે પાતળો તાર ત્રાક મશીન પરથી આવ્યો છે, તેને ફિરકામાં ગોઠવવાનું કામ. આ પ્રક્રિયામાં પણ પુરુષ કામદાર વધુ પ્રમાણમાં છે. જોકે સ્ત્રી કામદારની સંખ્યા આમાં વધતી જાય છે.

(૫) તાર ચપડવાનું

ઊભા મશીન પર એક તરફ ફિરકા ગોઠવી મોટર ચાલુ કરી તારને એક તરફથી બીજી તરફ લાવી, ગોળ તારને સીધો-ચપડ કરવાની પ્રક્રિયા તેને ચપડ પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયામાં સ્ત્રીઓનું વર્ચસ્વ છે. પુરુષ કારીગર પણ જોવામાં આવ્યા છે, પરંતુ પ્રમાણ ઓછું છે.

(૬) પેચક ભરવા

દસથી બાર ફૂટની લંબાઈ અને લગભગ ત્રણ ફૂટની ઊંચાઈ ધરાવતો ઊભા પ્રકારનો એક સંચો હોય છે. જેના ઉપરના ભાગે ચપડ થયેલ તાર નાની ફીરકીમાં વીંટળાઈને આવે છે. તેમાં એક ફીરકી ચપડ તારની અને એક ફીરકી યાર્નના દોરાની અથવા રેશમના દોરાની હોય છે. જેની મેળવણી થઈ જરીના રૂપે બહાર આવે છે. ઊભા રહેનાર કારીગરે આવતા તારો તૂટે નહિ તે જોવાનું અને જો તાર તૂટે તો મશીન પર જ ફીરકીને વ્યવસ્થિત ગોઠવવાનું કામ કરવાનું છે. અત્યંત ચીવટાઈ અને ઝીણવટભરી નજર માંગી લેતું આ કામ છે. તાર અને રેશમ વીંટળાઈને તૈયાર થયેલ જરીના મોટા લચ્છા બને છે. આ પ્રક્રિયા ફક્ત સ્ત્રીઓના વર્ચસ્વ નીચે છે. પુરુષ કામદારની હાજરી હાસ્યાસ્પદ લેખાય છે. સંપૂર્ણપણે સ્ત્રીઓ દ્વારા ચાલતી આ પ્રક્રિયા છે.

(૭) ફીરકી ભરવી

સાતમી અને અંતિમ પ્રક્રિયા તે ફીરકી ભરવાની. પેચક મશીન પર તૈયાર થયેલ જરીને, કે જે મોટા લચ્છા રૂપે હોય છે, તેને ચરખા પર ગોળ વીંટાળી, એક હાથે ચક્ર ફેરવી બીજા હાથમાં તાર લઈ બાજુમાં એક સળિયા પર ગોઠવેલ ફીરકી પર વીંટાળવામાં આવે છે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે સ્ત્રીઓ દ્વારા થાય છે. તેમાંયે ખાસ બાબત એ જોવા મળી છે કે, નાની ઉમરની છોકરીઓ આ કામમાં વધુ રોકાયેલી છે. ચપડ મશીન અને પેચક મશીન પરનું કામ વધુ કુનેહ અને તીક્ષ્ણ નજર માંગતું હોવાને કારણે જેને થોડી ઓછી સૂઝ હોય, અથવા ઓછી આવડત હોય તેવી સ્ત્રીઓ આ કામમાં જોડાયેલી છે. તે જોતાં ચપડ મશીન અને પેચક ભરનારની સરખામણીએ આ કામને થોડું હલકું પણ ગણવામાં આવે છે. એટલે ચપડ અને પેચક પર કામ કરનાર સ્ત્રીઓ આ કારીગર બહેનો કરતાં પોતાને કંઈક વધારે સમજે છે.

વર્ગીકરણ

સમગ્ર ઉદ્યોગ જેના પર ચાલે છે તેવા સાત પ્રકારનાં કામો અહીં બતાવવામાં આવ્યાં. જેમાં કામ પ્રમાણે પુરુષ કામદાર અને સ્ત્રી કામદાર ખાસ કયા કયા કામમાં રોકાયેલા છે તે પણ બતાવવામાં આવ્યું છે, તે મુજબ જોઈએ તો, પહેલેથી ત્રણ પ્રકારની પ્રક્રિયા; પાવઠો, ગીલીટ અને ત્રાક સંપૂર્ણપણે પુરુષો દ્વારા ચાલે છે. પાટલા પર સ્ત્રીઓ કામ કરતી થઈ છે પરંતુ ખાસ નહિ. જ્યારે ચપડ, પેચક અને ફીરકી પર સંપૂર્ણ રીતે સ્ત્રીઓનો ઈજારો દેખાય છે. પુરુષ

કામદારો જે પ્રક્રિયામાં રોકાયેલા છે તે પ્રક્રિયા દેખીતી રીતે જ વધુ શારીરિક શ્રમ માંગે છે. એટલે પહેલેથી જ એમાં પુરુષો રોકાયેલા છે, પરંતુ આજે પરિસ્થિતિ જુદી છે. મશીનરીની શોધખોળે શારીરિક શ્રમ ઘટાડયો એ બાબત આગળ બતાવી છે. વેતનની દૃષ્ટિએ જોઈએ તો, પાવડા પર હાથથી ખેંચવાનું કામ જ્યારે હતું ત્યારે એ કામદારોનો આઠ આના રોજ હતો. આજે મશીનરી પર ઊભા રહી ધ્યાન આપવાનું છે, અને રોજ ૩૫થી ૪૦ રૂપિયા બોલાય છે.

બીજી તરફ સ્ત્રીઓના વર્ચસ્વ નીચેના ચપડ, પેચક અને ફીરકીની પ્રક્રિયાના કામમાં કોઈ નવીન શોધખોળ અંગે જોઈએ તો ચપટ મશીન તો જે હતું તે જ રહ્યું છે. પહેલાં તારને હાથથી ચપટ બનાવાતો; જ્યારે આજે મોટર છે. પેચક મશીન અંગે જોઈએ તો પહેલાં એક પેચક સંચા પર ૩૦થી ૩૫ ફીરકી ગોઠવી શકાતી જ્યારે આજે ૭૦ ફીરકી ગોઠવી શકાય છે. મશીનની ચાલવાની ઝડપ તો જે છે તે જ રહી. પરંતુ ધ્યાન આપનાર કારીગરે ૩૫ ફીરકીના નિરીક્ષણની જગ્યાએ ૭૦ ફીરકી પર ધ્યાન આપવાનું થયું. જ્યારે ૩૫ ફીરકી પર ધ્યાન આપવાનું હતું ત્યારે રોજ ચાર આના હતો. આજે રોજ ૧૨થી ૧૫ રૂપિયા ચાલે છે.

નવીન શોધખોળ અને ઓદ્યોગિક પ્રગતિએ કારીગરોનો શ્રમ ઘટાડયો છે, એવી બૂમરાણ મચાવનાર આ ઉદ્યોગના અગ્રણીઓને આ બાબત ધ્યાન પર આવતી જ નથી કે શ્રમ ઘટયો છે પરંતુ તે પાવઠો, ગીલ્ડીંગ અને પાટલાના કારીગરનો; નહિ કે ચપડ, પેચક અને ફીરકીના કારીગરોનો. દેખીતું જ છે કે, પાવઠો, ગીલ્ડીંગ અને પાટલાના કારીગરો પુરુષ વર્ગના છે. ચપડ, પેચક અને ફીરકીના કારીગરો સ્ત્રીઓ છે. શ્રમ ઘટયો છે, રોજ વધ્યો છે, એ કબૂલ. પરંતુ જરા ધ્યાનપૂર્વક જોઈએ તો દેખાશે કે કોનો શ્રમ ઘટયો અને રોજ વધ્યો. જે અંગે આજે આપણે એ જ કહી શકીએ કે, નવીન શોધખોળોએ તો આ સ્ત્રી કારીગરોનું કામ ઘટાડવાના સ્થાને વધાર્યું છે. શોધખોળ એની વિરુદ્ધ ગઈ છે એવું કહ્યા વિના છૂટકો નથી.

જરીઉદ્યોગ અને રાણા જ્ઞાતિ

જરીઉદ્યોગમાં ફક્ત રાણા જ્ઞાતિ જ રોકાયેલી છે. અમે અમારા પ્રોજેકટમાં ૫૦૦ કુટુંબોની માહિતી ભેગી કરી તો, તેમાંથી ૪૮૨ કુટુંબો ફક્ત રાણા જ્ઞાતિનાં જ છે. બાકીનામાં કણબી અને ખત્રી જ્ઞાતિ મુખ્ય છે.

જ્ઞાતિ અને ધંધાના સંકલનની પ્રક્રિયાથી સહેજે પ્રશ્ન ઉપસ્થિત થાય કે, કહેવાતા આધુનિકીકરણ અને ઔદ્યોગીકરણના સમયમાં ધંધો અને જ્ઞાતિ, સંકલન કઈ રીતે શક્ય બન્યું અને આજદિન સુધી નિરંતર એ પ્રક્રિયા કઈ રીતે ચાલુ રહી. ૧૮૮૪ના બોમ્બે ગેઝેટીયર મુજબ જોઈએ તો, તે સમયે તો આ જ્ઞાતિ ડાંગર ખાંડવાનું કામ કરતી.[૨] પુરુષો અને સ્ત્રીઓ બન્ને કામ કરતાં. મોટે ભાગે ઉચ્ચ જ્ઞાતિનાં ઘરોમાં જઈને ડાંગર અને મસાલા ખાંડવાનું કામ કરતી આ કોમ જરીકામમાં કેવી રીતે આવી પડી? જ્ઞાતિના જ આગળ પડતા અને ઉંમરલાયક સભ્યો સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે, પહેલાં પાટીદાર અને કેટલાક વાણિયાઓ જરીની વસ્તુઓ તૈયાર કરાવી વેચવાનો ધંધો કરતા. તાંબાના તારને બારીક પાતળો બનાવી સોના-ચાંદીનો ઢોળ ચઢાવવા જેવા અતિ શ્રમી અને જોખમ ભર્યાં કામો માટે કોમ જહારના માણસોની જરૂર પડતી. ભાત અને મસાલા ખાંડી શારીરિક શ્રમ કરનાર રાણા જ્ઞાતિએ આ કામમાં મજૂર તરીકે કામ કરવાનું ચાલુ કર્યું. પુરુષોની સાથે સ્ત્રીઓ પણ તારને ખેંચવામાં મદદ કરવા માટે જવા લાગી. તાર ખેંચવામાં અને ઢોળ ચઢાવવામાં મદદ ઉપરાંત રેશમના દોરા ઉપર જરી વીંટવાનું કામ પણ સ્ત્રીઓ કરતી. અત્યંત શ્રમ માંગી લેતા જરીકામમાં, સમય જતાં પાટીદાર કોમ રાણા કોમ પર વધુ ને વધુ નિર્ભર થવા લાગી. કાળક્રમે પાટીદારને ત્યાં જ કામ કરતી આ કોમે ઉદ્યોગની કળા અને કૌશલ્ય પ્રાપ્ત કરી

લીધાં. કળા-કૌશલ્યની સાથે સાથે આ ઉદ્યોગ સમયાનુસાર હાથ પર લઈ લીધો. હવે વેપારી પણ રાણા, કારખાનેદાર પણ રાણા અને કારીગર પણ રાણા. પાટીદાર આ ઉદ્યોગમાંથી નેપથ્યમાં ચાલ્યા ગયા.

અતિશય શ્રમ માંગતા આ કામમાં ઉપરોક્ત ઉજળિયાત કોમ કંટાળવા લાગી. વળી ચાંદી-સોના જેવી ધાતુમાં રોકાણ પણ એટલું લાભદાયી નહોતું. જ્યારે બીજી તરફ વ્યાપારમાં ત્વરિત નફો મળતો થયો. પરિણામે પાટીદાર અને વાણિયાઓ જુદા જુદા વેપારમાં વધુ વળવા લાગ્યા. અમારા અવલોકન અને સુરત જરી વેપારી મંડળ અને જ્ઞાતિના અગ્રણીઓના મત મુજબ રાણાજ્ઞાતિ અને જરીઉદ્યોગ એકબીજાના પર્યાય બની ગયા છે. કોઈપણ વ્યક્તિ જો આજે જરીનો ધંધો ચાલુ કરવા માંગે તો, કારીગર તો રાણાજ્ઞાતિમાંથી જ આવે. વળી આ ઉદ્યોગ ઘરમાં ચાલતો ગૃહઉદ્યોગ છે, એટલે અન્ય વ્યવસાયની સરખામણીએ એ એક હાથવગો વ્યવસાય છે. વળી નાના પાયાના ઉદ્યોગ કરતાંયે વિશેષ તો ગૃહઉદ્યોગ પ્રકારનો વ્યવસાય હોવાને કારણે સમગ્ર કુટુંબ એમાં સામેલ થાય જ એ કોઈ નવાઈની વાત તો નથી જ. કુટુંબના બધા જ સભ્યો કોઈ એક કામ કરતા હોય ત્યારે બાળક પણ સમજી જાય છે કે, મારે આ જ કરવાનું છે. મહેનત વધુ અને વળતર ઓછું એવા સંજોગોમાં બાળક પ્રત્યેના શિક્ષણની ઉપેક્ષા ન થાય તો જ નવાઈ. આને કારણે શિક્ષણમાં આ કોમ પછાત રહી. જોકે એવું પણ નથી કે શિક્ષણનો પ્રચાર તેમને ખૂબ જ આગળ લાવી દેત અને જરીકામ છૂટી ગયું હોત. શિક્ષણનો પ્રચાર પણ થયો. યુવાનો શિક્ષણ ક્ષેત્રે આગળ પણ આવ્યા. યુવાનો નોકરી પણ કરે છે. વકીલો, એન્જીનીયરો અને ડોક્ટરો પણ છે. પરંતુ કુટુંબમાં ગળથૂથીમાંથી મળેલ જરીકામથી કોઈ મોં ફેરવી શકતું નથી. ગ્રેજ્યુએટ યુવાન-યુવતી નોકરી પણ કરે છે, પરંતુ સાંજે ઘરે આવી ઘરમાં જો સંચા ચાલતા હોય તો ફરજિયાત પણે સંચા પર ઊભા જ રહે છે. આવા દાખલાઓ સુરતના ગોલવાડમાં શોધવા નથી પડતા.

એક જ ધંધો, અને એક જ જ્ઞાતિના સંકલને રાણા જ્ઞાતિને બહારની દુનિયાના સંપર્કથી પણ વંચિત રાખી છે. ચોંકાવનારી બાબત તો મને એ લાગે છે કે, જ્યારે જરીકામ ન હોતું ત્યારે શારીરિક શ્રમ કરીને ભાત મસાલા ખાંડની આ જ્ઞાતિ વાણિયા પાટીદારના સંપર્કમાં પણ આવતી હતી. જેના સંપર્કના ફળ સ્વરૂપે એમને જરીઉદ્યોગ મળ્યો. પરંતુ આજે એમનો એવો સંપર્ક રહ્યો નથી. આનો અર્થ એમ પણ નથી કે આ જ્ઞાતિને પોતે એક જ ધંધામાં હોવાનું દુ:ખ છે. ચિત્ર તો થોડું જુદું માલૂમ પડે છે. એ દૃષ્ટિએ કે કોઈ કામની શોધમાંથી આ લોકો મુક્ત છે. કોઈ કામ ન મળે તો પણ જરીકામ તો છે જ ને? કામની એક પ્રકારની સુરક્ષિતતાની ભાવના એમને કામ શોધવામાંથી મુક્ત રાખે છે. પોતાનાં બાળકોને શિક્ષણ આપવાની નેમ છે, પોતાનાં બાળકો પણ ભણીગણીને નોકરીએ લાગે, વકીલ ડોક્ટર કે એન્જીનીયર બને એવી ભાવના આજે દરેક કુટુંબ સેવે છે, પરંતુ એક પણ કુટુંબ જ્યારે ઘરમાં જરીકામ ચાલતું હોય ત્યારે તે બાળકને તેમાંથી છૂટવા દેતું નથી. એક રીતે તો જરીઉદ્યોગ રાણાજ્ઞાતિની આજની પેઢીને આવતી કાલની પેઢીના કામની શોધમાંથી મુક્ત રાખે છે એમ કહીએ તો જરાયે અતિશયોક્તિ નથી. રાણાજ્ઞાતિ અને જરીઉદ્યોગના સંકલનનું આ છે ચિત્ર.

જરીઉદ્યોગ અને સ્ત્રી કામદાર

જ્ઞાતિ અને ધંધાના સંકલન પછીનો બીજો મુદ્દો ધંધા અને સ્ત્રીઓના સહભાગનો છે. આગળ મેં જણાવ્યું છે કે, ઉદ્યોગમાં ૭૦ ટકા જેટલું કામ તો સ્ત્રીઓ દ્વારા થાય છે અને થઈ રહ્યું છે. કુલ કામદારના ૭૦ ટકા કામદારો તો સ્ત્રી કામદારો છે. સ્ત્રી કામદારોના આ ઉદ્યોગમાં પ્રવેશ અંગે જ્ઞાતિ અને ધંધાના મુદ્દામાં એક અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ તો, સ્ત્રીઓનો આ કામમાં પ્રવેશ, પુરુષોને મદદ કરવાનો હતો, તેથી જ મને પ્રશ્ન થાય છે કે,

૧ પુરુષોને મદદ કરવા ગયેલ આ સ્ત્રીઓનું આજે સ્થાન કયાં છે?

૨ પુરુષોની સરખામણીએ એની સ્થિતિ કેવી છે?

૩ ઉદ્યોગમાં પાયાનું સ્થાન ધરાવનાર આ સ્ત્રીઓનો પાયો કયો છે?

૪ ઉદ્યોગ પોતે એના મહત્ત્વના ભાગ પ્રત્યે કેવું વલણ રાખે છે?

આ બધા પ્રશ્નોની જાણકારી માટે અમે આ બહેનોની કૌટુંબિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો. આ ત્રણે પ્રકારની પરિસ્થિતિ જાણવા માટે અમે એમના કુટુંબનો વંશપરંપરાગત વ્યવસાય, કુટુંબની આર્થિક પરિસ્થિતિ, કુટુંબના સામાજિક રીત-રિવાજો અંગેના મુદ્દાઓને લક્ષમાં રાખી બહેનો સાથે વિસ્તૃત ચર્ચા કરી. ચર્ચામાં અમને જે કંઈ જાણવા મળ્યું તેને તેમના જ શબ્દોમાં અહીં ઉતારવામાં આવ્યું છે.

ફરજિયાત આર્થિક કાર્ય એ આ બહેનો માટે કોઈ નવીન વાત નથી. કુટુંબની નબળી આર્થિક સ્થિતિ, સામાજિક પછાતપણું, શિક્ષણની ઉપેક્ષા, અભાવ આ બહેનોને ફરજિયાત કામે લઈ જાય એ બહુ જ સ્વાભાવિક છે, અથવા ફરજિયાત કામ એ આ જ્ઞાતિની બહેનોના મુદ્રાલેખ સમાન છે. પોતાની આઠ-દશ વર્ષની વયથી જ કામોમાં જોડાવું એ એમના બાળપણની સ્વાભાવિક પ્રક્રિયા છે. તમારા પિતાના પિતા, માતાની માતા, સસરાના પિતા, સાસુના સાસુ, કયો વ્યવસાય કરતા હતા? પ્રશ્નનો જવાબ એક જ આવ્યો કે, 'આ જ કામ (જરીકામ) કરતા, બીજું શું કરવાના હતા?' 'તમે તમારી મરજીથી આ કામ ચાલુ કર્યું' કે અન્ય કોઈ દબાણ હેઠળ આ કામ ચાલુ કર્યું'!' બહેનો ઉત્તરમાં જણાવે છે કે, 'બહેન મરજી જેવું શું હોય? નાનપણથી જ આ કામ ચાલુ કરી દીધું. ઘરમાં બધાં જ આ કામ કરે એટલે કામ કરવું જ પડેને!'

કુટુંબની પરિસ્થિતિ પણ અન્યોની જેમ આ બહેનોને અસરકર્તા નીવડે એ સ્વાભાવિક ગણાય. પિતૃકુટુંબ હોય કે પતિ કુટુંબ હોય. કુટુંબની અંદર પણ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ તેની અસરો વર્તાઈ રહે. અમે જે બહેનોની મુલાકાત લીધી તેમાં ૩૦૦ બહેનો વિભક્ત કુટુંબની અને બાકીની ૨૦૦ બહેનો સંયુક્ત કુટુંબની છે.

આ આંકડા પરથી જોઈ શકાય છે કે બહેનોનો વર્ગ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ વચ્ચે વહેંચાયેલો છે. કૌટુંબિક પ્રકારની આ ચર્ચા એટલા માટે કરવામાં આવી રહી છે કે અહીં જે કુટુંબનો પ્રકાર દેખાય છે તે નથી તો સંયુક્ત કે નથી તો વિભક્ત. પરંતુ બહેનોના ફરજિયાત કામથી ઉપસ્થિત થયેલ એક નવો જ અર્ધસંયુક્ત અથવા અર્ધવિભક્ત પ્રકાર છે. એક રીતે જોતાં તો અમને એમ લાગ્યું કે સંયુક્ત કુટુંબ પ્રથા આ બહેનો માટે ઉત્તમ હોઈ શકે. સંયુક્ત કુટુંબ એમનાં બાળકોના પ્રશ્ન હલ કરી શકે. જ્યારે વિભક્ત કુટુંબ બાળકોના પ્રશ્ન ઊભા કરે છે. બાળકોના પ્રશ્નની ચર્ચા કરતાં અમે જોયું તો સંયુક્ત કુટુંબ પ્રથા આ બહેનોને ખાસ ઉપયોગી નીવડી નથી. કુટુંબની જેટલી પણ સ્ત્રીઓ છે તે બધી જ ઘરબહાર અથવા ઘરમાં કામ કરનારી હોવાથી બાળકોનો પ્રશ્ન તો રહે જ છે. એટલું જ નહિ પરંતુ સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે ઘરકામ, રસોઈકામના પ્રશ્નો અડચણરૂપ થતા લાગે છે, જે અંતે આ બહેનોના જીવનમાં કલેશ ઉત્પન્ન કરી હમેશાં કૌટુંબિક તનાવમાં રાખે છે. સંયુક્ત કુટુંબનું કલેશમયી ચિત્ર જોતાં વિભક્ત કુટુંબમાં રહેનારી બહેનોની હાલત જોવાનું સહેજે મન થાય. પરંતુ જે પ્રકારનું વિભક્ત કુટુંબ અહીં અસ્તિત્વ ધરાવે છે, તેને વિભક્ત કહેવું કે નહિ તે પણ એક સવાલ છે.

સમાજશાસ્ત્રીય વ્યાખ્યા મુજબ તો, એકચૂલે જમતાં પતિ-પત્ની અને તેમનાં અપરિણીત બાળકો એટલે એક વિભક્ત કુટુંબ. વ્યાખ્યા મુજબની પરિસ્થિતિ અહીં જોવા મળે છે. પરંતુ બીજી તરફ એમના

રહેઠાણની સ્થિતિ જોઈએ તો, એક જ મકાનમાં આપણી વ્યાખ્યા મુજબના એક કરતાં અનેક કુટુંબોનો વસવાટ એ આ વિસ્તારની ખાસિયત છે. પ્રથમ દૃષ્ટિએ જોતાં તો વિભક્ત કુટુંબ દેખાય છે, પરંતુ પાયાની જરૂરિયાત જેવી કે નળ, સંડાસ, બાથરૂમ, વગેરે આ કુટુંબોને હિસ્સેદારીમાં વાપરવાં પડે છે. કુટુંબ સંયુક્ત હોય કે વિભક્ત, કુટુંબનો પ્રકાર તેના લાભાલાભ આપવામાં નિષ્ફળ માલૂમ પડે છે. બહેનોને કુટુંબ સંયુક્ત હોય કે વિભક્ત, કામ કરતી વખતે બાળકોના પ્રશ્નો, ગૃહકલેશના પ્રશ્નો રોજિંદા બની ગયા છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે પિતૃગૃહ અને પતિગૃહ બન્ને ગૃહોની અસર થાય એ નકારી શકાય નહિ. પિતાને ત્યાં સ્ત્રી બાળપણથી જ કામે જોતરાય છે. પિતાની જવાબદારીના ભાગરૂપે બહેનોને લગ્નખર્ચમાં મદદરૂપ થવા માટે કામ તો ફરજિયાત કરવું પડે છે. એટલું જ નહિ પરંતુ લગ્નની આવશ્યક શરતના ભાગરૂપે એણે આ કામ શીખવું પડે છે. અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન કામદાર બહેનો ઉપરાંત બીજા અનેક જરી વેપારી અને કારખાનેદારના સંપર્કમાં આવવાનું થયું. તે સમય દરમ્યાનની ચર્ચાનો સૂર જાણવો રસપ્રદ છે.

'જરીકામની આવડત વિનાની છોકરી અમને નહિ ખપે', 'અમને ફક્ત રસોઈ કરી જાણે એવી છોકરી નહિ ચાલે, અમારે તો સંચાપર ઊભી રહે તેવી છોકરી જ જોઈએ.' 'જો મારા સસરા મને સ્કુટર આપે તો હું કદાચ નહિ લઉં, પરંતુ તેની સામે જો મને જરીના બે સંચા આપે તો હું કદી પાછા નહિ વાળું.' 'અમારે તો જ્યારે વિવાહની ગોઠવણ થાય ત્યારે પૂછી જ લેવાનું કે, છોકરીને જરીકામ આવડે છે કે નહિ? જો એ આવડત ન હોય તો ગમે તેટલી રૂપસુંદરી હોય પણ અમારે મન નકામી છે.'

'જરીઆવડત' એ જ્યાં છોકરી માટે લગ્નની આવશ્યક લાયકાત હોય ત્યાં, મરજીનું હોવું ન હોવું આવી જ ન શકે. ક્ષેત્રકાર્ય દરમ્યાન પરિણીત' અપરિણીત, વૃદ્ધા, યુવાન, આધેડ, કિશોરી એવી બધા જ પ્રકારની બહેનો અમને જોવા મળી. એમાં એક પણ દાખલો એવો અમને નથી મળ્યો કે, તે બહેન સ્પષ્ટ રીતે કહી શકતી હોય કે, પોતે ક્યારે અને શા માટે જરીકામ સ્વીકાર્યું. આર્થિક પગભરતા બહેનોને જાણે જન્મથી જ મળી ચૂકી છે. કુટુંબની આર્થિક જવાબદારીનો અડધા ઉપરાંતનો ભાર સ્વેચ્છાએ કહો કે પરાણે કહો પણ પોતાના ખભા પર બહેનોએ લીધો છે એ વાત અહીં બહુ જ સ્પષ્ટ દેખાય છે.

આર્થિક પગભરતાની સાથે જ જાણે જન્મ લેનાર આ બહેનોને આ પગભરતાએ કેટલી સ્વતંત્રતા અને સ્વમાન આપ્યાં તે મુદ્દો પણ ચકાસવો જોઈએ. આ મુદ્દાની ચકાસણી માટે, અમે આ બહેનો સાથે, પોતાની કમાણીનો તેઓ શું ઉપયોગ કરે છે, પોતાની કમાઈમાંથી પોતાના માટે કેટલો ઉપયોગ કરે છે, પોતાની કોઈક બચત કરી શકે છે, પોતાની મરજીથી પોતાનાં ભાઈ-બહેનને મદદ કરી શકે છે વગેરે પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી.

ઉપરોક્ત પ્રશ્નોના જવાબરૂપે અમને જે જાણવા મળ્યું તે એ કે, આર્થિક સ્વતંત્રતા હોય કે ન હોય, પરંતુ જ્યારે આર્થિક બાબતો આવે છે ત્યારે સ્ત્રીને ફરી કુટુંબમાં ગૌણ સ્થાને આવી જવું પડે છે. એટલે કે પોતે ભલે કુટુંબનો અડધા ઉપરાંતનો આર્થિક બોજો ઉઠાવે છે, પરંતુ એક પણ દાખલો એવો જોવા નથી મળ્યો કે આર્થિક પગભરતાએ એને સ્વતંત્રતા આપી હોય. ઊલટાનું બેવડો મરો છે. આર્થિક બોજો તો ઉપાડવાનો જ છે, સાથે સાથે કૌટુંબિક જવાબદારી, સામાજિક રીત-રિવાજો, બાળઉછેર વગેરેમાંથી મુક્તતા એ પરીકલ્પના જેવું લાગે છે. પોતાનો આર્થિક ભાર ફરજિયાત લાદનાર અહીંનો પુરુષવર્ગ કોઈ કૌટુંબિક જવાબદારીમાંથી એને મુક્ત કરતો નથી. બે સંચા વચ્ચે બાળકનું પારણું રાખીને બહેને કામ કરવું એ એની સ્વાભાવિક ફરજ ગણવામાં આવે છે. બપોરની એક કલાકની રીસેસ અને જમવા-

ની મોકળાશ નથી આપતી, બપોર અને સાંજના ભોજનની તૈયારીમાં જોતરે છે. એક તરફ રોટલીનો લોટ બાંધવો અને બીજી તરફ ફીરકા ગોઠવવા એ એમને મન શ્વાસોશ્વાસ જેટલી સહજ પ્રક્રિયા લાગે છે.

ટૂંકમાં ઘરકામ, બાળઉછેર, તો પોતે સ્ત્રી હોવાને કારણે મળેલાં જ છે. પરંતુ આર્થિક પગભરતા એ એમને એમની કમાણીના ઉપયોગમાં તો રોકી જ છે, એટલું જ નહિ પરંતુ કૌટુંબિક જવાબદારીમાંથી પણ મુક્ત કરી નથી એ કહેવાની હવે ભાગ્યે જ જરૂરત પડે છે.

સ્ત્રી શોષણના એક પરિણામ તરીકે આપણે આને જોઈએ છીએ, પરંતુ આ બહેનો પોતે શું માને છે? પોતે પોતાના શોષણ, બેવડાભાર પ્રત્યે સભાન છે કે નહિ? ઘણા ખેદ સાથે જણાવવું પડે છે કે, પોતાના આ બેવડા—ત્રેવડા ભારને અહીં પોતાની ફરજ તરીકે આ બહેનો જુએ છે, જે એમનામાં શિક્ષણનો અભાવ, અન્ય સંપર્કોનો અભાવ, જાગરૂકતાનો અભાવ બતાવે છે.

સ્ત્રી કામદાર અને હિતરક્ષણ

એક રીતે જોવા જઈએ તો, આજે દરેક પ્રકારના વ્યવસાય તથા ઉદ્યોગમાં રોકાયેલ કામદારોને મળતા હક્ક, રક્ષણના લાભો ચર્ચાસ્પદ છે. સરકાર તરફથી કામદારોના કલાક, વેતન તથા અન્ય લાભો જેવા કે, પ્રોવિડન્ટ ફંડ, આકસ્મિક રજા, અકસ્માતનું વળતર, માંદગી રજા, માંદગી વળતર, બોનસ વગેરે આપવાનું નક્કી થયું છે, પણ તે આપવામાં આવતું નથી. નવાઈની વાત તો એ છે કે માત્ર ૩ ટકા બહેનોએ આવા કાયદાઓની જાણ હોવાનું જણાવ્યું. જોકે કેટલીક બહેનોએ કામના કલાક એટલે કે ગુમાસ્તાધારા અંગેના કાયદાની જાણકારી બતાવી. પરંતુ એ જાણકારી પણ એ રીતે બતાવી કે, 'હા...મ્યુનિસિપાલીટી-વાળાને જ્યારે પૈસા પડાવવા હોય ત્યારે શેઠ પાસે આવીને, કારખાનું કેટલા વાગ્યાથી ચાલુ કર્યું છે? રજિસ્ટર રાખ્યું છે? કામ કરનારનાં નામો લખ્યાં છે? વગેરે પૂછે છે. પરંતુ શેઠ ચા-પાણી પીવડાવી હાથમાં કંઈ ને કંઈ મૂકે એટલે એ લોકો ચાલ્યા જાય છે.'

'જ્યારે મ્યુનિસિપાલીટી વાળા સાહેબો આવે છે, ત્યારે તમે તમારા કામના કલાક અંગે ફરિયાદ કેમ નથી કરતા?' એવા સવાલનો બહેનોનો જવાબ જાણવા જેવો છે. 'શેઠ કંઈ શેઠ થોડા કહેવાય. એ તો અમારી જ જ્ઞાતિના, અમારા સગા થાય.' 'સગા' વિરુદ્ધ કંઈ એવું થોડું બોલાય. આપણે પણ કામ કરવાનું છે. બીજે દિવસે કાઢી મૂકે. પછી બીજું કોણ રાખે? મ્યુનિસિપાલીટી અને સરકાર તો નવરી છે. પૈસા પડાવવા દોડી આવે. શેઠે અમને રોજી આપી છે. સરકારે નહિ.'

આ જ ચર્ચાને આગળ ચલાવતાં એમને પૂછવામાં આવ્યું કે, 'તો પછી તમારો રવિવારનો રોજ કેમ નથી માંગતા?' 'જેટલા દિવસ કામ કરીએ, તેટલા દિવસનો જ પગાર મળે ને? અમે કોઈ ભણેલા અને નોકરિયાત નથી કે અમને રવિવારનો પગાર મળે. અમારી તો મજૂરી. જેટલી મજૂરી કરીએ તેનો પગાર મળે.' ઉપરોક્ત અભિપ્રાય આપનાર બહેનોને, 'જો આ બધા લાભો મળે તો, તમને કેવું લાગે?' એવું પૂછ્યું તો, એ માટે બધાં બહેનોએ એ લેવાની, મેળવવાની તૈયારી બતાવી.

બહેનોએ આપેલ અભિપ્રાયથી એક બાબત નિશ્ચિત દેખાય છે કે બહેનો લાભ તો ઈચ્છે છે. પરંતુ પોતે બોલી નથી શકતી. અથવા કેટલાંક બંધન નડે છે. પહેલું તો આ ઉદ્યોગ એક નાના પાયાનો ગૃહઉદ્યોગ છે. જરૂર પૂરતા બહારના કારીગરો રાખી કામ ચલાવવામાં આવે છે. કારીગર પણ વળી જ્ઞાતિના અને સગા, જ્ઞાતિ અને સગાઈની શરમ, હક્ક જાગૃતિમાં અવરોધરૂપ બને, એમાં નવાઈ નથી.

સામાજિક પરિસ્થિતિ પણ અવરોધની ભૂમિકા ભજવે છે. સ્ત્રીઓને અનેક પ્રકારના રીત-રિવાજોને આધીન રહેવું પડે છે. લગ્ન, મરણ, માંદગી, જેવા

અનેક સામાજિક પ્રસંગો અવરનવર ઉપસ્થિત થાય છે. પ્રસંગોપાત્ત બહેનોની અવર-જવર અનિવાર્ય બની રહે છે. પોતાના સગાને ત્યાં કામ પર રહેતા સામાજિક પ્રસંગો વખતની હાજરી વિના રોક-ટોકથી પૂરી શકે છે. જેના બદલામાં આજનું કામ આવતી કાલે પૂરું કરવાની સગવડ આપવામાં આવે છે.

પ્રસંગોપાત્ત જ્ઞાતિમાં આવવા-જવા ઉપરાંત પોતાના જ કુટુંબના રીત-રિવાજો પણ બહેનોનું મોં બંધ રખાવે છે. સામાજિક રીત-રિવાજોને ઊંડાણથી જોઈએ તો, જ્ઞાતિમાં લગ્ન, મરણ જેવા અનેક સામાજિક પ્રસંગો અત્યંત ખર્ચાળ છે. પુરુષ અને સ્ત્રીની ભેગી આવક પણ માંડ જીવનનિર્વાહ માટે ચાલે છે, તેમ છતાં પ્રાસંગિક ખર્ચા તો કરવા જ પડે છે. આ ખર્ચ શેઠ પાસેથી એડવાન્સ લઈને કરવામાં આવે છે. ઉછીના પૈસાનું દબાણ અવાજ ઉઠાવતાં રોકે છે. હમેશાં સીધી રીતે બહેનોની કમાણીમાંથી જ ખર્ચ કરવામાં આવે છે એવું નથી. કેટલીક વખત એવું પણ બને છે કે બહેનના પિતા અથવા પતિ એક જગ્યાએથી એડવાન્સ રૂપે બાકી ગણાતી રકમ લે છે. રકમ પૂરી કરવામાં જ્યારે તેમનો સમય અને રોજ ટૂંકા પડે છે, ત્યારે તેઓ એ જ કારખાનામાં ઘરની સ્ત્રીઓને એડવાન્સની વસૂલી માટે જોતરી દે છે. બહેનો પણ ચૂપચાપ પોતાના ઘરનો પ્રાસંગિક ખર્ચ હોવાથી વસૂલીમાં સહભાગી બને છે. ચોંકાવનારો એક કિસ્સો એવો પણ જોવા મળ્યો છે કે સાસરી પક્ષનું દેવું વસૂલ કરવા માટે ખુદ પુત્રી જ પિતાને ત્યાં કારીગર તરીકે કામ કરી રહી છે.

એક કારખાનેદારને ત્યાંથી અમુક રકમ બાકી લેવામાં આવે. રકમ થોડી ભરપાઈ થઈ જાય, તે સમયે જ પિતા, પતિ કે સસરા બીજી જગ્યાએ વધુ રકમની બાકી મળતાં એ કારખાનું છોડી દે છે. દેવું વસૂલ કરવા પોતાના ઘરની સ્ત્રીઓના કામમાંથી વસૂલી કરવાની ગોઠવણ એ સામાન્ય વ્યવહાર સમાન જોવા મળે છે. ફરજિયાત દેવાદારની સ્થિતિ આ બહેનોને નફરત પણ નથી ઉપજાવતી.

સંગઠનનો અભાવ પણ હક્કજાગૃતિમાં બાધારૂપ નીવડે છે. વિશાળ સંખ્યામાં એક જ ઉદ્યોગમાં સમાયેલી હોવા છતાં આ બહેનો સંગઠિત નથી એમ કહેતાં પહેલાં એ કહેવું પડે છે કે, પોતે સંગઠનની કોઈ ઈચ્છા પણ નથી રાખતી. સંગઠિત થઈ પોતાના હક્ક માટે માંગણી કરવી જોઈએ, એ બાબતથી અલિપ્ત એવી બહેનોના સંગઠન પ્રત્યેના ખ્યાલો પણ આ પ્રમાણેના જોવા મળ્યા.

'મંડળનું શું કામ છે? અમને તો અમારો રોજ મળે છે, પછી ભેગા થઈને શું કામ છે? અમને કોણ ભેગા કરે? અમારી પાસે ટાઈમ પણ નથી. એ બધા મરદોનાં કામ, અમારું બૈરાઓનું સાંભળે પણ કોણ?' મંડળ પ્રત્યે આ પ્રકારનો અભિપ્રાય વ્યક્ત કરનાર બહેનોની વાસ્તવિકતા સ્વીકાર્યા વિના ચાલે તેમ પણ નથી.

સગાઈ અને જ્ઞાતિબંધન, સામાજિક દૂષણ, સંગઠનનો અભાવ, આ ઉપરાંત બહેનોના હક્ક માટે, અવાજ સામે એક બીજો મોટો ભય સલામતીનો છે. સ્ત્રી હોવાને કારણે સલામતીનો વિચાર પણ એણે કરવો પડે. સલામતી અંગે બહેનોનું ગણિત એવું છે કે, પોતે જો સગા-સંબંધીને ત્યાં કામે રહેશે તો, પોતાની સ્ત્રી-સલામતી જળવાઈ રહેશે. જ્યારે બહાર અથવા બીજા કોઈને ત્યાં જશે તો, એણે સલામતીનો સામનો કરવો પડશે. પરિણામે જ્યારે કામનું સ્થળ નક્કી કરે છે ત્યારે, કામનું સ્થળ ઘરની આજુબાજુમાં જ હોય, વળી કારખાનેદાર પોતાના સગા હોય, એ પણ જુએ. બીજી બધી જ બાબતમાં તદ્દન અજ્ઞાન રહેનાર આ બહેનો સલામતી બાબતે અત્યંત સભાન છે. પોતાની યુવાન છોકરીને કામે બેસાડતાં, મા પહેલાં એ જગ્યા ચકાસી જુએ છે. જ્યારે પણ કોઈ બહેનને કારખાનું બદલવાની પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે ઘરનો પુરુષ વર્ગ પણ કારખાનાની ચકાસણી કરીને જ સ્ત્રીઓને કામ પર જવા દે છે.

નિષ્કર્ષ

(૧) જરીઉદ્યોગ અને રાણા જ્ઞાતિ એ બેનું એકબીજા પરનું અવલંબન જોયું, પરંતુ જે પ્રકારે અને પ્રમાણમાં પરસ્પરાધીનં અવલંબન જોવા મળે છે તે પરથી શંકા ઊઠે છે કે વર્ષો પછી પણ આ જ્ઞાતિને બીજો કોઈ વ્યવસાય મળશે કે નહિ? જ્ઞાતિ અને જરી આજે જે રીતે એકબીજા સાથે ભળી ગયાં છે, જરીનાં મૂળ જે રીતે ઊતર્યાં છે, તે મૂળમાંથી બીજા કોઈ વ્યવસાયનું વૃક્ષ ઊગવાની શક્યતા આજે દેખાતી નથી. જોકે એવું પણ નથી કે આ જ્ઞાતિને પોતે એક જ ધંધામાં હોવાનું દુઃખ છે. એથી ઊલટું જરીકામ એમના માટે હાથવગો વ્યવસાય હોવાને કારણે એમને અને એમની પેઢીને કામની ચિંતામાંથી મુક્ત રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે.

(૨) ઉદ્યોગની બુનિયાદ સ્ત્રીનો સહભાગ છે. સ્ત્રીકામદારના આત્મભોગ અને સહઅસ્તિત્વ પર જ આ ઉદ્યોગ ગતિમાન છે એમાં બે મત હોય જ ન શકે. એક સમયે આ ઉદ્યોગમાંથી સ્ત્રીઓનું ખસવું, ઉદ્યોગની જડને ઊખેડી નાંખવા માટે પૂરતું છે. તેમ છતાં કામદાર બહેનો પરત્વે, સ્ત્રીઓના સહભાગને વ્યવસ્થિત વળતર આપવામાં, સ્ત્રી પ્રશ્નોને વાચા આપવામાં કે તે તરફ ધ્યાન દોરવામાં ઉદ્યોગના અગ્રણીઓ પણ ઉદાસીન છે. હજુ કોઈને વિચાર સુદ્ધાં નથી આવ્યો કે આ બધા પણ 'પ્રશ્નો' છે.

ઉદ્યોગ તો ન પણ વિચારે, કંઈક અંશે એ ચલાવી પણ લઈએ, પરંતુ આટલા મોટા શહેરમાં આવેલ અનેક મહિલા મંડળો, મહિલા કાર્યકરો હોવા છતાં સુરતના હાર્દસમા ભાગળ વિસ્તારની આજુબાજુ ચારે તરફ પીસાઈ રહેલી બહેનોના શોષણને જોવામાં તો નથી આવ્યું, પરંતુ વિચાર સરખો પણ કરવામાં નથી આવ્યો. મહિલામંડળ પોતે આ બહેનો, બહેનોના કામ અંગે શું વિચારે છે, શું માને છે? ચિત્ર ખૂબ ધૃણાજનક લાગ્યું. સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીસમાનતાના બુનિયાદી ખ્યાલો પર ઉદ્ભવનાર મહિલામંડળના કાર્યકર્તાના મંતવ્ય મુજબ, 'અમારા મંડળમાં તો સારા સારા ઘરની, ઉચ્ચજ્ઞાતિની સ્ત્રી સભ્યો છે, "નીચ કોમ" અમારા મંડળમાં જોડાય નહિ. અમારું કામ તો બહેનોમાં જાગૃતિ લાવવાનું. જરીકામની બહેનોના પ્રશ્ન અંગે મજૂરમંડળ વિચારે, એ કામ અમારા મંડળનું નહિ.'

(૩) મજૂરમંડળે પણ ઉપેક્ષા જ સેવી. 'એ બહેનો આવીને કોઈ પ્રશ્નો રજૂ કરે તો અમે પ્રશ્નો ઉકેલી આપવા તૈયાર છીએ.' બીજી તરફ જોઈએ તો, સમગ્ર જરીકામદાર આલમ માટે મજૂરમંડળની ગેરહાજરી એક મજબૂરી છે. ઉદ્યોગના અગ્રણી મજૂરમંડળનું સભ્યપદ તો શું, પરંતુ જો કોઈ અખાડેદાર કે કામદાર પણ 'Union Minded' જોવા મળે તો, તેને બીજા વેપારી કામ આપવાની હિંમત કરી શકતા નથી. એટલે મંડળનો વિચાર સુદ્ધાં કરવામાં આવતો નથી. કહેવાતો જબરો અને બોલકો પુરુષવર્ગ પોતે જ મંડળથી દૂર રહેતો હોય તો, સ્ત્રીઓનું તો કોઈ ગજું જ નથી.

(૪) કામનું ફરજિયાતપણું એ કોઈ આજની દેન નથી. પરંપરાગત રૂપે ચાલી આવેલી એક રૂઢિમાત્ર છે. બહેનોએ માની જ લીધેલું છે કે પોતાને કામ કરવાનું જ છે.

જોકે આ બાબતથી એમ પણ માની લેવાની જરૂર નથી કે બહેનો કામના ફરજિયાતપણાથી ત્રસ્ત છે, એક રીતે તો કામ એમને થોડું પણ ઘરબહાર લઈ જાય છે. પોતાની કૌટુંબિક જંજાળમાંથી અન્ય બહેનો સાથે ભળીને કામ કરતાં કેટલીક વખત હળવાશનો અનુભવ કરતી પણ જોવા મળે છે. એની ત્રસ્તતા કામના ફરજિયાતપણામાં નહિ, પરંતુ એના પર લદાયેલા બેવડા બોજમાં છે. બેવડો બોજ વહન કરતાં ખર્ચાતું એનું વ્યક્તિત્વ આકોશ રૂપે બહાર આવે જ. પોતાની મુશ્કેલીઓથી પણ એ વાકેફ છે, પોતાના સ્થાનથી પણ સભાન છે, પરંતુ સામાજિક બંધન અવરોધે છે. આ અવરોધો દૂર કરી સ્ત્રીઓને બહાર

અર્થાત્

પણ લાવી શકાય છે, જો એમનામાં જાગૃતિ લાવવામાં આવે તો. જાગૃતિ માટે પહેલું તો મને શિક્ષણનો અભાવ જવાબદાર લાગે છે. પરંતુ વધુ ઊંડાણથી જોયું તો શિક્ષિત સ્ત્રીઓની હાલત પણ કંઈ ખુશ થવા જેવી નથી. શિક્ષિત સ્ત્રીઓ પણ સામાજિક બદી, સ્ત્રીઓના પ્રશ્નો, સ્ત્રીશોષણ વગેરે અંગે જાગૃત થવામાં નિષ્ફળ ગઈ છે. સંપર્કમાં આવેલ શિક્ષિત સ્ત્રીઓ પણ જુદું વિચારતી દેખાઈ નથી. શિક્ષણથી પુસ્તક-જ્ઞાન અને ડીગ્રી મળ્યાં, વિચારોની મૌલિકતા કે જાગરુકતા નહિ.

(૫) યંત્રનું આગમન, યંત્રની હાજરી માણસને આધુનિક અને બોલકો બનાવે છે એવું ગણિત પ્રચલિત છે. અહીં યંત્ર છે, યંત્ર સાથે ખર્ચાતો મોટા-ભાગનો સમય છે, વિકાસ પામતું શહેર છે, અદ્યતન સુવિધાઓ છે, છતાં પોતાની ઘરેડમાં જીવવું એ ઉપરોક્ત બધી જ બાબતોનો છેદ ઉડાડે છે. અહીં યાંત્રીકરણ છે, આધુનિકીકરણ છે, છતાં પોતાની જ ચાલી આવેલી પરંપરામાં ચાલવું એ ખાસિયત બની ગઈ છે. હદ તો ત્યાં થાય છે કે, ૨૫થી ૩૦ વર્ષની વય ધરાવનાર યુવાન બહેનોએ સુરતની અડખે-પડખે આવેલ ઉધના-ઉત્રાણ પણ નથી જોયાં. ડાકોર અને અંબાજીની મુલાકાત જ જેને જીવનમાં ધન્યતા આપે છે, તેમની પાસે બીજી દુનિયાના સંપર્કની શી આશા રાખી શકાય? જોકે એમાં એમનો દોષ પણ શું હોઈ શકે? સાસરું, પિયર, મોસાળું, ભાઈ-બહેનના રહેઠાણ પણ જો ગોલવાડમાં જ હોય તો, એને બહાર જવાની શું જરૂરત ઊભી થાય?

(૬) આર્થિક પગભરતા સ્ત્રીને સમાનતા અને સ્વાતંત્ર્ય આપે છે એ સિદ્ધાંતનો પણ અહીં છેદ ઊડે છે. કુટુંબમાં ખભેખભા મિલાવી કામ કરનાર આ સ્ત્રીઓ સમાનતા અને સ્વાતંત્ર્યનો ભોગવટો તો શું, પરંતુ એ અંગે સભાન પણ નથી.

અંતે કહેવું હોય તો, એક જ જ્ઞાતિ, એક જ ધંધો, અને સ્ત્રીઓની બહુમતી ભોગવતો સુરતનો જરીઉદ્યોગ ફક્ત રાણા જ્ઞાતિના હાથમાં જ નહિ, બલ્કે આ જ્ઞાતિની સ્ત્રીઓના હાથમાં હવે પછી પણ વર્ષો સુધી રહેશે એમાં શંકા નથી.

(પ્રોત્સાહન, માર્ગદર્શન અને સહકાર માટે ડો. એસ. પી. પુનાલેકરની અત્યંત આભારી છું.)

સંદર્ભ નોંધ

૧ આ અભ્યાસ ડો. એસ. પી પુનાલેકર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. તેમણે લખેલ હેવાલમાં આ ઉદ્યોગના કામદારો અંગે વધુ વિગતો આપવામાં આવી છે.

૨ ગેઝેટીયર ઓફ બોમ્બે પ્રેસીડન્સી, 'ગુજરાતી હિન્દુઝ', મુંબઈ ૧૮૮૪.

ગ્રંથાવલોકન

ગ્રામ અર્થતંત્ર : દિશાશૂન્ય આંકડાઓની ભ્રમજાળ*

સ્મિતા શાહ

ઔદ્યોગીકરણ-આધુનિકીકરણ-શહેરીકરણ-વૃદ્ધિનું 'મોડેલ' બહુજન સમાજને ખાસ લાભદાયી થયું નહિ એટલે આપણને ગ્રામીણ વિકાસનું મહત્ત્વ સમજાયું. અને તે દિશામાં નવેસરથી પ્રયત્નો શરૂ થયા. ગ્રામીણ વિકાસ માટે રાજ્ય દ્વારા સાપેક્ષ અને નિરપેક્ષ રીતે ઉતરોત્તર વધુ ને વધુ ભંડોળ ફાળવવામાં આવી રહ્યું છે અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મુકાઈ છે. આ સંદર્ભમાં ગ્રામીણ અર્થતંત્રનું માળખું, વિકાસલક્ષી યોજનાઓ, વિકાસની દિશા અને અસરો કેવી છે વગેરે અંગેની સમજ ગ્રામ અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે અત્યંત જરૂરી છે.

પ્રસ્તુત પુસ્તક 'ભારતીય ગ્રામ અર્થતંત્ર: વિકાસના પરિપ્રેક્ષ્યમાં' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્યે પ્રકાશિત કર્યું છે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ઉચ્ચ કેળવણીના ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રાદેશિક ભાષામાં વિવિધ વિષયનાં પુસ્તકો અને સંદર્ભગ્રંથો મળી રહે તે હેતુથી વિવિધ વિષયના નિષ્ણાતોને પુસ્તકલેખન માટે આમંત્રે છે. પ્રસ્તુત પુસ્તકના લેખક ડો. દિલીપ શાહ ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપનનું કાર્ય કરે છે. આ પુસ્તક અનુસ્નાતક વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અન્ય જિજ્ઞાસુઓને સ-રસ વાચન સામગ્રી પૂરી પાડશે તેવી લેખક અને પ્રકાશકની અપેક્ષા છે.

પુસ્તકમાં ગ્રામ અર્થતંત્રના તમામ મહત્ત્વનાં પાસાં જેવાં કે અર્થતંત્રનું માળખું, ગરીબી, બેકારી, ક્ષેત્ર, બચત, મૂડીરોકાણ, ગ્રામ મજૂર અને ગ્રામ વેતન, વિકાસલક્ષી કાર્યક્રમો વગેરેને આવરી લેવામાં આવ્યાં છે. આમ છતાં પુસ્તક તેની અનેક મર્યાદાઓને લીધે વાચકને નિરાશ કરે છે.

ગ્રામ અર્થતંત્રને વિકાસના પરિપ્રેક્ષ્યમાં તપાસવાનો પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ છે તો વિદ્યાર્થી વાચક એવી અપેક્ષા રાખે કે લેખક વિકાસની વિભાવના સમજાવે. વિકાસ એટલે શું? વિકાસ અને વૃદ્ધિ વચ્ચે શો તફાવત? વિકાસની સમાજના જુદા જુદા સ્તરો પર શું અસરો થાય છે? આ માટે વિકાસની તરાહ અને ધ્યેયો કેટલે અંશે જવાબદાર છે? વિકાસની કિંમત કોણ ચૂકવે છે? લેખક આ મહત્ત્વના સવાલોની ઉપેક્ષા કરે છે. વળી આપણા અર્થતંત્રમાં ગ્રામ અર્થતંત્ર શહેરના અર્થતંત્રથી કેટલું અલિપ્ત છે? અથવા ગ્રામ અને શહેરી અર્થતંત્ર એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલાં અને એકબીજા પર આધારિત છે? આ મહત્ત્વના સૈદ્ધાંતિક (થિયોરેટીકલ) સવાલોની ડો. શાહ તલસ્પર્શી ચર્ચા કરતા નથી.

.....

* ભારતીય ગ્રામ અર્થતંત્ર : વિકાસના પરિપ્રેક્ષ્યમાં. દિલીપ આર. શાહ. (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,૧૯૮૮.)

આપણા શહેરી અને ગ્રામ સમાજની એક મહત્ત્વની સમસ્યા તે ગરીબી અને બેકારી છે. જુદી જુદી ગણત્રીઓ દ્વારા એવું કહી શકાય કે ગરીબોનું પ્રમાણ ઘટયું છે.–પાંચેક ટકા જેટલું. વિકાસની આ તરાહ ચાલુ રહે તો ગરીબી–બેકારીનો સવાલ આપણે કયારે ઉકેલી શકીશું તે કલ્પનાનો જ વિષય રહે. અર્થશાસ્ત્રીઓ માટે સવાલ એ ઊભો થાય છે કે ગરીબી–બેકારીના પ્રશ્ન માટે કયાં પરિબળો જવાબદાર છે. ડો. શાહ વસ્તી વધારાને ગરીબી ચાલુ રહેવા માટે જવાબદાર ગણે છે. વસ્તી વધવાનું કારણ 'લોકોમાં શિક્ષણ નથી' તે છે. લેખકના મતે ધાર્મિક અને સામાજિક પછાતપણું વસ્તી વધારા માટે મહત્ત્વનાં કારણોમાંનું એક છે. લેખક કુટુંબનિયોજનના કાર્યક્રમના પ્રશંસક છે, અને કટોકટીકાળ દરમ્યાન કુટુંબનિયોજનના ઓપરેશનો લક્ષ્યાંક કરતાં પણ વધી ગયાં તેને એક સિદ્ધિ ગણે છે અને ખૂબ ગૌરવપૂર્વક કાર્ય થયું હોય તેમ વધાવે છે. (પૃ. ૬૮) વિચારવાનો મુદ્દો એ છે કે શું આજની વિકાસની તરાહ જેવી છે તેવી ચાલુ રહે તો વસ્તી વધારો રોકી શકાય ખરો? કટોકટી વખતે જે બળજબરી થઈ હતી તેવી થાય તો કદાચ એ શકય બને. પણ આવી બળજબરી કયાં સુધી ચાલે? માઈકલ લીપ્ટનનાં પુસ્તકો લેખકે વારંવાર ટાકયાં છે, જો ડો. શાહે લીપ્ટનનાં પુસ્તકો કાળજીપૂર્વક વાંચ્યાં હોત અને સમજ્યાં હોત તો તે આ પ્રકારનું અત્યંત સરળ પૃથક્કરણ કરતે નહિ. માની લઈએ કે શિક્ષણથી લોકો કુટુંબ નિયોજન કરે, તો સવાલ એ ઊભો થાય છે કે આ વિકાસની પ્રક્રિયામાં શું બધાને શિક્ષણ મળી શકે છે? અભ્યાસો દર્શાવે છે કે ગરીબો પોતે શિક્ષણ નથી લઈ શકતા કે નથી પોતાનાં બાળકોને અપાવી શકતા. જો વસ્તી જ ગરીબીનું કારણ હોય તો યુરોપના ઘણા દેશોની વસ્તીગીચતા ભારતની વસ્તીગીચતા કરતાં વિશેષ છે અને છતાં તે દેશો સમૃદ્ધ છે, તેને કેવી રીતે સમજાવીશું? આફ્રિકાના દેશોમાં વસ્તીનું પ્રમાણ ઘણું ઘણું ઓછું છે પણ તેઓ ગરીબ છે. આફ્રિકા જવ, બીન્સ, મગફળી, શાકભાજી, કોફી અને કોકો જેવા પાકોની તેમ જ પશુઓની નિકાસ કરે છે છતાં ત્યાંનાં બાળકોને પોષણક્ષમ આહાર મળતો નથી. મેકસીકો અમેરિકાને ભરપૂર શાકભાજી પૂરાં પાડે છે અને એનાં પોતાનાં બાળકો ભૂખ્યાં રહે છે, આવું શા માટે? આપણે મધ્યમવર્ગીઓ માનીએ છીએ તે પ્રમાણે ગરીબ કુટુંબ માટે બાળક બોજારૂપ નથી, પણ બાળકના બે હાથ કુટુંબને સહાય કરે છે, વળી ગરીબાઈને કારણે મૃત્યુદર ઊંચો હોય એટલે સલામતી માટે વધુ બાળકો વીમાની ગરજ સારે છે. એક અભ્યાસને ટાંકતા લેખક પોતે જ કહે છે કે 'જેનું માસિક ખર્ચ રૂ. ૧૦ હતું ત્યારે એક યુગલને ૩.૪ બાળકો હતાં જ્યારે માસિક ખર્ચ રૂ. ૩૦ હતું તેવા યુગલોને ત્યાં ૨.૭૦ બાળકો હતાં.' આ પૃથક્કરણ સ્પષ્ટ કરે છે કે માસિક ખર્ચ કરવાની ક્ષમતા વધે એટલે બાળકો ઓછાં થાય. એટલે કે વિકાસ દ્વારા ગરીબી ઓછી થાય તો વસ્તી પર નિયંત્રણ આવે. એટલે જ ઘણા અર્થશાસ્ત્રીઓ કહે છે કે 'વિકાસ એ કુટુંબ નિયોજનનું સૌથી સારું કોંટ્રાસેપ્ટીવ–ગર્ભનિરોધક છે.' અલબત્ત અહીં વિકાસ એટલે ફક્ત વૃદ્ધિ નહિ પણ વૃદ્ધિનો સહુને લાભ.

આ જ રીતે લેખકે વસ્તીને બેકારી માટે કારણભૂત ગણાવી છે. તેમણે વિકાસ અને રોજગારીના દ્વંદ્વાત્મક સંબંધનો ખ્યાલ આપ્યો નથી. વિકાસની પ્રક્રિયા રોજગારી-સર્જક કે રોજગારી-નાશક એમ બેઉ પ્રકારની હોઈ શકે અને તે માટે આવકની વહેંચણી, માંગ અને મૂડી રોકાણની તરાહ જાણવાં જરૂરી છે.

રોબર્ટ શો અને બીજા અર્થશાસ્ત્રીઓના અભ્યાસો બતાવે છે કે જાપાન અને તાઈવાન કે જ્યાં ખેતી આપણા કરતાં વધુ સફળ થઈ છે, ત્યાં દર એકરે ભારત કરતાં બમણા મજૂરો કામ કરે છે. ૧૯૭૫નો વિશ્વબેંકનો હેવાલ જણાવે છે કે જો ભારત જાપાનની માફક શ્રમપ્રચુર ખેતીની પદ્ધતિ અપનાવે તો ૧૯૮૫માં ભારતના બધા જ શ્રમિકોને પૂર્ણ રોજગારી આપી શકાય. ૧૯૮૫નું વર્ષ ગયું અને આપણે ત્યાંના ત્યાં

જ છીએ–ગરીબો ઉપર દોષારોપણ કરતાં! બેકારી માટે વસ્તી જવાબદાર નથી, જવાબદાર છે આપણી વિકાસની તરાહ, દિલીપભાઈ.

લેખક નૂતન કૃષિ વિકાસ વ્યૂહને સફળ અને સંતોષજનક લેખાવતાં જણાવે છે કે હાલમાં અનાજ ઉત્પાદનનો વૃદ્ધિદર વસ્તીવૃદ્ધિદર કરતાં વધુ છે. અને એટલે જ જરૂરિયાતોના સંદર્ભમાં પૂરતો છે. આને કારણે આપણે અછતને બદલે છત અને આયાતને બદલે સીમાંત નિકાસ તથા અનાજ સંગ્રહ–બફર સ્ટોકની સ્થિતિમાં પ્રવેશ પામ્યા છીએ (પૃ. ૨૧). લેખકની આ વાત ગળે ઊતરે તેમ નથી, કારણકે અનાજ ઉત્પાદનનો વૃદ્ધિદર, વસ્તીવૃદ્ધિદર કરતાં વધુ હોવા માત્રથી જ તે જરૂરિયાતના સંદર્ભમાં પૂરતો છે તેમ કહી શકાય નહિ. અન્નભંડોળ જરૂરિયાત પૂરતું છે કે વિશેષ છે તે નક્કી કરવા માટે અન્ન અને વસ્તીવૃદ્ધિના દર ઉપરાંત કુલ વસ્તી અને કુલ અનાજનું પ્રમાણ જાણવું પણ જરૂરી બને છે. ભારતની અડધોઅડધ વસ્તી જ્યારે અર્ધભૂખમરામાં જીવતી હોય અને આ હકીકતથી અર્થશાસ્ત્રની અભ્યાસી ન હોય તેવી વ્યક્તિ પણ વાકેફ હોય ત્યારે લેખક પોતે 'માંગ' અને 'જરૂરત' શબ્દો વચ્ચેનો તફાવત સમજે તે જરૂરી છે. અને જો સમજ્યા હોય તો તેમણે 'વિકાસના પરિપ્રેક્ષ્યમાં' એ સ્પષ્ટતા કરવી શા માટે જરૂરી નથી સમજી કે ભારતમાં અનાજ માટેની 'માંગ' અને 'જરૂરિયાત' વચ્ચે ઘણો મોટો તફાવત છે? આ જ મુદ્દાને બીજી રીતે જોઈએ તો, ધારો કે–એક હાઈપોથેટીકલ કેસ તરીકે–ભારતની સમસ્ત જનતાને ન્યૂનતમ જરૂરતનું અનાજ તે ખરીદી શકે તેટલી ખરીદશક્તિ કોઈક રીતે પૂરી પાડવામાં આવે તો શું ભારત બફરસ્ટોક ધરાવી શકશે? અનાજની નિકાસ કરી શકશે? અને યંત્રો અને ટેકનોલોજીની આયાત કરી શકશે?

લેખકે ભાવો અને કૃષિ તેમ જ ગ્રામીણ વિકાસના આંતર સંબંધો વિષે વિગતે ચર્ચા કરી છે પરંતુ ભાવ ઉપરાંત અન્ય પરિબળો જેવાં કે કોટા, સબસીડી, કરવેરા અને ધિરાણની નીતિઓ વગેરેની કૃષિ ઉત્પાદનના ખર્ચ, તરાહ, જથ્થા, અને આવક પર જે અસર થાય છે તે પર કોઈ પ્રકાશ પાડવામાં આવ્યો નથી.

પ્રથમ પ્રકરણના સમાપનમાં લેખક નોંધે છે કે, 'છેલ્લા સાડા ત્રણ દાયકામાં અનુભવે એમ જણાય છે કે ગ્રામીણ અર્થતંત્રનો વિકાસ શક્ય છે ને કંઈક અંશે વિકાસ થયો પણ છે. પરંતુ તેની ગતિ તેજ બનાવી શકાતી નથી. પરિણામે દારિદ્ર, બેકારી, બાળમરણનું વધુ પડતું પ્રમાણ, અપૂરતું પોષણ અને શિક્ષણની કમી જેવા પ્રશ્નોનો ઉકેલ લાવી શકાતો નથી. (પૃ. ૧૧) આમ લેખકના મતે આ તમામ પ્રશ્નોનો હલ વિકાસની તેજી–ઝડપમાં રહેલો છે. શું ઉપરના તમામ પ્રશ્નો ઝડપી વિકાસને કારણે ઉકલી જાય તેટલા સરળ છે?

લેખકે ગ્રામ જીવન અને કૃષિ અર્થતંત્રનાં મુખ્ય અંગોને વિકાસની ગતિ અને માળખાકીય પરિવર્તનો સાથે સાંકળવાની વાત કરી છે. (પૃ. ૧૨–૫૬). પરંતુ માળખાની ચર્ચા જમીનના ઉપયોગની તરાહ એટલે કે જંગલો હેઠળની જમીન, ઉજ્જડ જમીન, વાવેતર હેઠળની જમીન, પાકની પ્રચુરતા, વર્ષમાં વાવેતરનું પ્રમાણ, જુદી જુદી સિંચાઈ પદ્ધતિઓ, ખેતીનાં સાધનો અને યંત્રો, ઊર્જાશક્તિના સ્રોતો, રાજ્યવાર નૂતન કૃષિ પ્રથાનું પ્રસારણ, જમીન વગેરે મુદ્દા પૂરતી જ મર્યાદિત છે. આ ચર્ચા આટોપતાં લેખક જણાવે છે કે, 'આથી હવે આ માળખાકીય પરિવર્તનની ચર્ચા અહીંયાં પૂર્ણ કરીએ છીએ.' (પૃ. ૫૬). જાણે કે માળખાને અને ગ્રામીણ અર્થતંત્રના હવે પછી ચર્ચવામાં આવનાર પાસાં કે સમસ્યાઓને કોઈ સંબંધ જ ન હોય! કૃષિ અર્થતંત્રના માળખાની ચર્ચામાં જમીન માલિકીનું સ્વરૂપ કેવું છે? ખેતી ખરેખર કોણ કરે છે? શ્રમ અને ઉત્પાદનનાં અન્ય સાધનો વચ્ચે શો સંબંધ છે? ખેતીમાં મૂડીરોકાણ અને અન્ય સંબંધિત જોખમોની જવાબદારી કોણ લે છે? ઉત્પાદન નફાલક્ષી છે કે જરૂરતલક્ષી? વપરાશલક્ષી છે કે

બજારલક્ષી? મૂડીવાદી પદ્ધતિ અને અર્ધસામંતશાહી પદ્ધતિની ખેતી એટલે શું? આ અને આવા અનેક મહત્ત્વના મુદ્દાઓને કોઈ સ્થાન નથી.

લેખક જમીન સુધારણાની વાત કરે છે પરંતુ તેમને આર્થિક-સામાજિક અને રાજકીય વ્યવસ્થાના સંદર્ભમાં મૂલવવામાં નિષ્ફળ જાય છે. તેમણે બેવડી ટેકનોલોજી અને બેવડા માળખા માટેનાં કારણોમાં જવાનું જરૂરી માન્યું નથી. આમ માળખાની સમગ્ર ચર્ચા દરમિયાન 'માળખું' એટલે શું તેની સમજની સતત ગેરહાજરી વરતાય છે.

લેખકે વિવિધ મુદ્દાઓ અને પાસાંઓની સમજૂતી માટે તર્ક કરતાં આંકડાઓ ઉપર સવિશેષ ભાર મૂક્યો છે. તર્ક અને વિચારધારાની પુષ્ટિ માટે આંકડાના મહત્ત્વ વિષે કોઈ બે મત ન હોઈ શકે. પરંતુ આ પ્રકારના પાઠ્યપુસ્તકમાં આંકડાને તર્ક અને સમજૂતીનું સ્થાન તો નજ આપી શકાય. ૨૪૮ પૃષ્ઠના આ પુસ્તકમાં લગભગ ૯૩ કોઠાઓ છે. આટલું પૂરતું ન હોય તેમ બારેક જેટલા કોઠામાં કંઈ ને કંઈ ભૂલ અથવા અસ્પષ્ટતા જોવા મળે છે. ઘણા કોઠા બિન-જરૂરી છે અને કેટલાક કોઠાની સમજૂતી આપવાની જ ભુલાઈ ગઈ છે. સ્થળ સંકોચને કારણે દરેક કોઠાની વિગત આપવી શક્ય નથી પણ કેટલાંક ઉદાહરણો પૂરતાં છે. જેમકે કોઠા નં. ૭.૬માં ગ્રામ્ય કુટુંબો કરતાં કુલ બચત કરનાર ગ્રામ્ય કુટુંબો વધી જાય છે. કોઠા ૮.૩માં બે તદ્દન જુદાં પરિબળો-રૂપિયા (આવક) અને વિવિધ વ્યવસાય જૂથો લેવામાં આવ્યાં છે જે નીચે પ્રમાણે છે :

જુદા જુદા સ્થાવર મિલ્કત વર્ગોના દેવામાં જૂથના સંસ્થાકીય ધિરાણનો ફાળો

સર્વગ્રામ કુટુંબો	૨૯.૨ ટકા
રૂ. ૦-૫૦૦	૬.૨
રૂ. ૫૦૦૦-૧૦૦૦	૬.૩
રૂ. ૧૦૦૦-૨૫૦૦	૧૦.૪
રૂ. ૨૫૦૦-૫૦૦૦	૧૪.૫
કૃષિ મજૂર	૪.૫
ગ્રામ્ય કારીગરો	૪.૮
બીજા બિનખેડૂત કુટુંબો	૧૬.૮
ખેડૂતો	૩૧.૭

એટલું જ નહિ ટકાનો સરવાળો ફક્ત ૯૫.૨ ટકા બતાવે છે, ૫૦૧-૯૯૯નું જૂથ લેવામાં આવ્યું જ નથી. અને કોઠાનો સ્રોત પણ જણાવવામાં આવ્યો નથી. ઘણા કોઠાની સમજૂતી મારીમચડીને મનસ્વીપણે કરવામાં આવી છે. દા. ત. કોઠા નં. ૨.૧, ૨.૪, ૪.૧, ૭.૨ વગેરે. કોઠા નં. ૨.૯ અને ૩.૭ એક જ હોવા છતાં બે વખત મુકાયા છે. વિદ્યાર્થીઓને સતત ટપારતા રહેતા શિક્ષકો જ્યારે જે હાથ લાગે તે કોઠા જરૂરી છે કે નહિ, વિષયને અનુરૂપ છે કે નહિ તેની દરકાર કર્યા વિના મૂકી દે તો કોને કહેવું અને શું કરવું?

આટલું પૂરતું ન હોય તેમ ઘણે ઠેકાણે કઢંગાં વાક્યો, વિરોધાભાસી અને ખોટી સમજ આપતાં વિધાનો તો હદ કરે છે. દા. ત. 'ગ્રામીણ ગરીબાઈ, બેકારી અને અસમાનતાના મુખ્ય ધ્યેય કેટલે અંશે સિદ્ધ થયાં છે...' (પૃ. ૬). 'વસ્તીની ઓછી ઘનતાને કારણે ગ્રામીણ લોકો વાહનવ્યવહાર, જાહેર સુખાકારી વગેરે બાબતોમાં પ્રમાણમાં વધુ સગવડ અને સુગમતા અનુભવે છે.' (પૃ. ૪) આ વિધાન પછી નીચેના જ મુદ્દામાં લેખક પોતે જણાવે છે કે, 'ગ્રામ વિસ્તારમાં શહેરી વિસ્તારના પ્રમાણમાં વાહનવ્યવહારની સગવડો, પાણી, વીજળી વગેરે અધઃસંરચનાની સગવડોનું પ્રમાણ ઓછું હોય છે.' (પૃ. ૪) 'એ એક બીજો પ્રશ્ન છે કે અપૂરતી ખરીદશક્તિને કારણે ઊંચી કિંમતનું અનાજ ગરીબવર્ગ ખરીદી શકતો નથી, તેથી માથાદીઠ પ્રાપ્તિ સાથે માથાદીઠ વપરાશનો મેળ ખાતો નથી. ઉત્પાદન વૃદ્ધિ દર ઊંચો ન હોય અને એના આવક વૃદ્ધિ દ્વારા મળતા લાભો સાર્વત્રિક હોય તે સ્વાભાવિક છે કે વધુ ઉત્પાદન અને દરિદ્રની વિસંગતતા થતી. (પૃ. ૨૩) '૧૯૫૬માં ખેડે તેની જમીનનો કાયદો કરીને ગણોતિયા પદ્ધતિ

નાબૂદ કરી.' (પૃ.૫૨) હકીકતમાં ગણોતપ્રથા કેટલાક વિસ્તારોને બાદ કરતાં આજે પણ માન્યતા ધરાવે છે. અલબત્ત ગણોતિયાઓને ગણોતધારા હેઠળ વિશાળ હક્કો પ્રાપ્ત થયા છે. 'કૃષિ મૂડીરોકાણની તરાહને બજાર ભાવે મૂલવ્યા પછી જો તે સ્થગિત ભાવે ખરેખરી મૂડીરોકાણના સર્જનની તરાહનો અભ્યાસ કરીએ તો જોઈ શકાય છે જે બજાર ભાવે જે તરાહ હતી તે જે નિરીક્ષણ કર્યા હતા તે જ સ્થિતિ બજાર ભાવે મૂડીરોકાણની તરાહની છે.' (પૃ. ૧૨૩), 'આમ સમગ્રપણે જોતા ઉત્પાદનના માળખામાં ને તેના મિશ્રમાં ન બદલી શકાય તેવાં ટકાઉ પરિવર્તનો થયાં છે.' (પૃ.૪૬), 'દેશના રાજ્યો અને દેશના ખેડુત વર્ગો બંનેમાં સિંચાઈ વિગેરેની વહેંચણીમાં ભારે સમાનતા પ્રવર્તે છે.' (પૃ.૪૬), 'કુટુંબના શ્રમથી જ આ વર્ગ અલ્પ સંખ્યા સાધનોને રૂઢિગત પદ્ધતિથી નહિવત્ મૂડીથી ઉત્પાદન કરે છે જે ઉત્પાદન એમના વપરાશના પ્રમાણમાં અથવા ક્યારેક ઓછું પણ હોય છે. તેથી બજારમાં વેચી શકાય તેવો વધારાનો માલ બજારમાં વેચવાલાયક જથ્થામાં નથી થતું.' (પૃ.૫૦). 'આપણી ખેતીવાડી મહદ અંશે અવકાશ દ્વારા વરસાદી પાણી પર આધારીત છે. પણ આ વરસાદ ખૂબ જ વિચિત્રતા ધરાવે છે.' (પૃ.૪૧). લેખક 'સ્થગિત'ને 'સ્થિર'ના પર્યાય તરીકે, 'ટકાઉ'ને 'લાંબાગાળા'ના પર્યાય તરીકે અને, નોકરિયાત વર્ગને 'સવેતન મજૂરી કરનાર'ના પર્યાય તરીકે જુએ છે અને કુદરતી પરિબળોને સજીવારોપણ અલંકારથી સજાવે છે.

લેખકે પુસ્તકમાં 'Opcit' અને 'Ibid' વચ્ચેનો તફાવત સમજ્યા વિના સંદર્ભ નોંધો તૈયાર કરી છે. તેમ જ ગુજરાતી પુસ્તકમાં અંગ્રેજી અવતરણોનો મોટા પાયા પર ઉપયોગ કર્યો છે.

અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને જિજ્ઞાસુઓ માટે ખૂબ 'જહેમતથી' લખાયેલ આ પુસ્તક વાચકને પ્રમુખ વિચારસરણીઓથી પરિચિત કરતું નથી. આ ઉપરાંત વિષયની યોગ્ય છણાવટ, મુદ્દાઓની સુસંકલિત ઢબે રજૂઆત કરવામાં અને સુસંગત સમાપન કરવામાં પુસ્તક નિષ્ફળ જાય છે.

આમ આપણને જણાય છે કે 'વિકાસનું પરિપ્રેક્ષ્ય' કેવળ શીર્ષક પૂરતું જ સીમિત રહે છે. હકીકતમાં વાચકને અપાય છે અતિસરળ ચીલાચાલુ અને નિસ્તેજ વિશ્લેષણ.

❁ ❁ ❁

ટિળક વિશે પરિચયાત્મક પુસ્તક*

સરમણ પી. ઝાલા

રાજ્યશાસ્ત્ર વિષયમાં ભારતીય રાજકીય ચિંતકો અંગેનું સાહિત્ય ગુજરાતી ભાષામાં અલ્પ માત્રામાં ઉપલબ્ધ છે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડે આધુનિક ચિંતકો (મોડર્ન થિન્કર્સ)ની ગ્રંથશ્રેણી તૈયાર કરવાનું આયોજન કર્યું છે તે એક સ્તુત્ય પગલું છે.

પ્રા. હસમુખ પંડ્યા લિખિત લોકમાન્ય ટિળક લઘુગ્રંથ જુદાંજુદાં અગિયાર પેટાં શીર્ષકો (સબટાઈટલ્સ) માં વિભાજિત થયેલ છે. લોકમાન્ય ટિળક વિશે ગુજરાતીમાં આ પ્રથમ પુસ્તક છે. એ દૃષ્ટિએ પ્રા. હસમુખ પંડ્યાની આ લઘુ પુસ્તિકા એક આવકારદાયક ઉમેરણ છે. પ્રા. પંડ્યા રાજ્યશાસ્ત્રના પુસ્તકોના સિદ્ધહસ્ત લેખક છે.

પ્રસ્તુત પુસ્તકમાં ટિળકના રાજકીય અને સામાજિક ચિંતનનો ટૂંકાણમાં પરિચય કરાવ્યો છે. લોકમાન્ય ટિળકે જ ભારતમાં લોકચળવળ અને પ્રજાકીય આંદોલનનો પાયો નાંખ્યો હતો. તેઓ જનઆંદોલનના જનક અને અગ્રગામી હતા. લેખક યોગ્ય જ કહે છે કે 'ટિળકે રાષ્ટ્રીય ચળવળ લોકાભિમુખ બનાવી. તેનું ભારતીયકરણ કર્યું.' (પાન-૧૭) ટિળકે ગાંધીજી માટે લોકલડતની પીઠિકા બાંધી આપી હતી. ટિળકે ભારતીય પ્રજામાં ખમીર અને ખુમારી પ્રગટાવવાના જબરદસ્ત પ્રયત્ન કર્યા હતા. આ લઘુ પુસ્તિકા હોઈ, ટિળકના બધા જ વિચારો વિગતે સમાવી ન શકાય તે સમજી શકાય. પરંતુ લખાણના મુખ્ય પ્રવાહમાં જ સમીક્ષાત્મક મૂલ્યાંકન વણી લેવાયું હોત તો પુસ્તક સમતોલ બની શક્યું હોત.

આ પુસ્તકમાં પાઠ્ય પુસ્તકલક્ષી ઝોક વિશેષ રહ્યો છે. સરળ ભાષામાં મૂકવા જતાં લેખકે કેટલીક જગ્યાએ રાજ્યશાસ્ત્રની પરિભાષાનું અતિસરલીકરણ કરી નાખ્યું છે. જેમકે 'ધાર્મિક ફિલસૂફીમાં જેને આત્મા કહેવામાં આવે છે તે રાજ્યશાસ્ત્રમાં સ્વતંત્રતા તરીકે ઓળખાય છે.' (પાન-૪૩) પારિભાષિક શબ્દોને આ રીતે આધ્યાત્મિક શબ્દોની સાથે ભેળસેળ કરીને મચડવાથી તેનું પોત ઘવાય છે અને હાર્દતત્ત્વ પકડાતું નથી. તદુપરાંત શબ્દો અમુક પરિવેશમાં વિશિષ્ટ અર્થ અને વ્યંજના લઈને આવે છે. આત્મા અને સ્વતંત્રતાને એક ચોકઠામાં બેસાડવાથી સ્વતંત્રતાનું સત્ત્વ હણાય છે અને મૂલ્ય રહેતું નથી. દરેક સમાજવિદ્યાઓ (સોશ્યલ સાયન્સીસ)માં તેની પરિભાષાઓનો ચોક્કસ અર્થ અને સ્થાન હોય છે. એ થકી તે ભારઝલ્લુ બને છે. આમ પણ શરૂઆતના આપણા રાજકીય ચિંતકો અને નેતાઓ ગોખલે, ટિળક, ગાંધીજી વગેરે રાજકારણ અને આધ્યાત્મવાદને એક પરિપાટી પર મૂકીને ભારતવાસીઓને ધર્મથી ઉપર ઊઠી આધ્યાત્મિક ગુલામીમાંથી મુક્ત કરાવી અન્યાયની સામે બાથ ભીડવા લેનિનની માફક લડાયક ક્રાંતિકારી નેતૃત્વ અને કાર્યક્રમ આપવામાં ઊણા ઉતર્યા હતા. તેથી જ એમ. એન. રોય જેવા મૂળગામી ચિંતકે હિંદુધર્મના ભવ્ય ઐતિહાસિક વારસાની વાતો વાગોળતા આ નેતાઓની વિચારસરણીને 'ગુલામોની વિચારધારા' કહીને વખોડી કાઢી હતી.

રાજ્યશાસ્ત્ર વિષયમાં વિવિધ સ્તરે ભારતીય રાજકીય ચિંતનો અભ્યાસક્રમમાં હોઈ વિદ્યાર્થીઓને અને સામાન્ય વાચક વર્ગને પણ લોકમાન્ય ટિળક વિશે આ લઘુ ગ્રંથ માતૃભાષામાં માહિતી અને જાણકારી માટે ઉપયોગી ભાથું પૂરું પાડશે.

.....

* લોકમાન્ય ટિળક. લે. હસમુખ પંડ્યા. (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ, ૧૯૮૭. પા. ૬૧. રૂ. ૯-૦૦)

સંક્ષિપ્ત પુસ્તક પરિચય

(૧) સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા

લેખક : કલ્પના શાહ
(યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૯, પાન : ૮૮, મૂલ્ય : રૂ. ૧૬)

કુલ સાત પ્રકરણોમાં વિભાજિત આ પુસ્તક સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં આવતાં પરિવર્તન સંદર્ભે છે. પ્રસ્તાવનામાં લેખિકા ભૂમિકા તથા દરજ્જાની વિભાવના અંગે સમજ આપી સ્ત્રીઓની ભૂમિકા અને દરજ્જા સંબંધિત સૈદ્ધાંતિક રૂપરેખા આપે છે. તે પછીનું પ્રકરણ ઐતિહાસિક અવલોકન રજૂ કરે છે. ત્યાર પછીનાં ચાર પ્રકરણો કાયદાકીય, આર્થિક, શૈક્ષણિક તથા રાજકીય પાસાંના સંદર્ભે સ્ત્રીનો દરજ્જો, ભૂમિકા, હક્કો જેવી બાબતો ચર્ચે છે. છેલ્લું પ્રકરણ ઉપસંહારનું છે.

(૨) નિખાલસ સંવાદ

લેખક : પુરુષોત્તમ ગણેશ માવળંકર
(સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૯. પાન : ૩૮, મૂલ્ય : રૂ. ૧૦)

ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત સામયિક 'નવનીત:સમર્પણ'માં પ્રકાશિત પ્રશ્નોત્તરી વિભાગના પી. જી. માવળંકરના જવાબોનું આ નાની પુસ્તિકામાં સંપાદન થયું છે. જાહેર જીવન તથા રાજકારણમાં સક્રિય તથા ઘનિષ્ઠ કારકિર્દી ધરાવતા લેખકે કોમી એકતા, હરિજન સમસ્યા, ગરીબી, તથા દેશ સમક્ષની અન્ય સમસ્યા જેવા સમાજવ્યાપી સંદર્ભ ધરાવતાથી માંડીને અંગત જીવનને સ્પર્શતા નવ સંવાલોના જવાબ આપ્યા છે.

(3) Moral And Social Thinking In Modern Gujarat

Author : C. N. Patel
(Gujarat Sahitya Akademi, Gandhinagar, 1988. Pages : 93, R. 15)

લેખકે ૧૯૮૪ માં બોરબે યુનિવર્સિટીની નિશ્રામાં આપેલ વ્યાખ્યાનોનો અહીં સંગ્રહ થયો છે. પાંચ પ્રકરણો પૈકીનું પ્રથમ ગુજરાતના સાહિત્ય-સંસ્કાર જગત પર પશ્ચિમની અસર સંદર્ભે છે. બીજા પ્રકરણમાં નવા પ્રવાહના બે વિરોધી પ્રતિભાવરૂપે દલપતરામ તથા નર્મદાશંકરની વાત આલેખાઈ છે. ત્રીજું પ્રકરણ મણિલાલ દ્વિવેદી, રમણલાલ નીલકંઠ તથા કાન્તે ઊભી કરેલ ચર્ચા સંબંધે છે. ચોથા પ્રકરણમાં ગોવર્ધનરામ, કલાપી તથા નાનાલાલ જેવા સાહિત્યકારોના અક્ષર-કાર્યની મૂલવણી થઈ છે. પુસ્તકનું અંતિમ પ્રકરણ ગાંધી, મુનશી, સુંદરમ તથા ઉમાશંકરના પ્રદાન અંગે છે.

❀ ❀ ❀

સંશોધન સમાચાર

પૂર્ણ થયેલ અભ્યાસો

૧ 'વ્યવસાય કરતી સ્ત્રીના પતિનો દાંપત્ય અને કુટુંબ જીવનના સંદર્ભમાં સામાજિક અભ્યાસ'

આ વિષય પર પેટલાદ આર્ટ્સ કૉલેજનાં વ્યાખ્યાતા પ્રો. બીના એ. શાહે, એમ. ફીલ. ની પદવી માટે સંશોધન નિબંધ તૈયાર કર્યો હતો. જેમાં વ્યવસાય કરતી સ્ત્રીનો પતિ તેના કૌટુંબિક અને લગ્નજીવન દરમ્યાન વિવિધ ક્ષેત્રે કઈ રીતે અનુકૂલન સાધે છે તેની મુખ્ય તપાસ કરવામાં આવી હતી. આ ક્ષેત્રોમાં પતિ-પત્નીના અન્યોન્ય કુટુંબ અને નજીકના સગાઓ સાથેના સંબંધો, ગૃહકાર્યમાં સાથ આપવાનું તેમ જ પત્નીના વ્યવસાયમાં ઊભી થતી મુશ્કેલીઓ તરફ પતિનું વલણ, પત્નીના વ્યવસાય અને આવક તરફ પતિનો અભિગમ વગેરેનો સમાવેશ થતો હતો. કુલ ૯૦ ઉત્તરદાતા પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

અભ્યાસના અંતે જણાયું છે કે પતિ નવી પરિસ્થિતિને અનુકૂળ થઈ રહ્યો છે. રસોઈ અને ગૃહકાર્ય જેવાં કામો પરંપરાગત ભારતીય સમાજમાં સ્ત્રીઓએ એકલા હાથે ઉપાડવા પડતાં હતાં તેમાં હવે પુરુષ ભાગીદાર થયો છે. પત્ની નોકરી કરતી હોય તો પતિએ મદદરૂપ થવું જોઈએ એવું પતિ સ્વીકારતો થયો છે. પતિ-પત્ની બંને નોકરી કરતાં હોવાને કારણે કેટલાક વિશિષ્ટ પ્રશ્નો ઊભા થયા છે જેમ કે શારીરિક થકાટ, 'જાતીય જીવન પર અસર, બાળકોની સારસંભાળ વગેરે. આના કારણે પતિ અને પત્ની વચ્ચે હળવા પ્રકારના ઝગડા પણ થતા હોવાનું જણાયું છે. નોંધપાત્ર બાબત એ કે જે પતિ પીછેહઠ કરી પૂર્વવત્ વાતાવરણ સર્જવા પ્રયત્નશીલ છે. આમ, પરંપરાગત પતિ તરીકેનું આધિપત્ય છોડી ઉદારમતવાદી દૃષ્ટિકોણનો પુરુષમાં સ્વીકાર થઈ રહ્યો છે. પરિણામે પાશ્ચાત્ય સમાજમાં લગ્ન અને કુટુંબજીવનની જે અસ્થિરતા સર્જાય છે તેવું ભારતમાં બનશે નહિ તેવો અણસાર મળે છે.

પ્રસ્તુત અભ્યાસ ખેડા જિલ્લાના પેટલાદ શહેરનો છે અને તેનું માર્ગદર્શન એસ. પી. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના વડા પ્રો. એ. એસ. પટેલે આપ્યું હતું.

૨ 'ગુજરાતના આદિવાસી અને બિન આદિવાસી વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ભાતનો તુલનાત્મક અભ્યાસ.'

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ પેટલાદના પ્રો. ઈન્દીરાબેન પટેલે, તેમની એમ. ફીલ.ની પદવી માટે, યુ. જી. સી. સહાયથી, ડો. જે. સી. પરીખના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત વિષય પરત્વે સંશોધન કર્યું હતું. આદિવાસી વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ બીજા કરતાં જુદું કેમ તરી આવે છે? વ્યક્તિત્વ લક્ષણોમાં જોવા મળતી અસમાનતા કોને આભારી છે? એવા મુખ્ય પ્રશ્નોની આસપાસ રહીને તપાસ કરવામાં આવી હતી. કુલ ૪૦૦ ઉત્તરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. આ ઉત્તરદાતાઓ સાબરકાંઠા જિલ્લાની શાળા-કૉલેજના આદિવાસી ભાઈ-બેનો અને ખેડા જિલ્લાની શાળા-કૉલેજના બિન આદિવાસી ભાઈ-બેનો હતાં.

મુખ્ય તારણોમાં જાણવા મળે છે કે આનંદિત-ગંભીરતા જેવા વ્યક્તિત્વ લક્ષણની બાબતમાં આદિવાસી

વધુ અનંદિત હોય છે જ્યારે બીન આદિવાસી થોડા ગંભીર જોવા મળે છે. સ્વનિર્ભરતાની બાબતે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ કરતાં કોલેજના વિદ્યાર્થીઓ વધુ પરાવલંબી જોવા મળે છે. હાઈસ્કૂલ અને કોલેજના આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં બિન આદિવાસી વિદ્યાર્થીઓ વધુ વર્ચસ્વવાળા છે. આદિવાસી અને બિન આદિવાસીઓમાં બહેનો કરતાં ભાઈઓમાં નેતાગીરીનું લક્ષણ વધુ પ્રાપ્ત થાય છે. અંતર્મુખી-બહિર્મુખી, મંદ મનોવિકૃતિ, આક્રમકતા જેવાં વ્યક્તિત્વલક્ષણોમાં આદિવાસી અને બિન આદિવાસીમાં સમાનતા પ્રાપ્ત થાય છે. આદિવાસી કરતાં બિન આદિવાસી અને હાઈસ્કૂલ કરતાં કોલેજના વિદ્યાર્થીઓમાં પ્રગતિશીલતા, આવેગિક સ્થિરતા, જડતા વ્યક્તિત્વ વધુ જોવા મળે છે. ભાઈઓ કરતાં બેનો વધુ પ્રામાણિક હોય છે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વધુ સહનશીલ અને કોલેજના બિન આદિવાસી વિદ્યાર્થીઓ વધુ આત્મ-અભિમાની હોવાનું જણાયું છે.

❁ ❁ ❁

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ

ગુજરાતી પ્રકાશનો

ક્રમ	નામ	લેખક	વર્ષ	કિંમત (રૂપિયા)
૧	અમરેલી જિલ્લામાં કુટુંબ નિયોજન અંગે સંશોધન	આઈ. પી. દેસાઈ	૧૯૬૯	૫-૦૦ (અપ્રાપ્ય)
૨	દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજ્યનું સૂત્ર	આઈ. પી. દેસાઈ	૧૯૭૦	૧-૨૫
૩	ગુજરાતના આદિવાસીઓ	સં. ઘનશ્યામ શાહ	૧૯૭૦	૧-૫૦
૪	આશ્રમશાળાઓ—એક અધ્યયન	વિદ્યુત એ. જોષી	૧૯૮૦	૧૫-૦૦
૫	અનામત વિરોધી આંદોલન	લોકાયન	૧૯૮૧	૧૦-૦૦
૬	વેઠબી આંદોલન	આઈ. પી. દેસાઈ	૧૯૮૨	૧૫-૦૦
૭	પચરંગી સમાજમાં ભાષા	પ્રબોધ બે. પંડિત	૧૯૮૩	૮-૦૦
૮	બદલાતા સમાજમાં પરંપરાગત વ્યવસાય —ગુજરાતના કુંભારો	પ્રદીપકુમાર બોઝ	૧૯૮૩	૯-૦૦
૯	આદિવાસી વિસ્તારોમાં હાટ	એસ. પી. પુનાલેકર	૧૯૮૩	૧૨-૦૦
૧૦	ગાંધી ચીંધ્યા માર્ગે ગ્રામ્ય વિકાસ	ઘનશ્યામ શાહ અને ચતુર્વેદી	૧૯૮૩	૧૫-૦૦
૧૧	આ પણ ગુજરાત છે, દોસ્તો !	વિદ્યુત જોષી	૧૯૮૩	૨૫-૦૦
૧૨	ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતાનિવારણ	આઈ. પી. દેસાઈ	૧૯૮૪	૨૮-૦૦
૧૩	નર્મદાયોજના : એક પરિચય	સેન્ટર	૧૯૮૪	૩-૦૦
૧૪	૧૭મી સદીમાં સૂરતના ઈતિહાસમાં વેપારીઓએ ભજવેલો ભાગ	બી. જી. ગોખલે	૧૯૮૪	૨-૦૦
૧૫	કલ્યાણ રાજ્યમાં બાલકલ્યાણ ગૃહોનો અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૫	૨૦-૦૦
૧૬	ચૌધરી આદિવાસીઓ : ગઈકાલે અને આજે	ઘનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૧૭	'પછાતપણા'નો આપદંડ	સં. ઘનશ્યામ શાહ	૧૯૮૫	૨૦-૦૦
૧૮	આદિવાસીઓમાં શિક્ષણ	સેન્ટર	૧૯૮૫	૨૦-૦૦
૧૯	લઘુમતીઓ અને રાષ્ટ્રઘડતર	ઘનશ્યામ શાહ	૧૯૮૬	૭-૦૦
૨૦	દેવી આંદોલન	ડેવીડ હાર્ડીમન	૧૯૮૬	૩૦-૦૦
૨૧	સાહિત્ય અને સામાજિક ચેતના	સં. સુધીર ચન્દ્ર	૧૯૮૭	૧૦-૦૦
૨૨	શું બંધવા મજૂરો છે ?	ઘનશ્યામ શાહ	૧૯૮૭	૧૦-૦૦
૨૩	પશ્ચિમ ભારતના ગ્રામીણ કારીગરો : એક અભ્યાસ	એસ. પી. પુનાલેકર	૧૯૮૭	૨૦-૦૦
૨૪	મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામમજૂરોનું પરિભ્રમણ	જાન બ્રેમન	૧૯૮૭	૨૦-૦૦
૨૫	નારી સમાનતા : પ્રશ્નો અને પડકારો	સં. કલ્પના શાહ અને વિભૂતિ પટેલ	૧૯૮૭	૨૦-૦૦
૨૬	ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ	સં. સુધીર ચંદ્ર	૧૯૮૮	૨૫-૦૦

• પત્રવ્યવહાર અને સરનામું •

પ્રકાશન અધિકારી, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ,
દ. ગુ. યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ સુરત ૩૯૫ ૦૦૭

વિનંતી–આભાર

આ અંક સાથે 'અર્થાત્' આઠ વર્ષ પૂરાં કરે છે. અર્થાતે ગુજરાતના બૌદ્ધિક ક્ષેત્રમાં જે કંઈ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે આપના સાથ સહકાર અને પ્રોત્સાહન વગર શક્ય બન્યું ન હોત. આ માટે 'અર્થાત્' પરિવાર તરફથી હું આપનો આભારી છું.

આપ જાણો છો તે રીતે 'અર્થાત્' શરૂ કર્યું ત્યારે જે લવાજમના દર હતા તેમાં આજ સુધી કંઈ પણ વધારો કર્યો નથી. જ્યારે બીજી બાજુએ છપામણી, પોસ્ટેજ અને કાગળનો ખર્ચ અનેક ગણો વધ્યો છે. આ વધતા જતા ખર્ચને પહોંચવા ન છૂટકે લવાજમના દરમાં વધારો કરવો પડયો છે. (વિગત કવર પાન પર આપી છે.) સૌ મિત્રો વ્યક્તિગત અને સંસ્થાગત આજીવન સભ્ય બને અને જાહેરાત અપાવવામાં મદદ કરે તો 'અર્થાત્'ની આર્થિક ભીંસ ઓછી થાય. હું આશા રાખું છું 'અર્થાત્'ને આપનો સાથ અને સહકાર મળી રહેશે.

—સંપાદક

PUBLICATIONS OF THE CENTRE FOR SOCIAL STUDIES, SURAT

1 PRIMARY EDUCATION IN SURAT DISTRICT, YD Jadeja, Centre for Social Studies, Udhna-Magdalla Road, Surat, 1970, Rs. 1.25

2 GLIMPSES OF SURAT, IP Desai, Published by the Manager of Publications, Government of India, Civil Lines, Delhi, 1972

3 WATER FACILITIES FOR UNTOUCHABLES IN GUJARAT, IP Desai, Indian Council of Social Science Research, IIPA Hostel Bldg. Delhi, 1973, (non Priced)

4 UNTOUCHABILITY IN RURAL GUJARAT, IP Desai, Popular Prakashan, 35C Tardeo Road, Bombay, 1975, Rs. 40.00

5 POLITICS OF SCHEDULED CASTES AND TRIBES, Ghanshyam Shah, Vora & Co., 3 Round Bldg., Bombay, 1975, Rs. 15.00

6 CASTE ASSOCIATION AND POLITICAL PROCESS IN GUJARAT, Ghanshyam Shah, Popular Prakashan, Bombay, 1975, Rs. 36.00

7 BUREAUCRACY AND DEVELOPMENT, Ramshray Roy, Manas Publications, New Delhi, Rs. 55.00

8 HISTORY OF RURAL DEVELOPMENT IN MODERN INDIA Vol. II, IP Desai and Banwarilal Chaudhry. Impex India, 2/18, Ansari Road, New Delhi, 1977, Rs. 50.00

9 PROTEST MOVEMENTS IN TWO INDIAN STATES, Ghanshyam Shah, Ajanta Books International, Jawahar Nagar, Delhi, 1977, Rs. 44.00

10 THE CRAFT OF SOCIOLOGY AND OTHER ESSAYS, IP Desai, Ajanta Books International, Delhi, 1982, Rs. 40.00

11 SOME REFLECTIONS ON GANDHISM, Raojibhai Patel, Centre for Social Studies, Surat, 1982, Rs. 10.00

12 GANDHIAN APPROACH TO RURAL DEVELOPMENT, Ghanshyam Shah and HR Chaturvedi, Ajanta Books International, Delhi, 1983, Rs. 50.00

13 MINORITIES AND NATION BUILDING: A CASE OF MUSLIMS AND SCHEDULED TRIBES IN INDIA, Ghanshyam Shah, Banaras Hindu University, Varanasi, 1983

14 ECONOMIC DIFFERENTIATIONS AND TRIBAL IDENTITY, Ghanshyam Shah, Ajanta Publications, Delhi, 1984, Rs. 50.

15 CLASSES IN RURAL SOCIETY, Pradip Kumar Bose, Ajanta Publications, Delhi 1984, Rs. 100.

16 CASTE, CASTE CONFLICT AND RESERVATION, Centre for Social Studies, Aja Publications, Delhi, 1985, Rs. 100.

17 TRIBAL EDUCATION IN GUJARAT, Centre for Social Studies, Ajanta Publicatic Delhi, 1985, Rs. 55.

18 CLASSES AND CLASS RELATIONS AMONG TRIBALS OF BENGAL, Pr Kumar Bose, Ajanta Publications, Delhi, 1985, Rs. 60.

19 IP DESAI AND THE SOCIOLOGY OF INDIA, Ramkrishna Mukherjee, Cent Social Studies, Surat, 1986, Rs. 10.

20 COMPUTER PROGRAMMING FOR SOCIAL SCIENCE, Pradip Kumar Bose, V Publications, Delhi, 1986, Rs. 58.

21 TRIBAL DEVELOPMENT IN GUJARAT, Priyavadan Patel, Centre for Social 1986.

22 SUBMERGING VILLAGES: PROBLEMS AND PROSPECTS, Vidyut Joshi, Ajanta Pul cations, Delhi, 1987.

23 RURAL DEVELOPMENT AND HUMAN RIGHTS OF AGRARIAN POOR IN INL PENDENT INDIA, A.R. Desai, Centre for Social Studies, Surat, 1987.

24 THE COMING OF THE DEVI: ADIVASI ASSERTION IN WESTERN INDIA, Da Hardiman, Oxford University Press, Delhi, 1988.

25 SOCIAL PROCESSES AND DIMENSIONS OF INDIAN NATIONALISM, Yoger Singh, Centre For Social Studies, Surat, 1988.